
# શ્રી જ્ઞાનપ્રકાશ



વર્ષ : ૨૦૧૫



# સ્વ. પ. પૂ. બ્રહ્મનિષ્ઠ મહાત્મા
# શ્રી ત્રિકમાચાર્યજી મહારાજ

જન્મ : સં. ૧૯૨૦ પોષ સુદ ૭
સોમવાર દિવસના ૧૧ કલાકે

સ્વ. : સં. ૧૯૮૬ મહાશિવરાત્રી
બુધવાર રાત્રિના ૧૨ કલાકે

# શ્રી

# જ્ઞાનપ્રકાશ

વર્ષ : ૨૦૧૫

-: લેખક :-

# મહાત્માશ્રી ત્રિકમાચાર્યજી મહારાજ

-: પ્રકાશક :-

## દિનકરરાય કરશનજી જોશી

## અડવાણા – વડોદરા

-: મુદ્રણ સ્થાન :-

ડૉટ કૉમ્પ્યુટર્સ, વડોદરા.

મો. : ૯૦૯૯૦૪૫૩૪૦

# સમર્પણ

**ઋષિ ત્રિકમાચાર્યજી**એ એમની
સદુપદેશમયી અમરવાણી કે જેને
તેમણે જીવન-પર્યંત સ્વવર્તનના
પ્રયોગ વડે અનુભવ શક્તિથી
સિદ્ધ કરી છે
તે
તેના સદ્ઉપયોગ વડે
આંતર તથા બાહ્ય વિકારોની
આત્યંતિક નિવૃત્તિ-પૂર્વક
નિત્યના શુભાશુભ તત્વને જણાવનાર
તથા જ્ઞાન અને આનંદને અપાવનાર
હોવાથી તે વાણી સત્યઉન્નતિના આતુર
સર્વ બંધુઓ તથા ભગિનીઓને
મારાં ધર્મપત્ની **મુક્તાબેન**ના સ્મરણાર્થે
**જ્ઞાનપ્રકાશ**ની પુનઃમુદ્રિત આવૃત્તિ
અર્પણ કરીએ છીએ.

**લિ.**
**પ્રકાશક**

# પ્રકાશક તરફથી
## નમ્ર નિવેદન

આ પુસ્તકના મૂળ પ્રણેતા ત્યાગી, તપસ્વી સ્વર્ગવાસી મહાત્મા શ્રી ત્રીકમજી શર્મા છે, જેઓ ખાસ કરીને કાઠીઆવાડના આ વિભાગમાં પોતાનાં તપોબળ અને ત્યાગવૃત્તિ માટે અત્યંત પ્રસિદ્ધ છે. તેઓશ્રીના ગાઢ પરિચયમાં આવનાર અને અનન્ય સેવકો શ્રી કરશનજી ધનજી પંડિત તથા શ્રી રામજી હીરજી જોષીએ બહુ જ શ્રમપૂર્વક મહારાજશ્રીની સાથે રહીને, આ પુસ્તકમાંના દરેક વિષયોની નોંધ કરી આખો સંગ્રહ કરેલ હતો, જે આ મહાત્માનાં પરલોકવાસ થયા બાદ તેમના આ ઉપદેશો લગભગ સવાસોની વિષય સંખ્યામાં પુસ્તકાકારે પ્રગટ થઈ જળવાઈ રહે તેવી આ બન્ને સજજનોની તીર્વ ઉત્કંઠા હતી અને તે હવે બર આવે છે.

આ પુસ્તકમાં એ સ્વર્ગવાસી મહાત્માએ પોતાના જીવનમાં અનુભવેલ જ્ઞાનનો લાભ પ્રચાર દ્વારા કંઈક ભાન ભૂલ્યાઓને આપેલો હતો. અને તે વડે તેઓ તેમને સન્માર્ગે લાવી શક્યા હતા. તેનો તેમની ગ્રામ્ય પરંતુ સળગતી વાણીમાં સંગ્રહ કરવામાં આવ્યો છે. જો કે તેઓ સ્વયં વિદ્વાન ન હતા તેમણે કોઈપણ શાળામાં અક્ષર યાતો ભાષાજ્ઞાનનો અભ્યાસ કર્યો ન હતો. પરંતુ અનુભવ અને ત્યાગબળ વડે તેઓ સંસારની જંજાળથી મુક્ત હોઈ જ્ઞાની પુરૂષ હતા. કેવળ ભાષા જ્ઞાનની નિર્દોષ ખામીને લઈને આ પુસ્તકમાં ઘણે સ્થળે ભાષા વિષયોની અસંબદ્ધતા, પુનરાવર્તન આદિ દોષો જોવામાં આવશે છતાં મનુષ્ય માત્રની ઉન્નતિ પ્રત્યે તેઓદ્વારા સેવવામાં આવતી ખરી ધગશ દરેક સ્થળે તેમાં જોઈ શકાશે. તેમનું જીવન ધ્યેય એ હતું કે દરેક મનુષ્ય ન્હાનમ્હોટાઈ, ઘમંડ, આડંબર અને મિથ્યા જ્ઞાનીપણું છોડીને સાચો મનુષ્ય બની ઉન્નતિના સન્માર્ગે ચાલતો થઈ જાય, જે જીવનમંત્રને હરક્ષણે અમલમાં લાવતાં તેઓ શ્રીમાન્ નિરંતર કટિબદ્ધ રહેતા. તેમાંનું એક ઉદાહરણ અહિં ટાંકું તો અસ્થાને નહિ ગણાય. જે

બર્ડાઈ બ્રાહ્મણ જ્ઞાતિમાં પોતે જન્મ ધારણ કર્યો હતો, તે જ્ઞાતિમાં પ્રચલિત કન્યા વિક્રયની કુપ્રથાનો નાશ કરવા તેમણે ત્રણેક વર્ષો પર્યંત સતત પરિશ્રમ વડે ચોતરફ ઘૂમીને અજ્ઞાનજનોમાં હૃદયપૂર્વક પ્રભાવયુક્ત ઉપદેશ આપી આ કુરિવાજને ધિક્કારી કાઢવા એક પ્રચંડ આંદોલન ઉત્પન્ન કરી તેનો સર્વથા ઉચ્છેદ કર્યો. એમનાં પવિત્ર જીવનનો મોટો ભાગ ઈશ્વર પ્રાપ્તિ અર્થે બર્ડા ડુંગરમાં ભક્તિપૂર્ણ તપશ્ચર્યા અને ગાયત્રીના જાપમાં ગાળ્યો હતો. તેઓ આદર્શ, નિરાભિમાની, પવિત્રતાપૂર્ણ જીવન ગાળીને દરેકને તેમ કરવાનો સક્રિય બોધ દઈ ગયા છે. તેમનાં જીવનનાં સ્મારકરૂપે તેમના જ અનુભવ જ્ઞાન વડે તેમની જ સાદી ગ્રામ્યવાણીમાં રચાયેલું આ પુસ્તક "જ્ઞાનપ્રકાશ" નામથી તેમના પ્રત્યે શ્રદ્ધાળુ અને મુમુક્ષુઓ માટે વારસામાં મૂકી ગયા છે, તેમાંથી હંસક્ષીર ન્યાયાનુસાર યત્કિંચિત્ પણ ગ્રહણ કરી શકાય તો સ્વ. મહાત્માનો ઉપદેશ સંગ્રહ કરનારાઓનો શ્રમ અને પ્રકાશકની મહેનતની સાર્થકતા ગણાશે.

આ પુસ્તકને પ્રસિદ્ધ કરાવી આપવામાં મ્હારો એકજ અને સામાન્ય હેતુ એવો છે કે આ પુણ્યશાળી મહાત્માની તેમના અનન્ય શિષ્યો દ્વારા જાળવી રાખવામાં આવેલ વિભૂતિ વ્યાપક થઇ તેનો યત્કિંચિત્ લાભ હરકોઇ પણ ઉઠાવી શકવા સમર્થ બને.

છેવટમાં જનસમાજ આ ત્યાગી મહાત્માની પવિત્ર પ્રસાદીને ગ્રહણ કરી તેનો યેગ્ય લાભ ઉઠાવે એજ એક અંતિમ ઇચ્છા ધરાવું છું.

લી.

સજ્જનોનો સેવક

દિનકરરાયકરશનજી જોશી

સી-૬, સંસ્કૃત ટેનામેન્ટ્સ, સી. એચ. વિદ્યાલય પાસે,
હાઇટિન્શન રોડ, સુભાનપુરા, વડોદરા.
તા. : ૨૨-૧૨-૨૦૧૪ .
પોષ સુદ ૧, સંવત ૨૦૭૧

# બે બોલ

શ્રી જ્ઞાનપ્રકાશ એ નામનું પુસ્તક જગત આગળ રજુ કરતાં લખનાર તરફથી બે બોલ કહેવાની જરૂર છે. આ પુસ્તકના લેખકનું ટુંક જીવન ચરિત્ર આપવામાં આવ્યું છે, તે ઉપરથી વાચક સમજી શકશે કે આ પુસ્તકના લેખક સંત શ્રી વિક્રમાચાર્યજીએ પોતાના અનુભવથી તથા તપોબળથી જે જ્ઞાન મેળવ્યું હતું, તે તેમણે આ ગ્રંથ રૂપે લખવા પરવાનગી આપી છે.

આ પુસ્તકને સમજવા માટે એક કુંચી છે. આર્ય ધર્મનું એક મહાન સૂત્ર છે यथा पिण्डे तथा ब्रह्मांडे બ્રહ્માડે જેવું પંડમાં તેવું વરમંડમાં, જેવું વ્યક્તિમાં તેવું સમાધિમાં, જેવું આપણામાં તેવું જગતમાં છે. આપણે આ બ્રહ્માંડથી જગતથી ભિન્ન નથી. એકજ તત્વ આપણામાં તથા બ્રહ્માંડમાં કાર્ય કરી રહ્યું છે, માટે અખીલ બ્રહ્માંડનું જ્ઞાન મેળવવાને આપણે બહુ ભટકવું પડે તેમ નથી, કારણ કે જો આપણે આપણા સ્વરૂપને જે તત્વોના આપણે બનેલા છીએ, તે તત્વોને યથાર્થ જાણીએ તો વિશ્વમાં પણ તેજ તત્વો વ્યાપિ રહેલા હોવાથી તેનું જ્ઞાન પણ આપણને થઇ શકે. વળી જૈનશાસ્ત્ર કહે છે કે ए गं जाणई सो सव्य जाणई (एकं जानाति स सर्वे जानाति) જે એકને જાણે છે તે સર્વને જાણે છે. એક તત્વવેત્તાએ લખ્યું છે કે મનુષ્યને જાણવો તે પ્રભુને જાણવા બરાબર છે અને કુદરતને જાણવી તે પ્રભુને જાણવા રૂપ છે, કારણ કે મનુષ્ય પ્રભુની પ્રકૃતિ છે અને પ્રભુ કુદરતમાં પ્રતિબિંબિત થયેલો છે.

મુઇડડો ઉપનિષદ જણાવે છે કે,

कस्मिन्नुं भगवे विज्ञाते सर्वमिदं विज्ञातं भवति तस्मैससहोवाच।
द्वै विद्ये वेद्रितध्ये इतिहम्म वद ब्रह्मविदोवदन्ति पराचैवा पराच।।
तत्रापरा ऋग्वेदो यजुर्वेदः शामवेदोऽथर्ववेदः शिक्षाकत्म्मो
व्याकरणं निरुक्तं छन्दो ज्योतिषमिति अथपरायथा तदक्षरमधि गम्यते।।

અનુભવવા પ્રેરાશો. છેવટમાં એ જ કહેવાનું છે કે.... વિવેક દ્રષ્ટિ વાપરી સત્યાસત્યનો નિર્ણય કરશો.

મહાત્માઓના પવિત્ર ઈતિહાસોનું અવલોકન કરતાં જણાય છે કે, પરમાર્થ એજ તેમના જીવનનોમુખ્ય ઉપદેશ હોય છે. મહાત્માઓનું જીવન વિવિધતાવાળું ભાગ્યે જ હોય છે.પરંતુ તેમાં ઉત્તમ પ્રતિનો હેતુ સમાયેલો હોય છે. હેતુ શૂન્ય જીવન નિરંતર કષ્ટકારી થઈ પડે છે, એટલું જ નહીં પણ તે ઉત્તરોત્તર અધોગતિ પમાડનારું હોય છે. હેતુમય જીવનજ સદા સફળ છે; તેમાં પરિશ્રમ તો ખરો, પરંતુ તે આનંદદાયી પરિશ્રમ છે. શૂન્ય હેતુમય જીવન જ્યારે અનેક પ્રકારનાં કષ્ટ ભોગ ભોગવાવી અંતે અધમતાને પમાડે છે, ત્યારે હેતુમય જીવન કષ્ટને અંતે ઉન્નત સ્થાનમાં લઈ જાય છે. હેતુપૂર્ણ જીવન પુરૂષાર્થમાં સદા વિજયી નીવડે છે અને વ્યવહારમાં કે પરમાર્થમાં તેજ મહાત્મયવાળું થઈ પડે છે. એ જ જીવન આત્મોન્નતિનું કારણ થઈ પડે છે. એજ જીવન સુખનું સ્થાન થઈ પડે છે. એજ જીવન કલ્યાણમય પરમગતિ છે એવું ભવ્ય જીવન ભોગવવા માટે આર્યાવર્તના મહાત્માઓ.... ઋષિઓ, મુનિઓ, ધર્મવેત્તાઓ, તત્વવેત્તાઓ અને આચાર્યો.... હંમેશા બોધ કરવા આવ્યા છે એવું જીવન ભોગવવાનો માર્ગ આત્મોન્નતિ છે એવી ઉત્તમ સ્થિતિએ જવાનો માર્ગ તત્વો છે. એ પરમ પુરૂષાર્થનો માર્ગ અભેદતામાં છે. આવી અભેદતાનો માર્ગ દર્શાવવા, નિવૃત્તિ પરાયણ મહાત્માઓ કહો કે અંશાવતારી જીવો એ આ જગતના મંદ જીવો પર અનેક પ્રકારના ઉપકાર કીધા છે.

શ્રીકૃષ્ણે પોતાના ઉપદેશમાં પરમાર્થ દર્શનનું જ પ્રધાનપણું દર્શાવ્યું છે. અને બુદ્ધ, શંકર વગેરેએ અનેક ઋષિઓએ આત્મોન્નતિને માટે જે તત્વબોધ આપ્યો છે તે વિષયતા રહિત તત્વબોધ સર્વ સ્થળે માન્ય થયો છે અને તે તેમની ઉદાર દ્રષ્ટિને લીધે તેઓનું જીવન મહાન કાળની સામે ટક્કર ઝીલતું અમરપણાને પામ્યું છે, તેનું કારણ આજ છે કે, તેઓએ સત્ય જ શોધ્યું છે કે.... જેવો પ્રેમ આપણને આપણા પોતા પર છે, તેવો સર્વત્ર અનુભવો અને

એ પ્રકારે અભેદતા સ્વાધિન કરવી, કેમ કે સત્યજ હમેશા ત્રિકાલા બાધ્ય હોય છે, એ સત્યનું ખરૂં સ્વરૂપ દર્શાવવાની અનુપમ શક્તિ આ મહાત્માઓમાં હતી. એ શક્તિનો ઉપભોગ, કશાપણ સ્વાર્થ વગર તેઓએ કીધો છે, જો કે તેનું રહસ્ય સર્વેથી સમજાય તેવું નથી, તથાપિ તે સહસ્ય એવું તો સચોટ છે કે જે જાણી, વિચારી..... શોધી..... સ્થિર થતી બુદ્ધિ વિજ્ઞાને, પરિણામ વિચારી દઢમતાનુંભવિ થવાય તો યથાર્થ જ્ઞાન થશે, કે આ સર્વ ક્ષણિક, દુઃખમય છે, માત્ર આત્માનુભવ, અભેદતા, પ્રેમ, તેમાં મગ્ન......... મસ્ત થયેજ કૈવલ્યપદ પમાય છે.

ભરતખંડનું આ ઉત્તમોત્તમ સત્ય.... તત્વજ્ઞાન..... વેદાંતમાં સમાયેલું છે. સર્વ વેદાંતમાં આ સિદ્ધ કીધું છે કે, બ્રહ્મ માત્ર સત્ય છે, જગત મિથ્યા છે, જીવ એજ બ્રહ્મ છે... જો વિચારથી જાણો તો, અને તેથી જ સર્વોત્તમ સુખ પ્રાપ્ત થાય છે. અને આવર્જન વિસર્જન મટી જાયછે. આવું અખંડકરસ સુખ, વ્યવહારમાં અનેક પ્રકારનાંદુઃખો સહેવાં પડે છે તે દૂર કરીને પ્રાપ્ત થાય તો તે પ્રાપ્ત કરી, કૃતકૃત્ય થવા સૌની ઇચ્છા રહે છે, કેમ કે પ્રાણી માત્રનો પ્રયત્ન સુખાર્થે હોય છે. દુઃખાર્થે હોતો નથી. જન્મથી તે મૃત્યુ પર્યન્ત, જીવ સુખ માટે જ મથે છે. અનેક પ્રકારે અનેક પ્રયત્નો કરે છે અને વ્યવહાર, પૈસો ટકો, માન, બળ, કીર્તિ મેળવવા મથે છે તે એવી જ કામનાથી મથે છે કે જે અવિછિન્ન સુખ જોઈએ છે, તે મળે. પરંતુ જિજ્ઞાસુ અને વિચારશીલ છે, તેઓને તો આ સંસારમાં કયાંય પણ સત્ય સુખ જોવામાં આવતું નથી, ઉલટું તેઓને તો સંસારના પદાર્થોમાં દુઃખ પ્રતિત થાય છે. તેથી તેઓ તો સત્ય સુખને માટે જ પ્રયત્ન કરે છે. એ સત્ય સુખ બ્રહ્મજ્ઞાનમાં જ અને તત્વજ્ઞાનમાં જ સર્વ પ્રકારે સમાયેલું છે, એમ એ સુખના ભોગી, જોગીને ભોગી, સાધુને સંસારી સર્વ એક વાણીએ કહી ગયા છે.

પરંતુ હાલના સમયમાં આવા પરમાનંદની પ્રાપ્તિની ઇચ્છા નષ્ટ ભ્રષ્ટ થયેલી જોવામાં આવે છે. જેઓ અધિકારી હોતા નથી, તેવાઓને માટે જ આ

જ્ઞાન (અભેદજ્ઞાન) નથી. પણ જેઓ સાધન સંપન્ન છે, તેવાઓને માટે જ આ તત્વજ્ઞાન સંચરી રાખ્યું છે. આ જ્ઞાન (તત્વજ્ઞાન) પ્રથમ તો કષ્ટ સાધ્ય છે. સર્વે ઈન્દ્રિયોનો પરાજય પમાડયા પછી અભેદ પદ પર પટાભિષેક થાય છે, અભેદજ્ઞાન કષ્ટ સાધ્ય હોવાથી તેના પ્રતિ (તરફ) સર્વેની વૃત્તિ દોરાતી નથી, તેથીં તેના ભોક્તા પણ ઓછા છે. એજ એની મહત્તા દર્શાવે છે. પારસમણી રસ્તે રસ્તે રઝળતા નથી એજ સિદ્ધ છે.

આવો તત્વજ્ઞાનનો ગ્રંથ સમજવા માટે પ્રથમ ગુરૂની આવશ્યકતા છે. કહેવત છે કે ગુરૂ વિના જ્ઞાન નહિ. આ સંસારાદિ રોગગ્રસ્ત દેહથી મુક્ત થવા માટે, ગુરૂ રૂપ અશ્વનીકુમારની જરૂર છે, તેમ આ વખતે તત્વજ્ઞાન માટે મહાત્માશ્રી ત્રીકમાચાર્યજી ગુરૂની આવશ્યકતા છે. કારણ કે પુસ્તકમાં પણ ગુરૂભાગ રહી જાય છે. આવા ગુરૂઓ, કે જેઓના આચાર વિચાર સર્વ રીતે સમાન હોય, આત્માનુસંધાનમાં મગ્ન હોય , ને સાથે જીવ પર કરૂણા દ્રષ્ટિવાળા હોય, તેવા ગુરૂ મળવા તો કેવળ દેવતાઓને પણ દુર્લભ છે. હાલના સમયમાં આવા ત્યાગી, નિરાશી, નિર્વાસનીક, નિર્દોષી સાધુ આ સમયમાં તો ત્યાગી યોગીઓ ઘતંગીઓનો ડોળ બતાવી યોગી થયા પછી પણ પોતાના કુટુંબને નિભાવે છે અને પોતે પણ તમામ વાસનામાં બંધાયેલ રહે છે.

આવા મહાન ઋષિઓ તો આગળના સમયમાં ત્યાગી ઋષિઓ અને ક્ષત્રિય રાજાઓજ થયેલા હતા કે રાજ્યલક્ષ્મી અને સંસારના ભોગ છોડીને ત્યાગી થઈને આ અસાર સંસારની શુદ્ર વાસનાઓનો ત્યાગ કરી અઘોર વનમાં તપ કરતા હતા. આ અનાદિથી ચાલતા આવેલા નિતિ ધર્મ અને સત્યની આબાદી રાખી તત્વજ્ઞાન અને બ્રહ્મજ્ઞાનનો અપૂર્વ ગ્રંથ લેખક તરફથી પ્રગટ થયેલ છે.

લી.

પ્રકાશક

# અનુક્રમણિકા


| નંબર | પ્રકરણ | પાન નં. |
|---|---|---|
| ૧ | મહારાજશ્રી ત્રીકમજીબાપુનું જીવન ચરિત્ર | ૧ |
| ૨ | પૂ. મહાત્મા શ્રી ઝીણાબાપુએ લખાવેલ બાપુના પરચા તથા જીવનચરિત્ર | ૧૦ |
| ૩ | પ્રસ્તાવના - પૂ. ઝીણાબાપુની ભાષામાં | ૧૮ |
| ૪ | પૂ. મહાત્મા શ્રી ઝીણા મહારાજશ્રીએ લખાવેલો પોતાનો અનુભવ અને જીવન | ૧૯ |
| ૫ | બરડા ડુંગરની પરીક્રમાનું વર્ણન | ૨૬ |
| ૬ | બાળાઓએ બનાવેલ ઝીણાબાપુશ્રીના ભજન | ૨૯ |
| ૭ | જ્ઞાનપ્રકાશ કાવ્યરૂપે | ૩૩ |
| ૮ | યોગીનો આનંદ | ૩૪ |
| ૯ | નવતત્વનું કાવ્યરૂપે વર્ણન | ૩૫ |
| ૧૦ | યોગી યોગસિદ્ધિને પ્રાપ્ત થયેલાને બાહ્યકર્મથી છુટી જવાનાં દ્રષ્ટાંત | ૩૯ |
| ૧૧ | ઈન્દ્રરાજાનો સ્વપ્નાવસ્થામાં ભુંડણાને ત્યાં જન્મનું દ્રષ્ટાંત | ૪૪ |
| ૧૨ | અર્જુન તથા કૃષ્ણનું દ્રષ્ટાંત | ૪૫ |
| ૧૩ | પ્રાણીના જીવન મરણનું દ્રષ્ટાંત | ૪૯ |
| ૧૪ | યુધિષ્ઠીર રાજાના ગ્રંથનું દ્રષ્ટાંત | ૫૧ |
| ૧૫ | વિતવ ઋષિની સમાધિ મુક્તનું દ્રષ્ટાંત | ૫૨ |
| ૧૬ | જગત માયાનું દ્રષ્ટાંત તથા રામચંદ્રજી તથા વિશ્વામિત્રનો સંવાદ | ૫૩ |
| ૧૭ | રામચંદ્રજી વનવાસ પધારે છે ત્યારે પાછા વાળવાના વષ્ટારાનો સંવાદ | ૫૪ |
| ૧૮ | રામચંદ્રજી નાગપાસથી બંધાણા તે વખતે લક્ષ્મણજીનો સંવાદ | ૫૫ |
| ૧૯ | હરિચંદ્રજી તથા શગાળશાનું દ્રષ્ટાંત | ૫૭ |
| ૨૦ | મેવાડના મહારાણા ફતેહસિંહજીનું જીવનચરિત્ર | ૫૮ |

| નંબર | પ્રકરણ | પાન નં. |
|---|---|---|
| ૨૧ | એક રાજકુંવરીનું દ્રષ્ટાંત | ૫૯ |
| ૨૨ | વરકન્યાના લગ્નનું દ્રષ્ટાંત | ૬૫ |
| ૨૩ | કન્યા લગ્નથી ભ્રષ્ટ થવાનું દ્રષ્ટાંત | ૬૬ |
| ૨૪ | દત્તક પુત્ર લેવાનું દ્રષ્ટાંત | ૬૮ |
| ૨૫ | અનાદિથી ખરો નિતિ ધર્મ સાચવવાનું દ્રષ્ટાંત | ૬૯ |
| ૨૬ | અશુભ વર્તમાનથી અશુભ પરિણામનું દ્રષ્ટાંત | ૭૧ |
| ૨૭ | કોબીના દ્રષ્ટાંતથી જગત કલ્પીત મીથ્યા ભ્રમણાનું દ્રષ્ટાંત | ૭૫ |
| ૨૮ | અનાદિના નિતિધર્મ અને સત્યની આબાદીનું દ્રષ્ટાંત | ૭૭ |
| ૨૯ | કન્યાવિક્રય બંધ કરવાનું દ્રષ્ટાંત | ૮૯ |
| ૩૦ | કન્યા વિક્રય છોડાવવાના દ્રષ્ટાંત | ૮૯ |
| ૩૧ | સ્વજ્ઞાતિને સમજુતિના દાખલા | ૮૯ |
| ૩૨ | બર્ડાઈ બ્રાહ્મણોની પંદરસો ઘરના જ્ઞાતિઓએ કન્યાના પૈસા ત્યાગ કર્યાનું દ્રષ્ટાંત | ૯૨ |
| ૩૩ | અત્રિમુનિ તથા અનસુયાનું દ્રષ્ટાંત | ૧૦૯ |
| ૩૪ | અગસ્તય ઋષિએ દરિઆનું અભિમાન ઉતાર્યું તેનું દ્રષ્ટાંત | ૧૦૯ |
| ૩૫ | દુર્વાસા ઋષિને છપનકોટી યાદવો ઠગવા ગયા તેનું દ્રષ્ટાંત | ૧૦૯ |
| ૩૬ | સહસ્ત્રાર્જુન રાજા ઋષિ જમદગ્નિની સમૃદ્ધિ હરવા ગયા તેનું દ્રષ્ટાંત | ૧૧૦ |
| ૩૭ | પરશુરામજીએ એકવીસવાર પૃથવી નક્ષત્રી કરી તેનું દ્રષ્ટાંત | ૧૧૦ |
| ૩૮ | લવશ મુનિએ કાળનું અભિમાન ઉતાર્યાનું દ્રષ્ટાંત | ૧૧૦ |
| ૩૯ | કપીલ ઋષિએ સગર રાજાના પુત્રોને ભસ્મ કર્યાનું દ્રષ્ટાંત | ૧૧૧ |
| ૪૦ | ગુરૂદત્તાત્રેયનું દ્રષ્ટાંત | ૧૧૧ |
| ૪૧ | સર્વે ઋષિઓના તપોબળનું દ્રષ્ટાંત | ૧૧૧ |
| ૪૨ | ધુંધલીમલનું દ્રષ્ટાંત | ૧૧૨ |
| ૪૩ | સર્વે રાજા અને અવતાર તથા રાક્ષસોના તપોબળનું દ્રષ્ટાંત | ૧૧૨ |
| ૪૪ | વલભાચાર્યની તપશ્ચર્યાનું દ્રષ્ટાંત | ૧૧૩ |

| નંબર | પ્રકરણ | પાન નં. |
| --- | --- | --- |
| ૪૫ | જગતની ખોટી ભ્રમણામાંથી છુટા થવા બાબતનું દ્રષ્ટાંત | ૧૧૪ |
| ૪૬ | જ્ઞાનદ્રષ્ટિથી જોતાં પુત્રાદિક પણ મહાન દુખરૂપનું દ્રષ્ટાંત | ૧૨૫ |
| ૪૭ | શિખિધ્વજ અને ચુડાલારાણીનો ઉપદેશ | ૧૩૪ |
| ૪૮ | મોહજીત રાજાનું દ્રષ્ટાંત | ૧૩૬ |
| ૪૯ | નિર્વિકારી કંઈ છે જ નહિં તેનું દ્રષ્ટાંત | ૧૪૧ |
| ૫૦ | બ્રહ્માંડની ઉત્પતિ | ૧૪૩ |
| ૫૧ | પંડવરમંડની ઉત્પતિ | ૧૪૯ |
| ૫૨ | મનુષ્ય પ્રાણીની પ્રાણની ગતિ વધવાથી ગેરલાભનું દ્રષ્ટાંત | ૧૫૬ |
| ૫૩ | મનુષ્ય પ્રાણીના શુભ પ્રાણ ચલવવાનું દ્રષ્ટાંત | ૧૫૭ |
| ૫૪ | બારે રાશિઓના સ્વામિ તથા નક્ષત્ર | ૧૫૯ |
| ૫૫ | કેતુનુ ફળ | ૧૬૨ |
| ૫૬ | જોગણીના ઘરનું દ્રષ્ટાંત | ૧૭૦ |
| ૫૭ | ઈંગાર, દીવ્ય, ધુમિનિના ફળનું દ્રષ્ટાંત | ૧૭૧ |
| ૫૮ | નિતિધર્મનું દ્રષ્ટાંત | ૧૭૩ |
| ૫૯ | પંડવરમંડના ચાર યુગોના સંબંધનું દ્રષ્ટાંત | ૧૭૪ |
| ૬૦ | પંડવરમંડની શોધનું દ્રષ્ટાંત | ૧૭૮ |
| ૬૧ | સાતેવારનું શુભાશુભ ફળ | ૧૮૦ |
| ૬૨ | બારે સંક્રાંતિઓ બેસવાનું દ્રષ્ટાંત | ૧૮૦ |
| ૬૩ | સંક્રાંતિઓના ફળનું દ્રષ્ટાંત | ૧૮૧ |
| ૬૪ | વર્ષની છ ઋતુઓ તથા પંડવરમંડ સાથે સંબંધ | ૧૮૫ |
| ૬૫ | દિગ્ધાનું ફળ | ૧૮૮ |
| ૬૬ | વરસાદના ગર્ભના લક્ષણનું દ્રષ્ટાંત | ૧૯૦ |
| ૬૭ | વાયુની પરીક્ષાથી આવતા વર્ષના ગુણોનું દ્રષ્ટાંત | ૧૯૧ |
| ૬૮ | જગત બ્રહ્માંડ વિકારમય છે તેનું દ્રષ્ટાંત | ૧૯૩ |
| ૬૯ | વેદિક બોધિકોનું કહેવું સંભવતું નથી દેનું દ્રષ્ટાંત | ૧૯૭ |
| ૭૦ | પાણીના ઝરાઓના ગુણનું દ્રષ્ટાંત | ૨૦૦ |

| નંબર | પ્રકરણ | પાન નં. |
|---|---|---|
| ૭૧ | વિભુતિના મંત્રનું દ્રષ્ટાંત તથા જગત મિથ્યાનું દ્રષ્ટાંત | ૨૦૨ |
| ૭૨ | ધ્રુવના મકાન, મંદિર, ગામ બાંધવાનું ચોકમાં મકાનો બાંધવા બાબતની પાંખડી | ૨૦૩ |
| ૭૩ | સર્વ તત્વથી પંડવરમંડનું દ્રષ્ટાંત | ૨૦૬ |
| ૭૪ | ચક્ર છેદન બાબત | ૨૨૨ |
| ૭૫ | પુત્ર પ્રાપ્તિના ભવિષ્યનું દ્રષ્ટાંત | ૨૨૫ |
| ૭૬ | રેખા વિષે દ્રષ્ટાંત | ૨૨૮ |
| ૭૭ | શુભાશુભ હીરા (રત્ન)નું દ્રષ્ટાંત | ૨૩૨ |
| ૭૮ | શુભાશુભ મોતીનું દ્રષ્ટાંત | ૨૩૭ |
| ૭૯ | પાંચ ચણોઠીનો એક માશો | ૨૩૮ |
| ૮૦ | શુકન વિષે દ્રષ્ટાંત | ૨૪૩ |
| ૮૧ | કળીયુગનું ભવિષ્ય | ૨૪૪ |
| ૮૨ | બ્રહસ્પતિના વર્ષનું ફળ | ૨૪૬ |
| ૮૩ | સં.ના ૨૬૦૦ વર્ષ સુધીનું આગળ પ્રમાણે ભવિષ્ય | ૨૫૦ |
| ૮૪ | કાળનું કોષ્ટક તથા દિવસનું કોષ્ટક તથા વરસ તથા યુગનું કોષ્ટક | ૨૬૦ |
| ૮૫ | પૃથ્વીનું વર્ણન | ૨૬૩ |
| ૮૬ | દરેક રાશી સવાબે નક્ષત્ર ભોગવવાનું દ્રષ્ટાંત | ૨૭૨ |
| ૮૭ | નાડીઓનો વેગ | ૨૭૩ |
| ૮૮ | સમુદ્રની ભરતીઓટ બાબત | ૨૭૪ |
| ૮૯ | વાસના ઓછી કરવાનો બોધ | ૨૭૫ |
| ૯૦ | પંડવરમંડનું તત્વ સાથે સંબંધનું દ્રષ્ટાંત | ૨૭૮ |
| ૯૧ | નિતિધર્મ અને વર્ણાશ્રમના ધર્મને આધારે જગત ભાગ્યવાનને સુખી રહેવાનું દ્રષ્ટાંત | ૨૮૩ |
| ૯૨ | એક બાદશાહની નિતિધર્મનું દ્રષ્ટાંત | ૨૮૮ |
| ૯૩ | આકાશની વૃષ્ટિથી અને જમીનના કીચથી પશુ પ્રાણી અને મનુષ્ય પ્રાણી અને વનસ્પતિની ઉત્પતિ | ૨૯૧ |

| નંબર | પ્રકરણ | પાન નં. |
|---|---|---|
| ૯૪ | પુરુષાર્થ કરવા બાબતનું દ્રષ્ટાંત | ૨૯૫ |
| ૯૫ | વેદાંતથી યોગ શ્રેષ્ઠનું દ્રષ્ટાંત | ૨૯૭ |
| ૯૬ | યોગ સિદ્ધનું મહત્મ્ય અને દ્રષ્ટાંત | ૨૯૯ |
| ૯૭ | મહાન પ્રતાપી રાજાઓ થઈ ગયાનું દ્રષ્ટાંત | ૩૦૪ |
| ૯૮ | એક જ શબ્દથી આઠ જણાનો ઉદ્ધાર | ૩૦૭ |
| ૯૯ | જગત પ્રાણીને માયાના ભોગથી તરવા બાબત | ૩૦૯ |
| ૧૦૦ | સિતાજીની ઉત્પતિ | ૩૧૧ |
| ૧૦૧ | મનુષ્ય પ્રાણીના હાડકાનું દ્રષ્ટાંત | ૩૧૪ |
| ૧૦૨ | આત્મશક્તિનો પ્રભાવ | ૩૧૫ |
| ૧૦૩ | તત્વજ્ઞાન વગર મોક્ષ મળતો નથી તેનું દ્રષ્ટાંત | ૩૧૭ |
| ૧૦૪ | શુભ આચરણો લાભ કરતા છે | ૩૨૦ |
| ૧૦૫ | દશરથ રાજાને વશિષ્ઠ ઋષિનો ઉપદેશ | ૩૨૧ |
| ૧૦૬ | કેવા ગુરુથી મોક્ષ મળે તેનું દ્રષ્ટાંત | ૩૨૫ |
| ૧૦૭ | આજકાલના ધતંગીઓનું દ્રષ્ટાંત | ૩૨૯ |
| ૧૦૮ | આ સંસારમાં માયાના પરિબળનું દ્રષ્ટાંત | ૩૩૫ |
| ૧૦૯ | બ્રહ્મચર્ય પાળવાનું દ્રષ્ટાંત | ૩૩૯ |
| ૧૧૦ | ભજન | ૩૪૨ |
| ૧૧૧ | છનું અંક સંખ્યા પ્રમાણમાં નામો | ૩૬૩ |
| ૧૧૨ | ચોત્રીશ અંક સુધી સંખ્યા ગણવાની ત્રીજી રીત | ૩૬૪ |
| ૧૧૩ | સત્તાવીશ અંક સુધી સંખ્યા ગણવાની ત્રીજી રીત | ૩૬૪ |
| ૧૧૪ | તોલનું કોષ્ટક | ૩૬૫ |
| ૧૧૫ | માપનું કોષ્ટક | ૩૬૬ |
| ૧૧૬ | સંવત ૧૯૭૪ની સાલમાં મોંઘવારીની યાદી | ૩૬૭ |
| ૧૧૭ | સંવત ૧૯૮૦-૧૯૮૧ની સાલમાં મોંઘવારીની યાદી | ૩૬૮ |
| ૧૧૮ | દિવસનાં ચોઘડીઆં | ૩૭૦ |
| ૧૧૯ | રાત્રિનાં ચોઘડીઆં | ૩૭૧ |
| ૧૨૦ | ગ્રંથ સમાપ્તિ | ૩૭૨ |

શ્રીમદ્ પરમ પૂજ્ય બ્રહ્મનિષ્ઠ મહાત્મા

# મહારાજશ્રી ત્રિકમજી બાપુશ્રીનું

## ટુંક જીવન ચરિત્ર

"બ્રહ્માકારવૃત્તિ આનંદ અદ્વૈત" મહાત્માઓના ચરિત્રોમાં અપૂર્વ બોધ સમાયેલો છે. તેઓનું કલ્યાણમય જીવન, ગંગાના ઉજ્જવળ પ્રવાહ પેરે, પ્રાણીઓના પાપને ધોતું, દિગંતમાં અસ્ખલિત વહ્યા કરે છે. તેમના જીવન પ્રવાહમાં અનુપમ અમૃત રહેલું હોય છે. જેનું પાન કરતાં સામાન્ય મનુષ્ય પણ અમરપણાને પામે છે. કોઈપણ મોટા મહાન પુરૂષનું જીવન ચરિત્ર લખવાનું કામ ઘણું કઠણ છે, તેમાં પણ જેઓ સમજીને સમાઈ ગયા અથવા જ્ઞાન પામી પોતાની બ્રહ્માકારવૃત્તિમાં મગ્ન થયેલા હોય તેવા પુરૂષનું જીવનચરિત્ર લખવાનું કામ વિશેષ કઠણ થઈ પડે છે. કારણ કે તેઓ પોતાના સંબંધી વાતો બહુ જ થોડી કરે છે અથવા કરતા પણ નથી. તે છતાં તેમના સંબંધમાં આવેલા પુરૂષોએ જે હકીકત જણાવી છે તે ઉપરથી આ ટુંક જીવનચરિત્ર લખવામાં આવે છે.

પરમ પૂજ્ય મહાત્માશ્રી ત્રીકમજી બાપુશ્રીના બાહ્ય જીવનમાં આપણને ઘણુંજ ઓછું જાણવાનું મળશે. કારણ કે ખરેખરૂ જીવન તો તેમનું આંતરિક જીવન તો બીજાઓ શી રીતે જાણી શકે. છતાં તેમના સંબંધમાં મળેલી હકીકત ઉપરથી આ ટુંક જીવન ચરિત્ર લખવામાં આવે છે. તેમના પૂજ્ય પિતાશ્રી કાઠીઆવાડમાં

પોરબંદર સ્ટેટમાં આવેલા અડવાણા મહાલમાં કુણવદર ગામમાં રહેતા હતા. અને શ્રીમાન્ મહાત્માશ્રી ત્રીકમજી બાપુશ્રીનો જન્મ કુણવદર ગામમાં થયેલ હતો. અને પોરબંદરના મહારાજા મહારાણાશ્રીના પૂજ્ય ગોર હતા અને તેમના પિતાશ્રીનું નામ હરિદાસ હતું. અને તેમના પૂજ્ય માતુશ્રીનું નામ લાછબાઈજી હતું. તે સહસ્ર આદિચ યજુર્વેદિ બ્રાહ્મણ જ્ઞાતિના હતા. તેઓ બરડા પર્વતની હદમાં રહેતા હતા. માટે તેમના જ્ઞાતિજનો બર્ડાઈ બ્રાહ્મણ તરીકે ઓળખાય છે. અને ઋષિ મહાત્મા શ્રી ત્રીકમજી બાપુશ્રીનો જન્મ સંવત ૧૯૨૦ના પોષ માસમાં થયો હતો. શ્રી મહાત્માશ્રી ત્રીકમજી બાપુશ્રી કોઈપણ જાતની ભાષા ભણ્યા ન હતા. પણ પૂર્વજન્મના ઉચ્ચ સંસ્કારોને લીધે વીસ વર્ષની ઉંમરે તેમને સ્વભાવિક વૈરાગ્ય પ્રાપ્ત થયો હતો.

આ જગત અને જગતની વસ્તુઓ તેમને અસાર ભાસવા લાગી, તેથી તેઓ ઘરબાર તજી કોઈ તીર્થ તરફ (તીર્થ સ્થળ તરફ) ચાલ્યા ગયા હતા. તેમનો વૈરાગ્ય શુદ્ધ અને ઉચ્ચ પ્રકારનો હતો. કોઈપણ દુઃખથી નહીં પણ જ્ઞાનથી પ્રગટેલો હતો. એમ જ્યારે તેમના માતાપિતાને લાગ્યું ત્યારે તેમના માતપિતાએ તથા ભાઈઓએ પાછા બોલાવ્યા અને તેમનું સારી રીતે રક્ષણ કર્યું. તેઓ પણ પોતાના ભાઈઓને ખેતીવાડી કામમાં મદદ કરતા હતા. તેઓશ્રીના પત્નિ સંવત ૧૯૫૭માં મૃત્યુ પામ્યાં હતાં. તેમને વિસાતર કાંઈ છેજ નહીં. એમ કહેવાય છે કે તેમનું આયુષ્ય પચાસ વર્ષનું હતું પણ પોતે પોતાના યોગબળથી વધારીને તથા તપોબળથી વધારીને ૬૬ વર્ષનું કર્યું હતું. અને તે સંવત ૧૯૮૫માં લગભગ ૬૬ વર્ષ પુરાં પણ થયાં અને તેઓના માનવા પ્રમાણે જ્યાં સુધી પોતાની ઈચ્છા હતી ત્યાં સુધી તેઓએ દેહને ટકાવી રાખ્યો.

એક વખત આ મહાન પુરૂષ ગીરનારમાંથી ઉતરી દ્વારકા જઈ મોટા ઘાટ પાસે સાક્ષીગોપાળની ગુફામાં રહ્યા હતા. તે પોતે યોગબળમાં કોઈવાર એટલે સુધી

આગળ વધી જતા કે તેમને પોતાના શરીરનું ભાન જરાપણ રહેતું નહીં અને જીવન માત્રની ઇચ્છા પણ નષ્ટ થઈ જતી. તેમણે સંવત ૧૯૬૪માં પોતાના તપોબળથી પોતાનું જીવન બ્રહ્મઅગ્નિમાં હોમી દીધું હતું, પણ વિપ્ર નરભેરામ માસ્તરે દીનતાપૂર્વક ઘણી આજીજી કરી ત્યારે તેમણે તે જીવન ટકાવી રાખ્યું.

સંવત ૧૯૬૯માં પાછો એવો જ બનાવ બન્યો હતો. તે વખતે બર્ડાના ડુંગરમાં આભપરા માથે શરીરને તપોબળથી બ્રહ્મઅગ્નિમાં હોમી દીધુ હતું પણ તેમને ભાણવડના ભગત દયારામની જગ્યામાં તેડી લાવવામાં આવ્યા હતા. ત્યાં વળી વલ્લભદાસ, ગોકળદાસ અને વિઠ્ઠલદાસે ઘણી જ દીનતાપૂર્વક શરીર ટકાવી રાખવા અરજ કરી ત્યારે તેમણે પોતાના દેહને ટકાવી રાખ્યો.

ત્રીજીવાર સંવત ૧૯૭૪માં ગીરના ડુંગરમાં તપોબળથી પોતાનું શરીર બ્રહ્મઅગ્નિમાં તેમણે હોમી દીધું હતું ત્યાં પટેલ મુરૂ તથા પટેલ સાજણે દીનતાપૂર્વક અરજ કરેલી તે ઉપરથી તેમણે શરીર ટકાવી રાખ્યું.

ચોથીવાર સંવત ૧૯૭૫માં તપોબળથી પોતાના શરીરને આભપરાના ડુંગર માથે હોમી દીધું હતું, પણ વિપ્રકરશનજી ધનજી આદિત્યાણા તેડી લાવ્યા. અને શરીર ટકાવી રાખવા ઘણી જ દીનતાપૂર્વક અરજ કરી કારણ કે આવા પુરૂષનો દેહ પ્રાણી માત્રને કલ્યાણકારી છે. તેઓશ્રી જ્યાં જાય ત્યાં બોલ્યા ચાલ્યા વગર કે કોઈને બોધ આપ્યા વગર પણ ઘણી જ સારી અસર કરતા, કારણ કે તેમનો દેહ, મન અને આતમાથી શુભ પરમાણુઓનો પ્રવાહ નિરંતર વેતો જ જતો, તેમનું પવિત્ર જીવન એક સુગંધી પુષ્પ જેવું હતું. જેથી તેના સંબંધમાં આવનારને પોતાનો સુવાસ આપ્યા વિના રહેતું નહીં. આ તેમના બાહ્ય જીવનની ઘણી જ અપૂર્ણ અને ટુંકરૂપી રેખા હતી. તેમણે કોઈનો સંગ કર્યો નહીં કે કોઈ પાસેથી ઉપદેશ લીધો નહીં. પોતે પોતાની મેળે જ અંદરથી જ જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. કારણ કે આત્મ સ્વરૂપે અનંતજ્ઞાની છે. અંદરના જ્ઞાન ઉપર લાગેલા પડળ દૂર કરવાને બાહ્ય શુભ

નિમિત્તોની જીવોનો જરૂર પડે છે પણ તેમના પડળ પૂર્વભવના યોગાભ્યાસથી અને તપોળથી નાશ પામ્યાં હતાં. તેઓ બાહ્ય સાધનો વિના પણ અંતરજ્ઞાન પ્રાપ્ત કરી શકતા. તેઓ ઋષિઓના અનાદિ ધર્મ પ્રમાણે પોતાનું જીવન રાખતા તેઓ કદાપિ પણ ધર્મભ્રષ્ટ થયા નહિ. તેઓ મોટે ભાગે ગીરના, આરસના, બર્ડાના અને ગીરનારના ડુંગર ઉપર જ વિચરતા હતા અને ત્યાં પણ સર્વેના સંગ રહીત થઈ એકાંતમાં બેસતા હતા. કોઈપણ પદાર્થ કે પાણી સરખું પણ સાથે રાખતા ન હતા. તેમ તેઓશ્રી કોઈનો આશ્રય શોધતા નહીં. તેઓશ્રી પ્રાચીન કાળમાં જેમને ખરા ત્યાગી કહેતા હતા તેવા આ વીરક્ત, અજાચક, નિરાશી, નિર્વાસનીક અને નિર્દોષી હતા. તેમણે કોઈપણ પદાર્થ તોડીને કે પુરૂષાતન કરીનેપોતાના દેહનું રક્ષણ કર્યું નહોતું. કોઈ દયાળુ મનુષ્ય વસ્ત્ર (પંચીઉં) આપે તો અર્ધું પોતે પહેરતા હતા અને અર્ધાની ગાત્રી વાળતા હતા. કોઈ દયાળુ શ્રદ્ધાળુ સજજન ભિક્ષા તરીકે તેમને ફળ, ફૂલ, ભાજી, દૂધ આપવા જાય તો તેમાંથી પાશેર જેટલું ભિક્ષાન્ન લેતા હતા. આવી રીતે ક્ષુધાની નિવૃત્તિ કરી પોતાના જીવનનો નિર્વાહ કરતા હતા. કોઈ પ્રકારનું મિષ્ટાન્ન કોઈ આપે તો તેને પ્રસાદી તરીકે તેમને પાછું આપતા હતા. કોઈ સદ્‌ગૃહસ્થ તેમને શહેરમાં કે ગામના લઈ જાય તો ત્યાં પાચ-સાત દિવસ રહીને પાછા જંગલમાં ચાલ્યા જતા. કોઈપણ જાતની બાહ્ય ક્રીયા કે સાધન તેઓશ્રીને આવડતું નહીં અને કોઈ પાસેથી તેઓશ્રી શીખ્યા પણ ન હતા. બાહ્ય વસ્તુઓ ઉપરના વૈરાગ્યને લઈને ઉપરનો દિપક પ્રગટ થયો હતો. અને તેથી તેઓશ્રીના શરીરના નિભાવ વાસ્તે જો કોઈ શ્રદ્ધાળુ મનુષ્ય પાશેર ભાજી ખવરાવે તો તે ગ્રહણ કરતા નહિ, તો પોતાની વૃત્તિમાં એકચિત્ત રહેતા અને એકાંતમાં પડયા રહેતા. કોઈ શ્રદ્ધાળુ મનુષ્ય આગ્રહ કરીને જ્યાં લઈ જતા ત્યાં જતા અને તે આસનમાંડી આપતા તે ઉપર બેસતા અને કોઈ પ્રશ્ન પૂછતા તો યોગ્ય જવાબ આપતા નહિતરપોતાના ધ્યાનમાં મગ્ન રહેતા. તેમણે પોતાના અનુભવથી તથા

તપોબળથી જે જ્ઞાન પ્રાપ્ત કરેલું તે જ્ઞાનનો ઘણા લોકોને લાભ મળે તે હેતુથી ઘણા સજજન પુરૂષોએ તેમને પોતાનું જ્ઞાન પુસ્તકરૂપે બહાર પાડવા વિનંતી કરેલી હતી તે વિનંતી યોગ્ય લાગવાથી તેમણે સ્વકારી. પણ પોતે ભણેલા નહિ હોવાથી પોતાને જે કાંઈ કહેવાનું હતું તે તેમણે બીજા પાસે લખાવ્યું છે. તેમાં તેમણે પોતાના અનુભવ તથા તપોબળ દ્વારા મેળવેલા જ્ઞાનનો સાર જણાવ્યો છે.

આ જ્ઞાન પ્રકાશનું પુસ્તક તેઓશ્રીએ જગતની સેવામાં રજુ કરતાં એવી ઈચ્છા રાખી હતી કે મનુષ્ય પ્રયત્ન કરી પોતાના પુરૂષાર્થ વડે આ જ્ઞાન પ્રાપ્ત કરી તે પ્રમાણે વર્તશે તો અનેક ભ્રમણાઓમાંથી છૂટી પોતાના જન્મને સુધારી શકશે અને જન્મનો ફેરો સફળ કરી શકશે. તેઓશ્રીનું જીવન આપણને બોધ આપે છે કે જ્યાં ખરી પવિત્રતા છે, જ્યાં વાસનાઓનો અભાવ છે અને જ્યાં નિરાશ્રયપણું છે. ટુંકામાં જ્યાં ખરો વૈરાગ્ય છે, ત્યાં અંદરથી એમની મેળે જ સ્વયંમેવ જ્ઞાન પ્રગટે છે તેવા મનુષ્યને બાહ્ય નિમિત્તો શોધવા પડતાં નથી. કુદરત તેને અનુકૂળ બને છે અને સર્વસંયોગો તેના વિકાસને સહાયભુત થાય છે. તેઓશ્રીએ પોતે જણાવેલ છે કે કોઈ મનુષ્ય પ્રાણીને સવાર થાય તો અમને જગાડજો પણ આ માયારૂપી મસાણમાંથી અજ્ઞાનરૂપી નિંદ્રામાંથી જગાડવા છતાં કોઈ જાગ્યું નહીં. જન્મ અને મરણરૂપી માયાના મસાણમાં અનેક પ્રકારની ભૂખરૂપે ભુતો, અનેક પ્રકારની કામનારૂપી ખપર લઈને ચૌદે બ્રહ્માંડમાં ભમ્યા કરે છે, તેમાં પંડિત, પુરાણી, ફકીર, ઓલીઆ, સિદ્ધ અને સમર્થ, રાજા અને રૈયત કોઈપણ નિરસ્વાર્થી દેખાયું નહિ અને જ્યાં સ્વાર્થ છે, ત્યાં નિતિ ધર્મ રહેતો નથી. તેથી તેમાં કોઈપણ વિરક્ત કે અજાચક, કે નિરાશી કે નિર્વાસનીક કે નિર્દોષ દેખવામાં આવ્યું નહિ.

તેમણે ૬૭ વર્ષની વયમાં ૪૫ (પીસ્તાલીસ) વર્ષ સુધી શોધ કરી પણ કોઈ પાત્ર મળ્યું નહિ. તેમણે આ જગતમાં જન્મ લીધો હતો. તો જન્મ-મરણની માયારૂપી મશાણમાં કોઈ અજ્ઞાનરૂપી નિંદ્રામાંથી જાગે તે હેતુથી તેવા પુરૂષને વાસ્તે

આ પંડવરમંડ શોધીને ત્રણ કાળ તથા ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલય સંબંધી જે જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું તે માયામાંથી છૂટવા ઈચ્છતા પુરૂષોને વાસ્તે તેમનો દેહ છૂટવા પહેલાં આ જ્ઞાનપ્રકાશરૂપી ગ્રંથ તરીકે આગળ મૂકતા ગયા છે.

## ગઝલ

જગતની સુક્ષ્મ ગ્રંથીને, તત્વ સિદ્ધાંત તે શોધી લે,
રચ્યો આ ગ્રંથ દુનિયાનો, પ્રલય ઉત્પત્તિ માયાનો;
ભણ્યાં શાસ્ત્રો શુદ્રોનાં, ન જોયા ગ્રંથ બુઝર્ગોના,
તૃષાકાળે ન પુછ્યું તે, ન જાણ્યું ગ્રહ કોનું તે.
હતું જો સત્ય માયામાં, વિકારો કાં થાય કાયામાં,
ક્ષણે સાચી ક્ષણે ખોટી, બધા ખેલ ખેલે એ જ્યોતિ;
કદી જો ન્યાયદ્રષ્ટીથી, વિવેક વાંચે બુદ્ધિથી;
અગોચર જ્ઞાનની જ્યોતિ, કરે ચિત વાયુની શાંતિ.
નથી તારૂં નથી મારૂં, ફોગટ ફાંફાં શા સારૂ,
સત્ય અસત્ય સમજી જા, નિર્ભય પદ પામી જા;
વિપ્ર ત્રીકમજી કહે તુજને, શોધી પંડવરમંડને,
દે છોડી પાખંડ પુજવા, સત્ય સમજ તું મનવા.

## રાગ : ગારા

ધરત યોગી ધ્યાન, ધરત યોગી ધ્યાન
સુણ લે મન જ્ઞાન, સુણ લે મન જ્ઞાન;
જ્ઞાન જ્યોતિ દશમ દ્વારકો કરત તું.... .... ધરત૦
અવિચલ ચિત લગાવત યોગી
નિર્ભય પદકો પાનત યોગી
તત્વ તુજકો નમન કરત હૈ... .... ધરત૦

## રાગ : માઢ

અવતારી, નિર્વિકારી, છો ભયહારી, બ્રહ્માકુળતારી,
યોગેશ્વર મહારાજ.

ગતિ અકળ તમારી, ઋષિ વરધારી, શક્તિ શુભ તમારી,
અગણિત ભારી, પુરણ છો સુખધામ. અવતારી.
સ્વામી અમારા છો બહુ નામી, અંતર્યામી હે ઈશ,
અચળધામી, છો ગુણગામી તારક છો જગદીશ.
અવતારી.

દીન દયાળુ, પરમ કૃપાળુ, કરૂણાળુ કૃપાનાથ
ગણી પોતાનો પાળો, સ્નેહે સંભાળો, બાહ્ય ગ્રહો પ્રભુ હાથ.
અવતારી.

માયાના મદણાં; લોભના ફંદમાં; ભુલ્યા તમારૂં નામ,
ખોટા આનંદમાં, ગવ પ્રમાદમાં ચુથ્યા નકામા યામ.
અવતારી.

ગુણ તમારા અનંત અપારા, ભરનારા ભવદુઃખ
સર્જનહારા, આપ ઉદારા, ઉગારજો કાળમુખ.
અવતારી.

સંકટહારી, દયા દીલધારી, મતિ સુધારો મહારાજ.
સુબુદ્ધિ સુધારી, દેજો વધારી, બુડતાં રાખજો લાજ.
અવતારી.

પ્રાર્થના મારી, લેજો સ્વીકારી, સંકટહારી દયાળ
છો ભવ ભયહારી, ભૃગુકુળધારી લીઓ તમારા ભક્તની ભાળ.
અવતારી.

આપના જાણી, દયા ઉર આણી, બ્રહ્મકુળ તારી મહારાજ
છો ગુણખાણી, આપ પ્રમાણી, હા ભવ સિન્ધુની પાજ.
અવતારી.

અવગુણ મારા, છેજ અપારા, ક્ષમા કરો ત્રિકમરાય
પાલનહારા, છો તારનારા, સંકટે કરનારા સહાય.
અવતારી.

નિતિ ધર્મ અને સત્યતા સ્થાપી, આનંદ કરાવ્યો મહારાજ
બ્રહ્મપુત્રોની આબરૂ આબાદ રાખી, કલંક કાઢયું છે આજ.
અવતારી.

નિર્વિકારી, છો ભયહારી, બ્રહ્મકુળ તારી યોગેશ્વર મહારાજ.

વળી પાછો એવો જ બનાવ બન્યો કે મહાત્માશ્રી ત્રિકમજી બાપુશ્રીએ પોતાનો દેહ બ્રહ્મઅગ્નિમાં સંવત ૧૯૮૬ના મહા વદ ૯ ને શુક્રવારે હોમવા બેઠા તે વખતે કરસનજી ધનજી પંડિત તથા રામજી હીરજી જોષીએ શરીર ટકાવી રાખવા ઘણી જ નમ્રતાથી આજીજી કરી ત્યારે મહાત્માશ્રીએ કહ્યું કે હું હવે જગતમાં બહુ જ ઉપદ્રવ દેખું છું માટે હવે મને આ દેહ છોડવાની મહેરબાની કરીને રજા આપો, ત્યારે આવા મહાન સાક્ષાત દૈવ અવતાર જેવા પુરૂષને તે બાબતની રજા કેવી રીતે આપી શકાય. એટલે પોતે પોતાના તપોબળથી એકદમ બ્રહ્મઅગ્નિ પ્રગટ કરી, તે બ્રહ્મઅગ્નિ ૪-૫ ફૂટ છેટે રહેનારથી પણ સહન થાય નહી એવો એકદમ દેખાવ આપ્યો, ત્યારે એમ જ કહેવાનો સમય આવ્યો આપશ્રીની ઈચ્છા તેટલું કહેતાની સાથે શરીર એકદમ કંચનવર્ણ અને ભરયુવાન જેવું શોભાયમાન અને જેમ ચંદ્રની સોળ કળાની માફક શોભતું હતું. એટલે અમોને આશા હતી કે મહારાજશ્રીએ શરીર હવે ટકાવી રાખ્યું. પરંતુ સંવત ૧૯૮૬ના મહા વદ ૧૧ સોમવારે બપોરના બે વાગે કરસનજી ધનજી તથા રામજી હીરજી જોષીને બોલાવીને કહ્યું કે અત્યારે શરીર છોડી દેવું છે. ત્યારે ઘણી જ દીનતાથી આજીજી કરીને

કહ્યું કે હે મહાત્માશ્રી ત્રિકમજી બાપુશ્રી આપશ્રીના શરીરને અગરચંદન, શ્રીફળ અને ઘીમાં જ અગ્નિસંસ્કાર કરવો જોઈએ. તો આ નાના આદિત્યાણા જેવા ગામમાં એકદમ ઓચિંતી સગવડ બની શકવી મુશ્કેલ છે. તો આપ કૃપા કરી જીવન ટકાવો અને તે વસ્તુઓ સર્વે પોરબંદરથી અમો મંગાવી લઈએ ત્યારે અમારા પર કૃપા કરીને તે વાત લક્ષમાં લધી એટલે કરસનજી ધનજીએ પોરબંદર જેઠાલાલ ત્રીકમજી પંડિતને મોકલી સાહિત્ય મંગાવી લેવામાં આવ્યા એટલે મહારાજશ્રી ત્રીકમજી બાપુશ્રીએ સંવત ૧૯૮૬ના મહા વદ ૧૩ બુધવાર (મહાશીવરાત્રી)ના રોજ રાતના બાર વાગે સ્વધામ પધાર્યા. તે વખતે ત્યાં બેઠેલા ૫૦ થી ૬૦ માણસો તે વખતે ત્યાં હતાં. તેમણે એક કલાક સુધી દેવી વાજીંત્રો વાગ્યા તેનો નાદ સૌના સાંભળવામાં આવ્યો હતો.

આદિત્યાણા, લી.

તા. ૧-૨-૩૧ રામજી હીરજી જોષી

श्री १। ॥ ॐ ॥ श्री १।

# પૂ. મહાત્મા શ્રી ઝીણા બાપુએ લખાવેલ

## ત્રીકમજી બાપુના પરચા તથા જીવન ચરિત્ર

પૂજ્ય ત્રીકમજી બાપુનો જન્મ કુણવદર ગામે થયો હતો. પિતાજીનું નામ હરિદાસ અને માતાજીનું નામ લાસબાઈ હતું.

ત્રીકમજી બાપુની તેર વર્ષની ઉંમરે બર્ડા ડુંગરમાં ફરવા ગયા હતા. એક જોગી મળ્યા, એક લીલા પૂઠાની ચોપડી આપી હતી. પોતે અભણ હતા પણ ચોપડી વાંચી લેતા હતા. માતાજીની સર્જ્યુની પહેલી સાધના કરી એક ટાણું જમતા. ખેતીના કામમાં ભાઈયુંને મદદ કરતા.

પોતાના પત્નિ સંવત ૧૯૫૭ની સાલમાં સ્વર્ગવાસી થઈ ગયાં. એક દીકરી હતી, દીકરી પણ ચાર વર્ષની ઉંમરે દેવ થઈ ગઈ.

ત્રીકમજીબાપુ કુણવદર ગામે પોતાના ભાઈયું, કુટુંબની રાજીપે રજા માગી નિવૃત્ત થયા પહેલા તેઓ બીલખા ગયા. પૂ. નથુરામ શર્માની જગ્યામાં છ માસ રહ્યા. ત્યાંથી જૂનાગઢ ગયા. રેવતીકુંડ તથા દામોદરકુંડ તેમના કાંઠા સામે મુચક રાજાનું ભોંયરું છે તે ભોંયરામાં રહેવા લાગ્યા. પોતાને ફરાળ કરવાનો વખત થયો, એક સાધુ આવ્યા. બોલ્યા બેટા પ્રસાદ આપ. બાપુ પ્રસાદ મંડ્યા દેવા ને સાધુ મંડ્યા જમવા. પછી બાપુએ સાધુને કહ્યું કે પાણી પીઓ પાણી પીધા વિના સાધુ જમીન પર ધૂળમાં હાથ ઘસી ચાલતા થઈ ગયા, ત્યાં અંતરધ્યાન થઈ ગયા. ત્રીકમજીબાપુ સમાધિ ચડાવી બેઠા, ભોંયરામાં જનાર્દનનો ધૂપ થયો. બાપુ ત્યાં ગયા. એ સાધુના દર્શન થયા. એ પછી એમને ક્ષુધા બહુ ઓછી લાગતી. બાપુએ કોઈને ગુરુ ધાર્યા નથી. સામાના લક્ષણ લીધા– સામાના કયા ગુણ છે? તે સારા ગુણો લેતા.

પૂ. બાપુએ કોઈ ચેલા પણ ધાર્યા નથી. કોઈને મોટું થાવા કામનું આળસ થયું હોય ને ચાલી નીકળ્યા હોય ને કહે હું બાપુનો ચેલો છું તો તે વાત ખોટી છે. કોઈ બાબતથી બાપુની સેવા કરી છે એમ કહેતું હોય તો તે સત્ય બીના છે.

ભોંયરામાં સાત વર્ષ તપ કર્યું હતું. ગીરનારના ભોંયરા દ્વારા દ્વારકા પહોંચ્યા હતા. શ્રી ગોપાલની ગુફામાં પોણા બે વર્ષ રહ્યા હતા. પોતાને ત્યાં શરીર બદલાવી નાખવું હતું પણ દયારામ, ગુગળી બ્રાહ્મણ અને જેમનું નામ વિઠ્ઠલદાસએ બાપુને કાલાવાલા કરી શરીર ટકાવી રાખવા કહ્યું, બાપુએ પોતાનું શરીર ટકાવી રાખ્યું.

દ્વારકાથી બાપુ બેરાજે ગયા. શેઠશ્રી જુઠાને ત્યાં ઊતર્યા. હુતાશણીનો તહેવાર આવ્યો. શેઠશ્રી જુઠાને ત્યાં દીકરાનો જન્મ થયો. તેનીએ કહ્યું કે કાનમેરા હોળી કરવા જવા નહિ દઉં. હોળીના દિવસે દસ વાગે પોતાના ઓરડાનાં બારણા બંધ કીધાં. માથે તાળાં દઈ દીધાં, શેઠ જુઠાને બાપુએ કહ્યું કે હવે તારે એકમને દિવસે ચાર વાગે બારણાં ઊઘાડવાં. બાપુએ તો હોળીને દિ બર્ડા ડુંગરમાં ધુમલીની પડખે વાવ છે તે રાણીવાવ કહેવાય છે. ત્યાં રબારીના નેસડે બાપુએ દૂધ પીધું. ત્યાંથી બાપુ કાનમેરાની હોળીએ ગયા. એકમને દિવસે સવારે નવ વાગે બાપુ રાણીવાવે આવ્યા. રબારીએ કહ્યું કે બાપુ હું આપને બેરાજે મૂકી જાઉં, બાપુએ કહ્યું કે હું હાલ્યો જાઉં છું તું આપડી (પકડી) લેજે. બેરાજા સુધી સાંઢિયો ધોડાવ્યે ગયો છતાં બાપુ બેરાજા સુધી અપડાણા નહિ. રબારીએ શેઠને જઈને કહ્યું કે બાપુ અહીં આવ્યા છે કે? જુઠે શેઠે કહ્યું કે ગઈકાલે મેં દસ વાગે તાળાં દીધાં છે, આજે ચાર વાગે તાળાં ઊઘાડવા છે. ચાર વાગ્યા એટલે જુઠે શેઠે તાળાં ઊઘાડ્યાં, પૂ. બાપુએ પોતાના છેડેથી કૂંભ છોડીને આપ્યો. જુઠો શેઠ પૂ. બાપુના પગમાં પડ્યો. બાપુ હવે તમારી સામે કદી વાદ નહિ કરૂં. મારાં તાળાં દીધેલ તો પડ્યા રહ્યા. આપ તો કાનમેરાની હોળી કરી આવ્યા બાપુ આભપરે રહેતા એક સતવારો પોતાની વાડીએ તેડી ગયો તેનું નામ પ્રેમજી હતું. બાપુએ તેને કહ્યું કે વાડીમાં કાંઈ પરસાદી છે? પ્રેમજીભાઇ પતકોળું લઈ આવ્યા. બાપુએ પતકોળુ સુધારીને આપી દેવા કહ્યું. બધા ભક્તુને પ્રસાદી મીઠી લાગી. બાપુ ત્યાંથી ચાલ્યા ગયા, બીજે દિ એજ વેલામાંથી પતકોળું લઈ આવ્યા. પતકોળાની પરસાદી કીધી પણ આ વખતે પરસાદી ખવાણી નહિ. ત્યાં તો ઘણાંય માણસો હતાં પ્રેમજી સતવારાના મનમાં એમ થઈ ગયું કે આ કોઈ પરમાત્માનો અવતાર લાગે છે. પ્રેમજી સતવારો ત્યારથી બાપુની સેવા કરતો. બાપુએ આભપરે તપ આદર્યું. આજ ત્રણ અંજલિયું પાણીની પીવી તે કાલ તે જ સમયે પાછી ત્રણ અંજલિયું પાણીનું

પીવું. પોતાના શરીરની ભાન ન રહેતી ત્યાં સુધી ભજનમાં આગળ વધી જતા. પોતાના શરીરની ભાન ન રહેતી આવી દશામાં રહેતા.

દેવલોકો નીલમનો હાર પહેરાવી ગયા હતા. હાથલાના કરશનજી રાઘવજી, માનસંગ ગરાસિયા, ગળુના ભગવાનજી ગરાસિયા તથા કુણકુદરના લીલાધર હરીદાસ આ ચારેય જણા એ વખતે આભપરે ગએલ. બાપુને પૂછ્યું કે બાપુ આ શું છે? બાપુએ જવાબ આપ્યો કે દેવલોકોની મરજી થઈ ગઈ–હાર પહેરાવી ગયા. ત્યાંથી બાપુ ગીરમાં ગયા. ત્યાં મુરુ રબારીને ત્યાં ઊતર્યા હતા. પાંચેક દિવસ ત્યાં રોકાયા. તાલારાના નેસડે બાપુને જવું હતું. રબારી રસ્તો બતાવવા આવ્યો. આઘેરોક જઈ રબારી પાછો મરડી આવ્યો. સાવજ બે ગરજના કરી ઊઠ્યા. બાપુનાં લૂગડાં ફીણવાળા ભરી મૂક્યાં. સાવજ પગમાં લોટવા મંડ્યા. રબારી ત્યાં પાછા આવ્યા. બાપુ આ વેશ તો બરાબર કાઢ્યો. પણ પરમાત્માની તમારા પર બહુ મહેરબાની છે. સાવજ પગમાં લોટે છે. હવે તમે પાછા પધારો. સાવજનાં ફીણવાળા કપડાં ભરાઈ ગયાં હતાં તે રબારીએ ધોયાં, એ પછી એક પરચો બન્યો. બાપુ ભાણવડ આવ્યાં. બેરાજેથી જુઠો શેઠ તેડવા આવ્યા. ભાણવડથી જતા હતા રસ્તામાં એક નદી આવી બાપુએ સ્નાન કર્યું. બાપુ પૂજામાં હતા, બે બળદમાંથી એક બળદ સરપ કરડવાથી મરી ગયો. જુઠે શેઠે પોતાના સાથીને કહ્યું કે બળદ બીજો લઈ આવ, સાથી બળદ લેવા ગયો. બાપુ પૂજા કરીને આવ્યા. જુઠા ગાડું જોડી દ્યો તડકો થઈ જશે. જુઠે શેઠે કહ્યું કે બાપુ આપણા માકડિયા બળદને મજા નથી. મારો સાથી બીજો બળદ અબઘડી લઈ આવશે. એટલે બાપુએ કહ્યું કે ભાઈ બેઠો થાને! શું કામ સૂતો છે? બળદ તરત બેઠો થયો. જુઠા શેઠને સાથીએ ગાડું જોડી દીધું અને બેરાજે પહોંચ્યા. આવી અમુક અમુક હકીકત હતી પણ જાણવાવાળા જાણતા. બાપુ બરડા ડુંગરમાં, આરસના ડુંગરમાં, ગીરનારના ડુંગરમાં વધુ ભાગે એમાં રહેતા. ગામડે કે શહેરમાં કોઈ વીર પુરુષ તેડી જાય તો થોડીક વખત રહી રવાના થઈ જતા.

બાપુ ખંભાળિયે હતા. એક ભાટિયાનો દીકરો દેવ થઈ ગયો. ગામનાં માણસો બધાં ભેગાં થઈ દેન દેવા જતાં હતાં ત્યારે એક માણસ બોલ્યો. એક અહીંયા મહારાજ ભજન કરે છે. જેનો દીકરો દેવ થઈ ગયો હતો તે માણસ બાપુ પાસે ગયો કે બાપુ મારા દીકરાને

આપના દર્શન કરવા છે. અમારે ત્યાં પધારો. બેટા હવેલીના મહારાજ આવ્યા તા બે મણ રૂપીઆ હવેલીમાં ધરી દીધા એના દર્શન કરાવો તો બરાબર છે. બીજું તારે મને છેતરવો હોય તો ભલે મારામાં તો કાંઈ છે નહિ. પછી બાપુને તે ઘેર તેડી ગયા. બાપુએ જઈ કહ્યું કે બેટા કેમ સૂતો છે? બેઠો થા. છોકરો બેઠો થયો. બાપુને પ્રણામ કર્યા. આવો એક અજાયબ દાખલો ખંભાળિયામાં બન્યો હતો.

કાટકોલા ગામમાં બાપુ જસાપર જતા હતા. વીરો પટેલ હાથ જોડીને ઊભા એટલે ગામના માણસોને એમ લાગ્યું કે વીરા પટેલને દીકરો જોઈએ છે તેથી હાથ જોડ્યા છે. વીરો પટેલ બાપુને આવી તસ્દી દે તેવો ભક્ત નહોતો વીરા પટેલનો તે પોતાની વાવમાં પાણી થઈ રહ્યું હતું એટલે બાપુને પૂછ્યું. બાપુએ જવાબ આપ્યો કે ફલાણે ઠેકાણે સાંગડી નાખજે. એ પ્રમાણે સાંગડી નાખવામાં આવી. વાવ પાણીથી ભરાઈ ગઈ. આવા દાખલા ઘણા બન્યા છે.

ભેટકડીનો પરસોત્તમ ઓધવજી એને મન થયું કે મારે બાપુના દર્શન કરવા છે, પોતે કોસ હાંકતો હતો. કોઈએ કહ્યું કે બાપુ તો અડવાણે આવ્યા છે. કોસ છોડી ચાલતો થઈ ગયો. અડવાણે ગયો, ત્યાં સમાચાર મળ્યા કે બાપુ તો સોઢાણા ગયા છે. સોઢાણે ગયો. તો બાપુ તો હાથલે ગયા છે. હાથલે પહોંચ્યો તો બાપુ તો બાવરવાવે ગયા છે. બાવરવાવે ગયા તો બાપુ તો ત્યાં બિરાજ્યા હતા. બાપુના દર્શન થયાં. બાપુએ તેને કહ્યું કે જમવા બેસી જા બાપુ મને ભૂખ લાગી નથી. વડલાની ડાળે તારા ખેસડામાં રોટલો બાંધ્યો છે, કેમ તું જૂઠું બોલે છે? આ સાંભળી પોતે જમવા બેસી ગયો. મનને વિચાર થયો કે ખેસડામાં વડલાની ડાળે રોટલો બાંધ્યો છે. મનમાં અચંબો થતો હતો. બાપુએ કહ્યું કે તારા નસીબમાં આફ્રિકાની લાંબી મુસાફરી છે. પરસોત્તમે પૂછ્યું કે બાપુ મને આફ્રિકા કોણ તેડાવે? કોઈ શેઠીઆએ પરસોતમભાઈને આફ્રિકા તેડાવ્યો. આફ્રિકા આવ્યો. ઓગણત્રીસ વરસ રહી દેશ પાછો આવ્યો. બાપુ તો અગાઉથી કહી દેતા. આ જુગમાં આવે મહાન પુરુષ મળવા બહુ મુશ્કેલ છે. બર્ડાઈ બ્રાહ્મણ કન્યાવિક્રય કરતા હતા. નટવર ગામે નાત ભેગી થઈ. બાપુને ત્યાં તેડાવ્યા. કોઈ ભાઈ એમ કહેતા કે થોડુંશું દેશ (પૈસા) લેવું જોઈએ ને કોઈ ભાઈઓ એમ કહેતા કે બાપુ કહેશે એમ થશે. એમ સૌ-

સૌના મન પ્રમાણે વાતો કરતા હતા. બાપુ આદિત્યાણા ગામેથી આવ્યા. બધાય ભાઈઓએ હાથ જોડ્યા. બાપુએ પૂછ્યું તમારી અરજ શું છે? નાગર બ્રાહ્મણમાં નરસિંહ મહેતા થયા તેના આશીર્વાદથી નાગરી નાત સુખી લાગે છે. ત્રીકમજીબાપુએ કહ્યું કે હું તો કાંઈ જાણતો નથી પણ એક વચન પાળો તો કહું. એટલે બધાઈ ભાઈઓ કબૂલ કર્યું. દીકરીનો પૈસો નહિ લે તેને મારો આશીર્વાદ છે, કોઈ લેશે તો તેને તેના કર્મ ભોગવવા પડશે. બાપુએ કહ્યું કે કોઈને હા પણ કહેતો નથી ને ના પણ કહેતો નથી.

બાપુના આશીર્વાદથી જ્યાં કન્યા ન જડત્યું. ત્યાં અત્યારે દીકરીના બાપને મૂરતિયા ગોતવા જવા પડે છે. આ નીતિધર્મથી કોઈ માણસ હાલે તો પરમાત્મા બધાને સુખ આપે છે. કોઈ તપ કરે, અંતઃકરણથી તો પૂ. બાપુનાં વચન સિદ્ધ થશે. કોઈ સાધુની સેવા પ્રેમથી કરશે તો પણ લાભ મેળવી શકશે. અભિમાનથી કરે તો લાભ ન મળે. પૃથ્વી માથે જ્યારે પાપ ચડી જાય છે તો ઋષિના બાળકો પાપમાંથી પૃથ્વીને બચાવે છે.

અગસ્ત્ય ઋષિ થઈ ગયા. દરિયો પૃથ્વીને જળબંબોળ કરી દેતો હતો. અગસ્ત્ય ઋષિ એક અંજલીમાં દરિયાનું પાણી પાન કરી ગયા. આવા આ પૃથ્વી માથે ઋષિનાં બાળકો તપ કરી પૃથ્વીને પવિત્ર કરે છે.

ત્રીકમજીબાપુએ પિસ્તાલીસ વરસ શોધ કરી એમને અજાચક સાધુ મળ્યા નહિ. કોઈ પાત્ર ન મળ્યું. એમણે કોઈ ચેલા ધાર્યા નથી. કોઈ સેવક બન્યા હોય તો ભલે. બાપુ કેવાઈની આશાતૃષ્ણા ન કરતા. રાજા મહારાજા મોટરો લઈ તેડવા જાય. તો પણ બાપુ જતા નહિ. આ પૃથ્વી માથે પરમાત્માનું ખરા મનથી ભજન કરે. પૃથ્વી ચાર ચાર જોજન પવિત્ર રહે છે.

ત્રીકમજીબાપુ મુંબઈ ગયા. ચંદારામજી શેઠને ત્યાં ઊતર્યા. એક દિવસે તે શેઠ બાપુ પાસે ન ગયા. બાપુએ શેઠને કહ્યું કે આજ શું ભીડમાં પડી ગયા હતા. શેઠે કહ્યું કે અમારી તિજોરી પાંચમે મજલે મૂકવી છે. સવારમાંથી સાંજ સુધી મજૂર માણસોએ મહેનત કીધી પણ તીજોરી માથે ન પહોંચી. શેઠ કહે કે બાપુ કાલ વધારે મજૂર કરી તીજોરી માથે મૂકી દેવી છે. બાપુએ કહ્યું કે તારે તીજોરી ક્યાં મૂકવી છે? પાંચમે મજલે

મૂકવી હતી. તે જગા બતાવી. બીજે દિવસે સવારે જોયું તો જે જગાએ તીજોરી મૂકવી હતી ત્યાં જોવામાં આવી. મેઘજી ઓધવજીએ શેઠને કહ્યું કે આ ધોળા લૂગડામાં શું ગુણ છે? શેઠે કહ્યું કે તીજોરી પાંચમે મજલે મૂકવી હતી. એક દિવસ મહેનત કરી પણ તીજોરી ઉપર પોંચી નહિ. બાપુએ પૂછ્યું કે તારે તીજોરી ક્યાં મૂકવી છે? શેઠે જગા બતાવી. સવારનો પોર થયો તો તીજોરી જ્યાં મૂકવી હતી ત્યાં પહોંચી ગઈ આવા તો અનેક પરચા છે, લખીએ તો પુસ્તકના પુસ્તક ભરાઈ જાય. જાજું દુનિયાને રજૂ કરવાનું નથી દુનિયાના તો જેવા પ્રભાવ હોય તેવા શબ્દો નીકળે.

એક બર્ડા ડુંગરમાં દાખલો બન્યો તો કાનમેરાની હોળીએ બાપુ ગયા હતા. સાધુને કોઈ અવરુ ઠસાવી દીધું. સાધુ બધાય બાપુ પર કોપાયમાન થયા. ત્રીકમજી બાપુએ સમાધી ચડાવી. સાધુ ઊંચા ચડી જાય ને હેઠા પછડાય. જેવી જેને શુદ્ધિ આવતી ગઈ. ત્રીકમજી બાપુને પ્રણામ કરી બધાય કાનમેરાની હોળીએથી રવાના થઈ ગયા. ત્રીકમજીબાપુને ત્રણસો વરસનો સાધુ મળ્યો'તો તે પણ એક ઉત્તર વાળી શક્યો નો'તો. ખરા મનથી ભજન કરે તો ભજનના આવા પ્રભાવ પડે છે. બાપુ વીરા પટેલની વાડીએ ગયા બે દિવસ રોકાણા. ત્રીજે દિવસે કહ્યું કે વીરા આ જગાએ એક ઓરડી બંધાવી લઈએ. વીરો પટેલ કહે કે આજ કડીયા બોલાવી ચણાવી લેશું. પાંચ દિવસમાં ઓરડી બંધાવી લીધી. વરસાદ વરસતો તો વરણ લેવા ક્યાંય બહાર જવાય તેમ નોથતું ગામમાંથી વરણનો બંદોબસ્ત થઈ ગયો, પણ આડસર જડે નહિ. નદીમાં એક રાવણાનું લાકડું તણાઈ આવતું હતું. એ લાકડાનું આડસર બનાવ્યું તે ઉપર મૂકવા ગયા તો એક હાથ લાકડું ટૂંકું થયું. ત્રીકમજીબાપુ બોલ્યા કે અટાણે ચોઘડિયું સારૂં નથી. આડસર ચડાવવું પણ નથી. તે આડસર ટૂંકું થતું હતું. બીજી સવારે ચડાવ્યું તો તે બરાબર થયું. ત્રીકમજીબાપુમાં આવી શક્તિ હતી. પરમાત્માની દયાથી.

બાપુ એકવાર ગીરમાં ગયા એક રબારીને ત્યાં ઊતર્યાતા. તે કોઈકનું સવેલું લઈ આવેલો, બાપુને ખબર પડતા ઠપકો આપ્યો કે મૂરખ આવું કામ કદી થાય? સાંજ પડી ગઈ. પચ્ચાસ રબારીઓ દસેક બારવટિયા મળી સાઠ જણા રબારીને મારવા આવતા હતા. બાપુએ રબારીને કહ્યું કે અહીંથી તું ભાગી જા, રબારીને રબારણ ભાગી ગયાં.

બાપુ એકલા રહ્યા. તેઓએ બંદુકો આવીને છોડ્યું. બાપુ મેદાનમાં ઊભા રહ્યા. બંદુકોના ભડાકા થવા માંડ્યા. ઘડીક બંદુકો ફૂટી પછી બંધ પડી ગયું. બાપુએ કહ્યું કે બરાબર બંદુકો કેમ ફૂટતી નથી. ફોડો જોઈએ, બાપુના પગમાં એક પછી એક પડવા લાગ્યા. બાપુએ કહ્યું કે તમો મારું કહ્યું કરો કે ન કરો? રબારીઓ બોલ્યા બાપુ તમારું શું કહેવું છે? મોરના ધર્મ પાળનારા એવા હતા કે એક બાઈ અભડાઈ ગઈ હોય તે ખપતી નહિ. રબારીઓ બોલ્યા બાપુ આ ઘૂંટડો તો નહિ ઊતરે. ચાર પાંચ એનાં ને ચાર પાંચ અમારા માણસો મરશે ત્યારે ઘૂંટડો ઊતરશે. બાપુએ કહ્યું કે અહીં કોઈ નથી. રબારીઓ આ જોઈ રવાના થઈ ગયા. એક માઈલ ગયા બધાના પગમાં સરપ વીંટલાણા. રાડો પાડતા પાડતા પાછા આવ્યા. કે બાપુ તમો કહો તેમ કરીએ. સામે નેસડે રબારી ભાગી ગયો હતો. રબારી ને રબારણને બાપુએ તેડાવ્યા. બાપુએ તેમનો બંદોબસ્ત કર્યો. રબારીઓને એકમેક કર્યા. જે વેલ થતી હતી તે ચૂકવી આપી. સાઠેય જણાને ખાંડ ચોખા ખવડાવ્યા, ચારપાંચ માણસનાં ખૂન થઈ જાત. બાપુ ભજન કરતા'તા તો પરમાત્માની દયાએ આ બનાવ બનતો અટકી ગયો.

બરડા ડુંગરમાં નગો રબારી રહેતો હતો. ફૂલજળ તેના કાંઠા માથે નેસળો હતો. નગે રબારીએ બાપુ માટે ઓરડી બંધાવી તેના વરણ માટે જામસાહેબની હદમાં વાંસળા કાપ્યા હતા. કામોરાએ નગા રબારીનો દંડ ચારસો રૂપીઆ કર્યો. (જામસાહેબના) બાપુ ભાણવડ જેઠા સોનીની મેડી માથે હતા. નગો રબારી ત્યાં ગયો. બાપુની પાસે વાત કરી કે તમારી ઓરડી બંધાવી છે તેથી જામસાહેબના કામોરાએ મારો દંડ ચારસો રૂપીઆ કીધો. આ વાત સાંભળીને ભાણવડથી બાપુ રવાના થઈ ગયા. ભાણવડથી બાર માઈલ ગયા. ગોંડલ સરકારની મોટર બાપુને તેડવા આવતી હતી. મોટરમાં બાપુને બેસાડીને ગોંડલ તેડી ગયા. જામાસાહેબની હદમાં વરસાદ નહોતો. જામસાહેબને ખબર પડી બાપુ બરડા ડુંગરમાં ભજન કરતા હતા. મારી હદ છોડીને રીસાઈને કેમ ભાગી ગયા? જામસાહેબની આગળ વાત કરી ત્રીકમજીબાપુ માટે ડુંગરમાં ઓરડી બંધાવેલ તે આપણી હદમાંથી વાંસળા કાપ્યા હતા, આપણા કામોરાએ ચારસો રૂપીઆ દંડ કીધો હતો. તે જામસાહેબે ચારસો ને એક રૂપીઓ પાછો મોકલાવી દીધો. નગા રબારીને રૂપિયા પાછા મળ્યા.

જામસાહેબના કામોરા બાપુને મોટર લઈને ગોંડલ તેડવા ગયા. તેડીને ભાણવડ આવ્યા. અસાઢ વદ ચૌદશ ને દી બાર માથે બે વાગે તેડીને ભાણવડ આવ્યા. ઈંદ્રા ધારો મેહ મંડ્યો વરસવા. આવા બાપુમાં ગુણ હતાં તે ક્યાંય જાય તો કોઈનું ભલું કરતા.

બરડા ડુંગરમાં કીલેશ્વર કહેવાય છે. જ્યાં શંકરનું મંદિર છે તેની બાજુમાં જામસાહેબના બંગલા છે. જામસાહેબના ભાઈ દેવુભા બાપુને બંગલામાં તેડી ગયા. અને બાપુને ઓરડામાં આસન બિછાવી આપ્યું. બાપુ આસન પર બેઠા. દેવુભાએ ઓરડાનાં બારણાં બંધ કરી માથે તાળાં મારી દીધાં. તાળું મારીને જામસાહેબને જામનગર ફોન કીધો કે ત્રીકમજીબાપુને ઓડામાં પૂરીને માથે તાળાં દઈ દીધાં છે. આજ તમો દર્શન કરવા આવો. બાપુ દર્શન આપતા નથી. ત્રીકમજીબાપુ આજે તો તાળાં માર્યાં છે આજે ભાગીને ક્યાં જશે? જામસાહેબ જામનગરથી મોટર લઈ કીલેશ્વર પહોંચ્યા. ઓરડાનાં તાળાં ખોલ્યાં. ઓરડામાં આસન બિછાવેલ હતું. ત્રીકમજીબાપુ ત્યાંથી અદ્દશ્ય થઈ ગયા. જામસાહેબના મનમાં એમ થયું કે ત્રીકમજીબાપુને કોઈ દિ તસ્દી ન દેવી. મારા નસીબમાં દર્શન નથી તેથી નહિ થાય. પછી તેમણે દર્શન કરવાની લાલચ મૂકી દીધી. જામસાહેબની હદમાં એક વાવ ગરાવી છે. ચાર ગામનું ધણ ત્યાં પાણી પીએ છે એ ધર્માદાવાવ કહેવાય છે. એમાંય ત્રીકમજીબાપુએ પોતાનું નામ દર્શાવ્યું નથી ત્યાં તો જંગલ ઊભું હતું. જામસાહેબને પૂછ્યા વગર માણસો જંગલ કાપતા હતા. જંગલ ખાતાનો ઉપરી આવ્યો. ત્રીકમજીબાપુ સામે તે બોલીન શક્યો. ભાણવડ જઈ ફોન કર્યો. જામસાહેબે જામનગરથી કહેવડાવ્યું કે ત્રીકમજીબાપુ આપણી હદમાં કાંઈ કરે એમને કહેજો માં અને કમોરાને કહ્યું કે તું મદદ કરવા જજે. જામસાહેબ કહેતા કે મારું રાજ્ય ત્રીકમજીબાપુ થકી છે. આપણા માથે ક્રોધ કરે તો આપણું રાજ રહેવાનું નથી. ત્રીકમજી બાપુએ જંગલમાંતપ કીધું. તો સૂર્યનારાયણ ઊગે આથમે ત્યાં સુધી નામના છે એ ખબર છે. કોઈનું મન સમજે અને ખરા મનથી તપ કરે તો પૃથ્વી ચાર ચાર જોજન પવિત્ર રહે છે. આશાતૃષ્ણા ન હોય તો રાજા પણ એને પગમાં પડે છે. જેનું નામ ત્રીકમજી ભલે બન્યા કેસરી મોટા મોટા ભૂપ પડે તમારા પગમાં. ઋષીની તમોએ રીત રાખી.

# પ્રસ્તાવના

## પૂ. ઝીણાબાપુની ભાષામાં

ત્રીકમજીબાપુના ભક્તોને બાપુએ ઈશ્વર દયાએ કોઈ ચમત્કાર કરી બતાવેલ છે. તો જેટલા જેટલા જ્યાં જ્યાં પરચા બતાવ્યા છે તે આ દુનિયાને હું રજૂ કરું છું. હું તો જાણતો નથી. અભણ માણસ છું. પરમાત્માની દયાએ ત્રીકમજી બાપુની દયાએ કામ કરતાં આળસ થયું. આજ વીસ વરસથી અન્નદેવ છોડી દીધા છે. હું અભણ માણસ છું. જે બાપુની રીત તેના ભક્તોની સેવા એનો અનુભવ કરી કારવી આ નવાં પુસ્તકો છપાવવાના છે એમાં હું દુનિયાને અમુક રજુ કરું છું. મારી આમાં ક્યાં ભૂલચુક હોય તો સુધારીને વાંચશો.

પરમ સ્નેહી ભાઈશ્રી મુળજી ઘેલાભાઈ જોષી તથા વલભદાસ લાલજી જોષી

પૂ. ઝીણાબાપુએ નાયરોબી મુકામે લગભગ નવ પાના લખાવેલ છે જે આ સાથી બીડીએ છીએ તે મુજબના પૂ. પાદ શ્રી ત્રીકમજી બાપુએ બતાવેલ પરચાઓ પૂ. ઝીણાબાપુએ પોતાની ભાષામાં અમોને લખાવેલ છે તે પરચાઓની પ્રસ્તાવના ઉપર મુજબ તેમણે પોતે જ પોતાની ભાષામાં આપેલ છે તો જ્યારે નવા પુસ્તકો છપાવવામાં આવે ત્યારે પૂ. શ્રી ઝીણાબાપુશ્રી મહારાજશ્રીની પોતાની જ ભાષામાં શબ્દસહ રજુ કરવામાં આવે એવી આશા રાખીએ. વચ્ચે એવી અમારી તમોને વિનંતી છે, કેમકે જ્યારે આ પરચાઓ પૂ. બાપુની ભાષામાં રજુ થાય છે ત્યારે તેની અસર વાચકવર્ગ પર વધુ ઊંડી, વધુ ગંભીર અને વધુ ચીરણજીવી બની રહેશે તેવું અમારું માનવું છે એજ.

અમો છીએ,

ભાઈશ્રી જયંતિલાલ માધવજી થાનકી

ભાઈશ્રી દામજી ત્રીકમજી થાનકી

ભાઈશ્રી ભોગીલાલ માધવજી જોષી

ભાઈશ્રી જીવનલાલ કરસનજી થાનકી તથા

અન્ય ભક્તોના નમસ્કાર.

# પૂ. મહાત્મા શ્રી ઝીણા મહારાજશ્રીએ લખાવેલો પોતાનો અનુભવ અને જીવન

મુ. કુણવોદર

મહારાજશ્રી ઝીણા મહારાજશ્રી સંવત ૧૯૬૦ મહા સુદ પાંચમને બુધવાર દિવસના નવ વાગે જન્મ છે. પોતાની વીસ વર્ષની ઉંમર થઈ, ત્યારથી તેના મનમાં હતું પરમાત્માનું ભજન થાય એવી આશા હતી. વીસ વર્ષ ઘેર બેઠા સંસાર વહેવારના કામ ચલાવતા. પોતાના માતા પિતાની સેવા કરતાં. પોતાની પત્ની, બાલબચ્ચા આ બધાનું પાલનપોષણ કરતાં. પ્રભુનું ભજન કરતાં દિવસ ગુજરતા પાંતરીસ વર્ષની ઉંમર થઈ. ખેતી કામમાં મદદ કરતા. ચાર મહિના ફરાર પર ચલાવ્યું. પછી પોતાને શીતળામાતા નીકળ્યા. પોતાના શરીરની અશક્તિને લઈ અન્નદેવનો કણકો રહી જાતો હતો. પાછું ફરીથી પાંચ વર્ષ અનાજ લેવું.પડ્યું. ચાલીશ વર્ષની ઉંમર થઈ. પોતાના દીકરા, તેના લગ્ન કરી દીધા. બે દીકરીયુંના લગ્ન કરી દીધા. પોતાના પિતા તથા માતા પોતાના વંશવારસ પોતાનાથી જે પાલનપોષણ થયું તે કર્યું. ખેતીના કામમાં મદદક કરતા. બધા પાસેથી રજા લઈ મારાથી જે પાલનપોષણ થયું તે મેં કર્યું. હવે મને હેરાન ન કરતા. બધા પાસેથી રજા માગી મારા શરીરથી જે બદલા દેવા તા એ દઈ દીધા. આ કામ મેં કર્યું છે એ બધાની રાજીથી કર્યું. કોઈ બાબતની ઉપાદીથી કીધું નથી. કાટકોલા ગામમાં આયર હમીર નોંઘા તેની વાડીએ તેડી ગયા. મહા સુદ એકમને દિવસે નીરણની ઝુંપડી બનાવી આપી. મહા સુદ બીજને સંવત ૨૦૦૨ ત્યાં ૧ મહિના સુધી ભજન કીધું. મહારાજ તો કાંઈ જાણતા નહિ. એ મહિનો દી પ્રભુ આધારે દિવસ કાઢ્યા. એ નીરણની ઝુંપડીમાં કાટકોલા ગામની ચાર બ્રહ્મપુરી જમી. આશાતૃષ્ણા ન હોય તો પરમાત્મા જે મનોકામના હો ઈ પૂરી કરે છે. કુણવોદર ગામની સીમમાં પોતાની વાડીએ પોતે કાંઈ જાણતા નહીં, ક્યાંય જાતા ન હતા. એક વર્ષ દી પ્રભુસ્મરણ કીધું. પોરબંદરના નામદાર નટવરસિંહજી સાજની ઝુંપડીમાં પોતે પધાર્યા. બે મહિનાની માલિકમ આસન બંધાવી આપ્યું. કોઈને પરમાત્માનું ભજન કરવું હોય આશાતૃષ્ણના ન રાખો. પરમાત્મા મનો કામના પૂરી કરે છે. પાછો બીજીવાર એવો

બનાવ બન્યો. કાટકોરા ગામના રહીસ આયર જેઠા રાજદે ગાગલીયા તેને ના પાડ્યું તો પણ પોતાની વાડીએ આસન બંધાવી આપ્યું. ત્રીજી વખત મોળપર ગામે હતા. નામદાર જામસાહેબ તેની મોટર મોળપર ગામે લેવા આવી હતી. મારી સાથે છાંયાના પટેલ લાલજી માધવજી હતા. કીલેશ્વરના શંકરના પુજારી છગનમહારાજ પણ મારી સાથે હતા. કાટકોરાના આયર પાલા જેઠા એ પણ મારી સાથે હતા. જામનગર અમોને તેડી ગયા હતા. નામદાર જામસાહેબે અમને એક મહિનો રોક્યા હતા. ચાંદીના બે ખુમચા રૂપીઆ ભરીને ધર્યા હતા. એ પણ મહારાજે લીધા ન હતા. પણ પરસાદી તરીકે પાછા આપી દીધા હતા. જામસાહેબ નામદાર ઊભા થઈ ગયા. એટલા રૂપીઆ ધરુ અને ન લીએ એવા સાધુ હજી મલ્યા નથી. ઝીણા મહારાજને કીધું કે કંઈ જોઈએ એ માગી લ્યો આજ. તેને કીધું કે મારે અંતરની ભાવના જોઈએ. ક્યાં પણ તેડાવે તો જાઈશ પણ વણ તેડાવે ક્યાંય જાતા નથી. જામસાહેબને ત્યાં હતા જામસાહેબ એને મહારાણી સાહેબાએ ફુલના હાર પહેરાવીને આરતી ઉતારીને રૂપીઆ ન લીધા ઈ ટાઈમે છાંયાના પટેલ લાલજી માધવજી હતા. કાટકોરાના પાલા જેઠા કુણવોદરના વીઠલજી એ પણ હતા. સોઢાણા ગામના મહેર વજસી ઉકા પણ હતા. મજીવાણા ગામના લાધા માધવજી સાથે હતા. મજીવાણાના જીવન પુંજા પુરોહીત હતા. પ્રેમજી ભોજા ઈ પણ હતા. પ્રભુની મહેરબાની હોય તો બધુય થઈ શકે છે. પાછો ચોથીવાર આવો બનાવ બન્યો. રાજકોટના વાણીયા વીસાવદરના વાણીયા ચોથી વખત મુંબઈ તેડાવ્યા. મુંબઈ ગયા પણ કોઈને ઓળખીયે નહિ. જેણે તેડાવ્યા હતા એ હાજર ન હતા. રેલમાંથી જેવા નીચે ઊતર્યા એટલે ભાણવડના પુરોહિત કરસનજી રામજી મુંબઈ સેન્ટ્રલેથી માધુબાગ રહેતા હતા. ત્યાં લઈ ગયા. સાંજ પડવા આવી ત્યારે હું ચાલીમાં બેઠો હતો. અમદાવાદના બે બ્રાહ્મણો આવ્યા. બાપુ અહીં કેમ બેઠા છે. મેં કહ્યું કે જગ્યા બહુ જ સારી છે. પોતાની ઓરડી ઉઘાડી અને મને પોતાની ઓરડીમાં બેસાડ્યા. જ્યાં સુધી તમારે રહેવું હોય ત્યાં સુધી મારે રહેવું નથી. ઈ ઓરડી સોંપીને પોતાના શેઠને ઘરે ગયા. રાજકોટના વાણીયા અને વીસાવદરના વાણીયા મને તેડવા આવ્યા. ગીરગામથી શેઠાણી મણીબાઈ એ ટાઈમે આવેલ ઈ કે કે મારે તેડી જાવા છે. પોતાના ધણીને પોતે ફોન કર્યો. શેઠને મેં કદી નજરે જોયા ન હતા. એ શેઠ કરસનદાસ

જીવાભાઈ કે જલદી આપણે ત્યાં તેડી આવો. રાતના આઠ વાગે તેડી ગયા. પોતાના ઓડામાં પાંચ હજારનો માલ પડ્યો હતો. અમે તો અજાણીયા રહ્યા તેની ચાવી મને સોંપી દીધી. પ્રેમથી પ્રભુ સ્મરણ કરે તો પ્રભુ તો હાજર છે. કામના આળસુ થઈ પેટે પાટા બાંધીને ચાલી નીકળે છે. પરમાત્માના નામનો બટ્ટો દેવા આજ તો બધાને મોટું થાવું છે મોટી સભા ભરવી. પૈસા કમાવવાની રમત છે. મોરના ઋષિમુની તપ કરતા. માથે રાફળા થઈ જાતા તો પણ ઊઠતા નહી. આજના સાધુ તો અઢારે વર્ણની એઠ ખાવા ભેગા થયા છે. એનેથી પૃથ્વી પવીત્ર થાતી નથી. પાછો પાંચમી વખત બનાવ બન્યો બખરલાના મહેર ખુટી રાજશાખાના મહેર એભા કરશન પરમીટ આફ્રીકાની ૬ માસની મોકલાવી પોરબંદરથી વેમાનમાં બેસી નૌરોબી ઊતર્યા. ત્યાંથી એલડોરેટ ૨૦૦ માઈલ તેડી ગયાં. ભજન કરવા માટે એક ઓરડાનો બંદોબસ્ત કરાવી આપ્યો. તેને ત્યાં ૨૦ દિવસ રોકાણા. તેના સસરા સાજળીયારી ગામના ઓડેદરા વિરમ માંડણ પોતાની મોટર લઈ કીસુમુ તેડી ગયા તેની મોટર લઈ કકીરા ગયા. સીંબરના મહેર લાખા ટીડાને ત્યાં કંપાલાના શેઠ સીમજી ચુઠા ઘીવાળા તેની મોટર લઇ તેડી ગયા. આઠ દિવસ રોકાણા. મહેર વીરમ માંડણ પોતાના ઘરની મોટર લઈ આવ્યા હતા. અને પાછા કીસુમુ લઈ ગયા. કીસુમુ કુણવોદરના ગોવીંદજી હરીદાસ તેના બનેવી છાંયાના નરભેશંકર લાધારામ મોટર લઈને તેડવા આવ્યા હતા. અને મને નાયરોબી તેડી ગયા. ત્યાં થોડોક ટાઈમ રોકાણા ત્યાંથી એરમાં બેસીને મોમ્બાસા આવીયા. મોમ્બાસાથી (મોટર લઈ સામે) તેડવા આવ્યા હતા. માસ્તર જીવનલાલ કરશનજીને ત્યાં થોડોક ટાઈમ રહીને પાછા નાયરોબી ગયા. નાયરોબી થોડોક ટાઈમ રોકાઈને, એરમાં દારેસલામ ગયા તો ત્યાં દારેસલામ મોટર લઈને સામા આવ્યા હતા. રાજ્યગુરુ માધવજી કલ્યાણજી તેને ઘરે તેડી ગયા અને પ્રેમથી સેવા કરી હતી અને થોડોક ટાઈમ રોકાઈને પાછા એરમાં બેસીને નાયરોબી આવી ગયા. આવા તો દાખલા ઘણા છે જો લખવા બેસીયે તો પુસ્તકના પુસ્તક ભરાઈ જાય. પ્રભુ ભજન કરવું હોઈ ઈ તો દિનદયાળુ બધાને આનંદ કરાવે છે. પ્રભુ ભજન કરો તો આશા ન રાખો તો પરમાત્મા તો હાજર જછે.

આ પૃથ્વી માથે બ્રાહ્મણના બાળકો તપ કરે છે. કોઈ તો કેશરી બની જાય છે.

આશાતૃષ્ણા કોઈની કરતા નથી. ભૂમી માતાને પવિત્ર કરે છે. ઋષિના બાળકો પ્રેમથી તપ કરે તો ચાર ચાર જોજન જગ્યા પવિત્ર રહે છે. કુણવદર ગામમાં ત્રીકમજીબાપુ બરડા ડુંગરમાં તપશ્ચર્યા કીધી. પોતાની નાતને પાવન કીધી. દીકરીના પૈસા લેવા બંધ કરાવ્યા છે. મનુષ્ય અવતારમાં ઘણા ઘણા માણસો તો છતી આંખે આંધળા છે. રસ્તો બતાવે તો મનુષ્ય તરી જાય છે ને ભૂમી પવિત્ર રહે છે. તેમ કંઈ જાતભાતનું કામ નથી. છૂટ મેદાનમાં પડી છે. કોઈપણ રમવા જાય તો રમી શકે છે. મહારાજશ્રી ઝીણા મહારાજ તેનું નામ ઝીણામાં ઝીણું નામ છે. પોતે નાનપણથી ખેતીનું કામ કરેલું છે. તેમ કંઈ જાજું ભણેલ નથી. લગભગ અભણ જ કહેવાય. મનુષ્ય અવતારમાં પેટ ભરવા કંઈ આવ્યા નથી. વિદ્યા શીખો અને શીખાડો, પુન કરો અને સામાને પુન કરાવો. આ દુનિયાની માલીગમ દુનિયા છતી આંખે આંધળી છે. કોઈ કોઈ વીરલા જાગીને જાગૃત કરે. કેશરી જેવા સિંહ બની જાવ. આ પૃથ્વી માથે સૂર્યનારાયણ ઉગે આથમે ત્યાં સુધી તમારા નામની જે બોલાશે. જેમ બને તેમ સારામાં જીભ વારો. હું તો કાંઈ જાણતો નથી. ભાયું તથા બહેનો હું તો એક સાધારણ પાંચ ભૂતના પૂતળા તરીકે છું. તમારી બધાની ભાયુંની ભાવનાને લઈને દિવસ ગુજારૂં છું. મારી ભાવના આવી છે. ક્ષત્રીમાં સત્યપણું રહેવું જોઈએ. ગૌઉં બ્રાહ્મણની સેવા કરવી જોઈએ ને બ્રાહ્મણના દીકરાને સારી રીતે શિક્ષણ આપવું જોઈએ. બ્રાહ્મણના દીકરા તથા ક્ષત્રીના દીકરા તમારી અંતરની ભાવના થાશે તો માગ્યા મેહ વરસસે, અન્નદેવ મનના માનેલા થાશે. જેમ બને તેમ તમારા આળશ છોડી દીઓ. હું તો એક સાધારણ માણસ છું. પરમાત્માની મહેરબાની તો ઘણી છે. મનુષ્ય અવતારમાં આપણે કોઈની પડી નથી. પ્રભુ તો દીનદયાળું છે, પણ તમને પ્રભુ માથે વિશ્વાસ નથી ને પ્રભુનું નામ તમને ગમતું નથી. હું તો કંઈ જાણતો નથી. પણ ત્રીકમજી બાપુની દયાએથી જ્યાં જાયે ત્યાં આનંદ જોવામાં આવે છે. બર્ડા ડુંગરની પરીક્રમામાં પાંચ હજાર માણસ પરીક્રમામાં આવશે ત્યારે બરડા ડુંગરમાં દુકાળ નહિ પડે, અડખે પડખે ગામડામાં પણ નહિ પડે. આ ઋષીના બાલકોના વચન યાદી રાખજો અને મારૂં શરીર તો હવે વૃદ્ધ થઈ ગયું છે. જાજો ટાઈમ હવે હું જોઈ શકું એમ નથી. પુસ્તક વાંચીને અનુભવ કરજો. મહારાજશ્રીના અક્ષર છે. એ વિધિના લેખમાં ચુક પડશે પણ આ બ્રાહ્મણનું જે વચન છે,

એમ ચુંક નહિ હોય એવી મારા મનની ભાવના છે. તમે ભાયો પાવન બનો અને બીજાને પવિત્ર કરો. મારામાં જો ભાઈ કંઈ શક્તિ નથી. મારા મનને અભીલાષા બહુ છે. મનુષ્ય અવતારમાં બધુ કરી શકીએ છીએ. પુરૂષાતન ગાંધીજીએ કીધું તો હિન્દુસ્તાન વગર હથીયારે સ્વતંત્ર કીધું છે. જવાહરલાલા મહારાજા જનતાની પ્રેમથી સેવા કરી તેનીએ લાભ ઘણો લીધો છે. આવા હિન્દુસ્તાનમાં વીર પુરૂષ પાકે છે. કાટકોલા ગામમાં આયર પટેલ રણમલ વીરા આવા યુગમાં પ્રેમથી સેવા કરે છે. પોરબંદરમાં મુળજી ઘેલાભાઈ જોષી એ પણ પોતાથી જે બને છે તે અંતઃકરણથી સેવા કરે છે. છાંયા ગામમાં પટેલ લાલજી માધવજી જોષી એ પણ ઘણો ટેમથી પ્રેમથી સેવા કરે છે. અડવાણામાં પટેલ નાથા હમીર સેવામાં હાજર છે. કીંદરખેડા ગામમાં મેર એભા નરબદ મોઢવાડીઆ એ પણ પ્રેમથી સેવા કરે છે. મજીવાણામાં માધવજી નારણજી પગથી ચાલીને સેવા કરવા આવે છે. કોઈપણ સાધનમાં બેસતાં નથી. બખરલા ગામના મેર એભા કરશન ખુંટી મેર રાજશાખાના આફ્રીકાથી ઘણી સેવા કરે છે. પોરબંદરના આફ્રીકામાં નાયરોબી વસતા ભોગીલાલ માધવજી જોષીએ પણ ખુબ જ સેવા કરી છે. અને લાભ લીધો છે. કુણવદર ગામના ગોવીંદજી હરીદાસ નાયરોબીથી મોટર લઈને એલ્ડોરેટ મને તેડવા આવ્યા હતા. પોતાને ઘરે તેડી જઈને બે મહિના પ્રેમથી સેવા કરી હતી. તેને ઘરેથી કીસુમુ મને તેડી ગયા હતા. સાજડીયારીના મેર વીરમ માંડણ ઓડેદ્રા તેનીએ પણ પ્રેમથી ઘણી સેવા કરી છે. કમ્પાલાના શેઠ શામજી જુઠાભાઈ તેનીએ પોતાને ઘરે તેડી જઈને પ્રેમથી ઘણી સેવા કરી છે. મુંબઈ ગયા ત્યારે મને કોઈ ઓળખતું ન હતું. તે વખતમાં શેઠ કરશનદાસ જીવાભાઈ રાતના દશ વાગે પોતાના ઓરડામાં મને સગવડતા કરી આપી. તેને ઘરે પોરબંદરના રાણા સાહેબ મહારાજા નટવરસિંહજી પણ પધાર્યા હતા. તેને કીધું કે ખુરશી માથે બેસો તે હેઠા બેસી ગયા. પરમાત્માની મહેરબાની હોઈ તો રાજવી પણ સેવા કરવા તૈયાર થઈ જાય છે. નટવરસિંહજી મહારાજની જય થાઓ જય થાઓ. મુંબઈના બસો માણસો ભેગા થઈ ગયાં હતાં. અમદાવાદમાં પુરૂષોતમ લુહાર જ્ઞાતિમાં છે. અમણે પણ અમદાવાદમાં ખુબ જ સેવા કરી છે. મારી સાથે દશથી બાર માણસો હતાં. અમારા શેઠ પ્રભુદાસ રણછોડનું અમે મકાન ગોતતા હતા. એ ટાઈમ ઉપર પરસોત્તમભાઈ આવી ચડ્યા અને તમે કોને ગોતો છો?

એમ પૂછતાં અમે સરનામું બતાવ્યું ત્યારે એમણે કહ્યું કે એ માણસ તો અહીંથી બહું દૂર રહે છે. તમે બધા મારે ત્યાં આવે અને મારા મહેમાન થાઓ. તેથી અમે બધા એમની સાથે ગયા અને એમના મકાનમાં બધી ઉતરવાની સગવડતા કરી આપી. માણસ કહે છે કે પ્રભુ કેવડા હશે. ભીડ પડે ત્યારે પ્રભુ આવે છે. પણ ઓળખી શકતા નથી. હું તો કાંઈ જાણતો નથી. મારો વાલો દીનદયાળુ આવે છે. અને કામ કરી જાય છે. અને હજુ પ્રભુ દયાએ તથા ત્રીકમજી બાપુની દયાથી હજુ હીરા પાકવાના છે, તેનાથી પૃથ્વીનો ઓધાર થાશે. હજુ ત્રીકમજી બાપુના નામથી આવા તપ કરે છે, એ વસ્તુ બહાર આવે ત્યારે એમ જાણજો કે મહારાજશ્રીએ આ સત્ય લખ્યું છે કે અસત્ય? રામચંદ્રજી ભગવાન પરમાત્મા તેના નામ લેતાં ઉદ્ધાર થાય છે, પણ આપણે છતી આંખે આંધળા છે. એક આંધળો માણસ હતો. એના હાથમાં ફાનસ આપ્યું. તો પણ કુવામાં પડી ગયો. પછી રાડો પાડવા મંડ્યો કે મને કાઢો. કાઢનાર ધણી કહે છે કે હાથમાં ફાનસ છે, તો કુવામાં કેવી રીતે પડી ગયો. એ કહે છે કે હું જનમનો આંધળો છું. તો ભાયો આપણે છતી આંખે આંધળા છે. પ્રભુ ભજન કરે ઈ કોઈને નડતો નથી. પણ છતાં તેને માણસો વધારે ને વધારે તસ્દી દેય છે. પોતાથી એક દિવસ સંસાર છોડાતો નથી. આપણાથી કામ ન થાય અને કોઈ મહેનત કરતો હોય તો આપણે તો આનંદમાં રહેવું જોઈએ. ખરી ભાવના રાખશો તો આ ભૂમિમાતા પવિત્ર રહેશે. હું તો કંઈ જાણતો નથી. પ્રેમથી બધાય ભાયોને આશીર્વાદ લખાવું છું એજ.

પરમાત્મા જનતાને જગાડે છે. પણ જાગનાર ધણીને અતી ભાવના જોયે. રાવણની તપશ્ચર્યા કેવી હતી. શંકરની બહુ તપશ્ચર્યા કીધી ત્યારે ખરૂં તપ કીધું તો શંકરના ખરા ભક્તો બન્યા. સાક્ષાત પરમાત્મા રામચંદ્રજીના હાથથી ઓધાર થયો. હજી સુધી રાવણના જેવી કોઈની તપશ્ચર્યા નથી. એનીએકામ કીધા એટલા કોઈથી કામ થાય એમ નથી. તપ કરો તો પ્રભુ અવતાર લીએ છે. વીદ્વાન બનો, પણ એની કંઈક કીંમત થાવી જોઈએ. ભણીને આળસુ ન બનો. તમારામાં શૂરવીરપણું જોઈએ. તમારા બાલબચ્ચા તમો નભાવી નથી શકતા તો તમારાથી બીજું શું થવાનું છે. વિદ્વાન થઈ અને ઘરોઘર ભીખ માગવા જવું પડે તો એ વિદ્વતા નથી. એ તો પરમાત્માના જેમ પૂજાય તો જ એ વિદ્વતા ખરી કહેવાય. પેટ ભરવા માટે ભણેલા હોઈ એ પેટ ભરવાનું થાય બીજું કંઈ કરી શકતો

નથી. નરસિંહ મહેતો કામના આળસું થયા અને ખરા મનથી પ્રભુના ગુણગાન ગાયા તો પરમાત્મા મલ્યા. પાકો રસ્તો લીઓ તો પરમાત્મા બધાયનો ઉદ્ધાર કરે છે. સીતાજી મહાસતી હતાં. વન વેઠ્યાં, વગડા વેઠ્યાં. ક્રમની ગતી નીયારી છે. વાલમીક ઋષીના આશ્રમે રહ્યા, ત્યાં દિવસ ગુજાર્યા તો એક સમય એવો આવ્યો કે પૃથ્વીમાં સમાઈ જવું પડ્યું. મહાસતી અનસૂયા બ્રહ્મા, વિષ્ણુ અને મહેશશ્વર એ ત્રીગુણી માયા અનસૂયાની પરીક્ષા કરવા ગયા હતા. સતીએ એક અંજલી પાણીની છાંટી છ છ મહિનાના બાળક બનાવી દીધા. મહાસતી અનસૂયાએ પોતાનો પતીવ્રત ધર્મ આબાદ રાખ્યો. કૃષ્ણ ભગવાન પોતે વાબને પોતાને બદલો દેવો પડ્યો. તો જે કૃત્ય કરશો એનો બદલો દેવો પડે છે. સારાં કૃત્યો કરશો તો સારાં ફળ આવશે. જેટલું અભિમાન કરશો એટલું તમારું ગર્વ ઉતરી જાય છે. આ ટેમમાં તો કોઈને ધર્મ ગમતો નથી. ધર્મ માટે તો પોતાની જાન ગુમાવી દેતા. સમો સમાનું કામ કરે છે. પણ મનુષ્ય અવતારમાં ધર્મ છોડવો ન જોઈએ. ધર્મ તમે મનુષ્ય અવતારમાં છોડી દેશો તો પૃથ્વી ડુબી જાશે. પુનથી પૃથ્વીનો ઉદ્ધાર થાય છે. પાપથી ઓદ્ધાર થાતો નથી. જેમ બને તેમ તમે મનુષ્ય અવતારમાં શૂરવીર બનો અને પૃથ્વીને પવિત્ર રાખો.

દઃ વલભદાસ લાલજી જોષી તથા
લાભશંકર વિઠ્ઠલજી થાનકી

||ॐ||

# બરડા ડુંગરની પરીક્રમાનું વર્ણન

સંવત ૨૦૧૦ની સાલથી પરીક્રમા ચાલુ કરેલ છે.

ત્રીકમજી બાપુની દયાએથી બાર વરસથી બર્ડા ડુંગરની પરીક્રમા શરૂ કરી છે. અને તે ચાલુ છે. દર સાલ દેવદીવાળીના દિવસે ભાણવડ પાસે બાપુની વાવથી શરૂ થાય છે અને મોળપરણ, કીલેશ્વર, પાસ્તર થઈને ફરીને ઘુમલી આવીને પરીક્રમા પૂરી થાય છે. આ પરીક્રમામાં ઘણા ભક્તો લાભ લીએ છે. ખાસ કરીને બર્ડાના ગામો પોરબંદર, કાટકોલા, અડવાણા, દેગામ, મજીવાણા, કુણવદર, પાસ્તર વિગેરે ગામોથી ભક્તો આવે છે. કુણવદરથી વીઠલજી ઝીણા, છાંયાથી લીલાધર ઝીણા આ સંઘને જમવા માટે રસોઈનું કામ કરે છે. અને ઓધવજી ઝીણા, મુલજી ઘેલાભાઈ જોષી અને વલભદાસ લાલજી જોષી સંઘને જમાડવા માટે તેમજ ચા, કોફી, દૂધ વિગેરે સેવા આપે છે. મજીવાણાથી માધવજી નારણજી અને પ્રેમજી ભોજા પણ દર સાલ પરીક્રમામાં આવે છે અને સેવા આપે છે. આ ઉપરાંત બીજા ઘણા ભક્તો છે. જેમાના મુખ્ય માણસ ોઆ પ્રમાણે સેવા આપે છે. કાટકોલાના રમણલ વીરા, હમીર નોંધા, પાલા વીરા. રબારીકાના પબા વીરા, કાટકોલાના જેતા જેઠા, એભા હમીર. પોરબંદરથી નાનાલાલ ગોકલદાસ, હેમતલાલ ઈચ્છાશંકર. છાંયાના લાલજી માધવજી આ બધા ભક્તો દર સાલ સંઘના માણસોને જમવા માટે પોતાથી બનતી મદદ આપે છે અને એક એક સ્થળે જમાડવા માટે તન, મન અને ધનથી પોતાનો ભોગ આપે છે, આ પ્રમાણે દરેક ગામથી માણસો આવતા થઈ જાય અને પરીક્રમા ચાલુ થઈ જાય તો વરસાદની ખેંચ રહે નહિ. અને માણસો સુખ અનુભવે એવી મારી ભાવના છે. આ પરીક્રમાનું કાર્ય જનતા ઉપાડી લીએ તો હું એક કાર્યમાંથી નિવૃત થાઉં અને મારે ઘણા કાર્યો કરવાના રહે છે. હું તો ભક્તોને આધીન છું. ભક્ત મને જે ગામ તેડાવે ત્યાં મારે જવું પડે છે. આફ્રીકા જેમ જવાનું થયું એમ દેશમાં પણ યાત્રામાં કેદારેશ્વર, હરદ્વાર, ઋષીકેશ, કાશી, મથુરા, ગોકુલ, શ્રીનાથજી, નાસીક, ત્રંબક વિગેરે સ્થળોએ જવાનું થયું હતું. અને આ બધા યાત્રાના સ્થાન બહુ જ રમણીય છે. અને

જોવાલાયક છે. મનુષ્ય જીવનમાં એક વખત આ બધા યાત્રાના સ્થળોએ જવું જોઈએ.

સૌરાષ્ટ્રમાં ભાવનગર, જામનગર, જુનાગઢ, લીંબડી, ગોંડલ વિગેરે સ્થળોએથી ભક્તો તેડાવે છે, ત્યારે જવાનું થાય છે. એટલે મારૂ જીવન પરવશ જેવું થઈ ગયું છે. મુંબઈ પણ બહુ વખત જવાનું બને છે. ત્યાં શેઠ કરશનદાસ જીવાભાઈ તથા શેઠ મંગળદાસ દેવીદાસ આ ભક્તો સેવા કરે છે. અને મંગળદાસભાઈએ રૂપીબેનને ભજન કરવા માટે આસન બંધાવી આપેલ છે.

કારાવડના આયર કારા પુંજા કારાવડ સ્ટેશને ગાડાં લઈને આવે છે, અને સંઘને બાપુની વાવે પહોંચાડી આપવાની સેવા કરે છે.

રોઝીવાડાના કવિ શ્રી મનુભાઈ કાળાભાઈ, મુળુભાઈ કાળાભાઈ અને વેણુભાઈ કાળાભાઈ સંઘની અંદર પોતાના કવીતનો લાભ આપે છે અને દિવસના ભાગમાં સત્સંગ રામાયણનો લાભ આપે છે.

પાસ્તર ગામે આ સંઘનું સ્વાગત કરવા માટે પાસ્તરના ઠા. હરીદાસભાઈ કીર્તન મંડળી સાથે વાજતે ગાજતે સ્વાગત કરે છે. અને ગામમાં સંઘને સગવડતા કરી આપે છે. તેમજ પાસ્તરના રબારી જીવા રામા સંઘને ઉતરવા માટે પોતાના મકાનમાં દરેક પ્રકારની સગવડતા કરી આપે છે. સંઘમાં રાત્રીના સમયે કીર્તન થાય છે અને ભેટમાં જે રૂપીઆ થાય છે તે ત્યાં જ ગામની ગાયોના નીરણ માટે આપી દેવામાં આવે છે.

મોડપર ગામમાં સંઘ જાય છે અને ત્યાં કેશુર પટેલ તથા હમીર ચોવટીઆ સંઘને ઉતરવા માટે દરેક જાતની સગવડતા કરી આપે છે.

ત્રીકમજી બાપુની વાવે પૂજારી હીરજી ભગત સંઘને જોઈતી ચીજવસ્તુઓ આપે છે અને પોતાની સેવા સંઘને આપે છે.

ભાણવડના વૈસુતાર નારણ જેઠા મંડલી લઈને આવે છે. અને કીર્તન ભજન ગાય છે. એ પણ સંઘને પોતાની સેવા આપે છે.

બખરલાની સીમમાં દુલા સીદીની વાડીએ મહારાજશ્રી જાય છે અને તે પ્રેમથી સેવા કરે છે.

માળી વાલીબેન તેમણે પ્રેમથી સેવા ઘણી કીધી છે.

મહારાજશ્રી પ્રેમથી આશીર્વાદ લખાવે છે. હું તો અભણ માણસ છું. કંઈ જાણતો નથી. આ મારા બે બોલ અનુભવ કરીને વાંચજો.

દઃ વલભદાસ લાલજી જોષી તથા
લાભશંકર વિઠલજી થાનકી

* * *

# બાળાઓએ બનાવેલ ત્રીણાબાપુશ્રીના ભજન

લેખીકા : વિજ્યાબેન લાલજી જોષી
તથા ગોદાવરીબેન સવરાજ થાનકી

૧

અવતાર ધર્યો બાપુજી તમે બરડાનો ભાર ઉતારવાને
શ્રી રામને મુખે રામાયણ છે, શ્રીકૃષ્ણને મુખે ગીતા છે.
પૂજ્યબાપુજીના મુખે ઉપદેશ છે. (૨) બરડાનો ભાર ઉતારવાને. અવ.
શ્રી રામની સાથે લક્ષ્મણ છે શ્રી કૃષ્ણની સાથે અરજુન છે.
પૂજ્યબાપુજીની સાથે ભક્તો (સેવકો) છે બરડાનો ભાર ઉતારવાને. અવ.
શ્રી રામને હાથે ધનુષ્ય છે શ્રી કૃષ્ણના હાથે ચક્ર છે.
પૂજ્ય બાપુજીના હાથે આશીર્વાદ છે બરડાનો ભાર ઉતારવાને. અવ.
શ્રી રામે વનવાસ વેઠ્યો છે શ્રી કૃષ્ણે ધેનુ ચારી છે.
પૂજ્ય બાપુજીએ ડુંગરા ફર્યા છે બરડાનો ભાર ઉતારવાને.
અવતાર ધર્યો...

* * *

૨

ભૃગુકુળમાંહી ઋષી જન્મીયા એવા પ્રતાપી ત્રીકમજી
મહારાજ શ્રી કુણવદરમાં.
ધન્ય શ્રી રામ ધન્ય ગામને પ્રગટ્યા ઋષી ત્રીકમજી મહારાજશ્રી
ધન્ય ધન્ય માતા લાછુબાઈને કુખે શીવનો અવતાર રે શ્રી
ધન્ય ધન્ય પિતા હરિલાલને જેને ઘેર થયો જયજયકાર રે શ્રી
આનંદ વર્તાવ્યો બરડા દેશમાં જ્યોતિરૂપ બ્રહ્મતણો અવતાર રે શ્રી
પૂરા તપસ્વી શ્રીઋષી ત્રીકમજી જેની માયા છે અપરંમ પાર રે શ્રી

એવાજ પ્રતાપી શ્રી ઝીણાશ્રીબાપુ થયા ઋષી ગરબનીવાજ રે શ્રી
ધન્ય ધન્ય માતા નાથીબાઈને જેની કુખે કૃષ્ણ જેવો અવતાર રે શ્રી
ધન્ય ધન્ય પિતા લીલાધરને જેને ઘેરે આનંદનો નહિ પાર રે શ્રી
ધન્ય ધન્ય રામબાઈ બેનને જેના ઝીણાશ્રી જેવા ભરથાર રે શ્રી
તેના જ સૂકૃતિ સુત વીઠલજી સેવાભાવી છે મીલનસાર રે શ્રી
પૂરા તપસ્વી છે ઝીણાશ્રીબાપુ દયા રાખે સર્ણાગતની લાજ રે શ્રી
ભૃગુકુળમાંહી ઋષી જનમીયા..

★★★

૩

ઉંચો ડુંગર રે આભપરો, ઉજરાં શોભે કીલેશ્વરના ધામ રે
ત્રીકમજી બાપુ
આજ મને બરડો જોતાં ને બાપુ સાંભરે મુંને બરડો જોતા રે
સ્વેત વસ્ત્રોએ બાપુજી શોભતા ઊભા છે આંબલી પાસે આસન રે
ત્રીકમજી બાપુ
ચાખડીએ ચડીને બાપુજી ચાલતા બોલતા જાણે અમૃત ભીના
બોલ રે ત્રીકમજી બાપુ
સદાય ઉપવાસી શ્રી બાપુ તમે સાદાયમાં ગાળ્યું આખું
જીવન રે ત્રીકમજી બાપુ
નેસડે નેસડે બાપુશ્રીના બેસણા ઘુમલી વાવે રેલાવ્યો આનંદ રે
ત્રીકમજી બાપુ
ઘરમાદુ વાવ બાપુશ્રી ગળાવતા બાંધી અવેડા લીધા છે
આશીર્વાદ રે ત્રીકમજી બાપુ
બાપુને ગોતે રબારી ગીરના તેડી જાવા કીલેશ્વરથી ત્યાંય રે
ત્રીકમજી બાપુ

બાપુની બ્રહ્મજ્ઞાન ગોઠડી ભરી જીવનમાં ધન્ય શ્રી ઝીણાબાપુ રે

ત્રીકમજી બાપુ

આદિત્યાણે બાપુશ્રી આવીઆ કૃપા કરી શ્રી કરશનજીને ઘેર રે

ત્રીકમજી બાપુ

મહાશિવરાત્રી બુધવારને દી અર્ધીરાત્રીએ થયા છે અંતરધ્યાન રે

ત્રીકમજી બાપુ

આજ દાસનો દાસ બાપુને વિનવે લેજો બાપુ સેવકોની

સંભાળ રે ત્રીકમજી બાપુ

૪

ધન્ય ટેક તમારી ઝીણાશ્રી બાપુ સતવૃત લીધા સંભારી ધન્ય
વડીલોની વાટે રેવું એ સીલો લીધો સંભારી
જગત ઉપાધી જાતી કરીને આપ બન્યા બ્રહ્મચારી ધન્ય
મારૂં તારૂં મૂકી દીધું ને પ્રભુ સાથે કરી પ્યારી
મોહ, મમતાને ઠોકર મારી વાસના લીધી તમે વારી ધન્ય
નાનું મોટું સૌ સરખું જાણ્યું સમદ્રષ્ટિ સુખકારી
કોઈ ઉપર કોઈ દી ક્રોધ ન કર્યો શાન્ત મૂર્તિ શુભકારી ધન્ય
સંસારની સૌ માયા છોડી, છોડી આ કામ કરારી
અન્ન તણો તમે આહાર છોડ્યો ફક્ત ફળના આહારી ધન્ય
શીલ સન્તોષી મજબુત મનડાં ધીરજ દીલમાં ધરી
આસન દ્રઢ અને આત્મજ્ઞાની એકધ્યાની ઉપકારી ધન્ય
કવી કીશન કહે મંગલ કરજો હરજો કલેશ હજારી
કૃપા દ્રષ્ટી તમે કાયમ કરજો એ જ વિનંતી અમારી ધન્ય

## ૫

## અનસુયાબેન લાલજી જોષીનું જોડેલું ભજન

એનું જીવન કાર્ય અખંડ તપો અમ બાપુ વચ્ચે અમર રહો એનું
એની ભક્તિ સદાએ અખંડ તપો એવા ઝીણા શ્રી બાપુ
અમર રહો એનું

એના જીવન કાર્ય સમી ભક્તિ કળીયુગમાં બાપુ આપે કીધી
અમ જીવનમાં અમ અંતરમાં એની ઉજ્જવળ જ્યોત જવલંત
રહો એનું

એને અંગ સફેદ વસ્ત્રો રહે છે એને રોમેરોમ શંભુ વસે છે.
એના દીલમાં શંભુ સદાય રહો એવા ઝીણા બાપુ અમર રહો એનું
એણે અજ્ઞાની બ્રાહ્મણોને જ્ઞાન દીધા એણે અનેકને ઉપદેશ દીધા
એના મુખમાં શંભુ સદાય રહો એવા બ્રહ્મઋષી બાપુ અમર રહો
એનું.

જે કોઈ બાપુજીના ગીત ગાસે એના દુઃખડાં સઘડાં દૂર થાશે
બાળાઓ બાપુના ગીત ગાય છે અમ વચ્ચે બાપુ અમર રહો. એનું

★★★

# જ્ઞાન પ્રકાશ

(કાવ્યરૂપે)

ૐ (ઓહં) પરમગુરૂ પરમાત્માને, પ્રથમ કરી પ્રણામ.
ક્ષર અક્ષરથી જે છે અળગો, નમો નમો નિજધામ
વ્યકત અવ્યકતથી ઉત્તર જે, શબ્દાતીત બાવન બહાર;
સત્ય સર્વેશ્વર સદોદિત, નિત્ય નિરાકાર,
જે વડે આ જગત ભાસે એવું જે અજ્ઞાન,
તે તે તક્ષણ ક્ષય કરે, તે જ છે નિજ જ્ઞાન.
તે જ્ઞાન તો પ્રગટે જો, શીર સદ્‌ગુરૂ હોય,
અનાદિનું તત્વજ્ઞાન, ક્ષણમાં તેને જોય.
તે ગુરૂ મસ્તક માહરે, ત્રિકમાચાર્ય નામ,
અંતર બેઠાં ઉચરે, અચ્છેદ અભેદ અકામ.
તેને અધુના ઇચ્છા ઉપની, પરમાર્થ પ્રઘટી બુદ્ધ;
જ્ઞાન પ્રકાશ ગ્રંથ કહું, જેણે શ્રોતા થાય શુદ્ધ.
જેમ ધામમાંહે તીમીર ભર્યું, તે ઘણા દિવસનું હોય;
દિપક જે ઘડી કીજીએ, તે ક્ષણ તેહને ખોય;
તેમ જ્ઞાન પ્રકાશ ગ્રંથ સુણતે, અંતર અજ્ઞાન તે જાય;
તત્વજ્ઞાન બ્રહ્મજ્ઞાન તે, સિધ્ધાંતથી સમજાય.
કોક કવિએ પહેલો કહ્યો, અર્થ તેનો અતિ અગમ્ય;
ગાયના દુધમાંહેથી ઘી કહ્યું, તે જે થાય સુગમ્ય.
શ્રોતા પુછે વકતા કહે, પ્રશ્ન ઉત્તર પ્રસંગ;
જો અર્થ અંતરમાં ઠરે, તો થાય ભ્રાંતિનો ભંગ.
જેમ સકળ પદાર્થ દાખવે, પ્રમાણ નહિ માત્ર પરોક્ષ
પણ સાંભળશે તો ઘણા માંહે, પણ અધિકારીને અપરોક્ષ.

તે અધિકારી આગે કહ્યું, તું સાંભળ શ્રોતા વચન;
જેવું શુણે તેવું ઠરે, અંતર બ્રહ્મજ્ઞાન થાય મન;
નિત્ય નિયમ પ્રાયશ્ચિત ઉપાસના, ત્યાં ઉતર ફળનો ત્યાગ;
ચૌદ લોકમાં ચિત ન બેસે, એવો તે વૈરાગ્ય
નિત્યા નિત્ય વિવેક વસ્તુનો, કરે જે પ્રજ્ઞાગ્રહી;
પછી સાધે ષટ સંપતિ, શ્રુતિ સાક્ષીએ તે સાવધાન થઈ.
અધિકારી એવો થયો, હૃદયે લાગે અર્થ;
અન્ય અધિકારી જો સાંભળે, તો કરે કાંઈ અનર્થ.
જેમ ઘટ છે પાસા વિના, બિંબુ તેમાં કેમ બેસે;
તેમ આદિ અધિકારી થયા વિના, નવ અર્થ અંતર બેસે.

★

## યોગીનો આનંદ

રાગ વૈરાગ્ય

ઝીણે રે શબ્દે રૂડી કોયલ બોલે રે,
બોલે રૂડા બપૈયા મધુરા રૂડા મોરજી... ટેક.
બાયુમાં સોરંદા વાગે રે,
હૃદયમાં વાગે શું તારજી,
જાંગુમાં જંતર માગે રે,
પાયુમાં નેપુરનો ઝણેણાટજી... ઝીણે રે શબ્દે.
અનહદ વાજાં સુનમાં વાગે રે,
વાગે રૂડા શીંગીને નાદજી;
નગારાં નોબતને મૃદંગ વાગે રે,
વાગે રૂડા ઘંટા ઝાલરનો ઝણેણાટજી.... ઝીણે રે શબ્દે.
પડેને વરમંડે ઢોલ જાંગીર વાગે રે,

ચૌદ બ્રહ્માંડ રહ્યું ગાજીજી;
મેઘ મલાર અંદરધારા વરસે,
વીજળી કરે ચમકારજી... ઝીણે રે શબ્દે.
બાગ બગીચા પુષ્પ ખીલ્યાં,
ભમરા કરે ગુંજારજી;
મનસાગર સાગર ઉલટ્યો,
હંશ પક્ષીઓ કરે કલોલજી.... ઝીણે રે શબ્દે.
નવ ક્રોડ બ્રહ્માવેદ ધુન કરે,
છપન ક્રોડ શંભુ ધરે ધ્યાનજી;
નવ દુર્ગાદેવી આનંદ આરતી કરે,
તેત્રીસ કરોડ દેવતા ધન ધન શબ્દ કરે ઉચ્ચારજી... ઝીણેરે.
અનુભવ અનોપમ વિપ્રમ ત્રીકમજી બોલ્યા,
છત્રીશ રાગણી ત્યાં રહી રાગીજી;
સૂર્ય ચંદ્ર ત્યાં પ્રકાશીઆ
આનંદ આનંદ અદવીતનું તે ધામજી... ઝીણેરે શબ્દે.

★

# નવ તત્વનું કાવ્યરૂપે વર્ણન

અનુભવ કરો તો સર્વે માયા પુરૂષોએ અસાર જાણીને ત્યાગ કરીને કામનાને પાવરને અને મનના સ્વભાવના પાવરને અને સ્વાર્થની જીતીને પુરૂષો પવિત્ર સ્થલે જઈ એકાંત, અકર્તા, અભોક્તા, વૈરાગ્ય જ્ઞાન, ત્યાગ અને બ્રહ્માકારથી વિરક્ત, અજાચક, નિરાશી, નિર્વાસનીક રહેતા હતા.

યોગી થઈ જંગલ વશે, સદા રહે નિરાધાર,
ગીર ગીરનાર મેરૂ મધ્યે, ગુપ્ત કરે નિવાસ.
જ્ઞાન વૈરાગ્ય ત્યાગથી, સદા રહે બ્રહ્માકાર,

પંડ વરમંડ શોધી, યોગ યજ્ઞ અપાર.
વેદ વાણી પહોંચે નહિ, ત્યાં કવિ નકરે કાર,.
પાણીસેં પેદા ભયા, કર્યા નાભિ કમળશે વાસ.
પંડ વરમંડ શોધી, જોયાં ભુત, ભવિષ્ય, વર્તમાન,
જ્યાં જમીન અશમાન નહિ, નહિ પવનને પાણી
જ્યાં બ્રહ્મા, વિષ્ણુ મહેશ્વર નહિં, નહિં વેદ ને વાણી,
સૂર્ય, ચંદ્ર, ધ્રુવ, નક્ષત્ર નહિ, નહિ જરણ મરણ ને વાચા
જ્યાં રૂપ, રંગ, રેખા નહિ, ત્યાં અગમ અગોચર અનુપમસે દેખ્યા.
શુક્ષ્મ વિષય શુન્યમાં રહ્યો સમાઈ
તેમાંથી એક અંશ ઉપજ્યો, તે ઈશ્વરી અંશ કહેવાય
તેમાંથી ત્રણ વિકાર ઉપજ્યા, તે વાસુદેવ તત્વ કહેવાય
તેમાંથી બ્રહ્મ બીજક ઉપજ્યું, તે મહા તત્વ કહેવાય
તેમાંથી ઈંડોર ઉપજ્યો, તે અહંકાર તત્વ કહેવાય
તે પંડ વરમંડની ઉત્પતિનું પ્રમાણ
તેમાંથી અગીઆર ઈંદ્રિયો સરજીયું
તેમ નવ તત્વનો પ્રકાશ
નવ તત્વથી રચ્યું માયાનું મંડાણ
નવ તત્વથી રચયા જમીનને આસમાન
નવ તત્વથી રચ્યાં સાત સાગર; દરીઆ, નદી ને દ્રીપ
નવ તત્વથી રચ્યાં નદીઓનાં નીર
નવ તત્વથી રચ્યાં, ભુત, ભવિષ્ય ને વર્તમાન
નવ તત્વથી રચ્યાં, ચાર વેદ વાણીને ભેદ
નવ તત્વથી રચ્યાં, જ્યોતિષને જાણ,
નવ તત્વથી સર્વે માયા કલ્પીત રચી,
તેમાં લોભાઈ રહ્યા અજાણ.

જે પુરૂષે દેશ વિદેશ જોયા, જોયાં પાપ પૂન્ય કર્મને કીયા, જપ તપ ચોરાશી પંથ જોયા, તેમાં ભરમાઈ રહ્યા અજાણ, જે પુરૂષે ડુંગર પહાડ જોયાં, જોયાં તીરથને દેવધામ, સર્વે પુરૂષ જોયા એક બીજાના વિરોધી લાલચની ખાણ, જે પુરૂષો મયા મિથ્યા જાણી તે શુક્ષ્મ શાંતિમાં રહ્યા સમાય, ઉલટી વૃતિઓ ગાજવીજ કલોલ કરે ત્યાં નવ તત્વનો પ્રકાશ એવા પુરૂષની મનોવૃતિઓ લય પામીયું યોગ નિદ્રાની માંય, તેવા પુરૂષોને

નહિ કર્તા, નહિ ભોકતા, નહિ ભુતો, નહિ ભવિષ્ય
નહિ કાયા, નહિ માયા, નહિ જરણ, નહિ મરણ
નહિ રૂપ, નહિ રંગ, નહિ જરણ, નહિ મરણ
નહિ રેન, નહિ દીન, નહિ માસ, નહિ વર્ષ
નહિ વૃક્ષ, નહિ પક્ષી નહિ પશુ નહિ પ્રાણી
નહિ બ્રહ્મા, નહિ વિષ્ણુ, નહિ ભવાની, નહિ મહેશ્વર
નહિ સૂર્ય, નહિ ચંદ્ર, નહિ ધ્રુવ નહિ નક્ષત્ર
નહિ વેદ, નહિ વાણી, નહિ બુદ્ધિ, નહિ ચતુરાઈ
નહિ પાપ, નહિ પુણ્ય, નહિ દાન, નહિ યત્ર
નહિ દેવ, નહિ તીર્થ, નહિ પાઠ, નહિ પૂજા
નહિ માતા, નહિ પતિા નહિ વર્ણ, નહિ આશ્રમ
નહિ મંદિર, નહિ માળીયાં, નહિ સ્ત્રી, નહિ પ્રજા
નહિ હાથે, નહિ સાથે, નહિ વાહન, નહિ વાસણ
નહિ લેવું, નહિ દેવું, નહિ કરવું, નહિ કહેવું
નહિ આશા, નહિ તૃષ્ણા, નહિ વૃતિ, નહિ વાસના
નહિ ભુખ, નહિ તરસ, નહિ ટાઢ, નહિ તડકો
નહિ હરખ, નહિ શોક, નહિ લાભ નહિ, હાની
નહિ કામ, નહિ ક્રોધ, નહિ દ્વેષ, નહિ ઈર્ષા
નહિ જપ, નહિ તપ, નહિ પંથ, નહિ પંડિતા
નહિ રાજા, નહિ પ્રજા, નહિ જગત, નહિ જોગટા

હે ભાઈ જે પુરૂષ સર્વજ્ઞા થયા છે તે આ અસાર સંસાર ખોટો માની તેથી છુટશે પણ રાંકના છોકરાંઓએ પેટ વાસ્તે લંગોટી વાળી છે અને સ્વાર્થ વાસ્તે સાધુ થયા છે એ તો જેમ અઢારે વર્ણના એઠવાડની પાતર જેમ રાંક શ્વાન ને કાગડાઓ છોડતા નથી તેમ સ્વાર્થી સાધુઓ જગતની એઠવાડરૂપી ઇસ્ટોર (માલ મીલકત) સ્વાર્થી છોડશે નહિ.

મેરાખેરા અને દેવદર્શન પાખંડ તીર્થધામ સર્વમાં ભૂત બનીને ભટકી મરે અને પાખંડીઓ મૂર્ખ બનાવીને પેટ ભરે છે.

★

# યોગી યોગસિધ્ધિને પ્રાપ્ત થયેલાને બાહ્ય કર્મથી છુટી જવાનાં દ્રષ્ટાંત

જે પુરૂષોએ સર્વ કામનાના પાવરને અને મનના સ્વભાવનાં પાવરને બ્રહ્મ અગ્નિમાં હોમીને દશમેદ્વાર ઈંગલા, પીંગલા અને સુષુમણામાં અખંડ સ્નાન કરે છે તેવા પુરૂષને પૃથ્વી માથે બીજાં તીર્થ શોધવાની જરૂર નથી. જે પુરૂષે સર્વ ઇંદ્રિયોને જીતીને ઈંગલા, પીંગલા અને સુષુમણાને જીતીને દશમેદ્વાર ધ્રુવ મંડળમાં સંધ્યા કરી છે તે પુરૂષને બહાર કાંઈ સંધ્યાવંદન કરવાનું રહ્યું નથી. જે પુરૂષોએ સર્વે ઇંદ્રિયો જીતીને શુક્ષ્મમાં નિરોધ કર્યો છે તે પુરૂષને ચોટલીની શિખા બાંધવાનું કાંઈ રહ્યું નથી. જે પુરૂષે સૂર્ય, ચંદ્રને ધ્રુવ મંડળમાં લઈ જઈ અખંડ પ્રકાશરૂપે અર્ઘ દીધા છે તે પુરૂષને બહાર સૂર્ય ચંદ્રને અર્ઘ દેવાનું કાંઈ પ્રયોજન છે નહિ. જે પુરૂષ નખેથી શિખા પર્યંત સર્વે વિષયને જીતીને બ્રહ્મ અગ્નિમાં હોમે છે તે પુરૂષને વિશ્વદેવ કરવાનું પ્રયોજન છે નહિ, જે પુરૂષ સર્વે દુર્ગુણોને બ્રહ્મ અગ્નિમાં હોમે છે, તે પુરૂષને બહાર અગ્નિ હોત્ર કરવો રહ્યો નથી. જે પુરૂષે બ્રહ્માકાર વૃત્તિમાં અખંડ વૃત્તિને ચડાવી છે, તે પુરૂષને બહાર વિભુતી ચડાવવી રહી નથી, જે પુરૂષ પાંચ તત્વને બ્રહ્માકાર વૃતિમાં પ્રકાશ્યા છે, તેવા પુરૂષને બહાર પંચધુણી તાપવાની જરુર નથી, જે પુરુષ રાત દિવસમાં પ્રાણની ગતિ ઈંગલા, પીંગલામાં ચોવીસવાર આવૃત્તિ કરે છે, તે રાત દિવસની ચોવીસ આવૃત્તિને બ્રહ્માકાર વૃતિમાં પ્રકાશ્યું છે, તેવા પુરૂષને બહાર ચોરાશી ધુણી તાપવાનું પ્રયોજન છે નહિં, જે પુરૂષ અગીઆર ઇંદ્રિયોને દશમેદ્વાર નિરોધ કરે છે; તેવા પુરૂષને એકાદશી રહેવાની જરૂર નથી; જે પુરૂષ મન સહિત સર્વે વ્રતિઓને બ્રહ્માકાર વૃતિમાં નિરોધ કરે છે તે પુરૂષને બહાર વરટોલાં કરવાનું પ્રયોજન છે નહિ, જે પુરૂષો સર્વે કામનારૂપી લાકડાં બ્રહ્મ અગ્નિમાં હોમે છે, અને પોતાના પ્રાણરુપી પશુ બ્રહ્મ અગ્નિમાં હોમે છે, અને પોતાની બહોંતેર નાડીના અમૃતરૂપી ઘૃતને બ્રહ્મ અગ્નિમાં હોમે છે. જે પુરુષ એવો યોગ યજ્ઞ કરે છે, તેવા પુરુષને બહાર કાંઈ કર્મયજ્ઞ કરવાનું પ્રયોજન છે નહિ, જે પુરુષે સર્વે વિષયવાસનાનો ક્ષય કર્યો છે, તે પુરુષને વારંવાર સમાધિ ચઢાવવા ઉતારવાનું સ્થાપન ઉત્સ્થાપન કરવાનું પ્રયોજન નથી કેમકે મદારી અનેક પ્રકારના

ખેલ પ્રસારે છેસ પણ મદારીનો ખેલ થઈ રહ્યો ત્યારે સર્વે સમેટી લે છે તેમ પુરુષ સર્વજ્ઞ થયા પછી સર્વે સાધન કલ્પના સર્વેમાંથી છૂટીને સર્વેની કર્તવ્ય કલ્પના સમેટાઈ જાય છે. જેમ દીવાનું સાધન વાટ તથા દીવેલ તે બંનેનું દીવો ભક્ષણ કરીને રહે છે; ત્યારે દીવાની ભૂખ દીવાને અને પ્રકાશને એ બંનેનું ભક્ષણ કરી લીએ છે તેમ પુરુષ પણ દીવા માથે પુરતું સાધન તથા પુરુષાતન રાખે તો જ્યાં સુધી દીવો રાખવો હોય ત્યાં સુધી દીવો રાખી શકે છે તેમ યોગી પણ પ્રાણનો તથા બ્રહ્મનો નિરોધ કરે ત્યાં સુધી પોતાના જીવનને મહાત્મ્ય રાખી શકે છે અને જ્યારે યોગીને સાધન તથા પુરુષાતન કમી થાય છે ત્યારે દુઃખ તથા મૃત્યુ આવે છે; અથવા જીવવાનું અભિમાન છોડી દઈને પોતાનો દેહ છોડી દે છે, જે પુરુષોને સર્વજ્ઞાન મલ્યું છે, તે સર્વજ્ઞ થયા છે.

જ્યાં સુધી રસોઈ પકાવવી છે, ત્યાં સુધી લાકડાં સળગાવવાં છે; ત્યાં સુધી ધુમાડાનો ગોબારો છે જ્યારે સર્વે રસોઈ પાકી રહી, ત્યારે સર્વે લાકડાં સળગાવવાં બંધ થયાં ત્યારે લાકડાં સર્વે સળગીને બંધ થઈ ગયાં, ત્યારે ધુમાડાનો ગોબારો પણ એની મેળે જ બંધ થઈ જાય છે, ત્યારે ધુમાડા થયેલા અંગાર આપે આફરડા રખરખીને રાખ થઈ જાય છે, તેમ પુરુષોને પણ જ્યાં સુધી સમજાણું નથી ત્યાં સુધી ધતીંગ, પાખંડ અને કીમીઆ અને ખેલ અને વેદ અને વાણી અને જપ તથા પંથ અને કર્મ અને ક્રીયા અને કમાવાના અને પેટ ભરવાના હુન્નર અને અનેક ભુતનાં પલ્લાં પકડવાં ધનના હેરૂ અને વ્યભિચારી આ લખ્યા પ્રમાણે સર્વે વર્તમાનવાળા પુરુષોને જ્યાં સુધી અજ્ઞાન છે ત્યાં સુધી સમજાણું નથી અને અજ્ઞાન છે ત્યાં સુધી કર્તવ્ય છે. જ્યાં સુધી બુદ્ધિ, જ્ઞાન અને વૈરાગ્ય કાચાં છે ત્યાં સુધી એ અજ્ઞાની પુરુષોને આ લખ્યા પ્રમાણે લાકડાં અને કમરૂપી ધુમાડાનો ગોબારો અજ્ઞાની તથા સ્વાર્થી છે તેને છે જ્યારે પુરૂષ તે સર્વે સમજાણું તેવા પુરૂષને અજ્ઞાનીનાં પકડેલાં લાકડાં કર્મકાન્ડ સહિત જ્ઞાન વૈરાગ્યમાં સમજેલા પુરૂષનાં લાકડાં બળી જઈને કર્તવ્યરૂપી ધુમાડાનો ગોબારો પણ બંધ પડી જાય છે તેવા પુરૂષ સર્વે કર્તવ્યથી અકર્તા જ્ઞાન વૈરાગ્યમાં રાખરુપે સર્વે કર્મ બુઝાતાં જાય છે તેવા પુરુષના ગ્રંથને કે તેવા પુરુષની દશાને અજ્ઞાની કે સ્વાર્થી જાણી શકે તેમ નથી.

અનાદિથી બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર અને ચોવીસ અવતાર અને તેત્રીસ કરોડ

દેવતા, પંડીત, પુરાણી, ફકીર, ઓલીઆ, સિધ્ર, સમર્થ, રાજા અને રૈયત અનાદિથી સર્વેને કામનાના પાવરની અને મનના સ્વભાવના પાવરની સર્વે વશ થઈ રાજ્ય વૈભવમાં અને ભોગવિલાસમાં અને સ્વાર્થના સર્વે અનાદિથી ભોગવતે ભોગવતે સર્વે વિનાશ થઈ ગયા છે કોઈ પણ અમર રહ્યા નથી.

અનાદિથી સર્વેને દુર્ગુણો અને દુર્મતિએ એક એક માયામાં કલંક ચડાવેલાં સર્વેને ઉગે આથમે ત્યાં સુધી વેદને વાણીમાં પ્રસિદ્ધ છે. જે જે માયા સર્વેને ભોગવેલી અઢારે વર્ણના એઠવાડાની કુંડીની વારીએ અને અઢારે વર્ણના એઠવાડાની પાતરની વારીએ તેવી એઠવાડારુપી માયા અનેકની ભોગવેલી તેમાં કાગડા, કુતરા અને રાંક એઠવાડો ખાતાં પીતાં સબળો નબળાને ડરાવી (બીવરાવી) ને ખાય છે પણ એ એઠવાડામાં સારૂં નડતું ખાજ અખાજ કે શા સ્વાદ કે મીઠાશ કે સાર અનુસાર એઠવાડાના ખાવાવાળા કાંઈપણ જાણતા નથી કેમકે અબાબનું અને હરામનું અને અખાજનું ખાનારની બુદ્ધિ ભ્રષ્ટ થઈ રાક્ષસના જેવી, ભુતના જેવી અને વેરીના જેવી અને નમેરીના જેવી થઈ જાય છે તેવા ભ્રષ્ટ બુધ્ધિવાળા નીતિધર્મથી ભ્રષ્ટ થઈ અને અન્યાયથી અને દુષ્કત કર્મથી વરતે તેમજ કામનાના પાવરને અને મનના સ્વભાવના પાવરને વશ થઈ રાજ વૈભવ અને ભોગ વિલાસમાં અને સ્વાર્થમાં ભ્રષ્ટ થયેલા સાર અનુસાર જાણી શકતા નથી. અનાદિથી અણુમાત્રથી લઈને જગત બ્રહ્માંડ સુધી જે ઉત્પન્ન થયું છે. તે સર્જેલી ભૂખ અને કામનાને મૃત્યક લઇને ઉત્પન્ન થયું છે. જુ, માકડ, મચ્છર, ચાંચડ, પરસેવાના વિકારથી ઉત્પન્ન થયા તો સર્વેની ભુખ ઉત્પન્ન થઈ તેમાં ભક્ષણ ગોતવા માંડી જલના જીવજંતુ ઉથ્પન્ન થયા તો જલમાં જ ભક્ષણ કરવા મંડ્યા તેમજ અણુ માત્રથી લઈને જગત બ્રહ્માંડ જે ઉત્પન્ન થયું તે જન્મ્યા પહેલાં જ સર્વેની ભુખ સર્વેનું ભક્ષણ ગોતવા મંડ્યા છે. અનાદિથી જે ઉત્પન્ન થયાં તે સૌ સૌનાં પેટ વાસ્તે અને કમાવાને વાસ્તે કોટીત કર્મ કરતાં કોઈની ક્ષુધા અને કામના અને મૃત્યુ કે  કોઈને સંતોષ કે શાન્તિ આપવા દીધી નથી અને ક્ષુધા અને કામનાએ ને મૃત્યુ કે ધનપતિ કે પૃથ્વીપતિ ને પણ કે તપસી, સન્યાસીને પણ જીવન પર્યન્ત સુધી અર્થ અનર્થ કે સાર અનુસાર કોઈને જાણવા દીધો નથી તેમ તૃપ્ત કે સંતોષ શાંતિ આવવા દીધી નથી જેમ આકેલો ખુંટ (સાંઢ) ખેડુતના નિપજાવેલા મોલ ખાય ઉન્મત થયેલો શીંગ અને

માથાથી રાફડો ખોદવા મંડ્યો તે આકિલે ખુંટે કાંઈપણ અનુભવ કર્યો નહિ કે ભકુંડીઓ સર્પ વાદીને વશ થઈને સત્તાહીણ રહે છે પણ જંગલના રાફડામાં મણઝર નાગ વાદીને પણ ફુંક ભેગો ભસ્મ કરી દીએ છે અને વાદીને વશ એ મણઝલ નાગ થતો નથી એવો મણઝલ મણીઅલ અખુટ ધન એ મણઝલ નાગને ઉન્નમત ખુંટ જાણી શકતો નથી તેમ કોઈ દીવસ ખુંટની ભુખ અને કામના મૃત્યુક અને ઉન્મતાઈ તૃપ્ત થઈ નહી તેમ તેને શાન્તિ કે સંતોષ કોઈ દિવસ આવવા દીધો નહી.

એક મીંદડી પ્રાલબ્ધીના ઘરમાં પૂરતા પદાર્થમાં બેઠી છે છતાં પણ આંખો ઉઘાડીને ઉંદરની શોધખોળ કર્યા કરે છે અને તે ઉંદરનો શિકાર કરીને આંખો વીંચીને ભક્ષણ કરવા બેઠી પણ મીંદડીએ જાણ્યું નહીં કે આ પ્રાલબ્ધીના ઘર ભુવનમાં પૂરતા પદાર્થમાં બેઠી છે છતાં મીંદડીની ભુખ અને કામના અને મૃત્યુ કે સંતોષ કે શાન્તિ આવવા દીધી નહી અને અર્થ અનર્થ કે સાર અનુસાર જાણવા દીધો નહી.

માન સરોવરને કાઠે હંસ સુરતા લગાવીને બેઠો હતો કે જીવન પર્યન્ત સુધી મારે મોતી સીવાય જીવની હિંસા કરવી નહી તેવા હંસને રૂપે બગલો બેઠો હતો પણ જીવની હિંસા છોડતો નહી તેમ બગલાની કોઈ દિવસ પણ ભુખ તૃપ્ત થઈ નહી તેમ આરો (કાઠે) પણ ડોરતાં છોડ્યો નહી.

તેંતર પક્ષી યુગલો કરીને સાંજ વેળા પોતાના બચાવ વાસ્તે જંગલના ઓચરામાં બેઠાં, ત્યાં સવાર થાતાં પારધિને જાળ નાખતાં દેખ્યો ત્યારે તેંતર પક્ષી કહે છે કે પકડ લેશે પકડ લેશે ફસાઈ જાશો, આમ તેંતર પોકારતાં પણ પારધિના ફાંસલામાં ફસાઈ ગયેલાં બંને પાંખો ફફડાવ્યે છૂટી શકતા નથી કામનાના પાવર અને મનના સ્વભાવના પાવરને વશ થઈ રાજવૈભવ સુખમાં અને ભોગ વિલાસમાં અને સ્વાર્થના માયાના ફાંસલામાં પંડિત પુરાણી ફસાયેલા વેદને વાણીરુપી પાંખો ફફડાવ્યે માયાની જાળમાંથી છૂટી શકવા સંભવીત નથી તો તે જગતને ક્યાંથી છોડાવી શકે કેમકે જન્મના આંધળાને હાથમાં ફાનસ દઈને કોઈ કામ પ્રસંગે અંધારામાં મોકલશો તો તે જઈને કુવામાં પડશે. એ જન્મનો આંધળો હાથમાં ફાનસ છતાં પણ કુવામાં પડીને પોકારે છે કે મને કાઢો તે કાઢનાર હાથમાં ફાનસ દેખતાં

કોઈ કહે છે કે હે મુર્ખ હાથમાં ફાનસ છતાં વાવમાં પડ્યો ત્યારે કાઢનાર જોતાં જન્મનો આંધળો કહે છે કે જન્મના આંધળાના હાથમાં ફાનસ હોય તો પણ શામ કામનું તેમ પંડિત પુરાણી, કામનાના પાવરને અને મનના સ્વભાવના પાવરને વશ થઈ વાસનારુપી વેતરણીમાં અને સંસારના ભોગરુપી ભવસાગરના કુપમાં ડુબેલાના હાથમાં વેદ, વાણીરૂપી ફાનસ હશે તો પણ આ અસાર સંસાર રૂપી કૂપમાંથી નીકળવું સંભવિત નથી તેવા ડૂબેલા માયામાં તે પંડિત પણ કોને છોડાવી શકશે. તેમ આ સંસારમાયામાંથી છૂટેલો હશે તે છોડાવી શકશે પણ સંસાર વૈભવ ભોગમાં બંધાયેલો પુરુષ જગતને છોડાવી શકે તેવો સંભવ નથી. કેમકે ઈન્દ્ર રાજાએ સ્વપ્નામાત્રમાં ભુંડણા (સુવર)ને ત્યાં જન્મ લીધો તેના દ્રષ્ટાંત.

★

# ઈન્દ્ર રાજાનો સ્વપ્નાવસ્થામાં ભુંડણા (સુવર) ને ત્યાં જન્મનું દ્રષ્ટાંત

ઈન્દ્રરાજા એક સ્વપ્ના માત્રમાં ભુંડણાને ઘેર જન્મ લઈ પોતાના કુટુંબ પરીવાર ભુંડણામાં જ વધારીને સુખ માની બેઠા હતા. તેંત્રીસ કરોડ દેવતા બ્રહસ્પતી બ્રહ્મા સહીત ભુંડણામાં જન્મ લીધેલા ઈન્દ્રરાજા પાસે જઈને તે ભુંડણાના જન્મમાંથી મુક્ત કરવા ઈન્દ્રાસનના અધિપતી ઈન્દ્ર રાજાને મનાવ્યા તો પણ ઈન્દ્રરાજાને ભુંડણાના જન્મથી ઈન્દ્રાસનનું સુખ ઉત્તમ માન્યું નહી અને ભુંડણાનો જન્મ સફળ માન્યો ત્યારે દેવકોપથી તેના કુટુંબ ભુંડણાનો વીનાશ થયો ત્યારે ભાન વગરનો થઈ ગયો તે વાર્તાથી વશિષ્ઠજી રામચંદ્રજીને ઉપદેશ કરે છે કે હે રામજી ઈન્દ્રરાજા ઈન્દ્રાસનના અધિપતી તેંત્રીસ કરોડ દેવતાના અધિપતી છતાં પણ ભુંડણાનો જન્મ અને તેમાં જ અધિક સુખ માન્યું હતું.

હે રામજી મનના સ્વભાવ માયાના ભોગથી મુક્ત કરવા એ બહુ મુશ્કેલી છે અને મનને જીતવું તેમાં મોટા સમર્થોની બુધ્ધી પણ અસમર્થ થઈ જાય છે એવી વાસના વીકારની માયામાંના ભોગમાં બંધાયેલા પુરુષો સમર્થ પણ છુટી શકે તેમ નથી અને જીવન પર્યન્ત માયાને વશ થઇ કાળને વશ થાય છે. વશિષ્ઠજી એવા દ્રષ્ટાંતથી રામચંદ્રજીને ઉપદેશ કરીને આ ખોટી માયાનું ભાન કરાવીને વાસનાનો ત્યાગ કરવાનો ઉપદેશ કરે છે.

★

# અર્જુન તથા કૃષ્ણનું દ્રષ્ટાંત

પાંડવો કૌરવોના યુદ્ધ વખતે અર્જુનને કૃષ્ણ ભગવાને ઉપદેશ કર્યો છે કે તે વખતે કૃષ્ણ ભગવાન નિર્વાણ સમાધિમાં અનાદિથી ઉપજેલી માયા આકાશવાણીથી કૃષ્ણ ભગવાનને વાક્યમાંથી માયા પોતાનું મહાત્મ્ય દર્શાવે છે. હે અર્જુન ઉઠ બેઠો થા કામનારૂપી વેરીને જીત અને જ્ઞાનરૂપી ખડગ લે અને નિર્વાણ વૃત્તિનું સમાધાન કર. હે અર્જુન, તું યોગી થા સર્વે કર્મયજ્ઞ કરતાં યોગયજ્ઞ શ્રેષ્ઠ છે. કર્મયજ્ઞમાં સંપતની હાનિ પદાર્થની હાનિ અને કર્મ કલ્પના અને કીર્તી અપકીર્તી ભેળી સમાયેલ છે. કેવી રીતે કે એક પદાર્થનું બીજીક ગીલી જગ્યામાં વાવતાં તે બીજકનાં અંકુર ઉગતાં બીજકનો અને પાણીનો ભક્ષ કરીને ઉગ્યું તેને બે પાંદડા થયાં તેની પણ પાતાળમાં જડો ગઈ અને આસમાનમાં શાખાઓ ગઈ અને તેને પણ ઓગણપચાસ વાયુઓ ડોલાવે છે અને ઋતુઓ ફલાવી ફુલાવી કાળે કરીને તે વૃક્ષ પણ વીનાશ થાય છે તેમ જગત સૂર્ય ચંદ્રમા પણ જગતના કલ્યાણરૂપી છે તો તેમાં પણ ગ્રહણરુપી કલંક સૂર્ય ચંદ્રમામાં કાર્ય આવી ઉભું રહે છે તેમ સર્વે કર્મ કાર્યમાં પણ કલંક આવી ઉભું રહે છે અને એક દિવસ જગત બ્રહ્માંડ સહીત શુભ અને અશુભ સર્વેનો પ્રલય કાળ છે. હે અર્જુન જે શુભ અશુભ કર્મ છે અથવા શુત્ર યજ્ઞ છે તે સર્વે મનના વિષય છે. મન જીતાતું નથી ત્યાંસુધી કર્તવ્ય છુટતાં નથી. કેવી રીતે કે ઇન્દ્રિયો ભોગ વીલાસની અને રાજવૈભવ સુખની ભુખી છે. તે ઇન્દ્રિયો મન માનતા ભોગ ભોગવ્યાથી કદી તૃપ્ત થવાની નથી. જ્યાં સુધી મનનો વિષય છે ત્યાં સુધી કર્મકાન્ડ શુભ અશુભ છૂટે તેમ નથી. કેવી રીતે કે અમૃત ભોજન પ્રાલબ્દીને જમાડતાં વખતે હળાહળ ઝેર નાખ્યું હોય તો અમૃત ભોજન પ્રાલબ્દી જમતાં પણ ઝેર થઈ જઈ વીનાશ કરે છે તેમ ઇન્દ્રિયો સહીત મન પણ ભોગ ભોગવ્યે કોઈ દિવસ તૃપ્ત થવાની નથી. શુભ ગુણ છે તેને અશુભ કરે છે કેવી રીતે કે ખડની ગંજીમાં અગ્નિ મૂકીને ભડકો આખી ગંજીમાં ફરી વળે તે સમયે તે અગ્નિ મનનું ધાર્યું ખડનો બચાવ કરવા દેશે નહી તેવી રીતે આકાશમાંથી ઈન્દ્રધારો મે વરસતા અને નદીમાં ઘણી નદીઓનાં પાણી ભરાતાં તે ટાણે નદીનો વેગ ઝાડ, જમીન ખેદાન મેદાન કરતું જાતું હોય તે સમયે નદીનાં નીર વાળવા જાશો તો તે મનનાં ધાર્યા વળશે નહીં તેમ કામનાના પાવર અને મનના સ્વભાવ તમે નહીં જીતો

તો તમારા મનનો ધાર્યો જન્મારો સુધરવા દેશે નહી. કેવીરીતે કે સનેપાતવાળા ગાંડા માણસને અમૃતનો ઘડો દેશો તો પણ તે તેની મુર્ખાઇમાં અમૃતનું પાન કરી શકશે નહી અને ગાંઠનું પ્રાપ્ત થયેલું અમૃત ઢોળી નાખશે તેમ કામનાના પાવર અને મનના સ્વભાવના પાવર કોઈનું પણ મનનું ધાર્યું છૂટા મૂકશો તો થાવા દેશે નહી અને ભોગ વીલાસ સ્વાર્થી ભોગ ભોગવ્યા વગર રહેશે નહી કેમકે જગતને અને જગતની સંપત હરવાનું તેને યોગરુપી કીમીઓ હાથ આવી ગયો છે. કેવી રીતે કે એક ગાય વીઆએલી તેનું બચ્ચું મરી જતાં તે બચ્ચાંના અફસોસથી તે દોવા ન દીએ એટલે તેનો ગોવાળ બચ્ચાંની ખાલ પડાવી અંદર ખડનો ડુચો નાંખીને ગાયના બચ્ચાંનો આકાર કરીને ગાયને તેમાં સ્નેહ લગાડી ગાયને દોહીને પોતાનો સ્વાર્થ સાધે છે તેમ સ્વાર્થી યોગી જગતને યોગના કીમીઆથી વશ કરીને જગતની એઠવાડરુપી ઈસ્ટોરનો ધણી થઈ બેસે છે. જેમ શ્વાન અઢારે વર્ણના એઠવાડાના ભોક્તા છે તેમ સ્વાર્થી સાધુ યોગી જગતની એઠવાડારુપી ઈસ્ટોરનો સ્વાનના જેમ ભોક્તા થાય છે. કેવી રીતે કે ખેડુતનાં ઘોડાં અને બળદ ઝાલવા ન દેતાં હોય તો તે ખેડુત ઘોડાં, બળદને ખાણ, જોગાણ ખોટુ ખોટુ કોઈ ઠામ બતાવીને કે કોઈ લીલા મોલના ફણહવાં બતાવીને તે ઘોડા બળદને પકડી ખેડુત પોતાનો સ્વાર્થ સાધે છે અને પશુ પ્રાણીને પાયમાલ કરે છે તેમ પાખંડી, ધતંગી કીમીઆ, ખેલાડુ અને પડચ્છાવાડા અને ખેલાડુ યોગી અને સ્વાર્થી યોગી ખેડુતના પશુની વારીએ ખોટાં ઢોંગ ધતુરા અને દગલબાજીથી જગતને વશ કરી પોતાનો સ્વાર્થ સાધે છે અને જગતને પામર જેવી બનાવી પાયમાલ કરે છે તથા સ્વાર્થ સાધે છે. હે અર્જુન એ યોગી નહિ હે અર્જુન કામનાના પાવર અને મનના સ્વભાવના પાવરને જીતવા મહા કઠણ છે. કેવી રીતે કે આકાશમાંથી ઓગણપચાસ વાયુ વાય છે તે કોઈ શુભ અશુભ દિશા શોધતું નથી. જેમની વાય તેમની પાસરીયું વાય તે ઝાડ જંગલને ખેદાન મેદાન કરે છે તેમ આકાશમાંથી ઈન્દ્રધારો મેહ વરશે તે પાણી શુભ અશુભ દિશા ગોતતું નથી જેમનું ચાલે તેમનું ઝાડ, જમીનનું ખેદાન મેદાન કરતું જાય છે તેમ કામનાના પાવર અને મનના સ્વભાવના પાવર અને સ્વાર્થ પણ શુભ અશુભ જાણતા નથી. કેવી રીતે કે મનુષ્ય પ્રાણી વર કન્યાના લગ્નના જોશ જોશી પાસે જોવરાવે છે તેમ ઝાડ, જંગલ, પશુ, પક્ષી, જોશી પાસે જોશ જોવરાવતા નથી. સૌ સૌની કામના સૌ સૌના

ભોગ લગ્ન કરાવ્યા કરે છે અને સૌ સૌની ઋતુમાં સૌ સૌના લગ્ન કરે છે તે કોઈ જોશી પાસે જોશ જોવરાવતા નથી પણ શુભ અશુભ તેમની કામના જાણતી નથી તેમ હે અર્જુન કામનાના પાવર તમે સમર્થ થઈને એને સર્વેને જીતવાની સ્મૃતિ નહિ રાખો તો ગાંઠના અસમર્થ થાશો તો યોગીનો પણ જન્મારો સુધરવા દે તેમ નથી. કૃષ્ણ ભગવાન નિર્વાણ સમાધિમાં માયા પોતાના ગુણ સ્વરૂપ કૃષ્ણ ભગવાનના ઘટમાં બેસીને આકાશવાણી રૂપી અર્જુનને ઉપદેશ કરે છે કે હે અર્જુન તું યોગી થા અને સમર્થ થઈને મને જાણ. હું અનાદિથી ચરાચરમાં વાસના વિકારરૂપી ઉત્પત્તિમાં બીજકરૂપી રહું છું અને સર્વે જગતનો અને જગત બ્રહ્માંડનો નાશ અને પ્રલયકાળ રૂપે કાળરૂપ પણ હું છું. હે અર્જુન તું જ્યારે અનાદીથી ઉત્પતિમાં અને સર્વેના મૃત્યુકાળ, પ્રલયકાળ સુધી ચરાચરમાં મારી સ્મૃતિ સ્વરૂપને તું જાણીશ ત્યારે સર્વે મનના સંશય દુર થાશે.

કેમકે ઉત્પતિ અને સ્થિતિ અને પ્રલયકાળ છે તેમ માયામાં ભુખ અને કામના અને મૃત્યુક સીવાય સર્વે ઉત્પતિમાં અનાદીથી પ્રલયકાળ સુધી ભુખને કામના ને મૃત્યુકથી કોઈ જગતનો કર્તા બીજો સમર્થ દેખ્યો નહિ અને ભુખ કામનાને અને મૃત્યુને જરણ મરણ રોકી લે એવો કોઈપણ અનાદિથી પ્રલયકાળ સુધી પણ કોઈ સમર્થ તેવો જોવામાં આવ્યો નથી કેમકે લવશ મુનિ અઠોતેર રામા અવતાર ચાલ્યા ગયા ત્યાં સુધી ઉત્પતિ અને સ્થિતિનો પ્રલયકાળ સુધી અનુભવ કરતાં ક્યાંય પણ ભુખ અને કામનાને અને મૃત્યુકને રોકે તેવો કોઈ ભુખથી પણ સમર્થ દેખ્યો નહી. ભુખ અને કામનાને મૃત્યુકથી બીજો કોઈપણ વિકાર સમર્થ છે નહિ. જગત બ્રહ્માંડ શોધતાં પણ પ્રલયકાળ સુધી પણ કોઈ પુરૂષોએ અનર્થ કાર્ય માયા સિવાય કોઈમાં પણ સમર્થમાં પણ અનર્થ સિવાય બીજો જોવામાં આવ્યો નથી. સર્વે અનર્થ કાર્યથી ઉત્પતિ અને અનર્થ કરીને જગત બ્રહ્માંડ વિનાશ થાય છે.

તત્વનું અને બ્રહ્નનું વજન વધતાં બુદ્ધિનો પ્રકાશ અને અદ્ભુત જ્ઞાન થાય છે તે પુરૂષ ખગોળ ભુગોળ, ઉત્પતિ સ્થિતિ અને પ્રલયકાળ સુધી બુદ્ધિના પ્રકાશથી શુભ અશુભ જાણી જગતમાં વર્ણાશ્રમના ધર્મ નિતિધર્મ સત્ય અને સુકૃત કર્મથી અને તત્વથી જગતને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ વર્ણવી આપેલા છે અને કોડીઆને આધારે દીવેલ

રહ્યું છે અને દીવેલને આધારે વાટ રહીછે અને વાટને આધારે દીવો રહ્યો છે. દીવાને આધારે પ્રકાશ રહ્યો છે પ્રકાશને આધારે મનુષ્ય પ્રાણીની શુભાશુભ ચેષ્ટા રહી છે. જો કોડીયું વિનાશ પામે તો કોડીઆને આધારે દીવેલ રહેલું તે પણ વિનાશ પામી જાય છે. જો દીવેલ વિનાશ પામે તો દીવેલને આધારે વાટ રહી છે તે પણ વિનાશ પામે છે. જો વાટ વીનાશ થાય તો વાટને આધારે દીવો રહ્યો છે તે દીવો પણ વિનાશ થાય છે જો દીવો વિનાશ થાય તો દીવાના આધારે પ્રકાશ રહ્યો છે તે પ્રકાશ પણ વિનાશ થાય છે. તો પ્રકાશને આધારે મનુષ્ય પ્રાણીની શુભાશીભ ચેષ્ટા પણ બંધ પડી જાય છે.

★★★

# પ્રાણીના જીવન મરણનું દ્રષ્ટાંત

વાસના વિકારથી પંડવરમંડ બંધાણું છે તેને આધારે દીવેલ રૂપી બ્રહ્મ રહ્યું છે અને બ્રહ્મને આધારે વાટરૂપી શરીરમાં પ્રાણ આવતાં જાતાં રહ્યાં છે અને પ્રાણને આધારે જઠરાગ્નિ રહી છે અને જઠરાગ્નિને આધારે પાચન શક્તિ રહી છે. પાચન શક્તિને આધારે સર્વે પ્રાણીને ભુખ રહી છે. ભુખને આધારે સર્વે પ્રાણીને શુભાશુભ ખોરાક રહ્યો છે. જે રેલ્વે, મોટરમાં તથા તમામ યાંત્રિકોમાં પાણી, પવન અને અગ્નિ તેના સર્વે સાધનોમાં કોઈપણ સાધન કમી થાય તો તે રેલ્વે, મોટર અને તમામ યાંત્રિકો બંધ પડી જાય છે તેમ વાસના વિકારનું રચેલું પંડવરમંડ તેમાં કોઈ વિશ્વાસઘાતથી શરીર વીનાશ પામે કે કોઈ ચિન્તા અથવા વીપત કે રોગથી શરીરમાંથી બ્રહ્મ વીનાશ થાય તો બ્રહ્મને આધારે પ્રાણ રહ્યા છે તે પ્રાણ પણ વીનાશ થઈ જાય છે. જો પ્રાણ વીનાશ થાય છે તો પ્રાણીને પ્રાણને આધારે જઠરાગ્નિ રહી છે તે જઠરાગ્નિ પણ વીનાશ થાય છે તો જઠરાગ્નિને આધારે પાચનશક્તિ રહી છે તે પાચન શક્તિ પણ વીનાશ થાય છે પાચનશક્તિને આધારે ક્ષુધા રહી છે તે ક્ષુધા પણ વીનાશ થાય છે. ક્ષુધાને આધારે પદાર્થ પાણીના ભોક્તા થાય છે તે બંધ પડી જાય છે. આ સર્વે સાધન રેલ્વે, મોટર અને યાંત્રિકોના છે તે સાધન પંડવરમંડના છે તે સર્વે સાધન કમી થતાં એક બીજાની ચેષ્ટા, સ્મૃતિનો વીનાશ થઈ જાય છે તે વાસ્તે પંડિત, પુરાણી, યોગીઓએ તત્વનો અને બ્રહ્મનો જય મેળવવાથી જગત બ્રહ્માંડમાં પોતાનું જીવન અને પોતાના સ્વાધીન મનનું માનેલું કાર્ય કરી શકે છે. તત્વનો અને બ્રહ્મનો જય મેળવતાં કોઈપણ વિઘ્ન તેને દુઃખ દઈ શકતાં નથી કેમકે દીવેલ વાટે ચડતાં દીવાના પ્રકાશથી અંધારૂં અદ્રશ્ય થઈ જાય છે તેમ પુરૂષો બે ઘડી એકાંતે બેસી નિર્વાણ વૃત્તિમાં બેસવાથી શીલ, સંતોષાઈ અને તત્વનો અને બ્રહ્મનો જય મેળવાય છે તેથી તેવા પુરૂષને વિઘ્ન કાર્ય દૂર રહે છે તેમ પ્રાણી નિર્વાણ વૃતિના સમાધાનથી સર્વે તત્વનો અને બ્રહ્મનો પણ દશમેદ્વાર સમાધાન થાતાં તેવા પુરૂષને કોઈપણ કષ્ટ કરી શકતાં નથી. આપે આફરડાં અદ્રશ્ય દુર થાય છે ખરૂં ભજન અનાદિથી ત્યાગી; વીરક્ત પુરૂષોએ જગતના કલ્યાણ રૂપી શુભ રસ્તા બતાવી આપેલા તે હાલના વખતમાં ધતંગીઓ અને પાખંડીઓએ ડીમીઆથી અને ખેલાડુના ખેલથી અને દગલબાજીથી અને કુતાપણાથી અને પોતાના

સ્વાર્થ સારૂ જગતને વૃથા નાડા ઝલાવીને જગતને વૃથા ફઝીત ફારકે ફેરવીને સ્વાર્થી ભૂતનાં પલ્લાં પકડાવીને જગતને ભુત જેવી બનાવીને વગર મહેનતે પોતાનો રાજવૈભવ સુખ ભોગવવા બેઠા છે અને જેમ ગધેડો બોજો ઉપાડે છે તેમ સ્વાર્થી પાખંડીનો પણ બોજો જગતે ઉપાડ્યો છે. કોઈએ પણ પણ જીવન પર્યંત સાર અનુસાર જોયો નહિ વૃથા જગત પાયમાલ થાય છે છતાં પણ ભુતનાં પલ્લાં સ્વાર્થી પકડાવીને પોતાનો સ્વાર્થ સાધે છે તેમ જગત પણ ભુતના વારીએ વશ થઈને બેઠી છે અને પામરની વારીએ વૃથા પાયમાલ થાય છે. વર્ણાશ્રમને આધારે નીતિધર્મ રહ્યો છે તેમ નીતિ ધર્મને આધારે સત્ય રહ્યું છે અને સત્યને આધારે સુકૃત કર્મ રહ્યાં છે અને સુકૃત કર્મના આધારે જગતમાં પદાર્થ પાણી રહ્યાં છે અને પદાર્થ પાણીને આધારે જગત બ્રહ્માંડ રહ્યું છે. જો જગત વર્ણાશ્રમના ધર્મથી ને નિતીધર્મથી ભ્રષ્ટ થઈ તો જગત બ્રહ્માંડ રૂપી કોડીયું અને નીતિ ધર્મ રૂપી દીવેલ અને સત્યરૂપી વાટ અને સુકૃત કર્મરૂપી દીવો અને પદાર્થ પાણી રૂપી પુરતાં જગતમાં પ્રકાશ તેથી જગત રહી છે. આ લખ્યા પ્રમાણે સર્વે વર્તમાનથી જગત ભ્રષ્ટ થઈને અનીતી અને અન્યાયથી અને દુકૃત કર્મથી જગત વર્તે તો જગત ભાગ્યહીણ અને દુઃખી થાય છે. દુષ્કાળ, કલીકાળ અને પ્રલયકાળ થાય છે જેમ દીવાનું સાધન ખૂટતાં અંધારૂં વગર બોલાવ્યું ભરપુર થઈ જાય છે તેમ નીતિધર્મથી ભ્રષ્ટ થાતાં કાળે કરીને સૂર્ય અસ્ત થાતાં અંધારૂં રાત વગર બોલાવ્યું અંધકાર લઈ જમીન અસમાનમાં ભરપુર રહે છે તેમ આ લખ્યા પ્રમાણે જગત બ્રહ્માંડમાં શુભ છોડી દઈ જગત અશુભ કરે છે ત્યારે હાની, રોગ કે મૃત્યુ અને દુષ્કાળ, કલીકાળ અને પ્રલયકાળ પણ થાય છે. જો શરીર વાસના વિકારના પણગાનું એક થયું છે તો તેને ખાનપાન કરતાં જેમ એક શરીર તૃપ્ત થાય છે તેમ જગત બ્રહ્માંડ એક સ્વરૂપ હોય તો એક પ્રાણી જમે એટલે બધા તૃપ્ત થાય તે સંભવિત નથી. જગત એક રૂપે હોય તો એક પ્રાણી મરે એટલે જગત બધી મરવી જોઈએ પણ તે મરે તે સંભવિત નથી પણ વાસના વિકારની અને દ્વીતીય ભાવના અને એક બીજાના હંતા ભોકતા અને ઉત્પતિ અને વિનાશ તેવી માયા છે.

* * *

# યુધિષ્ઠિર રાજાના ગ્રંથનું દ્રષ્ટાંત

પાંડવો કૌરવોના ગોત્ર ગદમ થયાં ત્યારે રાજ્યાનાં તથા રૈયતનાં સર્વે મુખ્ય માણસો અચંબો ને દીલગીરી કરે છે ત્યારે યુધિષ્ઠીર રાજા સભાને કહે છે કે અણુમાત્રથી લઈને સર્વે જગત બ્રહ્માંડ નાશવંત છે. કોઈપણ નિર્ભય પદાર્થ છે નહિ. સર્વમાં લાભ અને હાની મુખ્ય છે. અનાદિથી અણુમાત્રથી લઈને જગત બ્રહ્માંડ જે ઉત્પન્ન થયું છે તેને સર્વેને મૃત્યુકને ભય તો મુખ્ય છે . કોઈપણ નિર્ભય પદાર્થ છે નહિ. સર્વે ઉત્પત્તિ કર્મકલ્પના લઈને છે તેમ જગત બ્રહ્માંડ પણ ગુલરના ફળ સમાન એકબીજાનું ભક્ષણ થાતાં પ્રલયકાળ વખતે સર્વે ભક્ષણરૂપ છે.

★

# વિતવ ઋષીની સમાધિમુક્ત થવાનું દ્રષ્ટાંત

વિતવ ઋષીએ સર્વે કામનારૂપી પાવરને અને મનના સ્વભાવના પાવરને મન સહિત જીતીને વીશ હજાર સાતસો વરસ સુધી સમાધિ મુક્ત રહ્યા હતા. તે પુરૂષોએ પણ અનુભવ કરતાં કહ્યું છે કે સુક્ષ્મ વાસના વિકાર યુગ પર્યંતમાં ચરાચર ઉત્પતિને વિનાશમાં વહી આવે છે. સુક્ષ્મ વાસનાનો વિસ્તાર થઈને જગત બ્રહ્માંડ ઉત્પન્ન થાય છે અને સુક્ષ્મ વાસનાના વિકાર વૃદ્ધિ પામીને જ્યારે જગત બ્રહ્માંડ બંધુએ શુભ વર્તમાનથી ભ્રષ્ટ થઈને જગત બ્રહ્માંડ, દીન, દીશા, તારા, નક્ષત્ર સહીત સર્વે વિકાર ઉલટા થાય ત્યારે જગત બ્રહ્માંડનો વિનાશ અને પ્રલયકાળ થાય છે એવા સુક્ષ્મ વિકારને જગતે આત્મા અને ભગવાન કલ્પ્યા છે. આટલા સુક્ષ્મ વિકારને બ્રહ્મવાદીઓએ બ્રહ્મા કહ્યા છે. આટલા સુક્ષ્મ વિકારને વિષ્ણુવાદીઓએ વિષ્ણુ કહ્યા છે. આટલા સુક્ષ્મ વિકારને શિવવાદીઓએ શિવ કહ્યા છે. દેવના ઉપાસનીકોએ આટલા સુક્ષ્મ વિકારને દેવ કહ્યા છે અને આટલા સુક્ષ્મ વિકારને કાળવાદીઓએ કાળ કહ્યા છે અને આટલા સુક્ષ્મ વિકારને કૃષ્ણ તથા અર્જુનના સંવાદમાં પણ કૃષ્ણ ભગવાન નિર્વાણવૃત્તિ સમાધિણાં આકાશવાણીથી ઘટમાંથી ચરાચરમાં જગત બ્રહ્માંડમાં હું વાસનારૂપી બીજક સર્વેને કર્તા હંતા, ભોકતા હું કાળરૂપ છું.

''વાસના દુરાચા વાકી મત કરો આશા

એણે બડે બડેકું વિગોયા હે''

★★★

# જગત માયાનું દ્રષ્ટાંત તથા રામચંદ્રજી તથા વિશ્વામિત્રનો સંવાદ

હે ભાઈ વિશ્વામિત્રે પણ રામચંદ્રજીને કહ્યું છે કે હે રામજી કામના રૂપી વૈરી જીત્યા તે તને ધન્ય છે કેમકે કામનાના પાવર અને મનના સ્વભાવના પાવર તેથી મોટા સમર્થ પણ અસમર્થ થઈ ગયા છે તેવા વૈરીને જીત્યા સોઈ ધન્યવાદ છે. હવે જે પદ પામવાની ઇચ્છા હોય તે બોલો તમને નિર્ભય પદની પ્રાપ્તિ કરાવશું ત્યારે રામચંદ્રજી કહે છે કે હે મહારાજ નિર્ભય તો જગત બ્રહ્માંડમાં કોઈપણ છે નહિ જેનો ઓરો આશરો લઈએ તે સર્વે નાશવંત છે. હે મહારાજ નાશવંતનો ઓરો આશરો લીધો તો તે હું કાંઈ નિર્ભય રહીશ ખરો? હે મહારાજ આ સંસારના ભોગરૂપી ભવસાગરમાંથી અને વાસનારૂપી વૈતરણીમાંથી તરવું બહુ જ મુશ્કેલી છે તે આ ભોગરૂપી ભવસાગરમાંથી મશાણ સુધી કાઢે આ મારી સંસારમાં જન્મ લીધેલી બેડી પાર ઉતરે સોઈ કૃપા કરીને કહો. હે મહારાજ મારે તો તે પદની ઈચ્છા છે કે ભોગરૂપી ભવસાગર તે હું તરૂં.

★ ★ ★

# રામચંદ્રજી વનવાસ પધારે છે ત્યારે પાછા વાળવાના વષ્ટારનો સંવાદ

રામચંદ્રજી વનવાસ ગયા ત્યારે અયોધ્યાનાં મુખ્ય માણસો જનકપુરના રાજા સહીત મુખ્ય માણસ સર્વે સભા રામચંદ્રજીને વનવાસ ગયેલા વષ્ટારૂં (મનાવી તેડી લાવવા) ગયા હતા. તે સમયે રામચંદ્રજી સર્વેને પ્રત્યુતર દે છે કે માવતરે આપણને જન્મ દીધો તો માવતરનો આ ભવ અને ઓલો ભવ પુત્રે સુધારવો તે સંભવિત છે. તે સમયે સનકાદિક ઋષી રામચંદ્રજીને પ્રત્યુતર દે છે કે હે રામજી આ અનો ઓલો ભવ તમે કહ્યું તે કેવી રીતે જાણ્યું છે કેમકે છાણના કીડા છાણના વિકારમાંથી ઉત્પન્ન થઈ છાણમાંને છાણમાં તડકે ભુંજાઈને ત્યાં વીનાશ થાય છે તેમ રજસ્વાલા વખતે સંયોગથી વાસના વિકારથી જગત ઉત્પન્ન થાય છે અને ભુખ અને કામના, સંસારના ભોગમાં કોટાંત કોટીત કર્મ કરાવે ભટકે. આંહી પૃથ્વી માથે સર્વે મરી ગયા છે તેવી વાની કે માટી એ પણ આંહીને આંહી બની ગઈ છે. હે રામજી આ ભવ અને ઓલો ભવ અજ્ઞાની ધતંગી અને પાખંડી જગતને ઠગવા વાસ્તે અને વિશ્વાસની સંપત હરીને પાયમાલ કરી પોતે વગર મહેનતે પોતાનો સ્વાર્થ સાધે છે. હે રામજી માવતરની વાસનાથી ઉત્પન્ન થયા તે પુત્ર માવતરને જીવતાં પાળે એટલે માવતરને પુત્રે આ ભવ સુધાર્યો કહેવાય છે. અને માવતરને મરતી વેળા તેનું મરણ સુધાર્યું તે માવતરનો દીકરો ઓલો (બીજો) ભવ પણ સુધાર્યો કહેવાય છે. હે રામજી જે શુભ કર્તવ્ય પુરૂષો કરે છે તેની કીર્તી અહીં જ ભોગવવા વાસ્તે છે કેમકે કોઈ ગરીબ માણસ કહે છે કે ભાઈ તમે ભલા માણસ છો તમારી ભલાઈ મને દીયો તમારી ભલાઈ તે માણસ ભલું કહેવાય. ભલા ભુંડાની આંહીજ શુભ કરે તો શુભ કીર્તી ભોગવે છે અને અશુભ કરે તો અશુભ કીર્તી ભોગવે છે. હે રામજી આપણે પીરસેલું ભોજન તમારા નીમિત્તનું અમે જમી જઈએ તેથી અમે તૃપ્ત થાશું પણ તમે ભોજન જમ્યા વગર તમારા નીમિતનું અમે જમીજઇએ તેથી તમે તૃપ્ત થાઓ તે સંભવિત છે ખરૂ જ્યારે આંહીઆ તમારી નજીક તમારી નીમિતનું અમે ભોજન જમતાં. તમો જમ્યા સિવાય તમો તૃપ્ત થાશો ખરા? તો જગત તો આંહીને આંહી ખાખ થઈ ગઈ છે તો તમારા નીમિતનું અમે જમી જતાં તમો તૃપ્ત થયા નહી તો જગત ત્યાં મરી ગયા પછી ઉંચો જઈને કેવી રીતે ભોગવતો હશે તે અનુભવ કરો તો સંભવિત નથી તો વાં (ઉંચે) ભોગવવા જવાની સમૃતિ કોનીએ જાણી અને ત્યાં બીજા ભવમાં ભોગવી તે કોનીએ આંહી આવીને ભોગવવાની સ્મૃતિ બતાવી છે.

# રામચંદ્રજી નાગપાસમથી બંધાણા તે વખતે લક્ષ્મણજીનો સંવાદ

રામચંદ્રજી અને લક્ષ્મણજી રાક્ષસોના બાણથી સર્વે સેના હણાઈ ગઈ અને રામચંદ્રજી પણ નાગપાસથી બંધાયેલ પડ્યા હતા અને રૂવાડે રૂવાડે રાક્ષસોના બાણથી વીંધાયેલ હતા ત્યારે રામચંદ્રજી અચંબો કરી કહે છે કે હે લક્ષ્મણજી આ રાક્ષસોના બાણોથી સેના સહિત હું વીંધાયેલ પડ્યો છું તો આજ મરણ ઘાત સમયે રાક્ષસોના બાણથી હું મારા ધર્મથી ભ્રષ્ટ થઈ હું મારો દયા ધર્મ પણ ભ્રષ્ટ થયો છે ત્યારે લક્ષ્મણજી પ્રત્યુત્તર દે છે કે હે રામજી દયા ધર્મ નહિ દયા ધર્મ તો એ પાખંડીઓએ જગતની સંપતિ હરવા પાપ પ્રસાર્યું છે. હે રામજી અનાદિથી નિતિ ધર્મ ખરો છે. આપણે ક્ષત્રિયોને જ્યેષ્ટ (મોટા) કુંવરને રાજ્ય ગાદી દેવાય અને કનિષ્ટ (નાના) કુંવર તેની સેવા કરવાનો આ અનાદિથી નીતિ ધર્મ છે તો રાજા દશરથ નીતિ ધર્મ છોડી દઈને કૈકેયના કહેવાથી જ્યેષ્ટ દિકરાને વનવાસ દીધો અને કનિષ્ટ દીકરાને રાજ્ય દીધું અને સ્ત્રી કૈકેયી માથે રાજા દશરથે દયા રાખીને તમે જગતમાં વચન પાળવાનો ધર્મ રાખ્યો. જો આ દયા ધર્મ સાચો હોત તો રાજા દશરથ આયુષ્યહીણ થાત નહિ. જો એ દયા ધર્મ સાચો હત તો દશરથ રાજાની ત્રણ સ્ત્રીઓ વિધવા થાત નહિ. જો એ દયા ધર્મ સાચો હત તો ચૌદ વરસ રાજ્ય અમંગલિક રહેત નહિ. જો એ દયા ધર્મ સાચો હત તો તમે રામરાજ્યથી વિમુખ થાત નહિ. જો એ દયા ધર્મ સાચો હત તો ક્રોધથી દરિઆનું શોષણ કરીને દરિઆમાં પાળ બાંધીને આ કાઠે આવી સેના સહિત રાક્ષસોના બાણે વીંધાવું પડત નહિ અને જો એ દયા ધર્મ સાચો હોત તો આ ઉગે આથમે ત્યાં સુધી સીતાના હરણનું કલંક ચડત નહિ. હે રામજી દયા દર્મ નહિ દયા ધર્મ તો પાખંડીઓ અને ધતંગીઓએ વગર મહેનતે જગતની ઈસ્ટોર હરવા દયા ધર્મને નામે પાપ પ્રસારેલું છે. હે રામજી અનાદિથી ખરો નિતિધર્મ છે. જો રાજા દશરથે નિતિધર્મ રાખીને જ્યેષ્ટ દિકરાને રાજ્ય આપ્યું હત અને કનિષ્ટ દિકરાને સેવક રાખ્યા હોત તો આ પ્રમાણે અનાદિથી જો નીતિધર્મ રાખ્યો હોત તો રાજા દશરથ આયુષ્યહીણ થાત નહી, જો નીતિધર્મ રાખ્યો હોત તો દશરથ રાજાની ત્રણ સ્ત્રીઓ વિધવા થાત નહિ, જો નીતિધર્મ રાખ્યો હત તો ચૌદ વરસ રાજ્ય અમંગલીક રહેત નહિ અને રામરાજ્યથી વિમુખ થાત

નહિ અને સીતા હરાત નહિ. રાક્ષસોના બાણે વિંધાવું પડત નહિ. જો નીતિધર્મ રાખ્યો હત તો સેના અને રાક્ષસોનો ક્ષય અને રાક્ષસોના બાણે વિંધાવાનું ઉગે આથમે ત્યાં સુધી કલંક રહેત નહિ. (સીતા હરાવાનું કલંક ઉગે આથમે ત્યાં સુધી કલંક રહેત નહિ) હે રામજી અનાદિથી નીતિધર્મ ખરો છે. દયા ધર્મ તો પાપીઓએ જગતની ઈસ્ટોર હરવા વાસ્તે પાપ પ્રસાર્યું છે.

★

# હરિશ્ચંદ્ર તથા સગાળશાનું દ્રષ્ટાંત

દયા ધર્મને નામે હરિશ્ચંદ્ર રાજાને પણ પાખંડીઓએ રાજ્યથી વિમુખ કરી નીચ ઘેર વેંચાવુ પડ્યું હતું. દયાધર્મને નામે શગાળશા શેઠને વશ કરી દીકરાને સંહાર્યો હતો. હે રામજી દયાધર્મ નહિ દયાધર્મ તો પાપીઓએ જગતને વશ કરવા પાપ પ્રસાર્યું છે. હે રામજી અનાદિથી નીતિધર્મ સાચો છે. ધતંગને વશ થયેલાને ભુત જેવા બનેલા પશુ જેવાઓને એ વાત કહેશો તો કહેશે કે એ તો પ્રભુને કરવા હતાં અને જગતમાં વાતો રાખવી હતી. કોઈપણ અનુભવ કરીને જાણતા નથી કે પારસમણી અમુલ્ય હોય તે આપે ખોટી થાય ખરી, હીરો અમુલ્ય હોય તે આપે ખોટો થાય કે આપે પ્રકાશહીણ થાય ખરો દીવામાં પુરતું સાધન હોય છતાં આપે પ્રકાશહીણ થાય ખરો, સોનું સોળવલું હોય તે કાંઈ આપે ખોટું થાય ખરૂં, "કાંઇપણ જગત બુરું કરે છે તો તેને કલંક ચઢે છે." સૂર્યનારાયણ બાર કળાના ઉદય થયા પછી રાતરૂપી અંધારૂં રહે ખરૂં, તેમ અનાદિથી બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર અને ચોવીસ અવતાર અને તેંત્રીશ કરોડ દેવતા, પંડિત, પુરાણી, ફકીર, ઓલીઆ, સિદ્ધ સમર્થ, રાજા અને રૈયત એ સર્વેને એક એક દુર્ગુણે કલંક ચડાવેલાં છે.

★★★

# મેવાડના મહારાણા ફતેહસિંહજીનું જીવનચરિત્ર

મેવાડના મહારાણા ફતેહસિંહજી તેઓશ્રી સંવત ૧૯૪૩ સન ૧૮૮૭માં ગાદીનશીન થયા છે તે હિંદુસ્તાનના રાજા રજવાડામાં અત્યારે મોજશોખનો ત્યાગ કરે છે અને તે રાજા હોવા છતાં તેઓ આજના કાળમાં (સમયમાં) યોગી તરીકે પોતાનું જીવન ગુજારે છે. એ રાજા ગાદીએ બેઠા ત્યારથી બ્રહ્મચર્યથી મેવાડનું રાજ્ય દીપાવી રહ્યા છે. તેનું સાદું જીવન, સાદો મીત્યાહાર, સંયમ, તેઓશ્રીના જીવનમાં ખાસ ગ્રહણ કરવા યોગ્ય છે અને તેમનો શ્વેત પોશાક, શ્વેત દાઢી કેશ, શ્વેત ગાદી તેઓશ્રીને સાદાઈ સાથે પ્રાચીન કાળના ક્ષત્રિય યોગેશ્વર હોય તેવા તે દીપે છે અને તેમનો આહાર મેથી પાલાની ભાજી, અડદની દાળ, રોટલી તે પણ નિયમીત રાજ્ય ખાણામાં આ સાદો ખોરાક યોગીના ખોરાક જેવો છે અને મેવાડના રાજાનું વચન જુઠું પડતું નથી તેમજ દુશ્મનના પર ટાકેલું બાણ ખાલી જાય તો પછી તેને જીવિતદાન દેતા અને રામચંદ્રજીની પેઠે પત્નિવૃત એક જ નારી ગ્રહસ્થ, અને રાજેશ્વરો એક નારી સદાય બ્રહ્મચારી અને તે પણ પ્રજાની ઉત્પતિ સમય વગર વિષયભોગ નહિ તે સદાય બ્રહ્મચારી છે અને તે પણ વળી પોતે જ એક જ વખત લગ્ન કરેલ છે અને પોતે નિતિધર્મથી વર્તે છે અને તે વ્યભિચારીના કટા શત્રુ છે. આ રાજ્યમાં ગોબ્રાહ્મણનું પુરેપુરૂં રક્ષણ થાય છે અને ગાયોનાં મરણ શા કારણથી નિપજે છે તેની પણ પુરતી નોંધ રાખવામાં આવે છે અને ગાય ઉપર કોઈ લાકડી ઉગામે તો પણ તેને શિક્ષા કરે છે અને પુજનીક ગાય, બ્રાહ્મણ પોતાની પાસે રાખે છે અને પ્રાતઃકાળ સમયે પોતાની દેહ શુદ્ધિ પવિત્રાઈથી ગાય, બ્રાહ્મણનું દર્શન કરીને વિચરે છે. એવા દેવતાઈ રાજેશ્વરોને પણ ધન્યવાદ ઘટે છે અને આ રાજા ગોબ્રાહ્મણ સિવાય સમર્થ સુબાઓને પણ નમતા નથી અને પોતે અનામી રહે છે. આ રાજા રાજ્યમાં નિતિધર્મની સદાય આબાદી રાખતા હતા.

★★★

# એક રાજકુંવરીનું દ્રષ્ટાંત

એક રાજકુમારીએ પોતાના બાળકોને તત્વવેત્તાઓ બનાવ્યા. એક રાજકુમારી ચાર વેદ, છ અંગ, અઢાર પુરાણ, શ્રુતિ, સ્મૃતિ અને ત્રણ જ્યોતિષના ગ્રંથ જાણી સર્વેને તે વેદમાંથી ઉત્પતિ સ્થિતિ અને પ્રલયકાળ સુધી સર્વ માયા અસારરૂપ જાણી સર્વે માયા જરણ મરણ અને કર્મકલ્પના અને અર્થ અનર્થ અને ક્ષુધા અને કામના ને મૃત્યુકથી ભરપુર જોઈ સર્વે જગત એક બીજાના હંતા ભોકતા બ્રહ્માસહીત આખી સૃષ્ટિ કયાંય પણ નિર્ભય જોઈ નહિ. સર્વે માયામાં લાભ અને હાની અને કર્મ અને કલ્પના જોઈ તે રાજકુમારીએ જાણ્યું કે,-

**આવ્યો પણ જાણ્યો નહિ, મનુષ્યાદેહનો મર્મ,**
**શેર લોટને કારણે, કોટીક બાંધવા પડ્યા કર્મ.**

આવો માયાનો અનુભવ જાણી અચંબો કરવા લાગ્યા જાણ્યું કે હું આ માયાના દુર્ગુણ ભોગવીશ તો મારા દુર્ગુણથી પ્રજાની ઉત્પતિ અને પ્રજાઓથી કોટીત કર્મ બાંધવા પડશે તેવું જાણી પોતે પોતાનું સગપણ થાવા દેતી નહિ પણ તેમના માવતરોએ રાજેશ્વરે અને રાણીએ જાણ્યું કે દુર્ગુણી અને દુર્મતીની ભરેલી માયામાંથી આ રાજકુંવરીને (રાજકુમારીને) આ સંસારના ભોગરૂપી ભવસાગરમાંથી તરવું મુશ્કેલી છે તે વાસ્તે કન્યાની વોરન (સગપણ) કરવાનો રાજકુમારીને અનુભવથી સમજાવી તેથી કુંવરીએ એવી કલંકરૂપી માયા તરવી મુશ્કેલ જાણીને રાજેશ્વરને કહ્યું કે જે મારા ઘર વહેવારના બંધનમાંથી પ્રજાની ઉત્પતિ થાય તે મારી પ્રજાને મારાથી જ ભણાવવી અને મારે જ શિક્ષણ આપવું. એવી જે મને પ્રતિજ્ઞા આપે તેવા જ રાજકુમારથી મારૂં સગપણ કરવું એવી રીતે પોતાના પિતાને જણાવ્યું અને આવા રાજકુમારીનાં વચન પાળે તેવા જ રાજકુમાર પાસેથી પ્રતિજ્ઞા લઈને સગપણ કર્યું અને વરકન્યાના સૂર્ય, ચંદ્ર પહોંચતા હોય એવું શુભ લગ્ન કર્યું. અને પોતાની પ્રજા ઉત્પન્ન થાતાં પોતાના જન્મેલા ચારકુંવરને રાજકુંવરીએ આવી દુક્રત કર્મી માયા ભણાવીને ઓળખાવી ત્યારે એ ચારે રાજકુમારો આ કર્મ કલ્પનાની માયાનો ત્યાગ કરીને તપશ્ચર્યા કરવા ચાલી નીકળ્યા અને પાંચમો દિકરો (કુમાર) જન્મતાં રાજરાજેશ્વરે

રાજનીતિ ભણાવવાનું પોતાની રાણી પાસે વચન લીધું ત્યારે એ રાણીએ પોતાના પતિના વચનનું ઓલંઘન ન કરવું એવું પતિવંતા સતિ રાણીએ પોતાના પતિનું વચન માન્ય કરીને રાજેશ્વરને આ પાંચમો પુત્ર (રાજકુમાર) ને રાજ્યનિતિ ભણાવવા રાજેશ્વરનું વચન માન્ય કર્યું અને રાજેશ્વરે રાજકુમારને સર્વે વર્ણાશ્રમના ધર્મ અને નિતિધર્મ અને સત્ય અને રાજરૈયતને અનિતિનો ત્યાગ કરાવીને નિતિધર્મની આબાદી રાખીને રાજરૈયતને સુખ સંપતમાં રાખવી કેમકે વર્ણાશ્રમના ધર્મને આધારે નિતિધર્મ રહ્યો છે અને નિતિધર્મને આધારે સત્ય રહ્યું છે અને સત્યને આધારે આ પૃથ્વી માથે પદાર્થ પાણી રહે છે અને પદાર્થ પાણીને આધારે રાજય રૈયતસુખ સંપતમાં રહે છે અને સુખ સંપતને આધારે રાજરૈયત નિર્ભય રહે છે. આવો નિતિધર્મનો રાજેશ્વરે કુંવરને સર્વે વિદ્યાભ્યાસ ઉપદેશથી રાજ્યધાનીનો અધિકારી કર્યો એટલે રાજેશ્વર રાજ રૈયતની સુખ દુઃખની કલ્પનાથી મુક્ત થઈ શાન્તિ પદને પ્રાપ્ત થયા અને રાજકુમારે રાજ્યગાદી પ્રાપ્ત કરીને પોતાની માતુશ્રીની આજ્ઞા લીધી ત્યારે તે કુંવરને એક ગુપ્ત ગ્રંથ લખી સોનાની માદરડીમાં ગુપ્ત મઢાવી સોનાની સાંકળીથી જમણી બાંય (હાથ)માં બાંધી આપીને પોતાના પુત્ર રાજકુમારને કહ્યું કે હે કુમાર એટલે કુમતિને મારનાર તમારે કોઈ વખતે વિપતિ દુઃખ પડે ત્યારે આ માદરડી ખોલી જોશો એવું રાજકુમારને વચન દીધેલ હતું. એટલે રાજકુમારની રાજ્યધાનીમં લાંબે ગાળે મુસદીઓએ તથા રૈયતે ક્યાંય પણ નિતિધર્મ રહેવા દીધો નહિ અને અનિતિ ભરપુર પાપથી ભરાઈ ગઈ ત્યારે વારંવાર ભુમિકંપ, ઉલ્કા, ઉત્પાત અને દિગ્ધા અને વરીઆન વાવા લાગ્યાં અને દીનદીશાઓમાં અગ્નિવર્ણા, કૃષ્ણાવર્ણા, ભગવા, કાળા, લીલા, ધુળ જેવા, ધુમાડા જેવા અને રાખોડી જેવા આવા સૂર્ય, ચંદ્રમામાં, તારા નક્ષત્રમાં, અને દિન દિશાઓમાં આવા ઉલટા પ્રકાશ થવા લાગ્યા અને નિર્મળા શુભ પ્રકાશ કોઈ દિવસ પણ નિર્મળા, ગોળા કે સોનાવર્ણા, ધોળા કે દુધવર્ણા (દુધ જેવા) શુભ પ્રકાશ સ્વપ્નામાં પણ જોવામાં આવે નહિ અને વર્ણાશ્રમના ધર્મ પણ ભ્રષ્ટ કરી દીધેલા અને નિતિધર્મ અને સત્ય પણ ભ્રષ્ટ કરી દીધેલા હોવાથી વારંવાર દુષ્કાળ, કલીકાળ અને પ્રલયકાળ થવા લાગ્યા એવા દેશમાં કોઈ ત્યાગી, વિરક્ત સન્યાસી પુરૂષ દેશકાળ જાતાં ઘણો જ પસ્તાવો કરીને તે દેશ છોડીને ચાલ્યા ગયા ચાલતાં ચાલતાં જે રાજકુમારીએ (રાણી) પોતાના જન્મેલા

રાજકુમારોને પોતાના વિદ્યાભ્યાસથી (તત્વજ્ઞાનથી) કરેલ હતા તે ત્યાગીઓ એકાંત વનમાં જ્યાં તપશ્ચર્યા કરતા હતા, તે વનમાં એ સંન્યાસી તે કુમારો પાસે (તત્વવેત્તા તપેશ્વરી પાસે) આવી પહોંચ્યા. તે તપેશ્વરી રાજકુમારો દુર્ગુણી માયા અને સંસારના ભોગથી મુક્ત થયેલા જગતના દુર્ગુણો છોડાવીને નિતીધર્મથી પૃથ્વી પવિત્ર કરતા હતા ત્યાં પોતાના દેશકાળ ભાઈની આ સંન્યાસીએ આવીને સર્વે હકીકત કહી બતાવી કે હે રાજેશ્વરો તમે તો આ દુર્ગુણી માયામાંથી તર્યા અને તમારા સદ્‌ગુણથી અને સદ્‌ઉપદેશથી આ દુર્ગુણી માયામાંથી જગતને પણ તારો છો અને આ પાપમાંથી ડુબેલી પૃથ્વીને પણ પવિત્ર કરો છો અને આ પૃથ્વીનો ઓદ્ધાર કરો છો પણ તમારા ભાઈ ગાદીએ બેઠેલા રાજ્યકુમાર અનિતીથી જગતને અને પોતાની પૃથ્વીને ડુબાવે છે એટલે વારંવાર દુષ્કાળ, કલીકાળ અને પ્રલયકાળ આવે છે અને પૃથ્વી રસાતલ જાય છે તેથી જગતને પદાર્થ અને પાણી મળતું નથી અને ગર્ભને ધાવવા ધાવણ પણ મળતું નથી. આવી સંન્યાસીની મુખમુદ્રાની વાણી જાણીને જે માતુશ્રીના સદ્‌ઉપદેશથી આ સંસારના ભોગરૂપી સંસારરૂપી ભવસાગરમાંથી આ ચારે કુમારો મુક્ત થઈ ખરા વિરક્ત અને ત્યાગી તપેશ્વરી કુમારો (રાજકુમારો) અચંબો કરવા લાગ્યા અને પોતાના પિતાશ્રીની રચેલી પૃથ્વી ડુબાવનાર પોતાના કુમતી ભરેલા ભાઈને જીતીને જગતનો ઉદ્ધાર કરવા સારૂ કોઈ મોટા સમર્થ રાજેશ્વર પાસે જઈ રાજ્યની નોકરીની માગણી કરી અને વગર પગારે નિતીધર્મથી અને સત્યથી નોકરી બજાવવા લાગ્યા ત્યારે રાજાએ એ નોકરીએ આવેલા રાજકુમારોને કહ્યું કે હે ભાઈ તમે રાજ રૈયતના હીતકારી છો તેથી તમારી મનમાનતી નોકરીનો પગાર લીઓ ત્યારે તે તપેશ્વરી રાજકુમારો કહે છે કે હે રાજેશ્વર અમે દાન દક્ષિણા કે મુલ મજુરી લેતા નથી. જ્યારે આપ રાજેશ્વર અમારી ખરી નોકરીની હકીકતની પરિક્ષા કરી ત્યારે આપ રાજેશ્વર અમને બક્ષીસ દેશો. એ બક્ષીસનું અમે ગ્રહણ કરાનાર છીએ પણ દાન દક્ષિણા કે મુલ, મજુરીના અમે ભોકતા નથી એમ રાજેશ્વરને ખરા હીતકારી થઈને અનીતિનો ત્યાગ કરાવી વર્ણાશ્રમના ધર્મ અને નીતિધર્મ અને સત્યની આબાદી રાખી સુકૃત કર્મથી રાજ્ય રૈયતને સુખસંપતિવંત કર્યા. આવા રાજરૈયતના ખરા હિતકારી ચારે ભાઈઓ તપેશ્વરી રાજકુમારોને બક્ષીસ દેવા લાગ્યા તેવા રાજાને પ્રસન્ન થયેલા જાણીને તપેશ્વરી રાજકુમારો પ્રસન્ન

થયેલા રાજેશ્વરને રાજ્યનાં હિતના વચન કહ્યાં અને કહ્યું હે રાજેશ્વર અમારે ચારે ભાઈઓને એક દેશ તમારે તાબે કરી આપવાનો છે એવા પ્રસન્ન થયેલા રાજેશ્વર પાસેથી આજ્ઞા લઈને રાજેશ્વરની દીધેલી ફોજ સહીત સર્વે ફોજ અને ચારે ભાઈઓ પોતાનો જે પાંચમો ભાઈ પોતાના બાપની દીધેલી રાજ્યધાની ડુબાડતો હતો તે રાજ્યધાની દીધેલી ફોજથી પોતાના ભાઈનું રાજ્યનગર ઘેરી લીધું અને રાજ્યગાદીનો અધિપતિ આ જે પાંચમો ભાઈ (રાજ્ય તખ્તપર બેઠેલો કુમાર) પોતાના ભાઈ કટકથી ચડી આવેલા જાણી પોતાનો કોઈ જાતનો બચાવ જાણ્યો નહિ ત્યારે જાણ્યું કે ક્ષત્રિય પુત્રને બીજા દુશ્મનને હાથે મરવું એ નિતિ નથી તેથી પોતાના હાથે મૃત્યુ કરવાને તૈયાર થયો. તે વખતે પોતાને માથે આવી વિપતિ જાણીને પોતાના માતુશ્રીએ જે સોનાની માદરડી બાંધેલ હતી તે ખોલવાનો વીપતિ પડે તે વખતે ખોલવાનું કહેલ હોવાથી વિપતિ જાણી ગાદીના અધીપતી રાજકુમારે તે માદરડી ખોલીને જોયું તો તેમાં નીચે પ્રમાણે હતું.

સુખ સાર નહિ સંસારમાં, હે મન વૃથા કલ્પના શાને કરે?
જો સુખ સાર હત સંસારમાં, તો સતપુરૂષો શાને તજે
જો સુખ સાર હત સંસારમાં, તો ભુપત રાજ શાને તજે
પણ સુખ સાર નહિ સંસારમાં, હે મન વૃથા કલ્પના શાને કરે
જો સુખ સાર હત સંસારમાં, તો રાજ છોડી વનવાસ શાને વશે
જો સુખ સાર હત સંસારમાં, તો સાચી સમાધિ શાને કરે
પણ સુખ સાર નહિ સંસારમાં, હે મન વૃથા કલ્પના શાને કરે
જો સુખ સાર હત સંસારમાં, તો યોગી રાફડા શાને બને
જો સુખ સાર હત સંસારમાં, તો ક્ષુધા તૃષ્ણા શાને રહે
પણ સુખ સાર નહિ સંસારમાં, હે મન વૃથા કલ્પના શાને કરે
જો સુખ સાર હત સંસારમાં,તો કાળ જીવન શાને હરે
પણ સુખ સાર નહિ સંસારમાં, હે મન વૃથા કલ્પના શાને કરે

આવું રાજકુમારે જાણી સંસારમાં કાંઈ સુખ નથી અને કર્તવ્યમાં કાંઈ સાર નથી. આવી માતુશ્રીએ આ ચારે રાજકુમારોને ભણાવેલા ઉપદેશની હકીકત આ પાંચમા દીકરા

રાજગાદીના અધિપતિએ આ હકીકત જાણીને પોતાના દુર્ગુણ અને દુર્મતિમાંથી મોક્ષ કરવાની પોતાના ચારે તપેશ્વરી રાજકુમારો ભાઈઓને કહ્યું કે હે રાજેશ્વર હું રાજરૈયતને અને શિરબંધીને નિભાવતા પણ તેના સ્વભાવ દુર્ગુણ છોડ્યા નહિ (છોડતા નહિ) અને સર્વે કોઈપણ વર્ણાશ્રમના ધર્મ અને નીતિધર્મ અને સત્યને ડુબાવી અનીતિથી જગતને પણ ડુબાવી છે તેથી કરીને પાપમાં ડુબેલી પૃથ્વીમાં વારંવાર દુષ્કાળ ને કલીકાળ આવ્યા કરે છે એવું માતાજીની માદરડીમાંથી કાઢેલા અક્ષરોનો સદ્‌ઉપદેશ જાણીને સામા આવેલા લડવૈયાઓને કહ્યું કે હે ભાઈ આ રૈયતને અને શીરબંધીને નિભાવતાં પણ અનિતિ અને અન્યાયથી રાજરૈયતને ડુબાડી દે છે અને મારો જન્મારો પણ વૃથા બગાડે છે તેથી મારા રાજ્યને અને રૈયતને અનિતિનો ત્યાગ કરાવીને વર્ણાશ્રમના ધર્મ અને નિતિધર્મની આબાદી રાખીને સુક્રત કર્મથી રાજરૈયતને સુખ સંપતમાં રાખો અને રાજરૈયતના હીતકારી થઈને રહો કેમકે આવેલા કટકસહિત રાજા આ કર્મ કલ્પનાના કાર્યથી તમને હું આ રાજ્યધાની સોંપીને હું મુક્ત થવા માગું છું, આવું આ રાજ્યગાદી ભોગવનાર પાંચમે કુંવરે પોતાના ચારે ભાઈઓ વિરક્તને ત્યાગી અને તપેશ્વરીને કહેતાં તે ચારો ભાઈઓ તપેશ્વરીઓએ અનીતિનો ત્યાગ કરાવીને રાજરૈયતને સુખ સંપતમાં રાખવા, ખરો ઉપદેશ કરતાં ''માગ્યા મેહ અને ચીતવીઓ સિદ્ધિઓ'' આવી રાજરૈયત સુખ અને સંપતમાં રહેતાં એને વિરક્ત ત્યાગી ચારે પોતાના તપેશ્વરી ભાઈઓ અને બીજા રાજાની નોકરીનો ત્યાગ કરી પોતાના ભાઈને ખરી નીતિધર્મનો સદ્‌ઉપદેશ કરીને ચાલ્યા ગયા.

કેમકે આપણે સર્વે પ્રાણી પરમેશ્વરની આરાધના કરીએ છીએ કે અમારૂં ભલું કરજો. જ્યારે પરમેશ્વર પાસેથી ભલું માગીએ છીએ તો પછી સર્વે પ્રાણીને પણ જગતમાં એક બીજાનું ભલું કરવું સંભવિત છે. કેમકે સૂર્યમાં તમોગુણ અને તપોબળ અને અંધારાનો વૈરી ન હોય તો રાતનું અંધારૂં જાવાનો સંભવ નથી કેમકે જેમ રાજ્યને વસ્તીની ગોવાળીરૂપ રાજા રક્ષણ કર્તા છે, તેમ ગાયોનું ધણ ગાયો નિર્દોષી છે, તેને ગાયને હાંકલ દેવી તે પણ દોષિત છે, છતાં પણ ગોવાળને ધણીની ગાય ખેડુતની નિપજાવેલી મોલાત ખાવા જાય તો હાંકલીને ધણમાં રાખવી પડે છે અને બીજા ગામના ધણમાં ગાય જાતી રહેતી હોય તો ગોવાળને ગાયને હાંકલીને પોતાના ધણમાં વાળી લેવી જોઈએ છે. તેમ રાજ તથા

રખવાળાઓને પણ નીતિ વિરોધ વસ્તીને કેશ, કાયદેથી નીતિધર્મમાં રાખવા સંભવ છે, તેમ અઢારે વર્ણ સૌ સૌની જ્ઞાતિના મુખ્ય માણસને સૌ સૌની જ્ઞાતિના ધારા ધોરણમાં રાખવી તેમ સતપુરૂષોએ પણ જગતના દુર્ગુણ દુર કરાવી પૃથ્વી પવિત્ર કરાવવી તે સંભવિત છે તેમ રાજેશ્વરોને પણ અનિતીનો ત્યાગ કરાવી નીતિધર્મની આબાદી રાખી રાજ્ય રૈયતને સુખ સંપતમાં રાખવી તે સંભવિત છે, તેમ વૈદિક બોધિક જગતગુરૂ બ્રહ્મા અનીતિનો ત્યાગ કરાવીને નિતિ ધર્મની આબાદી રાખવાના રાજ અને રૈયતને શુભ રસ્તે ચલાવવી અને રાજ્ય રૈયતને સુખ સંપતમાં રાખવા સંભવ છે તે વાસ્તે વૈદિક બોધિક જગતગુરૂ બ્રહ્મા સંભવિત છે પણ સવદર લોક કે વસવાયાં જગતમાં ગુરૂ થાવા કે પૂજાવા કે દાન દક્ષિણા લેવા તે સંભવિત નથી, તેથી ઉલટું બ્રહ્મતેજ અને ક્ષત્રિયવટ ઉલટું ભ્રષ્ટ થાય છે.

રાજ્યે રૈયતનું રક્ષણ કરવું સંભવિત છે અને રાજ્યનો વૈભવ પૂરો પાડવા રૈયતને કર દેવો સંભવિત છે. જગત માયામાં હિસ્સા વગર કોઈનું જીવન રહેવું સંભવિત નથી.

સર્વે પ્રાણીને જીવન પર્યંત જીવન ટકાવવાને માટે હિંસા તો મુખ્ય છે. પોતાના દુર્ગુણ અને દુર્મતિનો ત્યાગ કરીને નીતિધર્મની આબાદી રખાવે તે સંભવિત છે, કેમકે એ પણ સર્વથા હિસ્સાનો ત્યાગ કરવો સંભવિત નથી કેમકે જ્યાં સુદી જીવન ટકાવવું છે, ત્યાં સુધી હિંસા વગર કોઈનું જીવન ટકી શકે તેમ નથી, કેમકે શ્વાસોશ્વાસમાં તથા ક્ષુધા તૃષાને શાંત કરવામાં પણ હિસ્સા મુખ્ય ગણાય છે.

★★★

# વરકન્યાનાં લગ્નનું દ્રષ્ટાંત

વરકન્યાના લગ્ન કરતી વખતે કન્યાના અશુભ ગ્રહ અને સૂર્ય ચંદ્ર વરકન્યાના પહોંચતા ન હોય તો અશુભ પરિણામ આવે છે, કેમકે કોઈ કહેશે, કે મંત્ર જપે અશુભ ગ્રહ શુભ થાય તે સંભવિત નથી, કેમકે જો મંત્ર જપે અશુભ ગ્રહ શુભ થાતો હોય, તો મંત્ર જપ્પેથી સૂર્ય, ચંદ્રમામાં ગ્રહણ પંડિત શા માટે આવવા દે, જ્યારે સર્વે ગ્રહ ઉલટા થાય છે ત્યારે માણસને મૃત્યુ થાય છે, તો પછી મંત્ર જપીને ગ્રહને શુભ કરીને શા માટે માણસને અમર રાખતા નથી પણ અશુભ ગ્રહ અને વરકન્યાના સૂર્ય, ચંદ્ર પહોંચતા ન હોય તે માટે તો પુરૂષોએ કન્યા નવ વરસથી અગીઆર વરસ સુધી લગ્ન કરવાં કહ્યાં છે. તે ત્રણ વરસની અંદર જ્યારે શુભ ગ્રહને સૂર્ય ચંદ્ર પહોંચતા હોય ત્યારે લગ્ન કરી લેવાં. અશુભ ગ્રહમાં લગ્ન કરવાથી જો કાં તો કન્યા વિધવા થાય, કાં તો મરે, કાં તો કુટુંબ કડવી થાય, કાં તો વ્યભિચારિણી થાય, કાં તો વાંઝણી રહે, કાં તો જણે પણ જીવે નહિ, કાં તો વરકન્યામાં સંપ રહે નહિ, કાં તો ધણીનું ઘર ચાલે નહિ, આ નવે ગ્રહ જેવા અશુભ હોય અને તેમાં જેવો અશુભ ગુણ છે તેવું ફળ સૌ સૌના ગુણ પ્રમાણે ભોગવે છે.

લગ્ન વાસ્તે કુંભ રાશી અને મહા માસ ઉત્તમ છે. મહા માસમાં લગ્ન કરવાં એ હિંદુઓ વાસ્તે શ્રેષ્ઠ છે. કારણ કે કુંભ રાશી ઘણી ઉત્તમ છે. કુંભમાં જળનો વાસ રહે છે, તે જળથી જગત પદાર્થની ઉત્પતિ થાય છે, અને વળી અમૃતથી જ પદાર્થ પાણી તથા જગતની ચેષ્ટા ચાલે છે. વળી તે રાશી સૂર્યની ગણાય છે, અને સૂર્ય સર્વે ઉત્પતિ કાર્યક્રમનું મુળ છે, અને તે રાશિ ઉતરાયણનો પણ મુખ્ય ભાગ લે છે માટે લગ્ન મહા માસમાં કરવાં સંભવિત છે.

★★★

# કન્યા લગ્નથી ભ્રષ્ટ થવાનું દ્રષ્ટાંત

પશુ જન્મીને ત્રણ વરસનું થાય એટલે પ્રજા ઉત્પન્ન કરવાનો વિષય વીકાર થાય છે તેમ મનુષ્ય પ્રાણીને કન્યા વિષે તેર વરસની થાય ત્યારે પ્રજા ઉત્પન્ન કરવાનો વિષય વિકાર ઉત્પન્ન થાય છે તે સમયે કુંવારી કન્યા સ્વપ્નામાં પણ પોતાની વૃતિથી કોઈ પુરૂષની ભાવના કરેલી હોય તો જેમ ઉત્તમ જાતીને અમૃત ભોજન જમતાં નીચ જાતિની દ્રષ્ટિ ભોજન ઉપર પડે તો તે ભોજન ઉચ્ચીષ્ટ થઈ ઉત્તમ જાતિને જમતાં પ્રકૃતિ, બુદ્ધિ, સ્મૃતિહીણ નીચના જેવી થઈ જાય છે, તેમ કુંવારી કન્યા પણ સ્વપ્ના માત્ર રજસ્વલા વખતે પરપુરૂષની ભાવના કરે તો તે કુંવારી કન્યા લગ્ન કર્યા બરાબર તે પુરૂષની અર્ધાંગના થઈ રહે છે. તે કન્યા બીજાને પરણાવતાં ઉચ્ચીષ્ટ ઘરધણી (પુનર્લગ્ન) સમાન ગણાય છે. તે પુનર્લગ્ન કરેલામાં પ્રજા ઉત્પન્ન કરતાં એ પ્રજા વર્ણશંકર કહેવાય છે, કેમકે તે સ્ત્રી અબોટ કન્યા કહેવાતી નથી, કેમકે દેવયજ્ઞમાં અમૃત ભોજન નિવેદન કરવું તે ભોજન અગાઉથી માણસ જમીને એ ઉચ્ચીષ્ટ ભોજન દેવને નિવેદન કરવું સંભવિત નથી, અથવા ઉચ્ચીષ્ટ ભોજન અતિથીને દેવું તે પણ સંભવિત નથી તેમ ઉંચ જાતિને કે ધનપતિને કે પૃથ્વીપતિને કોઈનું ઉચ્ચીષ્ટ ખાવું તે સંભવિત નથી, કેમકે સમર્થ પારકું ઉચ્ચીષ્ટ ખાવાથી સ્મૃતિહીણ, સત્તાસ્મૃતિહીણ અને અસમર્થ થઈ જાય છે. તેમ ઉંચ જાતિને કે પૃથ્વીપતિ કે દ્રવ્યપતિને ઉચ્ચીષ્ટ કન્યા ભોગવવાથી સત્તા સ્મૃતિહીણ થાય છે. મહાત્મ્ય પ્રમાણ પણ હલકું થઈ જાય છે, તેમ ઉચ્ચીષ્ટ કન્યામાં પ્રજા કરવી તે વર્ણશંકર સર્વે હલકાં અને અશુભ વર્તમાનવાળી અનિતી અને અન્યાયથી અને દુક્ત કર્મથી નીતિભ્રષ્ટ થાય છે. એવી પ્રજાઓથી કાળે કરીને પૃથ્વી રસાતાળ જઈ કાળે કરીને જગત બ્રહ્માંડ પ્રલયકાળ થાય છે, અને વરકન્યાનાં લગ્ન વખતે રાશી, ગ્રહ, નક્ષત્ર અને સૂર્ય, ચંદ્રમા, સર્વે શુભ હોય તો વરકન્યાનાં લગ્ન મનવાંચ્છિત ફળ ભોગવે છે. વરકન્યાનાં લગ્નવેળા રાશી, ગ્રહ, નક્ષત્ર, સૂર્ય, ચંદ્ર, સર્વે શુભ ન હોય તો વરકન્યાનાં લગ્નમાં મનવાંચ્છિત ફળ ભોગવી શકતા નથી. ઉલટાં અનેક પ્રકારનાં વિઘ્નો ભોગવવાં પડે છે. કોઈ કહે કે રાશી, ગ્રહ, નક્ષત્ર, સૂર્ય, ચંદ્ર, શુભ ન હોય તો મંત્ર જપ્યે અશુભ હોય તે શુભ થાવું સંભવીત નથી, કેમકે મંત્ર જપે શુભ થવા સંભવ નથી તેથી શુભ જાતીને (ઉંચ જાતીને) કન્યા નવ વરસની થાય

ત્યારથી તે અગિયાર વર્ષ સુધીમાં શુભ ગ્રહ, સૂર્ય, ચંદ્ર જોઈને કરવાં સંભવીત છે. બારમે વરસે કન્યાનાં લગ્ન કરવાં સંભવીત નથી, અને તેરમે વરસે વીકાર નાહ્યા ધોયાનો આવે છે. કુંવારી કન્યા નાહ્યા પછી લગ્ન લખવાના અને કન્યાદાન દેવાનું મહાત્મ્ય રહેતું નથી. હાલના વખતમાં સર્વે નીતિધર્મથી વીરોધ થઈ મનના માનેલા જગત વરતવાથી સર્વેની બુદ્ધિ શુદ્રના જેવી અને વસવાયા જેવી હલકી અને હલકાં વર્તન થવાથી જગત વારંવાર પાપમાં ડુબે છે. કેમકે વસ્તીનાં પાળેલાં પશુ ધણી વગરનાં પશુ સીમમાંથી ભાગે અને જંગલી (વગડાઈ) ધણી વગરનાં પશુ સીમમાંથી ત્રાઠીને ગામ કે શહેરમાં આવે તો પૃથ્વી માથે ભુંડું થાય છે, તેમ ઉંચ જાતી કે ધનપતી કે પૃથ્વીપતી શુદ્રની માફક સદાય વસીઆતીપણાથી અને શુદ્રના સંગથી સત્તા સ્મૃતિહીણ થાય છે અને મહાત્મ્ય પ્રમાણ પણ હલકું થઈ જાય છે.

અભોર દીકરી હોય તો પણ પર પુરૂષની દ્રષ્ટિ આગળ કે પર પુરૂષના મંડળમાં બેસવું સંભવીત નથી, કેમકે અંગના (સ્ત્રી)નું પગથી તે માથા સુધી શરીરનું ચેન પર પુરૂષ જોતાં દ્રષ્ટીનાં ફળ બાંધી પૃથ્વી પાપમાં ડુબાડે છે અને અંગના (સ્ત્રી)નાં માવતર તથા ધણી ખરો બંદોબસ્ત ન રાખે તો કોઈ દિવસ પણ ઘણે દહાડે ઈજત આબરૂ ગુમાવી બેસે છે. તે વાસ્તે બ્રાહ્મણ, ક્ષત્રિયને ઓજલપણું રાખેલું છે કેમકે વર્ણશંકર પ્રજા ન થાય, અને ઉત્તમ જાતીને હલકે લુગડે બહાર ન નીકળવું અને છાતી સુધી જગતનો તથા પોતાના ધણીસહીત ઘુંઘટો (લાજ) રાખેલ છે તે સંભવીત છે. કેમકે શીંગીઋષી જન્મના યોગી નીરંજન વનમાં નીર્વાસનિક રહેતા હતા. ત્યાં ગુણીકાના લલાટે દ્રષ્ટિ પડતાં પણ મનની વૃતિ ચંચલ, આકુળ, વ્યાકુળ, અધીર થઈને યોગભ્રષ્ટ થયા હતા, તેથી સ્ત્રીને પરપુરૂષની બરદાસ, ચાકરી કરવી તે અસંભવીત છે માટે પુરૂષે બરદાશ, ચાકરી કરવી પણ સ્ત્રીએ પરપુરૂષની બરદાશ ચાકરી કરવી તે અસંભવીત છે.

ભટકત બગડત નાર, ઝાડ બગડત બગ બૈઠે;
પુત્રી બગડત મલાવતે, પુત્ર બગડત કુસંગ લેકે.

***

# દત્તક પુત્ર લેવાનું દ્રષ્ટાંત

કોઈને દીકરો દત્તક લેવો હોય તો પોતાના કુટુંબીનો જ દીકરો ખોળે લેવો સંભવીત છે. કેમકે દત્તક લીધેલા દીકરાની મા ખોળે લેનારની અર્ધાંગના તરીકે ગણાય છે તેથી પોતાની ભોજાઈ સીવાય બીજી સ્ત્રીઓને અર્ધાંગના થાવું દોષિત છે, તેમ નાતરીઆનો દીકરો ખોળે લેવો સંભવીત નથી, તેમ પોતાથી ઉતરતી જાતીનો દીકરો ખોળે (દત્તક) લેતાં તે નીચ જાતીનો દીકરો ઉંચ જાતીની ઈસ્ટોરનો કે ઉંચ જાતીનો જાતે દહાડે ધણી થાય, અને નીચ જાતીની પ્રજા ઉંચ જાતીમાં વરાય (વોરત સગપણ થાય) તો પણ જેમ ગ્રહણ સૂર્યમાં આવીને સૂર્યનું મહાત્મ્ય ભ્રષ્ટ કરે છે તેમ જગત ભ્રષ્ટ થાય છે.

★★★

# અનાદિથી ખરો નિતિધર્મ સાચવવાનું દ્રષ્ટાંત

અનાદિથી હિંદુઓના ધર્મ અને રાજા અને ઋષી, મુનિઓના ધર્મ અને વર્ણાશ્રમના ધર્મ, નિતિધર્મ અને સત્યની આબાદી રાખી સુક્રત કર્મથી હિંસ્સાનો ત્યાગ કરતા અને નીતીધર્મથી સર્વે સંતોષ અને શાન્તિથી વરતતા હતા, અને એક બીજાની સંપ સલાહથી અને એકબીજાની બરદાસ ચાકરીથી અને આદરભાવ આવકારથી અને વિવેક વિચારથી સર્વે હિંદુભાઈઓ અનાદિથી વર્તતા હતા, પણ હાલના વખતમાં તો હરામના અને અબાબના ખાવાથી અને અનીતિ અને અન્યાયથી વર્ણશંકર બની જગતમાં દ્વેષ, ઈર્ષા, દુર્ગુણ, દુર્મતિ અને એકબીજાના દ્વેષ અને ખટપટમાં ભરપુર જગત એક બીજાનું ભક્ષણ કરવા બેઠી છે, અને એક બીજાનું ભક્ષણ અને હિંસ્સા કરતાં જગત અબાબનું ખાનારી બનતી જાય છે.

અનાદિથી જગતને પવિત્ર કરવા સારૂ શુભ નીતિધર્મ ચલાવેલા છે તેને ઠેકાણે અત્યારે સાવ અધર્મ ચલાવી દીધા છે. જે હિંદુઓને અધર્મનો ત્યાગ કરવો અનાદિથી કહેલો છે, તેને ઠેકાણે મજાવરના અને ઝાપડાના અધર્મને ધર્મ મનાવીને ચલાવી દીધા છે. હાલના વખતમાં મજાવર અને મલ્લાં તે મુસલમાનના મૃત્યુકની કબરૂ માથે બેસીને ખાય છે, તેમ હિંદુ મરી ગયેલાના નામની મુર્તિઓ માંડીને દેવ અને ઠાકોર અને ભગવાન મનાવીને તેને ભોગ ધરીને ખાનાર માણસમાં અને પુજારીઓમાં અને મૃત્યુકના ખાનાર મજાવરમાં ફેરફાર કાંઈપણ સંભવતો નથી, તેમ હિંદુ મુસલમાન મલ્લા મુસલમાનના મસાણ અને મસીદમાં મુલ્લાઓ રાત દિવસ બાંગુ દીએ છે; તેમ હિંદુ મરી ગયેલાના પંથ અને મરી ગયેલાનાં નામના જપ કરે છે. તે મલ્લા મજાવરની બાંગમાં અને મરી ગયેલાના જપમાં કાંઈપણ ફેરફાર સંભવતો નથી, તેમ આટલા લખ્યા પ્રમાણે અધર્મને ઓરે આશરે હિંદુ ભાઈઓ જતાં કોઈની ભુખ ગઈ કે અધર્મને ઓરે જતાં કોઈ અમર રહ્યો તેવું કાંઈપણ મહાત્મ્ય કે પ્રમાણ કે બચાવ ઉપકાર કાંઈપણ જોવામાં આવતો નથી. આવા અધર્મ ધતીંગ પાખંડ અને ખેલાડુના ખેલ અને કીમીયા વર્ણશંકર અને વ્યભિચારી જગતને

મનાવીને જગતને પાયમાલ કરે છે અને જગત બ્રહ્માંડને પાપમાં ડુબાવે છે અને જગતને પાયમાલ કરીને વગર મહેનતે પોતાનો સ્વાર્થ સાધે છે.

કોઈ પ્રાલબ્ધી માણસે મેળવેલી ઈસ્ટોર મરતી વેળા નખોદીઆને માથે કરગઠી માથે લોટના પીંડ ખાપણ તેની આશા ચંડાલ કરે છે, તેમ તેવા નખોદીઆ મરી ગયેલાની ઈસ્ટોર માલ મીલ્કત અને મહાત્મા પુરૂષ અને હવેલીઓવાળા અને સાધુનાં મંડલા લેવાવાળા કરવાવાળા તેવાઓમાં અને ચંડાલોમાં શું ફેર એનો અનુભવ કરો તો મહાત્મા પુરૂષ  અને ચંડાલનો બંનેનો ધર્મ એક જ સંભવે છે, તેમ ઠાકોરજી માંડીને સમાતોવાળા જેમ મુસલમાનના મૃત્યુક માથે અને કબર માથે મલ્લાં, મજાવર અને ખાપણના લેવાવાળા ચંડાલ અને મરી ગયેલાની ઈસ્ટોર અને માલમીલ્કત લેવાવાળાના ધર્મમાં કાંઈપણ ફેરફાર સંભવતો નથી તેમ ભક્તો બનીને મૃત્યુ માથે અને સમાતો માથે ખાવાવાળા ભગતોમાં અને ચંડાલમાં અને મજાવરના ધર્મમાં કાંઈપણ ફેરફાર સંભવતો નથી તેમ અઢારે વર્ણનાં સરામણાં, ઘડશાં, અને અઢારે વર્ણના દશા, અગીઆરમું ખાનારમાં અને ઝાંપડાં અને મલ્લાં મજાવરમાં અને મહાત્મા પુરૂષના ધર્મમાં કાંઈપણ ફેરફાર સંભવતો નથી. જેમ ગામને પાદર ચામઠાના પંખા પડેલા અને શહેરમાં વેશ્યાઓના પાડામાં વર્ણશંકર અને હીજડાઓ અને વ્યભિચારી અને ભડવાઓ જઈ પોતાની ઈસ્ટોર અને બ્રદ ગુમાવે છે તેમજ વર્ણશંકર હીજડીઓ, અને વ્યભિચારી અને ભડવી સ્ત્રીઓ પોતાના ધણીની ઈસ્ટોર લઈને મહાત્મા પુરૂષના આશ્રમમાં અને હવેલીઓમાં જઈને ભોગવિલાસની ભુખીઓ તેવા રંગરસીલાના ખેલમાં અને ચામઠાના પંખામાં અને વેશ્યાઓમાં અને મહાત્મા પુરૂષના આશ્રમમાં આવા ધર્મમાં કાંઈપણ ફેરફાર સંભવતો નથી.

★★★

# અશુભ વર્તમાનથી અશુભ પરિણામનું દ્રષ્ટાંત

આગળના પુરૂષોએ તત્વમસીઓએ ભુત, ભવિષ્ય અને વર્તમાન આગમ ભાખ્યાં છે તે સાચા છે ખોટાં નથી પણ હાલના વખતમાં જગત અને પુરૂષો જ્ઞાનહીણ અને બ્રહ્મહીણ થાતાં આગળના પુરૂષોનું ભાખેલું હાલના વખતમાં બને છે છતાં પણ કોઈ જાણી શકતા નથી. આગળના પુરૂષોએ કહ્યું છે કે જગત અનિતિ અને અન્યાયથી અને દુક્રત કર્મથી વરતશે ત્યારે સૂર્ય ચંદ્રમામાં ગ્રહણ આવી સૂર્ય ચંદ્ર સઘળીઆ આથમશે તેને બદલે સજ્જન પુરૂષો અનુભવ કરો કે જગત વર્ણાશ્રમના ધર્મ છોડી નીતિ, ધર્મ, સત્ય છોડીને અનીતિ, અન્યાય અને દુક્રત કર્મથી અઢારે વર્ણ હાલના વખતમાં એક પ્યાલે થાય છે. તો આવા અધર્મને લઈને સૂર્ય સંદ્રમા સઘળીઆ આથમ્યા પ્રમાણે સંભવીત છે. આગળના પુરૂષોએ કહ્યું છે કે જગતમાં અધર્મને લઈને સૂર્ય, ચંદ્ર, તારા, નક્ષત્ર સર્વે કેતુ ઉલટા ઉગશે તેને બદલે જગત અધર્મને લઈને અઢારે વર્ણમાં વર્ણશંકર અને ભડવા ઉંચ જાતિ અને નીચ જાતિમાં પ્રજા ઉત્પન્ન કરે છે અને નીચ જાતી ઉંચ જાતીમાં પ્રજા ઉત્પન્ન કરે છે તો આવી જગતમાં અઢારે વર્ણમાં વર્ણશંકર પ્રજા થાતાં સર્વે સૂર્ય, ચંદ્ર, તારા, નક્ષત્ર, અશુભ કેતુ, ઉલટા કેતુ ઉગ્યા એ પ્રમાણે આવા અધર્મ સજ્જન પુરૂષને સમજવું સંભવીત છે.

આગળના પુરૂષોએ કહ્યું છે કે અધર્મને લઈને દીન, સૂર્ય, ચંદ્ર, તારા, નક્ષત્ર, સર્વે જગત બ્રહ્માંડ રાખોડા જેવા રહેશે તેને બદલે નિતિ, ધર્મ, વર્ણાશ્રમના ધર્મ સત્ય અને સુક્રત કર્મ જગતમાં ભ્રષ્ટ થાતાં જગત અનીતિ અન્યાયથી અને દુક્રતકર્મથી વર્તવાથી જગતમાં પદાર્થ પાણીથી ઉન્યતા અને જગત સર્વે ઉપદ્રવમાં જુરી મરશે. આવા અનર્થ પ્રમાણથી આ દીન, દીશા, તારા, નક્ષત્ર, સૂર્ય, ચંદ્ર જાખાં પડવા સમાન અને જગત નિતીહિણ થાવાથી રાખોડા જેવા પ્રકાશ થવું સંભવીત છે. અનુભવ કરો કે રાંકના છોકરાંઓને એંઠવાડાના રંધોપાનું હાંડલું હાથ આવ્યું તે રાંકના છોકરાં એંઠવાડો પુરીઆ સહિત ઓખડાવીને ખાઈ જતાં પણ કોઈ દીવસ પણ રાંકના છોકરાની ભુખ તૃપ્ત થાય તેમ નથી. અનુભવ કરો તો ધનપતિ કે પૃથ્વીપતિને પણ રાજ્યવૈભવ સુખ મલ્યું તો પણ વગર વીચાર્યા

રાજ્યવૈભવ વધારીને રાજ્ય તથા ધનપતિને મળેલી ઈસ્ટોર ને અનિતી, અન્યાયથી અને દુકૃત કર્મથી રાજ્યરૈયતને રાંકના છોકરાને એંઠવાડાનું હાંડલુ જડ્યા સમાન પુરીઆ સહીત ઓખડાડીને ખાઈ જાય છે તે સંભવીત છે. અઢારે વર્ણના એઠવાડાના ખાવાવાળા કાગડા કુતરાં સબળો નબળાને ડરાવી ખાય છે પણ એઠવાડાને અશુભ કે શુભ કે સારૂં નઠારૂં કે શા સ્વાદ કે અખાજ અને એઠવાડાને જાણી શકતું નથી કેમકે એઠવાડો ખાનારની બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે તેમ ધનપતિ અને પૃથ્વીપતિની આવકમાં પણ અઢારે વર્ણના દુકૃત કર્મની કમાણી ધનપતિની અને પૃથ્વીપતિની આવકમાં આવવાથી અને તે કમાણી ખાનારની અઢારે વર્ણના એઠવાડાના ખાનારના જેવી બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે તેવા ધનપતિ કે પૃથ્વીપતિને વર્ણાશ્રમના ધર્મ અને નીતિધર્મની અને સત્યની અને સુકૃત કર્મની તથા રાજ્ય રૈયતના રક્ષણ કર્તા છે તે આવાં અખાજનાં ખાવાંને લઈને અને મનના માનેલા રાજવૈભવ સુખ વધારવાથી અને બુદ્ધિઓ ભ્રષ્ટ થવાથી ઉલટાં નિતિધર્મને અને રાજ્યરૈયતને રાક્ષસની પેઠે ભક્ષણ કરવા બેઠા છે.

જયારે નીતિ ધર્મનાં રાજ્ય ત્યારે ઘણા કાળજીવન રહે
પતિવંતા સૌ નાર, રંડાપો કોઈને ન મળે
ત્યાં વર્ણશંકર પ્રજા ન થાય, માવતર બેઠાં વ્યા ન મરે
જગત રૂપ રંગ લાવણ્યવાન, નિતિધર્મ સદાય રહે
માગ્યા મેહ ચિતવીઓ સિદ્ધિઓ ધનધાન્ય પુર્ણ રહે
વસ્ત્ર આભુષણ વાહન, જગત આનંદમય ઉન્ચતા કોઈ ન રહે
આજ નિતિહીણ ધર્મ, નિતિહીણ રાજ્ય
નિતિહીણ જગત વર્તમાન કરે
લક્ષ્મી લુટાણી રૈયત તણી રાવ ન કર બુમ
દેનાર દુઃખી થયા લેનાર મચાવે ધુમ
કામનાર કંગાલ થયા, ધતંગી લૂંટી રહ્યા
છોડ્યો ચોરાસી ધર્મનો સાર, વર્ણશંકર ઉપદેશ કરે
કાગની કોરટ નાગા ત્યાં ન્યાય કરે

ભિખારી ભુપત, ભુપત ભિખારી
નિર્ધન ભુપત રાજ્ય કહાંશે કરે
પરછાના દાન, વ્યભિચારી ઉપદેશ કરે
આશા સ્વાર્થ ભરપુર, સમજ્યા વગર કોને કહે
પરછા પીસર રહ્યા સીદ્ધાઈ રહી છેટી
જેણે માયા મિથ્યા જાણી, તે સદાય રહે ઉદાશી
આજ ભુંડા કરીને ભગત થયા જગતે માન્યા ગુરૂ
વ્યભિચારીને ધનનાં હેરૂં, સેવકોએ માન્યું ખરૂં
ચાકર કરે ચોરીઓ, મજુર મગતાઓનાં ખાય
ચાકરનાં મરે બૈરાં છોકરાં, મજુર માંદા થાય
શ્રીમંત દીવાળાં કુંકરે હરામના માલ સમુળા જાય
રાજા અનામી તખ્ત છોડી વશીયાતી થાશે
સત્તા સમૃતિહીણ રાજ્ય સમુળાં ખોશે
રાજ્ય અન્યાય કરે, મુસદીઓ મારી ખાય
અન્યાયથી રૈયત મરે, પૃથ્વી રસાતાલ જાય
ઓજલપણું છોડી દઈ, રાણી ભમતી ફરે
વ્યભિચારણી હોય વર્ણશંકર પ્રજા કરે ત્યાં નિતિ લેશ ન હોય
અનિતિ, અન્યાયથી નહિ મળે ત્રણ પદાર્થને પાણી
ગર્ભને ધાવણ મળશે નહિ
બ્રદહીણ રાજા, ગર્ભવન રહેશે રાણી
સરકારે સારૂં કર્યું, રેલ રૈયતમાં આણી
નિતિધર્મ ભ્રષ્ટ થઈ નહિ મળે ત્રણ પદાર્થને પાણી

કાગડાને ગોફણના ઘાની અને બંદુકના ભડાકાની અને મૃત્યુકનો ભય હશે તો પણ ગરીબડી ગાયને કાગડાને રક્ષણ કરવાની ભલામણ દેશો તો પણ ગાયનું ભક્ષણ કર્યા વગર રહેશે નહિ તેમ ધનપતિ કે પૃથ્વીપતિને નીતિધર્મની અને રાજ્યરૈયતનાં રક્ષાણ કરવા

રાખશો તો પણ ભક્ષણ કર્યા વગર રહેશે નહિ. જગત નિતિધર્મ છોડી દઈને અનીતી અન્યાયથી વર્તે તેવા દુકૃત કર્મથી ઓગણપચાસ વાયુઓ ઉલટી ફરકે, વારંવાર ભુમિકંપ, ઉલ્કા, ઉત્પાત, દિગ્ધા, વરીઆન, વિકાર, દિન, દિશા, પ્રકાશહીણ રાખોડા જેવા રહેશે.

દીવસનાં બોલે શિઆળીઆં, રાતના બોલે કાગ
અવનીશ શ્વાન આરડે, અવનીશ ભાંભરે ગાય
સૂર્ય, ચંદ્ર, તારા, નક્ષત્ર, ઉલટા કેતુ ઉગશે ઉલટી ઋતુ થાય
કહે વિપ્ર ત્રીકમજી સર્વે જગતમાં આવો દુકૃત વખતે આવે
ત્યારે તેવો વખત રૈયતને ખાય
રોયણો રંગ રળીઆમણો, અજબ રૂડો તેનો રંગ
કુલે કુલે સુકે પર ભુમિમાં તેની કળી ન વીણે કોઈ.

★★★

# કોબીના દ્રષ્ટાંતથી જગત કલ્પીત મીથ્યા ભ્રમણાનું દ્રષ્ટાંત

એક બ્રાહ્મણ ચાર વેદ, છ અંગ, અઢાર પુરાણ, શ્રુતિ, સ્મૃતિ અને ત્રણ જ્યોતિષના ગ્રંથ ભણ્યો અને નોકર ચાકર સહીત મોટી રાજસભાઓ કરવા લાગ્યો. તે પંડિતનો નેગનો ખર્ચો પણ જે રાજ્યમાં રહે ત્યાંસુધી તે રાજ્ય દેતાં હતાં. તે પંડિત એક દિવસ પોતાના રસોયાને કહ્યું કે મને કોબીનાં શાકની બહુ જ રૂચી થઈ છે તો કોબીનું શાક સારૂં અને સ્વાદીષ્ટ કરશો. રસોયાએ રસોઈ સુંદર સર્વે બનાવી પણ જે કોબી મંગાવેલી તે કોબીને સુધારતાં સર્વે પતાં નીકળ્યાં પણ અંદરથી કોબીનું નામ સીદ્ધ થયું નહિ ત્યારે રસોઈઆએ જાણ્યું કે આ કોબીનું નામ કલ્પીત છે. કેમકે સર્વે વનસ્પતિ છે તેનાં નામ અનેક કલ્પ્યાં છે. તે વનસ્પતિઓને મનુષ્ય પ્રાણીએ અનેક નામ આપ્યા છે તે વનસ્પતિ પદાર્થને પોતાને સ્વાધીન કરી પોતાનો સ્વાર્થ સાધે છે અને વનસ્પતિનો વિનાશ કરે છે તેમ પશુ, પક્ષીનાં તે સર્વેનાં નામ મનુષ્ય પ્રાણી તેને ઓળખવાને માટે કલ્પીત દીધાં છે તે નામથી તેને ઓળખીને તેને વશ કરીને પોતાનો સ્વાર્થ સાધે છે અને પશુ, પક્ષીને પાયમાલ કરે છે. મનુષ્ય પ્રાણીને પણ જુદાં જુદાં નામ કલ્પીત આપેલાં છે તે નામથી માણસને ઓળખીને સૌ સૌનાં સર્વે કામ અને એક બીજા નામેથી સ્વાર્થ સાધે છે તેમ જગતે પણ અડસઠ તીર્થ અને તેંત્રીશ કરોડ દેવતા ચોરાશી પંથ સર્વે કલ્પીત તેમાં સર્વે જગતને વશ કરી પોતાના સ્વાર્થ સાધે છે તેમાં વાર, તીથી, ઘડી, પળ, શુભ, અશુભ, દિન, દીશા, તારા, નક્ષત્ર, મનુષ્ય, પ્રાણી, ઝાડ, જંગલ સર્વે એક બીજાના શુભ અશુભ વેદવાણીમાં વર્ણવ્યા છે. તે શુભ અને અશુભ સર્વે આવે છે અને જાય છે. શુભ અશુભ કોઈપણ નિર્ભય રહેવાનું નથી. એ સર્વે શાસ્ત્રમાં લખેલા માણસને જણાવવાને માટે લખ્યાં છે. જ્યારે શાસ્ત્રમાંથી જાણીને મન બુદ્ધિથી જગતની માયામાં કાંઈપણ સાર ન દેખ્યો ત્યારે સર્વે શાસ્ત્રો છોડી દેવાનાં છે. કેમકે શાસ્ત્રનાં પુસ્તકો આખો જન્મારો હાથમાં ઝાલીને બેસી રહે તો કાંઈ ભૂખ કે મૃત્યુ રોકી શકે તેમ નથી. કેમકે કોઈ માણસની જન્મોત્રી લખેલ તે જન્મોત્રી માણસ હાથમાં ઝાલીને જન્મભર બેસી રહે તો પણ ભૂખ કે મૃત્યુ રોકી શકે

તેમ નથી. પોતાનું મૃત્યુ અમુક દિવસે જ જણાવ્યું છે તેમ સર્વે વેદમાં પણ શુભ અશુભ વેદમાં જણાવ્યું છે.

રસોઈયાએ કોબી એક સુધારતાં જેમ કોબી નામ કલ્પીત પણ ક્યાંયથી કોબીમાં સીદ્ધ થયું નહિ તેમ ખગોળ, ભૂગોળ, તારા નક્ષત્ર જગત પ્રાણી સર્વે કોબીનું નામ, જેમ સર્વે બ્રહ્માની રચેલી સૃષ્ટિ જગત બ્રહ્માંડ એક દિવસે નાશવંત છે. કોબીનું નામ જેમ કલ્પીત છે એવું એક કોબીના નામ કલ્પીતમાંથી રસોઈઆને આખી જગત બ્રહ્માંડનું જ્ઞાન થયું એટલે આ બધું કલ્પિત જણાયું તેથી કોબીના શાક સુધારવાની શુદ્ધિ પણ ભુલી ગયો. પંડિતજીએ આવીને સર્વે સુંદર રસોઈ જોઈ પણ કોબીના શાકમાં કાંઈપણ સ્વાદ જાણવામાં આવ્યો નહિ અને રસોયાને ધખવા લાગ્યો ત્યારે રસોઈઆએ ઓળખ્યા પ્રમાણે પંડિતને કહ્યું કે હે પંડિતજી કોબી અને જગત બ્રહ્માંડ સર્વે કલ્પીત જ છે તેમાં જેમ મેં કોબીનાં પાંદ ફેરવ્યાં તેમ તમે પણ શાસ્ત્રનાં પાનાં વૃથા ફેરવ્યાં જેમ કોબી નામ સીદ્ધ ન થયું તેમ તમે પણ કાગળનાં પાનાં ફેરવતાં જન્મભર (જીંદગી) ગુમાવી નાંખી પણ વેદમાંથી જાણીને તમે પણ તમારૂં કોબીની માફક ક્યાંય પણ સીદ્ધ કર્યું નહિ ત્યારે પંડિતજી રસોયાના જ્ઞાનથી પોથી પુસ્તકો છોડી આ સર્વે સંસારની માયાનો ત્યાગ કરી બ્રહ્માકાર વૃતિ સમાધિ મોક્ષને પ્રાપ્ત થયા.

★★★

# અનાદિના નિતિધર્મ અને સત્યની આબાદીનું દ્રષ્ટાંત

સ્વસ્તિશ્રી મજીવાણા મધ્યે મહાશુભ સ્થાને સર્વે શુભોગમા જોગ શાંત સ્વભાવ, શાંત શિરોમણી, અખંડ દીવ્ય પ્રકાશમણી અને દિવ્યમણી પુન્ય પ્રતાપ ધર્માત્મા વર્ણાશ્રમના ધર્મ નિતિધર્મ સત્યની આબાદી રાખી સુકૃત કર્મથી સુખસંપતિવંત ગૌબ્રાહ્મણ ધર્મના રક્ષક શિલસંતોષ દયાના સાગર વેદિક બોધિક જગતગુરૂ બ્રહ્મા રાજ્યમાન રાજેશ્રી વિપ્ર કરસનજીભાઈ સવરાજ તથા સર્વે જ્ઞાતિભાઈઓ નાતસમસ્તે સર્વેના કુટુંબ પરીવાર સગાં સ્નેહીને પરમાત્મા તેજ અપાર દીન પ્રતિદિન ચડતી રાખે. એતાનશ્રી આદીત્યાણાથી લી. પૂજનિક ધર્માત્મા મહાત્માશ્રી ત્રીકમજી મહારાજશ્રીના આશિરવાદ વાંચજો. સર્વે જ્ઞાતિભાઇઓના કુટુંબ પરીવાર સગાં સ્નેહીની સર્વે ભાઇઓ પાસે રાજ્યમાન રાજેશ્રી પંડિત પુરાણી સર્વે ભાવિકજનોને પ્રેમ સહીત મહારાજશ્રીનાં આશીર્વાદ વાંચજો.

જેમ દીવો કરવાથી અંધારૂં અદ્રશ્ય થાય છે. દીવાનું પુરતું સાધન રહે તો દીવો આફરડો ઝાંખો થાવો સંભવીત નથી. જે અમુલ્ય પારસમણી એ આપે આફરડી પ્રકાશહીણ થાતી નથી તેમ અખુટ એવું અમુલ્ય ધનરૂપી તે પારસમણી આપે તે પોતે પોતાનું મુલ કરતી નથી પણ તે પારસમણીને ઢાંકી મુકશો તો તેનો પ્રકાશ અને મૂલ પણ મણી સહિત ઢંકાઇ જશે અને તેવી મણી રાખનાર પોતાની પાસે અખૂટ ધન હશે તો પણ દારીદ્રી ગણાશે. સૂર્યનારાયણ ઉદય થાતાં જેમ રાતનું અંધારૂં અદ્રશ્ય થાય છે તેમ તમે જ્ઞાતિભાઈઓ કન્યાવિક્રય ત્યાગ કરતાં તમારૂં સર્વે ભાઈઓનું બ્રહ્મતેજ પ્રકાશતાં અજ્ઞાનરૂપી અંધારૂં અદ્રશ્ય થયું છે. જેમ સૂર્યનારાયણ અસ્ત થાતાં રાતનું અંધારૂં વગર બોલાવ્યું અને વગર ઉપજાવ્યું જમીન અશમાન વચ્ચે અંધારૂં ભરપુર થઈ જાય છે તેમ તમે વેદિક બોધિક જગતગુરૂ બ્રહ્મા અનાદિથી નિતિધર્મના અને જગત ઓદ્ધાર અને કલ્યાણરૂપી ધર્મના રસ્તે બાંધેલા ગાય ધર્માદુ અને જગતમાં દાન, દક્ષિણા અને ધર્મધોર કન્યાદાન અનાદીથી પૃથ્વીનાં પાપ ઉતારવાને તથા પવીત્ર પૃથ્વી કરવાને ધર્મની જીજ્ઞાસા બાંધેલી છે. રૂવાનપાદ રાજાની નવાઇમાં અનીતિ, અન્યાય ને દુકૃત કર્મ વધી ગયાં ત્યારે પદાર્થ પાણીની ઉન્ચતા

રહેતી ત્યારે શ્વાનપદ રાજાએ, વૃષ્ટીહીણ થવાનાં કારણ સર્વે ઋષિઓને વૃતાંત પુછ્યાં ત્યારે ઋષિઓએ ખરા અનુભવથી અનીતિ, અન્યાય અને દુષ્કૃત કર્મ શ્વાનપાદ રાજાને રૈયતનાં છોડાવવાને શ્વાનપાદ રાજાની શાન્તા રૂપી કન્યા ધર્મધોર દેતાં રાજ્યરૈયત પદાર્થ પાણીથી સુખ સંપતવાન ભાગ્યવાન અને સુખી થયાં હતાં તેમ તમે સર્વે જ્ઞાતિભાઈઓ કન્યાનું કન્યાદાન ધર્મધોર ભ્રષ્ટ કરીને દીકરીના પૈસાથી અને તમારા સ્વાર્થથી કોઈની પણ જીવન પર્યન્ત સંતોષ કે શાન્તિ આવવા દીધી નથી અને ક્ષુધા અને કામનાએ કોઈને પણ અર્થ, અનર્થ, કે સાર અનુસાર જાણવા દીધો નથી. તમો સર્વે જ્ઞાતિભાઈઓએ પ્રતિજ્ઞા લીધેલી છે કે ગાયની માટી અને દીકરીની માટી અને મીંદડીના રૂવાં તે સર્વે ભાઈઓએ ત્યાગ કરેલો છે તેમાં પણ દીકરીનાં સાસરાંના પૈસાથી લગ્નવેળા કુટુંબ પીરવારની સગાં સ્નેહી અને હેતુમીત્રુ સહીત દીકરીનું માંસ કે જે ત્યાગ કરેલું છે તે તમે જ્ઞાતિભાઈઓને ખાવું સંભવીત નથી. દીકરીનો ગોળ ખાવા વખતથી અને લગ્ન થવાથી અને વારણું કે આણા પરીઆણાથી (સુધી) વરકન્યાનાં બંનેનાં માવતરના કુટુંબ પરીવારની અને એકબીજાનાં ઢાલ ઢોકરાંથી અને બંનેને ઘેરે માણસોની પુરતી આવજાવથી ખરચો પુરો પાડી શકશે નહી અને વરકન્યાનાં બંનેના માવતરના ઘરમાં આટલો એક બીજાનો ખર્ચો ઉપાડતાં નાતના ઘરમાં અન્નનું બી રહેશે ખરૂં કે અને ખાનાર ગાયની માટી અને દીકરીની માટી અને મીંદડીની માટી ખાવાવાળા નાતને પવિત્ર રહેવા દેશે નહી. કેમકે સર્પણી કુતરાં, મીંદડા સૌ સૌના વ્યાજમ વખતે સૌ સૌની ભુખથી સૌ સૌના ગર્ભને ખાય જાય છે. તો પણ કુતરાં, મીંદડા અને સર્પણીની ભુખ ગર્ભ ખાઈ જતાં તૃપ્તી થઈ નહિ અને ગર્ભ ખાય જતાં સંતોષ કે શાન્તિ આવી નહિ તેમ ગાયની માટી અને દીકરીની તથા મીંદડીની માટી ખાવાવાળાને પણ કોઈ દિવસ ભુખ હજી તૃપ્ત થઈ નહિ અને કદીપણ તેવાઓની ભુખ અને કામના આજ દિવસ સુધી તેની ભુખ હડકાયેલાની પેઠે વખવખાટીયું નાંખે છે છતાં હજી સંતોષ કે શાન્તિ આવી નહી. ધર્મધોર કન્યાદાન ભ્રષ્ટ કરવાવાળાઓને કોઈપણ નાતના આગેવાનો અને મેમ્બરો અગર મોટીઆરોની સલાહ હોવી જોઈએ તેની સલાહ વીના થયેલ નથી. કેમકે વાઘરી ગંગાજી નહાયેથી પણ કોઈ દીવસ વૈષ્ણવ થવો સંભવીત નથી તેમ મામદા કદી હિંદુ થવા સંભવીત નથી તેમ જે હળાહળ પાપના ભર્યા છે તેવાઓને

જો પુરતી શિક્ષા નહીં કરો તો નાતને પવીત્ર રહેવા દેવી સંભવીત નથી. કેમકે જગતમાં બીજા દેશોમાં જે વર્તવા ગયેલા તેના છોકરાંઓ કોઈનું પણ જુઠણ તરશે નહી. એવાઓને ભલામણ આપેલી નાતને પવીત્ર રહેવા દીએ તેવો સંભવ નથી. કેમકે હંશ જીવન પર્યન્ત જીવની હિંસા કરશે નહી તેમ બગલો જીવન પર્યન્ત જીવની હિંસા છોડશે નહિ. આ સર્વે નાતનું સમાધાન થયેલું વર્તમાન સર્વે ભાઈઓ પાળી શકશો તો તમારૂં બ્રહ્મતેજ પવિત્ર છે પણ આમાંથી પદભ્રષ્ટ થશો તો જગતમાં શ્વાન કરતાં પણ તમારૂં અપમાન અને અપકીર્તી વધારે થશે. તમને સર્વે ભાઈઓને સંભવે તેમ કરશો, તમારા નાત સંબંધી જગતમાં એક ક્ષણ માત્ર બેસવાથી મારૂં પણ બગડે છે. કેમકે કોયલો દુધથી ધોશો તો પણ લંબાઈ પહોળાઈઓનો આકાર છોડશે પણ રંગ છોડશે નહી તેમ હળાહળ પાપના ભરેલા અને દીકરીના પૈસા ખાઈને હળાહળ ગળીયેલના કુંડમાં નહાવાવાળા અને ગાયના લોહીમાં નહાવાવાળા અને ભ્રષ્ટ બુદ્ધિવાળા મારાથી પણ પવીત્ર થાય તેમ નથી ગાંઠના મને પણ ગળીના કુંડમાં બોળે તેમ છે. સર્વે ભાઈઓ મારા નમસ્કાર વાંચજો. હું પણ સર્વે ભાઈઓ પાસેથી નમસ્કાર માગું છું.

પીએજ શુદ્ધ દુધ જઈ, કલાલની દુકાનમાં
છણાય વાત છેક ને, મનાય મધપાનમાં
ગણાય અંધ ટોળીમાં, એક દેખતો અપંગમાં
કુસંગીનો કુસંગ દે, કુસંગ લાગે સર્વ અંગમાં

સર્વે જ્ઞાતિ ભાઈઓ તમે સર્વે ભાઈઓની સંપ સલાહથી લગ્નવેળા કન્યાના માવતરની સલાહ પ્રમાણે વરને બાપે પોતાના દિકરાની જાનમાં ગાડું, માણસ વગેરે લઈ જવાં અને કન્યાના બાપની મરજી પ્રમાણે માણસો લઈ જવાં પણ કન્યાના બાપની મરજી વિરુદ્ધ વધારે માણસો લઈ જવાં નહિ તેવી તમે મીન બાંધેલી છે છતાં નાતની મીન તોડીને દીકરીનાં સાસરાં દિકરો પરણાવવા જાતાં પોતાને પૈસે જાનનાં માણસો મનગમતાં લઈ જઈને પોતાને ખર્ચે નાત કન્યાના માવતરના કુટુંબ, પરિવાર, સગાં સ્નેહી, હેતુ, મીતૃ, એક બીજાના ઢાલ છોકરાં અનેક માની બેસશે તે વરના બાપને ખર્ચેથી કન્યા પરણાવવા જાતાં કેટલાક ખર્ચ પુરૂં પાડે તેવા છે અને જાતે દહાડે તમારા બ્રાહ્મણ ખાવા સારૂ થઈને

ઝાટકે આવશે અને વળી જો પુરૂં ખર્ચ નહિ દીઓ તો કન્યાના અજ્ઞાની માબાપનું મન નહિ માને ત્યાં સુધી જાનું પાદર રખડશે અને વરકન્યા લગ્નવેળા ફેરા વીનાના પીઠીઆરા રહેશે એવો સંભવ જણાય છે અને વરના બાપને પોતાની શ્રીમંતાઈ બતાવવી હોય તો થાંભલી નાંખતી વખતે ધુમાડા-બંધ ગામ શા માટે ન જમાડવું. માટે આવાં ખાણ ખરચ લેવાદેવાની સલાહ દેનારની ખરી શોધ કરીને પુરતી શિક્ષા દેશો. જેટલા જેટલા દીકરીના સાસરા તરફનું ધાન ખાવાથી વૃતિવાળા બદમાસો અને તેવી વાતને ટેકો દેનાર અને અવળી સલાહ દેવાવાળા છે પણ અધર્મ પાપને તેવાઓ ટેકો દઈ ટકાવવાવાળા છે પણ ધર્મને ટેકો દઈ પવિત્ર વર્તમાનથી પાળવાવાળા નથી કેમકે કાગડાને ગાયની સેવાની ભલામણ દેવી તે કોઈ દિવસ ગાયને ઠોલ્યા વગર રહેશે નહિ તેમ આવા બદમાશ જે છે તે પદને ધારણ કરવાવાળા છે અને ઉલટું ધર્મને ખાવાવાળા છે અને ધર્મને પણ ભ્રષ્ટ કરે તેવા છે તેવાઓની ઉપર આધાર રાખશો તો તેઓ તમારી નાતને પવિત્ર રહેવા દેશે નહિ. આ કન્યા વિક્રય ન કરવાનો ધર્મ તમે ચાલુ કીધો તેથી આખા કાઠીઆવાડ જીલ્લામાં તમને કંકુનો ચાંદલો નટવરનગરે થયેલો છે તેને બદલે તમે જો ભ્રષ્ટ આચરણ કરશો તો તમને મશનો ચાંદલો થશે અને તેની અપકીર્તિ ઉગે આથમે ત્યાં સુધી જાશે નહિ. વાઘરીના દેવને ઉત્તમ જાતિ માનતાનાં નિવેદ કરવા જાશે તો જીવની હિંસ્સા માગશે અને તેને જીવડો મારવા નહિ દીઓ તો તે જીવડાના કાનની હિંસ્સા કર્યા વગર રહેશે નહિ તેમ જે કાફર હશે તે હિંસ્સા કે દિકરીના પૈસાને બદલે દીકરીને પૈસેથી ખાનપાન પણ છોડશે નહિ.

સૂર્ય છ છ માસ ઉત્તર-દક્ષિણના થાય છે. છ માસ ઉત્તરના હોય ત્યારે તેમાં શુભ ગુણ છે અને છ માસ દક્ષિણના થાય ત્યારે જગતને સૂર્યમાં ઉત્તર કરતાં થોડો ગુણ છે. મધ્યના થાય ત્યારે સૂર્ય કોઈ બાજુ છ માસ ઉન્યતા રહે અથવા વધુ ચાલે તો તેમાં વળી દક્ષિણ કરતાં પણ થોડો ગુણ છે. જગતને ઉપદ્રવનો ભય રહે છે. રાત દિવસ એમાં દિવસમાં પુરતો ગુણ છે. રાતનું અંધારૂં અદ્રશ્ય કરી જગત બ્રહ્માંડને પ્રકાશરૂપ કરે છે. સૂર્યથી રાતમાં થોડો ગુણ છે. રાતથી જગતમ બ્રહ્માંડમાં અંધારૂં ભરપુર થાય છે. તેમ પ્રાતઃકાળ, મધ્યાનકાળ, સાયંકાળ અને મધ્યરાતકાળ આ રાત દિવસના ચાર કાળમાં રાત કરતાં પણ ઓછો ગુણ છે. ઘડી, પળ, ચોઘડીઆં, દીશાસૂળ, નગ્નકાળ, જોગણીનાં

ઘર, ચંદ્રના ઘર લખ્યા પ્રમાણે જેટલાં શુભ વર્ણવિલાં છે તે સર્વેમાં જગતનો ગુણકારક છે અને જેટલાં દીનદશા અશુભ વેદવાણીમાં વર્ણવિલ છે. અશુભ ઘડી, અશુભ પળ, અશુભ ચોઘડીઆં, અશુભ દીશાસૂળ, અશુભ નગ્નકાળ, અશુભ જોગણીનાં ઘર અને અશુભ ચંદ્રનાં ઘર, સર્વે અશુભ દિન, દીશા એ સર્વે શુભથી અશુભમાં ઓછા ગુણ છે.

જલમાં વધારે ગુણ છે. સર્વે જગત જીવજંતુ બીજકને ઉત્પતિમાં અને ઉગાડવામાં અને ઠંડકમાં અને સંતોષમાં અમૃતરૂપ છે. જલથી વળી અગ્નિમાં થોડો ગુણ છે. સર્વેને તપાવવાનો બાળવાનો તમો ગુણ ઉષ્ણતા ભાવ રીઓ છે. શરદ્ ઋતુમાં વૃષ્ટિનો ગુણ રહ્યો છે. શરદ્ ઋતુથી વળી ઓછેરો હેમંત ઋતુમાં શરદીનો ઠંડક ગુણ રહ્યો છે. હેમંત ઋતુથી ઉષ્ણતા ઋતુમાં ઓછો ગુણ ગરમી અને ઘામ અને તપ છે, શુકલ પક્ષમાં વધારે ગુણ છે. શુકલ પક્ષની તીથી વધે તો લાભકારી છે. તીથી ઘટે તો ગુણ ઓછેરો છે. શુકલ પક્ષ કરતાં પણ કૃષ્ણ પક્ષમાં ગુણ ઓછેરો છે. કૃષ્ણ પક્ષમાં તીથી ઘટે તો લાભકારી છે. કૃષ્ણ પક્ષમાં તીથી વધે તો થોડો ગુણ છે તેમ સર્વે પશુઓમાં ગાયમાં શ્રેષ્ઠ ગુણ છે, ગાયથી સર્વે પશુઓમાં એકબીજા પશુઓથી શુભાશુભ અને એકબીજાઓમાં ઓછા ઓછા ગુણ છે. પશુઓમાં હંસ પક્ષીમાં સર્વે શુભ ગુણ છે. હંસ પક્ષીથી સર્વે પક્ષીઓમાં શુભાશુભ અને એકબીજાથી ઓછા ઓછા ગુણ છે સર્વે વનસ્પતિઓમાં આંબામાં શુભ ગુણ છે. આંબાથી સર્વે વનસ્પતિઓમાં એકબીજાથી શુભાશુભ એકબીજાઓથી ઓછા ઓછા ગુણ છે.

કસ્તુરીમાં (સુગંધીમાં) શુભ ગુણ છે તેથી સર્વે સુગંધીઓમાં એક બીજાથી ઓછા ઓછા ગુણ છે.

પારસમણી સર્વે દ્રવ્યથી અખૂટ મૂલ છે. પારસમણીનો સર્વે હીરા, માણેક સર્વે ધાતુઓમાં એક બીજાથી ઓછો ઓછો ગુણ છે.

રસાયણ ઘીમાં, દૂધમાં પુરતો ગુણ છે તેથી બીજી રસાયણોમાં ઓછો ઓછો ગુણ છે. અનાજમાં ઘઉં ચોખામાં પુરતો ગુણ છે. ઘઉં ચોખાથી સર્વે અનાજો ખડ ધાન્ય કણ એકબીજાથી ઓછો ઓછો ગુણ છે.

વરસના બાર માસમાં કાર્તિક માસ મોટો છે. કાર્તિકથી બીજા માસ એક બીજાથી નાના ગણાય છે.

મકરસંક્રાંતિ બારે સંક્રાંતિઓથી મોટી ગણાય છે. મકરસંક્રાંતિથી બીજી સંક્રાંતિઓ નાની ગણાય છે.

ભોરવાયુ ઓગણપચાશ વાયુઓમાં વેગમાં મોટો કહેવાય છે, તેથી સર્વે વાયુ એક બીજાઓથી નાના કહેવાય છે. સર્વે વાયુને ઉપજાવવામાં અને સમાવવામાં આકાશવાયુ સર્વે વેગથી રહિત છે.

સર્વે ગ્રહોમાં સોમ લાભકારી છે. સોમથી બુધમાં ઓછો લાભ છે. બુધથી ગુરુમાં ઓછો લાભ છે. ગુરુથી શુક્રમાં ઓછો લાભ છે. શુક્રથી રવિમાં ઓછો લાભ છે. રવિથી મંગલમાં ઓછો લાભ છે. મંગલથી શનિમાં ઓછો લાભ છે. શનિથી રાહુમાં ઓછો લાભ છે અને રાહુથી કેતુમાં ઓછો લાભ છે. જેમાં શુભ ગુણ વધારે છે તેમાં અશુભ ગુણ ઓછેરા છે અને જેમાં અશુભ ગુણ વધારે છે તેમાં શુભ ગુણ ઓછેરા છે.

સર્વ ધર્મથી નિતિધર્મ શ્રેષ્ઠ છે. નિતિધર્મથી બીજા સર્વે ધર્મ કર્મ એક બીજાથી ઉતરતાં એક બીજામાં ઓછેરા ગુણ છે તેમ જગત બ્રહ્માંડમાં આકાશ ઉત્તમ ગુણ છે આકાશનાં મંડળ અને પૃથ્વી આકાશથી પણ એક બીજામાં ઓછેરા ગુણ છે. સ્ત્રીના રજસ્વલામાં પણ પાંચમો દિવસ અને પાછલી રાત અને નરનારીનાં જલતત્વ અથવા પૃથ્વી તત્વ લાંબા પુરૂષને સૂર્ય અને સ્ત્રીને ચંદ્ર સર્વે ખાનપાનથી અને શુભ વર્તનથી અને બ્રહ્મમાસ માસ વ્યભિચારથી રહિત રહેવાથી અને બ્રહ્મનું વજન વધવાથી પ્રજા લાભકારી થાય છે. પણ પાંચમા દિવસથી આગલા દિવસમાં પ્રજા ઉત્પન્ન કરવાથી અને અશુભ વર્તનમાં વર્તવાથી ચારે દિવસમાં એક બીજાથી ઓછા ઓછા ગુણ અને નીચકર્મવાળી નિર્ભાગી પ્રજા થાય છે. નિતિધર્મની આબાદી રાખવા રાજ્યરૈયતના હિતકારી રાજા કર્યા છે. રાજ્યરૈયતના અને નિતિધર્મના હિતકારી મુત્સદ્દીઓ કર્યા છે અને રાજ્યનો વૈભવ ચલાવવા વાસ્તે કર કરેલા છે. રાજ્યનો કર અઢારે વર્ણનો કે શુભાશુભ કે દુક્ત કર્મવાળાઓની આવકથી અઢારે વર્ણનો એઠવાડો કહેવાય છે તેથી રાજારૈયત રાજ્યની આવકથી રાજ્યનો

વૈભવ ચલાવતા અને પોતાનો હુન્નર કરી પોતાના હકનું ખાણું ખાતા. આ રાજ્યની આવકમાંથી ઋષીઓને સોનાની થાળીએ જમાડવાનું અને કંચનનું દાન રાજા દેતા પણ આ અઢારે વર્ણના એઠવાડારૂપી આવક જાણી ઋષીઓ રાજ્યની દાન દક્ષિણા કે ભોજન ગ્રહણ કરતા નહિ. રાજા કોઈ હરામ હલાલી જગતમાં અનિતિ કરતા તેવાઓ હરામખોરને ગુન્હા પ્રમાણે શિક્ષા કરી નિતિધર્મની આબાદી રાખતા તેમ સર્વે જાતિધર્મના કર્મદોષ જોઈને તેના ગુણ પ્રમાણે જુદી જુદી જાતિધર્મની મીંડુ બાંધેલી છે. સૌ સૌની જ્ઞાતિમાં ધારાધોરણ બાંધેલા છે. સૌ સૌની જ્ઞાતિથી ધારા ધોરણથી નિતિ ભ્રષ્ટ થાય કે ધર્મ ભ્રષ્ટ થાય તો સૌ સૌની જ્ઞાતિમાં તેવા ધર્મભ્રષ્ટને સૌ સૌની જ્ઞાતિનો ઠપકો દંડ અને નાત બહાર સૌ સૌના ગુન્હા પ્રમાણે શિક્ષા કરી નિતિભ્રષ્ટ થવા ન દેવા તેથી જગત ભાગ્યવાન અને સુખી રહે છે. દુષ્કાળ, કલીકાળ અને પ્રલયકાળ, ઉપદ્રવ થવાનો જગતને સંભવ રહે છે. નિતિધર્મને આધારે જેમ સૂર્યથી રાતનું અંધારૂં અદ્રશ્ય થાય છે તેમ સર્વે નિતિધર્મથી સર્વે પાપ અદ્રશ્ય રહે છે જેમ હરામખોર જાગતા ચોકીદાર શહેરમાં ભુંડું કરી શકતા નથી તેમ નિતિધર્મથી સર્વે પાપ જગતને હાની કરતા નથી કેમકે વનસ્પતિ, ઘાસ માથે શહેર માથે ઈંદ્રધારી વૃષ્ટિ વખતે લાય, અંગારા બાળી શકતા નથી તેમ નિતિધર્મને આધારેથી સર્વે પાપ હાની કરી શકતાં નથી તેમ સર્વેથી બ્રાહ્મણ ઉત્તમ છે. બ્રાહ્મણથી ક્ષત્રિયમાં ગુણ ઓછેરા છે. ક્ષત્રિયોથી કાટિઆવર્ણમાં ગુણ ઓછેરા છે. કાટીઆવર્ણથી વૈશ્યમાં ગુણ ઓછેરા છે. વૈશ્યથી સવદરમાં ગુણ ઓછેરા છે. સવદરથી વસવાયામાં ગુણ ઓછેરા છે. વસવાયાથી મુસલમાનમાં ગુણ ઓછેરા છે. મુસલમાનથી વેઠીઆમાં ગુણ ઓછેરા છે. વેઠીઆથી ચંડાળમાં ગુણ ઓછેરા છે. આ સર્વે લખ્યા પ્રમાણે ઉંચ નીચ ને શુભ અશુભ જેમાં શુભ ગુણ વધારે છે તેમાં અશુભ ગુણ ઓછેરા છે અને જેમાં અશુભ ગુણ વધારે છે તેમાં શુભ ગુણ ઓછેરા છે. આકાશ વિષે સર્વે કેતુઓ ઉલટા ઉગતાં જગતમાં ભલું થવું સંભવીત નથી. અમૃત ભોજનમાં વિષ પડવાથી અમૃત રહેવું સંભવીત નથી. સુગંધીમાં દુર્ગંધી નાખવી તે સુગંધીની સુગંધી રહેવી સંભવીત નથી. સૂર્ય ચંદ્રમાં સઘરીઆ આથમવા તેથી જગતમાં શુભ થાવું સંભવીત નથી તેમ હલકી જાતી ભીખારી સવદર અમીરાતને વેશેથી પલંગ, ગાદલાં, ઓશીકાં, તકીઆ અને હોકા, બીડીઓ લઈને બ્રાહ્મણને આંગણે

અમૃત ભોજનથી અને બ્રાહ્મણના દીકરાઓ પાસે ગાંડગુલામી કરાવીને હલકી જાતિ સેવાય પુજાય અને બ્રાહ્મણના દીકરાઓ તેવાઓની આગળ ગુલામ થઈને રહે તે સંભવીત નથી અને હલકી જાતીને ઉંચ જાતી માન દેશો તો હલકી જાતીની જાતે દહાડે ઉંચ જાતીના ઘરમાં પ્રજા થાશે અને તમે ઉંચ જાતી તમે નીચ જાતિમાં માન ભોગવવા જાશો તો જાતે દહાડે ઉંચ જાતીની નીચ જાતીના ઘરમાં પ્રજા થાશે. કેમકે ત્રાગારા, ભોવાયા, મદારીને ઢેબરાં ખવડાવ્યાં તો જાતે દહાડે ભોવાયા મદારીની ઉંચ જાતીમાં પ્રજા થઈ તેવી પ્રજાએ ભોવાયા મદારીનો ખેલ લીધો અને ઉંચ જાતીની જ્ઞાતિ સહીત સર્વેને લજાવ્યા.

સર્વેમાં ગાય, બ્રાહ્મણ પુજનિક છે અને પૃથ્વી જગત પવિત્ર રાખવા વાસ્તે નિતીધર્મ અને શુભ કામ કર્મ અને ગાય ધર્માદુ શુદ્ધ બ્રાહ્મણને દાન દક્ષિણા અને દીકરી કન્યાદાન ધર્મધોર અને બ્રાહ્મણ, ક્ષત્રિયને તપ અને ઇંદ્રિયજીત અને ત્યાગ તેથી નીચી જાતિને ઉંચ જાતીની સેવાથી આ લખ્યા પ્રમાણે સર્વે ધર્મના રસ્તાથી આ જગત બ્રહ્માંડ, પૃથ્વી અશુભ કર્મ થયેલાં હોય તેથી પણ આ લખ્યા પ્રમાણે શુભ કર્મથી સર્વે પવિત્ર પદાર્થ પાણીથી સુખ સંપતમાં રહેવાનો અનાદીથી સંભવ છે. અનાદીથી અનુભવ કરો ક્ષુધા, કામનાને મૃત્યુક જે ઉત્પન્ન થયું છે તેને જગત બ્રહ્માંડને ભુખ, કામના અને મૃત્યુક જ ફફડાવે છે. આ ત્રણને કોઈએ જીતીને વશ કર્યા નથી. આ ત્રણને વશ કર્યા વગર તે કોઈ ભગવાન જેવા હશે તેનું પણ ભલું થાવા દીએ તેમ નથી. ભુખ, કામના અને મૃત્યુક સર્વેને ફફડાવે છે તેવા જગતનું ભલું ક્યાંથી કરશે. આ ત્રણ વિકારને જીત્યા વીના કોઈ જગતમાં સાધુ જાણશો નહી અને નિતીધર્મ સમાન બીજું કોઈ પૂન્ય જાણશો નહી.

**"હંસ હિંસા કરશે નહિ, બગલો હિંસા છોડશે નહિ"**

તમે સર્વે ભાઈઓ બ્રહ્મજ્ઞાતિ હંસરૂપ છો જો બગલાના ચારાને તમે નહિ તજો તો જગત બીજી કોણ તજશે.

**"શુદ્ધ દુધ જઈ પીએ કલાલની દુકાનમાં**
**જણાય સૌ છેકને મદિરાપાનમાં"**

તમે સર્વે જ્ઞાતિભાઈઓ બ્રાહ્મણ દુધરૂપ છો તો આપણે અશુભ કર્મને નહિ જાણો અને નહિ છોડો તો પછી બીજા મદિરા પાન કરવાવાળા અશુભ કર્મ કરશે એમાં શું.

**"અંધની ટોળીમાંય, એક એકલો અપંગ જાય"**

હે સર્વે ભાઈઓ સર્વે જગત અજ્ઞાનરૂપી અંધારામાં આપણે બ્રહ્મજ્ઞાતિ નિતીધર્મને અપંગ કરી નાંખશો તો જગત અજ્ઞાનરૂપી આંધળાએ નિતિધર્મને કોણ પાળશે.

**"કુસંગનો દુસંગ, સંગ લાગે સર્વે અંગમાંય"**

હે ભાઈ તમો બ્રહ્મજ્ઞાતિ જે જગત માયા દુસંગ તેવાં હલકાં કર્મમાં ઉતરી જાશો તો સૂર્યનારાયણને જેમ ગ્રહણથી પ્રમાણહીણ થઈ જાય છે તેમ બ્રહ્મતેજ હીણ થઈ જાશો તો જગતમાં કુસંગરૂપી માયાને જગતને પવિત્ર કોણ કરશે.

**કાયા રચી કર્મકી તેના દુર્ગુણ વર્ણવ્યા ન જાય**
**સમજ્યા તેને સહેલ છે વગર સમજ્યા ભટકાય**

તમો સર્વે જ્ઞાતિભાઈઓ તમો બ્રહ્મજ્ઞાતિ નહી સમજો તો બીજી જ્ઞાતિ દુર્ગુણને કોણ છોડશે.

**આવ્યો પણ જાણયો નહિ, મનુષ્યા દેહનો મર્મ**
**શેર લોટને કારણે કોટીક બાંધવા પડ્યાં કર્મ**

તમો સર્વે જ્ઞાતિભાઈઓ જો દુકત કર્મને જાણીને નહિ છોડો તો બીજી જગત દુકત કર્મ કોણ છોડશે.

**ભટકત બગડત નાર, ઝાડ બગડત બગ બૈઠે**
**પુત્રી બગડત હુલાવતે, પુત્ર બગડત કસંગ લેકે**

તમો સર્વે જ્ઞાતિભાઈઓ જો કુસંગ નહિ છોડો તો અજ્ઞાની લોકો બીજા છોડશે નહિ.

**મોંઘો માનવ દેહ, ફરી ફરી લાધે નહિ**
**ધિક ધિક તે નર જેહ, જીવન લક્ષ સાધે નહિ**

સર્વે જ્ઞાતિભાઈઓ આપણે બ્રહ્મજ્ઞાતિ આપણું જીવન લક્ષ પવિત્ર થઈને નહિ સાધીએ તો જગત અજ્ઞાની પામર ક્યાંથી સાધી શકશે.

**હીરો આવ્યો હાથ, પણ પારખુ મલ્યો નહિ**
**મેલ્યો પથર સાથ, કોઈ ઝવેરી વીના જાણે નહિ**

તમો સર્વે જ્ઞાતિભાઈઓ બ્રહ્મતેજ અને બ્રહ્મપદવીને અને તત્વને નહી જાણો તો જગતમાં બીજા અજ્ઞાની પામર શું જાણશે.

સર્વે જ્ઞાતિભાઈઓ બ્રહ્મતેજને અને બ્રહ્મપદવીને અને તત્વને તમો બ્રહ્મજ્ઞાતિ નહિ જાણો તો તેના ગુણ લાભ વૃથા જાય છે તો અજ્ઞાની જગત પામર જાતી બીજી કોણ જાણશે.

**છીપ સમુદ્ર વશે મોતી છીપજ માંય**
**ખોજનહારા ખોજ લીએ ઓરનકું ગમ નાંય**

તમો સર્વે જ્ઞાતિભાઈઓ બ્રહ્મતેજ અને બ્રહ્મપદવીને અને તત્વને તમે જગતગુરૂ બ્રહ્મા સાચા ખોટાને નહિ જાણો તો જગત અજ્ઞાની પામર બીજી જ્ઞાતિ કોણ જાણશે. જો સૂર્ય ઉગતાં બંધ થઈ જશે તો રાતનું અંધારૂં અદ્રશ્ય ક્યાંથી થશે. તમો જગત ગુરૂ બ્રહ્મા શુભ આચરણ નહિ રાખો તો બીજા અશુભ જાતી પૃથ્વી પવિત્ર ક્યાંથી કરશે.

આકાશમાંથી ઈન્દ્રાધારી વૃષ્ટિ નહિ થાય ત્યારે જગત પ્રાણીના નિર્વાહ ક્યાંથી રહેશે તમારા બ્રહ્મતેજ પવિત્ર વીના જગતનું અજ્ઞાનરૂપી અંધારૂં કાઢી નિતિધર્મની અને શુભ કર્મની આબાદી અજ્ઞાની જગત પામર નિતિધર્મનું રક્ષણ ક્યાંથી કરશે. સર્વે જ્ઞાતિભાઈઓ બ્રહ્મતેજથી અને બ્રહ્મ પદવીથી અને તત્વથી બ્રહ્મ ખોળીયાં ભ્રષ્ટ થાશો તો જગતમાંથી અધર્મ ક્યાંથી જાશે.

તમને સર્વે જ્ઞાતિભાઈઓને મેં જે જગતમાયાનો અનુભવ કર્યો છે તે જ પ્રમાણે તમારા બ્રહ્મતેજને અને બ્રહ્મ પદ્વીને અને તત્વને અને નિતિધર્મની આબાદી રાખી પવિત્ર કરવાને માટે મારાથી બનતા ઉપાય કરૂં છું અને તમારી સાથે મેં ત્યાગ કરેલ છતાં પણ

તમારા અર્થ વાસ્તે હું તમારામાં જોડાઉં છું. પણ મને પણ ઘણો જ અચંબો થાય છે કે જાનવર પશુને બચકારીને પકડી તે પશુને માર દઈ પશુને વગર ગુન્હે પાયમાલ કરે છે તેમ આ મારાં વચન તમને સારાં ન લાગતાં મને પણ પશુની પેઠે બચકારીને તમારામાં સર્વ ભાઈઓ જ્ઞાતિમાં જોડાવીને મને પણ મારા ગુણ અવગુણ માનીને તમારા બંધનમાં પડવાથી મને પણ ઘણો જ અચંબો રહે છે.

અઢારે વર્ણનાં સરામણાં, ઘડશાં અને દશા અગીઆરમામાં ખાવાવાળા બ્રાહ્મણ સામા મળે તો પણ કોઈ માંગલીક કામ વસીઆતીનું સફળ થાતું નથી તો સરામણા ઘડસાયો પાસે જે વરકન્યાનાં અથવા સર્વે માંગલીક કામ પુછાવવાં કે તેવાઓ પાસે કરાવવાં તે સર્વે કામ અમાંગલીક થવાનો સંભવ છે. જેથી બ્રાહ્મણના દીકરાનું ધારેલું ફળદાતા શુભ થાતું નથી તે બ્રહ્મતેજને ભ્રષ્ટ કરે છે તેથી આવા ધંધા જેઓ ન કરતા હોય તેવા પવિત્ર બ્રાહ્મણ પાસે માંગલિક કામ કરાવવાં કે શુભ કામનું પુછાવવું તે સર્વે કામ શુભ માંગલિક થાવાં સંભવીત છે.

બ્રાહ્મણના દિકરાને જનોઈ ન આપ્યું હોય ત્યાં સુધી સવદર બરાબર ગણાય છે અને બ્રાહ્મણના દીકરાનું જનોઈ એક જ ત્રાગનું જનોઈ થાવું અનાદીથી સંભવીત છે તેમાં ત્રાગ ત્રુટે અથવા ઓછો રહે અથવા પશુ, પક્ષી કે મનુષ્ય ઓલાડે અથવા શ્રાવણ મહીના વગરનું જનોઈ કરવું એ બધાં ખોટાં છે અને બ્રાહ્મણના દીકરાને જનોઈ ત્રુટા કેડે એક ડગલું પણ ભરાતું નથી તેને ઠેકાણે હું પચીસ વરસ થયાં મહારાજ ગોસાઈનાં બાળકો કાશીનાં જનોઈ મંગાવે છે તે શીંકિ મેં જોયા છે અને બ્રાહ્મણના દીકરા પોતાના હાથનું જનોઈ કર્યા વગર બીજાનાં લીધેલાં તે સર્વે ત્રુટેલા અને ત્રણે ત્રાગના જુદાં જુદાં જોવામાં આવે છે તો સર્વે બ્રાહ્મણસભા મળીને નક્કી કરો અને તમે સર્વે ભાઈઓ હાથનાં બનાવેલાં જનોઈ પહેરો અને કદાપી તમોને જનોઈ ન આવડતાં હોય તો શીખીને હાથના જનોઈ બનાવીને પહેરો નહિતર કોઈ કાળે બ્રહ્મસમાજ થઈ ત્યારે તમારી જનોઈ શુદ્ધ પહેરો છો કે અશુદ્ધ પહેરો છો તેનો તમો બ્રાહ્મણો પાસે જવાબ લઈને તમારાં જનોઈ ઉખેરાવશે ત્યારે તમારૂં જનોઈ એક ત્રાગનું કોઈપણ નીકળશે નહિ અને ત્રણ ત્રણ ત્રાગનાં જુદાં જુદાં નીકળશે ત્યારે બ્રહ્મસભામાં તમારી જનોઈ તોડાવશે. આ તમારાં સર્વે આપણા ભાઈઓ

બ્રહ્મજ્ઞાતિને જ્યારે એવો સમય આવશે તે સારૂં તમને આટલા અધર્મ આપણી નાતમાં ચાલે છે તેથી કોઈ કાળે તમારૂં બ્રહ્મતેજ ભ્રષ્ટ કરી સવદરની પંકિતમાં ગણાઈ જાશો. સર્વે ભાઈઓ તમને સંભવે તેમ કરો. આટલા અધર્મ કાઢીને અનાદીના ખરા ધર્મને વર્તો તો તમારી બર્ડાઈ જ્ઞાતિને બ્રહ્મતેજથી કોઈપણ ભ્રષ્ટ કરી શકે તેમ નથી. ખરા તમે બ્રહ્મઋષી વેદિક બોધિક જગતગુરૂ બ્રહ્મા તમારા ખરા અનાદીના ધર્મને અનુસરી ચાલશો તો અંતે પંદરસો ખોરડાં બર્ડાઈ બ્રાહ્મણના ખરા ઋષિઓ જગતગુરૂ તમો આપો આપ થાશો. તત્વને અને બ્રહ્મ બીજકને જાણીને તત્વને અને બ્રદને ખરા ધર્મનો જય મેળવશો તો આટલા ધર્મ ઉપર બીજો કોઈ પુછનાર તમને પુછી શકે તેમ નથી. તમે ખરા ધર્મને ભ્રષ્ટ કરી જ્ઞાનહીણ અને બ્રદહીણ થાશો તો અને નિતિભ્રષ્ટ થાશો તો અંતે બ્રહ્મતેજ ભ્રષ્ટ થઈ સવદરની પાયરીમાં ખેંચાઈ જાશો તો કોઈ જગતમાં બ્રાહ્મણો જાણશે નહિ અને ત્યારે પૃથ્વી માથે પદાર્થ પાણી અને ગર્ભને ધાવણ મળશે નહિ અને અનાદીના ખરા ધર્મને પાળશો તો પદાર્થ પાણીની ઉન્ચતા રહેશે નહિ.

★★★

# જ્ઞાતિને કન્યાવિક્રય બંધ કરવાનું દ્રષ્ટાંત

પરમ પૂજનિક મહાત્મા મહારાજશ્રી ત્રીકમજી બાપુશ્રીને કાંઈપણ કર્તવ્ય તો હતું જ નહિ. પણ સ્વજ્ઞાતિવાળાઓએ મહારાજશ્રીના સદ્‌બોધથી જે કન્યા વિક્રયનો રીવાજ નવીન થયો હતો. તે મહારાજશ્રીનો આશીર્વાદ લઈને બંધ કરેલ છે.

# કન્યાવિક્રય છોડાવવાના દ્રષ્ટાંત

કન્યાવિક્રયના ત્યાગથી પંદરસો ઘરની જ્ઞાતિનું બ્રહ્મતેજ પવિત્ર કરેલું છે અને સર્વે ભ્રમણા છોડાવીને ખરાં તત્વ ઓળખાવ્યાં છે.

★★★

# સ્વજ્ઞાતિને સમજુતિના દાખલા

એક સંન્યાસી ફરતા ફરતા એક એવા દેશમાં આવી ચઢ્યા કે જ્યાં મનુષ્ય પ્રાણીને સૂર્યના ઉદય અસ્ત થવાની ખબર નહોતી તેથી પોતાની અભોરાઈથી આ દેશનાં માણસો દિવસ અસ્ત થાતાં આવેલું અંધારૂં ઉલેચવા માંડતા અને દિવસ ઉદય થયે માનતા કે આપણે અંધારૂં ઉલેચી કાઢ્યું છે તેવા અભોર માણસનું અજ્ઞાન દૂર કરવા વાસ્તે સંન્યાસીએ સૂર્યનો ઉદય તથા અસ્ત થાતાં દિવસ અને રાત્રી થાય છે તેવું જ્ઞાન જ્યારે આ અજ્ઞાન જગત પ્રાણીને આપ્યું ત્યારે તેને અંધારૂં ઉલેચવાના ખોટા જગડાનું ભાન થયું તેથી તેઓ આ જગતમાંથી મુક્ત થયા.

એવા એક શુભપાત્ર દંડી સન્યાસી કોઈ એક બ્રાહ્મણના ઘરમાં જઈ ચઢ્યા ત્યાં એક બ્રાહ્મણે બ્રહ્મદંડી સન્યાસીને શુભ પાત્ર જાણીને પોતાને ત્યાં ભિક્ષા કરવાને માટે આમંત્રણ કરીને પોતાને ઘેર તેડી જઈને ભોજનપાત્ર પીરસ્યું. ત્યાં આ દંડી ભોજન ઉપર બેઠા તે ભિક્ષાના અન્નમાં દીકરીનું માંસ અને રક્ત તથા કીડા તેમના જોવામાં આવ્યા તેથી આ દંડી સંન્યાસી અચંબો કરવા લાગ્યા કે આ બ્રાહ્મણ દેખીતો સુપાત્ર જણાય છે છતાં આ ભોજનમાં શો દોષ થયો હશે તે નક્કી કરવા માટે આ ત્રિકાળદર્શી પુરૂષે જાણી ધ્યાન કરીને જોયું તો એ ભોજન આ બ્રાહ્મણે પોતાની કન્યાના લીધેલા દ્રવ્યમાંથી બનાવેલું

જોવામાં આવ્યું તથા જાણવામાં આવ્યું. આ બ્રાહ્મણ પોતાની દીકરીના દેચના પૈસા લઈ દીકરીનાં લગ્ન કરતી વેળા પોતાના કુટુંબ, પરિવાર, સગાં, સ્નેહી સર્વેને દીકરીના પૈસાથી તે ભોજન કરાવતો હતો તેથી આવું અપવિત્ર ભોજન મને ન ખપે એમ બ્રાહ્મણને કહીને ભોજન પાત્ર ઉપરથી ઉઠીને કહ્યું કે આ કન્યાદાન દીકરીના પૈસા લઈને ભ્રષ્ટ કરેલું છે. જો દીકરીના પૈસા લેવાતા હત તો કન્યાદાન દીધું કહેવાત નહિ કેમકે ગાયના વેચાણ પૈસા લઈને બ્રાહ્મણને દઈ સ્વસ્તી કરાવવી તે સંભવ નથી. તેમ દીકરીના સગપણના પૈસા લેવાથી દીકરી વેચાણ થાય છે તો પૈસા લઈને કન્યાદાન દેવું સંભવીત નથી પણ ગાયની વારીએ પૈસા લેવાથી માવતરે વેચાણ કરી કહેવાય છે તો કન્યાદાન દેવું ભ્રષ્ટ થાય છે તે કન્યાદાન પવિત્ર ગણાતું નથી. કેમકે સર્વે જગત જો પૈસા લેતા હત તો કન્યાદાન કહેવાત નહિ. તે સમયે સર્વે મનુષ્યને દીકરીના પૈસા લેવાની ભૂલથી ઘણો જ અચંબો થયો. કેમકે મનુષ્ય પ્રાણી દીકરીને ખાનપાનથી અને વસ્ત્ર આભુષણથી સુખી થાય ત્યાં પોતાની જ્ઞાતિમાં શુભ પાત્ર જાણીને દેતા હતા. તે કન્યાનાં માવતર પોતાના પૈસાથી લગ્ન કરાવી કુટુંબ, પરીવાર, સગાં સ્નેહીને જાન સહિત પોતાના દ્રવ્યથી જમાડીને દીકરીને પોતાની શ્રદ્ધા પ્રમાણે વસ્ત્ર, આભુષણ, પોતાના દ્રવ્યથી દાયજો દઈને દીકરીને સાસરે વળાવતા હતા પણ દીકરીની સગાઈ વેળા દીકરીના પૈસા લેવા સારૂ દીકરીના સાસરાઓની સર્વે ઈસ્ટોર વેંચાવીને અને દીકરીનાં લગ્ન વેળા આખો દિવસ ઉપવાસ કરીને કન્યાદાન દેવા બેઠા તે સંભવીત નથી. કેમકે કન્યાદાન ભ્રષ્ટ કરીને કુટુંબ, પરિવાર, પંડ સહિત દીકરીના પૈસા ખાવાથી ભ્રષ્ટ થઈ જાય છે અને સાસરે દીકરી મેણાં, ઓશીઆરી કે દુઃખણી થાતાં માવતરને દારિદ્રી થાવાનો શ્રાપ લાગે છે તે બાબત કહ્યું છે કેઃ-

**નર નીતિના હીણ, પ્રજા થાય તેની પાપી**
**કન્યા વેંચીને કણ ખાય, તેને વિરોધના ધણી વ્યાપી**

કોઈ સાચામાણસને દુકૃત કર્મ કરવાનો દોષ ચડાવતું હોય તો તે સાચો માણસ સોગન ખાઈને કહે છે કે આ દુકૃત કર્મ કરવામાં મારી બુદ્ધિ ભ્રષ્ટ થઈ હોય તો ગાયની માટી અને દીકરીનો પૈસો અને મીંદડીના રૂવાં પણ હિંદુને ખપે તો આ દુકૃત કર્મ મને કરવાનો દોષ સંભવે. વળી રૂવાનપાદ રાજાની નવાઈમાં જ્યારે અનિતિથી પાપ વધી ગયું

હતું ત્યારે પૃથ્વી માથે વરસાદ પાણી અને પદાર્થ નહિ થાતાં ત્યારે રાજાએ ઋષિઓને વૃતાંત પુછયું ત્યારે ઋષિઓએ રૂવાનપાદ રાજાને આ દોષનું કારણ બતાવ્યું તથા તમામ હકીકત કહી સમજાવી તે ઉપરથી નિતિધર્મની અને સત્યની આબાદી કરીને રાજાએ પોતાની શાન્તારૂપી દીકરીનાં લગ્ન કરાવીને ધર્મધોર કન્યાદાન દીધું તેથી નમાગ્યા મેહ અને ચિતવીઓ સિદ્ધિઓને પ્રાપ્ત થયા અને જગતમાં પુન્ય પ્રતાપે પદાર્થ અને પાણીથી કોઈપણ ઉન્ચતા રહેતું નહિ.

★★★

# બડાઈ બ્રાહ્મણોની પંદરસો ઘરની જ્ઞાતિઓએ કન્યાઓના પૈસા ત્યાગ કર્યાનું દ્રષ્ટાંત

મહારાજશ્રી ત્રીકમજી બાપુશ્રીની જ્ઞાતિના પંદરસો ઘરોમાં કોઈપણ દીકરીઓના પૈસા લેતા નથી અને ધર્મધોર દીકરીઓ દઈને કન્યાદાન દે છે. દીકરીઓના ઘરનું પાણી પણ માવતર પીતાં નથી તેથી તે જ્ઞાતિ અને જ્ઞાતિનો જ્યાં જ્યાં નિવાસ છે તેટલામાં સર્વે અનર્થ કાર્યથી રહિત થઈ જગત સર્વે સુખેથી વર્તે છે.

આ કન્યાવિક્રય બંધ કરવા વખતે પચાસ ગામની સભા રાજ્યના મુખ્ય કારભારીઓ સહીત ભેગી થઈને તે વખતે મહારાજશ્રી ત્રીકમજી બાપુશ્રીની જ્ઞાતિ ભાઈઓએ સ્તુતિ કરી.

દોહરો

ધન્ય ધન્ય દિવસ આજનો, ધન્ય ઘડી, પળ, વાર
બાપુશ્રી ત્રીકમજી પધાર્યા, શુભ તીથી શુભ વાર

હરિગીત

કૃપા કરી અમ ઉપરી, વ્યાધી સદા નિર્મુળ થઈ
પધાર્યા બાપુ પ્રેમથી, જડ બુદ્ધિની શુદ્ધિ થઈ
ઉપદેશ આપે સર્વને, સમજાય તેવો સ્નેહથી
મહારાજ ત્રીકમજી ભલે, બાપુ પધાર્યા પ્રેમથી
સત્કર્મને સત્ધર્મ પાળી, શોભતા શુભ સાથમાં
યોગાભ્યાસ બહુ આદર્યો, રેખા રૂડી છે હાથમાં
ગામો ગામે આવીને, શુભ બોધ દીધો નેમથી
મહારાજ ત્રીકમજી ભલે, બાપુ પધાર્યા પ્રેમથી
નિતિ ધર્મ અને સત્યનું જ્ઞાન આપી સર્વને
ખરો અનાદિનો ધર્મ પાળી, ઋષિ મુનિઓનો

## ખરું તત્વજ્ઞાન બક્ષી, અન્યાય કાઢયો પ્રેમથી
## મહારાજ ત્રીકમજી ભલે, બાપુ પધાર્યા પ્રેમથી

લલિત

જગત બ્રહ્માંડમાં કરૂણા કરો બ્રાહ્મણ ક્ષત્રિયો તમે પાપને હણો
અરજ અમારી જગત જગપતિને કેર કાપીને સંપતિ આપીને
જગત બ્રહ્માંડમાં કરૂણા કરો બ્રાહ્મણ ક્ષત્રિયો તમે પાપને હણો
સૂર્ય ચંદ્રમા લોચનો ધર્યા બાંહ્ય બાહુગ્રહી અધર્મને હણો
જગત બ્રહ્માંડમાં કરૂણા કરો બ્રાહ્મણ ક્ષત્રિયો તમે પાપને હણો
રાજા દિન દયાળુમાં કરૂણા રહી મેઘરાજથી વૃષ્ટિ રે થઈ
જગત બ્રહ્માંડમાં કરૂણા કરો બ્રાહ્મણ ક્ષત્રિયો તમે પાપને હણો
ઉગ્યો સૂર્ય ને રેનરે ગઈ પૃથ્વી પવિત્ર તો ક્ષત્રિયથી થઈ
જગત બ્રહ્માંડમાં કરૂણા કરો બ્રાહ્મણ ક્ષત્રિયો તમે પાપને હણો

શ્રીમાન સદ્‌ગૃહસ્થો હું પામર સેવક મારી અલ્પ મતિથી જે કાંઈ મેં જોયું છે તેને માટે આજે આંહી જ્ઞાતિ સભાના મુકામે પધારેલા યોગેશ્વર અખંડ પ્રૌઢ પ્રતાપ ધર્મ ધુરંધર રાજ રાજેશ્વર ગોબ્રાહ્મણ પ્રતિપાળ મહારાજ મહાત્મા શ્રી ત્રીકમજી બાપુશ્રી કે જે હાલના આ સંસારનો ત્યાગ કરીને કેવળ આપણી ભારત ભૂમિમાં થતાં અધર્મોને અટકાવવા અને બ્રાહ્મણોના થતાં કુકર્મો નહિ જોઈ શકતા ભૃગુઋષિ રૂપે જે પરિવર્તન કરી આપણા જ્ઞાતિભાઈઓ તેમજ ભારતવંશી ભાઈઓને માટે દેહનું દમન કરીને રહ્યા છે તે માટે બે બોલ સભામાં બોલું છું તો મને ક્ષમા આપશો.

ભાઈઓ આજે આપણાં અહો ભાગ્ય કે આજે બાપુશ્રી ત્રીકમજી બાપુશ્રી ભૃગુઋષી રૂપે આહીંની નટવરનગર ગામ જ્ઞાતિની સભામાં જે બોધરૂપી અમૃતધારાનું પાન કરાવી આ સ્વદેહે તત્વજ્ઞાનનું તથા બ્રહ્મતત્વનું જ્ઞાનરૂપી પાન કરાવે છે તેવા મહાત્માનાં દર્શન થવા પણ દુર્લભ છે તેમ સમજી આપણા ભાગ્યની ઉજ્જવલતા કરવા જે આ કુગ્રામ કે જેમાં લેશમાત્ર નિતિ ધર્મ નથી, દયા નથી, ધર્મ નથી, જ્યાં ધર્મ નથી ત્યાં નિતિ નથી, જ્યાં

નિતિ નથી ત્યાં કર્મ નથી. જ્યાં કર્મ નથી ત્યાં દયાહીણ વર્ણશંકર પ્રજા ઉત્પન્ન થાય છે ત્યાં ધર્મનો નાશ થઈ અધર્મની વૃદ્ધિ થાય છે ત્યારે હળાહળ ક્લીયુગનો પ્રભાવ જોર કરે છે. તો હે ભાઈઓ સર્વે કોઈ સમજી શકતા હશો કે અત્યારે કેવો ક્લીયુગ ચાલી રહ્યો છે, તેમાં મારે મોઢેથી કાંઈ બોલવું ઉચીત નથી. તમે તમારી બુદ્ધિથી પણ જોઈ શકતા હશો. ક્લીયુગનો પ્રભાવ કેમ જોઈ શકાય તે જુઓ કે પ્રથમ આપણા વડવાઓ ગાયો અને બ્રાહ્મણોનું રક્ષણ કરતા હતા, તે ગાયોને આજે ઘાસ પણ ખાવા મળતું નથી અને હજારો બલ્કે કરોડો નિર્દોષ ગાયો કોઈનો પણ અપરાધ કર્યા વગર મારી જાય છે અને કતલખાનામાં કતલ થાય છે. અરેરે જરાક તો જુઓ આંખો વીંચી કેમ બેશી રહ્યા છો તે બધું કારણ અધર્મ, તે અધર્મની અંધતાઈને લીધે કોઈપણ જોઈ શકતા નથી. બીજું આપણા વડવાઓ પોતાની દીકરીઓનો પૈસો ગૌવધ જેવો માનતા, તે આજે દીકરાને પરણાવવા હજારો રૂપિયાનો ખર્ચ કરી ધામેધુમેથી લગ્ન કરીને ઘેરે વહુને લાવીએ છીએ. જ્યાં વહુને લાવીએ ત્યાં ઘરનાં મકાન પણ ગીરો મુકાઈ જાય છે અને દીકરીના હજારો પૈસા લેવા મમતા રાખીએ છીએ. હે ભાઈઓ આંખો તો ઉઘાડો કે જેટલે દરજ્જે દીકરો હકદાર છે તેટલે દરજ્જે દીકરી પણ હકદાર છે. શું દીકરાનો પિતા તું થયો છે અને દિકરીનો પિતા તું ન હોય તો દિકરીને શા માટે ખવરાવી પીવડાવીને મોટી કરી અને અધર્મને રસ્તે દોરવાઈ તેના પૈસા ગ્રહણ કરવા મમતા રાખે છે. માટે હે ભાઈઓ જરાક તો વિચાર કરો કે તમને તે દીકરીનાં લગ્ન કરવાં જેટલી પણ શક્તિ ન હોય તો ચાર જણને બોલાવી યથાશક્તિ અન્નપાન અતીથીરૂપે આપી લગ્ન કરી દેવાં ઉચિત છે. માટે છતી આંખે અંધ બની અધર્મમાં કેમ દોરાઈ ગયા છો, જરા ધર્મના અનુયાયે વડવાઓની નિતિરીતીને સંભાળીને યાદ કરો યાદ કરો.

ભાઈઓ મારૂં હૃદય આજે બોલ બોલતાં ધ્રુજે છે કંપે છે. દીકરી અને ગાયને તમો જ્યાં દોરીને મૂકશો ત્યાં દોરાશે તે તમોને કાંઈપણ શબ્દ બોલી શકશે નહિ. અહાહા ઓ પ્રભુ હવે હૃદય બળે છે અને હવે હદ થાય છે. કળીનો પ્રભાવ હળાહળ ભરાઈ ગયો છે. ઓમારા જગતગુરુ ભૃગુઋષિ પાલક પિતા ત્રીકમજી બાપુ તમોએ જે આ સ્વદેહે અનિતિ થતીને અટકાવવા જે બોધ અને જે વાક્યો કન્યાવિક્રય માટે બોલો છો તેને ધન્યવાદ છે.

આવા કલીકાળમાં આપ જેવા વીર પુરુષ કે જે યોગસિદ્ધિ કરવાને ન સમર્થ થયા હોત તો પૃથ્વીને ટકવું પણ બહુ જ મુશ્કેલ થઈ જાત.

વાહ પ્રભુ તારી માયા અજબ છે, તારી ગતિનો કોઈ પાર પામી શકતું નથી. ઘડીમાં રમાડે છે. ઘડીમાં રોવરાવે છે. તેના ભેદને કોણ જાણી શક્યું છે પણ જાણ્યું હું જેટલું જોઈ શક્યો છું. હું મારા અનુભવ પ્રમાણે જેટલું જાણી શક્યો છું તે પ્રમાણે કેવળ પૃથ્વીનો ભાર ઓછો કરવા મહાત્મા યોગેશ્વર રાજરાજેશ્વર શ્રી ત્રીકમજી બાપાને તો માન ઘટે છે કે તે પોતાની દેહને કેટલું કષ્ટ આપી પ્રભુતાઈ મેળવી જોવાનું જોઈ શક્યા છે. ઓ મારા પામર ભાઈઓ જરા તો વીચાર કરો કે આજે આપણા અહોભાગ્ય કે જેનું નામ શું છે કે ત્રીકમજી જો તેનું વ્યાખ્યાન કરશો તો પાર નહિ આવે માટે ટુંકમાંથી "ત્રી" ને "કમ" તે કોનું નામ હતું. ગીતાજીમાં અર્જુને કહેલ છે કે હે ત્રીકમ હે મધુસુદન એવા પ્રભુ હું આપને પુછું છું કે જેમાં મારૂં નકીપણે કલ્યાણ રહેલું હોય તે વાત મને કહો અને તે રસ્તો મને બતાવો તો આજે આપણા ધન્ય ભાગ્ય કે તેજ ત્રીકમ આંહી આવી પહોંચ્યા છે અને તેઓએ હાથમાં અધર્મને દૂર કરવા સારૂ ચાબુક ધારણ કર્યો છે તો હે ભાઈઓ બ્રહ્મજ્ઞાતિમાં અવતાર લઈ કરવાનું ભૂલી જઈ અવળે રસ્તે દોરવાઈ શ્રેષ્ઠતાને કેમ ભૂલી જાઓ છો. આજકાલના અધમતાને વશ થયેલ પૈસાના ભોક્તા રાજ્યવૈભવ જેવું સુખ ભોગવવાની શુદ્ર લાલસામાં મચી રહેલા ધર્મઢોંગી ગુરુઓ થઈ બહુજ ઘરઘર ભટકે છે. હજારો બલ્કે લાખો ભારત ભુમિને બોજારૂપે ગુરુઓ થયા છે તે તમે જાણતા હશો એટલે આ જગ્યાએ મારે બોલવાપણું રહેતું નથી તો તેવા સુખસંપતિના ભોકતાને દૂર કરી પધારેલા જગતગુરુ મહાત્માશ્રી ત્રીકમજી બાપુશ્રીના વ્યાખ્યાનને એકાગ્રહે ચિંતવન કરી જો એક પણ શબ્દ તમારા કર્મને તૃપ્ત કરશો તો આ મીથ્યા જગતને જીતી પ્રભુપદને પામશો. મારે બોલવાનું ઘણું છે પણ મારા જગતગુરુ ભૃગુઋષિને પરિશ્રમ આપવો તે ઉચીત નહીં જણાતા બંધ કરૂં છું. ભૃગુઋષિને પરિશ્રમ આપ્યો તે માટે હું ક્ષમા ચાહું છું. ભૃગુઋષિ જેવા મહાત્માની પાસે હું પામર કિંચીત માત્ર રજકણરૂપે છું. માટે ઓ પ્રભુ અમારો ઓદ્ધાર કરો ઓદ્ધાર કરો.

સદાએ ભારતભૂમિના બાળકો અધમતાને વશ થયા છે
કરવાનું ભુલી જઈ કુકર્મને દોષે છેદાઈ ગયા છે
હૃદયમાં કાળે ડાઘે ઉજવલતાને અંધ કરી છે
અરેરે બાપુજી ત્રીકમજીએ પધારીને ઉગારી છે
અમે અધમ બાળકોતણા તુટેલો દોર સાંધોને
દયાના વેશમાં આવી વિનતી ઉર ધારોને
થયેલા ભ્રષ્ટતાને બચાવી પ્રાણ ઉગારો
નિતીનાં વાક્યોરૂપી અમૃતનું પાન કરાવો
અરે રે નાવ મારૂં ડુબતું આપ જાણી
સુકાની આપ થઈને બચાવો પ્રેમ આણી

વાહ, વાહ, શું આપશ્રીનું વાત્સલ્ય પ્રભાવ શું આપની નિર્મળ વાણી કે જે લખતાં કે જે મને ઉમંગ (ઉત્સાહ, હર્ષ) થાય છે જે લખતાં અદ્વૈત સીદ્ધાંતરૂપી અમૃત વર્ષાવનારી ભગવતી એટલે ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી જ્ઞાન અને વૈરાગ્યતાના ધારારૂપી જન્મ, મરણ, અહંતા, મમતારૂપ સંસારને ટાળનાર હું આપને વારંવાર દંડવત કરૂં છું કે હે વિશાળ બુદ્ધિવાળા યોગેશ્વર આપે મહાભારતરૂપી તેલ પુરીને જ્ઞાનરૂપી દીપક પ્રગટાવ્યો છે. શરણ થનારને કલ્પવૃક્ષની પેઠે ઈચ્છીત ફળ આપનાર છો. આપના ઉપદેશ વડે પ્રફુલ્ય જગતમાંના સજ્જનરૂપી ભમરાઓ નિરંતર આનંદપૂર્વક આપના બોધનું પાન કરશે તો કલીકાળમાં પાપનો વીનાશ થઈ ધર્મને પંથે દોરવાઈને જય જયકાર થશે માટે હે ભાઈઓ મારી અલ્પબુદ્ધિથી હું જે કાંઈ બોલું છું તે અપરાધ ક્ષમા કરી મારા ઉપર દયા લાવશો.

આ અસાર સંસારની મોહમાયાનાં લુબ્ધ થઈ આર્યા ભાઈઓ કરવાનું ભુલી જઈને અવિચારી પગલે આચરણ કરે છે અને કરાવે છે તેમાં પણ વિશેષ બ્રહ્મજ્ઞાતિમાં જન્મ લઈ વર્ણશંકર પોતાના સ્વધર્મ ભુલી જઈ કેવળ નિસ્તેજ બની સ્વાર્થ સાધવા અનીતીના કાર્યો કરે છે અને કરાવે છેતેથી જ્યાં પ્રજા ઉત્પન્ન થાય ત્યાં ધર્મ હોય જ ક્યાંથી. જેને પોતાનું ભાન નથી કે જેને હું કોણ છું તેવું પણ જ્ઞાન નથી તે કેવળ આ દુનીઆમાં મીથ્યા ભારરૂપ અવતરી કાગડા કુતરાની પેઠે પેટનું પોષણ કરી ઘર ઘર ભટકે છે. તેઓના

આત્મામાં, હે ત્રીકમ, હે મહર્ષિ, હે ભૃગુઋષિ આપની માયાએ કરી દયાના આવેશનું ભાન કરાવો, ભાન કરાવો કે જેથી દુનીઆમાં આ ભારતવંશી ભાઈઓ કરતાં અધર્મમાંથી બચી ધર્મ પંથે વીચરે. મારા જગતગુરૂ ભૃગુરૂપે રાજ રાજેશ્વર ત્રીકમાચાર્ય જે કષ્ટ ઉઠાવી રહ્યાં છે અને દેહદમન કરી બ્રાહ્મણોમાં થતાં કુકર્મો અટકાવવા જે પરિશ્રમ ઉઠાવી રહ્યા છે તેથી હવે મને આશા છે કે અધર્મનો અંત આવી રહ્યો છે. આજ દિવસ સુધી હું મારી બુદ્ધિ પ્રમાણે અવલોકન કરતાં જે જે ધર્મગુરૂઓ થયા છે તે કેવળ પોતાનો જ સ્વાર્થ સાધવા અને પૈસાનો સંગ્રહ કરી વૈભંવ વિલાસના ભોકતા થવા અને દુનિઆમાં પોતાની મહત્તા વધારવા જ જ્યાં ગમન કરી ઉપદેશ કરે છે ત્યાં બોધ ક્યાંથી લાગે. અરે રે ભાઈઓ તમે પોતે જોઈ શકતા હશો માટે મને નાહક શા માટે બોલાવો છો.

જાુઓ તો ખરા મોટાં મોટાં રાજવૈભવ જેવાં આશ્રમો બાંધી વનિતાઓ સાથે વૈભવમાં પડ્યા છે અને કહે છે કે બાળીકાઓને બોધ અપાય છે અરે ભાઈઓ છતી આંખે અંધ કેમ બની રહ્યા છો બોધ અપાય છે કે ભોગ અપાય છે આવા જ્યાં ગુરૂઓ પોતાનો સ્વાર્થ સાધવા હજારો સેવક અને સેવકીઓ બનાવી રાસરમણમાં પોતે ડુબે છે અને બીજાઓને ડુબાડે છે તેનો હે ભૃગુરૂપે ત્રીકમ જલદી વિનાશ કરો કે દુનિઆમાં થતાં અધર્મો અટકાય.

મારો લખવાનો ભાવાર્થ એવો છે કે દુનિયામાં હું બહુ બહુ રખડ્યો છું હિન્દુસ્તાનની મુસાફરી બહુ વખત કરી કે જ્યાં મસુરીના પહાડ ઉપર નામદાર નવાબ સાહેબને શિક્ષણ મળતું હતું. બાલાશીનોર સ્ટેટના નવાબ સાહેબ સાથે હું (રામશંકર ઝીણાભાઈ યાજ્ઞીક) દાર્જીલીંગ ક્યાં અને કોલંબો ક્યાં અને ક્યાં કાઠીઆવાડ વગેરે ઠેકાણે હજારો અવાર નવાર ધર્મઢોંગી ગુરુઓના પરિચયમાં આવ્યો છું અને ફસાયો છું તેથી વિનંતી કરવી પડે છે કે હે ભાઈઓ આવા વૈભવવિલાસી ગુરૂઓથી બચી આપણા કર્મ સંજોગે પ્રાપ્ત થયેલ અમુલ્ય મણી રત્નરૂપ મહર્ષી બ્રહ્મવેત્તા અને તત્વવેત્તા જે ઉપર કહી ગયો તેવા ગુરૂનો બોધ ધારણ કરો કે જેથી તમારો ઉદ્ધાર થાય.

ધન્ય છે પોરબંદર નરેશ મહારાજા શ્રી મહારાણા કે જેણે જગતમાં પોતાની ઉજ્વલ કીર્તી ગામેગામ અને ઠામેઠામ પ્રસરાવી છે. ભલે ક્ષત્રિય કુળદિપક કૌશલ્યા સમ માતાને પેટે અવતાર લીધો. અહાહા આજે મને લખતાં હર્ષ થાય છે કે બાપુશ્રી મહર્ષી ભૃગુઋષિ ત્રીકમજી બાપા પણ આવા કુગ્રામ નિવાસમાં યાદ કરે છે અને કહે છે રાણા સાહેબનો જય થાઓ જય થાઓ. આવા પરમ કૃપાનિધાન સર્વસ્વ જગતને જેણે જીત્યું છે તે પણ સ્વમુખે આશીરવચન આપી રહ્યા છે અને કહે છે કે જ્યાં નિતિ ધર્મનો વાસ છે અને અધર્મનો પરાજય કર્યો છે તેવી ભૂમિમાં વાસ કરનારને પણ ધન્યવાદ છે. અહાહા પરમ કૃપાળુ મહર્ષી અમો અભાગીઆને તેવા રાજવી વીર નરનાં દર્શન કરાવશો કે જેથી અમારા ભાગ્યનો ભાનુ પ્રકાશી અમારા આત્માની શાન્તિ થાય. આ સમાગમમાં કહું છું કે ખરા ક્ષત્રિય કુળદિપક રાજવીર ગૌબ્રાહ્મણ પ્રતિપાળ તરીકે આગળના ઈતિહાસમાં ઘણાં નામ વાંચ્યા છે (હશે) પણ જોઈ શક્યા નથી તે જોવાનો પ્રભુએ ટાઈમ આપ્યો છે કે જેનું નામ નટવરસિંહજી છે. અહાહા આવા નટવરનાં દર્શન કરવાનું કોનું દીલ ન ખેંચાય એવો અભાગી કોણ હશે કે જ્યાં દર્શન હજી સુધઈ નહિ થયાં હોય માટે આ જગ્યાએ એક ટુંકમાં વેણુંનાદ લખું છું.

રાગ : આશા

જ્યાં નટવર તોરી મૂર્તિ મુજ નયનમેં બસી રહી
ક્ષત્રિય કુળદિપક પ્રગટ ભયો ચલો સબ દેખન આજ
મોરલીધર મોહન ખેલત, નટવર અમર રહો.
તેરો નામ... નટવર.

ત્રિવિધિના તાપ તું હર ત્રીકમ, કરી શત્રુનો સંહાર
યુગ યુગ જામો અવિચલ ગાદી, કરી ધર્મના
કાજ..... જય નટવર.

સેવક તારો રામ અને શંકર, વિનતિ કરે કર જોડી
દર્શન આપી લેશો ઉગારી, રાખી તમ પાસ
સદાય.... જય નટવર.

★★★

હે જગદીશ તું પરિબ્રહ્મ, માયા તારી કળી ન કળાય,
ભગુરૂપે હે તું ત્રીકમ, અવતાર લીધો છે બહુ અનુપમ
કુળદિપક ગામ કુણવદરમાં, પ્રગટી લખ્યા લેખ વીધીએ
ભારી... હે જગદીશ.

હરિદાસ કહેતાં હરિહર, પાળક પિતા થયા ધરણીધર.
માતા લાછુબાઈના સુત, દીધી શીખ બહુ જ અખૂટ... હે જગદીશ.
બ્રહ્મ અને તત્વને નિહાળી, કરી સૃષ્ટિની બલહારી
ઉજવલ ભૂમી કરી જેઠવાની, વાસ કર્યો જઈ જંગલમાંહે...
હે જગદીશ.

દાસ તારો વિનતિ કરે છે, આ ભાવસાગરમાંથી લ્યો ઉગારી,
શરણાગતને રાખી શરણમાં, ક્ષણભર પણ કરશો નહિ
ન્યારો... હે જગદીશ.
વિખુટો પડ્યો હતો બાળ તમારો, ગોથાં ખાતાં આવ્યો કિનારો
છોડું કેમ હવે ત્રય ત્રિકમ, કાપો તમે હવે કષ્ટ હમારો...
હે જગદીશ.

## લલિત છંદ

અરર નાથરે શું હવે થશે, દિવસ મારા કેમ રે જશે
પિતાજી તમે કોપ શો કર્યો, વૃદ્ધ પતિ તમે મુજને વર્યો
વર્ષ એંશીનો દંડ તો ધર્યો, બુદ્ધિહીણ છે ક્રોધનો ભર્યો.
શ્વેત કેશને લાર તો જરે, કંપવાયુમાં કંપ તો ફરે.
ગ્રહી બાંહ્યને ઉઠતો કરૂં, નિહાળી નાથને જીવતી બળું.
શ્રવણ કાન તો શુન્યરે થયાં, લોચન અંધ છે તેજ તો ગયાં.
વિષય વાત તો જાણતો નથી, વિર્યહીણ છે શું કહું કથી.
અનેક વસ્ત્ર તો છે નહિ જ્યાં, ભુવન શોકનું સુખ નહિ ત્યાં.

યોવન માહરૂં જાય છે વહી, વૃદ્ધ પતિતણા સંગમાં રહી.
જન્મ માહોર તો ગયો વૃથા, કહું ક્યાં જઈ કર્મની કથા,
કસાઈ કામ તો ક્રુર તે કર્યું, રૂધિર રંકનું તે મુખમાં ધર્યું
મુરખ મૂળ તો તાહરૂં જશે, પાપી પંડમાં વેદના થશે,
સંબંધ માંહે તો સહાયતા કરી, આશીશ આપું છું તેહને ખરી.
નર્કમાં પડો ગાત્ર તો ગળો, ટળી મનુષ્યને ભુતમાં ભળો.
કુટુંબીજનો પિતાજી તણા, વેવીશાળમાં આવીઆ ઘણઆ.
ભોજન તે જમે રૂધીર માંસનું, માનજો ખરૂં કહેવું દાસનું
લઈ દામને વિરોધી ગાયને, અજાણ તો નથી કર્યું છે આપને
જ્ઞાતિ માંહે તો સુજ્ઞ છે નહિ, ધર્મ તો ગયો સમુદ્રમાં વહી.
દલાલી કામ તો વડીલો કરે, પાપી અન્નથી પેટને ભરે.
કુટિલ કાગને સહાયતા કરે, હરામ નિતિ છે કાર્ય શું શરે.
બ્રહ્મકુળમાં જન્મ પામીને, નિતિધર્મ તો બેઠા વામીને.
સંકટ વેઠીને સહાયતા કરો દુર્બળ રંકના દુઃખને હરો.
સત્યશાસ્ત્રથી મુળ કાપીને અધર્મ પાપીને દંડ આપીને.
વધે યશને લાભ તો મળે વૃક્ષ ધર્મનું પ્રેમથી ફળે.
બેસી શું રહ્યા આળશુ બન્યા લાહી લાગી છે ધર્મ તો ફના.
સત્યજલથી બુઝાવો આગને જ્ઞાતિમાં મણી કોઈ જાગને.
હૃદયમાંહે તો રીશ ના કરો પુરણ પ્રેમથી ચીતમાં ધરો.
અરજ એવી છે આપ દાસની અકર્મ શું સગાઈશ્વાસની

(રાગ વૈદરભી વનમાં વલવલે)

પિતાજી તમે સાંભળો, મારા દુઃખની વાત.

શરીર મારું શોષાઈ ગયું, એમ કરતાં ઉત્પાત.... પીતાજી
વૃદ્ધ જમાઈ છે તાહરો ખાવા નથી રે અન્ન.
ઉંડે કુવે રે ઉતારી મને, લઈને ઝાઝું ધન.... પીતાજી

મુઈ નહીં માતા વાંઝણી, કીધો કાળો કેર.
માંસ ખાય છે ગાયનું અંતે ચડશે ઝેર.... પીતાજી
વસ્ત્ર નથી મારે ઓઢવા ખુલ્લું છે મારૂં અંગ.
અન્ન વિના અકળાઈ ગઈ, થયો પાપીનો સંગ.. પીતાજી
હાયહાય હવે હું કરૂં કરવો શોરે ઉપાય
સત્યાનાશ જાજો બાપનું, હલાલી છે ગાય... પીતાજી
કામ કીધા છે માબાપના, છતાં વાર્યું છે વેર.
રૂપીઆ ગણી રોકડા, મને દીધું છે ઝેર. ... પીતાજી
આશીષ અબળાની એઠલી, થાજો કુળનો નાશ.
અળગા રહેજો એ કામથી, કહે દાસનો દાસ.. પીતાજી

(રાગ સદર)

વાત કહું હું શું હવે, કહેતા જીભ કપાય.
પાપી પીતાના સંગથી, હૃદય બળે છે લાય... વાત.
પરણાવી વૃદ્ધ રોગીને, લઈને ઝાઝું ધન.
સાસરે જઈને શું કરૂં, ખાવા નથી રે અન્ન... વાત.
જળ ભરવાને હું જાઉં છું, સાહેલીઓની સાથ.
લાજી મરૂં છું એ કંથથી, મુઈ નહિ મુજ માત... વાત.
સખી લાગી છે પુછવા, કેવાં સ્વામીનાં સુખ.
રૂદન કીધું મેં ધ્રુસકે, સજડ પામી છે દુઃખ... વાત
ફાંસી બાંધીને હું મરૂં બીજો નથી રે ઉપાય.
શિયળ સાચવવું માહરૂં, વૃત ભંગ ન થાય... વાત.
જરૂર જીવીશ હું નહિ, હવે કુડાં ચડે છે આળ.
પારધિ પીતા છે માહરો, આણ્યો મારો કાળ... વાત.
સજજન તમે સાંભળો, કહે છે દાસનો દાસ
ધીક ધીક તેવા તાતને, થાજો કુળનો નાશ... વાત.

(રાગ કવાલી)

અહો દ્વીજ દીકરીવાળા, તમારા સ્વાર્થને બાળો
તમે દામને લોભે શું કર્યો કેળ કાળો
અણસમજુ બીચારી બાળા, પરણાવી વૃદ્ધની સાથે
કર્યા હાથ તે કાળા, આવશે દુઃખના દહાડા
ભણેલો ગુણવંત સાણો, વયમાં હોય જો નાનો
વિવેકમાં સભ્યતા સારી, દીલમાં હોય જો દાનો
તમે એ પ્યારી પુત્રીને, અરે તે સાથ પરણાવો
વીચારો કાઈ તો વહાલા, સરમ કાંઈ લોકની લાવો
પૈસા પુત્રીના લઈને, થયા છે કોણ સુખી
બતાવો એક તો એવો, દીઠા છે તેમને દુઃખી
જો ચાહો કલ્યાણ સુતાનું, તો પૈસા નહિં લેશો
જોઈને યોગ્ય વર કન્યાને, તમારી તેહને દેશો
અરજ આ દાસની છે, પ્રભુ તું દીલમાં લેજે
ન વેંચે બાપ બેટીને, એવી સારી બુદ્ધિ દેજે.

(રાગ જે જે સત્યનારાયણ)

જે જે જગ સ્વામિ આનંદ પામી
અંતરજામી અરજ કરૂં છું આજ... ટેક.
દીકરી વેંચીને દામ જ લીધા ખાધું છે અખાજ
માંસ રૂધિર તેને માનો હોય નહિ આજ...

...જે જે જગ.

દેવને જ્યારે દુઃખ જ પડ્યું સભા ભરી ઈન્દ્ર રાજ
એમ પંડિતો સર્વે પધાર્યા મલ્યો છે બ્રહ્મસમાજ

...જે જે જગ.

ગરૂડે ચડીને ગોવિંદ આવ્યા કરવા દ્રૌપદીનું કાજ
એમ પોકાર અબળાનો સુણી આવ્યા ત્રીકમજી મહારાજ

... જે જે જગ.

કલીને કાપી સત્યયુગ સ્થાપી રાખી અમારી લાજ.
તૂટેલી પાછી ફરીને બાંધી ધર્મ તણી એ પાજ...

જે જે જગ.

દાસનો દાસ વિનતિ કરે છે સુણો બ્રહ્મ સમાજ.
સત્યને ગ્રહો સંપત રાખો તો ઓલાશે દીલની દાઝ...

જે જે જગ.

(રાગ : મારૂં જાજ સમુદ્રમાંય)

અરજ અબળાની છે, પ્રભુ હૃદયે રાખજો રે
કન્યા વિક્રય બહુ કરતા, પાપ થકી તે નહિ ડરતા
એવા પાપીને પ્રભુ સંહારજો રે.. અરજ.
મહા દરિએ વહાણ જ મારૂં, ઉગરવાનું નથી એકે બારૂં
સુકાની ત્રીકમજી તમે તારજો રે... અરજ.
સત્ય તણી તો સઢ ચડાવી, પ્રેમજીભાઈ બન્યા છે નાવી
તમે સુરતા સઢ સામી રાખજો રે... અરજ.
સંપ પવન થયો છે ચાલુ, બાપુજી બન્યા છે રખવાળુ
કુસંપી મગરમચ્છને મારજો રે... અરજ.
બાપુજીએ કીધો ધારો, ચાલ્યું વહાણને આવ્યો આરો
દાસનો દાસ કહે પ્રભુ તારજો રે... અરજ.

(રાગ : સદર)

મારૂં વહાણ કિનારે આવ્યું સાંભળીઆ સંભારજો રે
કસ્ટમમાં કોરટ મોટી, જગાત લીએ છે ખોટેખોટી
બાપુજી તેમાંથી બચાવજો રે.. મારૂં વહાણ.
માત પીતા મારાં વેપારી, કમાવાની છે હોંશ ભારી
ગયા ભાવને દીવાળું કાઢજો રે... મારૂં વહાણ.
દલાલીને તો દુકાળ જ પડ્યો, ખોટનો હિસાબ ખાતે ચડ્યો
તેની દુકાને દાહ લગાવજો રે... મારૂં વહાણ.
સત્યપુરથી શેઠ જ આવ્યા મુનિ સારા સારા લાવ્યા
તેના હુકમને તમે પાળજો રે... મારૂં વહાણ.
સત્ય તણી દુવાઈ ફેરવી, માર્યા દુષ્ટ હતા જે વેરી
દાસનો દાસ કહે સંપીને ચાલજો રે.. મારૂં વહાણ.
અરજ છે એ મારી, છે બધાને હિતકારી
સુણો પ્રેમથી પ્યારા, છો તમો બંધુઓ મારા
નટવરપુર છે સારૂં ખુલ્યું છે ધર્મનું બારૂં
ગયો અધર્મ ને અંધારું સૌ કહે છે સારૂં સારૂં
મહાત્મા ત્રીકમજી બાપુ, શિક્ષણ ધર્મનું આપ્યું
જીર્ણોદ્ધાર ત્યાં કીધો, કષ્ટ જ્ઞાતિનું કાપ્યું
કેશરી ત્રીકમજી કોપ્યા, બીજ ધર્મના રોપ્યા
વૃષ્ટિ ત્યાં પુષ્પની થાયે, ગવૈયા ગાન ત્યાં ગાયે
ગયો કુસંપને મારું તારૂં થયું બાપુજીનું ધાર્યું
મલ્યા છે વિપ્ર ત્યાં મોટા, વચન બાપુજીનું પાલ્યું
આગેવાનો થયા સારા, મીત્ર મંડળવાળા
બન્યા છે સત્યમાં સુરા, બન્યા છે જ્ઞાતિમાં હીરા
કન્યા તણા કષ્ટને કાપ્યું, અવીચલ સુખ તો આપ્યું

કામો કસાઈનો ટાળી, ગયું દુઃખને હદવાળી
કરેલો ધર્મ ધારો સૌ તમે પ્રેમથી પાળો
મટી જાશે ડાઘ કાળો, મટી ગયાં ખાતા ગાળો
એકાશીની સાલ સારી, વદી એકાદશી પ્યારી
થયો ધારો ચૈત્ર માસે, કહ્યું છે દાસના દાસે

(રાગ કવાલી ગઝલ)

વદીએ અમો અનાથ બાળા, છો તમો પ્રભુ દીન દયાળા
ઉદય સત્યનો કીધો, દાયજો કોડનો દીધો
ખરા વૈરી તે માત પીતા, ડરતા તે નહિ દ્રવ્ય લેતાં
રંડાપો દાયજે દેતાં, કન્યાદાન દીધું છે એમ કહેતાં
ગળીયેલમાં ચુંડલી રંગી, ઓઢાડતો પીતાજી ભંગી
રંગ રાતો હવે કીધો, દાયજો ખુબ હવે તો દીધો
માતા હતી મારી પાજી, લઈને રૂપિયા થાતી રાજી
આંખે પડી ધુળ ઝાઝી, ત્રીકમજી બાપુ રહ્યા ગાજી
મને સાસરે સુખ નહોતાં, મહેણાં મને સૌ દેતાં
ભુખ તારે બાપે દીધી, સૌ મને એમ કહેતાં
ગયો ડાઘને રંગ રાતો, પતિ સાથે પ્રેમ નાતો
સુખ દુઃખ તે ભાગ્યની સાથે, ગયું કલંક મારે માથે
દીકરી વેંચીને ખાવું, ગાયના લોહી માંહે નહાવું
જનોઈ પણ લોહીવાળી, બન્યા છોભંગીથી ભારી
દિકરીનું દ્રવ્ય લીધું, રુધીર ગાયનું પીધું
હશે સંપતિ સર્વ નાશે, સત્યાનાશ તેનું થાશે
મીલ્કત મળી પુત્રને સારી, પુત્રી ગળે આપી પાળી
પ્રભુ આ અન્યાય કેવો, ક્યાં સુધી અમારે સહેવો

પીતાજી મારા ત્રીકમજી બાપુ, અવીચલ સુખ તો આપ્યું
આગેવાનો બહુ સારા, ઘણું જીવો પ્રાણથી પ્યારા
આશીશ અમારી એવી, સહાય થાજો લક્ષ્મી દેવી
પ્રભુજી સદાય પાસે, કહ્યું છે દાસના દાસે

★★★

(રાગ રાસડાનો)

હરિ સખી આવો તો કહું એક વાતડી રે
હૈડે હરખ ન માય, હળી મળી સૌ રમીએ આપણે રે

સાખી

સાંભળેલી સર્વે કહું, બીના બની છે આજ
નટવરપુર સોહામણું, મલ્યો છે બ્રહ્મ સમાજ
વિપ્ર આવ્યા છે દેશે દેશનારે જોતાં ગુણ તણો
નહિ પાર... હરિ સખી.

સાખી

પ્રથમ સહાયતા મળી, વયોવૃદ્ધ છે ગુણવંત
નામ કરસનજી તે તણું, સવરાજ કેરા તન
એવું માજલપર રૂડું ગામ છે રે, જયાં
વિપ્ર તણો છે વાસ... હરિ સખી.

સાખી

યોગી થઈ જંગલ વશે, સદા રહે નિરાધાર
તત્વજ્ઞાનને પામીઆ, છો નોધારાના આધાર
એવા ત્રીકમજી બાપુ ત્યાં આવીયા રે
ભગુવંશી ઋષિરાજ.. હરિ સખી.

સાખી

કન્યા વિક્રય કરતા હતા, કરતા બહુ અન્યાય
અરજ સાંભળી છે આપણી, પ્રભુ થયા છે સહાય
સૌ પહેલાં બાપુજી એમ બોલીયા રે
માનો વચન મારૂં આજ... હરિ સખી.

સાખી

દામ લેવા નહિ દીકરી તણા, ગૌ વધ એ કહેવાય
વંશ રહે નહિ તે તણો, સત્યાનાશ તેનું જાય
છોડી દેશો તો થાશો તમો સુખીયા રે
એમ વેદ પુરે છે શાખ... હરિ સખી.

સાખી

વચન પાળ્યું છે બાપુજીતણું સર્વેએ આપી સહી
જય જયકાર ત્યાં થઈ રહ્યો, વૃષ્ટિ પુષ્પની થઈ
સજની સાંભળ્યું છે જયારથી રે
હૈડે હરખ ન માય..... હરિ સખી.

સાખી

દશ વરસની દીકરી, પતિને થયાં પચાસ
રૂપિયા લેતાં રોકડા, મનગમતા તેની પાસ
કામો કુબડો પતિ અને પામતાં રે
જેને સાસરીએ સુડી હોય...હરિ સખી ૦

સાખી

દુઃખ સર્વે ભાંગીઆં, સંપ થયો છે અપાર
મનગમતા પતિ પામશું, સુખ તણો નહિ પાર
એમ કહીને ફરે છે એક કુદડંરિ આવો ધારો
અવિચલ થાય...હરિ સખી ૦

સાખી

સોનાનો સૂરજ ઉગીઓ, મટી ગયો છે અંધકાર
સોનું ચડયું છે કસોટીએ, જડયો સારમાં સાર
એવા પ્રમુખ બન્યા છે જોશી પ્રેમજી રે
શંભુ ચડતી રાખે સદાય...હરિ સખી ૦

સાખી

આશિષ અમારી એવી છે, ઘણું જીવો આગેવાન
ગાય છોડાવી કસાયથી આપ્યું અભયદાન
એવાં વચન બાપુજીનાં તમે પાળજો રે
એમ કહે છે દાસનો દાસ...હરિ સખી ૦

અનાદિથી સર્વે ચોવીસ અવતાર અને તેંત્રીશ કરોડ દેવતાઓ અને ક્ષત્રિય રાજાઓના અને રાક્ષસોના પણ સર્વેના વેદીક બોધિક જગતગુરૂ બ્રહ્મા છે. અનાદિથી સર્વેને ઉપદેશ વિદ્યાજ્ઞાનનો પણ ઉપદેશ ઋષિઓના જ છે. આ જગતમાં માંગલિક કામ પણ ઋષિઓ વડે જ થાતાં હતાં. અને પૃથ્વીને પાપમાં ડૂબાવવા વાસ્તે જે અશુભ કર્મી પુરૂષો થયા તેને પણ ઋષિઓના શ્રાપથી ક્ષય કરીને પૃથ્વીને પવિત્ર રાખતા હતા. પૃથ્વીને પાપમાં ડુબવા દેતાં નહી.

★★★

# અત્રિમુનિ તથા અનસૂયાનું દૃષ્ટાંત

અત્રિય મુનિ તથા અનસૂયાએ તત્વનો અને બ્રહ્મનો જય મેળવ્યો હતો અને તપોબળને પ્રાપ્ત થયા હતા. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર એ ત્રણે ગુણને દુર્ગુણ દુર્મતિથી અનસૂયાના ભોગની ઈચ્છા કરવા ગયા હતા. તો તે સતિએ પોતાના તપોબળથી ત્રણે ગુણને એક પાણીની અંજલી છાંટીને છ મહીનાના બાળક કરી પોતાનો પતિવ્રતાનો ધર્મ આબાદી રાખી પૃથ્વી પવિત્ર રાખેલી હતી.

★★★

# અગસ્ત્ય ઋષિએ દરિયાનું અભિમાન ઉતાર્યું તેનું દૃષ્ટાંત

અગસ્ત્ય ઋષિ તત્વનો અને બ્રહ્મનો જય મેળવીને તપોબળને પ્રાપ્ત થયા. સમુદ્ર ઉન્મત થઈને સૃષ્ટિને જરાબોળ કરતો હતો, તેની ઉન્મતાઈ છોડાવતાં છોડી નહી ત્યારે અગસ્ત્ય ઋષિએ એક અંજલિમાં સમુદ્રનું પાન કરી લીધું અને પૃથ્વીનો ઉધ્ધાર થયો ગણ જગતને અને પૃથ્વીને ડુબવા દીધી નહી.

★★★

# દુર્વાસા ઋષિને છપન કોટી યાદવો ઠગવા ગયા તેનું દૃષ્ટાંત

દુર્વાસા ઋષિએ તત્વનો અને બ્રહ્મનો જય મેળવી તપોબળને પ્રાપ્ત થયા એવા ઋષિને પણ દુર્ગુણ અને દુર્મતિથી છપન કોટી યાદવો ઠગવા ગયા તો દુર્વાસા ઋષિના શ્રાપથી છપન કોટી યાદવોનો ક્ષય થયો હતો.

★★★

# સહસ્ત્રાર્જુન રાજ ઋષિ જમદગ્નિની સમૃદ્ધિ હરવા ગયા તેનું દષ્ટાંત

જમદગ્નિ ઋષિએ તત્વનો અને બ્રહ્મનો જય મેળવીને તપોબળને પ્રાપ્ત થયા હતા. સહસ્ત્રાર્જુન તેર તુંગા કટક સહિત દ્વારકાં જતાં જમદગ્નિના આશ્રમમાં ગયા હતા. ત્યાં સહસ્ત્રાર્જુનને તેર તુંગા કટક સહીત રાજયખાણું અને રાજયવૈભવ સુખ જમદગ્નિએ પોતાના તપોબળથી પુર્યું હતું અને સહસ્ત્રાર્જુનને દુર્ગુણ અને દુર્મતિ આવી તો જમદગ્નિની સમૃદ્ધિ હરવા ગયો જમદગ્નિના શ્રાપથી તેર તુંગા કટકનો ક્ષય થયો હતો અને પૃથ્વીને પાપમાં ડુબતી બચાવી હતી અને પવિત્ર કરી હતી.

★★★

# પરશુરામજીએ એકવીસવાર પૃથ્વી નક્ષત્રી કરી તેનું દષ્ટાંત

પરશુરામજીએ તત્વનો અને બ્રહ્મનો જય મેળવી તપોબળને પ્રાપ્ત થયા તો જે રાજાઓ નિતિ ભ્રષ્ટ થઈ જગતને પાપમાં ડુબાડતા હતા. તો જમદગ્નિના આશિર્વાદથી પરશુરામજીએ એકવીસવાર નક્ષત્રી પૃથ્વી કરીને પૃથ્વીને પાપમાંથી પવિત્ર કરી હતી.

★★★

# લવશ મુનિએ કાળનું અભિમાન ઉતાર્યાનું દષ્ટાંત

લવશ મુનિ તત્વનો અને બ્રહ્મનો જય મેળવીને તપોબળને પ્રાપ્ત થયા હતા તો કાળ કોઈનું જીવન રહેવા દેતો નહી. તે લવશ મુનિએ તપોબળથી અઠોત્તેર રામા અવતાર ચાલ્યા ગયા ત્યાં સુધી કાળને જીતીને કાળનું અભિમાન ઉતાર્યું અને એક રામા અવતારે એક એક રૂંવાડું તોડતા ગયા તેથી લવશ મુની કહેવાયા.

★★★

# કપીલ ઋષિએ સગર રાજાના પુત્રોને ભસ્મ કર્યા તેનું દૃષ્ટાંત

કપીલ ઋષિએ તત્વનો અને બ્રહ્મનો જય મેળવીને તપોબળને પ્રાપ્ત થયા તો સગર રાજાના સાઠ હજાર પુત્ર ઉન્મત થઈ દુર્ગુણ અને દુર્મતિથી અશ્વમેઘનો ઘોડો છોડવા ગયા તે વખતે પાતાળ, મૃત્યુલોક, સ્વર્ગલોક, પૃથ્વી, દીગપાળ, ઈન્દ્રાસન, ઈન્દ્ર રાજા અને તેત્રીશ કરોડ દેવતા સહીત સગર રાજાના પુત્ર કંપાવતા હતા. કપીલ ઋષિને પણ સંકટ કરતાં કપીલ ઋષિએ તેની ઉન્મતાઈ છોડાવવાને સમજાવ્યા તો પણ સમજ્યા નહી ત્યારે કપીલ ઋષિએ એક "ઓહ" માત્રમાં સગર રાજાના સાઠ હજાર પુત્ર ભસ્મ થઈ ગયા (કર્યા).

***

# ગુરૂ દત્તાત્રય ઋષિનું દૃષ્ટાંત

ગુરૂ દત્તાત્રય ગણ તત્વનો અને બ્રહ્મનો જય મેળવીને તપોબળને પ્રાપ્ત થયા હતા તો પૃથ્વી પાપમાં ડુબતી હતી તેને બચાવીને પવિત્ર કરી હતી.

***

# સર્વે ઋષિઓના તપોબળનું દષ્ટાંત

સનકાદિક મુનિએ પણ તત્વનો અને બ્રહ્મનો જય મેળવ્યો હતો તો તપોબળથી ચૌદ હજાર વર્ષ સમાધિ મુક્ત રહ્યાં હતા. ધ્રુવ પાંચ વર્ષના થયા ત્યારે સંસારને અસાર માની સર્વેનો ત્યાગ કરી તપશ્ચર્યા કરવાને ચાલી નીકળ્યા અને તત્વનો અને બ્રહ્મનો જય મેળવી તપોબળને પ્રાપ્ત થયા. શુકદેવજી ગર્ભવાસમાંથી જન્મીને ખભે ઓળ લઈને સંસારને અસાર માની વૈરાગ્યથી અસાર સંસારનો ત્યાગ કરી તત્વનો અને બ્રહ્મનો જય મેળવી તપોબળને પ્રાપ્ત થયા.

ભરથરી, ગોપીચંદ, મોરધ્વજ, જનકવિદેહી, યાજ્ઞવલ્ક્ય ઋષિ સહીત એવા અસંખ્ય રાજાઓએ અને ઋષિઓએ તત્વનો અને બ્રહ્મનો જય મેળવી તપોબળને પ્રાપ્ત થયા હતા એવા રાજાઓએ પાપીઓને હણી પૃથ્વી પવિત્ર કરતા હતા.

# ધુંધલીમલનું દ્દષ્ટાંત

ધુંધલીમલ તત્વનો અને બ્રહ્મનો જય મેળવીને તપોબળને પ્રાપ્ત થયા અને નમેરી નિર્ભય શહેરમાં તેનો ચેલો ગામમાં ભિક્ષા લેવા જતાં કોઈ આપતું નહી ત્યારે ચેલો કાષ્ટનો ભારો વેચીને લાવતો તે જયારે ધુંધલીમલને ખબર પડી ત્યારે પોતાના તપોબળથી ખપર ઉંધું વાળ્યું અને કહ્યું કે, "પટણ સો ડટણ અને માયા સો મટી" એવા પોતાના તપોબળથી ચોવીસ પાટણ ડટણ પટણ થઈ ગયા અને પાપીઓ પૃથ્વીને પાપમાં ડુબાડતાં હતા તે પૃથ્વીને પવિત્ર કરી હતી.

★★★

# સર્વે રાજા અને અવતાર તથા રાક્ષસોના તપોબળનું દ્દષ્ટાંત

પાંડવોએ પણ તપશ્ચર્યાથી અને નીતિધર્મથી સત્તા સમૃદ્ધિઓ પ્રાપ્ત કરી હતી.

રામચંદ્રજીએ પણ તપશ્ચર્યાથી સમૃદ્ધિ પ્રાપ્ત કરી હતી.

હનુમાનજીએ પણ તત્વનો અને બ્રહ્મનો જય મેળવીને નિર્ભય પદને પ્રાપ્ત થયા છે ત્યારે સમુદ્ર ઓળંગીને લંકા બાળી રાવણ સહીત અને લંકા સહીત સર્વે રાક્ષસોને કંપાવીને નિર્ભયથી સીતાની શોધ લઈ સાત સમુદ્ર ઓળંગી આવ્યાં.

લાખે લખાયતે પણ તત્વનો અને બ્રહ્મનો જય મેળવી નિર્ભય પદને પ્રાપ્ત થયા અને અસુરોને હણી પૃથ્વી પવિત્ર કરીને સૂર્યની સખાયતે ગયા. આમ અનેક ઋષિઓ અને રાજાએ તત્વનો અને બ્રહ્મનો જય મેળવી સત્તા સમૃદ્ધિ મેળવી પૃથ્વી પવિત્ર કરતા હતા.

એક લાખ એંશી હજાર મુસલમાન પીર, ઓલીયા થઈ ગયા. તેણે પણ આ અસાર સંસારનો ત્યાગ કરી તત્વનો અને બ્રહ્મનો જય મેળવીને તપોબળને અને નિર્ભય પદને પ્રાપ્ત થયા અને તેઓ એક એક જવના દાણા ભર શરીરનું જીવન ટકાવતા હતા.

અઠાસી હજાર ઋષિઓ પણ અસાર સંસારની માયાનો ત્યાગ કરી તત્વનો અને બ્રહ્મનો જય મેળવીને તપોબળથી નિર્ભય પદને પ્રાપ્ત થયા હતા તેવા પુરૂષો પણ અઠાસી હજાર ઋષિઓ એક ચોખાનો દાણો સર્વેએ વેંચી ખાધો હતો તેવા ઋષિઓ પાસે રાવણે કર લેવાને પોતાના મંત્રીને મોકલ્યા. ત્યારે એવા અજાચક, નિરાશી, નિર્વાસનીક, નિર્દોષી ઋષિઓએ એક એક આંગળીમાંથી લોહીનું પણગું કાઢીને સુમિત્રાના પેટમાંથી ભકૂંડીઆનો વર્ણશંકર ગર્ભ પડાવેલો તે જનક વિદેહીની નવાઈમાં દાટેલો કુંભ જનક વિદેહે ત્રિકાળી ઋષિઓ પાસે કઢાવીને એ રાવણના રાજયમાં એ ગર્ભ મૂકેલો એ વર્ણશંકર ગર્ભ મુકતાં રાવણની બુદ્ધિ ભ્રષ્ટ થાતાં ઋષિઓનું આંગળાનું રૂધિર પડતાં તે ગર્ભ પાલવી તે કન્યાનો જે ધણી થાશે તે તને પુરતું દાન ચુકાવશે. એવા સમર્થ ઋષિઓના શ્રાપથી રાવણ સહીત સર્વે રાક્ષસોનો ક્ષય થયો છે એવા અસુરને શ્રાપથી હણાવીને પૃથ્વીને પવિત્ર કરી છે.

★★★

# વલ્લભાચાર્યની તપશ્ચર્યાનું દૃષ્ટાંત

હે ભાઈ વલ્લભાચાર્ય પણ સાડા ચારસો વર્ષ આગળ વલ્લભાચાર્યજીએ આ અસાર સંસારની માયાનો ત્યાગ કરી કાશીક્ષેત્રમાં સન્યાસ ગ્રહણ કરી તપશ્ચર્યા કરી હતી. અનાદીથી બ્રહ્માએ પણ પોતાના પુત્રને ઉપદેશ તરીકે ''તપ'' કહ્યો હતો. ''ત'' એટલે તત્વ અને ''તપ'' એટલે સર્વે દુર્ગુણ અને દુર્મતિને વૈરાગ્યથી બ્રહ્મ અગ્નિમાં હોમવા એ સિવાય તત્વને તપશ્ચર્યા સિવાય પદ કોઈ છે જ નહી. બ્રહ્મ ગાયત્રીમાં પણ કહ્યું છે કે, ''તત્સ'' એટલે સર્વે દુર્ગુણને અને દુર્મતિને વૈરાગ્યમાં હોમવા તત્વ અને શાન્તિ મેળવવી તેની ઉપર કોઈ પદ છે જ નહી.

★★★

# જગતની ખોટી ભ્રમણામાંથી છુટા થવા બાબતનું દૃષ્ટાંત

એક હતો નકો નક્કો રાજા

૧. તેણે વસાવ્યાં ત્રણ ગામ બે ઉજડને એક વસેલ જ નહી.

૨. તેમાં વસ્યાં ત્રણ કુંભાર બે અણઘડ એક ઘડેલ જ નહી.

૩. તેણે ઘડી ત્રણ તોલડીઓ બે ફૂટેલને એક સાજીજ નહી.

૪. તેમાં રાંધ્યા ચાલીસ શેર ચોખા તેમાં અડતાલીસ શેર ઓછા

૫. તેમાં નોતર્યા ત્રણ બ્રાહ્મણ બે અપવાસીને એક જન્મેલ જ નહી.

૬. તેને આપ્યા ત્રણ ત્રાંબીઆ બે ખોટા ને એક સાચો જ નહી.

૭. તે બતાવ્યા ત્રણ સોનીને બે આંધળા ને એક દેખે જ નહી.

૮. આ વાત કરી ત્રણ ઠોઠને બે ભુલ્યા ને એકને આવડી જ નહી.

૯. તેને મારી ત્રણ લપડાક બે ચુકીને એક વાગી જ નહી.

જો આપણે તત્વ દૃષ્ટિથી જોશું તો એમ માલુમ પડે છે કે મહાત્મા વશિષ્ટજીએ રામચંદ્રજીને વાતના સારરૂપી ખોટી માયા ઓળખાવી છે કે જેમ બાળકોને આ વાતથી દૃઢતા બંધાય કે રાજપુત્રોએ એ પ્રમાણે વ્યવહાર કર્યો હશે પરંતુ ખરી રીતે ઓળખાવી છે કે જેમ બાળકોને આ વાતથી દૃઢતા બંધાય કે રાજપુત્રોએ એ પ્રમાણે વ્યવહાર કર્યો હશે પરંતુ ખરી રીતે જોતાં રાજકુમારો જ નહોતા અને વૃક્ષધનાદિક પણ કલ્પીત જ હતાં છતાં પણ અજ્ઞાન બાળકો ખરી વાત સમજી રાજી થયાં તથા સત્ય માની બેઠા એજ પ્રમાણે આ અસાર સંસાર પણ દૃઢ કલ્પેલા સંકલ્પો વડે મિથ્યા છતાં પણ દૃઢતાને પામેલ છે. પ્રતિભા સ્વરૂપ આ વિકલ્પના જ બંધમોક્ષની કલ્પનારૂપ સ્ફૂરે છે. આત્મા વિષે વિષયનું કારણ સંકલ્પ જ છે. સંકલ્પ બળ એટલું જબરૂં છે કે તેનાથી આ સંસારમાં અનેક મહા કાર્ય થઈ શકે છે. શુદ્ધ સંકલ્પથી જ ત્રણ લોકની ઉત્પત્તિ છે. જગત વિકારથી ઉપજ્યું છે ઈત્યાદી સાર પાકી બુદ્ધિ થયે માણસ સમજી શકે માટે આવી ઘરગતું બહુ જ સાધારણ સમજી શકે તે વાતો લખી છે.

આગળના ઋષિમુનિઓ તથા રાજેશ્વરો આ અસાર સંસારને તથા સંસારના પદાર્થને ખોટા માની છોડતા અને માથે રાફડા થઈ જતા અને આજના બાવા યોગીઓ તો કામવાના લબાડ અને વેશ પહેરીને પોતાના કુટુંબ, કબીલા, વંશ પરિવારને નિભાવે છે. અને પાલન પોષણ કરે છે. જો જ્ઞાન દષ્ટિથી જુઓ તો ધન મેળવવામાં કલેશ તેમજ તેના રક્ષણમાંએ કલેશ, અને નાસમાંએ કલેશ દુઃખ અને ખરચવામાંએ દુઃખ, માટે કલેશ કરવાવાળા ધનને ધિક્કાર છે સ્નાયુ (આંતરડા) અસ્થિ (હાડકાં) અને ગ્રંથિ (સ્તન) અને નીતંબ આદીની ગાંઠોથી શોભતી સ્ત્રી રૂપી માંસની પુતળીના યંત્રની પેઠે ચંચળ એવા શરીરરૂપી પીંજરામાં સુંદર જેવું શું છે. એ સિવાય વિષયના બીજા દોષો શાસ્ત્રોમાં સારી રીતે વિસ્તારથી કહ્યા છે. તેઓની નિરંતર વિચાર કરનાષ પુરૂષો દુઃખોમાં કેમ ડુબે? માણસ ક્ષુધાથી પીડાતા છતાં પણ ઝેર ખાવાની ઈચ્છા કરતો નથી ત્યારે મિષ્ટાનથી જેની ક્ષુધા નિવૃત્ત થયેલી હોય અને તેમાં ઝેર છે તે જાણતો હોય અને તેમાં ઝેર છે. તો જાણતો હોય તેવો વિવેકી પુરૂષ તેને ખાવા ઈચ્છતો જ નથી.

પ્રથમ તો હું ધનમાં જે દોષ છે તે હું કહું છું તે તું સાંભળ. ધન સંપાદન કરવા માટે વહાણમાં બેસીને પરદેશ જવું. અપરિચીત માણસોની સાથે પરિચય કરીને વ્યવહાર કરવો નીચની સેવા કરવી અને તેના કઠોર વચન સહન કરવાં, એ વગેરે

ધન મેળવવા માટે અનેક પ્રકારનાં કષ્ટ વેઠવાં પડે છે. કેટલાંક ધન સંપાદન કરવા માટે ચોરીઓ કરે છે, કેટલાંક હિંસા કરે છે, કેટલાંક અસભ્ય ભાષણ કરે છે, કેટલાંક ઢોંગ ધતુરા કરે છે, કેટલાંક થાપણ ઓલવે છે, અને સર્વે પોત પોતાના ધંધામાં ચોરી કરે છે. એ સર્વે ધન અનેક પ્રકારની કામના કરે છે, કેટલાક ક્રોધ કરે છે, કેટલાક થાપણ મેળવવા માટે કરવું પડે છે, એવાં એવાં કષ્ટ વેઠીને જે ધન મેળવ્યું છે એ મેળવેલા ધનના રક્ષણમાં એ પણ અનેક પ્રકારની પીડા અને કષ્ટ છે. ધનવાનને ચોરનો ભય રહે છે. માતા પિતાનો ભય રહે છે, રાજાનો ભય રહે છે, સ્ત્રીનો ભય રહે છે અને પુત્રનો પણ ભય રહે છે ધનવાનને ધનના રક્ષણની ચિંતાથી રાત્રી કે દિવસ સુખ થાતું નથી, નિંદ્રા પણ આવતી નથી અને ધનના રક્ષણની ચિંતામાં રોજ રોજ શરીર સુકાતું જાય છે.

चिंता चिते खमाने स्व चिंता तुं बिंदुन्नाधिका।
चिंता सजींवं दहते निर्जीवं दहते चिता ॥

* ચિંતા અને ચિતા બંન્ને સમાન છે; તેમાં ચિંતા બિન્દુએ કરીને અધિક છે; ચિંતા જીવતાને બાળે છે અને ચિતા નિર્જીવને બાળે છે; એમ કોઈ અનુભવીએ કહ્યું છે કે ધન લઈ જતાં માર્ગમાં જો કોઈ ચોર મળે તો તે લુંટીને મારી નાંખે છે; ધનવાનને ગર્વ થાય છે, તેથી તે બ્રાહ્મણ ગુરૂ કે મહાત્મા કોઈને નમતો નથી તેમ સત્કાર પણ કોઈનો કરતો નથી; ઉલટો અનાદર કરે છે. ધનવાન, ધન સાચવવામાં પોતાનો કાળ ક્ષેપ કરે છે પણ હરિભજન કે જ્ઞાન સંપાદન અથવા સંત સમાગમ કરતો નથી. એવી રીતે ધન રક્ષણમાં અનેક અનર્થ તથા કષ્ટ છે. હવે જો ધન વપરાય તો પણ દુઃખ થાય છે. તેમ દાનપુણ્ય કરવું એ ગમતું નથી. ધનવાન પોતાના સ્ત્રી પુત્રને પણ ધન આપતો નથી તેમ પોતાના ઉપયોગમાં પણ લેતો નથી...તે જીવ ચોળી ચોળી ખરચ કરે છે. તે જાણે છે કે ખરચ કરવાથી ધન ઓછું થઈ જશે? એ તેના કદ્રીપણાથી ઘરનાં માણસો પણ તેના ઉપર પ્રસન્ન રહેતાં નથી. તેમ બહારના માણસો પણ તેમની સાથે પ્રસન્ન રહેતા નથી, વળી ધનવાનને વ્યભિચારનું, જુગારનું અને મદ્યપાનનું વ્યસન વળગે છે. કર્મ જોગે તેથી ધનનો નાશ થાય છે. ત્યારે મહા દુઃખ થાય છે. એ પ્રકારે સર્વથા અર્થ જ અનર્થનું મૂલ કારણ છે. ભિષ્મપિતામહે યુધિષ્ઠિર રાજ પ્રત્યે કહ્યું છે કે,

अर्थस्य पुरुसोदासो स्त्वर्यो नकस्यचित ॥
इति सत्यं महाराजजी तोऽस्म्थर्ये न कौरवेः ॥

પુરૂષ અર્થનો દાસ છે, અર્થ કોઈનો દાસ નથી. હે મહારાજ ? એ સત્ય છે જે માટે કૌરવોના અર્થથી હું જીતાયેલો છું. અર્થ શબ્દનો અર્થ, પ્રયોજન પણ થાય છે તેમ વિષયો પણ થાય છે.

એજ પ્રમાણે સ્ત્રીના દોષ પણ છે અને પુરૂષોના દોષો પણ અરસપરસ એજ પ્રમાણે છે પ્રથમ તો વિવાહ કરવામાં ધનનો વ્યય (ખર્ચ) થાય છે ને લગ્ન વેળાએ પણ સ્ત્રીથી જે અનર્થ થવાના છે તે ઢોલ વગાડી જણાવે છે, છતાં મૂઢ પુરૂષ ચેતતો નથી, સ્ત્રી

ઘરમાં આવી કે થઈ ચુક્યું. મા-બાપ, ભાઈ-બ્હેન, સગાં-સ્નેહી, સર્વમાં સ્નેહ ઓછો થઈ જાય છે. કહેવત છે કે પૈસો મારો પરમેશ્વર ને સ્ત્રી મારો ગુરૂ; સાધુ સંત તો છૈયાં છોકરાં સેવા કેની કરૂં? તેમ સ્ત્રીના સહવાસથી નીતિ ધર્મમાં આદર ઓછો રહે છે. સ્ત્રીના સહવાસથી કશ્યપ ઋષિ જેવાએ ભુલ ખાધીને સંધ્યા વખતે દિતિને ગર્ભદાન દીધું હતું; મોહની સ્વરૂપને જોઈ મહાદેવજી પણ મોહ પામ્યા હતા. એમજ સ્ત્રીની ઈચ્છાને શરણ થવાથી પુષ્કળ કલેશ ભોગવવા પડે છે. સ્ત્રીના સહવાસથી યોગાધ્યાન કે આત્મશ્રેય કંઈપણ થઈ શક્તું નથી. વળી अनृतंसाहसं माया मूर्खत्वमतिलोभीता । अशौचित्वं निर्दयत्वं स्त्रीणां दोषाः स्वभावजा : ।અસત્ય બોલવું, વગર વિચાર્યુ કાર્ય કરવું, માયા કરવી, મુર્ખતા બતાવવી, અતિ લોભીયા થવું, અપવિત્રતા રાખવી, નિર્દયતા રાખવી એ સ્ત્રીઓના સ્વાભાવિક દોષો છે, એમ મહાત્માઓ કહે છે. એ સ્ત્રીના સહવાસથી કેટલાક દોષો પોતાનામાં પણ આવે છે અને તેથી પણ અનર્થ થાય છે. એવી રીતે સ્ત્રી સર્વ અનર્થ અને કષ્ટનું કારણ છે. જો સ્ત્રીની સુંદરતાનો વિચાર કરીએ તો તે ઢોલના પોલ જેવી છે. જેમ ઢોલ ચામડાથી મઢયો હોય છે તેથી સુંદર દેખાય છે, ને શબ્દો કરે છે, પણ અંદર કાંઈ નથી; તેમ સ્ત્રી પણ ચામડાથી મઢેલી પુતલી છે તેથી જ સુંદર લાગે છે પણ અંદર તો લોહી, પરૂને વિષ્ટાજ ભરી છે તેનામાં એક પદાર્થ ઉત્તમ નથી, સ્તન, નિતંબ અને નેત્ર આદી અવયવોથી સ્ત્રી સુશોભિત જણાય છે. પરંતુ તેનો વિચાર કરીએ તો તેનામાં એકે અવયવ ઉત્તમ નથી. સ્તન અને નિતંબ તો માંસના પિંડ છે નેત્ર કોડાં જેવો પદાર્થ છે તેનું સઘળું શરીર હાડકાં ચામડાનું પાંજરૂં છે, જે આંતરડા વડે બાંધેલું છે અને તેમાં સર્વત્ર માંસ ભરેલું છે, ને નાડીઓ દ્વારા રૂધિર વહે છે, બેશક સ્ત્રી ક માંસની પુતલી જ છે. તેનું શરીર યંત્રના જેવું અસ્થિર છે. રે મુમુક્ષુ ! એ સ્ત્રીના શરીરમાં શું સુંદર છે? એ તો કામી પુરૂષોને મોહથી જ સુંદર જોવામાં આવે છે. જો સ્ત્રીના શરીરમાં કાંઈપણ સુંદર હોય તો ત્વચા, માંસ, રૂધિર, અશ્રુજલ અને નેત્રને જુદા પાડી જો, વ્યર્થ શું મોહ પામે છે? એવી રીતે યોગ વશિષ્ઠ, અધ્યાત્મ રામાયણ આદિ અનેક શાસ્ત્રોમાં સ્ત્રીના દોષનું વિસ્તારથી વિવેચન કર્યુ છે. એવા દોષનો નિરંતર વિચાર કરનાર પુરૂષ દુઃખમાં નિમગ્ન થતો નથી.

આ અસાર સંસારમાં વિષયોના સંગથી ઘણાં અનર્થો થાય છે; ધર્મ અર્થ વગેરેને

મોટી હાની પહોંચે છે અને દુઃખ પરંપરામાં વધારો થતો જાય છે. વિષયોના સંગમાં રહેલા ભર્ચ્હુએ કંટાળીને ઉદાસ વૃત્તિથી પોતાના જે જે ઉદ્‌ગારો કાઢયા છે તે ખરેખરા મનન યોગ્ય છે. હું હવે તેનું આખ્યાન કહું છું, તે તમો ધ્યાન દઈને સાંભળો.

પૂર્વે ભર્ચ્હુ નામનો કોઈ એક રાજાનો મુખ્ય મંત્રી હતો. રાજયતંત્ર સઘળું તેનાજ હાથમાં હતું. બીજા મંત્રીઓ તેમના તરફ દ્વેષ ભાવથી વર્તતા હતા. તેઓ તેનો રાજદ્વારમાંથી પગ કાઢવા માટે અનેક છળ અને પ્રપંચો રચતા હતા. પરંતુ તેમાં તેઓ કૃત્ય થતાં ન હતા. રાજાની તેના પર ગાઢ પ્રિતી હતી... તે એટલે સુધી કે બંન્નેના ખોળીઆં જુદાં હતાં પણ જીવ જુદા જુદા નહોતા. રાજમાં તે મંત્રીનું જ કર્યુ થતું હતું. તે ઉપરથી બીજા મંત્રીમંડળે મંત્ર કરી, કેટલાકે શત્રુઓને ઉશ્કેરીને, પોતાના રાજ સાસે બળવો કરાવ્યો. શત્રુઓની ધાડ પોતાની ઉપર ચઢી આવી છે એમ સાંભળીને રાજાએ સઘળા પ્રાક્રમી મંત્રી મંડળની એક સભા ભરી અને તેઓને આજ્ઞા કરી કે, તમે હમણાંજ ધાડપાડુઓ ઉપર ચઢી જાઓ અને તેઓને હાંકી કાઢો તે સાંભળી સર્વે મંત્રીઓ બોલી ઉઠયા. ''રાજાજી ! આપ સદાય માન અકરામ આપતી વેળા ભર્ચ્હુને જ બોલાવો છો અને આવે સંકટ સમયે, કાળના મહોડામાં અમોને મોકલવા કાં તૈયાર થયા છો?'' આ વખતે ભર્ચ્હુ પણ સભામાં હાજર હતો. તેમણે નમ્રતાપૂર્વક હાથ જોડીને કહ્યું કે, ''ધરાધિપતિ ! જો આપની આજ્ઞા હોય તો હું હમણાં જ ચઢી જાઉં અને ધાડપાડુઓને શિક્ષા કરૂં'' પછી રાજાએ ભર્ચ્હુને કહ્યું, ''ઠીક, તમે ધાડપાડુઓની સામે ચઢી જાઓ અને તેને શિક્ષા કરો.'' રાજાની આજ્ઞા થતાં જ ભર્ચ્હુ તુરંત ધાડ પાડુઓની સામે ચઢયો અને તેઓનો સંહાર કરીને ખેડુતોને તથા વહેપારીઓને સંકટમાંથી મુકત કર્યા.

ભર્ચ્હુએ શત્રુઓના ઉપર વિજય કર્યો છે. આવી વાત સાંભળીને બીજા મંત્રીઓના હૃદયમાં વૈરાનળ વધારે પ્રગટી નીકળ્યો. તેઓ રાજાની પાસે જઈ મરી, મીઠું ભભરાવી ખોટું સાચું બોલ્યા... મહારાજ ભર્ચ્હુ તો શત્રુઓની સાથે લડતાં માર્યો ગયો છે; અને આપણું કાર્ય બગડયું છે. મંત્રીઓના મુખથી આવા સમાચાર સાંભળીને રાજાએ ભર્ચ્હુની જગ્યા ઉપર તુરંત નવો મંત્રી નીમ્યો અન તેને છત્ર, સુખપાલ, પંખો વિગેરે મંત્રીની પદવીને છાજતાં ઉપકરણો આપ્યાં પછી સઘળા મંત્રીઓએ એવી કપટ યુકિત રચી કે,

સ્વપ્નામાં પણ રાજાને ભચ્છું સાંભળે નહી. ભચ્છું પોતાના પ્રતિપક્ષી મંત્રીઓની કપટ નીતિ જાણી ગયો. તેણે મનમાં વિચાર કર્યો કે જે રાજા સારાસારમાં સમજતો નથી તેવાની સેવાથી શું ફળ? હમણાં રાજયમાં શત્રુ પક્ષનું ચલણ છે, તેથી શત્રુઓ રાજાની પાસે મને જવા દેશે નહી અને કદાચ હું જવાનું સાહસ કરીશ તો મારો દેહ જોખમમાં આવી પડશે તેથી તેણે ઉદાસીન થઈ તપસ્વીનો ભેખ ધારણ કર્યો; અને વનમાં રહેવા લાગ્યો કે... મેં આજ દિવસ સુધી સર્વે પદાર્થ ભોગવ્યા, દેહ અને ઈંદ્રિયો પણ નિરોગી રહ્યાં; રાજયનો મુખ્ય મંત્રી થઈને રહ્યો અને હાથીની સૂંઢ જેવી જાંગવાળી, મૃગખરી જેવી ગૂહસ્થાનવાળી, સિંહના કેડ જેવી પાતળી કમરવાળી, હરણી જેવાં ચંચળ નેત્રવાળી, કમળ જેવા મુખવાળી, અલસીના ફુલ જેવી હડપચી પર ભુરા છુંદણાવાળી, તલફુલ જેવી નાશિકાવાળી, ચંપા જેવા સુંદર સુંવાળા શરીરવાળી, પાકા ઘીલોડા જેવા હોઠવાળી, દાડમ બીજ જેવા દાંતવાળી, બીલાં જેવાં કઠણને સ્થિર સ્તનવાળી, લાલકંદ જેવી પેનીવાળી, હંસ ગતિ જેવી ચાલવાવાળી, કપોત જેવા કંઠવાળી, કોયલ જેવી મધુરી વાણીવાળી અને મોરપીંછ જેવાં સુંદર વાળવાળી સુંદર તરૂણી જે વનમાં મોહ ઉપજાવે છે...અરે સાગર જેમ ગંગા ઉપર મોહીત થઈને સદા તેના સંગમાં રહે છે તેમ જેનો સહવાસ રસીકજનો નિત્ય ઈચ્છે છે એવી તથા બ્રહ્માએ નિર્માણ કરેલી સ્વર્ગની અપ્સરા કે જે તિલોત્તમા જેવી સ્ત્રીનો મે કોઈ દહાડો ત્યાગ કર્યો નથી, તેમજ બીજાં પણ સ્ત્રી ભોગનાં ઉપકરણો બહુ ભાવથી ભોગવ્યાં છે. છતાં પણ મને હજી વૈભવોના સંબંધમાં તૃપ્તિ થઈ નથી એ શું? અરે રે વૈભવો ભોગવતાં ભોગવતાં મરણ પણ નિકટ આવી લાગ્યું ત્યાં સુધી આંખ ઉઘડી જ નહી. ધિક્કાર છે મારા જેવા કામ ભોગમાં રચ્યા પચ્યા રહેનાર મૂર્ખને !

હું આજ દિવસ સુધી ભગમાં જ (યોનીમાંજ) લંપટ થઈ રહ્યો છું. હાય હાય તે સ્થાન તો માંસના ઉપર લપેટેલો એક ચામડાનો કટકો છે. તેમાંથી રાત દહાડો મૂત્ર ઝર્યા કરે છે અને મહીને મહીને વ્રણ વિના પણ દુર્ગંધી લોહી પડયા કરે છે. એવા અપવિત્ર અને ગંધાતી મોરીની કરતાં પણ હલકાં સ્થાન ઉપર, મને કેટલો મોહ થયો હતો. કવિ લોકો સ્ત્રીઓની જાંગને હાથીની સૂંઢની કેળના સ્તંભની ઉપમા આપે છે. પરંતુ તેમાં તેની મોટી મૂર્ખતા છે. સ્ત્રીના જાંગ, માંસ, લોહી અને હાડકાનો એક જથ્થો છે. અને ગૂહયેન્દ્રિયમાંથી

ગલ્યા કરતાં મૂત્ર વડે તે સદાય ભીની રહે છે તથા રાત દિવસ સદા વાસ માર્યા કરે છે. તેમજ સ્ત્રીના નિતંબ (ઢગરા)નાં પણ કામીઓ વખાણ કરે છે. પરંતુ તેમાં પણ તેઓનું અજ્ઞાન જ છે. તે નિતંબો ઉંચા અને ઉપરથી રમણીય દેખાય છે. ખરા, પણ તે બંન્નેની વચ્ચે નરકનો વાસ મારતો ખાડો આવી રહેલો છે. જેમાંથી નિરંતર નર્ક નીકળ્યા કરે છે. અરે રે આના ઉપર જેઓ આસકિત ધરાવે છે તેનામાં અને નર્કના કિડામાં કંઈપણ ભેદ છે ખરો? જરા પણ નહી. કામી જીવો નર્કકુંડના કીડા છે. મેં થુંક તથા લાળથી ભીના, સ્ત્રીના હોઠને જરા પણ ગ્લાની ન લાવતાં મારા મોઢામાં લીધા. અરે રે મને પણ ધિક્કાર છે? જે સ્ત્રીને જોતાં જે મદ ચઢે છે. તે સ્ત્રીનું સેવન કરીને મેં પવિત્ર અપવિત્રપણાનો વિવેક ત્યજી દીધો છે. તો અરે રે આટઆટલા દહાડા વિષયો ભોગવ્યા, તો પણ મને જરા તૃપ્તિ થઈ નહી, પણ ઉલટું તેને માટે વિશેષ લાલસા થવા લાગી અને તેની લગ્નીમાં, ને લગ્નીમાં, સમીપમાં આવેલા કાળનું પણ મને ભાન રહ્યું નહી. હવે તો નર્કની ખાઈરૂપ નારીનો ત્યાગ કરવો જ યોગ્ય છે.

હું ધારતો હતો કે એકવાર ખટરસનો સ્વાદ લઈ લઈશ એટલે પછી કોઈપણ જીતની મને લાલસા રહેશે નહી, તેથી મેં ભાત ભાતનાં ભોજનો, બરફી, પેંડા, દુધપાક, દહીં દૂધ, ઘી, ચોખા, અચ્છાં અચ્છાં શાક, ચટણી ચટકા વગેરે વિવિધ ભોજનો કર્યા, છતાં પણ મારો જીભારસ શાંત થયો નહી, ઉલટું મને જીભારસ માટે વધારેને વધારે લાલસા થવા માંડી, માટે હવે તો આ શરીરને વૃથા પોષવું જ નહી. વનના કંદ ફળોથી અને નીચે ખરી પડેલાં પાંદડાં સુકાંથી પણ ક્ષુધાની જ્યારે વિવૃત્તિ થાય છે ત્યારે ક્ષુધાની નિવૃત્તિ માટે બીજાની ગરજ શા માટે કરવી? પર્વતોની ગુફાઓ રાત દિવસ ખુલ્લી રહે છે, તો હવેલી અટારી માટે રાજાની ગાંડ ગુલામી શા માટે કરવી? શિલારૂપી શેજ તૈયાર છે. હાથરૂપી ઓશીકું તૈયાર જ (હાજર છે) ખોબારૂપી પાત્રો પણ પોતાના સ્વાધિનમાં છે, પાણીનાં ઝરણાંઓ પણચારે તરફ ભરેલાં છે તો પછી વિશેષ શું જોઈએ છે? જયાં આગળ કોઈપણ રોકનાર નથી, આવા સ્વતઃસિધ દિવ્ય વૈભવો તજીને, આ ગ્રામ્ય તુચ્છ વૈભવો માટે શા સારૂં રાજાની આગળ દિનતા કરવી? હવે તો સર્વે ભોગો તજીને મનને મારવું કે જેથી વિષયોને માટે લાલસા થાય જ નહી ! વિષયોનો ઉપભોગ કરવાથી વિષયોની કદી પણ શાંતિ થતી નથી, પણ વિષયોનો ત્યાગ

કરવાથી જ વિષયોની શાંતિ થાય છે. સ્ત્રી, પુત્ર, ધન અને બીજાં સાંસારિક પદાર્થો જેમ જેમ મળતા જાય છે, તેમ તેમ તેને માટે વધારે લાલસા થતી જાય છે, સ્ત્રી રાત દિવસ મધુર મધુર શબ્દો બોલીને પુરૂષને મોહિત કરી નાંખે છે ને મૂઢ પુરૂષ તેનાં અવયવો અને મધુર મુધર મંદ હાસ્યવાળા વચનો ઉપર મોહીત થઈને સમીપમાં આવેલા કાળને પણ જોતો નથી. સ્ત્રી પુરૂષને કામના મોક્ષ માર્ગમાંથી ચલાયમાન કરી નર્કની ખાઈમાં નાંખવાને તૈયાર કરે છે! સ્ત્રીના નયનો ઉપરથી મીઠાં લાગે છે. પરંતુ પરીણામે વિષનું કાર્ય સારનારાં થઈ પડે છે છતાં હું પણ તે જ સ્ત્રીનાં સંગમાં (કામનાના સંગમાં) રહીને કામાંધ થવાથી રાત દિવસ સાંસારિક સુખ ભોગવવામાં મંડયો રહ્યો, જેથી મારૂં સર્વ આયુષ્ય નિરર્થક નીકળી ગયું. રે મૃત્યુ મારા મુખ આગળ આવીને ઉભું રહ્યું, તેનું પણ મને ભાન રહ્યું નહી.

જેની સ્ત્રી કુરૂપડી હોય છે તે સંતાપ કરે છે કે હે પ્રભુ આ કયા પાપનું મને ફળ મળ્યું છે? એ બોલે છે તે જાણે ગધેડી ભુંક્તી હોય એમ લાગે છે. એનું નોળીઆ જેવું મોં જોઈને મને ધધડીને તાવ આવે છે ને કુવેણ સાંભળીને કંપારો છૂટે છે; પણ આનાથી વધારે પીડાકાર તો સુરૂપવંતી સ્ત્રી છે તેની ચળક્તી ચામડી પ્રિયના ધર્મ અર્થનો નાશ થાય છે. ખરેખર સ્ત્રીનાં મીઠાં વેણ ઝેરના લાડુ જેવાં છે. જે જમીને પુરૂષ અંધ થઈ એકલી કામિની વિના અન્યને જોતો જ નથી. જેમ પાંજરામાં રહેલો પોપટ શિખવ્યું જ બોલે છે તેમ આ મુર્ખ પુરૂષ કામનાને વશ થઈ નારીનો નચાવ્યો નાચે છે અને જ્યારે બન્નેનું મન કામનાથી લદબદ થઇ જાય છે, અને જયારે મદનરૂપી મદિરાનો મદ જાગે છે ત્યારે લજ્જારહિત બની, વસ્ત્રનો ત્યાગ કરી, ઉન્મત પેરે ધુણેછે, ને દારૂડીઆ જેમ ગંદી જગ્યામાં લોટયા કરે છે, તેમ નર નારી બંન્ને કામનાને વશ આંધળા થઈ, મલીન સ્થાનમાં પ્રિતી કરી એક બીજામાં લીન થઈ જાય છે. હાય મદનવશ પુરૂષની બુદ્ધિ નાશ પામે છે? તે જોતો નથી કે આ ઘર (પંડ)ની છે કે (પારકી) બહારની છે, ઉંચ છે કે નીચ છે, ગોરી છે કે કાળી છે, તે કંઈ જોતો નથી પણ કામનાના મદન વશાથી સ્ત્રી બાવરી બને છે; જેથી તેના પરિણામે સંતાપ મળે છે. તે છતાં તેને સુખનું સરોવર જાણી તેમાં આનંદ લે છે. સુંદર સુંદરી જ સર્વ સુખની સંહારણી છે, તેથી તેનો ત્યાગ જ સુખદાતા છે. જે પુરૂષ રૂપવંતી સ્ત્રીમાં જ કામનાને વશ થઈ અનુરાગ કરી તેમાં જ લપેટાઈ રહે છે. તે આ લોક અને પરલોક બંન્નેથી ભ્રષ્ટ થાય છે. રે રે આ સ્ત્રી ખેડુત છે તેનો

ઘણી બળદીઓ છે, એ બળદ નાથને નાથ્યો છે તે જરા પણ ચસી શકતો નથી. અરે રે હું યે નથાયો, એ મારી કેટલી બધી મુર્ખતા ! હું જે કંઈ ધન એકઠું કરતો હતો તે મારા વડિલો અને માતાપિતાને આપતો નહી, પરંતુ તે સર્વ મારી સ્ત્રીને સોંપતો હતો, સર્વોત્તમ પદાર્થ તેને જ એકાંતમાં હસી હસીને ખવડાવતો હતો, સારાં વસ્ત્રો અને આભુષણો પણ તેને જ પહેરાવતો હતો, અને તેની જ સેવામાં હાજર રહેતો હતો. આ સર્વ મોહનું જ અને કામનાનું જ પરિણામ હતું. અરેરે મેં સ્ત્રીના સંગમાં રહીને જે બળ અને ઉત્સાહદાયક મારૂં બ્રદ હતું તે પણ ગુમાવ્યું. તેનાથી શરીર તેજસ્વી અને જાગ્રત રહે છે અને કોઈપણ કામ કરવાનો ઉત્સાહ થાય છે. જેનું બ્રદ વજનદાર હોય છે તેમને કોઈપણ કામ કરવાની ઉત્સાહથી ઈચ્છા થાય છે. આવી બ્રદ જેવી ઉત્તમ વસ્તુ પણ મેં સ્ત્રીના સંગથી ગુમાવી દીધી છે ! ધિક્કાર છે ! જેમાં અધિક બ્રદ હોય છે તેમાં સુંદર કાંતિ અને રૂપ હોય છે. બ્રદ (વિર્યજ) શરીરનો રાજા છે. જેના વિર્યનો નાશ થતો નથી તેના શરીરમાં પલિઆ આવતા નથી અને બળ જતું નથી. જો વીર્ય ખસ્યું તો યોગી પણ ભ્રષ્ટ થાય છે. આવું ઉત્તમ બ્રદ તેને કામના (સ્ત્રી) સહજમાં છીનવી લે છે; અને જેમ ખેડૂત, શેરડીને વારંવાર કોલમાં (ચિચોડામાં) ઘાલી પીલી તેનો રસ ખેંચી લે છે. તેમ કામના જાગવાથી સ્ત્રી પ્રીયને બાથરૂપી કોલમાં (ચિચોડામાં) દબાવી, તેના બ્રદને ખેંચી લે છે અને જેમ ખેડુત જ્યાં સુધી તે શેરડીમાં સહજ પણ રસ હોય છે ત્યાં સુધી તેને કોલમાં પીસ્યા કરે છે, તેમ જ્યાં સુધી વિર્યનો છાંટો રહે છે ત્યાં સુધી કામનાથી પ્રીયને બાથમાં રાખી સ્ત્રી પીસ્યા કરે છે; અને જ્યારે જ્યારે શેરડીના કુચામાં કશો પણ સાર રહેતો નથી ત્યારે તેને ફેંકી દે છે તેમ જ્યારે પુરૂષમાંથી પુરૂષાર્થનો નાશ થયેલો જોય છે ને તે શબ જેવો ફીકો જણાય છે ત્યારે તેને કડવા વેણોથી બાળે છે કે, હવે તમારામાં તો શું પુરૂષાર્થ બળ્યું છે? જે સ્વરૂપવાન, ધનવાન અને બળવાન હોય છે તેના પર સ્ત્રી વારી જાય છે; પણ તેના ધન રૂપને બળનો નાશ કર્યા પછી તેના સામું થુકંતી નથી અને કદાચ લાજ વગરનો થઈને પુરૂષ તેની પાસે જાય છે તો તે મ્હોં છૂટી ગાળો દઈ, નાકનું ટેચકું ચઢાવી મોં મરડી એવો મિજાજ કરે છે કે પહેલો પુરૂષાર્થ હીણ ભયથી ભાગી જ જાય છે. પુરૂષના અપ્રતિમ પ્રેમ છતાં, આ નિષ્ઠુર નારી તેનો પ્રેમનો બદલો કેવો આપે છે, તે તેને મુકી બીજાને જ ભજે છે, તેનું હૃદય મહા કઠોર છે. તે વિદ્યાવાનની વિદ્યા ભુલાવી દે છે. શ્રુતિ, સ્મૃતિ, ગીતા, પુરાણ, ન્યાયને સકળ શાસ્ત્ર નિષ્ણાત

હોય તે પણ સ્ત્રીથી જીતાયો છે. બાજીગર જેમ વાંદરાને નચાવે તેમ સ્ત્રી તેને નચાવે છે. પંડિત પણ સ્ત્રીના નયનસરમાંથી બચતાં નથી. એ સ્ત્રી જેમ શેઠ ચાકર પર (ઉપર) હુકમ કરે છે. તેમ આ ઠાકુર ચાકરને હલાવે ચલાવે છે. સ્ત્રીના કટાક્ષ બાણથી જેનાં શરીર વિંધાય છે તેનાં કાળજાં સીધાં હોતાં નથી. સ્ત્રીના સહવાસથી ધર્મ, અધર્મ, પાપ, પુણ્ય, સુખ, દુઃખ ને સગાં-સ્નેહી સૌને વિસરી જાય છે. હવે આ ભવ દુઃખ સાગરમાંથી તે કેમ તરી શકે? સ્વકીયા, પરકીયા ને સામાન્ય... વેશ્યા સર્વે નારી (વાસના) નર્કની ખાણ છે. એમાં જેનો સ્નેહ છે તેને ધિક્કાર છે ! કે મેં પહેલેથી વિચાર્યું નહી.

પુત્રો પણ સંસારમાં ઘણા દુઃખદાયી થઈ પડે છે. પુત્ર ન હોય તેને માટે રાત દિવસ દુઃખ થયા કરે છે અને કોઈ પણ વાંઝીયા કહેશે. આવો મનમાં ભય રહ્યા કરે છે તેથી મનુષ્ય પુત્રની પ્રાપ્તિ માટે અનેક ઉપાયો કરે છે. એમ ઉપાયો કરતાં માંડ માંડ પુત્રનો જન્મ થાય છે તો તેને ઉછેરતાં મહા કષ્ટ પડે છે. કીકાભાઈ પડી જશે, તેને કોઈ મારશે, તે તરસ્યો થયો હશે, તેને ભુખ લાગી હશે માટે જમાડો, તે રડે છે માટે તેનો બહાર ફેરવો, વગેરે અનેક ચિંતાઓ રાત દહાડો રહ્યા કરે છે. આમ, અનેક કષ્ટો સેવીને પુત્રને ઉછેરવા પડે છે. જો તે માંદો પડે તો તેને માટે વળી અનેક જતી યોગી ભુવા વગેરેની સેવા કરવી પડે છે. છતાં પણ બાજી હાથ રહેતી નથી. પુત્ર મરણ પામે છે તો તેની પાછળ તેનાં માતા-પિતા પ્રાણ ત્યજવાને પણ તૈયાર થાય છે. આટલું છતાં પણ પુત્ર મોટો થયો એટલે તે નારીને વશ થઈ બેસે છે. જે માબાપે જન્મભર તેની જ સેવા કીધી છે. તેને તો આ પુત્રને પાણી પાવું પણ ભારે થઈ પડે છે. રાત્રીની પેલી સ્ત્રી તેને ભમાવે છે કે સાસુજી આમ કહે છે સસરાજી આમ ગાળ દીધી. થઈ ચુક્યું તેનો મિજાજ ગયો તે કુપુત્ર હોય છે તો તે પ્રભાતમાં ઉઠી માતા-પિતા કે જેને મસ્તક નમાવી પ્રણીપત કરવાનો ધર્મ છે, તેની ગાળોથી પૂજા કરે છે ! પછી માબાપનું ધન લઈ જુદો રહી, તેઓને કદી પણ સંભાળતો નથી, પુત્રોથી જે સુખ માને છે તે મુંઢ શાહ છે એમાં શક નથી માટે મને તો પુત્રાદિમાં પણ સુખ જણાતું નથી.

ધનનો સંગ કરવાથી પણ અનેક વિટંબણાઓ ભોગવવી પડે છે. ધન મેળવવા માટે અનેક સાચાં ખોટાં કરવા પડે છે, તેને સમય ઉપર જાતિના અને કુળના ધર્મોને પણ

જળાંજળી આપવી પડે છે. છતાં પણ જેટલું ભાગ્યમાં હોય તેટલું ધન મળે છે. ધારો કે ધન મળ્યું, પરંતુ ધન મળ્યા પછી પમ કાંઈ વિશ્રાંતિ લેવાનો સમય આવતો નથી. તે મેળવેલું કેવી રીતે સાચવવું, તેમાં વધારો કેમ કરવો, કોઈને ત્યાં વ્યાજે મુકશું તો તે દિવાળું કાઢશે તો શું કરીશું ? વગેરે વિચારોના વમળમાં ધનવાનનું મન રાત દિવસ ઘોળાયા કરે છે. આખરે અણછુટકે કહો કે લોભથી કહો પણ ધન બીજાને ત્યાં વ્યાજે આપવામાં આવે છે અને કાળ દુકાળે કે ભીડને વખતે તે દીવાળું ફૂકે કે આપત્તિમાં આવે તે વખતે સઘળું ધન જાય છે. જો કે તે ધન, ધનવાનના ઉપયોગમાં આવતું નહોતું, પરંતુ તેના ઉપર પોતાની મમતા હતી ને તે ધન મારૂં છે. હું આટલા લાખનો ધણી છું. આમ તે પોતાના મનમાં મિથ્યા માની બેઠો હતો તે માન્યતા માત્ર હમણાં જ ઓછી થઈ જવાથી, તે રડવા અને કુટવા માંડે છે અને કહે છે કે હું મરી ગયો રે, એમ બુમ બરાડા પાડીને, બાલકના પેઠે આળોટે છે. કહો ત્યારે ધનમાં શું સુખ છે? અરે રે મને પણ ધિક્કાર છે.

આ પ્રમાણે સંતાપ કરીને સ્ત્રી, પુત્ર, ધન વગેરે સાંસારીક મિથ્યા પદાર્થો ઉપરથી ભર્ચ્હુએ કામના અને મનના સ્વભાવના પાવરને જીતીને મમતા ઉઠાવી લીધી અને એકાંતમાં જઈને પરમાત્માનું મનન કરવા લાગ્યો માટે આ ભર્ચ્હુના દષ્ટાંત ઉપરથી એમ સમજવાનું છે કે, આ અસાર સંસારમાં સ્ત્રી, પુત્ર, ધન, બાગ, બગીચા વગેરેના જેમ ઉપભોગ લેવામાં આવે છે, તેમ તેમ તેના ઉપર વધારે લાલસા વધતી જાય છે અને તે વસ્તુ સંપાદન કરવા માટે પ્રયત્ન કરવો પડે છે; ને પ્રયત્ન જો વિધાત થાય છે તો તેમાંથી ક્રોધ ઉત્પન્ન થાય છે અને ક્રોધથી બુદ્ધિનો નાશ થવાથી સારાસારનો વિવેક ન રહેવાથી નાશનો પ્રસંગ આવી પડે છે એટલા માટે શાસ્ત્રકારો કહે છે કે, કનક, કામીની અને પુત્રાદિક ઉપર આશકિત રાખવાથી પરીણામે નર્કમાં પડવું પડે છે, માટે જળકમળવત વ્યવહાર જેટલોજ તેઓની સાથે સંબંધ રાખવો.

અનાદીથી આ પ્રમાણે જગત બ્રહ્માંડને દુઃખ રૂપ જાણી ઋષિઓ અને રાજાઓ સંસાર પદાર્થને અને કામનાના પાવરને અને મનના સ્વભાવના પાવરને જીતી સર્વ પદાર્થનો ત્યાગ કરી તત્વનો અને બ્રહ્મનો જય મેળવતા અને માથે રાફડા થયા હતા.

# જ્ઞાનદૃષ્ટિથી જોતાં પુત્રાદિક પણ મહાન દુઃખરૂપનું દૃષ્ટાંત

પુત્રાદી સર્વ પદાર્થો, વિચાર કરીએ તો સ્પષ્ટ રીતે જ દુઃખમય પ્રતિ થાય છે. પ્રથમ તો પુત્રનો જ વિચાર કર, પુત્ર ઉત્પન્ન ન થયો હોય તો પણ દુઃખ થાય છે કારણ કે પુત્ર થાય તો સારૂં એ પ્રમાણે માતપિતને મોટી ચિંતા રહે છે. તેને માટે શરીર દોષ કાઢવા કેટલાક ઔષધો કરે છે. જપ વૃતાદિક કરાવે છે બાધા (આખડી) રાખે છે, ને સમયે તો ન કરવાનું કરી, અને કષ્ટ ભોગવે છે. એ પ્રમાણે ન ઉત્પન્ન થયેલો પુત્ર માતપિતાને દુઃખ આપે છે. મનુએ પુત્રને માટે પુત્રેષ્ટિ કરી મોટો પરિશ્રમ તથા ધનનો વ્યય કર્યો હતો. દિલીપે પુત્રને માટે અસહ્ય દુઃખ સહન કર્યુ હતું.

એ દિલીપ મનુના વંશમાં ઉત્પન્ન થયેલો હતો તે સૂર્યવંશી રાજા હતો. ચક્રવર્તિ અને મોટો પ્રતાપી હતો. તે મનુ રાજાએ કહેલા રાજધર્મ અને નીતિધર્મ પ્રમાણે વર્તતો હતો અને નીતિધર્મથી પ્રજાનું પાલન પોષણ કરતો હતો. તે એક રેખા માત્ર પણ મનુએ કહેલા માર્ગને મુકીને ચાલતો ન હતો. સર્વ પ્રજા અને માંડલીક રાજાઓ તેની આજ્ઞામાં રહેતા હતા ને તે ધનસંગ્રહ માટે નહી, પણ પ્રજાના રક્ષણ માટે માંડલીકો પાસેથી કર લેતો હતો. રાજા પોતે બળવાન હતો, તેથી તેને અન્યયના બીજાની સહાયતાની જરૂર ન હતી પોતાના ધનુષ્ય વડે જ શત્રુઓને જીતતો હતો, તેની મંત્રશકિત દૈવના જેવી પ્રબળ હતી તેથી કાર્ય સિદ્ધિ થયા પછી તેનો મનોરથ, માણસોના જાણવામાં આવતો હતો. પણ પહેલાંથી કોઈ જાણી શકતું ન હતું. એવો તે ગંભીર હતો.

તે ભયરહિત પોતાનું રક્ષણ કરતો, સ્થિર મનથી ધર્માચરણ કરતો હતો તે નીતિ નિપુણ હતો, રાજય પાલનમાં પ્રવિણ હતો, તે ક્ષમાવાન, ઉદાર, દયાળુ આદિ ગુણોનો ભંડાર હતો, તેને સુદક્ષિણા નામની રાણી હતી, તે સુશીલ, ચતુરા રૂપવતી ને પતિવ્રતા હતી. તે રાજાને રાણીઓ ઘણી હતી, તો પણ સુદક્ષિણા વિશેષ પ્રિય હતી, ને તે જ તેની પટરાણી હતી. એ રાજાની અવસ્થા મોટી થયા છતાં પણ સંતાન થયું નહી આ વર્ષે સંતાન ન થયું, તો આવતે વર્ષે થશે, એ વર્ષે ન થયું તો બીજે વર્ષે થશે, એવા મનોરથ કરતાં કરતાં

તેનાં કેટલાંક વર્ષો વીતી ગયાં, તો પણ સંતાન થયું નહી. એક સમયે તે રાજ્ય કારભાર પ્રધાનને સોંપી, બ્રહ્માની પુજા કરી, રથમાં બેસી સુદક્ષિણા સાથે વશિષ્ઠ ઋષિ કે જે તેના કુળગુરૂ હતા. તેના આશ્રમમાં ગયો ત્યાં જઈ ઋષિના ચરણમાં રાજા અને રાણી બંન્ને પડયાં. વશિષ્ઠ ઋષિએ આશીર્વાદ આપી બંન્નેનો યોગ્ય અતિથિ સત્કાર કરી પૂછ્યું "હે રાજન તમારા રાજયમાં કુશળ તો છેને?"

રાજાએ કહ્યું, "હે ઋષિરાજ મારી ઉપર આપની પૂર્ણ કૃપા છે તેથી મારા રાજયમાં કુશળ કેમ ન હોય આપની કૃપાથી રાજ્યના સાતે અંગમાં કુશળ છે. હે મહારાજ આપ મારા સલાહ આપનારા છો તેથી આપના આશીર્વાદથી મારા શત્રુઓ શાંત થઈ ગયા છે. મારી સર્વ પ્રજા સુખી છે. વૃષ્ટિ વખતસર અને યથાયોગ્ય થાય છે. સાતે દ્રીપો મારા વશમાં છે. મારી સંપત્તિ મોટી છે તો પણ હે દેવ મારા મનને એમાંનું કાંઈપણ પ્રિય લાગતું નથી કારણ કે મનુષ્ય ધન સમૃદ્ધિ, રાજયાદીકની જેને માટે ઈચ્છા કરે છે તેવો પુત્ર મને નથી. હે મહારાજ હું આપના આશીર્વાદથી વૃદ્ધિ પામ્યો છું. અને હું તો આપનો જ છું. છતાં મને પુત્ર નથી એજ ચિંતા રાત દિવસ રહ્યા કરે છે." એવી રીતના રાજાના વચન સાંભળીને ઋષિએ પોતાના યોગબળથી રાજાની ગૌબ્રાહ્મણ પ્રતિપાળ તરીકેની પરિક્ષા કરી.

ઋષિએ કહ્યું કે હે નૃપ ક્ષત્રિય પુત્રને ગાય અને બ્રાહ્મણનું રક્ષણ કરવાનો અનાદીનો ખરી નીતિધર્મ છે તો તમે બંન્ને સ્ત્રી પુરૂષ ગાયની સેવા કરો તો હે રાજન તારો મનોરથ થોડા વખતમાં પૂર્ણ થશે.

પછી રાજાએ પ્રસન્નતાથી વશિષ્ઠ ઋષિનો આશીર્વાદ ગ્રહણ કર્યો અને ગાયની સેવા કરવાનો નિશ્ચય કર્યો. ઋષિ પોતે પોતાનાં તપોબળથી રાજાને યોગ્ય મોટા વૈભવવાળા મહેલ આદી સિદ્ધ કરવા સમર્થ હતો, તો પણ રાજાને હિત માટેને તેની પાસે મુનિના નિયમો પળાવવા હતા તેથી રાજા તથા રાણીને રહેવા માટે પર્ણકુટી આદિ, મુનિને યોગ્ય જ સઘળી તજવીજ કરી. રાત્રિએ રાજા તથા રાણી દર્ભાસન ઉપર સુતાને ચાર ઘડીને આશરે રાત્રી રહી ત્યારે બંન્ને જણાં ઉઠયાં સ્નાનાદિક કરી ગાયની સેવા માટે તૈયાર થયાં,

પ્રભાતમાં સુદક્ષિણાએ ગંધાક્ષત પુષ્પો વડે ગાયની પુજા કરી, પછી વનમાં ચરવા જવા માટે તેને છોડી, ને તેની પછવાડે રાજાને સુદક્ષિણા ચાલ્યાં પણ તપોવનની સીમાથી સુદક્ષિણાને પાછી વાળી રાજા પોતે એકલો જ ગોવાળીઆની પેઠે ગાયની રક્ષા કરવા લાગ્યો. તે પોતાના હાથથી ઘાસ તોડી તોડી, કોળીયો વાળી, ગાયને ખવડાવતો હતો. ડાંસને ઉડાડતો હતો. તેને ખંજવાળતો હતો. તે જયાં જાય ત્યાં જવા દેતો હતો, તે ઉભી રહે તો ઉભો રહેતો, ચાલતી તો ચાલતો, બેસતી તો બેસતો ને જલપાન કરે તો પોતે પણ જલપાન કરતો હતો. તેણે છત્ર સામ્રાદિક સર્વ રાજચિન્હો ત્યજી દીધાં હતાં તો પણ વિશેષ તેજથી આ રાજા છે એટલું જ જણાતું હતું, રાજાએ માત્ર ધનુષ અને બાણ જ ધારણ કર્યા હતાં. તે માત્ર ગાયની રક્ષા માટે ધારણ કર્યા હતાં.

એવી રીતે વનમાં ચરી સાયંકાળ થયો ત્યારે ગાય આશ્રમ તરફ પાછી ફરીને રાજા પણ તેની પછવાડે પાછો ફર્યો દુરથી ગાયને તથા રાજાને આવતાં જોઈ, સુદક્ષિણા પલક વિનાનાં નેત્ર કરી એક નજરે જોઈ રહી. પછી ગાયની સામે જઈ તેની પ્રદક્ષિણા કરી ગંધાક્ષત પુષ્પો વડે તેનું પુજન કરી વાછરડાં પાસે જવા દીધી. પછી રાજાએ આશ્રમમાં આવી વશિષ્ઠ ઋષિ તથા અરૂંધતીનાં ચરણમાં પ્રણામ કર્યા પાછી ગાયની બંન્ને જણાં સેવા કરવા લાગ્યા અને ગાય સુતા પછી પોતે સુતા. એ પ્રમાણે નિયમથી ગાયની સેવા કરતાં કરતાં એકવીશ દિવસ નીકળી ગયા.

હવે એક કૌતુક બન્યું, બાવીસને દિવસે રાજાનો ભાવ જોવા માટે ગાય હિમાલય પર્વતની ગુફાણાં ગઈ. યદ્યપિ તે સ્થળ અતિ વિકટ હતું. તો પણ આ ગાયને સિંહાદિક પણ હરાવી શકે તેમ નથી એમ જાણી, દિલીપ, હિમાલય પર્વતની શોભ જોવા લાગ્યો, તેવામાં અકસ્માત એક સિંહ ગાયની ઉપર તૂટી પડયો, ને તેને મારવા લાગ્યો. રાજા તે જાણતો ન હતો પણ ગાય હુભાં હુભાં કરી બરાડા પાડવા લાગી તે સાંભળી તે દોડયો ને જોય છે તો ત્યાં ગાય પર સિંહની તલપ છે. તત્ક્ષણે રાજાએ તે સિંહને મારવા માટે ભાથામાંથી બાણ કાઢવાની ઈચ્છાથી, જમણો હાથ બાણની કોથળીમાં લગાડયો, પણ તે ત્યાંને ત્યાં જ ચોંટી રહ્યો એક તો સિંહ ગાયને મારતો હતો તેથી રાજાને ક્રોધ વ્યાપ્યો છે. વળી બાણની સાથે હાથ ચોંટી ગયો છે ને સિંહને મારવા રૂપ પોતાનું ધાર્યુ કામ થયું નહી,

ને સિંહ તો ગાયને મારતો જ હતો તેથી વિશેષ ક્રોધ વ્યાપ્યો ને મંત્ર તંત્રથી સ્તંભી રાખેલા સર્પની પેઠે તે તરફડવા લાગ્યો. તે જોઈ તે સિંહ મનુષ્ય વાણીથી રાજાને કહેવા લાગ્યો હે મહીપાલ થોભ થોભ મિથ્યા પ્રયાસ ન કર તેં મને બાણ માર્યુ નથી પણ કદાચિત માર્યુ હોત તો પણ વ્યર્થ જાત કારણ કે તે મને લાગત નહી. જેમ વાયુ વૃક્ષને ઉખેડી નાંખે છે પણ પર્વતને ઉખેડી શકાતો નથી તેમ તારૂ બાણ બીજાને લાગે પણ મને ન લાગે. ઘણાં દિવસ થયા કોઈપમ પ્રાણી મારી પાસે આવ્યું નથી તેથી હું ઘણા દિવસનો ભૂખ્યો છું. આજ આ ગાય આવી તેને ખાવાથી મારી ક્ષુધા નિવૃત્ત થશે, ને મને તૃપ્તિ થશે માટે હવે તું પાછો જા, લાજ મુકી દે તેં ગુરૂ ભકિત યથાર્થ દર્શાવી છે.

રાજાએ કહ્યું, ''હું શસ્ત્રધારી છું. ગૌબ્રાહ્મણ પ્રતિપાળ છું. તેથી શસ્ત્ર ચલાવ્યા વિના અને શરીરમાં કાંઈપણ શસ્ત્રનું ચિન્હ થયા વિના સાજો સારો એમને એમ, આ ગાયને મુકી જાઉં તો મારી અપકિર્તી થાય.''

સિંહ બોલ્યો કે, ''જે વસ્તુની રક્ષા શસ્ત્રથી કે કોઈ કારણથી થઈ ન શકે તો તેમાં શસ્ત્રધારીની અપકિર્તી થતી નથી.''

રાજાએ સિંહ પ્રત્યે કહ્યું કે ''હે સિંહરાજ ક્ષત્રિયને ગાય અને બ્રાહ્મણનું રક્ષણ કરવું તે અનાદીથી નીતિધર્મ છે તો ગાયનું રક્ષણ કર્યા વગર ચાલ્યું જવું એ અનીતિરૂપ હોઈને મને તેની ઉપેક્ષા કરીને ચાલ્યું જવું એ મને યોગ્ય ભાસતું નથી માટે તું મને ખાઈને તારી ક્ષુધા તૃપ્ત કર, એ ગાયને મુકી દે.''

તે સાંભળી સિંહ હસ્યો ને રાજા પ્રત્યે બોલ્યો...'હે નૃપ તું રાજા છે પણ બુદ્ધિહીન છે, તને વિચાર જ નથી; કારણ કે આ એક ગાય માટે ચક્રવર્તિ રાજયને, યુવાવસ્થાને અને અતિ સુંદર એવા આ શરીરને તજવા તૈયાર થયો છે. હે રાજા પ્રાણીઓ ઉપર દયા દષ્ટિથી આ એક ગાય માટે તારા જેવા અનેકના સ્વામીએ મરવું યોગ્ય નથી વિચાર કરી જો; તારૂ શરીર ઘણાનો ઉપકાર કરવાવાળું નથી શું ? હમણાં જો તું તારૂ શરીર મને આપી દેશે તો માત્ર આ એક ગાયનું જ રક્ષણ થશે, પરંતુ તું જીવતો હશે તો વારંવાર થતાં ઉપદ્રવોમાંથી, પિતાની પેઠે પ્રજાનું રક્ષણ કરીશ. જો તું ગુરૂથી ડરતો હો તો તેથી પણ

ડરવા જેવું નથી. ગાયના રક્ષણથી ધર્મ થાય, ને તેથી સ્વર્ગની પ્રાપ્તિ થાય એવા આશયથી પણ તારે મરવું ઉચિત નથી; કેમકે તને તો ઘર બેઠાં ઈન્દ્રના જેવું સુખ છે; માત્ર ઈન્દ્ર સ્વર્ગમાં રહે છે ને તું પૃથ્વી ઉપર રહે છે એટલો જ ભેદ છે માટે હે નૃપ તું તારા આ શરીરનું રક્ષણ કર.''

એવાં સિંહના વચન સાંભળી, રાજા, ફરીથી સિંહ પ્રત્યે કહેવા લાગ્યો : ''હે સિંહ હું ક્ષત્રિય છું જે નાશમાંથી પ્રાણીનું રક્ષણ કરે, તે ક્ષત્રિય કહેવાય છે. જે ક્ષત્રિય નાશમાંથી પ્રાણીનું રક્ષણ ન કરે તેવા ક્ષત્રિયને રાજ્યનું શું પ્રયોજન છે? તે તો જીવતે મુવા જ જેવો જ છે. હું જો રાજયના લોભથી અથવા બીજા કોઈ કારણથી આ ગાયનું રક્ષણ હમણાં ન કરું તો મારી અપકિર્તી થાય, શું પ્રસિદ્ધ પુરૂષને અપકિર્તી, મરણથી વધારે નથી?''

રાજાએ કહ્યું ''હે સિંહરાજ એમાં કાંઈ તારૂં પ્રાક્રમ નથી. એક રાજા તરીકે આ ઉત્તમ ગાયને મારો દેહ આપીને પણ મુકાવવી જોઈએ માટે મારૂં રક્ષણ કર. મને ખાવાથી તારી ક્ષુધા નિવૃત્ત થશે, ને તૃપ્તિ થશે ને વળી મારા ગુરૂ વશિષ્ઠ ઋષિની ક્રિયાનો લોપ પણ નહી થાય.''

તે સાંભળી સિંહ બોલ્યો ''હે રાજન તું આ ગાય માટે આટલો મોટો આગ્રહ શા માટે કરે છે?''

''હું આ ગાયનું રક્ષણ કરવા માટે વનમાં આવ્યો છું માટે મારે તેનું રક્ષણ કરવું જોઈએ.''

સિંહે કહ્યું, ''તું ગમે તેમ કહે પણ હું તને ખાઈશ નહી.''

તે સાંભળી નિરાશ થયેલા રાજાએ ધૈર્ય ધરી કહ્યું ''રે વનપતિ ! શરીર બે છે, પંચમહાભૂતનું શરીરને યશરૂપી શરીર, આજ અથવા તો વર્ષ પછી પણ, પ્રાણીઓને મૃત્યુ, નિશ્ચિત છે. પાંચે પંદરે પણ એ પંચ મહાભૂતનું શરીર નષ્ટ થવાનું જ પણ યશરૂપી શરીર તો ચિરકાલ પર્યન્ત સ્થિર રહે છે. જો તારે સર્વથા મારા શરીરનો નાશ ન કરવો હોય

તો ચિરઃસ્થાયી એવા યશરૂપી શરીરનો નાશ પણ ન કર. જો તું આ પંચ ભૂત શરીરને નહી ખાય તો મારા યશરૂપી શરીરનો નાશ થશે, ને જો ખાઈશ તો મારા યશરૂપી શરીરનું રક્ષણ થશે. મારા જેવા પુરૂષોને યશરૂપી શરીરમાં વિશેષ આસ્થા હોય છે, પરંતુ વિનાશી પંચભૂત દેહમાં આસ્થા હોતી નથી, માટે તું આ મારા દેહનું ભક્ષણ કર અને ગાયને મુકી દે. તારે મારી એ પ્રાર્થના અવશ્ય સ્વીકારવી જોઈએ; કારણ કે હું તારો સંબંધી છું અને તું મારો સંબંધી છે. આભારપૂર્વક સંબંધ થાય છે, એમ સંતપુરૂષો કહે છે, તે સંબંધ આ વનમાં આપણા બંન્નેનો થયો છે કેમકે આ ગાય સંબંધે આપણે કેટલીક વાતો કરી છે.''

સિંહ કહ્યું ''ઠીક'' પછી સિંહ મને ખાશે તે ગાયને મુકી દેશે, એવા વિચારથી, દિલીપ પૃથ્વી ઉપર સુતો, ને હમણાં સિંહ મારી ઉપર તરાપ મારશે અને ખાય જશે એવો વિચાર કરતો હતો એટલામાં તો આકાશમાંથી વિદ્યાધરોએ (ગંધર્વ અંતરિક્ષમાં રહેનારા દેવો) કરેલી પુષ્પોની વૃષ્ટિ તેની ઉપર પડી ''હે પુત્ર, તું ઉઠ.'' એવી રીતે અમૃત જેવું મધુર વચન કહ્યું, રાજા ઉઠયો, દષ્ટિ કરી જોયું ? જેના આંચળમાંથી દુધ સ્ત્રવતું હતું એવી અને સ્નેહાળ માની પેઠે પાસે ઉભેલી ગાય સર્વાંગે અક્ષત ઉભી છે પણ સિંહ જોવામાં આવ્યો નહી. તેથી રાજા મોટા આશ્ચર્યમાં પડયો તેને ચકિત થતો જોઈ, ગાય બોલી; ''હે સત્પુરૂષ તારી પરિક્ષા જોવા માટે મેં માયાનો સિંહ બનાવ્યો હતો. વશિષ્ઠ ઋષિના પ્રભાવથી સિંહ તો શું; પરંતુ યમરાજ પણ મને મારવા સમર્થ નથી તારી ગુરૂ વિષે ભકિત અને મારી વિશે દયા પરિપૂર્ણ છે માટે હું તારી ઉપર પ્રસન્ન છું. માટે વર માંગ.'' પછી રાજાએ વ્રત સમાપ્ત કરી, ઋષિની આજ્ઞા લઈ, પોતાની રાજયધાનીમાં આવ્યો. થોડે કાળે રાણી સુદક્ષિમાને ગર્ભ રહ્યો, ને નવ માસે પુત્ર જન્મયો તેનું નામ 'રઘુ' હતું.

એક પુત્ર માટે, રાજા જેવા રાજાને થોડું સંકટ પડયું છે ? પ્રાણ, યશ, ગુરૂ આજ્ઞા ભંગ થવાનો ભયે સર્વે કેવાં સંકટમાં હતા. કોમળ કાયાને થોડો શ્રમ હતો. કહે, પુત્ર થવા માટે રાજા જેવા ધર્મશીલ પણ, સંકટ ભોગવી ચિંતા કરે, તો અજ્ઞાનીની તો વાત જ શી? એમ જ પાંડુ રાજાએ પુત્ર થવા માટે મોટો પ્રયાસ લીધો છે; એમજ હમણાં પણ મોટો પ્રયાસ લેતાં જોવામાં આવે છે. એ પ્રમાણે પુત્ર ઉત્પન્ન થયા પહેલાં અસહ્ય દુઃખ વેઠવું પડે છે. ગર્ભ રહ્યા પછી તેની માતાને ગર્ભનું દુઃખ ભોગવવું પડે છે ને પિતાના મોટી ચિંતા

રહે છે જો ગર્ભપાત થાય તો માતા મોટા સંકટમાં આવી પડે છે; તેનો દેહ રહેવાની પણ આશા રહેતી નથી. જે ગર્ભપાત ન થાય ને જન્મ થાય, તો જન્મ સમયે પણ માતાને મરણ તુલ્ય દુઃખ પડે છે, પુત્ર જન્મ્યા પછી તેમને ઉછેરી મોટો કરવામાં મહા દુઃખ છે, તેમાં વળી અનિષ્ટ ગ્રહની પીડા થાય અથવા તો રોગ થાય તે દુઃખ પડે એ તો જુદું. ઉપવિત આપ્યા પછી જો પુત્ર વિદ્યાભ્યાસ ન કરે તો પણ દુઃખ વિદ્યાભ્યાસ કરી સારો વિદ્વાન થયો હોય ને તેનો વિવાહ ન થાય તો એ દુઃખ; સારે ઘેર વિવાહ થાય ને, સ્ત્રી અનુકૂળ ન હોય તો એ દુઃખ; સ્ત્રી અનુકૂળ હોય, તો પણ પુત્ર; યુવાવસ્થાને લીધે પર સ્ત્રીનો સંગી, મદ્યપાની, વેશ્યાગમનાદિ વ્યસનવાળો હોય તો એ દુઃખ એવાં વ્યસનવાળો પુત્ર દુષ્ટ કહેવાય છે. તેવા દુષ્ટ પુત્રથી માતા પિતાને મોટું કષ્ટ વેઠવું પડે છે. વેન રાજા મહા દુષ્ટ હતો તેથી તેનો પિતા અંગ રાજા કંટાળી મોટું રાજ્ય મૂકી ચાલ્યો ગયો હતો.

અંગ નામનો એક રાજા હતો. તેને સુનીતા નામની રાણી હતી તે યમની કન્યા હતી. અંગ રાજાને સુનીતાથી વેન નામનો પુત્ર જન્મ્યો હતો. તે બાલ્યાવસ્થામાંથી જ પોતાના માતામહ યમને પગલે ચાલતો હતો. મૃત્યુનો દોહીત્રોને યમપુરીમાં મહાલ્યો તેથી તે પણ મહા અધર્મી થયો. એ વેન ધનુષ્ય લઈને વનમાં મૃગયા કરવા જતો, ત્યાં સત્પુરૂષોને મૃગલાંને અને ગરીબોને મારતો તેને આવતો જોઈ માણસો ''અરે આ વેન આવ્યો'' એવી રીતે કહેતાં, ભય પામી નાશી જતાં હતાં, અદ્યપિ પણ કોઈ દુષ્ટ હોય તો તેને ''આ તો વેન જેવો થયો ! આ તો વેન વળગ્યું,'' એ પ્રમાણે માણસો વેનની ઉપમા આપે છે. જો વેન ક્રિડા કરતાં બાળકોને પકડી નિર્દયપણાથી, પશુની પેઠે માર મારતો ને પ્રજાને રંજાડતો હતો. પુત્રના એવા દુષ્ટાચરણ જોઈ, અંગ રાજાએ તેને અનેક પ્રકારે શિક્ષા આપી, તો પણ સમજયો નહી ને પોતાના દુષ્ટાચરણ મુક્યા નહી. એક દિવસે, અંગના મનમાં મોટો ખેદ થયો ને તે બોલ્યો કે ને ગ્રહસ્થાશ્રમીઓ, દુષ્ટ પ્રજા વિનાના છે. તેઓએ, પ્રાયઃ હરિ ભગવાન સારી રીત પૂજેલા છે. કેમકે તેઓ, ન સહન થઈ શકે તેવી દુષ્ટ પ્રજાથી થતા દુઃખને જાણત્તા નથી. દુષ્ટ પ્રજાથી મનુષ્યોની અપકિર્તી થાય, મહા અધર્મ થાય છે; દુષ્ટ પ્રજાથી સર્વની સાથે વિરોધ થાય છે, ને એથી મનમાં અંત વિનાની પીડા રહે છે. પોતાને મોહપૂર્વક બંધન કરવાવાળા અને નામધારી પ્રજારૂપ દુષ્ટ પુત્રને કયો પંડિત

ઉત્તમ માને છે ? દુષ્ટ પુત્રરૂપ નિમિતથી, ગ્રહો પણ દુઃખ દાયી થઈ પડે છે. પણ હાય હું તો શોકના સ્થાનરૂપ સત્પ્રજાથી, દુષ્ટ પ્રજાને ઉત્તમ માનું છું. તેથી મનુષ્ય, ઘરથી નિર્વેદ પામે છે. એ પ્રમાણે ખેદથી, મનમાં શોક અને દુઃખ કરતો. તે રાજા, રાત્રિમાં નિંદ્રા ન આવવાથી, મધરાતે ઉઠી, વેનની મા સુનીથાને સુતી મુકી, કોઈ ન જાણે તેવી રીતે આ અસાર સંસારનો ત્યાગ કરી સમૃદ્ધિવાળા ભવ્ય રાજય મહેલમાંથી નીકળી ગયો હતો.

વળી દુર્યોધન દુષ્ટ હતો તેથી પોતાના મોટાં ચક્રવર્તિ રાજયનો નાશ, કિર્તીનો નાશ, સો પુત્રનો નાશ, સંબંધીઓનો નાશ અને અઢાર અક્ષોહિણી સેનાનો નાશ, તેનું અપાર દુઃખ ધૃતરાષ્ટ્રને ભોગવવું પડયું છે. એ પ્રમાણે દુષ્ટ પ્રજાથી માતા પિતાને દુઃખ ભોગવવું પડે છે.

હવે પુત્રનો સારે ઘેર વિવાહ થયો હોય, તેણે વિદ્યાભ્યાસ કર્યો હોય, યુવાવસ્થાનો હોય, સુશીલ હોય, તો પણ જો તેને સંતાન ન થતું હોય તો એ દુઃખ, ઘણાં સંતાન થયાં હોય, પણ પુત્ર દરિદ્રી હોય તો તો મહા દુઃખ, જો પુત્ર ઘણાં સંતાનવાળો હોય, કમાઉ હોય, ધન સંપન્ન હોય, સુશીલ હોય, આજ્ઞાપાલક હો, પણ મરણ પામે તો અપાર દુઃખ, મનુષ્ય પુત્રના મરણ દુઃખને પોતાના મરણ કરતાં પણ વિશેષ માને છે. શ્રવણના પિતાને પુત્રના મરણથી મહાદુઃખ ભોગવવું પડયું છે ને પોતે ચિતામાં બળી મરી પોતાના દેહનો ત્યાગ કર્યો છે. ચિત્રકેતુ રાજાએ પુત્રના મરણથી મહા શોક કર્યો છે. જુઓ જ્ઞાન દષ્ટિથી અને અનુભવ કરીને જુઓ તો પુત્ર એ ખરેખરો શત્રુ છે. પણ મોહજાળને લીધે મનુષ્ય તેને ઉત્તમ પ્રિતીપાત્ર માને છે, એક અનુભવીએ કહ્યું છે કે,

जायमानो हरेभ्दार्या वर्धमानो हरेद्रनम ।
प्रियमाणो हरेत्प्राणा नास्ति पुत्रसमोरिषुः ।।

ઉત્પન્ન થતો પુત્ર સ્ત્રીને હરે, વધતો પુત્ર ધનને હરે, અને મરતો પુત્ર પ્રાણને હરે, માટે પુત્ર સમાન અન્ય કોઈ શત્રુ નથી. જગતમાં પ્રિતીપાત્ર પદાર્થ ત્રણ છે. સ્ત્રી, ધન અને પ્રાણ. એ ત્રણેને પુત્ર હરે છે. જ્યારે પુત્ર ઉત્પન્ન થાય ત્યારે સ્ત્રીનું કેટલુંક બળ ક્ષીણ થાય છે; બાળક જન્મ્યા પ્રાયઃ સ્ત્રીની જુવાની ગયા જેવી જ છે. વળી પુત્રને ઉછેરી

મોટો કરવામાં ધનનો મોટો ખરચ થાય છે. એ પ્રમાણે પુત્ર સ્ત્રી અને ધનને હરે છે, ને જો તે મરણ પામે તો તો તેનો પિતા મરેલા જેવો જ થઈ જાય છે. એ પ્રમાણે પ્રાણને પણ હરે છે. બીજા શત્રુઓ એક એક વસ્તુનું હરણ કરે છે, ને આ તો ત્રણે વસ્તુઓનું હરણ કરે છે; તેથી જ પુત્ર સમાન બીજો શત્રુ નથી માટે માતા પિતાને પુત્ર જન્મ દુઃખનો અંત આવતો નથી. એવી જ રીતે સ્ત્રી, ધન, ગૃહ, આદી સર્વમાં દુઃખ છે. એવો અનુભવ કરીને આ સંસારની ખોટી માયાનો ખરા વૈરાગ્યથી અનાદી કાળમાં ઋષિઓ અને રાજાઓ જગત પદાર્થો મિથ્યા માની સર્વ વસ્તુઓનો ત્યાગ કરી જંગલમાં ચાલ્યા જતા અને પોતાના શરીરના દુર્ગુણો અને દુર્મતિને હણીને યોગી થઈને નિરંજન વનમાં નિરાશી નિર્વાસનીક, નિર્દોષી થઈને રહેતા અને તેમના ઉપર રાફડા થઈ જતા.

***

# શિખિદવજ અને ચુડાલા રાણીનો ઉપદેશ

જયારે શિખિધ્વજ રાજ કર્મ કર્તવ્યમાં મંડયો રહે છે અને તેમાંથી છુટો થઈ શક્તો નથી, ત્યારે તેની સ્ત્રી ચુડાલા કહેવા લાગી કે હે રાજન તું શું કરે છે. આ જગતમાં કરવાપણું શું છે ! તારા મનથી વિચારીને જો તો જગતના બધા પદાર્થો નાશવંત છે અને શ્રી પછી જગત નથી તો પછી કર્તવ્ય શા સારૂ ? તેમ સંતનું રાજાએ પણ વૈરાગ્યની પોતાના દીકરાઓને રાજય આપી જીવનમુક્ત થયો હતો. તેના પહેલાં તો તેના દીકરાઓ રાજયપાટ છોડી ચાલ્યા ગયા હતા. તેઓએ વિચાર્યુ કે હું પણું એ કેવળ ખોટી કલ્પના છે તો રાજ અને જગત કોને માટે.

સર્વે માયા એક બાલકના રમકડાં જેવી છે. બાળક માટીનો પીંડ લઈ હાથી, રાજા, રખવાળ, ઘોડો, ગ્રહ, રૈયત બનાવે છે પણ પછી તે રમકડાંને સાચાં માને છે, તેમાંથી કાંઈ ભાંગ્યું કે બગડયું તો વૃથા હાની કે લાભ માનીને કલ્પના અને અચંબો કરવા લાગ્યું તેવી રીતે આ જગતની ઉત્પત્તિ માયાથી છે, તેમાં કોઈપણ પદાર્થ કે સ્થિતિ નિર્ભય નથી, સર્વેમાં લાભ હાની ઉત્પત્તિ અને વિનાશ છે પણ જગતના જીવો તે બધી વસ્તુઓ સત્ય માની, તેમાં મારાપણું આરોપણ કરી અનેક રીતે દુઃખી થાય છે એવી જ રીતે જગત બ્રહ્માંડનો પણ ખેલ બધો એક દિવસ નાશવંત છે. આગળના પુરૂષોએ આમ જગત ખોટો માની છોડયો છે. શિખીદ્વજ કહે છે કે વેદને વાણી જ કહે છે તે હું કર્મકાંડ કરૂં છું ત્યારે ચુડાલા રાણી કહે છે કે એક કોઈ બ્રાહ્મણે ઘણો ધનવાન હતો. તે બ્રાહ્મણે જાણ્યું કે આ ધન સાચવવાનું પ્રયોજન ઘણું કરવું પડે છે તથી પારસમણી પ્રાપ્ત થાય તો પારસમણી થોડી પ્રયોજન રહે અને પારસમણીથી અખૂટ ધન રહે એવી મનની કલ્પના કરતાં અમૂલ્ય પારસમણી પ્રાપ્ત થઈ પણ પારસમણીને ઓળખવાનો અનુભવ હતો નહી તેથી ઘણા વિદ્વાનો પાસે પુછાવતા વેદમાં કહ્યું કે પારસમણી તો ઘણો પ્રયત્ન કરે ત્યારે પ્રાપ્ત થાય છે. ત્યારે વેદના કહેવા પ્રમાણે માન્યું આ પ્રયત્ન વિનાની પારસમણી આપણને મળી તે સાચી માનવી વૃથા છે અને પારસમણીનો અનાદર કર્યો. કેમકે વનસ્પતિને ધનની સાચવવા કેળવણી ન હોય તો ધન પણ દારિદ્રનો તેને શ્રાપ દઈ ચાલ્યું જાય છે. તેમ પારસમણી મળી અને ન ઓળખી અને પારસમણીનો અનાદર કર્યો તો

પારસમણી દારિદ્રોને શ્રાપ દઈ ચાલી ગઈ અને ધનપતિ વેદના કહેવા પ્રમાણે પારસમણીની ઘણી પ્રયત્ન કરવા લાગ્યો ત્યારે કોઈ તપાસ કરે તેમ પૂછતાં પારસમણીની શોધ કરવાનું કહ્યું પણ પારસમણીને જાણતો નથી ત્યારે ઠગી માણસે ખોટો કાચનો કટકો દઈને ધનપતિનું ધન સર્વે હરી લીધું. અને ખોટા કાચા કટકાને પારસમણી માની અંતે ધનપતિ પણ નિર્ધન થયો. તેમ હે રાજન જે વેદના કહેવા પ્રમાણે ધનપતિ પણ દારિદ્ર થયો તેમ ધતંગી, કવિઓ બોધિકોએ પણ જગત સાચી ખોટી ઓળખ્યા વિના જગતને ખોટે રસ્તે ભરમાવીને પાયમાલ કરી છે. હે રાજન જગત માયા અસારરૂપ ખોટી મનાવી અનાદિથી હિંદુ મુસલમાન રાજા ઋષિઓએ ત્યાગ કરેલા છે. હે રાજન તું કંઈપણ અનાદિથી હતો નહી અને જગતની ઉત્પત્તિ પણ અનાદિથી હતી નહી અને જગતનો પણ પ્રલયકાળ છે. અનાદિ રહેવાની નથી અને તું પણ અનેક ઓરા ઝાલતો પણ તારી ભૂખ, કામના અને મૃત્યુક તને કોઈને ઓરે અનાદી રહેવા દીએ તેમ નથી. હે રાજન તું અનાદિ નથી ત્યારે જગત પણ અનાદિ નથી. ત્યારે કર્મ અને કર્તવ્ય તે પણ અનાદિ નથી સર્વે કલ્પીત પ્રવૃત્તિનું કાર્ય છે. હે રાજન જગત સર્વે મિથ્યા માની અકર્તા, અભોકતા, વિરક્ત, જ્ઞાન વૈરાગ્ય ત્યાગ, બ્રહ્માકાર વૃત્તિ અને શાંતિ. હે રાજન જ્ઞાની પુરૂષને તો આટલું જ ખરૂં જાણવાનું તથા કરવાનું છે હે રાજન કોઈ શ્રીમંત અજ્ઞાની દિકરાને સ્નેહપૂર્વક સમજાવે પણ મનથી સમજયા વિના અજ્ઞાની સમજતો નથી કેમકે અમુલખ મોતીનો હાર દોરામાં પરોવા બેસીએ તો તે મોતીમાં છિદ્ર વીના પરોવાતો નથી તેમ અજ્ઞાની સાચું ખોટું તેના મનથી સમજાણા વગર અજ્ઞાની સમજતો નથી કેમ કે બીજનો ચંદ્રમાં સર્વે જગત જોતી હોય અને આપણને પણ બીજ દેખાય એમ સમજાવતી હોય તો પણ આપણે દિવ્ય ચક્ષુથી બીજ જોયા વિના આપણું મન જાણી શકતું નથી. ત્યાં સુધી અજ્ઞાની સમજાવ્યો પણ સમજયો નહી તેમ હે રાજન અજ્ઞાનરૂપી અસાર સંસાર માયાના ખોટા ભોગમાં છાણના કીડા છાણમાં તે છાણમાં ભુંજાઈને વિનાશ થાય છે. તેમ સર્વે અજ્ઞાની લોકો ભુખ કામના અને મૃત્યકથી અને સંસારના ભોગથી ભટકી મરે છે. ચુડાલા રાણીના ઉપદેશથી શિખિદ્વજ રાજાએ મન સહીત સર્વ કર્તવ્યનો ત્યાગ કર્યો છે. સર્વે કર્મ કલ્પના છોડી શાંતિથી બંન્ને માણસે જન્મ સફળ કર્યો છે. રામચંદ્રજીને વશિષ્ઠજીએ એજ ઉપદેશ દીધો છે.

★★★

# મોહજીત રાજાનું દ્રષ્ટાંત

કોઈ એક રાજપુત્ર પોતાના સમ વયના સ્નેહીઓ સાથે વનમાં ફરવા નિકળેલા હતા. તે એક બીજાની પછવાડે અશ્વ દોડાવતો અને ફરતો ફરતો વનની ઝાડીમાં તેઓથી વિખુટો પડી ગયો. ગીચ ઝાડીમાં આઘો નીકળી જવાથી તેઓ વચ્ચે ઘણું અંતર પડી ગયું, તેથી તેના સ્નેહીઓ તેને શોધે અને તે સ્નેહીઓને શોધે પણ કોઈ કોઈને મેળાપ થયો નહી અને રાજકુમાર એકલો પડયો અને મધ્યાનકાળ થવા આવ્યો તેથી નિત્ય નિયમ કરવા માટે જળાશયની શોધ કરવા લાગ્યો. કરતાં કરતાં એક સરોવર તેમના જોવામાં આવ્યું ત્યારે ત્યાં ઉતરી પડી ઘોડાને જલ પાઈ સ્નાન કરી સ્થિર ચિત વડે પોતાના સંધાયદિ કર્મ (તત્વો)ની ઉપાસના કરવા બેઠો અને ત્યાર પછી તેની દ્રષ્ટિ સામે કિનારે ગઈ ત્યાં એક રમણીય આશ્રમ દેખાયો એ સ્થળમાં કોઈ મહાપુરૂષ રહેતા હશે એમ ધારી પોતાનું નિત્ય નિયમ કરી લઈને તે અશ્વ સહિત ત્યાં ચાલ્યો આશ્રમની અંદર આંબા, કદમ, અશોક, વડ, જાંબુ, ઈત્યાદિ ઉત્તમ વૃક્ષો અને ચંપા, ચમેલી, ગુલાબ, મોગરા, જાઈ, જુઈ, કેતકી ઈત્યાદિ પુષ્પ વૃક્ષો નવ પલવ થઈ રહ્યા હોવાથી નેત્ર અને મનને બહુ જ ટાઢક વડે તેવું હતું. વૃક્ષ ઉપર અનેક પક્ષીઓ મધુર કલોલ કરી રહ્યા હતા રાજપુત્ર આનંદ પામતો માંહે પેઠો. મધ્ય ભાગે જતાં એક સ્વચ્છ અને સુંદર લત્તાઓથી છાયેલી પર્ણશાળા દ્રષ્ટિએ પડી ત્યાં જતાં તે અશ્વ પરથી ઉતરી પડયો તેણે સમીપમાં જ દ્રષ્ટિ કરી તો એક વૃદ્ધ યોગી જાણે હમણાં જ ધ્યાનમાંથી નિવૃત્તિ પામ્યા હોય તેવા બેઠા હતા તે રાજપુત્રને જોતાં જ ઉભા થઈને બહાર આવ્યા અને આદરયુક્ત તેને અંદર લઈ જઈ સામે પડેલા આસન પર બેસવાનું કહીને બોલ્યા કે હે મહાશય તારૂં નામ શું તું કોનો પુત્ર તારો દેશ કયો? રાજપુત્ર વંદન કરી આસન પર બેસીને બોલ્યો મહારાજ હું મોહજીત રાજાનો પુત્ર છું. અને મારૂં નામ મોહજીત છે. મારા પિતાની રાજ્યધાની આ મહાવનની દક્ષિણે આવેલી નિર્મોહા નગરી છે. તે જ એ સાંભળી આશ્ચર્ય સાથે યોગીરાજ બોલ્યા શું તારૂં નામ મોહજીત એટલે મોહ રૂપ શત્રુને જેણે જીત્યો હોય તે પણ એ મોહ તો જગતમાંનાં પ્રાણી માત્રનો પરમ શત્રુ અને આ માયાશકિતનો સગો ભ્રાતા છે તેથી માયા વડે વ્યાપેલા જગતમાં મોહ રહીત એવું કોણ હોય જયાં માયા ત્યાં અવશ્ય મોહ છે જ એ તો માયાનો જમણો હાથ

અથવા માયાનું સર્વોત્તમ આયુદ્ધ છે એ જીતાયો એટલે તો સર્વ જીતાયું જાણવું જેણે મોહ જીત્યો તેણે આખું જગત જીત્યું અને જે પુરૂષ માયા મોહથી છુટો છે તેને સાક્ષાત મોક્ષ સાંનિધ્ય છે ત્યારે શું તું તેવો મોહજીત છે કે માત્ર નામનો જ છે કેમ કે યથાર્થ તો મોહન જીતેલા એવા જીવો તો આ વિશ્વમાં વિરલા જ હોય છે. યોગયજ્ઞ, તપ, વૃત, સદાચરણ વૈરાગ્યવૃત્તિ ઈત્યાદિ સર્વે ઉપાયો જો કે માત્ર મોહને જ જીતવાને જ મનુષ્ય માટે કલ્પેલા છે છતાં તેવા સાધન સાધનારાઓમાંથી પણ કોઈક જ જીવ મોહને જીતી જાય છે માટે હે રાજતનય તારા કહેવા પ્રમાણે કદાચ તું એક મોહજીત હોઈ શકે. પરંતુ તું તો તારા પિતાને પણ મોહજીત કહે છે એ શું આશ્ચર્ય નથી. પાન કર્યા વિના ઔષધના નામથી જ મુકિત થતી નથી અને મોહને જીત્યા વિના શબ્દથી જ મોહજીત થવાતું નથી એ સાંભળી રાજપુત્ર બોલ્યો મહારાજ આટલાથી જ આપ આશ્ચર્ય માનશો નહી મારી માતા, બ્હેન, ભ્રાતીઓ, તેમની સ્ત્રીઓ, મારી સ્ત્રી ઈત્યાદિ અમારૂં કુટુંબ અને અમારા દાસ દાસીઓ પણ મોહજીત જ છે. એમ જાણશો ત્યારે આપને વધુ આશ્ચર્ય પ્રાપ્ત થાશે વિદેહ વંશના પ્રત્યેક રાજા વિદેહી છે તેવી રીતે અમારું કુટુંબ આખું મોહજીત છે એ સાંભળી આશ્ચર્ય આશ્ચર્ય એમ મુનિએ કહ્યું આખું કુટુંબ એવા એક સરખા અમૂલ્ય ગુણવાળું હોવું એ તો કેવળ અસંભવિત છે અને તેમજ હોય તો ખરેખર એ કુટુંબ સર્વ જગતને પરમ દર્શનીય અને વંદનીય જ છે એટલું જ કહીને રાજપુત્ર આતિથ્યને સારૂં કેટલાંક તાજાં ફળ ફૂલ લઈ આવવા સારૂં તેણે તુરંત હાથમાં ઝોળી લીધી અને તેને કહ્યું કે હું આવું ત્યાં સુધી આપ અત્રે બિરાજો થોડાંત ફળમૂળ લઈને આવતાં મને ઝાઝો વિલંભ થાશે નહી.

રાજપુત્રને આશ્રમમાં બેસાડી યોગીરાજ વનમાં આવ્યા પણ રાજપુત્રની કહેલી વાત તેમના મનમાં ઠસી નહી તેમને બહુ બહુ વિચાર આવવા લાગ્યા કે હજારો વર્ષ તપ કરીને ઈન્દ્રિયોનું દમન કરનાર અનેક કઠીન વૃતો આચરનારને સંસારના સર્વ સુખોનો ત્યાગ કરનાર આ નિરંજન અરણ્યમાં એકલા વસનારા મુનિઓનો મોહ હજુ સુધી દૂર થતો નથી. અને આ ક્ષત્રિયપુત્ર તેનું આખું કુટુંબ મોહરહીત જણાવે છે તે શું ખરૂં હશે એના નગરનું નામ પણ નિર્મોહા નગરી છે તે ઉપરથી તો એ આખું નગર પણ મોહરહીત હોય એમ ભાસમાન થાય છે એ સર્વે સત્ય હશે એ વાત પ્રત્યક્ષ જોઈ મારો સંશય દુર કરીશ આવો

નિશ્ચય કરતાં જ તે મહાયોગી પોતાની અદ્દભુત યોગ શક્તિના બળ વડે ક્ષણવારમાં નિર્મોહા નગરીની ભાગોળે જઈ ઉભો અને તે નગરીમાં પ્રવેશ કરવાની ઈચ્છા કરે છે એટલામાં દરવાજાની અંદર જ એક સવારી સામી આવતી દષ્ટિગોચર થઈ.

"કોણે કોનો શોક કરવો."

સવારી નજીક આવી ત્યારે તેમાં શણગારેલા હસ્તી પર સવાર થયેલો એક પુરૂષ તેની દષ્ટિએ પડયો તેની મુખમુદ્રા ઉપરથી જ તે મહાત્મા યોગીએ અનુમાન કર્યું કે રાજપુત્રનો બંધુ હશે સવારી સમીપ આવી એટલે રાજપુત્રે તે યોગીના માનાર્થે સવારી ઉભી રાખી અને હસ્તી ઉપરથી નીચે ઉતરીને યોગીને વંદન કર્યું ત્યારે યોગીરાજ બોલ્યો કે વીર તારી મુખમુદ્રા ઉપરથી અનુમાન થાય છે કે તું આ નગરના મોહજીત રાજાનો પુત્ર છે રાજપુત્ર નમન કરી બોલ્યો હા ત્યારે મહાત્મા યોગીએ તેઓનું સત્ય જોવાને માટે તેઓની પરિક્ષા કરી. રાજા, રાણી, રાજકુમારો, દાસ, દાસીઓ અને રૈયત અને શહેર સહિતની યોગીએ પરિક્ષા લેતાં તે યોગીને મોહજીત જણાણી.

રાજા યોગીને પોતાના શણગારેલા સહિત શહેરમાં રાજયધાની અમુલ્ય હીરા માણેક સહીત ઝરૂખા, ઝારીયાં શણગારેલ હાથી, ઘોડા, ફોજ દીવાલું શોભતાં તખ્ત સિંહાસન પાલખી અંદર યોગીને બિરાજતા રાજા (બાદશાહ) કહે છે કે હે યોગેશ્વર આ મારી સર્વે રાજયધાની, વૈભવ, સુખ, સંપત્તિ નિહાળીને જુઓ તે વખતે યોગી સાથે વાત કરે છે કે હે રાજન મેં તો જગત બ્રહ્માંડ બધું ખોટું માન્યું છે તો તારી આટલી રાજયધાનીમાં શું જોઉં રાજયધાની તારી માનેલી સર્વ ખોટી છે તારા મનની માનેલી છે ભોગ પદાર્થ સર્વે મનના માનેલા છે એમ કહી યોગી શહેર બારણે જંગલમાં ચાલ્યા ગયા તે સમયે બાદશાહ અમુલખ હીરાનો થાર ભરી યોગીને દક્ષિણા દેવા હાથ જોડી ઉભા ત્યારે યોગી કહે છે કે તારી રાજયધાનીમાં આશા આશ્રમથી બંધાયેલ એક કંગાલરૂપી હું માનું છું કેમકે જગત પદાર્થમાં અને જગતના ભોગમાં આશા રાખે છે તે તો એક કંગાલ મનાય છે તો હું જગતથી બેપરવાહ બાદશાહ યોગી તારી કંગાલની હું દક્ષિણા લઈને તારા જેવો મને કંગાલ બનાવવો છે આ પ્રમાણે યોગી સર્વે રાજય શહેર અને હીરા માણેકનો અને રાજાનો ત્યાગ

કરીને વનમાં ચાલ્યા ગયા અમૃત ભોજન રાજાએ પીરસ્યા તેને પણ દરકાર યોગીએ રાખી નહી અને અઘોર વનમાં પડેલાં પાંદડાં પોતાની ક્ષુધાનો નિવાસ કરતા હતા.

ઓગણપચાસ વાયુ સર્વે ઋતુ સર્વે જગત બ્રહ્માંડને હલાવી, ડોલાવી, ફુલાવી, ફલાવી અને સર્વેની સત્તા સ્મૃતિનું શોષણ ભક્ષણ કરી વાય ઋતુ પુષ્ટ રહે છે. આકાશ ઋતુ ઓગણપચાસ વાયુની આકર્ષણ શકિતથી શોષણ કરી પુષ્ટ થઈ આકાશ બાર મેઘનું બ્રદ જમાવે છે. પૃથ્વી ધામરૂપી ઋતુમાં આવી આકાશમાં મેઘમંડળ બંધાવી અને બાર મેઘનું બ્રદ લે છે. આકાશની વૃષ્ટિથી અને પૃથ્વીના કોચથી પદાર્થ પાણી સર્વે વનસ્પતિ જીવજંતુ અને કીડા થાય છે તે સર્વે જગત એક બીજાનું ભક્ષણ કરી રજસ્વાલામાં નરનારીના સંયોગથી વાસનાવિકારથી મુતઃના પણગામાંથી પ્રજાના હાડ, માંસ, નાડી, ચામડી થઈ અને મુતરનાજ ખારમાંથી અને વાસનાવિકારથી જે ઉત્પન્ન થયું છે તે સર્વે ક્ષુધા, કામના અને મૃત્યક લઈને ઉત્પન્ન થયું છે. કોઈની ક્ષુધા સુગંધી દુર્ગંધીનું ભક્ષણ કરાવે છે કોઈની ક્ષુધા હાડ, માંસ, નાડી, રૂંવાડાં, ચામડી અનેક મારણનો ભક્ષણ કરાવે છે. કોઈની ક્ષુધા અનેક જીવજંતુ અને પશુ પ્રાણીનો ભક્ષણ કરાવે છે. કોઈની ક્ષુધા હવા, માટીનું ભક્ષણ કરાવે છે. કોઈની ક્ષુધા ઝાડ પદાર્થ પાણીનું ભક્ષણ કરાવે છે. જગત બ્રહ્માંડ જે ઉત્પન્ન થયું કે સૌ સૌની ક્ષુધા ખોરાકની શોધ કરે છે. અનાદીથી બ્રહ્મા, વિષ્ણુ મહેશ્વર, ચોવીસ અવતાર, તેંત્રીસ કરોડ દેવતા, પંડિત પુરાણી, ફકીર ઓલીયા સિદ્ધ સમર્થ રાજા અને રૈયત સર્વે સૌ સૌના કામનાના પાવરને અને મનના સ્વભાવના પાવરને વશ થઈ સર્વે રાજય વૈભવ સુખમાં ભોગ વિલાસના સુખમાં અને સ્વાર્થમાં સુખમાં અનાદીથી સર્વે પેટ વાસ્તે અને કમાવા વાસ્તે કોટીત કર્મ કરતે વિનાશ થાતા આવે છે. સર્વેને એક એક દુર્ગુણે અને દુર્મતિએ સર્વેને કડક ચડાવ્યા છે. તે ઉગે આથમે છે ત્યાં સુધી વેદવાણીમાં પ્રસિદ્ધ છે.

એક અણુ માત્ર તરણ માત્રથી અનુભવ કરો તો જગત બ્રહ્માંડ જે ઉત્પન્ન થયું તે ક્ષુધા, કામના ને મૃત્યક લઈને ઉત્પન્ન થયું તો ઉત્પન્ન થઈ સર્વેની ક્ષુધા ખોરાકની શોધ કરાવે સર્વેની ક્ષુધા કામના અને મૃત્યક કોઈની પણ જીવન પર્યંત તૃપ્ત થઇ નથી. સર્વેની ક્ષુધા, કામના અને મૃત્યુક જીવન પર્યન્ત સુધી સંતોષ શાંતિ આવવા દીધી નથી ક્ષુધા

કામના અને મૃત્યુક ધનપતિ અને પૃથ્વીપતિને પણ અર્થ અનર્થ કે સાર અનુસાર જાણવા દીધો નથી. અનાદીથી વેદીક બોધિકોએ જગત આત્મારૂપ અને ભગવાનરૂપ મનાવી દીધી છે. વેદીક બોધિકોએ અનાદીથી ખટશાસ્ત્રોમાં ચોરાસી પંથ, તેત્રીસ કરોડ દેવતા, અડસઠ તીર્થ અને કર્મકાંડ મનાવ્યા છે. અનાદીથી સર્વે વેદીક બોધિકોએ મનાવેલાં તેના અનાદિથી જગત ઓરાને આશરા ઝાલતી આવી છે પણ કોઈને ઓરે જગતની ક્ષુધા, કામના અને મૃત્યુક તૃપ્ત થયું નથી. જેમ છાણના કીડા છાણમાંને છાણમાં તડકે ભુંજાઈને વિનાશ પામે છે તેમ અનાદીથી જગત બ્રહ્માંડ જે ઉત્પન્ન થયું છે તેને ક્ષુધા કામના અને મૃત્યુક પેટ વાસ્તે અને કમાવા વાસ્તે કોટીક કર્મ કરતે અનાદિથી જગત બ્રહ્માંડ ભટકી ભટકી છાણના કીડાની વારીએ અહીં જમીન માથે અનાદીથી વિનાશ થાતું આવે છે. સર્વે જીવ જંતુ, પશુ પંક્ષી સર્વેનો એક બીજાનો ભક્ષા ભક્ષી કરે છે. પદાર્થ પાણીનો ભક્ષણ કરે છે તેથી સર્વે જીવજંતુને પશુ પ્રાણીને સર્વેને મળમૂત્રને ત્યાગ કરવાનો ગુદાને ઈંદ્રિ ખાર ગટર સર્વેને નીસરવાનાં છે તેમ સુધારાવાળા શહેર પાટણમાં મળ મૂત્રને ગંદકી નીસરવાનાં ખાર ગટર કર્યા છે. તેમ પૃથ્વી માથે સર્વે ઉત્પત્તિનાં મળ મૂત્ર હાડ, માંસ, નાડી, રૂંવાડાં અને મેલ અને સર્વેની રકત અને સર્વે ઉત્પત્તિના મસાણના આ સર્વેના વિકારનાં સર્વે નદીઓ નાળાંના પાણી ગટર ખાર રૂપ છે.

સર્વે જગત વેદિક બોધિકો કોઈપણ નિઃસ્વાર્થી છે નહી અને જયાં સ્વાર્થ છે ત્યાં નીતિધર્મ રહેતો નથી. તેવા સ્વાર્થીઓએ અનેક પ્રકારના ફાંસલારૂપી જાળ જગતમાં પાપ પ્રસારી જગતને ફસાવી પોતાનો સ્વાર્થ સાધે છે. અને જગત જ્ઞાનહીણ અને બ્રદ્હીણ થાતાં જગત પશુ, પામર જેવી થઈને પાયમાલ થાય છે.

★★★

# નિર્વિકારી કાંઈ છે જ નહિં તેનું દૃષ્ટાંત

વેદિક બોદ્દિખો કહે છે કે ભગવાન ક્ષીર સાગરમાં શેષ નાગ માથે પોઢેલા તેમાંથી નાલ નાંભીથી ફુટી અને તેમાં નાલમાંથી શકિત ઉત્પન્ન થઈ ને નાલમાંથી કમળ ફૂલ થયું અને તેમાંથી બ્રહ્મા ઉત્પન્ન થયા છે અને એ બ્રહ્માથી સૃષ્ટિ ઉત્પન્ન થઈ છે. ત્યારે ક્ષીર સાગરમાં ભગવાન પોઢેલા અજર અમર અને નિર્વિકારી કહ્યા છે. તે વેદિક બોધિકનુ કહેવું સંભવિત નથી. કેમકે જે ઉત્પન્ન થયું અને નામ ધર્યુ તે સર્વે નાશવંત છે અને સમુદ્ર પણ પ્રલયકાળ વખતે શોષાઈ જાય છે. જો ભગવાન નિર્વિકારી હોય તો વિકાર વગર સૃષ્ટિ ઉત્પન્ન થાવી સંભવિત નથી. જો જગતના કર્તા અજન્મા અમર અને નિર્વિકારી હોય તો સાજી ઉત્પતિ અનજન્મ્યા અમર અને નિર્વિકારી હોવી જોઈએ તે થાવું સંભવિત નથી. કેમકે જગત બ્રહ્માંડ સર્વે વાસના વિકારનું જ ઉત્પત્તિ જગત વિકારની છે. જો જગતના કર્તા ભગવાન અજન્મ્યા, અમર, નિર્વિકારી હોય તો વિકાર વગર સૃષ્ટિની ઉત્પત્તિ થાવી સંભવિત નથી. વેદીક, બોધિક, પાદરી કહે કે જગતના કર્તા કુદરત અજન્મ્યા. અમર અને નિર્વિકારી ભગવાન છે તે કહેવું સંભવિત નથી. કેમ કે ઉત્પન્ન થયું અને નામ ધર્યુ તે સર્વે નાશવંત છે. જગતના કર્તા નિર્વિકારી હોય તો વિકાર સિવાય સૃષ્ટિ ઉત્પન્ન થાવી સંભવિત નથી. કોઈ પુરૂષો કહે છે કે જગતના કર્તા ભગવાન અદ્રશ્ય અજન્મા, અમર અને ભગવાન નિર્વિકારી છે તે પુરૂષનું કહેવું સંભવિત નથી. જો જગતના કર્તા ભગવાન અદ્રશ્ય અજન્મા, અમર, નિર્વિકારી હોય તો જે જગતમાં ઉત્પન્ન થયું છે તે ક્ષુધા, કામના અને મૃત્યુક લઈને ઉત્પન્ન થયું છે તે અનાદીથી સર્વે પેટ વાસ્તે અને કમાવા વાસ્તે કોટીક કર્મ હસ્તી વિષે થાતી આવી છે. કોઈ પુરૂષો કહે ભગવાન સાકાર અજન્મા અમર નિરાકાર જગતના કર્તા ભગવાન નિર્વિકારી છે. કોઈ પુરૂષો કહે કે જગતના કર્તા ભગવાન અજન્મ્યા, અમર નિર્વિકારી છે તે પુરૂષોનું કહેવું સંભવિત નથી. કેમકે ઉત્પન્ન થયું અને નામ ધર્યુ તે સર્વે નાશવંત છે. સર્વેને ક્ષુધા કામના અને મૃત્યુક અર્થ અનર્થ કરાવી વિનાશ કર્યા છે. જગતના કર્તા ભગવાન નિર્વિકારી હોય તો વિકાર સિવાય સૃષ્ટિ ઉત્પન્ન થાવી સંભવિત નથી કેમકે આકાશમાંથી ઓગણપચાસ વાયુ ઉત્પન્ન થાય છે અને પાછા નિર્લેપ થઈ જાય છે પણ સુક્ષ્મ વિકાર તો અદ્રશ્ય રહે છે. કેમકે નિર્વિકારી હોય તો પવનને ઉત્પન્ન થવાનો

સંભવ નથી છતાં ઉત્પન્ન થવાનો કોઈપણ અદ્રશ્ય વિકાર તો રહેવો સંભવિત છે તેમ પ્રલયકાળ વખતે કોઈપણ અદ્રશ્ય વિકાર રહેવો સંભવિત છે. જો નિર્વિકારી હોય તો ઉત્પત્તિ થવાનો સંભવ નથી. આકાશમાં વાદળાં ઉત્પન્ન થઈ આકાશમાં વાદળાં ઘેરાઈ જાય છે ને પાછાં વિખેરાઈ પણ જાય છે. પણ કોઈ અદ્રશ્ય વિકાર તો રહે છે. નિર્વિકારી હોય તો પાછાં વાદળાં ઉત્પન્ન થવાનો સંભવ નથી. આકાશમાંથી બાર મેઘ વરસે છે અને પાછા નિર્લેપ પણ થઈ જાય છે. પણ કોઈપણ અદ્રશ્ય વિકાર તો રહી જાય છે. નહીંતર પાછો મેઘ ઉત્પન્ન થવાનો સંભવ નથી તેમ પ્રલયકાળ વખતે પણ કાંઇ સુક્ષ્મ વિકાર તો રહે છે જ. જો નિર્વિકારી હોય તો ઉત્પત્તિ થવાનો સંભવ રહેતો નથી. આકાશમાં ગાજવીજ થાય છે અને નિર્લેપ પણ થઈ જાય છે. પણ કોઈપણ વિકાર રહેતો હોવાથી પાછા થાય છે. અને બંધ પણ થઈ જાય છે. સૂર્ય, ચંદ્રમામા ગ્રહણ પણ આવે છે અને પાછાં નિર્લેપ (લય) પણ થઈ જાય છે તે વિકાર રહીત નથી નહિતર પાછાં થવાનો સંભવ જોઈએ નહી. અમાસનો ચંદ્રમાં દેખાતો નથી પણ કાંઈ સુક્ષ્મ વિકાર તો હોવો જોઈએ. નહીતર પડવા તથા બીજનાં ચંદ્રની ઉત્પત્તિ થવાનો સંભવ રહેત નથી તેમ પ્રલયકાળ વખતે કોઈપણ સુક્ષ્મ અદ્રશ્ય વિકાર હોવો જોઈએ એવો ભાસ થાય છે. નહીતર પાછી ઉત્પત્તિ નિર્વિકાર હોય તો થાય નહી.

★★★

# બ્રહ્માંડની ઉત્પત્તિ

પ્રલયકાળમાંથી ક્રમે ક્રમે વાસના વિકાર વૃદ્ધિ પામીને એક ઉષ્ણતા ઉત્પન્ન થવી સંભવે છે. તેને પુરૂષો ઈશ્વરી અંશ કહે છે. આ પ્રથમનો તત્વ ઉત્પત્તિનો વર્ણવેલો છે. આ તત્વ તો ઈશ્વરી અંશ એક જ પણ તેમાંથી નવ તત્વો અને પચીસ પ્રકૃતિઓ અને પંડવરમંડ અને જગત બ્રહ્માંડ ઉત્પન્ન થયું છે. આ ઈશ્વરી અંશ તત્વ તો એક જ પણ તેમાંથી ક્રમે ક્રમે વાસના વિકાર વૃદ્ધિ પામીને ત્રણ વિકાર ઉત્પન્ન થાય છે. સુક્ષ્મ વાયુ ઉત્પન્ન થાય છે. તેને પુરૂષો રજોગુણ કહે છે. સુક્ષ્મ વાયુ ઉત્પન્ન થાય છે. તેને પુરૂષો રજોગુણ કહે છે. સુક્ષ્મ ઉષ્ણતા ઉત્પન્ન થઈ તેને તમોગુણ કહે છે અને સુક્ષ્મ અમી ઉત્પન્ન થયું તેને સત્વગુણ કહે છે. આ ત્રણ વિકારને વાસુદેવ (વાસુદેવ તત્વ કહે છે) આ બીજા તત્વમાંથી ક્રમે ક્રમે વાસના વિકાર વૃદ્ધિ પામીને બ્રહ્મ બીજકની ઉત્પત્તિ થઈ છે. બિંદુમાંથી ઓહંમ ઉત્પન્ન થયું ત્યારે બિંદું કુલાઈને પંડવરમંડની ઉત્પત્તિ થાય છે.

એ ઓહં અક્ષરની ઉત્પત્તિ ઓહં અક્ષર તો એક જ પણ ઓહંમાથી પુરૂષોએ બત્રીસ અક્ષર કર્યા છે. બત્રીસ અક્ષરથી ચાર વેદ, છ અંગ, અઢાર પુરાણ ત્રણ જ્યોતિષના ગ્રંથ પુરૂષોએ ખટ શાસ્ત્ર કર્યા છે. બિંદુમાંથી હાડ, ચામ, નાડી, રૂંવાડાં, ચામડી થઈ છે તો તે સર્વે બિંદુનું શોષણ કરી ભક્ષણ કરે છે. આટલા વિકારથી આ પ્રમાણે એક બીજાના હંતા ભોકતા જગત બ્રહ્માંડમાં ઉત્પત્તિ સંભવિત છે. જે ઉત્પન્ન થયું તે સૌ સૌ ક્ષુધા ખોરાકની શોધ કરાવે છે. પેટ વાસ્તે અને કમાવા વાસ્તે જગત કોટીત કર્મ કરતી વિનાશ થાતી આવે છે.

એ બ્રહ્મ બીજકને પુરૂષો બિંદુસાગર પણ કહે છે. અને જગતની ઉત્પત્તિ કર્તા બ્રહ્મા અને પાલણ પોષણ કર્તા બ્રહ્મા એટલે બ્રહ્મ બીજકથી પંડવરમંડની ઉત્પત્તિ અને બ્રહ્મ બીજકથી પાણી તથા પદાર્થોની તથા દૂધની ઉત્પત્તિ થાય છે અને જન્મીને પ્રજા તે જ દૂધને ગ્રહણ કરીને ઉછેરે છે. તેમ બ્રહ્મા બીજકથી ઉત્પત્તિ અને પાલણ પોષણ કર્તા બ્રહ્મા એમ વર્ણવેલા છે તે આ બ્રહ્મ બીજકને પુરૂષોએ આ ત્રીજો મહાતત્વ કહેલો છે. (પુરૂષોએ વર્ણવેલ છે) અને ત્રીજા મહાતત્વથી ક્રમે ક્રમે વિકાર વૃદ્ધિ પામીને ઈંડોર

ઉત્પન્ન થાય છે. તેને પુરૂષોએ ચોથો અહંકાર તત્વ વર્ણવિલ છે. તે ઈંડોરમાંથી બોરના ઠળીયા જેટલી નાભી બંધાણી તે બિંદુસાગરમાંથી પૃથ્વીનો ઉદ્ધાર કર્યો તે પુરૂષોએ વર્ણવિલું છે અને તેમાંથી તાલ ઉત્પન્ન થયું તે દશમે દ્વાર સુષુમણા નાડી ગઈ તે કમળ ફૂલ પુરૂષોએ વર્ણવિલું છે. અને તેમાંથી શકિત ઉત્પન્ન થઈ અને પાંચ તત્વ આકાશ તત્વ, વાયુ તત્વ, અગ્નિ તત્વ, જળ તત્વ અને પૃથ્વી તત્વ. આ પાંચ તત્વ એ પંચમુખી બ્રહ્મા પુરૂષોએ વર્ણવિલા છે અને પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ, આ ચાર તત્વના ગુણ લઈને ચાર વેદો કરેલા છે અને પાંચમો વેદ આકાશ તત્વમાં વર્ણવિલો છે. બિંદુમાં ચાર જાતના શ્રેણીત તેમ ચાર સનકાદિક વર્ણવિલા છે. એક નાભી અને દશે ઈન્દ્રિયોએ રૂધિર પરવડયું તેમ અગિયાર રૂદ્ર વર્ણવિલા છે. એક નાભી અને દશે ઈન્દ્રિયોએ શકિત પરવડી તે અગિયાર રૂદ્રાણીઓ વર્ણવિલી છે. દશ ઈન્દ્રિઓ થઈ જમીન આશમાન આઠ દિશાઓ થઈ. આ દશે દિશાઓને અને દશે ઈંદ્રિયોને બ્રહ્માના પુત્ર દશ પ્રજાપતિ વર્ણવિલા છે. મનને મનુરાજા અને બુદ્ધિ મનુરાજાની સ્ત્રી સતરૂપા વર્ણવિલી છે. આ કર્મ કર્તવ્ય વિકારથી પંડવરમંડની ઉત્પત્તિ તે મનુરાજાની દિકરી કૃતુ વર્ણવિલી છે. આ પંડવરમંડની દેહ બંધાણી તે મનુરાજાની દેવહુતી દિકરી વર્ણવિલી છે. નાભીથી પંડવરમંડ વિચારે પ્રાણ ઉત્પન્ન થયા તેમ મનુરાજાની પ્રિય શુશી દિકરી વર્ણવિલી છે. નાભીથી ઉદાન વાયુ કંઠે ગયો તેમ મનુરાજાના ઉદાનપાદ દીકરા વર્ણવ્યા છે. દશમેદ્વાર ધ્રુવ મંડળ થયું તે ઉદાનપાદના ધ્રુવ પુત્ર વર્ણવિલા છે. અને બંન્ને નાશિકાએ તત્વ (પાંચે તત્વ) આવજાવ કરે છે તેમ ઉદાનપદના ઓતમ દીકરા વર્ણવિલા છે. નાભીથી પ્રાણ ઉત્પન્ન થયાં તે મનુરાજાના પ્રિયવત દીકરા વર્ણવિલા છે અને નાભીથી સાત નાડીઓમાં પ્રાણ દશમેદ્વાર ગયા તે પ્રાણરૂપી રથ પ્રિયવતના રથના ચિલાથી સાતે નાડીઓ રૂપી સાત સમુદ્ર વર્ણવિલા છે. મુખારવિંદ, બે નાશીકા, બે ચક્ષુ બે કાન આ સાતે નાડીઓ સાત સમુદ્ર અને આ સાત ગોલખ તેમ સાત દ્વીપ વર્ણવિલા છે. પ્રિયવત વર્ણવિલો છે અને કૃતુ, દેવહુતી, પ્રિયશુશી, પ્રિયવંત અને ઉદાનપાદ આ પાંચ રાજા પ્રજા મનુરાજાની વર્ણવિલી છે. નાભીને કર્દમઋષી વર્ણવિલા છે તેમ મેરૂ વર્ણવિલા છે. નાભીથી નાડીઓ મુખારવિંદમાં બે નાશિકામાં, બે ચક્ષુમાં, બે કાનમાં એક શિશ્ના ઈંદ્રિયમાં અને અક પાયુ ઈંદ્રિયમાં આ નાભીથી નવ નાડીઓ થઈ તેમ કર્દમ ઋષિની મનુની દેવહુતી

કન્યા દીધેલી છે તેની નવ દીકરીઓ વર્ણવેલી છે તેમ નવ ખંડ પૃથ્વી વર્ણવેલી છે. ત્રણ ત્રણ નક્ષત્રની એક એક વીધી એવા સત્તાવીસ નક્ષત્રની નવ વીધીઓ વર્ણવેલી છે તેમ નવ ગ્રહ વર્ણવેલા છે તેમ નવ દુર્ગાદેવિઓ વર્ણવેલી છે.

મનુરાજાની કૃતુ દિકરી પ્રજાપતિને પરણાવી છે. તેમાં એક પુત્રે પાછો લેવાની શરત શતરૂપાએ કરેલી હતી. કૃતુને બેલડુ (બે પ્રજા) ઉત્પન્ન થયું તેવી રીતે સુષુમણા નાડી બે નાશીકા સાથે ચાલે છે. આકાશમાં મધ્યના (એટલે ચૈત્ર માસમાં રાત અને દિવસની ઘડીઓ બરાબર રહે છે તે) સમય આવે છે તેમ મધ્યાન તથા મધ્યરાત તેના પણ ઘડી, પળ, રાત દિવસ બરાબર થાય છે. કૃતુનો પુત્ર સુર્ય નારાયણ થયા છે. તેમ મનુષ્યની જમણી નાશિકા સુર્ય ગણાય છે, કૃતુને દીકરી દક્ષિણા આપોઆપ લક્ષ્મી થઈ છે તેમ પ્રાણીને જમણું અંગ ઉત્પન્ન થયું છે તેમ દક્ષિણ દિશા થઇ છે તે બેલડાંને બાર પ્રજા થઈ છે તેમ સૂર્ય બાર કળાના થયા છે. વળી બાર માસ થયા છે. તેમ બાર રાશિઓ થઈ છે તેમ મનુષ્ય પ્રાણીને જમણી નાશિકાથી રાત દિવસમાં બાર વાર પ્રાણ બદલે છે.

કર્દમઋષી, મરીચીને કળા નામની કન્યા આપી છે તેને કસ્બ અને પૂર્ણીમા નામની પ્રજા થઈ છે. કસ્ય એટલે કાચબા માથે પૃથ્વી મનુષ્યના અગોઠા માથે દેહ રહી છે તેમ પુનમે થઈ છે. પૂર્ણીમાને ત્રણ પ્રજા થઈ છે તેમ ઈશાન ખુણો ઉત્તર અને વાયવ્ય ખૂણો થયા છે. તે જ રીતે મનુષ્યના મનરૂપી મરીચી તેમાં મનની કળારૂપી કન્યા તેમાં ડાબી આંખ તે ઈશાન ખૂણો, ડાબુ પડખું તે ઉત્તર અને ડાબો કાન તે વાયવ્ય ખૂણો છે. અત્રિમુનિને કદર્મઋષિની કન્યા અનસુયા આપેલી છે. તેને દુર્વાસાજી દત્તાત્રય, અને ચંદ્રમાં એ ત્રણ પુત્ર ઉત્પન્ન થયા છે. આકાશ વિષે સર્વ ગતિને ખેંચવાવાળા તે દુર્વાસાજી; ઉત્તર દક્ષિણની મધ્યમાં દત્તાત્રય અને આકાશમાં અમીરસ પ્રાપ્ત કરવા માટે ચંદ્રમાં, હવે મનુષ્યના શરીરમાં દશમે દ્વાર જે અત્રિક વૃત્તિ તે અત્રિઋશી સમજવા અને સર્વ પ્રકાશનો અનુભવ કરી શકે તો અનસુયા શકિતરૂપી સ્ત્રી સમજવી દૂર જોવાની દષ્ટિ તે દુર્વાસા અને ત્રીકુટીમાં ત્રણ પાંખડીઓ તે દત્તાત્રય અને ડાબી નાશિકાને ચંદ્રમાં સમજવો.

અંગિરા ઋષિને કર્દમ ઋષિની કન્યા શ્રદ્ધા પરણાવી છે. અંગીરા અગ્નિરૂપે મુખમાં વર્ણવ્યા છે. શ્રદ્ધા કન્યા બોલવાની શ્રદ્ધા વર્ણવેલી છે. તેને શનિવાલી, રાકા,

કુહુ અને અનુમતિ નામની ચાર કન્યાઓ થઈ છે. અમાસને પૂરેપૂરી સોળ કળા અમાસ હોય તો શનિવાલી અને કંઈક ઘડી, પણ, ઓછી હોય તો રાકા ચૌદને રાકા કહે છે. તેવી જ રીતે મનુષ્ય પ્રાણીને અમાસને દિવસે જમણી નાશિકાના પ્રાણ અઢી અઢી ઘડી પ્રાતઃકાળ અને મધ્યાન કાળ બરાબર ચાલે તો શનિવાલી લાભકારક છે અને અને અમાસને દિવસ પ્રાણ લખ્યા ઉલટાં શુભ ન ચાલે તો રાકા ચૌદશ લાભકારી માણસને થોડી છે. પુનમને દિવસ ચંદ્ર સોળ કળાનો હોય તો કુહુ કહે છે તે જગતને લાભકારી છે અને પુનમ સોળ કળાથી ઓછી હોય તો અનુમતી કહેવાય છે તે ચૌદશ જગતને થોડો લાભકારી છે. પુનમને દિવસે પ્રાતઃકાળે અને મધ્યાનકાળે પુરૂષને ડાબી નાશિકાના પ્રાણ ચાલે તો પૂરેપૂરાં અઢી ઘડી ચાલે તો કુહુ કહે છે તે શુભ પ્રાણ લાભકારી છે. પુનમને દિવસ પ્રાતઃકાળે અને મધ્યાન કાળે ઉલટાં ચાલે તો તે અનુમતિ ચૌદશ કહેવાય છે. તે પુરૂષને થોડો લાભકારી છે.

મરીચિને ઉતથ્ય અને પ્રજાપતિ નામના બે પુત્ર હતા. ઉતથ્ય આકાશમાં ઉગ્ર વાયુ લે છે અને પ્રજાપતિ પાછા નીચે આકર્ષણ કરીને ઉત્પત્તિ કરે છે તેવી જ રીતે મનુષ્યના શરીરમાં ઉલટી શકિતને જે સમાન કરે તે ઉતથ્ય અને શિશ્ના ઈંદ્રિયની કામનામાં બ્રહસ્પતિ રહ્યા છે જે જગતની ઉત્પત્તિ કરે છે.

કુતુઋષિન કર્દમ ઋષિની કન્યા ક્રીયા દીધી છે. તેને સાઠ હજાર વાલ્મીક ઋષિ થયા છે. તે આકાશ વિશે સુર્ય આગળ તારા સ્વરૂપે સ્તુતિ કરતા ચાલે છે. તેમ આ જગતમાં સાઠ સંવત્સર થયા છે. તેમ મનુષ્ય પ્રાણીના હાથમાં કાંડા સુધી એક એક હાથમાં ત્રીસ ત્રીસ હાડકાંનાં કટકા બંન્ને હાથના સાઠ તે એકથી હજાર ગણા આકાશમાં ગણાય છે. તેમ જ્ઞાની પુરૂષો તત્વને આ બંન્ને હાથમાં સાઠ કટકા તે વાલ્મીક ઋષિ જ્ઞાનિ પુરૂષ બંન્ને હાથે હાલતા ચાલતાં ડાબી જમણી નાશિકાનાં તત્વ નમસ્કાર કરી ચાલવાથી લાભ મેળવે છે. હાથમાં કર્તવ્ય હાથથી થાય તે કૃતુ કહેવાય છે. અને હાથથી સર્વ ક્રીયા કરવાની શકિત તે કૃતુની સ્ત્રી ક્રિયા વર્ણવેલી છે.

કર્દમ ઋષિની ઉર્જા નામની કન્યા વશિષ્ઠને આપી છે. તેના સાત પુત્ર થયા છે તે જ રીતે સાત પાતાળ, સાત બ્રહ્માંડ, સાત વાર અને સપ્ત ઋષિ થયા છે. તેમ સાત દ્વીપ

અને સાત દરીયા થયા છે તેમ મનુષ્ય પ્રાણીને પગનું તળીયું પાતાળ, પગનો પોંચો, રસાતલ પગની ઘુંટી, મહાતલ, પીંડી તલ, ગોઠણ વિતલ, સાથળ અતલ, કડ સુતલ, સાત પાતાળ, ઉદર, ભવર્લોક કુંપરી સ્વર્ગલોક છાતી મહવર લોક, કંઠ જનહલોક, મુખાર્વિંદ તપ લોક, તૃગુતિ ભુ લોક, માથું દશમો દ્વાર સત લોક આ સાત પાતાળ અને સાત બ્રહ્માંડ પંડવરમંડનાં વર્ણવિલાં છે. .

કર્દમ ઋષિએ પોતાની ક્ષિતી કન્યા અથર્વ ઋષિને આપી છે તેને દધીચિ નામનો એક પુત્ર થયો છે તેને અશ્વના મસ્તના નામથી ઓળખે છે. વળી કર્દમ ઋષિએ પોતાની ખ્યાતિ નામની કન્યા ભ્રગુઋષિને આપેલી છે. તેને ધાતા, વિધાતા અને લક્ષ્મી નામની ત્રણ પ્રજાઓ ઉત્પન્ન થઈ છે. ધાતાના વ્યાતા, વિધાતાની ન્યાતા અને લક્ષ્મીના માર્કુંડ, જેના માર્કંડેય ઋષિ થયા તેમ સર્વ વનસ્પતિમાં ભ્રગુની ગતી છે. અને સર્વ પદાર્થ ધાતા, વિધાતા અને લક્ષ્મીજીથી પેદા થયા છે. (ધાતા, વિધાતા અને લક્ષ્મીજીથી પેદા થયા છે. (ધાતા વિધાતા એટલે ફુલવું ફળવું અને લક્ષ્મી એટલે રસાયણ રૂપે સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે) આ ભ્રગઋષિ મનુષ્યની ચામડી પરનાં રૂંવાડાંમાં વસે છે અને ટાઢા ઉનાની ખબર આપે છે તે ખ્યાતી પ્રાણની ગતિ ઉત્પન્ન થાય છે તે ધાતા અને પ્રાણ ગમનાગમન કરે છે તે વિધાતા અને પ્રાણની ગતિનો નિરોધ કરવાથી જે સિદ્ધિઓ પ્રાપ્ત થાય તે લક્ષ્મી.

કર્દમ ઋષિની વીરજા નામની કન્યા પુલસ્યને દીધી છે. પુલસ્યને અગત્સ્ય, વિશ્વકર્મા નામના બે પુત્ર થયા છે. વિશ્વના રાવણ, કુંભકર્ણ અને વિભશણ તેમ પૃથ્વી માથે અગ્નિખુણ, દક્ષિણ અને નૈઋત્ય ખૂણે થયા છે તેમ મનુષ્ય પ્રાણીને જમણી આંખ, જમણું પડખું અને ડાબો કાન થયો છે તેમ પુલત્સ્ય વર્ણવિલા છે. વિશ્વકર્માને બીજી બાયડીથી કુબેરજી થયા છે.

નારદજી બ્રહ્મચારી છે અને ત્રણ લોકની ગતિમાં ફરે છે. તેમ યોગીના પ્રાણ ત્રણે લોકમાં ફરે છે અને દશમે દ્વાર વાજીંત્રો વાગે છે. તેમ આકાશમાં પવનની આકર્ષણ શકિત થતાં ગાજવીજ વૃષ્ટિ બ્રહ્માંડ ગાજે છે. અનહદ વાજાં છત્રીસ રાગણી ગાજી રહે છે.

મનુરાજાની કૃતુ દિકરી દક્ષ પ્રજાપતિને દીધી છે તેને સોળ દિકરીઓ થઈ છે. એક પુર્ણિમાને દીધી છે એટલે પુનમ એક અમાવાસ્યને દીધી છે તે અમાવસ્યા અને ચૌદ તિથીઓ ધર્મને વરી છે. આ અમાસ પુનમ શીકિ એક પખવાડીની સોળ તિથીઓ વર્ણવિલ છે.

એક ધામરૂપી વિકાર ઈશ્વરી અંશ તત્વથી લઈને આ જગત બ્રહ્માંડ વનસ્પતી તારા સહિત ઉત્પન્ન થયાં છે. આ અહંકાર તત્વથી લઈને પાના ૨૪૭ થી ૨૬૨ સુધીમાં આ પંડવરમંડની ઉત્પત્તિ સુક્ષ્મ વર્ણવિલી છે. હવે આંહીથી આ વાત ઉત્પત્તિની પૂરી કરીને મહા તત્વથી પંડવરમંડ શુભ અશુભ પાછું પાના ૨૬૩ થી વર્ણવાય છે.

★★★

# પંડવરમંડની ઉત્પત્તિ

મહાતત્વનો પંડવરમંડનો શુભાશુભ વર્ણવિલ છે.

બિંદુમાં પીળો પ્રકાશ હતો તેને પૃથ્વી તત્વ કહેલો છે. તે પૃથ્વી તત્વથી હાડ, માસ, નાડી, રૂંવાડાં, ચામડી તેમાં હાડનો ભાગ એક પૃથ્વી તત્વ ભોગવે છે. અને માંસનો ભાગ છે. પૃથ્વી પણ માંહી ગીલતા તરીકે જલતત્વ ભોગવે છે. નાડીઓનો ભાગ છે. પૃથ્વી તત્વનો પણ નાડીઓમાં ઉનાશ વડે અગ્નિ તત્વ ભોગવે છે. ચામડીનો ભાગ છે. પૃથ્વી તત્વનો પણ શોષણ રૂપે વાયુ તત્વ ભોગવે છે. રૂંવાડાંનો ભાગ છે. પૃથ્વી તત્વનો પણ ચામડીથી બહાર નીકળવા રૂપે આકાશ તત્વ ભોગવે છે. આ પાંચે ભાગ પૃથ્વી તત્વના છે પણ એક બીજાના ઉલટા ભોગવે છે. તેમ અનુભવ કરો તો આ જગત બ્રહ્માંડ સર્વે એક બીજાનાં હંતા ભોકતા છે.

બિંદુમાં બીજો ધોળો પ્રકાશ તે જલ તત્વ કહેવાય છે. જલ તત્વથી વીર્ય, રૂદ્ર, લાળ, પરસેવો, મુતર, આ પાંચ ભાગ જલ તત્વનાં વર્ણવિલા છે. તેમાં વીર્યનો ભાગ જલ તત્વ ભોગવે છે. રૂદ્રનો ભાગ છે જલ તત્વનો પણ રૂદ્રમાં કઠીણતા થાવા રૂપે પૃથ્વી તત્વ ભોગવે છે. મુતરનો ભાગ છે જલ તત્વો પણ ઉનાશ રૂપે અગ્નિ તત્વ ભોગવે છે. પરસેવાનો ભાગ જલ તત્વનો છે પણ શોષણ રૂપે વાયુ તત્વ ભોગવે છે. લાળનો ભાગ છે. જલતત્વ પણ ઉંચું પોલાણમાં નાડીઓમાં ચડવારૂપે આકાશ તત્વ ભોગવે છે. આ પાંચે ભાગ જલ તત્વના છે પણ એક બીજા ઉલટા ભોગવે છે. તેમ સર્વ જગત બ્રહ્માંડ આ પ્રમાણે એકબીજાનાં હંતા ભોકતા છે.

બિંદુમાં કૃષ્ણવર્ણવો રંગ તે અગ્નિ તત્વ થયો છે. અગ્નિ તત્વથી ક્ષુધા, તૃષા, આળસ, નિંદ્રા અને કાંતિ થયા છે. ક્ષુધાનો ભાગ અગ્નિ તત્વ ભોગવે છે. આળસનો ભાગ અગ્નિ તત્વનો છે પણ આળસુપણું રહેવા તરીકે પૃથ્વી તત્વ ભોગવે છે. કાંતિનો ભાગ અગ્નિ તત્વનો છે પણ પ્રકાશરૂપે જલ તત્વ ભોગવે છે. તૃષાનો ભાગ અગ્નિ તત્વનો છે પણ શોષણ રૂપે વાયુ તત્વ ભોગવે છે નિંદ્રાનો ભાગ છે. અગ્નિ તત્વનો પણ વૃત્તિઓને ઉલટી નિરોધરૂપે આકાશ તત્વ ભોગવે છે. આ પાંચે ભાગ અગ્નિ તત્વના છે પણ પાંચે

તત્વ ઉલટાં ભોગવે છે તેમ આ પ્રમાણે જગત બ્રહ્માંડ એક બીજાનાં હંતા ભોકતા છે.

બિંદુમાં લીલો પ્રકાશ હતો તે વાયુ તત્વ થયો છે, વાયુ તત્વની પ્રકૃતિઓ હાલવું, ચાલવું, દોડવું, આકર્ષણ કરવું, અને પહોળું થવું આ પાંચ ભાગ વાયુ તત્વના છે. દોડવું તે વાયુ તત્વ ભોગવે છે, આકર્ષણ કરવું એ વાયુ તત્વનો ભાગ છે. પણ આકર્ષણ રૂપે પૃથ્વી તત્વ ભોગવે છે. ચાલવું એ વાયુ તત્વનો ભાગ છે પણ જલ ચાલવા રૂપે ભોગવે છે. હાલવું તે વાયુ તત્વનો ભાગ છે પણ અગ્નિ તત્વ હાલવા રૂપે ભોગવે છે. પહોળું થવાનો ભાગ વાયુ તત્વનો છે પણ પોલાણ થવા રૂપે આકાશ તત્વ ભોગવે છે. આ પાંચે ભાગ વાયુ તત્વના છે પણ એકબીજા તત્વો ઉલટાં ભોગવે છે. તેમ આ પ્રમાણે જગત બ્રહ્માંડ એક બીજાના હંતા ભોકતા છે.

બિંદુમાં કાળો પ્રકાશ હતો તે આકાશ તત્વ કહેવાય છે. આકાશ તત્વથી કામ, ક્રોધ, શોક, મોહ અને ભય આ પાંચ ભાગ આકાશ તત્વના છે. મોહનો ભાગ આકાશ તત્વ ભોગવે છે. કામનો ભાગ આકાશ તત્વનો છે પણ કામના વડે જલતત્વ ભોગવે છે. શોકનો ભાગ આકાશ તત્વનો છે પણ પૃથ્વી તત્વ ભોગવે છે. શોક રૂપી ક્રોધનો ભાગ આકાશ તત્વનો છે પણ તમોગુણ રૂપે તે અગ્નિ તત્વ ભોગવે છે. ભયનો ભાગ છે. આકાશ તત્વનો પણ ભય ફડકા રૂપે વાયુ તત્વ ભોગવે છે. આ પાંચે ભાગ આકાશ તત્વના છે પણ એક બીજાના હંતા ભોકતા છે. કડનું પોલાણ આકાશ તત્વનું છે પણ મળના વિસર્જન રૂપે પૃથ્વી તત્વ ભોગવે છે. ઉદરનો ભાગ પોલાણ આકાશ તત્વનો છે પણ મુત્રના ત્યાગ રૂપે જલ તત્વ ભોગવે છે. હૃદયનો પોલાણનો ભાગ આકાશ તત્વનો છે પણ અંદર ઉનાશ રૂપે અગ્નિ તત્વ ભોગવે છે. કંઠના પોલાણનો ભાગ આકાશ તત્વનો છે પણ પવનની આવ જા રૂપે વાયુ તત્વ ભોગવે છે. અને મસ્તકના પોલાણનો ભાગ આકાશ તત્વનો છે. તે આકાશ તત્વ પોતે ભોગવે છે. આ પાંચ તત્વ એક બીજાના ભાગ ઉલટાં ભોગવે છે. તેમ જગત બ્રહ્માંડમાં પણ એક બીજાના મહેલ મહેલાતું અને એક બીજાઓના રાજ્ય વૈભવ સુખ એકબીજાના ઉલટા સુલટા ભોગવે છે. આમ જગત બ્રહ્માંડ એકબીજાના હંતા ભોકતા છે.

ઈશ્વરીઅંશ તત્વ બીજો વાસુદેવ તત્વ ત્રીજો મહા તત્વ ચોથો અહંકાર તત્વ. આ ચાર તત્વથી પંડવરમંડ બંધાણું છે. અહંકાર તત્વમાંથી ક્રમે ક્રમે વાસના વિકાર વૃદ્ધિ પામીને પાંચમો આકાશ તત્વ થયો છે. આકાશ તત્વનો રંગ કાળો સ્વાદ કડવો બે આંગળ નાશિકાથી હલનચલન આકાશ તત્વથી લોઢું અને પ્રકૃતિના ભાગથી અંધારૂં થયું છે. આકાશ તત્વથી પ્રજા બોડી, બોબડી, ઠીંગણી, લુલી, લંગડી અને પરાધીન અને પાંગળી, નપુંસક કે ગર્ભધાતી થાય છે. આ પ્રમાણે આકાશ તત્વ સર્વે કામમાં લાભકારી નથી. એક ભજન કે મૃત્યુકમાં શાંતિ આપે છે. હવે આકાશ તત્વમાં ક્રમે ક્રમે વાસના વિકાર વૃદ્ધિ પામીને આકાશ તત્વથી છઠ્ઠો વાયુ તત્વ થયો છે.

વાયુ તત્વનું હલન ચલન આઠ આંગળ તેનો પ્રકાશ લીલો સ્વાદ ખાટો તે તત્વના અર્ધા ભાગથી કાંસુ થયું છે. અને અર્ધા ભાગની પ્રકૃતિઓમાંથી કથીર સહીત હલકી ધાતુઓ થયેલી છે. તે તત્વથી પ્રજાની ઉત્પત્તિ કરે તો વ્યભિચારી અન શુદ્ર જેવી થાય છે. અને કોઈ જગ્યાએ સ્થિર થઈને બેસે નહી અને સદાય દારિદ્રિ રહે છે. અને જેનું તેનું ઉડાડતો બગાડતો રહે છે. પુત્ર હોય યા પુત્રી હોય પણ તે કોઈ કામમાં લાભકારી નથી. પ્રજા અખડ બખડી અને વસચાતી થાય છે. એ તત્વમાં કામ કરે તો કરેલું કામ વ્યર્થ જાય છે અને સદાય ચંચળ રહે છે. અને ઉપદ્રવવાળું રહે છે. વાયુ તત્વથી ક્રમે ક્રમે વાસના વિકાર વૃદ્ધિ પામીને ઉષ્ણતા સાતમો અગ્નિ તત્વ થાય છે.

અગ્નિ તત્વનું નાશિકાથી ચાર આંગળ હલન ચલન છે તેનો સ્વાદ તીખો છે. પ્રકાશ અગ્નિના જેવો છે તે તત્વથી પ્રજા કરે તો એકબીજાનાં વિરોધી અને પરનું (પારકાનું) અને પંડનું બુરૂં કરે છે અને સદાય દારીદ્રી રહે છે. પારકી સંપત હરીને પેટ ભરે છે તે તત્વથી કોઈ કામ કરે તો તે કામમાં પણ દાહ જેવું દુઃખ ઉપજાવે છે. તે અગ્નિ તત્વના અર્ધા ભાગથી સર્વે ઉત્પત્તિમાં અગ્નિ ઉત્પન્ન થઈ છે અને પ્રકિતીના ભાગથી ધાતુમાં ત્રાંબાનો ગુણ થયો છે. અગ્નિ તત્વથી ક્રમે ક્રમે વાસના વિકાર વૃદ્ધિ પામીને ઉષ્ણતાથી અમી ઉત્પન્ન થયું તે આઠમું જલતત્વ કહેવાય છે.

જલ તત્વનું નાશિકાથી સોળ આંગળ હલન ચલન થાય છે. તેનો પ્રકાશ ધોળો

અને સ્વાદ ખારો છે. તે જલતત્વના અર્ધા ભાગથી પૃથ્વી માથે સમુદ્ર અને નદીઓનાં નીર અને પ્રક્રતીના ભાગથી રૂપું એ ધાતુમાં ગુણ રહ્યો છે. અને હીરા, માણેક, મોતી, મણી પણ જલ તત્વના ગુણ છે કારણ કે અમી વિના કોઈપણ પદાર્થની ઉત્પત્તિ કે ચેષ્ટા છે નહી. આ સર્વ કામમાં લાભકારી છે. આ તત્વમાં પ્રજા ઉત્પન્ન કરે તો ભાગ્યવાન અને સુખી થાય છે. અને ધનપતી અને પૃથ્વીપતી થાય છે. જલ તત્વથી ક્રમે ક્રમે વાસના વિકાર વૃદ્ધિ પામીને જલરૂપી જલ તત્વથી ગંધ ઉત્પન્ન થઈ તેથી કઠણાઈ થઈ તેને નવમો પૃથ્વી તત્વ કહે છે.

પૃથ્વી તત્વનું હલનચલન નાશિકાથી બાર આંગળ છે. તેનો પ્રકાશ સોનાના જેવો પીળો છે અને સ્વાદ મીઠો છે. તેના અર્ધા ભાગથી પૃથ્વી બંધાણી છે અને પ્રકૃતિના ભાગથી સોનું ધાતુ ઉત્પન્ન થઈ છે. એટલે પૃથ્વી, પથ્થર, પ્રજા આ તત્વમાં કામકાજ કરે છે તે પૃથ્વી પતિ કે ધનપતિનું સુખ ભોગવે છે. સદાય ધીરજ શાંતિ અને સુખ સંપતમાં રહે છે. સ્થિર બેઠા લાભકારી છે. આ નવ તત્વથી ઝાડ, જંગમ, કીડી, મકોડી, પશુ, પક્ષી, મનુષ્ય, પ્રાણી, રાજા, પ્રજા, જગત યોગી, જમીન, આકાશ, પવન, પાણી, સુર્ય, ચંદ્ર, ધ્રુવ, નક્ષત્ર, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર અને ચોવીસ અવતાર, અને તેત્રીસ કરોડ દેવતા આટલા જ તત્વના વિકારથી ઉત્પત્તિ થઈ છે. અને સર્વ એકબીજાનાં હંતા ભોકતા છે. તેમ જગતમાંથી કોઈ ઉત્પત્તિ નિર્ભય પદાર્થ છે નહી તેમ પંડિત, પુરાણીક, ફકીર, ઓલીયા, સિદ્ધ, સમર્થ પુરૂષ તથા સમૃદ્ધિવાન પુરૂષ રાજા કે રૈયત કોઈપણ નિઃસ્વાર્થી નથી અને જયાં સ્વાર્થ છે ત્યાં નીતિ ધર્મ રહેતો નથી. આમ જગત બ્રહ્માંડ એક બીજાના હંતા ભોકતા છે.

બિંદુથી હાડ બંધાણા છે તેમ પૃથ્વીમાં પથ્થર બંધાણા છે. શરીરમાં નાડીઓ બંધાણી છે. તેમ પૃથ્વીમાં પાણીના ઝરા બંધાણા છે. શરીરમાં માંસ થયું છે તેમ પૃથ્વીમાં માટી થઈ છે. શરીરમાં કાળજા બંધાણા છે તેમ ઉંચે નીચે અખડ બખડી પૃથ્વી થઈ છે. જેમ ચામડી બંધાણી છે તેમ પૃથ્વી બંધાણી છે. જેમ નાભી બંધાણી છે તેમ પૃથ્વી ઉપર મેરૂ બંધાણો છે. નાભીથી મુખારવિંદમાં, નાશિકાઓમાં બે આંખોમાં, બે કાનમાં આ સાતે દ્વારમાં નાભીથી સાત નાડીઓ આવી તેમ પૃથ્વીમાં પણ સાત સમુદ્ર

થયા છે. મુખારવિંદ બે નાશિકા, બે આંખો, બે કાન આ શરીરમાં સાત ગોલખ થયા છે. તેમ પૃથ્વી ઉપર સાત દ્વીપ થયા છે. શરીરમાં હાડકાની ગાંઠો થઈ છે. તેમ પૃથ્વી ઉપર ડુંગરા થયા છે. શરીરમાં નાભીથી મુખારવિંદ બે નાશિકા, બે આંખો, બે કાન આ સાત દ્વાર અને શિશ્ન ઈંદ્રિય અને વાયુ ઈંદ્રિય આ શરીરમાં નવ દ્વાર નાભિથી થયાં છે તેમ મેરૂ પર્વતથી નવ ખંડ પૃથ્વી થઈ છે. તેમ નવ ગ્રહ થયા છે તેમ મનુષ્ય પ્રાણીને નવ તત્વ થયા છે. જેમ હાથના અંગુઠા સહીત આંગળા વેઢા અઠાવીસ થયા છે. તેમ અભયજીત નક્ષત્ર શીકે અઠાવીસ નક્ષત્ર થયા છે.

શરીરની ચામડી માથે રેખાઓ થઈ છે તેમ પૃથ્વી માથે ઘણા નદી નાળાં થયાં છે.

શરીરમાં આંખો થઈ છે તેમ પૃથ્વી ઉપર સુર્ય, ચંદ્ર થયા છે. ચામડી ઉપર રૂવાડાં થયાં છે. તેમ પૃથ્વી ઉપર સર્વે વનસ્પતિ થઈ છે. રૂવાડાંમાંથી પરસેવાના બિંદુ થાય છે તેમ તારા નક્ષત્ર થયા છે. પગને તળીયેથી સાત પાતાળ અને સાત બ્રહ્માંડ એ પંડવરમંડની ઉત્પત્તિના ગ્રંથમાં લખાઈ ગયેલ છે.

પૃથ્વીના દિગપાળ વર્ણવ્યા છે તેમ શરીરના હાથ પગ દિગપાળ વર્ણવ્યા છે.

જેમ શરીરમાં પદાર્થ પાણી ખાધેલા પ્રાણ વાયુ રૂંવાડે રૂંવાડે સરખા ચડાવે છે તેમ જગત બ્રહ્માંડ વચ્ચે ઓગણપચાસ વાયુ, સર્વેનું શોષણ કરી આકાશમાં સર્વેને ભક્ષણરૂપે સર્વે પદાર્થની સમૃતિ લઈને પૂરે છે.

શરીરમાં પાંચ પ્રાણ વાયુ તે ઉદાન વાયુ કંઠે રહે છે. તેમ સર્વ પ્રાણીના ખાધેલા પદાર્થને તપાવે છે. સમાન વાયુ નાભીમાં રહે છે. તે સર્વે ખાધેલા પદાર્થને નાડીઓ રૂવાડાંએ સર્વે શરીરને સમાન કરે છે. અપાન વાયુ આધાર પદમમાં રહે છે. તે દુર્ગંધીનું વિસર્જન કરે છે. વ્યાન વાયુ આખા શરીરમાં વ્યાપક રહે છે. તેથી શરીરના સાંધા વળે છે. તેમ પાંચ નાગ વાયુ અલંબબુસા મુખમાં રહે છે તેથી બોલવું, હેડકી, ઓડકાર અને બગાસું થાય છે. કુકર વાયુ નાશિકામાં રહે છે તેથા શ્વાસોચ્છવાસ સુગંધી, દુર્ગંધી અને છીંક લાવે છે. કુર્મ વાયુ આંખોમાં રહે છે તેથી જોવાની સમૃતિ, આંખોનું મટકું અને ફરકવું થાય છે. હસ્તજીભા વાયુ કાનમાં રહે ચે તેથી શબ્દ દીન દીશાથી જાણી શકાય છે. ધનંજય

વાયુ જયાં સુધી રમે છે ત્યાં સુધી જીવન રહે છે. આ પાંચ પ્રાણ વાયુ અને પાંચ નાગ વાયુ સૌ સૌના વર્તમાનમાં ઠેકાણે હોય તો શરીર સુખ સંપતિમાં રહે છે અને આ દશ વાયુ સૌ સૌના ઠેકાણેથી અસમૃતિ થાય તો શરીરમાં અસમૃતિ અને દુઃખ ઉત્પન્ન થાય છે. અને જે ઠેકાણે છે ત્યાં સમૃતિ હીણ થાય તો તે દ્વારા સમૃતિ હીણ થઈ જાય છે. તેમ જગત બ્રહ્માંડમાં પણ ઓગણપચાસ વાયુ સર્વેમાંથી સમૃતિનો ભક્ષ કરીને જગત બ્રહ્માંડમાં પુરે છે. તે જગત બ્રહ્માંડ વચ્ચે વાયુ ઉલટી ચાલીને અસ્મૃત થાય તો જગતમાં બુરૂં થાય છે. તેમ જગત બ્રહ્માંડમાં નિતિ ધર્મથી અને સુક્રત કર્મથી જગત બ્રહ્માંડમાં વર્તમાન હોય તો જગત સુખી રહે છે પણ જગત બ્રહ્માંડમાં અનિતી અને અન્યાયથી અને દુક્ત કર્મથી જગત પ્રાણી વર્તે તો જગતમાં બુરૂં થાય છે. શરીરમાં શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ આ પાંચ છે. શબ્દ આકાશ તત્વનું છે, સ્પર્શ વાયુ તત્વનું છે, રૂપ અગ્નિ તત્વનું છે, રસ જલ તત્વનું છે, ગંધ પૃથ્વી તત્વનું છે. શરીરમાં અનુમતિ, ચિત્ત, મન, બુધ્ધિ, અહંકાર એ પાંચ છે. તેમાં અનુમતિ એટલે ઉન્મત કામમાં ઉન્મત બુધ્ધિ થાય છે. અને શુભ કામમા મતિ બુધ્ધિમાં શુભ થાય છે. અનુમતિથી ચિત્ત ઉત્પન્ન થાય છે. તે કર્મની ચેતવણી કરાવે છે. ચિત્ત પછી મન ઉત્પન્ન થઈ કર્મનો સંકલ્પ વિકલ્પ કરાવે છે. મન પછી બુધ્ધિ ઉત્પન્ન થઇ તે કર્મ કરવાનું નિશ્ચય કરે છે. બુધ્ધિ પછી અહંકાર ઉત્પન્ન થઈ કર્મ અમુક અમુક કરી લેવાનો મોહ કરે છે. આ પ્રમાણે જગત બ્રહ્માંડમાં શબ્દ, સ્પર્શ રૂપ રસ, ગંધ થયા છે. આ પ્રમાણે શુભ અને અશુભ અનુમતિ, ચિત્ત, બુધ્ધિ અને અહંકાર આ જગત બ્રહ્માંડમાં પ્રસિદ્ધ રહ્યા છે. વર્ષના બાર જ માસ રહે અને વધ ઘટ તિથી ન રહે અને અધિક મહીનો ન થાય. સુર્ય છ છ માસ મધ્ય ના થાય ત્યારે રાત દિવસ બરાબર રહે તો જગત ભાગ્યવાન અને સુખી રહે. ઉલટા વર્તમાનથી જગત ભાગ્યહીણને દુઃખી થાય છે. વાર એક જ તિથી ભોગવે અને તિથી એક જ વાર ભોગવે તો જગત નિર્ભય અને સુખી રહે છે પણ તિથીઓની વધઘટ થતાં એકવાર કોઈ દિવસ બે તિથીઓ ભોગવે છે. અને કોઈ દિવસ એક તિથી બે વાર ભોગવે છે આમ એક બીજા ઉલટા સુલટા વ્યભિચાર વર્તનથી જગતમાં બુરૂં થાવું એ સંભવિત છે.

**સૂર્ય દેવતા ઉત્તર દક્ષિણના છ છ માસ રહે છે તેમાં ઉત્તરાયણના છ માસ દેવતાઓનો દિવસ ગણાય છે અને દક્ષિણના છ માસ સૂર્ય દેવતાની રાત ગણાય છે. તેમ સત્તાવીસ નક્ષત્ર છે. ત્રણ ત્રણ નક્ષત્ર એક એક વીથીને હિસાબે નવ નક્ષત્રની ત્રણ વિધી ઉત્તરના ત્રણ ભાગે જુદી જુદી રહે છે. અને નવ નક્ષત્રની ત્રણ વિધી દક્ષિણના ત્રણ ભાગે જુદી જુદી રહે છે.** અને નવ નક્ષત્રની ત્રણ વીધી મધ્યના ત્રણ ભાગે જુદી જુદી રહે છે. તેમાં સોમવાર, બુધવાર, ગુરૂવાર, શુક્રવાર આ ચાર શુભ ગ્રહ કહેવાય છે. મંગલ, શનિ, રાહુ અને કેતુ આ ચાર ગ્રહ અશુભ પાત્ર કહેવાય છે અને રવિ ક્રુર ગ્રહ કહેવાય છે. તેમાં સોમવાર ગ્રહ શુભ ગુણ પુર્ણ લાભકારી છે. તે ગ્રહ ઉત્તરની છેવટ વીધીમાં ઉગે આથમે તો લાભકારી છે. બુધ ગ્રહ ઉત્તરાયણની બીજી વીધીમાં ઉગે આથમે તો તેથી જગતને સોમવાર કરતાં બુધવારમાં ઓછેરો ગુણ છે. અને ઉત્તરાયણની ત્રીજી વીધીમાં ગુરૂ ઉગે આથમે તો સારો તે બુધ કરતાં ગુરૂમાં ઓછેરો ગુણ છે. ઉત્તરાયણની ચોથી વીધીમાં શુક્ર ઉગે આથમે તો સારો, ગુરૂવારથી શુક્રવારમાં ઓછેરો ગુણ છે. રવિ ઉત્તર દક્ષિણના છે. છ માસ થતાં ત્યારે રાત દિવસ બંન્ને બરાબર હોય તો જગતને લાભકારી છે. શુક્ર કરતાં રવિમાં થોડો ગુણ છે. દક્ષિણની છેલ્લી વીધીમાં શનિ ઉગે આથમે તો સારો. રવિ કરતાં પણ શનીમાં થોડો ગુણ છે. દક્ષિણની બીજી વીધીમાં મંગલ ઉગે આથમે તો સારો. શની કરતાં મંગલમાં થોડો ગુણ છે. દક્ષિણની ત્રીજી વીધીમાં રાહુ ઉગે આથમે તો સારો. મંગલ કરતાં પણ રાહુમાં થોડો ગુણ છે. દક્ષિણની ચોથી વીધીમાં કેતુ ઉગે આથમે તો સારો. સહુથી પણ કેતુમાં ઓછો ગુણ છે. આ નવ ગ્રહ જેમાં શુભ ગુણ વધારે છે. તેમાં અશુભ ગુણ ઓછા છે અને જેમાં શુભ ગુણ ઓછા છે. તે ગ્રહમાં અશુભ ગુણ વધારે હોય છે. આ નવ ગ્રહ એક બીજાની વીધીથી ઉલટા ઉગે આથમે કે પાપ ગ્રહ શુભ ગ્રહને પીડે કે શુભ ગ્રહ પાપ ગ્રહમાં ભ્રષ્ટ થાય તો જગતમાં બુરૂં થાય છે. તેમ રવિ પણ સૂર્ય મધ્યના થાય ત્યારે કોઈ વધારે ઓછું ચાલીને રાત દિવસ તે સમયે નાના મોટા રહે તો જગતમાં બુરૂ થાય છે તેમ જગત નિતિધર્મથી અને સુકૃત કર્મથી વર્તે તો જગતમાં સારૂં થાય છે. પણ જગત નીતિધર્મ છોડી દઈને અનીતિ અને અન્યાયથી વરતે તો જગતમાં બુરૂં થાય છે. આ પ્રમાણે ઉંચ નીચ જાતી અને વર્ણાશ્રમ જુદા જુદા બંધાયેલા છે.

મનુષ્ય પ્રાણી કામનાના પાવરને અને મનના સ્વભાવના પાવરને વશ થઈ જગત માયાના ભોગમાં ઉલટાં વર્તમાન કરે તો જગતમાં બુરૂં થવું એ સંભવિત છે.

મનુષ્ય પ્રાણીના એક મીનીટમાં પંદર શ્વાસોવાસ આવજાવ કરે છે એવી છ મીનીટમાં પા ઘડીમાં તેવું શ્વાસોશ્વાસ આવજાવ કરે છે એવી અઢી ઘડીનો એક કલાક તો અઢી ઘડીમાં પ્રાણીના શ્વાસોશ્વાસ નવસો આવજાવ થાય છે. એવી રાત દિવસની સાઠ ઘડીની અંદર મનુષ્ય પ્રાણીના એકવીસ હજાર ને છસો શ્વાસોશ્વાસ આવજાવ કરે છે. બંન્ને નાશિકાએ અઢી અઢી ઘડીએ બદલે છે. અને મનુષ્ય પ્રાણીનાં આંખોના મટકાં સાઠ ઘડીની અંદર ત્રણ હજાર અને છસો મટકાં મારે છે.

★★★

# મનુષ્ય પ્રાણીને પ્રાણની ગતિ વધવાથી ગેરલાભ

મનુષ્ય પ્રાણીને વમન (ઉલટી) વખતે પ્રાણની ગતિ અઢાર આંગળ લાંબી થાય છે. અને ભોજન વખતે પ્રાણની ગતી ચોવીસ આંગળ લાંબી થાય છે. અને દોડયા વખતે પ્રાણ ગતી ચોસઠ આંગળ લાંબી થાય છે અને મૈથુન વખતે પ્રાણની ગતી ચોરાસી આંગળ લાંબી થાય છે. ખુબ ખાણું ખાઈને સુવા વખતે અઘોર નિંદ્રામાં સો આંગળ પ્રાણ ગતી લાંબી થાય છે. આમ પ્રાણની ગતી પ્રાણીને લાંબી થવાથી સમૃતિહીણ થાય છે. તેમ વરસાદનાં તોફાન, વાયુના તોફાન અને શરીદીના કોપ અને અગ્નિનો કોપ અને ભુમિકંપ ઉલ્કા, ઉત્પાદ, દિગ્ધા, વરીઆણ એ સર્વ વિકાર, દીન, દીશા, પ્રકાશહિણ આવાં ઉલટા થવાથી જગતમાં બુરૂં થાય છે. તેમ જગત નિતિધર્મ છોડી દઈ અનિતિ અને અન્યાય કરે તો જગતમાં બુરૂં થાય છે.

★★★

# મનુષ્ય પ્રાણીના શુભ પ્રાણ ચલાવવાનું દૃષ્ટાંત

મનુષ્ય પ્રાણીના સ્વર અમાસ પછી તે શુકલ પક્ષના પડવાને દિવસ પ્રાતઃકાળે ડાબી નાશિકાએ અઢી ઘડી પ્રાણ ચાલતાં હોય તો પ્રાણીનું ભલું થાય છે. પણ પ્રાતઃકાળે પડવાનો દિવસે જમણી નાશિકાએ પ્રાણ ચાલે તો પ્રાણીને ચિંતા અને ઉપદ્રવ કરાવે છે.

બીજને દિવસે પ્રાતઃકાળે ડાબી નાશિકામાં પ્રાણ હોય તો તે માણસ સુખી રહે છે પણ તે સમય ઉલટાં જમણી નાશિકામાં પ્રાણ ચાલે તો તે પ્રાણીને (પુરૂષને) ધનની હાની કરે છે.

ત્રીજને દિવસ પ્રાતઃકાળે ડાબી નાશિકામાં પ્રાણ હોય તો તે માણસ સુખી રહે છે. પણ તે સમયે ઉલટાં જમણી નાશિકામાં પ્રાણ ચાલે તો તે પ્રાણીને વૃથા ગમના ગમન કરાવે છે.

ચોથને દિવસે પ્રાતઃકાળે પ્રાણીને જમણી નાશિકામાં પ્રાણ ચાલતાં હોય તો સારૂ પણ તે સમયે ઉલટાં ડાબી નાશિકામાં પ્રાણ ચાલતાં હોય તો પ્રાણીને ઈષ્ટ વસ્તુનો નાશ કરે છે.

પાંચમને દિવસે પ્રાતઃકાળે જમણી નાશિકાએ પ્રાણ ચાલતાં હોય તો સારૂ પણ તે સમયે ઉલટાં ડાબી નાશિકામાં ચાલે તો પ્રાણીને રાજયનું કે સુખનું વિધવંશ કરાવે છે.

છઠને દિવસે પ્રાતઃકાળે પ્રાણીના પ્રાણ જમણી નાશિકામાં ચાલે તો સારૂ પણ તે સમયે ઉલટાં પ્રાણ ડાબી નાશિકામાં ચાલે તો પ્રાણીને સર્જેલી વસ્તુઓનો નાશ કરાવે છે.

સાતમને દિવસ પ્રાતઃકાળે મનુષ્ય પ્રાણીના પ્રાણ ડાબી નાશિકામાં ચાલે તો સારૂ પણ તે સમયે જમણી નાશિકામાં ચાલે તો મનુષ્યને મરણઘાત કરે છે.

આઠમને દિવસ પ્રાતઃકાળે ડાબી નાશિકામાં પ્રાણ ચાલતાં હોય તો સારૂ પણ ઉલટાં જમણી નાશિકામાં ચાલે તો માણસનું મૃત્યુ થાય છે તેમ જગતમાં શુભ અને અશુભ પ્રસિદ્ધ છે.

મનુષ્ય પ્રાણીના પ્રાણની ગતિ નાશિકાથી બાર આંગળ આવતી જાતિ સંભવિત છે. બાર આંગળથી પ્રાણની ગતી ચાલે તો સ્મૃતિહીણ કરે છે અને બાર આંગળથી ઓછી કરી લઈએ તો સ્મૃતિ રહે છે. પ્રાણની ગતિ પ્રાણીને બાર આંગળ છે તેમાંથી યોગી એક આંગળ પ્રાણની ગતિ ઓછી કરી લે તો નીચકાળની નિવૃત્તિ થાય અને બારમાંથી બે આંગળ પ્રાણની ગતિ જો યોગી ઓછી કરી લે તો આનંદની પ્રાપ્તિ થાય છે. બારમાંથી ત્રણ આંગળ પ્રાણની ગતિ યોગી જો ઓછી કર લે તો વાણી કરવા ધારે તે કરી શકે. બારમાંથી યોગી જો ચાર આંગળ પ્રાણની ગતિ ઓછી કરી લે તો કવિતા કરવા ધારે તો કરી શકે. બારમાંથી પાંચ આંગળ જો યોગી પ્રાણની ગતિ ઓછી કરી લે તે દુર દષ્ટિથી જોઈ શકે છે. બારમાંથી છ આંગળ પ્રાણની ગતિ યોગી જો ઓછી કરી લે તો પ્રાણની ગતિ આકાશ વેગે ચલાવી શકે છે. બારમાંથી સાત આંગળ યોગી ઓછી કરી લે તો પ્રસન્ન વેગ કરી શકે છે. બારમાંથી આઠ આંગળ પ્રાણની ગતિ યોગી ઓછી કરી લે તો ઈચ્છા માત્રથી અષ્ટ સિદ્ધિ કરી શકે છે. બારમાંથી નવ આંગળ પ્રાણની ગતિ યોગી ઓછી કરી લે તો નવ નિદ્ધિ ઈચ્છા માત્રથી પ્રાપ્ત થાય છે. બારમાંથી દશ આંગળ પ્રાણની ગતિ યોગી ઓછી કરી લે તો દશે દીશાઓમાં દેવતાની માફક ગમન કરી શકે છે. બારમાંથી અગિયાર આંગળ યોગી પ્રાણની ગતિ ઓછી કરી લે તો પોતાની છાંયામાંથી અદશ્ય થઈ જાય છે. અને બારે આંગળ યોગી પ્રાણની ગતિ ઓછી કરી લે તો યોગી ક્ષુધા, તૃષ્ણા સહીત દુઃખને નિવૃત્ત કરી શકે છે, અને પગના નખથી શીખા પર્યંત સમાન કરી દેતાં પુરૂષ હંસરૂપે દુર્ગુણી માણસથી અને વેરીના વેરથી અને હત્યારા જીવથી અને કાળથી અને ક્ષુધા તૃષાથી નિર્ભય રહે છે. જેમ યોગી સર્વ દુર્ગુણોને દુર કરી જયારે તત્વનો અને બિંદુનો જય મેળવે છે. ત્યારે પુરૂષમાં બુદ્ધિનો પ્રકાશ અબધુત જ્ઞાન, નિર્ભય પદ ભોગવે છે. તેમ જગત બ્રહ્માંડમાં પણ નીતિ ધર્મ અને સુકૃત કર્મથી સર્વે વરતે તો જગત ભાગ્યવાન અને સુખી રહે છે. દુષ્કાળ, કલીકાળ, કે પ્રલયકાળ થવાનો સંભવ નથી પણ જયારે જગત બ્રહ્માંડનાં નક્ષત્ર, તારા, સહિત જગત નિતિ ભ્રષ્ટ થઈ અનીતિ, અન્યાય અને દુકૃત કર્મથી વરતે ત્યારે જગત ભાગ્યહીણ અને દુઃખી થાય છે. દુષ્કાળ, કલીકાળ અને પ્રલયકાળ થાય છે.

# બારે રાશીઓના સ્વામી તથા નક્ષત્ર

મનુષ્ય પ્રાણીની જમણી નાશિકામાં સૂર્ય કહ્યા છે તે સૂર્ય નાડીમાં રાત દિવસમાં બાર વખત પ્રાણ આવજા કરે છે તેમ જમીન આકાશમાં બાર કળાના સૂર્ય થયા છે. તેમ બાર રાશી થઈ છે. જમણી નાશિકાના પ્રાણવાયુ રાત દિવસના ચોવીસ કલાકમાં બાર વખત આવજાવ કરે છે તેમ મનુષ્ય પ્રાણીની ડાબી નાશિકા ચંદ્ર કહેવાય છે. તે નાશિકામાં પણ રાત દિવસ બાર વખત પ્રાણ બદલે છે તેમ બાર માસ થયા છે. બંન્ને નાશિકા થઈને પ્રાણ ચોવીસ વખત બદલે છે, તેમ બાર માસના ચોવીસ પખવાડિયા થયાં છે. મનુષ્ય પ્રાણીના પ્રાણ અઢી અઢી ઘડીથી ઉલટાં ચાલે તો મનુષ્ય પ્રાણીને હાની, રોગ અને મૃત્યુ કરે છે, સૂર્ય છ માસમાં કોઈ બાજુ વધારે કે ઓછું ચાલતાં જગત બ્રહ્માંડમાં બુરૂં થવા સંભવ છે. તેમ શુકલ પક્ષની તિથી ઘટે અને કૃષ્ણ પક્ષની તિથી વધે તો જગતમાં બુરૂં કરાવે છે. તેમ જગત નિતિ ભ્રષ્ટ થઈ અનિતિ અને અન્યાયથી વર્તે તો જગતમાં બુરૂં થાય છે. બાર રાશિ, મેષ રાશી અને વૃશ્ચિક રાશીનો સ્વામી મંગલ છે તે ગ્રહ તેની રાશીમાં હોય તો શુભ ગ્રહી કહેવાય છે. પણ ધીમો ચાલી ઉલટી બીજાની રાશી ભોગવે તો વક્રના કહેવાય છે તેથી જગતમાં બુરૂં થાય છે.

વૃષભ અને તુલા રાશીનો સ્વામી શુક્ર છે. તે તેની રાશીમાં હોય તો શુભ ગણાય છે. ઉલટી બીજાની રાશી ભોગવે તો વક્રના ગણાય છે. તે જગતને અશુભ છે. મિથુન અને કન્યા રાશીનો સ્વામી બુધ છે. તે તેની રાશીઓમાં હોય તો શુભ છે. ઉલટી રાશી ભોગવે તો વક્રના કહેવાય છે. તેથી જગતમાં બુરૂં થાય છે. ધન અને મીન રાશીનો સ્વામી ગુરૂ છે. તે તેની રાશીમાં હોય તો શુભ છે. ઉલટી રાશી ભોગવે તો વક્રના કહેવાય છે. તેથી જગતમાં અશુભ થાવું સંભવિત છે. મકર અને કુંભ રાશીનો સ્વામી શની છે. તે ગ્રહ તેની રાશીમાં હોય તો શુભ ગણાય છે. ઉલટી રાશી ભોગવે તો વક્રના અશુભ કહેવાય છે. સોમ ગ્રહ કર્ક રાશી એક જ ભોગવે છે અને રવિ ગ્રહ સિંહ રાશી એક જ ભોગવે છે. આ બંન્ને ગ્રહ અમાસ કે પુનમે દિવસે કોઈ વખતે વક્રના થઈ અમાસ, પુનમ, સુર્ય, ચંદ્રની રાશી ભોગવે છે. તેમજ જેટલી એક બીજાની રાશી માથે તેની છાંયા પડે છે. એટલું અને

એટલી ઘડી અમાસ પુનમનું સુર્ય, ચંદ્રમામા ગ્રહણ થાય છે તેથી જગતમાં બુરૂં થાય છે. તેમ જગત બ્રહ્માંડમાં પણ તારા નક્ષત્ર સહિત દીન, દીશા, મનુષ્ય પ્રાણી નીતિ ભ્રષ્ટ થઈને અનિતિ, અન્યાયથી વર્તે તો જગતમાં બુરૂં થાય છે.

બાર રાશી મેષ રાશીની સત્તા પૂર્વ દીશામાં છે. વૃષભ અને મિથુન રાશીને અગ્નિ ખુણામાં બે ભાગે જુદી જુદી સત્તા છે. કર્ક રાશીની દક્ષિણ દીશામાં સત્તા છે. સિંહ રાશી અને કન્યા રાશીની નૈઋત્ય ખુણામાં બે ભાગે જુદી જુદી સત્તા છે. તુલા રાશીની પશ્ચિમ દીશામાં સત્તા છે. વૃશ્ચિક અને ધન રાશીની સત્તા વાયવ્ય ખુણામાં બે ભાગે જુદી જુદી છે. (સત્તા છે) મકર રાશીની ઉત્તર દીશામાં સત્તા છે અને કુંભ અને મીન રાશીની સત્તા ઈશાન ખુણામાં બે ભાગે જુદી જુદી રહે છે. (સત્તા છે) આ બારે રાશી કાળચક્ર પૈડાનાં બાર આરા ગણાય છે અને મેરુ પૈડાની નાથ ગણાય છે. બે બે મહિનાની એક ઋતુ ગણાય છે. આ બાર મહિનાની છ ઋતુ તે પૈડાંના બાર આરાના પાટલા ગણાય છે. અને બાર મહીનાનું એક વર્ષ તે પૈડાંનો પાટો ગણાય છે. આ મનુષ્ય પ્રાણીના તત્વોનું ચક્ર આ બાર રાશિના પૈડાંનું ચક્ર તે બાર રાશિના સૂર્યનું ચક્ર શુભ ચાલે તો જગતમાં શુભ થાય છે. પણ નીમેલાથી ઉલટા ચાલે તો જગતમાં બુરૂં થાય છે. તેમ જગત નિતિ ભ્રષ્ટ થઈ અનિતિ અન્યાયથી વર્તે તો જગતમાં બુરૂં થાય છે. આ બારે રાશિ સત્તાવીશ નક્ષત્ર ભોગવે છે. તે રાશિ, ગ્રહ, નક્ષત્ર, શુભ અશુભથી જગતમાં ભલુ અને બુરૂં થાય છે. તેમ જગતમાં પણ નિતિ ભ્રષ્ટ થાય તો બુરૂં થાય છે.

સત્તાવીશ નક્ષત્ર તેમાં ત્રણ નક્ષત્રની સત્તા મધ્ય દેશમાં, ત્રણ નક્ષત્રની સત્તા પૂર્વ દિશામાં છે. ત્રણ નક્ષત્રની સત્તા અગ્નિ ખુણામાં છે. ત્રણ નક્ષત્રની સત્તા દક્ષિણ દિશામાં છે. ત્રણ નક્ષત્રની સત્તા નૈઋત્ય ખુણામાં છે. ત્રણ નક્ષત્રની સત્તા વાયવ્ય ખુણામાં છે. ત્રણ નક્ષત્રની સત્તા ઉત્તર દિશામાં છે. ત્રણ નક્ષત્રની સત્તા ઈશાન ખુણામાં છે. આ શુભ નક્ષત્રને પાપ ગ્રહ પીડે તો જગતમાં બુરૂં થાય છે તેમ નીચ જાતી ઉંચ જાતીને પીડે તો જગતમાં બુરૂં થાય છે. રવીનો વાસો પૂર્વ દીશામાં છે તેનો વિકાર પશ્ચિમ દિશામાં દિશાસુળ થાય છે. અને તેના વિકારથી અગ્નિ ખુણામાં નગ્ન કાળ રહે છે. તેના વિકારથી રાત દિવસના શુભ અશુભ સોળ ચોઘડીયા થાય છે. શુક્રનો વાસો અગ્નિ ખુણામાં રહે છે.

શુક્રવારને દિવસે પશ્ચિમ દીશામાં દીશાશુળ થાય છે. અને નગ્ન કાળ નૈઋત્ય ખુણામાં થાય છે. શુક્રના ગુણ પ્રમાણે શુભ અશુભ ચોઘડીયા સોળ થાય છે. મંગળવારનો વાસો દક્ષિણ દિશામાં થાય છે, તેનો વિકાર ઉત્તર દીશામાં દીશાશુળ થાય છે અને નૈઋત્ય ખુણામાં રાહુનો વાસો છે અને રાહુ સામું જાવું બુરૂં છે. ને જડી વાયુમાં રાહુની સ્મૃતિ છે. પશ્ચિમ દિશામાં શનીનો વાસો છે. શનિવારને દિવસે પૂર્વ દીશામાં દીશાશુળ છે અને વાયવ્ય ખુણામાં નગ્નકાળ રહે છે. અને શનિના ગુણ પ્રમાણે રાત દિ સોળ ચોઘડીયા શુભાશુભ થયાં છે. સોમવારનો વાસો વાયવ્ય ખુણામાં છે અને સોમવારને દિવસે પૂર્વ દીશામાં દીશાશુળ થાય છે. અને નગ્નકાળ નૈઋત્ય ખુણામાં રહે છે. અને તેના ગુણ પ્રમાણે રાત દિવસના શુભાશુભ સોળ ચોઘડીયા થયાં છે. ગુરૂવારનો વાસો ઉત્તરમાં છે અને દક્ષિણમાં દીશાશુળ થાય છે. અને અગ્નિ ખુણાંમાં નગ્ન કાળ રહે છે. તેના ગુણ પ્રમાણે રાત દિવસના શુભાશુભ સોળ ચોઘડીયા થયાં છે. કેતુનો વાસો આકાશમાં છે. વંટોળિઓ વા કેતુની સ્મૃતિ છે. બુધનો વાસો ઈશાન ખુણામાં છે. બુધવારને દિવસે ઉત્તર દીશામાં દીશાશુળ રહે છે. અને ઈશાન ખુણામાં નગ્ન કાળ રહે છે. બુધના ગુણ પ્રમાણે રાત દિવસના શુભાશુભ ચોઘડીયા થાય છે. તેમાં મનુષ્ય પ્રાણી શુભમાં માંગલીક કરવા જાય તો શુભ થાય છે. પણ અશુભ ચોઘડીયામાં કે નગ્નકાળ સામો કે દીશાશુળ સામો શુભ કામ કરવા જાય તો અશુભ થાય છે. તો જગત પ્રાણી તારા નક્ષત્ર સહીત નિતિ ભ્રષ્ટ થાય તો જગતમાં બુરૂં થાય છે.

★★★

# કેતુનું ફળ

અનાદીથી ઋષિઓ મુનીઓએ પંડવરમંડ શોધીને શુભાશુભ વર્ણવ્યા છે.

કેતુના ઉદય તથા અસ્ત ગણિતથી માલુમ પડતો નથી કારણ કે કેતુ નીચે લખેલા પ્રમાણે ત્રણ પ્રકારના હોય છે.

૧. દીવ્ય એટલે આકાશમાંનો

૨. આંત્રીક્ષ એટલે આકાશ અને પૃથ્વી મધ્યનો.

૩. ભૌમ (પૃથ્વી સંબંધી વ્યાસદીપીકાદી) એવા ત્રણ પ્રકારના કેતુઓ છે.

જે ભાગમાં અગ્નિ રહેતો નથી અને અગ્નિ (તેજ) માલુમ પડે છે તેને કેતુનું સ્વરૂપ કહે છે પણ ખદ્યોત (આગીઆ કીડા) પીશાચાલ્ય (સ્મશાન જે જગ્યાએ રાત્રીના વખતમાં જયોતી માલુમ પડે) તે ચંદ્રનું તેજમણી, મરકતાદી રત્ન તથા તેજ સિવાય બીજું જે તેજ હોય તે કેતુનું સ્વરૂપ છે એમ કહે છે. ધ્વજશસ્ત્ર ગૃહ (ભવન) વૃક્ષ, અશ્વ, હાથી ઈત્યાદીઓમાં જે તેજ માલુમ પડે છે તે કેતુનું તેજ છે. અને આકાશમાં જે નક્ષત્ર છે. તેમાં જે તેજ માલુમ પડે છે તે દીવ્ય કેતું છે અને એ સિવાય પૃથ્વી ઉપર જે તેજ માલુમ પડે છે તે ભૌમ કેતુનું છે.

પાતાળમાંથી રેખાઓ તો અનેક છે પણ તેમાં નવોસો નવાણું રેખાઓ કલ્પેલી છે તેમાં પણ મુખ્ય ત્રણ રેખાઓ છે તેમ મુખ્ય ત્રણ કેતુઓ છે. જેમ રેખાઓમાં પણ મુખ્ય ત્રણ રેખાઓ છે. ઈંગલા, પીંગલા અને સુષુમણા તેમાં પણ મુક્ય સુષુમણા રેખાં છે તેમ કેતુઓ પણ ત્રણ છે. તેમાં પણ મુખ્ય કેતુ એક છે તેમ કેટલાકોનું કહેવું છે કે એકસો એક કેતુ છે અને કેટલાકોએ હજાર કેતુઓ કલ્પ્યાં છે પણ ફકત એક જ કેતુ છે અને તે એક જ કેતુનાં ઘણાં સ્વરૂપ છે.

કેતુ જેટલા દિવસ નજરે પડે તેટલા માસ લગી તેનું ફળ જાણવું અને કેતુ જેટલા માસ નજરે પડે તેટલા વર્ષ સુધી તેનું ફળ જાણવું પણ કેતુનુ દર્શન જે દિવસે થયું હોય તેનાથી પિસ્તાળીસ દિવસ અગાઉ મહીનાની અથવા વર્ષની ગણના કરવી.

કેતુનો મોટો અને નિર્મલ સ્નિગ્ધ (લાંઠ) સીધો થોડી રહેવાવાળો શ્વેત વર્ણવાળો એવો ઉદય થયેલો દશ્યમાન.થાય તો સુભિક્ષ અને સુખ આપવાવાળો હોય છે અને ઉપર બતાવેલ સ્વરૂપવાળો હોય તો અશુભ ફળ આપે છે. કેતુ બે શિખાનો અથવા ત્રણ શિખાનો વિશેષ કરી અશુભ ફળ આપે છે તથા ઈંદ્ર ધનુષ્યના જેવો હોય તો તે અશુભ ફળ આપે છે.

મોતીનો હાર ચંદ્રકાન્તમણી, સુવર્ણ એઓના સમાન રૂપવાળો અને શિખાયુકત કિરણાખ્યસંજ્ઞાવાળા પચીસ કેતુઓ છે.

ઉપર લખેલ પચીસ કેતુમાંનો એક પણ પૂર્વ પશ્ચિમ દીશા તરફ નજરે પડેતો રાજાઓને વિરોધી ફળ આપે છે.

પોપટ, અગ્નિ, બારમાસી, ફુલ, લાખ, રૂધિર એઓના સમાનરૂપવાળા અને અગ્નિ દિશામાં જણાવનારા અગ્નિના પુત્ર પચીસ ધુમ્રકેતુઓ છે. તે પચીસમાંનો એક પણ નજરે પડે તો લોકોને અગ્નિનો ભય કરે છે.

વાંકા આકારની શીખાવાળા, લુખા, કૃષ્ણાવર્ણના એવા અને દક્ષિણ દિશામાં જણાવનારા મૃત્યુના પુત્ર પચીસ કેતુઓ છે. તે પચીસ કેતુમાંનો એક પણ નજરે પડે તો લોકોને મૃત્યુકારક ફળ આપે છે.

આરસીની માફક ગોળ તથા વગર શીખાની કિરણવાળા અને જલ અથવા તેલ એના સમાનવર્ણવાળા પૃથ્વીના પુત્ર બાવીસ કેતુઓ છે. તેમાંનો એક પણ ઈશાન ખુણામાં નજરે પડે તો દુર્ભિક્ષ કરે છે.

ચંદ્રકિરણ રૂપુ, બરફ કમળકંદ, પુષ્પ એઓના સદશ વર્ણવાળા અને ઉત્તર દીશામાં જણાવનારા ચંદ્રના પુત્ર કેતુ (ત્રણ કેતુ) ઓ છે. એમાંનો એક પણ નજરે પડે તો સુભિક્ષ કરે છે.

ત્રણ શિખાનો અને ત્રણ વર્ણનો બ્રહ્માનો પુત્ર બ્રહ્મદંડક એવે નામે સઘળી દીશામાં જણાવનાર એક કેતુ છે. એ કેતુનો ઉદય નજરે પડે તો પ્રલય કરે છે.

ઉત્તર દીશામાં લાંબો અને સ્થૂળ સ્વચ્છ કાન્તિવાળો જણાવનારો અને પશ્ચિમ દીશામાં ઉદય થનારો આવો વસાસજ્ઞક કેતુ છે. આ કેતુ જો નજરે પડે તો તત્કાળ મારામારીનો ઉપદ્રવ કરે છે.

વસાકેતુના લક્ષણયુક્ત એવો અને લુખો અસ્થી નામનો કેતુ છે એ કેતુ દુર્ભિક્ષ કરે છે.

ધુવાડાના વર્ણ સરખી શીખાવાળો અને અમાવાસ્યાની રાત્રિએ પૂર્વ દીશામાં આકાશના મધ્યભાગમાં જણાનારો કપાળ કેતુ એવે નામે કેતુ છે. તે જે નજરે પડે તો દુર્ભિક્ષ મારામારી અનાવૃષ્ટિ અને રોગ ઉત્પન્ન કરે છે.

પૂર્વ દીશામાં અગ્નિ વીથીમાં (પૂર્વાષાઢા અને ઉત્તરષાંઢા નક્ષત્રના સમીપ) ત્રિશુળની આકૃતીવાળો આકાશમાં ત્રણ ભાગમાં ગતી કરનાર એવો રૅદ્રસંગનક કેતુ છે. તેનું કપાળ કેતુના સરખું છે. પશ્ચિમ દીશામાં એક આંગળ ઉંચો અને દક્ષિણ તરફ અંગવાળો તથા શીખાવાળો ચલકેતુ નામનો કેતુ છે. તે ચલકેતુ જેમ જેમ ઉત્તર તરફ જતો જાય તેમ તેમ લાંબો થાય છે. એ ચલકેતુ સપ્ત ઋષિઓના તારાનો તથા ધ્રુવના તારાનો તથા અભિજીત નક્ષત્રનો સ્પર્શ કરી પાછો ફરે છે અને આકાશના અર્ધા ભાગમાં જઈ દક્ષિણ તરફ અસ્ત પામે છે. આ ચલકેતુ નજરે પડે તો પ્રયાગના કાંઠાથી અવંતી નદી સુધીનો દેશ પુષ્કળ નામનું અરણ્ય ઉત્તર દીશા તરફની દેવીકા નામની નદી મોટા દેશ અને મધ્ય દેશ એઓનો નાશ કરે છે તથા બીજા દેશોમાં પણ રોગ દુબુદ્ધિથી એણે કરી પ્રજાનો નાશ થાય છે. આ ચલકેતુના ફળનો અનુભવ દશ માસ પછી હોય છે.

જેનો દક્ષિણ દીશામાં શિખાનો અગ્ર ભાગ છે અને તે મધ્યરાત્રિના સમયમાં જણાનારો અને યુગ (જુંસળી)ના જેવી આકૃતિવાળો ક્નામનો કેતુ છે. આ બે કેતુઓ એક જ વખતે જણાય છે અને તેઓ સાત દીવસ જણાયા કરે છે. આ બે કેતુ સ્વચ્છ આકૃતિના હોય તો સુભિક્ષ અને કલ્યાણ કરે છે અને જો કોઈ વખત ક્નામનો કેતુ ઘણા દીવસ જણાય તો દશ વર્ષ પર્યંત આ પૃથ્વી ઉપર યુદ્ધ કરાવે છે. અને તેથી ઉત્પન્ન થતું દુઃખ પ્રજાને સહન કરવું પડે છે.

જટાના જેવો આકારવાળો, લુખો અને ધુમ્ર વર્ણનો આકાશના ત્રણ ભાગમાં ફળવાવાલો શ્વેત નામે કેતુ છે. તે ઉલટે માર્ગે ભ્રમણ કરે તો પ્રજાનો ત્રીજો ભાગ રહે છે અને બે ભાગનો નાશ થાય છે.

સ્વલ્પ ધુમ્ર વર્ણવાળો અને શીખાવાળો કૃતિકા નક્ષત્રની પાસે દેખાવનારો એવો રસ્મી નામે કેતુ છે તે જો નજરે પડે તો શ્વેત કેતુના સરખું ફળ આપે છે.

કોઈ જાતના નિયમ વગરની ગતિવાળો અને અનિયમીત પ્રમાણવાળો. અનિયમીત વર્ણવાળો અને અનિયમીત આકૃતિવાળો ચારે તરફ જનારો અને દિવ્ય અંતરીક્ષ અને ભૌમ એવા ત્રણ પ્રકારનો થનારો ધ્રુવ નામે કેતુ છે. આ કેતુ શુભ ફળ આપે છે. આ ધ્રુવ કેતુના રાજાના નાશ થનારા, સૈન્ય નાશ થનારા, દેશો નાશ થનારા ઘર, વૃક્ષ, પર્વત એમની ઉપર ગૃહસ્થાશ્રમની ઉપર (ઘરની માલ મિલકત ઉપર) જણાય છે.

શ્વેત વર્ણવાળો અને પશ્ચિમમાં પૂર્વ શીખાવાળો એવો કુમુંદ નામનો કેતુ છે તે ફક્ત એક રાત્રીમાં જણાય છે. એ કેતુ જો નજરે પડે તો દશ વર્ષ સુધી સુભિક્ષ કરે છે.

પશ્ચિમ તરફ એક પહોર સુધી જણાનારો અને એક જ વખત દેખાય આપનારો સુક્ષ્મ તારાવાળો સીધો અને સફેદ શીખાવાળો જેમ ગાયના આંચળમાંથી જેમ દૂધની ધારા ચાલે તેવી આકૃતિથી દેખાવ આપનારો મણી નામે કેતુ છે. આ કેતુનો ઉદય થાય તો સાડાચાર મહિના સુધી સોંઘવારી કરે છે તથા શુદ્ર જાતિની ઉત્પત્તિ કરે છે.

પશ્ચિમ દીશા તરફ ઉંચી શીખાવાળો અને સ્વચ્છ દેહવાળો જલ નામે કેતુ છે. તેનું દર્શન થાય તો નવ માસ સુધી સુભિક્ષ કરે છે. તેથી લોકોને કલ્યાણકારક ફળ આપે છે.

પૂર્વ દીશામાં એક રાત્રી નજર પડવાવાળો અને સુક્ષ્મ અને નિર્મળ દેહવાળો સિંહના પુંછ સમાન પ્રદિક્ષિણા જેની શિખા છે એવો ભવ નામે કેતુ છે. આ કેતુ જેટલા મુહૂર્ત (બે ઘડીનો કાળ) દેખાવ આપે તેટલા માસ લગી સુભિક્ષ કરે છે અને જો એ કેતુ લુખો નજરે પડે તો પ્રાણનાશક રોગ ઉત્પન્ન કરે છે.

શ્વેત વર્ણવાળો અને પશ્ચિમ દીશામાં એક રાત્રી જણાનારો પદમ નામે કેતુ છે તે

જો જણાય તો સાત વર્ષ સુધી સુભિક્ષ કરે છે અને પ્રજા હર્ષવાન રહે છે.

નિર્મળ દેહવાળો તથા આરક્ત વર્ણવાળો સવળી શીખાવાળો અને રાત્રીના મધ્ય ભાગમાં જણાનારો એવો આવર્તક નામે કેતુ છે તે મુહૂર્ત (બે ઘડીનો કાળ) નજરે પડે તો તેટલા માસ સુધી સુભિક્ષ કરે છે.

ધુમ્ર વર્ણવાળો અને લાલ શીખાવાળો આકાશના ત્રણ ભાગમાં વ્યાપ્ત થનારો એવો અને ત્રિશુળના અગ્ર સરખી ત્રણ શિખાવાલો પશ્ચિમ દીશામાં સંધ્યાકાળે જનારો ભયંકર એવો સંવર્તક નામે કેતુ છે. આ કેતુ જેટલાં મુહૂર્ત દેખાવ આપે તેટલા વર્ષ સુધી યુદ્ધ કરાવે તથા યુદ્ધમાં રાજાઓનો નાશ કરાવે.

કેતુનો તારો જે નક્ષત્ર ઉપર હોય (ઉદય હોય) અને જે નક્ષત્ર ઉપર તે કેતુની શિખા હોય અથવા કેતુની શીખા જે નક્ષત્રને સ્પર્શ કરતી હોય એવા અશ્વની વગેરે નક્ષત્રો ઉપરથી જુદું જુદું ફળ રાજાઓનો નાશ કરનારૂં કહ્યું છે.

તેમાં જે શુભ કેતુઓ છે તેનો છોડી દઈ અશુભ કેતુઓનું ફળ નીચે પ્રમાણે છે.

૧. અશુભ કેતુથી અશ્વિની નક્ષત્ર આધુમીત (પૂંછડીની ટોચ લાગવી) અથવા સ્પર્શિત હોય તો આસ્મક (સુર્યવંશના રાજાઓનો નાશ કરે છે.)

૨. અશુભ કેતુથી ભરણી નક્ષત્ર આધુમીત અથવા સ્પર્શિત હોય તો ભીલ રાજાનો નાશ કરે છે.

૩. અશુભ કેતુથી કૃતિકા નક્ષત્ર આધુમીત અથવા સ્પર્શિત હોય તો કલીંગદેશ (મારવાડની દક્ષિણ બાજુ અને ડીસાની ઉત્તર બાજુનો પ્રદેશ) ના રાજાનો નાશ કરે છે.

૪. અશુભ કેતુથી રોહિણી નક્ષત્ર આધુમીત અથવા સ્પર્શિત હોય તો શુરસેન (મારવાડની પશ્ચિમ બાજુનો પ્રદેશ)ના રાજાનો નાશ કરે છે.

૫. અશુભ કેતુથી મૃગશાર નક્ષત્ર આધુમીત અથવા સ્પર્શિત હોય તો ઉશીનર દેશ (અલ્હાબાદની દક્ષિણ બાજુનો પ્રદેશ)ના રાજાનો નાશ કરે છે.

૬. અશુભ કેતુથી આર્દ્રા નક્ષત્ર આધુમીત અથવા સ્પર્શિત હોય તો જલચર પ્રાણીઓમાં ગુજારો કરનારા એવા જે પુર્વ દેશના રાજાનો નાશ કરે છે.

૭. અશુભ કેતુથી પુનર્વસુ નક્ષત્ર આધુમીત અથવા સ્પર્શિત હોય તો આસ્મક (પથ્થર કાઢનારની જાતના)ના રાજાનો નાશ કરે છે.

૮. અશુભ કેતુથી પુષ્ય નક્ષત્ર આધુમીત અથવા સ્પર્શિત હોય તો મગધ દેશ (કલકત્તાની ચારે બાજુનો પ્રદેશ)ના રાજાનો નાશ કરે છે.

૯. અશુભ કેતુથી અશ્લેશા નક્ષત્ર આધુમીત અથવા સ્પર્શિત હોય તો તે અસીકિશ (ગુચ્છાવાળા માથા પર કેશ થાય છે એવી જાતનાં લોક)ના રાજાનો નાશ કરે છે.

૧૦. અશુભ કેતુથી મઘા નક્ષત્ર આધુમીત અથવા સ્પર્શિત હોય તો અંગદેશ (બંગાળા પ્રાંતનો દક્ષિણ દેશ)ના રાજાનો નાશ કરે છે.

૧૧. અશુભ કેતુથી પૂર્વા ફાલ્ગુની નક્ષત્ર આધુમીત અથવા સ્પર્શિત હોય તો પાંડય દેશ (દિલ્હી પૂર્વ બાજુ અથવા આગ્રાની ઉત્તર બાજુનો પ્રદેશ)ના રાજાનો નાશ કરે છે.

૧૨. અશુભ કેતુથી ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર આધુમીત અથવા સ્પર્શિત હોય તો ઉજ્જૈન નગરીના રાજાનો નાશ કરે છે.

૧૩. અશુભ કેતુથી હસ્ત નક્ષત્ર આધુમીત અથવા સ્પર્શિત હોય તો દેકકારણ્ય (નર્મદા નદીની દક્ષિણ બાજુ અને ગોદાવરી નદીની ઉત્તર બાજુ અને સિંહાદ્રી પર્વતની પૂર્વ બાજુનો પ્રદેશ)ના રાજાનો નાશ કરે છે.

૧૪. અશુભ કેતુથી ચીત્રા નક્ષત્ર આધુમીત અથવા સ્પર્શિત હોય તો કુરૂક્ષેત્રના રાજાનો નાશ કરે છે.

૧૫. અશુભ કેતુથી સ્વાતિ નક્ષત્ર આધુમીત અથવા સ્પર્શિત કરે તો કાશ્મીર તથા કાબુલ દેશ (સિંધુ નદીના મધ્ય ભાગની પશ્ચિમ બાજુનો ભાગ)ના રાજાનો નાશ કરે છે.

૧૬. અશુભ કેતુથી વિશાખા નક્ષત્ર આધુમીત અથવા સ્પર્શિત હોય તો ઈક્ષ્વાકુ (અયોધ્યાની આજુબાજુનો પ્રદેશ તથા આલંકા નગરી હિમાલયની તળેટીમાં આવેલી નગરી)ના રાજાનો નાશ કરે છે.

૧૭. અશુભ કેતુથી અનુરાધા નક્ષત્ર આધુમીત અથવા સ્પર્શિત હોય તો પા દેશ (પ્રતાપ ગઢની પુર્વ બાજુનો પ્રદેશ)ના રાજાનો નાશ કરે છે.

૧૮. અશુભ કેતુથી જયેષ્ટા નક્ષત્ર આધુમીત અથવા સ્પર્શિત હોય તો સાર્વભૌમ (આખી પૃથ્વીનો રાજપદ ધારણ કરનાર)ના રાજાનો નાશ કરે છે.

૧૯. અશુભ કેતુથી મુળ નક્ષત્ર આધુમીત અથવા સ્પર્શિત હોય તો આંધ્ર (સંબલપુરની પશ્ચિમ બાજુનો પ્રદેશ) તથા મદ્ર (મદ્રાસની આજુબાજુનો પ્રદેશ)ના રાજાનો નાશ કરે છે.

૨૦. અશુભ કેતુથી પુર્વાષાઢા નક્ષત્ર આધુમીત અથવા સ્પર્શિત હોય તો કાશી નગરીના રાજાનો નાશ કરે છે.

૨૧. અશુભ કેતુથી ઉત્તરાષાઢા નક્ષત્ર આધુમીત અથવા સ્પર્શિત હોય તો યૌધેયક (કચ્છની પશ્ચિમ બાજુનો પ્રદેશ) અર્જુનનાયન (દિલ્હીની પશ્ચિમ બાજુનો પ્રદેશ) તથા શીબી (ઉજજૈનની દક્ષિણ બાજુનો પ્રદેશ) તથા ચંદી (સંબલપુરની દક્ષિણ બાજુનો પ્રદેશ) એ દેશના રાજાનો નાશ કરે છે.

૨૨. અશુભ કેતુથી શ્રવણ નક્ષત્ર આધુમીત અથવા સ્પર્શિત હોય તો કૈકેય દેશ (ભરતપુરની ચારે બાજુનો પ્રદેશ)ના રાજાનો નાશ કરે છે.

૨૩. અશુભ કેતુથી ધનીષ્ટા નક્ષત્ર આધુમીત અથવા સ્પર્શિત હોય તો પંચનદ (પંજાબ દેશ)ના રાજાનો નાશ કરે છે.

૨૪. અશુભ કેતુથી શતતારા નક્ષત્ર આધુમીત અથવા સ્પર્શિત હોય તો સિંહલદ્વીપ (લંકા)ના રાજાનો નાશ કરે છે.

૨૫. અશુભ કેતુથી પુર્વા ભાદ્રપદ નક્ષત્ર આધુમીત અથવા સ્પર્શિત હોય તો અંગદેશ (બંગાળા પ્રાંતનો દક્ષિણ ભાગ)ના રાજાનો નાશ કરે છે.

૨૬. અશુભ કેતુથી ઉત્તરા ભાદ્રપદ નક્ષત્રથી આધુમીત અથવા સ્પર્શિત હોય તો નૈમીષારણ્ય (અયોધ્યાની પાસે ગોમતી નદીના ઉત્તર કાંઠાનો ભાગ)નો રાજાનો નાશ કરે છે.

૨૭. અશુભ કેતુથી રેવતી નક્ષત્ર આધુમીત અથવા સ્પર્શિત હોય તો કીરાટ દેશ (ભીલ લોકોની વસ્તીનો ભાગ)ના રાજાનો નાશ કરે છે.

કેતુની પૂંછડી ઉલ્કા (આકાશમાંથી ખરતા તારા) એ કરી તાડીત હોય તો શુભ ફળ આપે છે. કેતુનું દર્શન થતાં જ વરસાદ આવે તો અતિ શુભ ફળ, આવો કેતુ ચૌલ (જનકપુરની દક્ષિણ બાજુનો પ્રદેશ) ઔવગાણ, શીત, (પુષ્કળ ટાઢ પડે તેવી જમીનની વસ્તીનો ભાગ) હણ (જંગલી ધર્મથી ભ્રષ્ટ થયેલી વસ્તી) અને ચીન એ દેશના લોકોને અશુભ ફળ આપે છે. જે દીશામાં કેતુની શીખા નમ્ર હોય અથવા જે દીશામાં ગઈ હોય અથવા જે દીશામાં કેતુ ગતી કરતો હોય ત્યાં અથવા પૂર્વમાં બતાવેલા નક્ષત્રો ઉપરથી જે દેશો છે તેના ઉપર સવારી કરે તો શત્રુને મારી તે રાજય સર કરે છે. જેમ ગરૂડ સર્પને મારી ઉપભોગ કરે છે તેમ રાજયનો ઉપભોગ કરે.

આજ પ્રમાણે પંડવરમંડમાં નવસો નવાણું રેખાઓ કલ્પેલી છે પણ તેમાં પણ ત્રણ રેખાઓ કલ્પેલી છે. પણ તેમાં પણ ત્રણ રેખાઓ કહેલી છે. (ઈંગલા, પીંગલા અને સુષુમણા) તેમાં મુખ્ય એક જ રેખા સુષુમણા કહી છે એજ પ્રમાણે કેતુનું પણ સમજવું કારણ કે પંડવરમંડ શોધ્યા સિવાય અત્યારે કોઈપણ આ બાબત જાણી શકતું નથી.

★★★

# જોગણીના ઘરનું દૃષ્ટાંત

એકમ તથા નોમને દિવસ જોગણીનું ઘર પૂર્વ દીશામાં થાય છે. ત્રીજ અને અગિયારસને દીવસ જોગણીનું ઘર અગ્નિ ખુણામાં રહે છે. પાંચમ અને તેરસને દિવસે જોગણીનું ઘર દક્ષિણ દીશામાં રહે છે. છઠ ને બારસને દિવસે જોગણીનું ઘર નૈઋત્ય ખુણામાં રહે છે. ચોથ અને ચૌદશને દિવસે જોગણીનું ઘર પશ્ચિમ દીશામાં રહે છે. પુનમ અને સાતમને દિવસે જોગણીનું ઘર વાયવ્ય ખુણામાં રહે છે. બીજ અને દશમનું જોગણીનું ઘર ઉત્તર દીશામાં રહે છે. આઠમ અને અમાસનું જોગણીનું ઘર ઈશાન ખુણામાં રહે છે. માણસને માંગલીક કામ કરવા જાતાં જોગણીનું ઘર વાંસ કે ડાબા હાથ માથે હોય તો તે લાભકારી છે પણ સનમુખ કે જમણા હાથ ઉપર હોય તો અશુભ છે. તેમ જગત બ્રહ્માંડના તારા નક્ષત્ર સહિત જગત નીતિ ભ્રષ્ટ થાય તો જગતમાં બુરૂં થાય છે.

★★★

# ઈંગાર, દીવ્ય અને ધુમીના ફળનું દષ્ટાંત

પ્રાતઃકાળે પહેલે પહોરે ઈંગાર ઈશાન ખુણામાં રહે છે. દીવ્ય પુર્વ દીશામાં રહે છે અને ધૂમીની અગ્નિ ખુણામાં રહે છે ત્યારે ઉત્તર દક્ષિણ એ બંન્ને દીશાઓ શાંત રહે છે. બીજે પહોરે ઈંગાર પુર્વ દીશામાં રહે છે. દીવ્ય અગ્નિ ખુણામાં રહે છે. ધૂમીની દક્ષિણ દીશામાં રહે છે. ઈશાન ખુણે અને નૈઋત્ય ખુણે શાંત રહે છે. ત્રીજે પહોરે ઈંગાર અગ્નિ ખુણામાં રહે છે. દિવ્ય દક્ષિણ દીશામાં રહે છે. ધૂમીની નૈઋત્ય ખુણામાં રહે છે ત્યારે પુર્વ પશ્ચિમ એ બંન્ને દિશાઓ શાંત રહે છે. ચોથે પહોરે ઈંગાર દક્ષિણ દીશામાં રહે છે. દીવ્ય નૈઋત્ય ખુણામાં રહે છે અને ધૂમીની પશ્ચિમ દીશામાં રહે છે ત્યારે અગ્નિ ખુણ અને વાયવ્ય ખુણ શાંત રહે છે. રાત્રે પાંચમે પહોરે ઈંગાર નૈઋત્ય ખુણામાં રહે છે. દિવ્ય પશ્ચિમ દીશામાં રહે છે. ધૂમીની વાયવ્ય ખુણામાં રહે છે ત્યારે ઉત્તર દક્ષિણ બંન્ને દીશાઓ શાંત રહે છે. રાત્રે છઠે પહોર ઈંગાર પશ્ચિમ દીશામાં રહે છે. દીવ્ય વાયવ્ય ખુણામાં રહે છે. ધૂમીની ઉત્તર દીશામાં રહે છે ત્યારે નૈઋત્ય ખુણ અને ઈશાન ખુણ બંન્ને શાંત રહે છે. રાત્રે સાતમે પહોર ઈંગાર વાયવ્ય ખુણામાં રહે છે. દીવ્ય ઉત્તર દીશામાં રહે છે. ધૂમીની ઈશાન ખુણામાં રહે છે ત્યારે પુર્વ પશ્ચિમ એ બંન્ને દીશાઓ શાંત રહે છે. રાત્રે આઠમે પહોરે ઈંગાર ઉત્તર દીશામાં રહે છે અને દીવ્ય ઈશાન ખુણામાં રહે છે અને ધૂમીની પુર્વ દીશામાં રહે છે ત્યારે અગ્નિ ખુણ અને વાયવ્ય ખુણ એ બંન્ને શાંત રહે છે. દીવ્ય અને શાંત દીશાઓમાં કોઈ માંગલીક કામ કરે છે અથવા તેમાં શુકન પુછે તો લાભકારી થાય છે પણ ઈંગાર ધૂમનીમાં અશુભ થાય છે. આ પ્રમાણે જગત બ્રહ્માંડમાં પણ સર્વેમાં શુભ અશુભ રહ્યું છે. શુભ વર્તમાનથી શુભ થાય છે. અને અશુભ વર્તમાનથી અશુભ થાય છે. તેમ વર્ણાશ્રમના ધર્મ, નિતિધર્મ, સત્ય અને સુકૃત કર્મથી જગત વર્તે તો જગતમાં સારૂં થાય છે પણ અનિતિ અને અન્યાયથી અને દુકૃત કર્મથી જગત વર્તે તો જગત ભાગ્યહીણ અને દુઃખી થાય છે. સર્વે વનસ્પતી સૌ સૌની ઋતુમાં ફલે ફૂલે તો જગતમાં સારૂં થાય છે પણ વનસ્પતિઓ સૌ સૌની ઋતુઓમાં ફલે ફુલે નહી કે ઉલટા ફ્વાવાય અને વનસ્પતિઓ ખરી જાય કે વનસ્પતિઓ ઉલટી ઋતુમાં ફલે ફુલે તો જગતમાં બુરૂં થાવું સંભવીત છે. પશુ, પક્ષી, મનુષ્ય પ્રાણી સૌ સૌની ઋતુઓમાં વ્યાજમ કરે અને સૌ સૌની જાતીઓ પ્રજા

ઉત્પન્ન કરે તો જગતમાં સારૂં થવા સંભવ છે. પણ સર્વે ઉલટી ઋતુમાં વ્યાજમ કરે કે ઉલટી જાતીમાં મૈથુન કરે તો જગત ભાગ્યહીણ અને દુઃખી થાય છે. મનુષ્ય પ્રાણી સૌ સૌના ઘર વ્યવહારમાં પ્રજા ઉત્પન્ન કરે અને તેની ઋતુઓમાં જન્મે તો જગત ભાગ્યવાન અને સુખી રહે છે પણ જગત પ્રાણી અઢારે મહીને અને વીસ મહીને પ્રજા ઉત્પન્ન કર્યા કરે અને ઉલટી ઋતુમાં પ્રજાના જન્મ થાય અને અશુળ પ્રજા ઉત્પન્ન થાય અથવા વ્યભિચારી અને વર્ણશંકર પ્રજા કરે અથવા નીચ જાતિ ઉંચ જાતીમાં પ્રજા કરે તો જગત ભાગ્યહીણ અને દુઃખી થાય છે. અને દુષ્કાળ, કલીકાળ અને પ્રલયકાળ થાય છે.

★★★

# નિતી ધર્મનું દષ્ટાંત

મનુષ્ય પ્રાણીનું માથું પુરૂષ અને કડ સ્ત્રી ગણાય છે. તે પુરૂષનું માથું જમીનમાં અને પગ સહીત ધડ આકાશ તરફ હોય તો ઉંધું કહેવાય છે તેમ આકાશ પુરૂષ અને પૃથ્વી સ્ત્રી ગણાય છે. તે આકાશ નીચે હોય અને પૃથ્વી ઉપર હોય તો સર્વે ઉંધું વળી જાય છે. તેમ નિતિ ધર્મ છોડી દઈ અનિતિ અન્યાય થવાથી જગતમાં બુરૂં થાય છે. પૂર્વ દીશા પુરૂષ અને અગ્નિ ખુણ તેની સ્ત્રી તેમ પુરૂષને મુખારર્વિંદ પુરૂષ અને જમણી આંખ તેની સ્ત્રી અગ્નિ ખુણ ગણાય છે. જયારે મનુષ્ય પ્રાણી પ્રાતઃકાળે શુભ માંગલીક કામ કરવાનો સંકલ્પ કરે તો સંભવિત છે પણ અગ્નિ ખુણમાં સંકલ્પ કરવો સંભવિત નથી. દક્ષિણ દીશા પુરૂષ અને નૈઋત્ય ખુણ તેની સ્ત્રી છે. તેમ પુરૂષને પણ જમણી નાશિકા પુરૂષ અને તે દક્ષિણ અને જમણો કાન સ્ત્રી નૈઋત્ય ખુણ છે. બેંતાલ મંત્ર જપવાવાળા જાદુગરા બેંતાલ મંત્રનો સંકલ્પ દક્ષિણ દીશામાં કરે તો સંભવિત છે. પણ નૈઋત્ય ખુણામાં સંભવિત નથી. પુરૂષનો વાંસો તે પુરૂષ અને ડાબો કાન સ્ત્રી ગણાય છે તેમ પશ્ચિમ દીશા પુરૂષ અને વાયવ્ય ખુણ તેની સ્ત્રી ગણાય છે. મનુષ્ય પ્રાણી સાયંકાળે માંગલીક કામ કરવાનો સંકલ્પ પશ્ચિમ દીશામાં કરે તો શુભ છે પણ વાયવ્ય ખુણમાં કરે તો અશુભ છે. ઉત્તર દીશા પુરૂષ અને ઈશાન ખુણ તેની સ્ત્રી છે. તેમ પુરૂષને ડાબી નાશિકા પુરૂષ છે અને ડાબી આંખ તેની સ્ત્રી ગણાય છે. મનુષ્ય પ્રાણી મધ્યાન કાળે કે મધ્યરાત કાળે માંગલીક કામ કરે તો (સંકલ્પ કરે તો)ઉત્તર દીશામાં સંકલ્પ કરવો સંભવીત છે પણ ઈશાન ખુણમાં સંકલ્પ કરવો સંભવીત નથી તેમ જગતમાં નીચ જાતિને દાન દક્ષિણા આપવી અને પરમ પૂજનિક કરવા કે નીચ જાતિ ઉંચ જાતિને પીડે કે નીચ જાતી ઉંચ જાતી માથે સત્તા સમૃતિ ભોગવે અથવા નીચ જાતી ઉંચ જાતિમાં જ્ઞાન ઉપદેશક થાય કે ઉંચ જાતી નીચ જાતીમાં ધર્મભ્રષ્ટ થાય કે નિતિભ્રષ્ટ થાય તો પણ જગત ભાગ્યહીણ અને દુઃખી થાય છે. આમ જગતમાં દુષ્કાળ, કલીકાળ અને પ્રલયકાળ થાય છે.

★★★

# પંડવરમંડના ચાર યુગોના સંબંધનું દ્દષ્ટાંત

એક એક રાશી સવા સવા બે નક્ષત્ર ભોગવે છે તેમ એક એક નક્ષત્રના ચાર ચાર ભાગ કર્યા છે. તેમ રાત દીવસના પણ ચાર ચાર ટંકના ચાર ભાગ કર્યા છે, તેમ મનુષ્ય પ્રાણીને પણ જન્મના ચાર કાળ ચાર યુગ કર્યા છે, તેમ બ્રહ્માના પણ ચાર કાળ, ચાર યુગ કર્યા છે એટલે મનુષ્ય પ્રાણીને ગર્ભવાસમાં ગર્ભ મુર્છાવંત રહે છે તે વખતે કોઈપણ ઈંદ્રિયોને સુખ દુઃખનું જ્ઞાન રહેતું નથી, તેથી તે સત્યયુગ કહેવાય છે. અને પ્રાણીને જન્મ્યો પછી મુઢ અવસ્થા રહે છે, તે પ્રાણીનો બીજો ત્રેતાયુગ કહેવાય છે. અને તરૂણ અવસ્થામાં પ્રાણીની ચંચળ, અધીર, આતુર અને વ્યાકુળ વૃત્તિઓ રહે છે તે અવસ્થા પ્રાણીની દ્વાપર કહેવાય છે. અને વૃદ્ધાવસ્થામાં આધી, વ્યાધી, લજ્જા, ભય અને મૃત્યુ આ પ્રાણીને ચોથી અવસ્થાનો ચોથો કલિયુગ કહેવાય છે. તેમ મધ્યરાતથી છ કલાક પ્રાતઃકાળ સુધી જલ તત્વ રહે છે. તે સર્વ કામમાં સુખ અને લાભકારી છે અને આ બે પહોર સત્યયુગ કહેવાય છે. પ્રાતઃ કાળથી મધ્યાનકાળ સુધી છ કલાક વાયુ તત્વનું વર્તમાન રહે છે. તે ઘણો ચંચલ રહે છે, તે બે પહોરને ત્રેતાયુગ કહ્યો છે અને મધ્યાન કાળથી છ કલાક સાયંકાળ સુધી અગ્નિતત્વ રહે છે. તેનાં વર્તમાન ઘણા ઉષ્ણતા રૂપે છે. તે આ બે પહોરને ત્રીજો દ્વાપર કહેવાય છે. સાયંકાળથી છ કલાક મધ્યરાત કાળ સુધી આકાશ તત્વ રહે છે તે તત્વ સર્વે કાર્યમાં હાનીરૂપે છે. તે એ ચોથો પહોર કલીયુગ કહેવાય છે. તેમ પોષ મહીનેથી દીવસ વધે છે અને રાત ઘટે છે. તે ચૈતર મહીને રાત અને દીવસ બરાબર થાય છે. ત્યારે મધ્યના કહેવાય છે. આ આટલા ઉત્તરાયણના વર્ષના સત્યયુગ કહેવાય છે. તેમ સૃષ્ટિની પ્રથમથી ઉત્પત્તિ કોઈપણ દોષનો કે કર્મનો વધારો થયો નથી તેને સત્યયુગ કહ્યો છે. કેમકે કર્મદોષ જ્યાં સુધી વધ્યા નથી ત્યાં સુધી પાપ થોડાં સ્પષ્ટે છે તેથી મનુષ્યના કર્મ દોષ પણ થોડા રહે છે. તે સત્યયુગના વર્તમાનમાં વર્તાય છે. એટલે સત્યયુગ કહેવાય છે. જયારે પ્રાણી ગર્ભવાસમાં જન્મે છે. ત્યારે મૂઢ અવસ્થા અને ચંચલ વૃત્તિ થાય છે તે અવસ્થાને જેમ ત્રેતાયુગ કહે છે. તેમ દિવસના પ્રાતઃકાળથી મધ્યાનકાળ સુધી વાયુ તત્વ રહે છે. તે વાયુ ચંચલ રહે છે અને સર્વને ડોલાવે છે. તે દિવસનો ત્રેતાયુગ કહેવાય છે. તેમ શુકલપક્ષનું બીજું અઠવાડિયું તે માસનો ત્રેતાયુગ કહેવાય છે. અને ચૈતર

માસથી રાત અને દીવસ બરાબર થાતાં પાછી રાત ઘટે છે અને દીવસ વધે છે. અષાઢ માસ સુધી રાત ઘટે છે અને દિવસ વધી જાય છે તે વરસનો ત્રેતાયુગ કહેવાય છે. તેમ બ્રહ્માનો પણ મનની ચંચલ વૃત્તિઓ થાય છે ને આતુર થાય છે. ત્રેતાયુગમાં થાય છે અને શાંતિ થોડી રહે છે અને ધીરજ પણ થોડી રહે છે અને ગુણ પણ થોડો રહે છે. મનુષ્ય પ્રાણીની તરૂણ અવસ્થા થાય છે ત્યારે કામ, ક્રોધ, મોહ, મદ અભિમાન વધે છે. તે અવસ્થા મનુષ્યની દ્વાપર કહેવાય છે. કેમકે તેમા દુર્મતિ રહે છે. તેમ દિવસના પણ મધ્યાન કાળથી સંધ્યાકાળ સુધી દ્વાપર કહેવાય છે. તેમ વર્ષના પણ અષાઢ માસથી દીવસ ઘટતો જાય છે. અને રાત્રી વધતી જાય છે. તે દક્ષિણના કહેવાય છે. તે દક્ષિણમાં અગ્નિ તત્વ તમોગુણ રહ્યો છે. દક્ષિણમાં પાપ ગ્રહ રહે છે તે આસો મહીના સુધી ત્રીજો દ્વાપર કહેવાય છે. તેમ બ્રહ્માના પણ દ્વાપરમાં માણસોને અને જગતને કામના વધે છે અને ક્રોધ વધે છે. તેને બ્રહ્માનો દ્વાપર કહ્યો છે. તેમ મનુષ્ય પ્રાણીને વૃદ્ધાવસ્થા થાય છે ત્યારે અનેક પ્રકારના ઓળા, કલ્પનાઓ અને કામના, દ્રોષ અને દ્વેશ અને રોગ અને મૃત્યુનો ભય રહે છે. તેમ માણસની વૃદ્ધાવસ્થાને કલીયુગ કહ્યો છે. તેમ સંધ્યાકાળથી મધ્યરાત કાળ સુધી છ કલાક આકાશ તત્વ રહે છે તે આકાશ તત્વ સર્વે માંગલીક કામમાં હાનીકર્તા છે. તે સંધ્યાકાળથી મધ્યરાત કાળ સુધી દિવસનો કલીયુગ કહેવાય છે. તે વખતમાં જે અજ્ઞાની અને ભુંડું કરવું અને પ્રાણીને ઘણો ભય તથા જોખમ રહે છે. તેમ વર્ષના પણ આસો માસમાં રાત અને દિવસ બરાબર થઈ રહે છે. અને આસોથી રાત્રી વધવા માડે છે અને દિવસ ઘટવા માડે છે. પોષ મહીનો આવે છે ત્યારે દીવસ થોડો થાય છે અને રાત મોટી થાય છે. તેમાં હેમંત ઋતુ સર્વે પ્રાણીના શરીરને ટાઢી અગ્નિ કુબડા કરી દે છે તે પોષ સુધી વર્ષનો કલીયુગ કહેવાય છે. તેમ બ્રહ્માના કલીયુગમાં માણસને કામ, ક્રોધ, શોક અને ભય, દ્વેષ, ઈર્ષા, દ્રોષ, સ્વાર્થ અને તૃષ્ણા અને અજ્ઞાન, અધીરતા, ચંચળ, આતુર, હરખ અને શોક, લાભ અને હાની, અર્થ, અને અનર્થ સત્યતા અને ધીરજ થોડી આ બ્રહ્માના કલીયુગમાં થાય છે. જેમ નક્ષત્રના એક એકના ચાર ભાગ કર્યા તેમ એ પણ મનુષ્યના દિવસના અને બ્રહ્માના યુગ ગણ્યા કાળ પ્રમાણે યુગ કહ્યો છે. જેમ મનુષ્ય વૃદ્ધ થાય ત્યારે તેને ખાધેલું થોડું પચે અને વધારે ખાય તો અજીર્ણ થાય તો

ખાધેલો પદાર્થ ગુણ ન કરે. વૃદ્ધાવસ્થામાં કામના વિષય થોડી રહે કેમકે તેમનું બ્રહ્મ પીંગળી જાય છે. અને વજન વગરનું થઈ જાય છે. ત્યારે કોઈ કાળે વિષમ કામના જાગે અને કોઈ કાળે વિષય કામના ન પણ જાગે અને પ્રજા પણ કોઈ કાળે ઉત્પન્ન થાય અને કોઈપણ કાળે ન પણ થાય કારણ કે બ્રહ્મમાં વજન ન રહેવાથી પ્રજાની ઉત્પત્તિ થવાનો સંભવ નથી રહેતો તેમ આકાશમાં પણ કલીકાળમાં બાંધેલો ગર્ભ કોઈ વખત રહે કોઈ દીવસ ખરી જાય અને વૃષ્ટિ પણ કોઈ વખતે થાય અને કોઈ વખતે ઋતુ વિનાની પણ થાય તેમ વૃદ્ધ સ્ત્રી પણ કોઈ વખતે ઋતુવંતી થાય તો પણ વિષય કામના તેનામાં કોઈ વખતે રહે છે અથવા નથી પણ રહેતી. તેમ પૃથ્વી પણ કલીકાળમાં ચાર ચાર મહીનાની ઋતુ ભોગવતાં તેના કોઈ ઋતુના ગર્ભ રહે અથવા ન પણ રહે અને ઉનાળાના ચાર મહિના ગરમી રૂપી ઋતુમાં આવે અને થોડી ઘણી વૃષ્ટિ થાય તો કોઈ વખતે ફૂલ ફલને પદાર્થ નીપજે પણ અને ન પણ નીપજે તેમ કલીયુગમાં સૂર્ય, ચંદ્રમાં, તારા, નક્ષત્ર, દીન, દીશા એ સર્વેમાં ધોળો પ્રકાશ અથવા નિર્મળો પ્રકાશ અથવા ગોરો પ્રકાશ અથવા સોના જેવો પ્રકાશ રહે તો પૃથ્વી માથે સારૂં પણ આજ કલીયુગમાં દીનદીશામાં તારા નક્ષત્રમાં સૂર્ય, ચંદ્રમાં કોઈ દીવસ અગ્નિના જેવો પ્રકાશ કોઈ દિવસ કૃષ્ણાવર્ણો પ્રકાશ કોઈ દિવસ ભગવો પ્રકાશ કોઈ દિવસ કાળો પ્રકાશ કોઈ દિવસ લીલો પ્રકાશ, કોઈ દિવસ ધુમાડા જેવો પ્રકાશ એવા પ્રકાશ થયા કરે છે. અને એવા પ્રકાશ દીન, દિશા, તારા, નક્ષત્રમાં, સૂર્ય, ચંદ્રમામાં આવા પ્રકાશ હોય તો જગત ભાગ્યહીણ અને દુઃખી થાય છે. તેમ આજ કલીમાં સદાય કલીના વર્તમાનમાં સદા ઉલટા પ્રકાશ થયા કરે છે. તેથી જગત ભાગ્યહીણ અને દુઃખી થાય છે. તેમ યોગીને પણ દશમેદ્વાર અનહદ વાજાં તથા છત્રીશ રાગણીઓ રાગી રહે છે. અને ધોળો પ્રકાશ નિર્મળો પ્રકાશ ગોરો પ્રકાશ અને ચુના જેવો પ્રકાશ દશમેદ્વાર જોવાથી યોગી સુખ ભોગવે છે અને પોતાનું અને જગતનું તથા પૃથ્વીનું ભલુ કરી શકે છે અને યોગીને નાભીથી દશ નાડીઓ દશમેદ્વાર ઉપર ગઈ તેમાંથી એક એક નાડીમાંથી પાંચ પાંચ રેખાઓ ફુટે છે. તેવી દશ નાડીઓની પચાશ રેખા દશમેદ્વાર થાય છે. અને યોગીને સુષુમણા નાડીથી સૂર્ય, ચંદ્રમાં, મંગલ, બુધ, બ્રહસ્પતિ, શુક્ર, શનિ અને રાહુ અને કેતુ આ દશમેદ્વાર સમાધિમાં સુષુમણા નાડીમાંથી નવ ગ્રહ પ્રકાશે છે અને બાકીની નવ

નાડીમાંથી નવ લાખ તારા બિંદુ ઉપર પ્રકાશે છે. જેમ પુરૂષાતન કરીને દીવો કરીએ તે પ્રકાશરૂપી દીવાનો પાવર આખા ઘરમાં ફેલાય છે. તેમ યોગીને પણ એ દશામાં વિષયરૂપી પાવર લીલા પ્રકાશી રહે છે તેમાં પણ અગ્નિવર્ણો, કૃષ્ણવર્ણો, ભગવો કે કાળો, લીલો કે ધૂળ જેવો કે ધુમાડા જેવો રાખોડા જેવો એવા પ્રકાશ દેખે તો પોતાના પ્રકાશથી જગતનું ભલું ભૂંડું દેખે છે અને આટલી સમાધિ ચઢાવતાં પણ આટલી આનંદ લહેર લીલા, વસ્તી, વાજાં ન દેખે તો યોગી પોતાનું અને જગતનું અનહદ અનર્થ દેખે છે અને પચાસ બુદ્ધિ અને પચાસ મતિ યોગીને સ્ફુરે છે. તે જાગૃત સમાધીમાં રહે છે પણ લય સમાધિમાં બધી ઈંદ્રિયોના વિષય જોવામાં શાંત થાય છે. તેથી અનુભવ થોડો રહે છે.

જેમ એક નક્ષત્રના ચાર પાયા કર્યા તેમ મનુષ્યને પણ રાત અને દિવસના બ્રહ્માના ચાર ચાર યુગ કર્યા છે. તેમ વનસ્પતિ અને પશુ, પક્ષી, એ બીજકમાં અને ગર્ભવાસમાં સત્યયુગ કહ્યો છે. ગર્ભવાસમાંથી જન્મ્યા પછી ત્રેતાયુગ કહ્યો છે અને વનસ્પતિ ફુલે ફલે અને પશુ, પક્ષી પણ ફૂલ ફલે ત્યારે તેને દ્વાપર કહ્યો છે. અને જયારે વનસ્પતિ તથા પશુ, પક્ષી જયારે ફલી ફુલી ન શકે અને તેને જયારે વિનાશ થાવાનો વખત આવે તથા ઘડપણમાં નાશ થવાનો થાય તેને કલીયુગ કહ્યો છે.

★★★

# પંડવરમંડની શોધનું દષ્ટાંત

પૂર્વ દીશાની વચ્ચે તથા અગ્નિ ખુણાની વચ્ચે ત્રણ ત્રણ તારાનાં એક એક ખંડ એવા બાર તારાના ચાર ખંડ આ પુર્વ દીશા વચ્ચે તથા અગ્નિ ખુણાની વચ્ચે જુદે જુદે ભાગે ચાર ઠેકાણે વર્ણવેલા છે. તે પૂર્વ દીશારૂપી અને અગ્નિ ખુણના પુત્રો કહેવાય છે. અને અગ્નિ ખુણ તથા દક્ષિણ દીશાની વચ્ચમાં ત્રણ ત્રણ તારાના ચાર ખંડ તે પૂર્વ દીશાની તથા અગ્નિ ખુણની દીકરીઓ કહી છે. અને દક્ષિણ દીશા અને નૈઋત્ય ખુણની વચ્ચે ત્રણ ત્રણ તારાના જુદા જુદા ચાર ખંડ તે દક્ષિણ દીશાના તથા નૈઋત્ય ખુણના દીકરા કહ્યા છે. અને નૈઋત્ય ખુણની વચમાં તથા પશ્ચિમ દીશાની વચમાં ત્રણ ત્રણ તારાના ચાર ખંડ જુદે જુદે ભાગે છે. તેને દક્ષિણ દીશાની તથા નૈઋત્ય ખુણની દીકરીઓ કલ્પેલી છે. પશ્ચિમ દીશા તથા વાયવ્ય ખુણા વચ્ચે ત્રણ ત્રણ તારાના ચાર ખંડ જુદે જુદે ભાગે છે તેને પશ્ચિમ દીશા તથા વાયવ્ય ખુણા ખૂણના દીકરા કહેલા છે અને વાયવ્ય ખૂણા વચ્ચે તથા ઉત્તર દીશા વચ્ચે ત્રણ ત્રણ તારાના ચાર ખંડ જુદે જુદે ભાગે છે તેને પશ્ચિમ દીશાની તથા વાયવ્ય ખુણાની દીકરીઓ કહી છે. ઉત્તર દીશાની તથા ઈશાન ખુણાની વચ્ચે ત્રણ ત્રણ તારાના ચાર ખંડ જુદે જુદે ભાગે છે તેને ઉત્તર દીશા તથા ઈશાન ખુણાના દીકરા કહ્યા છે. ઈશાન ખુણો તથા પૂર્વ દીશાની વચ્ચે ત્રણ ત્રણ તારાના ચાર ખંડ જુદે જુદે ભાગે છે તેને ઉત્તર દીશાની તથા ઈશાન ખુણાની દીકરીઓ કલ્પેલ છે.

દીશાઓની દીકરીઓ તથા દીકરાઓ થઈ બત્રીશ ખંડ થાય છે. અને તેંત્રીશમાં પૃથ્વીની શકિત લઈને એક એક ખંડના એક એક કરોડ એટલે તેત્રીશ ખંડના તેત્રીશ કરોડ આકાશમાં તારા નક્ષત્રોને ગણ્યા છે તેને જગત તેત્રીશ કરોડ દેવતા કહે છે. તે સર્વેમાં શુભ વર્તમાન થાય છે. તે દેવતાઓએ રાક્ષસોને જીત્યા કહેવાય છે. અને સર્વેમાં અશુભ વર્તમાન થાય છે. તે અશુભ રૂપી રાક્ષસોએ દેવતાને જીત્યા કહેવાય છે. આમ સર્વે સૃષ્ટિમાં શુભ અને અશુભ, લાભ અને હાની અને જરણ (જન્મ) અને મરણ રહ્યું છે. કોઈપણ જગ્યાએ નિર્ભય પદ છે જ નહી. આમ પુરૂષોએ જગતને મિથ્યા માનીને દુનિયાનો ત્યાગ કર્યો છે અને અજ્ઞાની પુરૂષો અર્થ અનર્થમાં વૃથા તપી મરે છે. આવી રીતે આ વર્ષના

ચોવીસ પખવાડીયાને ચોવીસ અવતાર કહ્યા છે. તેમ મનુષ્ય પ્રાણીની ડાબી જમણી નાશિકામાંથી રાત દિવસમાં ચોવીસ વાર પ્રાણની ગતી અદલ બદલ થાય છે. એટલે ચોવીસ અવતાર કહ્યા છે. અને દશ ઈંદ્રિયો અને પાંચ તત્વ તથા પાંચ ઈંદ્રિયો શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ તે પાંચ મળીને તથા ઈંદ્રિયો તથા તત્વ મળીને વીશ તથા બુદ્ધિ, મન, ચિત, અને અહંકાર આ ચાર મળીને તથા અગાઉ વર્ણવેલા વીશ તત્વ મળીને ચોવીશ તત્વ મનુષ્યના શરીરમાં ઉત્પન્ન થાય છે. તેને પણ ચોવીસ અવતાર કહેવાય છે. તેને ચોવીસ અવતરા કલ્પ્યા છે. દશ ઈંદ્રિયોના દેવતા અને દશ ઈંદ્રિયો એટલે વીશ તથા પાંચ તત્વ એટલે પચીસ તથા શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ એટલે ત્રીશ અને જ્ઞાનમાં મન, બુદ્ધિ અને ચીત એ ત્રણ મળીને તેત્રીશ થયા. આ તેત્રીશ તત્વ તેવી જે રીતે આકાશમાં એક એક તત્વના એક એક કરોડ તારા નક્ષત્ર આકાશમાં છે. તે તેત્રીશ કરોડ થાય છે એટલે તે તેત્રીશ કરોડ દેવતા કલ્પેલા છે.

★★★

## સાતે વારનું શુભાશુભ ફળ

આ સાતે વારમાં જે શુભ અને અશુભ ગુણ રહ્યા છે તો જે વારવાળું વરસ બેસે તેવા વરસભર તે વર્ષનો રાજા વર્ષભર રહે છે અને તેનાં શુભ અશુભ જગતને ભોગવવા પડે છે. અને જે જે વારનો માસ બેસે છે તે માસનો તે વાર રાજા થાય છે. અને તે વારના ગુણ તે માસમાં રહે છે અને તેનું જે કાંઈ શુભ અશુભ થાય છે તેનું પરિણામ પ્રાણીને ભોગવવું પડે છે. તેમ વાર, તીથી, નક્ષત્ર અને રાશીઓ જે શુભાશુભમાં બેસે છે તેવું પૃથ્વી (જગત)માં શુભાશુભ કરાવે છે અને તેવું જગતને ભોગવવું પડે છે. રવિ, શનિ કે મંગલવારો જો કાર્તિક માસ બેસે કે કાર્તિક માસની અમાસ તેજ વારવાળી હોય તો જગતમાં ઉપદ્રવ, ચિંતા કંઈક વૃષ્ટિ ઓછી થાય છે અને રાજ્યમાં નિતિ ધર્મ થોડો રહે છે. તેમ ચૈત્ર પણ શનિ, રવિ, કે મંગલવારનો બેસે તો તથા ચૈત્ર માસની અમાસ તે વારવાળી હોય તો જગતમાં શુભાશુભ થાય છે. સોમ, બુધ, બ્રહસ્પતિ, શુક્ર એ વારવાળાં વર્ષ બેઠાં હોય તો સારૂં ફળ આપે છે. અને જગત સુખી અને રાજ્યમાં નિતિ ધર્મ સારા રહે છે.

***

## બારે સંક્રાંતિઓ બેસવાનું દ્દષ્ટાંત

સર્વે સંક્રાંતિઓથી મકરસંક્રાંતિ મોટી છે. મકર સંક્રાંતિ સોમવારે બેસે તો સવાઈ, બુધવારી, ગુરૂવારી, શુક્રવારી બેસે તો લાભકારી છે. પણ શનિ, રવિ કે મંગલવારી બેસે તો કાંઈક પણ ભાવ ફેર થાય છે. આ સર્વે વારમાં જેવા ગુણ લખ્યા છે તે સોમવારથી લઈને કેતુ સુધી એક બીજાથી ઉતરતાં ફળ છે. સર્વે સંક્રાંતિઓ જે વારવાળી બેસે છે અને સર્વે વરસ જે વારવાળા બેસે છે અને સર્વ માંગલીક કામ પોતાના વાર તત્વ હોય તેના પ્રમાણે લાભ મેળવે છે.

***

# સંક્રાંતિઓના ફળોનું દૃષ્ટાંત

૧. મેષ રાશીનો સુર્ય હોય અને તુલા રાશીનો ચંદ્ર હોય તો થોડી વૃષ્ટિ થાય અને બધી જાતનું અનાજ મોંઘું વેચાય.

૨. વૃષભ રાશીનો સુર્ય હોય અને વૃશ્ચિક રાશીનો ચંદ્ર હોય તો સઘળા ધાન્યનો સંગ્રહ કરી બે માસ સુધી વેચવાથી બમણો લાભ થાય અને ત્રીજા માસમાં વેંચવાથી ખોટ જાય.

૩. મિથુન રાશીનો સુર્ય હોય અને ધન રાશીનો ચંદ્ર હોય તો સઘળા અનાજનો સંગ્રહ કરી એક માસ સુધી તે વેંચવાથી બમણો લાભ થાય અને તે ધાન્ય બીજા માસમાં વેંચવાથી ખોટ આવે.

૪. કર્ક રાશીનો સુર્ય હોય અને મકર રાશીનો ચંદ્ર હોય તો સઘળા અનાજનો સંગ્રહ કરી છ માસ સુધી તે વેંચવાથી બમણો લાભ થાય અને સાતમાં માસે વેંચે તો ખોટ આવે.

૫. સિંહ રાશીનો સુર્ય હોય અને કુંભ રાશીનો ચંદ્ર હોય તો અનાજનો સંગ્રહ કરી પાંચ માસ સુધી તે વેંચવાથી બમણો લાભ થાય અને તે ધાન્ય છઠ્ઠા માસમાં વેંચવાથી ખોટ આવે.

૬. કન્યા રાશીનો સુર્ય હોય અને મીન રાશીનો ચંદ્ર હોય તો સઘળું અનાજ સંગ્રહ કરી ચાર માસ સુધી તે વેંચવાથી બમણો લાભ થાય અને પાંચમા માસમાં વેંચે તો ખોટ આવે.

૭. તુલા રાશીનો સુર્ય હોય અને મેષ રાશીનો ચંદ્ર હોય તો અનાજ સંગ્રહ કરી ત્રણ માસ સુધી તે વેંચવાથી ત્રણ ગણો લાભ થાય છે.

૮. વૃશ્ચિક રાશીનો સુર્ય હોય અને વૃષભ રાશીનો ચંદ્ર હોય તો અનાજ સંગ્રહ કરી બીજા માસમાં વેંચવાથી બમણો લાભ થાય છે.

૯. ધન રાશીનો સુર્ય હોય અને મિથુન રાશીનો ચંદ્ર હોય તો અનાજ સંગ્રહ કરી એક માસ સુધી વેંચવાથી બમણો લાભ થાય અને બીજા માસમાં વેંચવાથી ખોટ આવે.

૧૦. મકર રાશીનો સુર્ય હોય અને કર્ક રાશીનો ચંદ્ર હોય તો સંગ્રહ કરેલું અનાજ છ માસ સુધી તે વેંચવાથી બમણો લાભ થાય છે અને તે પછીના સાતમાં માસમાં વેંચવાથી ખોટ આવે.

૧૧. કુંભ રાશીનો સુર્ય હોય અને સિંહ રાશીનો ચંદ્ર હોય તો સંગ્રહ કરેલું અનાજ પાંચ માસ સુધી તે વેંચવાથી બમણો લાભ થાય છે.

૧૨. મીન રાશીનો સુર્ય હોય અને કન્યા રાશીનો ચંદ્ર હોય તો સંગ્રહ કરેલું અનાજ ચાર માસ સુધી તે વેંચવાથી લાભ થાય અને તે પછી વેંચે તો ખોટ આવે.

આ પ્રમાણે જગત બ્રહ્માંડમાં સદાય લાભ અને હાની રહેલાં છે. વર્ણાશ્રમના ધર્મ અને નિતીધર્મ અને સત્યને આધારે જગત બ્રહ્માંડમાં પદાર્થ પાણી રહ્યાં છે અને પદાર્થ પાણીના આધારે જગત બ્રહ્માંડ સુખ સંપતમાં રહેવાનો સંભવ છે પણ જગત બ્રહ્માંડમાં અનિતિ, અન્યાય અને દુક્ત કર્મ થવાથી પાપનો ગર્ભ બંધાય છે. અને આકાશનાં તત્વ અને દીન, દીશા, તારા, નક્ષત્ર અને ઋતુઓમાં સર્વેમાં વીકાર થાય છે. અને એ વિકાર અને પાપ પૃથ્વી ઉપર ફેલાય છે. અને તે જગત પ્રાણીને ભોગવવાં પડે છે અને જગત તથા પ્રાણી ભાગ્યહીણ તથા દુઃખી થાય છે. જેમ સુર્યનારાયણ પોતાના તપોબળથી સર્વ પદાર્થોને સુકવીને પોતે સર્વે શકિતનો ભક્ષ કરે છે અને તેમાં વિષય પ્રકાશ સુર્યનો જગતને તપાવે છે. તેમ જગતના અને સર્વ પ્રાણીનાં કરેલાં પાપ જમીન આકાશમાં સર્વેને વિકાર થઈને પાછાં જગતમાં ફેલાય છે. અને સર્વે જગત પ્રાણીને એ પાપ પાછાં તપાવે છે. જેમ ભીની જગ્યામાં પૃથ્વી માથે ઉગેલી વનસ્પતિ અમીનું શોષણ કરીને અને ફલી ફૂલીને પૃથ્વી માથે ફળ તથા છાયા આપે છે અને તે જગત પ્રાણી ભોગવે છે તેમ જગત પ્રાણીએ કરેલાં દુક્ત કર્મ તેનું પાપનું મંડળ બંધાય છે. અને સર્વે જમીન આકાશમાં વિકાર થાય છે. અને તે વિકારનું પાપ પાછું પૃથ્વી માથે ફેલાય છે. એટલે તે પાપ જગત પ્રાણીને ભોગવવું પડે છે. જેમ વનસ્પતિમાં વાયુનું તોફાન લાગવાથી વાંસ ઘસાય છે. અને તે વાંસના ઘસાવાથી તેમાંથી અગ્નિ ઉત્પન્ન થઈને દાહ લાગે છે. અને તે વાંસને તથા વનસ્પતિને બાળે છે. અને તેમાં લીલાં સુકા સર્વે બળીને ભસ્મ થઈ જાય છે. તેમ જગત પ્રાણી દુક્ત કર્મ કરવાથી જમીન આકાશના સર્વ પદાર્થમાં વિકાર આવે છે. અને તે વિકાર પૃથ્વી માથે

ફેલાય છે ને તે પાપ જગત પ્રાણીને ભોગવવા પડે છે તેથી જગત ભાગ્યહીણ અને દુઃખી થાય છે વનસ્પતીમાં લાગેલો દાહ જો બુઝાવા જાય તો અથવા વૃષ્ટિ થાય તો એ દાહ શાંત થઈ જાય છે. તેમ જગત પ્રાણી નિતિ ધર્મ અને સત્ય વર્તન રાખે તો પૃથ્વી માથે અને જમીન આકાશમાં વિકાર તથા પાપ એ શાંત થાય છે. તેથી જગત સુખી થાય છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર, અસુર જાતી, નીચ જાતી, ધર્મભ્રષ્ટ, નીતિહિણ કે કર્મહીણ કે દુક્ત કર્મ કરે કે નીચ જાતી, ઉચ્ચ જાતીને પીડે તો તેથી પાપનું મંડળ બંધાય છે. તેથી તેમાં પ્રાતઃકાળથી મધ્યાન કાળ સુધી છ કલાક વાયુ તત્વનું વર્તમાન છે (રહે છે) અને તેનાં સાત નક્ષત્ર ભોગવે છે. તે તેના નક્ષત્રમાં હોય અને જગતનાં ભૂંડાં કર્તવ્ય અને કર્મ થાય તો તેમાં વિકાર આવી જાય છે. તેથી તેના છ કલાક ચાલવાના વર્તમાનથી વધુઘટુ થઈ જાય છે અને તેથી સૂર્ય, ચંદ્ર, દી, દીશા, રાશી, ગ્રહ, નક્ષત્ર, અને ઋતુમાં વિકાર આવે છે. તેથી પૃથ્વી માથે ભુમિકંપ, ઉલ્કા, ઉત્પાત, દિગ્ઘા, અને વરીઆન થાય છે. અને તે વિકાર પાછાં પૃથ્વી માથે ફેલાય છે અને જગતને તથા પ્રાણીને ભોગવવાં પડે છે તેથી ભાગ્યહિણ તથા દુઃખી થાય.છે.

હવે મધ્યાન કાળથી સાયંકાળ સુધી છ કલાક અગ્નિ તત્વનું વર્તમાન રહે છે. તે છ કલાક ભોગવે છે. તો તે વખતે કરેલા પાપથી એ તત્વમાં વીકાર આવે છે. તે તેની છ કલાકના વર્તમાનની વધુઘટુ થઈ જાય છે. તેથી દી, દીશા, તારા, નક્ષત્ર, અને ઋતુઓમાં સર્વમાં વિકાર આવે છે. અને તે વીકાર પાછા પૃથ્વી માથે ફેલાય છે. તેથી તે જગત પ્રાણીને ભોગવવા પડે છે તેથી જગત પ્રાણી ભાગ્યહીણ તથા દુઃખી થાય છે.

હવે સાયંકાળથી મધ્યરાત કાળ સુધી આકાશ તત્વનું વર્તમાન રહે છે. તે વર્તમાન છ કલાક ભોગવે છે. તેમાં જગત પ્રાણીના દુક્ત કર્મ કે પાપ કરેલાં હોય તો એ તત્વમાં વિકાર આવે છે. તે (છ) કલાકથી ચાલવામાં ઓછો અદકો થઈ જાય છે. તેથી એ દીન, દીશ, તારા, નક્ષત્ર અને ઋતુઓમાં વિકાર આવી જાય છે. તેથી તેના વર્તમાનથી સર્વેમાં ફેરફાર થઈ જાય છે. તે તેના વિકાર પૃથ્વી માથે ફેલાઈ જાય છે. તે જગત પ્રાણીને ભોગવવાં પડે છે. મધ્યરાત કાળથી પ્રાતઃકાળ સુધી જલતત્વ છ કલાક ભોગવે છે. આ ચારે તત્વ સાત સાત નક્ષત્ર ભોગવે છે. જલ તત્વ તેના નક્ષત્રમાં હોય અને જગતમાં દુક્ત કર્મ કે પાપ થયેલાં હોય તો

તેમાં વિકાર આવી જાય છે. અને તે છ કલાકથી ઓછા અદકા થઈ જાય છે. તેથી દી, દીશા, તારા, નક્ષત્ર અને ઋતુમાં વિકાર આવી જાય છે. તે તેના વર્તમાનથી ઉલટાં થાય છે. અને તે વિકાર પૃથ્વી માથે ફેલાય છે અને તે જગત પ્રાણીને ભોગવવાં પડે છે. તેથી જગત ભાગ્યહીણ તથા દુ:ખી થાય છે અને જલતત્વ પાછો પૃથ્વી તત્વમાં જઈને મળે છે તેમ મનુષ્ય પ્રાણીને પણ પોતાના શરીરમાં પાંચ તત્વ, પચીસ પ્રકૃતિઓ, અગિયાર ઈંદ્રિયોના વિષય, પાંચ નાગવાયુ, પાંચ પ્રાણવાયુ, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, ભૂખ, તરસ, ટાઢ, તડકો, દુ:ખ, સુખ, હરખ, શોક, લાભ, હાની, કાળ, ક્રોધ, મોહ, મદ, આશા, તીરશા, ઈર્ષા અન્કે પદાર્થ ભોગવવાની ઈચ્છા, અને અનેક ઈંદ્રિયોના વિષય અને વિકાર અનેક પ્રકારના ભય તથા જોખમ આ સર્વે સૌ સૌના વર્તમાનથી પ્રાણીને વધે તો દુ:ખી અને ભાગ્યહીણ કરે છે અને મૃત્યુ પણ કરે છે તેને માટે પ્રાણીને તત્વજ્ઞાન જાણવું અને તેને માટે પુરૂષાતન લઈને શુભ જ ચલાવવું તે તત્વથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ થાય છે. અને સર્વ વિકારને જીતીને નિર્વિકારી બ્રહ્માકાર વૃત્તિ કરવી તેજ ભજન છે. બાકીબીજા બધા ફજીતફારકા છે કેમકે બીજા કર્તવ્યથી કે ઓળા આશરાથી કોઈની ભૂખ ગઈ કે કોઈ અમર રહ્યું નથી. આથી સર્વે વિકાર જીતીને બ્રહ્માકાર વૃત્તિમાં જે પુરૂષો રહ્યા તે પોતાની ભુખ, તૃષાને મારીને પોતાની ઈચ્છામાં આવે ત્યાં સુધી તે વૃત્તિમાં રહે અને મરજી થાય ત્યારે છુટી શકે છે અને જીવન રાખવું હોય ત્યાં સુધી તે તેમાં સુખ ભોગવે છે.

★★★

# વર્ષની છ ઋતુઓ તથા પંડવરમંડ સાથે સંબંધ

વર્ષમાં છ ઋતુઓ છે તેનાં નામ વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ, હેમંત અને શિશિર છે.

(૧) વસંત ઋતુ :

ફાગણ તથા ચૈત્ર માસમાં આવે છે. તેનો સ્વામી શુક્ર છે, આ ઋતુમાં વૃક્ષો તથા વનસ્પતિનાં પાંદડાં ખરી પડે છે. નવાં પાદડાં આવે છે અને વનસ્પતિ ફલે ફૂલે તથા સુગંધીદાર થાય છે. વાવ, તળાવના પાણી નિર્મળા રહે છે. જગતને ઉત્પતિમાં આ ઋતુ સારી ગણાય છે. પણ તેથી ઉલ્ટી સ્થિતિ હોય તો તે હાનીકર્તા છે. તે ઋતુમાં દીન, દીશા, તારા, નક્ષત્ર, સૂર્ય અને ચંદ્રમાં ચીત્રામણી જેવો પ્રકાશ હોય તો જગતને લાભકારી છે પણ તેથી ઉલટો અગ્નિ જેવો કૃષ્ણવર્ણો, ભગવો, કાળો, લીલો, ધુળ જેવો કે ધુમાડા જેવો દીન, દીશામાં તારા નક્ષત્રમાં સૂર્ય ચંદ્રમાં એવા પ્રકાશ દેખાય તો જગત ભાગ્યહીણ તથા દુ:ખી થાય છે.

હવે મનુષ્ય પ્રાણીનો વિચાર કરીએ તો જેમ મનુષ્ય પ્રાણી બે ઘડી ધ્યાન ભજન કરે અને ભ્રકુટીમાં ધોળો, નિર્મળો, ગોરો કે સુવર્ણ જેવો પ્રકાશ અંતરદષ્ટિમાં આવે તો સારો અને બીજા ઉલટા પ્રકાશ જોવામાં આવે તો દુ:ખ તથા હાની થાય છે. પણ જો મનુષ્ય લાંબો સમય ધ્યાનસ્થ રહે તો ઉલટા પ્રકાશનો નાશ થાય છે અને સારો પ્રકાશ જોવામાં આવે છે. જેમ દીવો કરવાથી અંધારાનો નાશ થાય છે. તેમ ધ્યાનવૃત્તિથી શુભ તત્વનો પ્રકાશ થાય છે અને તે શુભ પ્રકાશથી પાપવૃત્તિ દૂર થાવા લાગે છે.

(૨) ગ્રીષ્મ ઋતુ :

વૈશાખ તથા જેઠ માસમાં આવે છે. તેના સ્વામી રવિ તથા મંગલ બે છે, તે ઋતુઓમાં દીન, દીશા, તારા, નક્ષત્ર, સૂર્ય અને ચંદ્રમાં નિર્મળો પ્રકાશ હોય તો સારો અને મનુષ્યને ટાઢું પાણી તથા ટાઢો વાયુ સારો લાગે છે તથા શરીરમાં પરસેવો થાય છે. આ પ્રમાણે સ્થિતિ હોય તો જગત ભાગ્યવાન અને સુખી થાય છે પણ તેથી ઉલટો અગ્નિ જેવે કે કૃષ્ણવર્ણો, ભગવો, કાળો, લીલો, ધુળ જેવો કે ધુમાડા જેવો દીન, દીશામાં, તારા, નક્ષત્રમાં, સુર્ય, ચંદ્રમાં એવો ઉલટો પ્રકાશ રહે તો જગત ભાગ્યહીણ તથા દુ:ખી જણાય છે.

## (૩) વર્ષાઋતુ :

વર્ષાઋતુ અષાઢ તથા શ્રાવણ માસમાં આવે છે. તે ઋતુનો સ્વામી સોમવાર છે. આ ઋતુમાં વરસાદ ઘમઘોર રહે છે. અને લોકો ખેતી કરે છે. આ ઋતુમાં દીન, દીશા, તારા, નક્ષત્ર, સૂર્ય અને ચંદ્રમાં તેલની ધારા જેવો પ્રકાશ રહે તો જગત ભાગ્યવાન અને સુખી રહે છે અને ઉલટી સ્થિતિ હોય તો જગત ભાગ્યહીણ અને દુઃખી થાય છે. અગ્નિ જેવો, કૃષ્ણવર્ણો, ભગવો, કાળો, લીલો , ધુડ જેવો કે ધુમાડા જેવો પ્રકાશ રહે તો જગત ભાગ્યહીણ તથા દુઃખી રહે છે.

## (૪) શરદ ઋતુ :

ભાદરવા તથા આસો માસમાં આવે છે. તેનો સ્વામી બુધવાર છે. તે ઋતુમાં ખાધેલું થોડું પચે, પાચન શકિત મંદ રહે અને રોગનો ઉપદ્રવ રહે, વળી પરસેવો શરીર પર થાય અને જગતમાં આળસ વધે. આ ઋતુમાં દીન, દીશા, તારા, નક્ષત્ર, સૂર્ય અને ચંદ્રમાં દુધના જેવો પ્રકાશ રહે તો મનુષ્ય ભાગ્યવાન તથા સુખી રહે, પણ તેથી ઉલ્ટી સ્થિતિ હોય તો જગત ભાગ્યહીણ તથા દુઃખી થાય છે. અને અગ્નિ જેવો, કૃષ્ણવર્ણો, ભગવો, કાળો, લીલો, ધુળ જેવો કે ધુમાડા જેવો; પ્રકાશ રહે તો જગત ભાગ્યહીણ તથા દુઃખી થાય છે.

## (૫) હેમંત ઋતુ :

કારતક તથા માગશરમાં આવે છે. તેનો સ્વામી ગુરૂવાર છે. તે ઋતુમાં થોડી થોડી શરદી રહે. માણસના ખાધેલા પદાર્થ પાચન થાય. નવા નવા પદાર્થો જુદા જુદા દેશમાંથી આવે. આ ઋતુમાં દીન, દીશા, તારા, નક્ષત્ર, સૂર્ય અને ચંદ્રમાં જો જળ જેવો પ્રકાશ હોય તો જગત ભાગ્યવાન તથા સુખી રહે છે પણ જો અગ્નિ જેવો, કૃષ્ણવર્ણો, ભગવો, કાળો, લીલો, ધુળ જેવો કે ધુમાડા જેવો પ્રકાશ રહે તો જગત ભાગ્યહીણ તથા દુઃખી થાય છે.

## (૬) શિશિર ઋતુ :

શિશિર ઋતુ પોષ તથા મહા માસમાં આવે છે. તેનો સ્વામી શનિવાર છે. તે

ઋતુમાં શરદી, હીમ અને ઠંડી મનુષ્ય પ્રાણીને લાગે, ખાધેલુ પચી જાય, ક્ષુધા વધુ લાગે અને મનુષ્ય નિરોગી થાય અને ઊનનાં કપડાં તથા રૂનાં કપડાં સારાં લાગે (પહેરવાં સારાં લાગે) આ ઋતુમાં દીન, દીશા, તારા, નક્ષત્ર, સૂર્ય અને ચંદ્રમાં જો નીલમણીના જેવો પ્રકાશ હોય તો જગત ભાગ્યવાન તથા સુખી રહે છે પણ એથી ઉલટો પ્રકાશ હોય તો જેવો કે અગ્નિ જેવો, કૃષ્ણવર્ણો, ભગવો, કાળો, લીલો, ધુળ જેવો કે ધુમાડા જેવો પ્રકાશ રહે તો જગત ભાગ્યહીણ તથા દુઃખી થાય છે. તેમ મનુષ્ય પ્રાણીને પણ પાંચ તત્વ, પચીસ પ્રકૃતિઓ, અગિયાર ઈંદ્રિયોના વિષય, પાંચ પ્રાણ વાયુ, પાંચ નાગ વાયુ, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ, મન, બુદ્ધિ, ચિત અને અહંકાર, ભુખ, તરસ, ટાઢ, તડકો, દુઃખ, સુખ, હરખ, શોક, લાભ, હાની, કાળ, ક્રોધ, મોહ, મદ, આશા, તીર્ષા, અને ઈર્ષા, મરવું, અને બીવું, અનેક પદાર્થ ભોગવવાની ઈચ્છા, અનેક ઈંદ્રિયોના વિષય, વિકાર, ભય અને જોખમ, આ બધા વર્તમાન નીમેલા રાખે તો સારૂં એનું નામ તપ આ બધા વિષય વિકારોને જીતીને પોતાના કાબુમાં રાખવા તેને તપ કહે છે. મનુષ્યોએ તે વિકારોના દાસ બનીને ન રહેવું જોઈએ પણ તે વિકારોને પોતાના દાસ બનાવવા જોઈએ અને સર્વેને જીતીને દશમે દ્વાર પ્રકાશરૂપ અને સર્વે શુભ ગુણ રાખે તો તેનું નામ ભજન અને તેથી ઉલટા ચાલે તો પ્રાણી ભાગ્યહીણ અને દુઃખી તથા મૃત્યુ પામે છે.

★★★

# દિગ્ધાનું ફળ

જો દિગ્ધા કાળો, પીળો, હોય તો અનાજની હાની કરે છે અને લાલ કે પીળો હોય તો દેવતાને દુઃખ થાય છે. અને તે લીલો, પીળો હોય તો ચાર પગાં...જાનવરોને... ગાયો વગેરેને દુઃખ થાય છે. ભડકલાં જેવો દિગ્ધા હોય તો બ્રાહ્મણોને દુઃખ થાય છે. અને ધુમાડા જેવો તથા મેલો હોય તો વૃષ્ટિ ઘણી થોડી થાય છે. જો દિગ્ધાનો રંગ લાલ હોય તો ક્ષત્રિયોને દુઃખ પેદા કરે છે. આ દિગ્ધા જે દિશામાં જાય છે તેની સામી દીશામા જાય છે. તે દેશકાળમાં ભલું બુરૂં કરાવે છે. જો દિગ્ધાનો પ્રકાશ અગ્નિ જેવો હોય તો ક્ષત્રિયનું ભલું બુરૂં થાય છે. અને ભડકલાં જેવો પ્રકાશ હોય તો બ્રાહ્મણોનું ભલું બુરૂં થાય છે. જો કૃષ્ણવર્ણો પ્રકાશ હોય તો વૈશ્યનું ભલું બુરૂં થાય છે. અને ભગવો પ્રકાશ હોય તો શુદ્રનું ભલું બુરૂં થાય છે. જો લીલો  પ્રકાશ હોય તો નીચ જાતિનું ભલું બુરૂં થાય છે. અને જો કાળો પ્રકાશ હોય તો અસુર જાતીનું ભલું બુરૂં થાય છે અને ધૂળ જેવો કે ધુમાડા જેવો પ્રકાશ હોય તો જગતમાં તથા જમીન આકાશમાં બધે ભલુ બુરૂં થાય છે.

પૂર્વ દીશામાં દિગ્ધા હોય તો ઈંદ્રનો કરેલો જાણવો, અગ્નિ ખુણાનો દિગ્ધા હોય તો અગ્નિદેવે કરેલો જાણવો, દક્ષિણ દીશામાં દિગ્ધા હોય તો જમે કરેલો જાણવો, નૈઋત્ય ખુણાનો દિગ્ધા હોય તો તે ખુણાના અધિપતિ દેવે કરેલો જાણવો, પશ્ચિમ દીશામાં દિગ્ધા હોય તો વરૂણદેવે કરેલો જાણવો, વાયવ્ય ખુણામાં દિગ્ધા હોય તો વાસુદેવે કરેલો જાણવો, ઉત્તર દીશામાં દિગ્ધા હોય તો બ્રહ્માએ કરેલો જાણવો, ઈશાન ખુણામાં દિગ્ધા હોય તો શીવનો કરેલો જાણવો.

પૂર્વ દીશામાં હોય તો ક્ષત્રિયને દુઃખ દે છે. અગ્નિ ખુણામાં દિગ્ધા હોય તો કારીગર તથા બાળકોને દુઃખ થાય છે, દક્ષિણ દીશામાં હોય તો વ્યભિચારી તથા વેશ્યાઓને દુઃખ થાય છે, નૈઋત્ય ખુણામાં દિગ્ધા હોય તો કુંવારી કન્યા તથા કવીને દુઃખી થાય છે, પશ્ચિમ દીશામાં દિગ્ધા હોય તો શુદ્રો તથા ખેડૂતોને દુઃખ થાય છે, વાયવ્ય ખુણામાં દિગ્ધા હોય તો ઘોડાઓને તથા સિપાઈઓને દુઃખ થાય છે, ઉત્તર દીશામાં દિગ્ધા હોય તો વેપારીઓને તથા કુટીલ લોકોને તથા વેદ વિરૂધ્ધ ચાલવાવાળાને દુઃખો થાય છે.

પડવાને દિવસ દિગ્ધા હોય તો ક્ષત્રિયને દુઃખ થાય છે. બીજને દિવસ દિગ્ધા હોય તો બ્રાહ્મણોને દુઃખ થાય છે. ત્રીજને દિવસ દિગ્ધા હોય તો વૈશ્યને દુઃખ થાય છે. ચોથને દિવસ દિગ્ધા હોય તો શુદ્રને દુઃખ થાય છે. પાંચમને દિવસ દિગ્ધા હોય તો અસુર જાતીને દુઃખ થાય છે. છઠને દિવસ દિગ્ધા હોય તો નીચ જાતીને દુઃખ થાય છે. સાતમ કે આઠમે દિગ્ધા હોય તો કોઈ રાજકુંવરને દુઃખ થાય છે. નોમ કે દશમને દિવસે દિગ્ધા હોય તો કોઈ શહેર ઉપર કોપ કે યુદ્ધ જાગે છે. અગિયારશ તથા બારસના દિવસે દિગ્ધા હોય તો રાજ્યના મંત્રીઓમાં તથા દિવાનોમાં ત્રાસ પડે છે. તેરસને દિવસે દિગ્ધા હોય તો રાજ્યના ખજાનાને હાની પહોંચે છે. ચૌદશને દિવસે દિગ્ધા હોય તો કોઈ પટરાણીને દુઃખ થાય છે અને પુનમ કે અમાસને દિવસે દિગ્ધા હોય તો કોઈ ચક્રવર્તી રાજાને માથે દુઃખ આવી પડે છે.

જ્યારે મનુષ્યોમાંથી નિતિધર્મ છુટતો જાય છે, અને કર્મ, પાપ દોષ, વધતા જાય છે ત્યારે કળીયુગ આવે છે. જેમ દીપકનું સાધન ચાલ્યું જતાં અંધકાર ફેલાઈ જાય છે. તેમ જગતમાંથી નિતિ, ધર્મ, અને સત્યતા ચાલ્યાં જાય છે ત્યારે અજ્ઞાનરૂપી અંધકાર ફેલાતો જાય છે. જગતના તમામ જીવોને ભુખ તથા કામનાની લાગણી રહી છે. તેની પાછળ જીવો ભટકયા કરે છે, અને કોઈપણ રીતે શાંતી તથા સંતોષ મળતાં નથી તેમ કોઈ જન્મ પણ સુધારી શકતું નથી. ઝાંઝવાનાં જળ પાછળ જેમ મૃગ વૃથા ભટકી મરે છે તેમ મધ્ય દરિયામાં ડુબેલો પુરૂષ કાઠે પુગવા સારૂં વૃથા વાવલાં વાય છે તેમ આ ખોટી માયાના અનુભવ વગર જગત વૈદિક બોધીકોએ ખોટાં જલવેલામાં વૃથા જન્મારો ગુમાવી સાચા ખોટાનાં અનુભવ વગરની ભટકી મરે છે.

★★★

# વરસાદના ગર્ભના લક્ષણનું દૃષ્ટાંત

આકાશની વૃષ્ટિના ગર્ભ, વાયુ, વાદળ, વીજ, વરસંત (વરસવું) ગાજ, કડાકા, શરદી, હિમ, તિથી, વાર, નક્ષત્ર એકબીજામાં શુભાશુભ બેસવાથી ગર્ભમાં લાભ અને હાની અને ઋતુઓ શુભ અશુભ ફલવાથી ગર્ભમાં લાભ અને હાની અને ચૈત્ર મહિનાનાં દનીઆં અને અષાઢ સુદ પાંચમની વીજ આ સર્વે જયોતિષમાં લખ્યા પ્રમાણે શુભ હોય તો પૃથ્વીના ગર્ભ સારા કહેવાય છે. અને જયોતિષથી ઉલટા હોય અથવા ગર્ભ ઝરી જાય તો વૃષ્ટિ થોડી થાય છે. આ ગર્ભ વરસાદના અને વરસના વિદ્વાનો જુએ છે તેથી સારૂં નરસું થાવું કહી શકે છે.

આસો માસના ત્રણ દિવસથી (આસો વદ- ૧૩-૧૪-૦) અમાસ વરસાદના ગર્ભ બંધાય છે. તો વૈશાખ માસમાં વરસાદ થાય. કાર્તિક સુદ ૧૨ને દીવસે ગર્ભ બંધાય અને પીંગળે નહિ અને આબાદી રહે તો સાડાસાત મહિને જેઠ વદ અમાસ ઉપર વૃષ્ટિ થાય. માગશર માસની દશમને દીવસે ગર્ભ બંધાય તો સાડા સાત મહીને અષાઢ માસમાં વૃષ્ટિ થાય. પોષ માસની પાંચમને દીવસ ગર્ભ બંધાય તો સાડા સાત માસે શ્રાવણ માસમાં વૃષ્ટિ થાય. મહા માસની સાતમને દીવસ વરસાદનો ગર્ભ બંધાય તો ભાદરવા માસમાં વૃષ્ટિ થાય. ફાગણ માસમાં ગર્ભ બંધાય તો આસો માસમાં વૃષ્ટિ થાય અને હોળી પછી વરસાદનો ગર્ભ બંધાય તો લાભકારી નથી અને હોળી પછી તે આસો માસ સુધી વરસાદ થઈ જાય તો ગર્ભ ઝરી ગયેલાં કહેવાય છે. તેથી ગુણ વૃષ્ટિ થોડી રહે છે. જે જે દેશકાળમાં જયારે ચોમાસું થાતું હોય તે તે દેશકાળના ચોમાસાના માસ પ્રમાણે સમજવું.

આ દેશકાળમાં જયાં જયાં વરસાદની ઋતુ હોય ત્યાં સર્વે આ પ્રમાણે ગર્ભ જાણવો. કેમકે દેશકાળમાં આગળ પાછળ ચોમાસું થાય છે. કોઈ દેશમાં શિયાળો હોય ત્યારે બીજા દેશમાં ચોમાસું હોય છે અને જે દેશમાં ઉનાળો હોય તે વખતે ચોમાસું થાય છે. આ સર્વે દશ જાતના વરસાદના ગર્ભ બાંધેલા. તે ગર્ભને પણ પીંગળાવી નાંખવાના બીજા ઘણાં વિઘ્નો છે. તે કોઈ પણ ગર્ભને ઉલટું વિઘ્ન આવે નહીં તો પુરણ વૃષ્ટિ થાય તે ગર્ભ બંધાય તેથી સાડા સાત માસે વરસાદ થવો સંભવીત છે.

# વાયુની પરિક્ષાથી આવતા વર્ષના ગુણોનું દ્રષ્ટાંત

વૈશાખ સુદ ૧-૨-૩ (એકમ, બીજ, ત્રીજ) સુધી પ્રાતઃકાળે વાયુ અવનીશ પશ્ચિમ દીશાથી પૂર્વ દીશામાં વાય તો જગતમાં વરસાદ અને પદાર્થ પાણીથી જગત ભાગ્યવાન અને સુખી રહેવા સંભવ છે. એ વાયુમાં વધારે ગુણ છે. તે સમયે ઉત્તર દીશાથી દક્ષિણ દીશા તરફ વાયુ અવનીશ વાય તો ભરપુર ચોમાસું વધારે થવા સંભવ છે. તેથી જગત ભાગ્યવાન અને સુખી રહેવા સંભવ છે. પણ પશ્ચિમ દીશાની વાયુ કરતાં પૂર્વથી ઓછા ગુણ છે. પૂર્વ દીશાથી પશ્ચિમ દીશા તરફ વાયુ અવનીશ વાય તો ઉત્તર દીશા કરતાં કાંઈક ઓછેરો ગુણ આપે છે. પણ જગતમાં કાંઈ ક્રૂર કર્તવ્ય થવાનો સંભવ રહે છે. કોઈ દેશમાં કરવડું કોઈ દેશમાં ભીનું અને જગત બ્રહ્માંડ વચ્ચે દ્વિધા થવા સંભવ રહે છે અને દક્ષિણ દીશામાંથી વાયુ ઉત્તર દીશામાં અવનીશ વાય તો વરસાદ પાણીથી કોઈ ઠેકાણે કલ્પાંત થાય છે. અને કોઈ ઠેકાણે ભીનું સુકું, અને જગતને ઘણો ઉપદ્રવ થાય છે. પુર્વ દીશાથી દક્ષિણ દીશામાં ઓછો ગુણ થાય છે. આ વૈશાખ સુદ ૧-૨-૩ સુધી પ્રાતઃકાળે જોવાનું છે અને રાત દીવસ એ પ્રમાણે અવનીશ વાયુ વાય તો લખ્યા પ્રમાણે જગતને ફળ આપે છે. પણ તેથી ઓછો વધારે કે અવળો સવળો પવન ચાલે તો ગુણ થોડો દે છે. ઈશાન ખુણામાં વાયુ અવનીશ નૈઋત્ય ખુણા તરફ વાય તો દક્ષિણ દીશા કરતાં વરસાદનો ગુણ ઓછેરો દે છે. પણ જગતમાં દયા ધર્મ અને હુલાસમાં જગત રહે છે. વર્ષ સાત આના થાય છે. વાયવ્ય ખુણા તરફ અવનીશ વાયુ વાય તો વાયરૂ કરી વરસાદ થાય છે. પણ કોઈ ઠેકાણે જગતને મરણ ઉપદ્રવ કોઈ ઠેકાણે રહે છે. આ ઈશાન ખુણા કરતાં વાયવ્ય ખુણામાં ઓછેરો ગુણ છે. નૈઋત્ય ખુણાની વાયું ઈશાન ખુણા તરફ અવનીશ વાય તો મેહ મોડું કરવડું થાય વાયવ્ય ખુણ કરતાં પણ નૈઋત્ય ખુણની વાયુમાં ગુણ ઓછો છે અને માણસને કોઈ ગ્રહનો ઉપદ્રવ અને ભય રહે છે વાયુ અવનીશ નૈઋત્યનો વાય તો વરસ કરવડું થાય છે અને જગતને ઉપદ્રવ અને ભય લાગે છે. અગ્નિ ખુણથી વાયવ્ય ખુણ તરફ અવનીશ વાયું વાય તો વરસાદમાં નૈઋત્ય ખુણ કરતાં ઓછો ગુણ છે પણ જગતમાં કાંઈ ચંચલ અને ઉષ્ણતાનો ઉપદ્રવ રહે છે. વાયુ ઘડી ઘડીમાં અદલ બદલ થાય તો કોઈ ઠેકાણે અગ્નિ ખુણાના ગુણ કરતાં પણ ઓછા ગુણીવાળો વરસાદ મેમઠો રહે

છે. જગતમાં ઉદાસીપણાનો ક્રૂર ક્રૂરતાનો ઉપદ્રવ થાય છે. અને ઉંચો આકાશમાં વાયુ અવનીશ ચાલે તો જગત પદાર્થ પાણી વિના ઘણી આતુર રહે છે અને વરસાદ મનનો માનેલો થાય નહી ઉંચેથી વાયુ નીચે ઉતરીને પુર્વ દીશામાં કે દક્ષિણ દીશા તરફ અવનીશ વાય તો થોડા વખતમાં વરસાદથી સારૂં થાય છે. અને વાયુ ખુબ જોરથી અવનીશ વાય તો કોઈ દેશમાં કલ્પાંત થાય છે અને વીંટોલીઓ વાયુ ઘુમરીઓ વાય તો દેશકાળમાં કોઈ ઠેકાણે કોપ અને ઉપદ્રવ થાય છે. પશ્ચિમના વાયુમાં પુરણ લાભ છે. ઉત્તરના વાયુમાં ઓછા ઓછા લાભ છે એમ સર્વે લખ્યા પ્રમાણે જેમાં શુભ ગુણ વધારે તેમાં અશુભ ગુણ ઓછા છે. હે ભાઈ આ પ્રમાણે ઉંચ અને નીચને વર્ણાશ્રમ અને નિતિ અનિતિ પ્રસિદ્ધ છે આ સર્વે વર્તમાન જે જે દીશામાં થાય છે તેનું ફળ સામી દીશામાં થાય છે.

★★★

# જગત બ્રહ્માંડ વિકારમય છે તેનું દૃષ્ટાંત

એયાર ભાર વનસ્પતિ થઈ છે તો એક જ રતિની પણ જુદા જુદા ગુણ, સ્વાદ, સુગંધી, મીઠાશ, જુદા જુદા અનેક પ્રકારમાં રહી છે તે સર્વે સર્વેના જે ગુણ છે. તે કોઈથી છુટતા નથી, તેમ મનુષ્ય પ્રાણીને પણ વિષય વિકારની ઉત્પત્તિ રૂંવાડે રૂંવાડે અનેક વિષય વિકાર રહ્યા છે. અનેક ગુણ થતા દોષ રહ્યા છે તો કોઈથી જીત્યા જાય તેમ નથી. તેમ સર્વે જગતની ઉત્પત્તિ વિષય વિકારની રચી છે, તેમાં અસંખ્ય ગુણ અને વિકાર રહ્યા છે તે કોઈ જાણી શકે કે કોઈથી જીત્યા જાય એમ નથી. કોઈને શાંતિરૂપી અમૃતનો ઘડો મળ્યો તો તેવા પુરૂષને પણ તૃષ્ણા અને કામના વિનાશ કરી દીએ છે. તેમ સર્વે જગત પ્રાણી રાજ લક્ષ્મી કે સંસાર ભોગ કોઈ ભોગવ્યેથી તૃપ્ત થાતું નથી. તૃષ્ણા કામનાને ભોગ અધિક અધિક વધતાં જાય છે અને સર્વે કર્તવ્યમાં લાભ અને હાની તો રહેજ છે તે સર્વ કામના અને લાભ હાનીમાં ભટકી ભટકીને જગત પ્રાણીનો વિનાશ થઈ જાય છે કોઈ જગતમાં શાંતિ ભોગવી શકે એમ નથી. જલના વિકારથી જલના કીડા ઉત્પન્ન થયા તો જલનો જ ભોગ કરે છે અને જલમાં જ વાસ કરીને રહ્યા છે અને જલમાં જ વિનાશ થાય છે. તેમ સર્વે જગત માયાનાં વિષય ભોગથી ઉત્પત્તિ અને માયાના ભોગના કીડા માયાના ભોગ ભોગવીને તેમાં જ વિનાશ થાય છે. જેમ દુર્ગંધીના કીડા દુર્ગંધીના વિકારથી ઉત્પન્ન થાય છે અને દુર્ગંધીના જ ભોકતા થાય છે અને દુર્ગંધીને જ ભોગવીને દુર્ગંધીમાં જ વિનાશ થાય છે. તેમ વાસના વિકારની માયામાં વાસના વિકારના કીડા તે વાસના વિકારમાં વિનાશ પામે છે. તેમ તેમ અનાજ પદાર્થના કીડા તેનાં વિકારથી કીડા (ધનેડા ઈયળો થઈને) તે જ પદાર્થનો ભક્ષ કરે છે અને તેમાં વાસ કરીને રહે છે અને તેમાં જ વિનાશ થાય છે તેમ સર્વે માયાના કીડા જગત વાસના વિકારથી ઉત્પત્તિ એ સંસારના ભોગમાં જ વિનાશ થાય છે તો મનુષ્ય પ્રાણીના ભાઠામાં કીડા થાય છે. તો તે જ ભાઠાને ફોલીને રહે છે. અને તેમાં જ નાશ પામે છે. પશુ, પક્ષી, મનુષ્ય પ્રાણીના પરસેવાથી જુ, માંકડ, મચ્છર, ચાંચળ તે પ્રાણીઓના પરસેવાના વિકારથી ઉત્પન્ન થાય છે. અને તે તેને પાછા ભક્ષ કરીને રહે છે. તેમ સર્વે જગત વિષય વિકારના ભોગમાં જ વિનાશ થાય છે. પૃથ્વી માથે એક કકીંડી ઉત્પન્ન થઈ તો કીડી, મકોડી અને ઈયળો અને પાંખુવાળો પોપડીઓ અનેકનો ભક્ષ કરીને

પોતાનો સ્વાર્થ અને પોતાનો નિર્વાહ માની બેઠી છે. પણ સર્વનો નાશ કર્યો પણ તેની માથે દયા આવતી નથી. તેમ તેને એમ પણ થાતું નથી કે મેં મારા ભક્ષ માટે આટલા જીવની હિંસા કરી એવી દયા આવતી નથી. તેમ સર્વે જગત પ્રાણી એક બીજાના સ્વાર્થ અને એક બીજાના ભોગ અને એક બીજાની કામના અને ભૂખ સામાને હણી-લડીને પોતાનો સ્વાર્થ સાધે છે પણ કોઈ જગત માથે કે પદાર્થ માથે દયા આણતા નથી કે હે ભાઈ એ પદાર્થને અને જગતને હણીને મારે મારા જીવનનું શું કરવું છે તેવો અચંબો કોઈને થાતો નથી. જગતના સર્વે પ્રાણી તથા પદાર્થ એકબીજાના શિકારી છે. હે ભાઈ જગત સર્વે ભગવાન રૂપ અને આત્મા રૂપ હોય તો સર્વે એક બીજાના હંતા ભોકતા છે. તો આત્મા કે ભગવાન રૂપ સર્વે જગત હોય તો આત્મા આત્માનો તથા ભગવાન ભગવાનનો હંતા ભોક્તા ન હોય સર્વે જગતની ઉત્પત્તિ એક બીજાનો કાળ છે. અને સર્વે જગતનાં પ્રાણીઓ એક બીજાને હણી હણીને પોતે હણાઈ જાય છે પણ અનુભવ કરતા નથી. આ જગતમાં રજભર પણ ક્યાંય સાર છે નહી સર્વે આસાર રૂપ છે. આકાશ પણ ઓગણપચાશ વાયુનો તથા બાર મહીનાની છ ઋતુનો ભક્ષ કરે છે. અને બારમે મેઘનું ત્યાં વિષય ઉત્પન્ન થાય છે. તો પૃથ્વીમાં પણ ભૂખ ને કામના હોય છે.

ઉનાળાના ચાર મહીના ગરમી ઋતુમાં આવીને આકાશનો વિષય જગાડે છે અને બાર મેઘનું બ્રદ લીએ છે. અને જગતમાં પદાર્થ તથા પાણી લીએ છે. અને જગતમાં પદાર્થ તથા પાણી થાય છે. તે સર્વે જગત ઉત્પત્તિમાં ભુખ અને કામના રહે છે તે એ પદાર્થ અને પાણીનો ભક્ષ કરીને પોતાની પ્રજાની ચેષ્ટા કરે છે તેમ સુર્યમાં પણ ભૂખ અને કામના રહે છે. પોતાના વિષયને અને ભુખથી સર્વે પદાર્થને તપાવીને સર્વેની શકિતનો ભક્ષ કરે છે અને જગતમાં પોતાનો વિષય પ્રકાશ ફેલાવે છે. તેમ તારા, નક્ષત્ર, સુર્ય, ચંદ્રમાં તે પણ ચંદ્રની તથા તિથીઓની કળાથી ચંદ્રને ઉછળાવીને તે ચંદ્રને તારા, નક્ષત્રો તેના અમીનો ભોગ કરે છે. પોતાના વિષય પ્રકાશથી જગતમાં પ્રકાશ ફેલાવે છે. સર્વે વનસ્પતિઓ પણ ભીની જગ્યાએથી ઉગીને પાણીનો તથા બીજકનો ભક્ષ કરે છે. અને પુષ્ટ થાય છે. અને ઋતુ ઝાડોને ફલાવે ફૂલાવે છે. અને ઝાડોની શકિતનો ભક્ષ કરે છે. આ પ્રમાણે ઉત્પત્તિ પંડવરમંડ સર્વેની વાસના વિકારથી ઉત્પત્તિ છે અને તેમાંથી અસંખ્ય વાસના

વિકાર સર્વે જગતને ઉપજાવે છે. અને ભુખ અને કામના સર્વેને ભટકાવે છે. સર્વે ઉત્પત્તિ જગત ! નો વિનાશ પણ કરે છે. હે ભાઈ જગતની અંદર કોઈપણ નિર્વિકારી પદાર્થ જગત કે જગતના કર્તા છે નહી જગતને જગતના કર્તા નિર્વિકારી હોય તો વિકાર વગર ઉત્પત્તિ થાવાનો સંભવ નથી. છતાં કોઈપણ ઉત્પત્તિ વિકારથી થાવાનો સંભવ છે. કોઈ કહે કે જગતને ભગવાન ઉત્પન્ન કરે છે. જો ભગવાન ઉત્પન્ન કરતા હોય તો નર અને નારીમાં બંન્નેમાં પ્રજા ઉત્પન્ન થવી જોઈએ. એ બંન્નેમાં પ્રજા ઉત્પન્ન થવી તે સંભવિત નથી. કોઈ કહે છે કે શરીર છુટે છે ત્યારે આત્મા નીકળીને બીજે ઠેકાણે જન્મે છે. તો પછી આત્મા હોય તો પછી ખોરીયું છોડીને શા માટે ચાલ્યો જાય અને શા માટે ખોરીયું છોડવું પડયું. આત્મા તો નિર્ભય છે તેને કોનો ભય હતો અને કદાચ આત્માએ આંહિથી છૂટીને નરમાં જન્મ કેમ ન લીધો અને તે અમુક વખતે આત્મા અહીંથી છુટીને અમુક વખતે બીજા ખોરીયામાં જન્મ લીધો એવું કોણે કહ્યું છે પણ વાસના વિકાર વિનાની પ્રજા ઉત્પન્ન થતી નથી તો સ્ત્રીને પુરૂષ સાથે વિષયભોગ ભોગવવાની શી જરૂર હતી. કદાચ પવન ગયો અને શરીર છુટી ગયું એમ કહો અને તે પવને બીજી જગ્યાએ જઈને જન્મ લીધો તો પવન તો નરનારીમાં બન્નેના રાત દિવસમાં એકવીસ હજાર ને છસો શ્વાસોશ્વાસ આવજાવ કરે છે, તો નરનારીમાં બંન્નેને એકવીસ હજાર છસો શ્વાસોશ્વાસ ચાલે છે તો તેટલી પ્રજા બંન્નેને ઉત્પન્ન થવી જોઈએ પણ તે થાવું સંભવિત નથી. કોઈ કહે કે મનુષ્ય પ્રાણીની માટી કોઈ નર નારી જાનવર ખાઈ ગયું ત્યાં તેની શકિત થઈને પ્રજા ઉત્પન્ન કરી તો તે માટી જાનવરે એકે જ ખાધી હોય તો રાત દિવસ તે જાનવર અનેકે પદાર્થો ખાય છે. તો જાનવરને અનેક પ્રજા ઉત્પન્ન થવી જોઈએ પણ તે સંભવિત નથી. તે માટી કીડી, મકોડી, પશુ, પક્ષી, નર અને નારી એ બંન્નેએ માટી ખાધી તો તે બંન્ને પ્રજા ઉત્પન્ન થવી જોઈએ પણ તેમ થવું સંભવીત નથી. કદાચ તે પવન આકાશમાં ગયો અને ત્યાં ગર્ભ બંધાણો અને પૃથ્વી માથે વૃષ્ટિ થઈ અને તેમાંથી પદાર્થ થયો તો પશુ પ્રાણીઓએ નરનારી ખાધા અને તેની શકિતથી પાછી પ્રજા ઉત્પન્ન થઈ એમ કહેતું હોય તો અમુક દિવસે ગર્ભ બંધાય છે. અને અમુક દિવસે વરસે છે, તો પ્રાણીને શ્વાસોશ્વાસ દરરોજ વૃષ્ટિ થવી જોઈએ અને તે પદાર્થ નર અને નારી બંને ખાય છે. તો નર નારીને બંન્નેને પ્રજા ઉત્પન્ન થવી જોઈએ, પણ તેમ બનવું

અસંભવિત છે. કોઈ પુરૂષો એમ કહે છે કે માવતરની વાસનાથી પ્રજા ઉત્પન્ન થઈ અને માવતરની મેળવેલી એટલે માબાપની વાસનાનો બીજો જન્મ થયો. ઈસ્ટોર દીકરે રૂપી ભોગવી એટલે આગલો જન્મ થયો, અને પ્રજાનો પહેલો જન્મ થયો, અને પ્રજાની વાસના ઉત્પન્ન થઈ એટલે તે પ્રજાનો બીજો જન્મ થયો તેને પુર્નજન્મ કહેવાય છે, એટલે આગલાં ભવિષ્ય એટલે મા બાપના તત્વ પ્રકૃતિઓ એના જાતી ધર્મ તેની સુબીઓ અને ખાધેલા પદાર્થના ગુણ અથવા રાશી, ગ્રહ, નક્ષત્ર, શુભ અશુભ દશા, અથવા શુભ અશુભ ચોઘડીઆં કે વેળા કવેળા આવા જે ગુણમાં શુભાશુભમાં ઉત્પત્તિ થાય તેવા તે ભોગવે છે. તેને આગલા ભવિષ્ય કહેવાય છે. પણ આગળ જન્મેલો હતો. અને તેણે પૂર્વ જન્મના કરેલાં કર્મ તે આ જન્મનાં ભોગવે છે. તેવું કાંઈ નથી. જો એમ સંભવ હોય તો જગત પુરૂષાતન છોડીને બેસી રહે તો તેનો કોઈનો આગલા જન્મના કર્મના ભવિષ્યથી નિર્વાહ ચાલતો હોય તો પણ તે અસંભવિત છે. માટે પુરૂષાતન વિના કોઈનો પણ નિર્વાહ ચાલતો નથી.

★★★

# વેદિક બોધિકોનું કહેવું સંભવતું નથી તેનું દષ્ટાંત

વેદિક બોધિક કહે છે કે ગર્ભવાસમાં જયારે હતા ત્યારે ઉંધે માથે મળ મુત્રમાં પરમાત્માની બંદગી કરતા હતા, અને કહેતા હતા કે મને બંધનમાંથી છોડે તો તારૂં અખિલ્ય ભજન કરીશ તેવી સ્તુતીથી ભગવાને જન્મ દીધો અને જન્મ્યા પછી ભુલી ગયો તો તે વેદિક બોધિકનું કહેવું સંભવતું નથી કેમ કે જન્મેલો ભુલી ગયો ત્યારે આ વેદમાં અને ઉપદેશમાં કહેવાવાળો કેવી રીતે કહી શકે છે, અને તે જાણવાવાળો કેવી રીતે જાણ્યું જાય છે. કેમ કે ગર્ભવાસમાં તો ગર્ભ મુર્છાવંત પડયો છે. તેને કોઈ ઈંદ્રિયોનું સુખ દુઃખનું જ્ઞાન રહેતું નથી. તેમ સર્વે ઈંદ્રિયો કંપથી ભરપૂર હોય છે. અને જેવા બોલવામાં શકિતવાન નથી. મનુષ્યના પેટમાં કરમીઆં (જીવડા) કે નાડીઓ કરૂરૂરૂ કરે છે તો તે સર્વે પ્રાણીઓ સાંભળે છે. તો ગર્ભવાસમાં ગર્ભ નવ માસ સુધી ભગવાનની સ્તુતિ કરી તે ગર્ભની માતાએ સાંભળ્યું નહી હોય કેમકે એમ જાણો કે તે સમયે ગર્ભની માતા સુઈ રહી હશે પણ નવ માસ સુધી સુઈ રહેવાનો સંભવ નથી કે તે સાંભળે નહી તેમ સ્તુતિ કરી ત્યારે જન્મ દીધો તો સર્વેના ગર્ભમાં સૌ સૌના ગર્ભ નીમેલા પ્રમાણે નવ માસે જ કેમ જન્મ દીધો. વહેલો કે મોડો કેમ ન દીધો, વાવમાં પડી ગયેલી જણશ પુરૂષે પાણીમાં પડીને ગાતી ત્યારે બહારના માણસને પાણીની અંદરથી કહેવાનો સંભવ નહોતો અને તે માણસ પાણીમાં હતો ત્યાં સુધી બહારના માણસ જણશ કોઈ જાણી શકતાં નહોતાં પણ પાણીમાંથી બહાર નીકળી બહારના માણસને કહેવાનો સંભવ છે તથા સુતેલા માણસને સ્વપ્ના વખતે તે બહારના માણસને કહી શકતો નથી તેમ બહારનું માણસ સ્વપ્નું જાણી શકતા નથી પણ જાગ્રત થઈને સ્વપ્નું કહેવાનો સંભવ છે તો ગર્ભવાસમાં જાણેલું જન્મ્યા પછી ન કહી શકે તે સંભવ નથી.

વેદિક બોધિક કહે છે કે જગતને પેદા કરનાર પરમાત્મા છે. સર્વેને પેદા કરનાર જયારે પરમાત્મા છે ત્યારે નરને નારીમાં બંન્નેમાં પ્રજા શા માટે ઉત્પન્ન કરતા નથી અને નારીમાં જ પ્રજા ઉત્પન્ન પરમાત્મા કરતા હોય તો નરનારીના સંબંધ વગર શા માટે પ્રજા ઉત્પન્ન થાતી નથી. કોઈ એમ કહે છે કે જગત ઉત્પત્તિ કરે છે તો વાંજીઆ શા માટે રહે છે. તો જન્મના શુભાશુભ ઉત્પત્તિ વખતે શુભાશુભ લગ્ન વખતે કે વ્યભિચારી કે કોઈની વજનહીણ બીજકથી પ્રજા થાતી નથી.

વેદિક બોધિક કહે છે કે પ્રાણીને અનાદીથી ભવિષ્ય પ્રાલબ્ધ સાથે જ છે તો સૂર્યનારાયણના સદાય મંડલમાં પ્રકાશ રહ્યો છે અને સૂર્યનારાયણ ઉદય થાતાં સાથે જ પ્રકાશ આવે છે અને સૂર્ય અસ્ત થાતાં પ્રકાશરૂપી પાવર સાથે જ જાય છે તો મનુષ્ય પ્રાણીના અનાદીથી ભવિષ્ય સાથે હોય તો જન્મ્યા પહેલાં સર્વે આંહીની ઈસ્ટોર અને પ્રજા સાથે જાવી જોઈએ અને મરે ત્યારે આંહીંની મેળવેલી ઈસ્ટોર અને પ્રજા સાથે જાવી જોઈએ પણ તેમ થવું સંભવિત નથી પણ જેવા વખતમાં રાશી, ગ્રહ, નક્ષત્રથી જેવામાં જન્મે છે. તેવી જ જન્મ, જન્મોત્રી અને નામ શુભાશુભ મૃત્યુકથી કહી શકાય છે પણ આગલા ભવનું કાંઈ સંભવતું નથી.

વેદિક બોધિક કહે છે કે ભવિષ્યમાં હશે તેમ અને કર્મમાં હશે તેમ થશે તો તેમ સંભવતું નથી, કેમકે સૂર્ય અસ્ત થાતાં અંધારાને આવવાનો સંભવ છે પણ ભવિષ્ય પ્રાલબ્ધ કે કર્મ કે દેવ કે ભગવાન કે પાપ પુણ્ય એ સર્વેને કેવાથી કે ભવિષ્ય દીવો બનવાનો સંભવ નથી અને સાધન અને પુરૂષાતનથી અને કર્તવ્યથી દીવો થાય છે અને સાધન પુરૂષાતન પુરતું રાખીએ ત્યાં સુધી દીવો રાખી શકાય છે. અને સાધન પુરૂષાતન લઈ દીવા આગળ પ્રકાશ કરી અંધારૂં દુર કરે છે. તેથી કોઈપણ જગત નિર્ભય નથી. સર્વેમાં લાભ હાની તો છેજ પણ સાધન અને પુરૂષાતન અને સત્તા સમૃતિ અને હિંમતથી જન્મારો ગુજારી શકાય છે.

વેદિક બોધિક કહે છે કે ફેર પુનર જન્મ જન્મ છે પણ પુનર જન્મ જન્મ સંભવતો નથી કેમકે માણસની શકિત તો ત્યાં દેહ છતાં હણાઈ ગઈ છે તો વાં (અમર લોકની માણસની કલ્પના કરેલી છે) ત્યાં પોંચવાની સ્મૃતી કેવી રીતે રહી તે સંભવીત નથી કેમકે જેમ દીવો બુઝાય છે (જાય છે) તેમ સર્વેના પ્રાણ મૃત્યુક સમયે બુઝાય છે. તે સિવાય બીજી કોઈ શ્રેષ્ટા રહેવાનો સંભવ નથી અને પ્રાણ જાતાં ફરીથી જન્મ થાતો હોય તો પ્રાણ તો એકવીસ હજારને છસો શ્વાસોશ્વાસ નરનારીના દરરોજ જાય છે તો નરનારીમાં એકવીસ હજારને છસો પ્રજા રોજ થાવી જોઈએ તો તે થાવાનો સંભવ નથી. કોઈ કહે કે શ્વાસા શકિત આકાશમાં જઈ ગર્ભ બંધાય અને વૃષ્ટિ થઈને પદાર્થ અને પાણીથી અને જગતની ખોરાકથી અને કામનાથી પ્રજા ઉત્પન્ન થાય છે. તે બીજો ભવ માનતા હોય તો તે પણ સંભવતું નતી

કેમકે પદાર્થ અને પાણી તો નર અને નારી રોજ ઘણા ખાય પીયે છે તો નર ને નારીમાં ઘણી પ્રજાની ઉત્પત્તિ થાવી જોઈએ પણ તેમ થાવું સંભવ છે કેમકે માવતરની વાસનાથી ગર્ભનો જન્મ પહેલો જન્મ ગણાય છે અને ગર્ભ જન્મી મોટો થઈ અને પોતાની વાસનાથી પ્રજા ઉત્પન્ન કરે છે તે પોતાની વાસનાનો બીજો જન્મ ગણાય છે તેમ સંભવ છે.

વેદિક બોધિક કહે છે કે પુણ્ય કરવાથી એકના સહસ્ત્ર થાય છે અને તરત દાન અને મહાપુણ્ય કહ્યું છે પણ તે સંભવતું નથી કેમક જગત પ્રાણી અનેક હુન્નર પુરૂષાતન કરી કમાઈ ખાય છે પણ કરેલું પુણ્ય જીવન પર્યંત એકના સહસ્ત્ર કે તરત દાન અને મહાપુણ્ય કોઈએ ભોગવ્યું એવો સંભવ નથી. કેમકે કોઈ દયા ધર્મથી જગત ગાંઠની પાયમાલ થાય છે પણ કેમકે ગાયનું માંસ કાગડા ઠોલી ખાય છે તેથી ગાયને પુનાઈ ભોગવવી જોવામાં આવતી છે. ઉલટું કષ્ટ થાય છે તેમ દયા ધર્મને નામે ધતંગીઓ અને પાખંડીઓએ પાપ પ્રસાર્યુ છે કારણ કે ખરો તો નિતી ધર્મ છે અને ધર્મથી સત્ય રહ્યું છે અને સત્યથી જગતમાં પદાર્થ પાણી અને સુખ સંપત રહી છે અને નીતિભ્રષ્ટ થાતાં ધર્મ અને સત્યનું પ્રમાણ જાય છે. અને પાપનું મંડળ બંધાય છે. અને તેથી અસુરનું પરીબળ વધે છે. અને જગત કાફરના ધંધા કરે છે. સુર્યનારાયણ અસ્ત થાતાં પ્રકાશનું પ્રમાણ ઘટે છે અને રાત તથા અંધારાનું પરીબળ (પ્રમાણ) વધે છે તેમ નિતિ ભ્રષ્ટ થાતાં દુષ્કાળ, કલીકાળ અને પ્રલયકાળ થાય છે અને પૃથ્વી માથે પદાર્થ પાણીને ગર્ભને ધાવણ મળશે નહી.

★★★

# પાણીઓના ઝરાઓના ગુણનું દ્દષ્ટાંત

આકાશમાંથી વૃષ્ટિમાં તો મધુર પાણી ચડે છે પણ હેઠાં જમીનના ગુણ લઈને અમૃત પાણીમાં પણ જુદા જુદા ગુણ થાય છે. અમૃત પાણી વરસે છે પણ જમીનના ગુણ લઈને તે પાણીમાં શુભાશુભ ગુણ થાય છે. જે કાળી જમીનમાં કુવો ખોદવાથી પાણી મીઠું નીકળે છે અને રાતી જમીનમાં કુવો ખોદવાથી પાણી ગંધારૂં નીકળે છે. દેડકાંનાં રંગ જેવી જમીનમાં કુવો ખોદવાથી પાણી સ્વાદ વગરનું નીકળે છે. કોબી જગ્યામાં કુવો ખોદવાથી પાણી ભાંભરૂં નીકળે છે. કપીલ જગ્યા ખારચમાં ખોદવાથી પાણી ખારૂં નીકળે છે. આકાશની વૃષ્ટિથી પાણી તો અમૃત મધુર વરસ્યું હતું, પણ જમીનમાં જુદા જુદા ગુણથી પાણીમાં ગુણ અવગુણ ઉપજયા છે તેમ જગત બ્રહ્માંડ સર્વે એક જ રતીનું ઉપજેલું પણ સર્વેમાં શુભ અશુભ ગુણ અવગુણ જુદા જુદા અનેક રહ્યા છે. આકાશનું વરસેલું પાણી પૃથ્વીના ગુણ લઈને જુદા જુદા ગુણવાળું થયું છે તે પાણી પાછું અમૃત મધુર કરવું તે સંભવીત નથી, તેમ જગત સર્વે વાસના વિકારની ઉત્પત્તિ છે તેમાં સર્વેમાં શુભ અશુભ ગુણ અનેક રહ્યા છે તેને સર્વેને આત્મા અને ભગવાન એક સ્વરૂપ થાવું સંભવીત નથી. જગત બ્રહ્માંડમાં પણ સર્વે આત્મા રૂપને ભગવાન માનો છો એ કયાંય સંભવતું નથી. કેમકે આત્મા અને ભગવાન તો અજન્મ્યા, અમર, અને નિર્વિકારી જોઈએ તો જગત બ્રહ્માંડમાં કોઈપણ જન્મ્યા વગરનું કે ઉત્પન્ન થયું તે નાશ વિનાનું છે નહી અને જે જગતે માંડયા છે અને જેને માન્યા છે તે સર્વેનો વૈભવ વસ્તીની ઈસ્ટોર વડીએ છે. કોઈએ અદરશ્ય આવીને વૈભવ ચલાવેલો એવા કોઈપણ દેવ કે ભગવાનમાં જોવામાં આવતો નથી કે કોઈનો ઓળે કોઈની ભુખ ગઈ કે કોઈ અમર રહ્યા એવો કોઈના પણ ઓળામાં મહાત્મ્ય પ્રમાણ કે બચાવ ઉપકાર જોવામાં આવતો નથી. તેમ વસ્તી વીના કે હુન્નર વિના કોઈની ભૂખ ગઈ અથવા વૈભવ ચાલતો નથી. હે ભાઈ પાતાળમાં પણ પૂર્વ પશ્ચિમના પાણીના ઝરા અથવા ઉત્તર દક્ષિણના પાણીના ઝરામાં શુભ ગુણ વધારે રહ્યો છે તેથી ઉત્તર દીશાના પાણીના ઝરા કરતાં પણ પશ્ચિમ દીશાના પાણીના ઝરામાં તેથી પણ થોડો ગુણ રહ્યો છે. અને પશ્ચિમ દિશાના ઝરા માં તેથી પણ ઓછેરો ગુણ છે. દક્ષિણ દીશાના પાણીના ઝરાથી પણ ઈશાન ખુણના પાણીના ઝરામાં એથી પણ ઓછો

ગુણ રહ્યો છે. ઈશાન ખુણના પાણીના ઝરાથી વાયવ્ય ખુણના ઝરાના પાણીનો ઓછો ગુણ રહ્યો છે. વાયવ્ય ખુણાના પાણીના ઝરાથી પણ નૈઋત્ય ખુણાના પાણીના ઝરામાં થોડો ગુણ રહ્યો છે. નૈઋત્ય ખુણના પાણીના ઝરા કરતાં પણ થોડો ગુણ રહ્યો છે. (અગ્નિ ખુણના પાણીના ઝરામાં થોડો ગુણ રહે છે) અગ્નિ ખુણના પાણીના ઝરા કરતાં પણ ઉલટા સુલટા પાણીના ઝરામાં થોડો ગુણ રહ્યો છે. જે દિશાઓના પાણીના ઝરાઓમાં વધારે શુભ ગુણ રહ્યા છે. તે દિશાઓના પાણીના ઝરામાં દુર્ગુણ ઓછા રહ્યા છે. અને જે દીશાઓના પાણીના ઝરાઓમાં શુભ ગુણ ઓછા છે તે દિશાઓના ઝરાઓના પાણીમાં દુર્ગુણ વધારે છે. તે શુભ ગુણવાળા પાણીના ઝરાઓમાં વાવડી, કુવા કરવામાં અને પાણી વાપરવામાં માણસોને લાભકારી ગુણવાળા છે અને જેમાં જે દીશાઓમાં ઝરાઓમાં દુર્ગુણ વધારે છે. તે ઝરાઓમાં વાવડી, કુવાઓના પાણી ગોળીને વાપરવામાં માણસોને લાભ થોડા હોય છે.

★★★

# વિભૂતિના મંત્રનું દૃષ્ટાંત તથા જગત મિથ્યાનું દૃષ્ટાંત

વિભૂતિના મંત્રમાં કહ્યું છે કે અગ્નિ મીતી ભસ્મ એટલે સૂર્ય બાર કળાનો તપે તો જગતને ભસ્મ કરી દીએ એટલી સૂર્યમાં સત્તા સમૃતિ છે છતાં પણ પ્રલયકાળ વખતે એવા સમર્થ સૂર્ય ભસ્મ રૂપ છે. વિભૂતિના મંત્રમાં કહ્યું છે તે અગ્નિ વાયુ મીતી ભસ્મ એટલ ઓગણપચાસ વાયુ વાય તો જગત બ્રહ્માંડને ફોલાવી દીએ છે એવા વાયુમાં સમૃતિ છે છતાં પણ પ્રલયકાળ વખતે એવો સમર્થ વાયુ પણ ભસ્મ થઈ જાવાનો છે. વિભૂતિના મંત્રમાં કહ્યું છે કે જલ મીતી ભસ્મ એટલે બાર મેઘ અંદર ધારા વરસે તો જગત બ્રહ્માંડને જળાબોર કરી દીએ એવી વરસાદની સત્તા સમૃતિ છે છતાં પણ પ્રલયકાળ વખતે એવા સત્તાવન બાર મેઘ પણ ભસ્મ થઈ જવાના છે. વિભૂતિના મંત્રમાં કહ્યું છે કે સ્થલ મીતી ભસ્મ એટલે અનાદીથી જગત બ્રહ્માંડ સ્થુલ અગાધ રચ્યું છે એટલું જગત રચેલું સત્તા સમૃતી છે છથાં પણ પ્રલયકાળ વખતે જગત બ્રહ્માંડ એવું સમૃત પણ ભસ્મરૂપ છે. વિભૂતિના મંત્રમાં કહ્યું છે કે વ્યોમ યોમ ભસ્માની એટલ જગતની ઉત્પત્તિ અને વિનાશનો પાર ન લઈ શકાય એવું અપાર લાભ અને હાની રહી છે એવું પણ પ્રલયકાળ વખતે એક દીવસ ભસ્મરૂપ છે. વિભૂતિના મંત્રમાં કહ્યું છે કે મન એતાની ચક્ષુસી ભસ્માની એટલે જગતે જેટલું મને માન્યું છે તે સર્વે પ્રલયકાળ વખતે ભસ્મરૂપ છે અને સર્વે જગત ચક્ષુથી જુએ છે તે પણ પ્રલયકાળ વખતે સર્વે ભસ્મ છે. વિભૂતિ બે હાથ વચારે રાખીને મિશ્રણ કરીને સૂર્ય સામા બે હાથ રાખીને વંદના કરે છે. તે પણ કહે છે કે પ્રલયકાળ વખતે સર્વે કર્મ કર્તવ્ય ભસ્મરૂપ છે. વિભૂતિ લઈ લલાટ, કંઠ હૃદયે, બાહ્યુએ નાભી, પડખાં, વાંસો, પછવાડાની કડ, ગોઠણ, માથેથી પગના અંગુઠા સુધી વિભૂતિ ચડાવતાં કહે છે કે આ પંડવરમંડ પ્રલયકાળ વખતે સર્વે પંડવરમંડ ભસ્મરૂપ છે.

★★★

# ધ્રુવના મકાન, મંદિર, ગામ બાંધવાનું ચોકમાં મકાનો બાંધવા બાબતની પાખંડી

ધનપતિ કે પૃથ્વીપતિને રાજ્યમહેલ અથવા ઘરભવન બાંધવા હોય ત્યારે તે રાજ્ય મહેલની દીવાલોના પાયા ઉત્તર દક્ષિણ અને પૂર્વ પશ્ચિમ સરખાં રાખવાં જોઈએ. તે આથમણી બાજુની દીવાલ દક્ષિણ બાજુની દીવાલના ખૂણે પાયા માથે ધ્રુવનો કાંટો મુકવો જોઈએ, ત્યાં જગ્યા ધ્રુવના કાંટા નીચે રેવલનાં ઉંચી નીચી ન રહે તેમ સરખી રાખવી જોઈએ. તે દીવાલની ઉત્તર બાજુના કોરની દીવાસ અને આથમણી બાજુની દીવાલ ઉત્તર બાજુને ખૂણે પાયા ઉપર ધ્રુવનો કાંટો રાખવો જોઈએ અને એટલો બીજો ભાગ ઉત્તર તરફ ત્યાં પણ એક રેલવમાં સરખી જગ્યા રાખીને ત્યાં એક ધ્રુવનો કાંટો રાખવો. તે ધ્રુવનો કાંટો ત્રણે ઠેકાણે મુકેલો બરોબર ધ્રુવ માતે એક તાલ રહે તેમ દોરીએ ભરી તે ઉત્તર તરફ ત્યાં પણ એક નિશાન રૂપી એંધાણ (નિશાન રાખવું, રાજય મહેલની ઉગમણી દીવાલે અને દક્ષિણ તરફની દીવાલને ખૂણે ધ્રુવ કાંટો રાખીને અને બીજી પણ આગળ પણ ઉત્તર તરફની જગ્યા માથે ધ્રુવનો કાંટો રાખી આ ત્રણે ધ્રુવના કાંટા ધ્રુવ સન્મુખ સરખો રાખી દોરીએથી અને તે ઠેકાણે પણ એંધાણ રૂપી નિશાન રાખી પાછો દક્ષિણ તરફ દીવાલના પાયામાં મધ્ય વચમાં ધ્રુવ કાંટો રાખવો અને ઉત્તરાદી બાજુ બે નિશાન રાખેલાની વચ્ચમાં ધ્રુવ કાંટો રાખવો. આ ત્રણે ધ્રુવ કાંટા ધ્રુવ માથે દોરીથી એક તાર કરવા આમ રાજય મહેલ બાંધતાં કોઈ બાજુ પણ ત્રાંસ ખૂણ પણ ન રહે અને ચારો ખૂણે ભરતાં પણ ચોક પણ ન રહે. તે ધ્રુવ સન્મુખ રહેવો જોઈએ. આ પ્રમાણે ધનપતી અને પૃથ્વીપતીએ રાજ્યમહેલ અને દેવ મંદીર, ગામ દરવાજા બાંધવા લાભકારી છે અને જે દેવળમાં દેવ બેસાડવાં હોય તે પણ મધ્ય ભાગમાં શિવની લીંગ અને મીંડું પણ મધ્ય ભાગમાં (વચ્ચમાં) રાખવું જોઈએ. એમાં શિવલીંગ કે મીંડું મધ્યભાગથી ડગ્યું રહે તો તે કરનાર મુખ્ય માણસને લાભકારી થાતું નથી. રાજ્યમહેલ અને મંદિર ગામ દરવાજાની ચારે દીવાલો ઉત્તર દક્ષિણ અને પૂર્વ પશ્ચિમ ચારે ભાગથી કંઈપણ ધ્રુવથી ચોકફેર હોય તો

તેમાં કરનાર માણસને અને રહેનાર માણસને લાભ થોડો મળે છે. ધનપતી અને પૃથ્વીપતી પોતાના ઘર, ભુવન, રાજય મહેલ સદાય પ્રકાશ રૂપ માંગલીક રાખવાથી તે રહેનારને વાંચ્છિત સુખ સદાય માંગલીક જ રહે છે પણ એ અમાંગલીક ઘર ભુવનમાં રહેવાવાળા પાછા લાભ કે સુખ ભોગવી શકતા નથી. પણ ધનપતિ કે પૃથ્વીપતિ ઘરભુવન કે રાજ્યમહેલ ઉજ્જડ મુકીને જવાથી અને તે ઉજ્જડ રહેવાથી રાક્ષસી વાયુ અને ભૂત વાયુ અને પ્રેત વાયુ અને તે દારીદ્રપણું તે ઉજ્જડ ઘરમાં થાય છે તેમ સદાય વિદેશ ફરે તો ઝાઝું વશિઆતીપણું થવાથી પણ ધનપતિ અને પૃથ્વીપતિ પણ સત્તા સ્મૃતિહીણ અને ભાગ્યહીણ અને દુઃખી થાય છે. તેમ નીચ જાતીની સેવા કરે કે નીચ જાતીને જ્ઞાનગુરૂ કરે કે ગુલામી કરે તો પણ ઉંચ જાતી, ધનપતી અને પૃથ્વી પતિની સ્મૃતિ અને સત્તા હીણ થઈ જાય છે. ધનપતી કે પૃથ્વીપતી કોઈ ઉંચ જાતી સમર્થના સંગથી અસમર્થ પણ સમર્થ થઈ શકે છે.

શુભ વર્તમાનથી પુરૂષની બુદ્ધિ અકલ, સત્તા, સ્મૃતિ બળવાન રહે છે. હે ભાઈ સર્વેમાં સત્તા સમર્થ છે. કોઈ કહે કે આગલા ભવનાં પાપ પુણ્ય કરેલાં બીજાં ભવમાં સાથે આવે છે તે સંભવતું નથી. કેમક સૂર્યનારાયણ ઉદય થાય છે ત્યારે પ્રકાશ સાથે આવે છે તે આપણે જાણીએ છીએ કે સૂર્યની સાથે પ્રકાશ આવવો જોઈએ તે સંભવિત છે. પણ મનુષ્ય પ્રાણીના આગલા ભવનાં પાપ પુણ્ય અને કુટુંબ પરીવાર અને માલ મિલ્કત કોઈની સાથે આવી નથી. જો આગલા બીજા ભવમાં સાથે આવતાં હોય તો સૂર્ય સાથે પ્રકાશ પણ આવે છે તેમ મનુષ્યને પણ જન્મ્યા પહેલાં પાપ પુણ્ય અને કુટુંબ પરીવાર અને ઈસ્ટોર સૂર્યના પ્રકાશની પેઠે આવવી જોઈએ પણ તે સંભવિત નથી કેમકે જન્મ્યા પછી માણસને કુટુંબ પરીવાર અને ઈસ્ટોર સાધન પુરૂષાતનથી મેળવેલું છે તે જન્મો જન્મ ભેળી જાતી હોય તો સૂર્ય અસ્ત થાતાં સૂર્યનો પ્રકાશ સાથે જ જાય છે. તેમ પણ માણસ પણ મરે ત્યારે કુટુંબ પરીવારને મેળવેલી ઈસ્ટોર સાથે જવી જોઈએ પણ તે કોઈની સાથે જન્મ કે મરણ વખતે આવી કે ગઈ નથી. અનુભવ કરો તો માવતરની વાસનાથી પ્રજા ઉત્પન્ન થઈ એટલે માવતરનો બીજો જન્મ સંભવે છે અને તે માવતરે મેળવેલી ઈસ્ટોર પોતાની વાસનાથી આ બીજો જન્મ દીકરો થઈને ભોગવે છે તે સંભવિત છે અને દીકરાને માવતરની વાસના વિકારથી ઉત્પત્તિ તે પહેલો જન્મ સંભવે છે. અને

પોતાની વાસનાથી પોતાની પ્રજા થઈ તે બીજો જન્મ સંભવે છે. આમ પુનર્જન્મ સંભવિત છે. અને પોતાની મેળવેલી ઈસ્ટોર વાસના વડીએ દીકરો થઈને ભોગવે છે. તે બીજો જન્મ ભોગવે છે. તે સંભવિત છે. કોઈ કહે કે અમારા દેવ, દૈવને કે ભવિષ્ય પ્રાલબ્ધ અને કર્મ બળવાન છે તે અમારા પુરૂષાતન વગર પણ અમે ભોગવીએ છીએ, તે કહેવું સંભવિત નથી કેમકે દેવ, દૈવને કે ભવિષ્ય પ્રાલબ્ધને કે કર્મને દીવો કરવાનું કહેશો તો પણ તેથી બની શકશે નહી. પ્રાલબ્ધી માણસને અમૃત ભોજન પીરસસો તો પણ તેના ભવિષ્યે પ્રાલબ્ધ ખવરાવી શકશે નહી જયારે હાથથી અને મુખથી પુરૂષાતન કરશે ત્યારે ત્યારે ભોજન થશે. હે ભાઈ દેવ, દૈવ અને ભવિષ્ય પ્રાલબ્ધ હશે તો પણ જગતને પુરૂષાતન કરવાની જરૂર છે. બ્રહ્માએ પણ પુરૂષાતન કરવાની જરૂર છે. બ્રહ્માએ પણ પુરૂષાતન કર્યુ તો સૃષ્ટિ (પૃથ્વી) રચી છે. બ્રહસ્પતીએ પણ પુરૂષાતન કર્યુ તો તેત્રીસ કરોડ દેવતાના અધિપતી ગુરુ થયા છે. ઈંદ્ર રાજાએ પુરૂષાતન કર્યુ ત્યારે ઈન્દ્રાસનના અધિપતિ થયા છે. સૂર્ય, ચંદ્રમાં પણ પુરૂષાતન કરે છે ત્યારે અંધારૂં અદશ્ય થાય છે. પુરૂષાતનથી દીવો કરશો તો ઘરનું અંધારૂં અદશ્ય થાય છે. પુરૂષાતનથી દીવો સાથે લઈને ચાલશો તો પણ અંધારૂં દુર થાતું આવશે. હે ભાઈ સત્તા હશે તો સમૃતિ ભોગવી શકશો પણ એદી, આળસુ, લબાડ થઈને દેવનો, દૈવનો અને ભવિષ્યનો ઓળો ઝાલીને બેસી રહેવાથી કોઈપણ ભવ ઉતર્યા નથી. તળસી, સન્યાસી સર્વે પુરૂષાતન કરીને ભવસાગર તર્યા છે. હે ભાઈ, સર્વે પ્રાણીને સત્તા, સ્મૃતિ, અકકલ, બુદ્ધિ અને સાર અનુસાર જાણવાની સત્તા, હિંમત, શ્રદ્ધા, પુરૂષાતન, ઈજજત, આબરૂ, અને સંપત એ સાચવવાની સત્તા હશે તે પુરૂષ જન્મારો સુધારી શકશે અને કાર્ય કરવાની સત્તા, શ્રદ્ધા, અને હિંમત, અને પુરૂષાતન અને નીતિ ધર્મ એ સર્વે એટલી સત્તા હશે તો ધનપતિ અને પૃથ્વીપતિ ભોગવી શકશે.

★★★

# સર્વે તત્વથી પંડવરમંડનું દ્દષ્ટાંત

તત્વથી બ્રહ્માંડ ઉત્પન્ન થાય છે અને તત્વમાં આ પંડવરમંડની સ્થિતિ સમાયેલી છે. અને તત્વમાં સમાય છે. તત્વથી જગત બ્રહ્માંડનો નિર્ણય છે, તત્વથી મૂળ સિદ્ધાંત નિશ્ચય કર્યુ છે એ તત્વનું સ્વરૂપ કહ્યું છે. આ તત્વના પ્રકાશ જાણવાનું જાણ આ સર્વે માયાનું પ્રપંચ તત્વ છે. તે તત્વથી આકાશ થયો છે અને આકાશ તત્વથી વાયુ તત્વ થયો છે, વાયુ તત્વથી અગ્નિ તત્વ થયો છે અને અગ્નિ તત્વથી જલ તત્વ થયો છે અને જલ તત્વથી પૃથ્વી તત્વ થયો છે. પાંચે તત્વના પ્રકાશનો વિસ્તાર પાંચે તત્વથી જગત બ્રહ્માંડની સ્થિતિ છે. અને તેજ તત્વમાં લય થાય છે અને તેજ તત્વમાં અઢી અઢી ઘડી ઉત્પન્ન થાય છે અને પાછો લય પણ થાય છે. જગત બ્રહ્માંડમાં દેહમાં પાંચ તત્વ અને પચીસ પ્રકૃતિઓ દેવરૂપે અઢી અઢી ઘડી આકાશ તત્વમાં સમાય છે. એ તત્વને ખરા યોગી લોકો જાણી શકે છે. શરીરની સ્થિતિ તત્વને જાણવાથી લાભ, હાની અને મૃત્યુ સુધી યોગી જાણી શકે છે. જે પુરૂષ ઓહં સોહં અવનીશ તેને જાણ્યા કરે છે, તે યોગી ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણે કાળને જાણી શકે છે. ગુપ્તમાં ગુપ્ત શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ તત્વજ્ઞાન છે. એ તત્વજ્ઞાન સર્વે જ્ઞાનથી સુક્ષ્મમાં સુક્ષ્મ જ્ઞાન છે. બોધ કરવાવાળું અને સત્ય અને અસત્યનો અનુભવ તત્વ કરાવે છે. જે એવા જ્ઞાનના નાસ્તિકને નવાઈ છે. આસ્તિક જનોને તો જગત બ્રહ્માંડનો આધાર રૂપ તત્વ છે. જે પુરૂષ શાંત સુપાત્ર એવા શિષ્યોને તત્વજ્ઞાન દેવાનું પાત્ર જાણવું, કામનાને અને મનના સ્વભાવને વશ થયેલા પુરૂષને તત્વજ્ઞાન દેવાનું પાત્ર છે. તત્વથી યોગી શરીરને ટકાવી રાખે છે અને તત્વથી સર્વજ્ઞ (ત્રિકાળદર્શી) થાય છે અને તત્વથી યોગી, ભૂત, ભવિષ્ય અને વર્તમાન જાણી શકે છે.

સર્વે વેદશાસ્ત્ર તત્વમાં છે. તત્વ એ શ્રેષ્ઠ વિદ્યા છે. ત્રિલોકી કે આત્મા કોઈ તત્વથી શ્રેષ્ઠ નથી. જે ધણી વિનાની વિધવા અને શાસ્ત્રહીણ પંડિત અને મસ્તક વિનાનું શરીર એ શોભતું નથી તેમ તત્વ વિનાના ચાર વેદ ભણેલો પંડિત પણ શોભતો નથી. નાડીઓના ભેદ, પ્રાણ તત્વના ભેદ, શરીરમાં ડાબી નાશિકા ઈંગલી, જમણી નાશિકા પીંગલા અને ભ્રકુટીમાં સુષુમણા એ ત્રણે નાડીઓના ભેદને જે મનુષ્ય પ્રાણી જાણે છે તેવા પુરૂષો પોતાના શુભ તત્વ ચલાવી વાંચ્છીત ફળ અને મોક્ષ પ્રાપ્ત કરે છે. જે યોગી પ્રાણ સહીત

દશમેદ્વાર પ્રાણનો નીરોધ કરી પ્રાણવાયુ પોતાને સ્વાધીન યોગી રાખે છે તે પુરૂષ ભૂત, ભવિષ્ય અને વર્તમાન ત્રિકાળદર્શી થાય છે. જગત બ્રહ્માંડ વચ્ચારે કોઈ જગત બ્રહ્માંડ સહિત યોગી ભૂત, ભવિષ્ય અને વર્તમાન શુભ અશુભ જાણી શકે છે. ઉત્પતિકર્તા અને સંહારકર્તા તત્વ છે. તત્વજ્ઞાન સિવાય શ્રેષ્ઠ જ્ઞાન જગત બ્રહ્માંડમાં છે નહી. તત્વજ્ઞાન સમ ન કોઈ ધન અને તત્વજ્ઞાન સમાન કોઈ જ્ઞાન નથી. તત્વનું બળ હોય તો કાળ જેવા શત્રુને પણ હણી નાંખે છે. અને તત્વનું બળ હોય તો તત્વવેત્તા પુરૂષ સર્વે જગતના મિત્ર થઈ રહે છે. તત્વનું બળ હોય તો તત્વવેત્તા પુરૂષો લક્ષ્મી સહીત પોતાનો સ્વાર્થ સાધી શકે છે. અને તત્વના બળથી યોગી કિર્તીવાન રહે છે. તત્વના બળથી કન્યા લગ્ન કરવાં હોય તો શુભ થાય છે. તત્વનું બળ હોય તો રાજેશ્વર સાથે મિત્રાઈ રહે છે. તત્વનું બળ હોય તો યોગી દેવતાની પદવી ભોગવે છે. તત્વના બળથી રાજા પણ એવા યોગીનું રક્ષણ કરે છે. તત્વના બળ શુભ ચાલતાં હોય તો દેશ વિદેશ જાય તો પણ નિર્ભયપદ ભોગવે છે.

તત્વના શુભ બળથી પુરૂષોને અમૃત ભોજનની પણ પ્રાપ્તિ થાય છે. તત્વ બળથી પેશાબ અને મળનો ત્યાગ કરે તો યોગી નિરોગી રહે છે. સર્વે શાસ્ત્ર પુરાણાદી સર્વે સ્મૃતિ અંગ સહીત વેદ એ સર્વે તત્વજ્ઞાનથી શ્રેષ્ઠ છે નહી. જે તત્વજ્ઞાનને જાણતો નથી તે યોગી પંડિત પુરાણાદી પણ અજ્ઞાની અને મુર્ખ જાણવો. સર્વે શાસ્ત્રોમાં તત્વજ્ઞાન ઉત્તમ છે. ઈંગલા નાડી દેહની ડાબી નાશિકામાં રહે છે. પીંગલા દેહની જમણી નાશિકામાં રહે છે અને સુષુમણા નાડી ઈંગલા, પીંગલાની મધ્યમાં રહે છે. ગાંધારી ડાબી આંખમાં રહે છે. હસ્તી જીવ્હા જમણી આંખમાં રહે છે. પુશા જમણા કાનમાં રહે છે અને અશ્વની ડાબા કાનમાં રહે છે. આ બાબત આગળ પાના ૧૪૬ થી ૧૫૪ સુધીમાં બ્રહ્માંડની ઉત્પત્તિમાં આવેલ છે.

વાસના વિકારના વિર્યથી અને પ્રાણવાયુની ચંચલ સ્મૃતિથી પંડવરમંડની સર્વેની ચેષ્ટા રહી છે, એવા તત્વવેત્તા અને બ્રહ્મ વેત્તા પુરૂષો આ સર્વે અસાર માયાનો ત્યાગ કરી મોહથી રહીત થઈ નિર્વાણ વૃત્તિથી યોગી ઈંગલા, પીંગલા અને સુષુમણા પ્રાણની ગતિ ત્રણ નાડીમાં આવજાવ કરતાં ભૂત, ભવિષ્ય અને વર્તમાન શુભાશુભ નિર્વાણ વૃત્તિવાળો યોગી જાણી શકે છે. ઈંડા નાડી ડાબી નાશિકામાં કહી છે. ઈંડા નાડીમાં ચંદ્રમાં રહે છે.

પીંગલા નાડી જમણી નાશિકામાં રહી છે. પીંગલાં નાડીમાં સૂર્ય રહે છે, સુષુમણા નાડી નાભીથી બરડા તરફ દશમે દ્વાર ભ્રગુટીમાં આપે છે. તેને સષુમણા કહે છે. જેમ પીપળાના પાનને વચલી દાંડીને ચાર બાજુ બીજા દાંડી જોડાણી છે તેમ સુષુમણા નાડીને સર્વે નાડીઓ રૂવાડાં સહીત જોડાણી છે. સુષુમણા નાડીમાં સાત પદમ છેદીને યોગી દશમે દ્વાર શુરતાથી રૂવાડાં સહીત ઈંડા, પીંગલાની પણ સ્મૃતિ સહીત દશમે દ્વાર સાતમાં પદમમાં નિરોધ કરે છે એટલે તત્વનું અને બ્રહ્મનું સાતમા પદમમાં  જેમ સૂર્ય પારસમણી કરે છે તેમ વિર્ય પ્રકાશરૂપ થઈને સૂર્ય ઉદય થાતાં પ્રકાશરૂપી સૂર્યનારાયણ જગત બ્રહ્માંડમાં ફેલાઈ અંધારૂં અદશ્ય કરે છે, તેમ તે દીશા પ્રાપ્ત કરેલી યોગીએ બુદ્ધિનો પ્રકાશ અજ્ઞાનરૂપી અંધારૂ અદશ્ય કરીને જગત બ્રહ્માંડ ઉત્પત્તિ અને સ્થિતિ અને પ્રલયકાળ ભૂત, ભવિષ્ય અને વર્તમાન વિરકતયોગી સમાધી મુકત થયેલા જાણી શકે છે. સૂર્યનારાયણ અંધારૂં અદશ્ય કરવામાં સમર્થ છે પણ સૂર્ય ચંદ્રમામાં કોઈ જાતની દ્વિગ્ધા કે ગ્રહણ આવતાં એટલી ઘડી સૂર્ય ચંદ્રની સ્મૃતિ હીણ કરે છે તેમ આ દીશાને પહોંચેલા પુરૂષ નિર્વાણ સમાધી મુકત થયેલા પુરૂષ હંસરૂપ, શિવરૂપ છે એવા પુરૂષ સૃષ્ટિ માત્રમાં યોજન પર્યંત જગ્યા પવિત્ર કરે છે તેવા યોગી રાજયવૈભવ સુખમાં કે ભોગવિલાસના સુખમાં કે મદારીઓના ખેલ કે કિમીયામાં કે રિદ્ધિ સિદ્ધિમાં કે સ્વાર્થમાં કોઈ યોગભ્રષ્ટ કે પદભ્રષ્ટ થાય તો તેવા યોગી પણ આ પૃથ્વી ઉપર જગતને ભારરૂપે પાપ થઈ પડે છે. કેમ કે સૂર્યનારાયણમાં અશુભ વર્તન થતાં અશુભ થાય છે. ધ્રુવ ડોલે તો પ્રલયકાળ થાય છે. સૂર્યનારાયણ અસ્ત થાય તો અંધકાર થાય છે. તેમ યોગી પણ પદભ્રષ્ટ થાય તો પૃથ્વી માથે પાપરૂપ થઈ પડે છે. જેમ પૃથ્વી માથે તારા, નક્ષત્ર, કેતુ ઉલટા થાય તો પૃથ્વી માથે રાજાઓ લડી મરે છે અને બુરૂં થાય છે જેમ પ્રાણીની સુબુદ્ધિ જતાં કબુદ્ધિ આવે છે તેમ નીતિ ભ્રષ્ટ થાતાં જગત ભાગ્ય હીણ અને દુઃખી થવા સંભવ છે. તેમ પદભ્રષ્ટ થયેલા યોગીથી પણ પૃથ્વીમાં બુરૂં થવા સંભવ છે.

શરીરમાંથી પ્રાણવાયુ નાશિકા આગળ બહાર ચાલતાં પ્રાણ બહાર ''હ'' કાર પુરૂષ પણ આપણી મદદમાંથી પુરૂષ જાતે રહે તેમ પ્રાણ ''હ'' કાર શરીરમાંથી વધારે જાતાં મનુષ્યને સમૃતિહીણ કરે છે. અને પ્રાણ અંદર આવતાં અને પ્રાણનો અંદર વધારે

નિરોધ થતાં શકિતરૂપે એટલે અંદર પ્રાણ પ્રાણીના વધુ રહેતા પુરૂષ જેટલા રોકી શકે તેટલી પુરૂષમાં સત્તા સમૃતિ-વધે છે અને જેમ દીવામાં સાધન પુરૂષાતન પૂરતું રાખવાથી અંધારૂં અદશ્ય રહે છે તેમ પ્રાણનો અને બ્રહ્મનો નિરોધ કરવાથી પુરૂષની બુદ્ધિનો પ્રકાશ અને સત્તા સ્મૃતિ વૃદ્ધિ કરે છે, અને દુર્ગુણ અને આવેલાં કષ્ટ પ્રાણીનાં દુર થાય છે. તેનું નામ એકાંતનું ભજન છે અને "ઓહં સોહં" થી શ્વાસોને ટુંકા વાળવાનો શબ્દ છે. કેવી રીતે કે માણસને નામથી બોલાવવાથી તે માણસને ઉભું રહેવું પડે છે તેમ "ઓહં સોહં"થી કર્મે કર્મે કાળે કરીને પ્રાણને વાળવાનો શબ્દ છે, જયારે પ્રાણનો નિરોધ થાય ત્યારે નિર્વાણ સમાધિ થાય છે તે દિશામાં પહોંચેલા પુરૂષને પછી જપ કરવો રહેતો નથી કેમકે નિદ્રામાં આગળ જાગ્રતમાં કલ્પના હતી તેમાં છૂટી થાય છે. નિર્વાણ વૃત્તિમાં પુરૂષોનો બુદ્ધિનો પ્રકાશ, અનહદ લીલા ગાજવીજથી સર્વે માંગલિક લીલાઓ નિર્વાણ વૃત્તિમાં જાણી શકાય છે. દિશાવાળો યોગી જગતમાં પણ સર્વે કર્મથી પણ નિર્ભય પદ ભોગવે છે. પણ નિર્લેપ સમાધીમાં તો અઘોર નિદ્રાની વારીએ પ્રાણ રહીત જેવું કાંઈપણ તે પુરૂષને જન્મ-મરણની પણ શુદ્ધિ રહેતી નથી. આ દિશાને પહોંચેલા પુરૂષો સમાધી મુક્ત રહે ત્યાં સુધી જીવન મુક્ત કહેવાય છે અને તેવા પુરૂષ પ્રાણ વિદેહ કરે ત્યારે વિદેહ મુક્ત કહેવાય છે. ડાબી નાશિકામાંથી પ્રાણને લઈને જે પ્રાણ વિદેહ કરે છે તેવા પુરૂષને જન્મ મરણનું કાંઈપણ કષ્ટ રહેતું નથી તેવા પુરૂષને જન્મ મરણનું કાંઈપણ કષ્ટ રહેતું નથી. તેવા પુરૂષને ઉત્તરાયણ કે દક્ષિણાયણ લેવાની જરૂર નથી. તત્વથી ખરૂં ભજન અને મોક્ષ જગતને ખરો વર્ણવી આપ્યો છે. અને તત્વવેત્તા પુરૂષો પોતાનાં પ્રાણ જે નાશિકાએથી ચાલતાં હો તે નાશિકાએથી બહારથી ઉદરમાં લાંબાંથી ખેંચી લઈને તે બાજુનો પગ પહેલેથી ભરીને તેજ તરફને હાથે લેવ, દેવ કરીને તત્વજ્ઞાન પુરૂષોને કયાંય વિચરવું કે કામકાજ કરવું તે સર્વે કામમાં સત્તાવનને સમર્થ થઈ શકે છે. બંન્ને નાશીકામાં અઢી અઢી ઘડીથી પ્રાણ દિવસના મધ્યાન કાળે ડાબી તરફનાં અને રાતના મધ્યકાળે જમણી તરફનાં પ્રાણ આમ શુભ તત્વવેત્તા પુરૂષો તત્વની કુંચી જાણીને ચલાવી શકતા હોય તો સદાય સત્તા સમર્થ રહે છે અને સદાય સુખી રહેવા સંભવ છે. આ જ્ઞાનથી જગત જગત વિમુખ થાતાં ધતંગ અને પાખંડમાં ભુત જેવી બનીને ભુતનાં પલાં પકડીને પાખંડીઓ અને

ધતંગીઓને વશ થઈને પાયમાલ થઈને પોતાનો જન્મારો વૃથા ગુમાવે છે. પ્રાતઃકાળે છ થી ડાબી તરફનો ચંદ્ર અને બંન્ને નાશીકામાં અઢી અઢી ઘડી ઘડી બદલતાં મધ્યકાળે પણ ડાબી તરફના પ્રાણ જોઈએ પાછા સાયંકાળે છ વાગ્યાથી બંન્ને નાશીકામાં અઢી અઢી ઘડી પ્રાણ બદલતાં જમણી તરફનાં પ્રાણ જોઈએ. અને મધ્યરાત્રિએ જમણી તરફનાં પ્રાણ બંન્ને નાશિકામાં અઢી અઢી ઘડી બદલતાં જમણી નાશિકાના પ્રાણ જોઈએ. આ પ્રમાણે દર સાલ જીવન પર્યંત સુધી છે. તે જ્ઞાની પુરૂષ ચલાવીને પોતાને જન્મ સફળ કરી શકે છે. સ્ત્રીઓની તેથી પ્રાણની ગતી ઉલટી છે. પંડવરમંડનું જે આગળ લખ્યું છે કે સર્વેમાં શુભ ગુણ વધુ છે, તેમાં અશુભ ગુણ ઓછા છે. અને જેમાં અશુભ ગુણ વધારે છે તેમાં શુભ ગુણ ઓછા છે. તેમ સ્ત્રી પુરૂષના વર્તમાનમાં પણ જે પુરૂષના શુભ ગુણ વર્ણવ્યા છે. તે સ્ત્રીઓના ગુણ અશુભ છે અને પુરૂષને જે અશુભ ગુણ તે સ્ત્રીઓને શુભ ગુણ છે તેમ નીચ જાતીનાં કર્તવ્ય અશુભ લાભકારી છે અને રાતને અંધારૂં લાભકારી છે.

જે પુરૂષની વહેતી નાડી હોય તેથી લેવદેવ અને આવ જાવ તે તરફના શ્વાસાથી અને તે તરફના હાથ પગથી દાન દક્ષિણા સહિત આ પ્રમાણે પુરૂષ જીવન પર્યંત સુધી કરે તો તેનાં સર્વે કાર્ય શુભ થાય છે અને પ્રાણ વગરની ખાલી નાડી હોય તો તે તરફના હાથ પગથી આવજાવ લેવદેવ અને દાન દક્ષિણા કે કોઈ માંગલિક કામ કરવાથી તેવા પ્રાણીને જીવન પર્યંત સુધી પણ તેવાં કામ કષ્ટરૂપી (ઉપદ્રવરૂપી) થઈ પડે છે. તત્વવેત્તા અને બ્રહ્મવેત્તા પુરૂષો કે યોગી પુરૂષ જીવન પર્યંત સુધી પણ તેવાં કામ કાર્યમાં અને સર્વે વિસર્જન કરવામાં અગાઉથી એકાગ્રચિતથી પોતાના તત્વ પ્રાણવાયુને શુભ જાણીને શુભ તત્વમાં જીવન પર્યંત સુધી ડાબી જમણી નાશિકાનાં પ્રાણ શુભ ચાલતાં હોય તો તે શુભ કામમાં જીવન પર્યંત સુધી નિર્ભય લાભ મેળવી શકે છે.

પોતાના તત્વ ઉપર ધ્યાન કરતાં શુભ તત્વ ચાલતાં હોય તો શુભ લાભ મેળવી શકે છે. પણ એક બીજામાં નિમેલાથી વિપરિત ચાલતાં હોય અથવા બંન્ને નાશિકાએ ભેગા ચાલતાં હોય અથવા બે આંગળ નાશિકા આગળ ટુંકો હોય તો તેવા ઉલટા તત્વ કોઈપણ ગમનાં ગમન કે કોઈ કાર્યક્રમમાં કે દાન દક્ષિણામાં કે સર્વ કર્તવ્યમાં નિષ્ફળ હાનીરૂપ છે. તત્વવેત્તા પુરૂષ કે યોગી ડાબી જમણી નાશિકા અને સુષુમણા એ ત્રણે નાડીના પ્રાણને

પુરૂષો બુદ્ધિપૂર્વક તે તત્વના લખ્યા પ્રમાણે જો પોતાની બુદ્ધિના બળથી જીવન પર્યંત સુધી ભૂત, ભવિષ્ય અને વર્તમાનને જાણી શકે છે. ડાબી નાશીકાના પ્રાણ સર્વે કાર્યમાં લાભકાર છે અને અમૃતમય છે અને જીવન પર્યંત સુધી એ પ્રાણ સુખરૂપ અમૃત છે. જમણી તરફનાં નાશીકા પ્રાણ હોય ત્યારે પ્રજાની ઉત્પત્તિ અને સર્વે ક્રૂર કાર્યમાં અને સર્વે છલ કાર્યમાં ઉપદ્રવ કરાવવા વાળી ઉષ્ણતા રૂપ જમણી નાશીકામાં પ્રાણ જીવન પર્યંત હાની, રોગ કે મૃત્યુ કરવાવાળું છે અને અનર્થ કાર્યમાં શ્રેષ્ઠ છે. ડાબી જમણી નાશીકાથી બંન્ને તરફનાં પ્રાણ ટુંકા થઈ જતાં તે સુષુમણા તત્વ સર્વે કામમાં નિષ્ફળ છે. સુક્ષ્મ નાડી એકાંત નિર્વાણ વૃત્તિ સમાધીમુક્ત થવામાં લાભકારી છે. ડાબી નાશીકાને સ્ત્રી કહી છે. અને જમણી નાશીકાને પુરૂષ કહ્યો છે. ડાબી નાશિકાના પ્રાણ ગૌરવર્ણા છે અને જમણી તરફની નાશીકાનાં પ્રાણ કૃષ્ણાવર્ણા છે અને સુષુમણા નાડીનાં પ્રાણ શ્યામવર્ણા છે. શુકલપક્ષનાં પડવાથી પ્રાતઃકાળથી છ વાગ્યાથી તે મધ્યાનકાળના બાર વાગે અઢી અઢી ઘડી બદલતાં ચંદ્ર સ્વરના પ્રાણ શુભ છે. અને સાયંકાળના છ વાગે અઢી અઢી ઘડી બદલતાં મધ્યરાતે બાર વાગે જમણી નાશિકાના પ્રાણ સૂર્ય સ્વર શુભ છે. જે યોગી રાત્રીમાં ચંદ્ર સ્વર ન ચલાવે અને દીવસે સૂર્ય સ્વર ન ચલાવે એવા અભ્યાસવાળા યોગી સૌથી શ્રેષ્ઠ છે. તે બાબત કોઈએ પણ શંકા લાવવી નહી. શુકલ પક્ષમાં ડાબી નાશિકાના પ્રાણ શુભ છે. પ્રાતઃકાળ છ વાગ્યાથી સાંજના છ વાગ્યા સુધી એટલે આખો દીવસ ડાબી નાશિકાનાં પ્રાણ ચલાવે તો અમૃત રૂપ છે અને સાંજના છ વાગ્યાથી પ્રાતઃકાળ છ વાગ્ા સુધી એટલે કે આખી રાત જમણી નાશિકાનાં પ્રાણ ચલાવવાથી પુરૂષ આવેલાં સંકટને પણ દુર કરી શકે છે. અને પોતાની આયુષ્ય પણ પુરૂષ વધારી શકે છે. અથવા યોગી લખ્યા પ્રમાણે ચંદ્રના ઘરમાં ચંદ્ર ચલાવે અને સૂર્યનાં ઘરમાં સૂર્ય ચલાવે તો પુરૂષ વાંચ્છિત ફળ ગુણ આપે છે. આ લખ્યા પ્રમાણે સૂર્ય ચંદ્રમાં ઉલટા ચાલે તો પ્રાણીને હાની, રોગ કે મૃત્યુ કરે છે. ડાબી નાશિકાનાં પ્રાણ, સોમ, બુધ, બ્રહસ્પતી અને શુક્રવાર તે વારમાં ડાબી નાડીથી કામ કરવા લાભકારી છે અને તે બાબત સઘળો ખુલાસો પંડવરમંડની શોધમાં આવેલો છે. મંગલ, શનિ અને રવિ, અને રાહુ આ ચાર વારમાં જમણી તરફની નાશિકાએ પ્રાણ ચાલતાં હોય તો તે વારમાં ક્રૂર કર્મમાં અને છળ કપટના કામમાં

બળવાન છે. બંને નાશિકાઓમાં પ્રાણની આવજાવમાં એક એક નાશિકાએ અઢી અઢી ઘડીમાં પાંચે તત્વ અને પચીસ પ્રકૃતિઓ બદલે છે. રાત દિવસની અંદર બાર વખત જમણી નાશિકાએ અઢી અઢી ઘડી પ્રાણ આવજાવ કરે છે. રાત દિવસમાં બાર વખત ડાબી નાશિકાએ અઢી અઢી ઘડી પ્રાણ આવજાવ કરે છે. પ્રાણની આવૃત્તિ તે સૂર્ય ચંદ્રની બાર બાર સંક્રાંતીઓ કહી છે. વૃષભ, કર્ક, કન્યા, વૃશ્ચિક, મકર, મીન એ ચંદ્રની રાશી થાય છે. મેષ, મિથુન, સિંહ, તુલા, ધન, કુંભ આ સંક્રાંતીઓ સૂર્યની છે.

શુકલ પક્ષની બીજને દિવસે ચંદ્ર સ્વર સુર્યના ઘરમાં વધારે ચાલે તો વધારે લાભકારી છે. ચંદ્રના સ્વરમાં ગમન કરવું હોય ત્યારે ચાર વાર ઉદરમાં પ્રાણની ગતી ખેંચતા જાવું અને ચારે ફેરે ડાબો પગ આગળ માંડયા જવો તે પ્રાણીને લાભકારી છે. જમણી તરફ સ્વર ચાલતો હોય ત્યારે ગમન કરતાં ત્રણ વાર પ્રાણની ગતી લાંબી લઈને ત્રણવાર જમણો પગ આગળ માંડયા જવો લાભકારી છે. આકાશ તત્વ સર્વે કામમાં લાભકારી નથી. સુર્ય, ચંદ્રની બંન્ને નાડીઓમાં સોળ આંગળ સ્વર ચાલતો હોય તો પાંચ ગમો લાભકાર છે. બાર આંગળ સ્વર ચાલતો હોય તો ચારગણો લાભકારી છે. અને આઠ આંગળ પ્રાણ ચાલતો હોય તો ચારગણો લાભકારી છે. અને આઠ આંગળ પ્રાણ ચાલતા હોય તો ત્રણગણો લાભકારી છે અને ચાર આંગળ પ્રાણ ચાલતાં હોય તો બે ગણો લાભકારી છે અને બે આંગળ ચાલતાં હોય તો સર્વે કામમાં નિષ્ફળ છે. તેમાં એક જ ગુણ શાંતિથી બેસી રહેવાનો છે. રાતના સુતેલા પુરૂષો પ્રાતઃકાળે ઉઠીને મન વૃત્તિ સ્થિર કરીને શાંત થઈને બે ઘડી એકાગ્રહ ચિત્ત કરીને કાનમાં બે આંગળીઓ નાંખીને દશમેદ્વાર નાદ સાંભળીને જે નાશીકાએ પ્રાણવાયુ ચાલતો હોય તે બાજુના હાથથી નાશિકા આગળ હાથની હથેળી આગળ રાખીને હથેલીના મધ્ય ભાગમાં પ્રાણની ગતિ લેવી તે શ્વાસ જો હથેલીની વચ્ચે પડે તો લાભકારી છે પણ હથેલીની ચારે બાજુ ફગ્યો (આડો) પડે તો મન ધારેલા કામમાં થોડો લાભ મેળવે છે. તે વાસ્તે શ્વાસોશ્વાસ હથેલીના મધ્ય ભાગમાં છોડવો અને તે શ્વાસોશ્વાસ આગળ લખ્યા પ્રમાણે ઉદરમાં ખેંચીને તે બાજુનો પગ આગળથી ભરીને ચાલવું લાભકારી છે. કોઈને લેવું દેવું દાન દક્ષિણા ગમનાગમન આવવું જવું તે વખતે જે તરફનો સ્વર ચાલતો હોય તેજ અંગના હાથપગથી લેવદેવ અને હાલચાલ થાય

તો તે પુરૂષને લાભકારી છે અને જે અંગ તરફ પ્રાણ ખાલી નાશિકા હોય તે અંગના હાથ પગથી લેવદેવ અને હાલચાલ થાય તો તે પુરૂષને લાભકારી છે અને જે અંગ તરફ પ્રાણ ખાલી નાશિકા હોય તે અંગના હાથ પગથી લેવદેવ અને હાલચાલ કરે તો તે પુરૂષને મનનાં ધારેલાં કોઈ કામ લાભકારી થતાં નથી અને સર્વે કાર્યમાં ઉપદ્રવ અને વિક્ષેપ થાય છે. લખ્યા પ્રમાણે શુભ તત્વથી પુરૂષો વરતે તો શત્રુથી પણ હણાતા નથી. શુભ તત્વોથી પુરૂષોનો દેશકાળ કે અકાળ મૃત્યુ (અકાર્ય મૃત્યુ) થતું નથી. શુભ તત્વથી ભૂત, પલીત કે હત્યારા જીવ કોઈપણ દેશકાળમાં પુરૂષને હાની કરતા નથી. શુભ તત્વથી રોગ કે વિપત્તિ પુરૂષ પાસે આવી શકતી નથી. જયારે તત્વ વિપરીત ચાલે ત્યારે હાની, રોગ, કે મૃત્યુ આવી શકે છે. તત્વના બળથી યોગી જંગલ વસે તો પણ યોગીને ભિક્ષાની ઉન્ચતા રહેતી નથી તેવા યોગી સદાય નિઃસ્વાર્થી રહે છે તેવા યોગી, આશા, આશ્રમ કે સ્વાર્થમાં બંધાય તો યોગભ્રષ્ટ, પદભ્રષ્ટ કહેવાય છે.

બિંદુ શરીરને રાજા છે અને તત્વ ખરા સખાબંધુ કરતાં પણ વિશેષ છે. પુરૂષ જ્ઞાનહીણ કે બ્રહ્મહીણ થાય તો સત્તા સમૃતિહીણ થઈ ભાગ્યહીન અને દુઃખી થાય છે. તેમ ધનપતિ કે પૃથ્વીપતિ પોતાની મળેલી સમૃતિ છોડી દઈ વશીઆતી થાય તો સત્તા સ્મૃતિહીણ ભાગ્યહીણ ને દુઃખી થાય છે અને પોતાની મેળવેલી સ્મૃતી કોક સ્વાધીન થાય છે અને પોતે સ્મૃતીહીણ કોકનો ગુલાંમ થાય છે.

મનુષ્ય દિવસે અને રાત્રીએ જે સંધ્યા કરે છે તેને યોગી સંધ્યા કહેતા નથી પણ સુષુમણા નાડીનો દશમેદ્વાર નીરોધ કરવો તે સંધ્યા કહે છે. સ્વરોનું જ્ઞાન સર્વે પ્રાણીના ઈષ્ટદેવ છે. તત્વનો અને બ્રહ્મનો દશમેદ્વાર નિરોધ કરીને જે યોગી બ્રહ્માકાર રહે છે તે શ્રેષ્ઠ યોગી છે. નવ તત્વથી પંડવરમંડ સૃષ્ટિની ઉત્પત્તિ છે અને તેમાં પાંચ તત્વ અને પચીસ પ્રકૃતિઓથી પ્રાણને શુભ લખ્યા પ્રમાણે ચાલે અથવા અશુભ ચાલે તો જગત બ્રહ્માંડમાં શુભાશુભ થાય છે અને નવે તત્વ અશુભ ચાલે તો પ્રાણીનો વિનાશ થાય છે. આ પ્રમાણે જગત બ્રહ્માંડમાં સર્વેમાં જયાં વિપરીત થાય છે તેનો વિનાશ થાય છે. તેમ જગત પણ નીતિધર્મથી અને સુકૃત કર્મથી જગત વરતે તો ભાગ્યવાન અને સુખી રહેવા સંભવ છે. પણ જગત બ્રહ્માંડ નીતિભ્રષ્ટ થઈ અનીતિ અને અન્યાયથી વરતે અને દુકૃત કર્મથી વરતે

તો જગત બ્રહ્માંડ ભાગ્યહીણ અને દુઃખી થવું સંભવિત છે. કાળે કરીને અને કર્મે કરીને દુષ્કાળ, કલીકાળ અને પ્રલયકાળ થાય છે.

બંન્ને કાનમાં અંગુઠા ઘાલીને બંન્ને નાશિકાને બે આંગળીઓથી દબાવીને બંને આંખોને બંન્ને આંગળીઓથી લગાવીને પ્રાણનો અને મનો વૃત્તિઓ અને સુરતાથી દશમે દ્વાર ધ્રુવ મંડળમાં વાજાઓના શબ્દ અને ધ્રુવ મંડળમાં સ્ફાટીક મણીના જેવો બિંદુ પ્રકાશ જુએ તો આનું નામ ષણમુખી મુંદ્રા છે. તેમાં પાંચ તત્વનાં વર્ણવ્યા પ્રમાણે પ્રકાશ યોગીને જણાય છે. જેટલા શુભ ભૂત, ભવિષ્ય અને વર્તમાન જાણી શકે છે. અને જેટલા અશુભ લખ્યા છે, તેટલા અશુભ ભૂત, ભવિષ્ય અને વર્તમાન જાણી શકે છે. (યોગી જાણી શકે છે.) અને જેટલા શુભ નાદથી શુભ ભૂત, ભવિષ્ય અને વર્તમાન જાણી શકે છે અને અશુભ નાદથી અશુભ ભૂત, ભવિષ્ય અને વર્તમાન જાણી શકે છે. શબ્દ, મોરલી, ભેરી, શંખ, તુરી, ઝાલર, ઘંટા, નોબત, નગારાં, છત્રીસ રાગણી સર્વે શબ્દ સર્વે દ્વારાએ દશમેદ્વાર માંગલિક હોય તો ભૂત, ભવિષ્ય અને વર્તમાન સારાં જાણી શકાય છે. અને તે શબ્દથી ઉલટાં પશુ, પક્ષી, મનુષ્ય પ્રાણી આકાશના કડાકા ભડાકા સર્વે શબ્દો માણસ પ્રાણી સંકટ દુઃખથી શબ્દ દુઃખ કરે છે. તેવા હોય તો સર્વે ભૂત, ભવિષ્યમાં અશુભ છે અને પ્રકાશ દષ્ટિમાં નિર્મળો, શીતલવર્ણો, હીરામણીના પ્રકાશ જેવો, સોના ચાંદી જેવો, ગોરો, દુધવર્ણો, પ્રકાશવાન, ચંદ્રમાં જેવો સર્વે તેજસ્વી પ્રકાશ ધ્રુવ મંડળમાં સુરતા રાખવાથી જોવામાં આવે તો શુભ ભૂત, ભવિષ્ય અને વર્તમાન જણાય છે અને ઉલટાં અગ્નિ વર્ણા, કૃષ્ણવર્ણા, ભગવા, કાળા, લીલા, ધુળ જેવા, ધુમાડા જેવા રાખોડા જેવા ઉલટા પ્રકાશ દષ્ટિમાં જોવામાં આવતાં ભૂત ભવિષ્ય અને વર્તમાન અશુભ જાણી શકાય છે. સ્વપ્ના માત્રમાં પણ આનંદી અને શુભ સારાં સ્વપ્નાં લાભકારી છે અને ભયકારી અને અશુભ જોવામાં આવે એવાં સ્વપ્નાં પણ અશુભ છે. તેમ સર્વે શુભ જાતી રાજા અને રૈયત નીતિધર્મથી અને સુકૃત કર્મથી વર્તવાથી જગત ભાગ્યવાન અને સુખી રહેવા સંભવ છે, પણ નીતિભ્રષ્ટ થઈ અનીતિ અને અન્યાયથી અને દુકૃત કર્મથી વરતે તે અથવા નીચજાતી ઉંચજાતીના જ્ઞાનગુરૂ કે વિદ્યાગુરૂ કે દાન દક્ષિણાના પૂજનીક પાત્ર થાય અથવા નીચ જાતી ઉંચ જાતીને પીડે તો અથવા ઉંચજાતી નીચ જાતીના ગુલામ કે સેવક થઈને રહે તો જગત ભાગ્યહીણ અને દુઃખી થવા સંભવ છે.

અનીતિથી ક્રમે ક્રમે દુષ્કાળ, કલીકાળ, અને પ્રલયકાળ થાય છે. યોગી આ લખ્યા પ્રમાણે ષણમુખી મુદ્રા કરીને પોતાના પ્રાણ નાશિકાએ છોડે અને મોઢે નીકળવા ન દે કેમ કે મોઢેથી પ્રાણ નીકળવાથી સ્મૃતિહીમ કરે છે અને નાશિકાએથી પ્રાણ ધીમે ધીમે નીકળવાં સ્મૃતિહીણ કરે છે અને નાશિકાએથી પ્રાણ ધીમે ધીમે નીકળવાં તે માણસની સ્મૃતાઈ રહે છે. તેથી મનુષ્ય પ્રાણીને મોઢેથી પ્રાણ ઉદરમાં ખેંચવા શક્તિ આપે છે અને મોઢેથી પ્રાણ નીકળથાં સોળ આંગળ દષ્ટિ રાખતાં જલનો પ્રકાશ ધોળો અને તેના મોઢામાં જલ તત્વનો સ્વાદ ખારો જોવામાં આવશે. નાશિકાથી બાર આંગળ દષ્ટિમાં પૃથ્વી તત્વનો સોનાવર્ણો રંગ અને મોઢામાં લાળમાં સ્વાદ મીઠો જણાશે. નાશિકાથી આઠ આંગળ દષ્ટિ આગળ વાયુ તત્વનો પ્રકાશ લીલો અને મોઢાની લાળમાં સ્વાદ ખાટો જોવામાં જણાશે. દષ્ટિ આગ ચાર આંગળ પ્રાણવાયુના અગ્નિ તત્વ તેનો રંગ અગ્નિના જેવો જોવામાં આવશે. અને મોઢાની લાળમાં સ્વાદ તીખો જાણવામાં આવશે. નાશિકાથી બે આંગળ દષ્ટિ આગળ પ્રાણમાં આકાશ તત્વનો રંગ ધુમાડા જેવો જોવામાં આવશે અને તેનો સ્વાદ મોઢાની લાળમાં કડવો જણાય છે.

જલ તત્વ બે સાથળની જાંગપર પેડુમાં વિશુદ્ધ પદમમાં સ્થિર છે ત્યાં સુધી જલ તત્વનું સ્થાન છે. પૃથ્વી તત્વ નાભી સુધી ગુદાસ્થાને આધાર પદમમાં સ્થિર છે. વાયુ તત્વ નાભીની ઉપર મનચક્ર સુધી કુંપરી સુધી સ્થિર છે. અગ્નિતત્વ અનહદ પદમમાં હૃદયથી તે ખભા સુધી આસન સ્થિર છે અને આકાશ તત્વ બંન્ને નાશિકાના બે આંગળ આગળથી ધ્રુવમંડળ સુધી દશમેદ્વાર તેનું આ સ્થાન સ્થિર છે. આ પાંચે તત્વના લખ્યા પ્રમાણે એક બીજાનાં સ્થાન પદમ સુધી આવજાવ સ્થિર છે.

ડાબી નાશિકાના પ્રાણ ચાલતાં હોય ત્યારે સોળ આંગળ જલ તત્વ તેનો સ્વામી સોમવાર બાર આંગળ પૃથ્વી તત્વ તેનો સ્વામી બુધવાર આઠ આંગળ વાયુ તત્વ તેનો સ્વામી બ્રહસ્પતિ ચાર આંગળ અગ્નિ તત્વ તેનો સ્વામી શુક્રવાર આ ડાબી નાશિકાના સ્વામી છે. જમણી નાશિકાનાં પ્રાણ ચાલતાં હોય ત્યારે સોળ આંગળ જલતત્વ તેનો સ્વામી શનિવાર, બાર આંગળ પૃથ્વીતત્વ તેનો સ્વામી મંગળ, આઠ આંગળ વાયુ તત્વ તેનો સ્વામી રાહુ, ચાર આંગળ અગ્નિતત્વ તેનો સ્વામી રવિ, બે આંગળ બંન્ને નાશિકાએ

પ્રાણ ચાલતાં હોય તે આકાશ તત્વ તેનો સ્વામી કેતુ આ એક એક નાશિકાના પ્રાણમાં અઢી અઢી ઘડીમાં પાંચે તત્વ અને પચીસ પ્રકૃતિઓ બદલાય જાય છે.

કોઈ પરદેશ ગયેલાને કોઈ પ્રશ્ન પુછે અને જે તરફ પ્રાણ ચાલતાં હોય તે તરફ આવીને પુછે તે વખતે જલતત્વ ચાલતો હોય તે તરફ આવીને પુછે તે વખતે જલતત્વ ચાલતો હોય તો જાણવું કે દૂર દેશથી તે પુરૂષ સર્વે લાભથી અને સુખ શાંતિથી તે સ્થાનથી તમારી પાસે આવવાને ચાલી નીકળ્યા છે તેની કાંઈપણ ફીકર ચિંતા છે નહિ. પૃથ્વી તત્વ ચાલતો હોય તો તે બાજુથી પુછનારને કહેવું કે દૂર દેશ ગયેલો માણસ સુખ શાંતિમાં અને સર્વે સંતોષમાં ત્યાં સ્થિર છે તેનો કાંઈ પણ આંહિ આવવાનો ઉચાટ છે નહિ તેજ તરફના પ્રાણમાં તે બાજુ આવીને માણસ પુછતાં દૂર દેશ ગયેલા માણસને આઠ આંગળ વાયુ તત્વમાં પુછે તો જાણવું કે એ માણસ જયાં ગયો છે તે સ્થાન છોડી તેના માનેલા લાભ નહી મળતાં દુર આઘો ગયો છે તે સ્થાન છોડીને દુર ગયેલો પુરૂષ પણ મનમાનતું પોતાનું કામ કરી શકે તેમ નથી. તે પ્રાણની તરફ ચાર આંગળ અગ્નિતત્વ ચાલતો હોય તો જાણવું કે દૂર દેશ ગયેલો માણસ રોગથી કે રાજયથી કે હાનીથી કે પીડાના ઉપદ્રવ સ્થાનમાંથી ઘણી વિપત્તિમાં છે અને બંન્ને નાશિકાએ બે આંગળ પ્રાણ ચાલતી વેળા આકાશ તત્વ છે. તે સમયે કોઈ પણ પરદેશ ગએલા કે રોગીનું પૂછે તો જાણવું કે તે મૃત્યુ ઘાતમાં છે. તેનો તમારે મ્હો મેળાપ થાશે નહી. અને ખાલી નાડી પુછે તો સર્વે અપશુકન છે. કોઈ પણ શુભ શુકન જેવું નથી. કોઈ માણસ લાભકારી શુકન પુછે તો પણ આ પાંચે તત્વના ગુણ પ્રમાણે પુછનારને લાભ અને હાની બતાવવા જો જલ તત્વ હોય તો પાંચ ગણો લાભ છે. જો પૃથ્વી તત્વ હોય તો ચાર ગણો લાભ અને વાયુ તત્વ હોય તો ત્રણ ગણો લાભ અને અગ્નિ તત્વ હોય તો બે ગણો લાભ અને આકાશ તત્વ હોય તો એક જ ગુણ નિર્વાણ વૃત્તિથી બેસી રહેવું.

ગર્ભવતીનો ગર્ભ પૂછતાં જલ તત્વ હોય તો દીકરો અક્કલ, બુદ્ધિ અને સમર્થ, પૃથ્વી તત્વ હોય તો ધનવંત ઘણા માણસને નિભાવવાવાળો અને ઘણા માણસો તેની સેવા ચાકરી કરવાવાળા હોય તેવો, વાયુતત્વ હોય તો વ્યભિચારી અને સાત પેઢીનું ધન (સંપત) હોય તે પણ ભોગવી શકે નહિ તેમ કોઈ હુન્નરથી પણ કમાય નહીં તેમ કોઈ જગ્યાએ સ્થિ

થઈને બેઠા સિવાય વસીઆતી રહે અને જેનું તેનું બગાડતો ભુંસાડતો રહે કોઈનું તે ભલું કરે નહી એવો ચંચલ, વૃત્તિવાળો, અગ્નિ તત્વમાં પુછે તો રોગી, ક્રોધી, હરામખોર, સર્વેનો વેરી, સર્વેનો દુશ્મન, સદાય ઉપદ્રવવાળો, કુટુંબ અને જગતને ઉપદ્રવ કરાવે તેવો સર્વે ઠેકાણે કડવો અને કુકર્મી અને દારૂડીઓ થાય છે. આકાશ તત્વ હોય તો જાણવું કે કરહીણ, બોડો, બોબડો, કદરૂપો, ઠીંગણો, પરાધીન, પાંગળો, લૂલો, લંગડો, કાણો, કોચરો નપુંસક અને કાં તો ગર્ભઘાત જાણવો.

યુદ્ધ વખતે પુછે તો તે પુરૂષની વહેતી નાડીના પ્રાણને ખેંચીને એ અંગના હાથ પગથી હથીઆર, બખતર, સ્વારી, બાણ ચડાવી ફેંકવું અને પોતાના પ્રાણને જીવરક્ષણ, જીવરક્ષણ તે શબ્દથી સર્પમુખી મુદ્રાની પેઠે ઉદરમાં ખેંચી જાવું તે પુરૂષ જલ તત્વથી સર્વે પોતાનો વિજય કરે છે અને વેરીને હણી શકે છે. પૃથ્વી તત્વ ચાલતો હોય તો સ્થિર બેઠા વેરીના આવનાર કટક સહીત જીતે છે અને વાયુ તત્વમાં જાય તો પોતાનો વિજય થાતો નથી. અગ્નિ તત્વમાં જાય તો પોતાનો વિજય થાતો નથી. અગ્નિ તત્વમાં જાય તો પંડસહીત સૈન્ય ઘાયલ થાય છે. અને આકાશ તત્વથી જાય તો સૈન્ય સહીત કોઈ બચતું નથી. કોઈ કહેશે કે આ મારૂં બાણ વેરીને કયાં લાગશે તે સમયે જલ તત્વ હોય તો જાણવું કે કેડથી પગ સુધીમાં લાગશે. પૃથ્વી તત્વ ચાલતો ચાલતો હોય તો કહેવું કે કેડથી નાભી સુધીમાં લાગશે અને વાયુ તત્વ ચાલતો હોય તો કહેવું કે પડખામાં લાગશે. અગ્નિ તત્વ ચાલતો હોય તો છાતીથી મુખારવિંદ સુધીમાં લાગશે અને આકાશ તત્વ ચાલતો હોય તો કંઠેથી માથા સુધી લાગશે. જે તત્વ ચાલતો હોય તે તરફ આવીને પુછે કોઈ અમંગલીક વેશેથી પૂછે તો શુકન નિષ્ફળ જાણવું અને કહેનાર અને પુછનાર બંન્નેના વિપરીત તત્વ ચાલતાં હોય તો શુકન નિષ્ફળ છે. ડાબી તરફના વહેતા પ્રાણમાં પુછે તો જલ તત્વમાં અને પૃથ્વી તત્વમાં પુછે તો સર્વે લાભકારી અને સુખ શાંતિને દેવાવાળું શુકન છે. અને વેરીનું આવેલું કટક પણ કાળ સહિત શાંત થઈ જવાવાળું છે પણ વાયુ, અગ્નિ અને આકાશ તત્વમાં કોઈમાં પણ પૂરતો લાભ છે નહી, જમણી તરફના તત્વના ગુણથી શુભ કામમાં ડાબી તરફના તત્વમાં વિશેષ લાભકારી છે. ગર્ભવંતીના ગર્ભનું પુછતાં જમણો સ્વર હોય તો દીકરો અને ડાબો સ્વર હોય તો દીકરી જમણી તરફના પાંચે તત્વના ગુણ શુભાશુભ લાંબા

ટુંકા વર્ણવ્યા છે. તે પ્રમાણે ડાબી તરફના પણ તત્વને લાંબા કરતાં ટુંકામાં ઓછા ગુણ જાણવા.

તત્વવેત્તા પુરૂષોને જલ તત્વનું ચક્રના આકારે ચારે બાજુ ઘુમરી ફરતું બાણ જાણવું. તત્વવેત્તાઓને પૃથ્વીનું ચક્ર ચાર ખુણાવાળું ચારધારૂં ખડગ જાણવું, તત્વવેત્તાઓને વાયુતત્વ ત્રણ ખુણાવાળું ત્રેધારૂં જાણવું. તત્વવેત્તાઓને અગ્નિ તત્વ બેધારૂં ખડગ જાણવું. આકાશ તત્વકાળને જીતીને લય સમાધિમાં જીવન ટકાવવાનું એકધારૂં ખડગ જાણવું. આ પાંચે તત્વ રૂપી તત્વવેત્તાઓએ બખતર પહેરી આ પાંચે ખડગ જેણે ધારણ કર્યા છે તેવા પુરૂષને કાળનો ભય રહેતો નથી. એવા નિર્ભયપદને પ્રાપ્ત થયેલા પુરૂષને બીજો કોનો ભય હોય.

ધનિષ્ઠા, રોહીણી, જયેષ્ઠા, અનુરાધા, શ્રવણ, અભિજીત ઉત્તરાષાઢા, એ નક્ષત્રો પૃથ્વી તત્વનાં છે. પૂર્વાષાઢા, આશ્લેશા, મુળ, આદ્રા, રેવતી, ઉત્તરાભાદ્રપદા, અને શતભીષા એ નક્ષત્રો જલ તત્વનાં છે. ભરણી, કૃતિકા, પુષ્ય, મઘા, પૂર્વા ફાલ્ગુની, પૂર્વાભાદ્રપદા, અને સ્વાતી, એ નક્ષત્ર અગ્નિ તત્વનીં છે. વિશાખા ઉત્તરા ફાલ્ગુની હસ્ત, ચિત્રા, પુનર્વસુ, અશ્વિની અને મૃગશીર્ષ એ નક્ષત્ર વાયુ તત્વના છે. આ લખ્યા પ્રમાણે સર્વે તત્વ સૌ સૌની રાશી સૌ સૌના નક્ષત્ર અને સૌ સૌના વાર, તિથી અને પક્ષમાં આગળ સર્વેમાં લખી વર્ણવિલ પ્રમાણે હોય તો વિશેષ લાભકારી છે.

રામચંદ્રજીનાં જયારે શુભ તત્વો ચાલ્યાં ત્યારે રામચંદ્રજીનો વિજય થયો, અને જયારે રાક્ષસોનાં વિપરીત તત્વો ચાલ્યાં ત્યારે રાવણ સહીત સર્વે રાક્ષસોને વિનાશ થયો. પાંડવોના પણ જયારે શુભ તત્વો ચાલ્યાં ત્યારે પાંડવોનો વિજય થયો, અને કૌરવોનાં જયારે વિપરીત તત્વો ચાલ્યાં ત્યારે કૌરવો હણાઈ ગયા. તત્વવેત્તા પુરૂષો તત્વમાં સાવધાન રહે તો સર્વેને શુભ તત્વથી સર્વેનો વિજય થાય છે. અને તત્વજ્ઞાન હીણ જયારે તત્વ વિપરીત ચાલે ત્યારે દેવ કે ભગવાન હોય તેનાં પણ વિપરીત તત્વ હાનિ, રોગ, કે મૃત્યુ કરે છે. અનાદીથી તત્વવેત્તા પુરૂષો, યોગીઓ તત્વનો અને બ્રહ્નનો જય મેળવીને સર્વેએ વાંચ્છિત ફળ અને પ્રભુતાઈ અને સ્મૃતાઈ ભોગવી છે.

''લં'' એ પૃથ્વી તત્વું બીજ છે. ''લં'' શબ્દથી અને બાર આંગળ અને સોનાવર્ણા પ્રકાશમાં ધ્યાન કરાવવાથી અવનીશ ''લં'' મંત્ર જપ્યા રાખે તે યોગીનું સાધન પરિપૂર્ણ થાય ત્યારે યોગી પૃથ્વી સમાન કોઈથી ઉપડે નહી તેવો થઈ શકે છે, અને ક્ષુધાની નિવૃત્તિ કરી લે છે.

''વં'' એટલે જલ તત્વનું બીજ છે. એ તત્વનો ચંદ્રમાના જેવો પ્રકાશ છે. સોળ આંગળ દષ્ટિ રાખીએ ''વં'' અવનીશ જપવાથી યોગીનું સાધન પરિપૂર્ણ થાય ત્યારે પુરૂષ પૃથ્વી ઉપર તૃષાની નિવૃત્તિ કરી શકે છે અને જલમાં ડુબકીથી વધારે જીવન ટકાવી શકે છે.

''રં'' એટલે અગ્નિ તત્વું બીજ છે અને આગળ દષ્ટિ રાખી લાલ રંગથી લઈ યોગી ''રં'' એ બીજનો અવનીશ જપ કરે અને જયારે જપ પરિપૂર્ણ થાય ત્યારે ખુબ ખાનપાન કરી શકે છે. અને અગ્નિને પણ સહન કરી શકે છે.

''યં'' એટલે વાયુ તત્વનું બીજ છે. વાયુ તત્વના આઠ આંગળ લીલા રંગથી ધ્યાન લગાવવા ''યં'' એ મંત્રનો અવનીશ જપ કરતા અને જયારે જપ પરિપૂર્ણ થાય છે ત્યારે યોગી પક્ષી સમાન આકાશવેગે ઉડી શકે એવું સામર્થ થાય છે.

''હં'' એટલે આકાશ તત્વનું બીજ છે. નાશિકાની આગળ બે આંગળ કાળો પ્રકાશ ધ્યાનમાં રાખી ''હં'' મંત્ર અવનીશ જપતાં તેનો પરિપૂર્ણ જપ થાય ત્યારે યોગી પોતાનું સ્વરૂપ જીણું લઘુરૂપ કરી શકે છે અને ઈચ્છા માત્રની પ્રાપ્તિ કરી શકે છે.

આ સાધનની કલ્પના કરવાવાળો યોગી અને સાધન કરવાવાળો યોગી આ લખ્યા પ્રમાણે આટલા જ કીમીઆ નહી પણ તે લખ્યા પ્રમાણથી પણ અપાર કીમીઆ કરી શકે છે પણ તે સર્વે કીમીઆ મદારીના ખેલ માફક છે તે યોગી તે પ્રમાણે કરવા ધારે તો પદભ્રષ્ટ થાય છે. આ સર્વ કીમીઆ યોગી જ એક જ તપના બળથી જાણે છે તેમ ન જાણવું, કેમ કે જાદુગર અને તંત્રના ખેલવાળા પણ શુદ્ર જાતી જગતને ભરમાવવાને અને નીચજાતિ આઘાત કીમીઆ તંત્રી પણ છે. તેથી જણાવ્યું છે કે આ યોગીનાં મહાત્મ્ય મુક્યાં છે તેમાં જગત વૃથા ભરમાય નહી કેમ કે ખરા યોગીને કાંઈ પણ કર્તવ્ય રહેતું નથી.

કેમ કે આજ તો અઢારે વર્ણ મદારીના ખેલ શીખી ગયા છે. જગત બ્રહ્માંડમાં દેવ, દૈવ, ભવિષ્ય, પ્રાલબ્ધ અને કર્મ એ સર્વેથી પરમ મિત્ર તત્વ અને બિન્દુ છે જે પુરૂષોએ તત્વનો અને બ્રદનો જય મેળવ્યો છે તે ''પારાવાર દુસરો પરમબ્રહ્મ છે.'' સર્વે પ્રાણીના તત્વનો અને બ્રદનો જય મેળવે તો સાચા સખા અને ખરા મિત્ર તત્વ અને બ્રદ સમાન તત્વવેત્તાઓને બીજા કોઈ તત્વથી શ્રેષ્ઠ મંત્ર છે નહી. તત્વનો અને બ્રદનો જય મેળવવાથી ત્રિલોકમાં પણ તે સિવાય બીજું કોઈ સમર્થ નથી. આ નિરાકરણ પંડવરમંડના દષ્ટાંત આગળ લખાઈ ગયેલ છે. પણ વિશેષ જાણવાને માટે બીજી વાર લખેલ છે.

ચૈત્ર માસના પડવાને દિવસે પ્રાતઃકાળથી જો ડાબી નાશિકા જલતત્વના સોળ આંગળ પ્રાણ ચાલતા હોય અથવા બાર આંગળ પ્રાણ ચાલતાં હોય અથવા બાર આંગળ પૃથ્વી તત્વ પ્રાણ ચાલતાં હોય તો શુભ વૃષ્ટિ જગત પ્રાણી પદાર્થ પાણીથી સુખી રહે છે અને તત્વ વેત્તા પુરૂષો પણ વર્ષભર સુખશાંતિમાં રહે છે. વાયુ તત્વ કે અગ્નિ તત્વ ચાલતો હોય તો પદાર્થ પાણીથી કંઈ જગતમાં થોડા ગુણ પ્રાપ્ત થાય છે અને તે સમયે જમણી તરફની નાશિકાએ પ્રાણ સોળ આંગળ જલતત્વ કે બાર આંગળ પૃથ્વીતત્વ ચાલતાં હોય તો જગતમાં પાણી પદાર્થથી નિર્વાહ ચાલે પણ કોઈ ઠેકાણે તોફાનથી કે ઉપદ્રવથી જગત હાની પામે અગ્નિ કે વાયુતત્વ જમણી નાશિકામાં એ વખતે હોય તો જગતમાં પદાર્થ પાણી કરમાવ ધરમાવ થાય છે અને એ સમયે આકાશ તત્વ હોય તો કોઈ ઠેકાણે દુષ્કાળ અને જગત પદાર્થ પાણીથી ઉન્યતા રહે છે. એવાં ઉલટા તત્વથી તત્વવેત્તા યોગી કાં તો ભાગ્યહીણ, દુઃખીને ક્યાંય મૃત્યુ પણ પોતાનું જાણી શકે છે. તેમ ચૈત્ર માસમાં આકાશ વિશે સૂર્ય કોઈ પણ દક્ષિણના વધારે ભોગવે તો જગતમાં કોઈ પણ ઠેકાણે પદાર્થ પાણીથી ઉન્યતા અને ભાગ્યહીણ પણ રહે છે. તેમ જગત બ્રહ્માંડમાં તારા સહિત પ્રાણી સૌ સૌના વર્તમાનથી નીતિધર્મથી વર્તે તો જગત ભાગ્યવાન અને સુખી રહે છે. પણ જગત બ્રહ્માંડમાં તારા, નક્ષત્ર, પ્રાણી સૌ સૌના ધર્મ ભ્રષ્ટ થઈને અનીતિ, અન્યાય અને દુકૃત કર્મથી વર્તેતો જગત ભાગ્યહીણ અને દુઃખી થાય છે; દુષ્કાળ, કલીકાળ અને પ્રલયકાળ થાય છે. તેમ મનુષ્ય પ્રાણીના

પણ દુર્ગણ અને દુર્મતિ કોઈ પણ કલંક ચડાવે તો તેના શુભ ગુણનો વિનાશ થઈ ઉગે આથમે ત્યાં સુધી કલંક રહે છે.

યોગીનાં તત્વ અહોર એક રાત દિવસ ઉલટાં ચાલે તો અથવા બે અહોર રાત દિવસ ઉલટાં ચાલે તો અથવા ત્રણ અહોર રાત દિવસ ઉલટાં ચાલે તો યોગીની મરણઘાત થાય છે તે તત્વવેત્તા અને સમાધી મુક્ત થયેલા પુરૂષો સમાધિ ચઢાવીને પ્રાણ ઉપર બ્રહ્મરંધ્રમાં નિરોધ કરવાથી જેમ સાધન પુરૂષાતનથી જીવન ટકાવી શકાય છે તેમ વાટ દીવેલના સાધનથી દીવો રાખી શકાય છે. અને અંધારૂં અદશ્ય રહે છે. તેમ યોગી યોગ સાધન પુરૂષાતનથી તત્વનો અને બ્રહ્મનો દશમેદ્વાર જય મેળવવાથી તેવા યોગીને મૃત્યુ સમયે કાળ પણ દૂર રહે છે. તેવા યોગી પોતાની જયાં સુધી ઈચ્છા હોય ત્યાં સુધી પોતાનું જીવન ટકાવી શકે છે અને ઈચ્છા માત્ર પોતાનું જીવન છોડી શકે છે. તેમ જગત નીતિધર્મથી અને સત્યથી અને સુક્ત કર્મથી વર્તે તો નિર્ભય પદ ભોગવી પોતાનો જગત જન્મારો સુધારી શકે છે.

★★★

# ચક્ર છેદન બાબત

શરીરમાં હાડકાંના કટકા બસો છે અને ચક્ર સુષુમણા નાડીનાં દશ છે તેમાં સાત પદમ (ચક્ર) પ્રાણને અને બ્રદને દશમેદ્વાર લઈ જવાનાં છે જેમ વાટે દીવેલ ચડતાં દીવો પ્રકાશીને અંધારૂં અદશ્ય થાય છે તેમ તત્વનો અને બ્રદનો દશમેદ્વાર નિરોધ કરતાં તત્વનું અને બ્રદનું વજન વધતાં પુરૂષની બુદ્ધિનો પ્રકાશ પ્રાણવલીનો પ્રકાશ અજ્ઞાનરૂપી અંધારૂં દૂર કરી અબધુત જ્ઞાન થાય છે. ત્રણ પદમ છેદાતાં નથી કેમકે નાભિની ઉપર મનચક્ર છે. તે પ્રાણને આવજાવ કરવા માટે છે અને નાગણી તો ઉત્થાપન્ન કરવા માટે છે અને આજ્ઞા ચક્રમાં તો જોવાની શકિત રહેલી છે. આ શરીરમાં નાશિકાથી ગુદા સ્થાન નાડી ગઈ છે અને જીભેન્દ્રીયથી એ શિશ્ના ઈંદ્રિયમાં નાડી ગઈ છે. પાયુ ઈંદ્રિયમાં આધાર ચક્ર રહે છે, તેમાં ગણપતિ અને રિધ્ધિ સિધ્ધિના આકાર જેવી રેખાઓ છે (રહે છે) અને ત્યાં ચાર પાંખડી એ ચક્રની છે ત્યાં ચાર કળા છે તેનો ઘઉંલો પ્રકાશ છે અને શિશ્ના ઈંદ્રિયની ઉપર વિદ્યુસ્તાન પદ્મ છે. પદમ (ચક્ર) માં બ્રહ્મા બ્રહ્માણીની રેખા છે. ત્યાં છ પાંખડી છે ત્યાં છ કળા છે અને તેમાં યોગીને ત્યાં ધોળો પ્રકાશ થાય છે. તેની ઉપર અને નાભીની નીચે સાડાત્રણ આંટા લઈને કાળરૂપે નાગણી રહી છે. તેનું ડાબી તરફ મુખ છે. તે સત્તા સમૃદ્ધિ તથા અર્થ અનર્થ કરાવ્યા કરે છે. તેનો રકતના જેવો પ્રકાશ છે. તે નાગણીને યોગીએ ઉત્પન્ન કરીને અંદરથી યોગ અગ્નિથી તેની શકિત દશમેદ્વાર લીધી છે. ત્યારે તે નાગણીની સર્વે શકિત સમૃદ્ધિ શાંત થઈ જાય છે. તેને નિર્વાણ રૂપી કાળી નાગ નાથ્યો કહે છે તે નાભિએ ચોથું ચક્રમણી ચક્ર કહે છે તેમાં એ (ચક્ર પદમ)માં વિષ્ણુ અને લક્ષ્મીજીની રેખા છે. અને ત્યાં યોગીને પીળો પ્રકાશ થાય છે. તે ચક્રમાં દશ પાંખડી છે. તે સુષુમણા નાડીની દસે પાંખડીમાં દશ કળા અગ્નિની રહે છે. તે યોગી પુરૂષને છેદતાં ત્યાં અગ્નિ કંપાવે છે. તે પ્રહલાદને સ્થંભ તપાવીને ભેટાવ્યો એમ કહે છે અને હિરણ્ય ગર્ભ સર્વ કામના રૂપી રાક્ષસોને હણ્યા છે અને સુષુમણા પવનરૂપી વારાહ રૂપ કહ્યું છે એટલે સાધન વેળા પાંચ તત્વ તથા પચીસ પ્રકૃતિઓ લઈને એક જ રૂપ થયું છે. નાભિના મણીચક્ર છે તેમાં છે પાંખડીઓ છે તેમાં મનરૂપી મનુની રેખા છે ત્યાં છ કળા છે અને તેનો નીલામણીના જેવો પ્રકાશ છે તેમાં પવનની આવજાવ છે. મન ચક્રની ઉપર હૃદય અનહદ ચક્ર છે. તે ચક્રમાં

ઈશ્વર પાર્વતીજીની રેખા છે તે પદમ ચક્રમાં બાર પાખંડી છે અને સોનાના જેવો પ્રકાશ છે અને કંઠમાં સ્વાધિષ્ટાન ચક્ર છે. ત્યાં યોગીને બાર કળા સૂર્યની રહે છે. સ્વાધિષ્ઠાન ચક્ર છે ત્યાં સોળ પાંખડી છે. ત્યાં ભગવાન વનમાલીની રેખા છે તેમાં ચંદ્ર જેવો પ્રકાશ છે. ત્યાં સોળ કળાના ચંદ્ર છે અને આંખોની ઉપર આજ્ઞા ચક્ર રહે છે તેથી જોવાની સત્તા સમૃદ્ધિ રહે છે. ત્યાં અગ્નિ કુંડના જેવી રેખા છે. ભ્રકુટીમાં ત્રણ પાંખડીવાળું આજ્ઞ પદમ ચક્ર રહે છે તેમાં યોગીને આકાશની વૃષ્ટિ થતી હોય એવી સમૃદ્ધિ રહે. સ્ફટીક મણીના જેવો પ્રકાશ રહે છે અને તે ઝરા બોર રૂપે ક્ષીર સાગર દેખાય છે. અને દશમે દ્વાર અજર અમર (અજરાઅમર) ચક્ર રહે તે ચક્રમાં હજાર પાંખડીઓ કલ્પેલી છે. યોગી સુરતાને અને પ્રાણને અને બ્રહ્મને દશમેદ્વાર એ પદમ ચક્રમાં નિરોધ કરવાથી અનહદ વાજાં, તથા છત્રીસ રાગણીઓ રાગી રહે છે. અને ગાજવીજ તથા કલ્લોલ થાય છે અને બાર મેઘ પ્રકાશરૂપી પ્રકાશી રહ્યા છે. અને તે પદમમાં બિંદુ પ્રકાશ થાય છે તો ''પારાવાર દુસરો પરમ બ્રહ્મ તે પુરૂષોત્તમ મુર્તિને જાઉં મૈં બલીહારી'' તે વિષય પ્રકાશમાં નવકુળ બ્રહ્મા ચંદ્રમાના પ્રકાશ રૂપે વેદની ધુની કરે છે.અને છપન કરોડ શંભુ સોનાવર્ણા સૂર્ય જેવા એ બિંદુ પ્રકાશમાં ધ્યાન ધરે છે, આનંદ લીલા કરે છે અને પચરંગી પશુ પક્ષી તે જગતની ઉત્પત્તિ સહિત જગત બ્રહ્માંડ તે ત્યાં લીલા અને ચેષ્ટા દષ્ટિમાં લાગી રહી છે અને પચરંગી નવ દુર્ગાદેવી ત્યાં આનંદ આતરી કરી છે એજ તેત્રીસ કરોડ દેવતા કૃષ્ણાવર્ણા તે યોગીને ધન્ય આશીર્વાદ વર્ણવી રહ્યા છે. જેમ જમીન આકાશમાં સર્વે ઉત્પત્તિ ડોલાયમાન છે પણ ધ્રુવ એકલા અડોલ છે તો તેના સત્યને આધારે જગત બ્રહ્માંડ રહ્યું છે. તો સર્વે તારા, નક્ષત્ર, રક્ષણ, પ્રદક્ષિણા કરે છે તેમ આવી દીશાને પહોંચેલા યોગીને રાજા તથા રૈયત અને જગત તથા ભીખ શોધતી ફરે છે છતાં પણ જેમ ધ્રુવ અડોલ છે તેમ તેવા પુરૂષ કોઈ પદાર્થમાં ડોલાયમાન થતાં નથી. તેમ એ પદાર્થવાળા યોગી રાજા રૈયતથી કે જગત પદાર્થ કે જગતના ભોગથી અડોલ છે. જેમ મંદરાચલ પર્વત બારમેઘ તથા ઓગણપચાસ વાયુના તોફાનથી ચલાયમાન થતા નથી તેમ એવા અડોલ પુરૂષને કોઈપણ પદાર્થ કે માયા કે રાજ્યવૈભવ કે ભોગવિલાસથી ભ્રષ્ટ થતાં નથી. જો ધ્રુવ અડોલ છે તો તેના સત્યને આધારે ચૌદ બ્રહ્માંડ રહ્યું છે અને જ્યારે જગતના કર્મદોષ વધીને ધ્રુવને ડોલાવે છે ત્યારે પૃથ્વીનો

પ્રલયકાળ થાય છે તેમ આ દશાને પહોંચેલા યોગી જયાં સુધી અડોલ રહે છે તેવા પુરૂષ જયાં આસન રાખીને બેસે કે કયાંય દષ્ટિ કરે તો યોજન પર્યંત જગ્યા પવિત્ર થાય છે અને તે પુરૂષ જગતનું અજ્ઞાનરૂપી અંધારૂં દૂર કરે છે. અને જગતને સદ્‌બુદ્ધિ આપે છે. તેવા પુરૂષના દુર્બુદ્ધિવાળા અજ્ઞાની પણ દર્શનથી પવિત્ર થાય છે. બ્રહ્મા, વિષ્ણુ, અને મહેશ્વર અને ભવાની તે પણ એવા પુરૂષને વંદન કરે છે તથા નમસ્કાર કરે છે અને તેનાં માબાપ અને કુળ કુટુંબને પણ કિર્તીરૂપ કૃતાર્થ કરે છે. એવા અડસઠ તીર્થ જગતના પાપથી ભરાયેલા એવા પુરૂષનાં વંદન કરે છે એવા પુરૂષ ઘાટ ઉપર આવીને ચરણ બોળે તો તીર્થ પાપથી મુકત થાય માટે તીર્થ એવા પુરૂષને વંદન કરે છે. એવા પુરૂષને શ્રદ્ધાળુ પુરૂષ ભીક્ષા તથા વસ્ત્ર પૂરે છે તો જગત સજજન પુરૂષો તેની જીજ્ઞાસાથી વંદના કરે છે એવા પુરૂષની જે સેવા કરે છે તેને ધન્યવાદ છે.

★★★

# પુત્રપ્રાપ્તિના ભવિષ્યનું દૃષ્ટાંત

સ્ત્રી રજસ્વાલા વખતે જો રાત્રે રજસ્વાલા થઈ હોય તો આગલો દિવસ ગણવો અને દિવસની રજસ્વાલા થઈ હોય તો તે દિવસ ગણવો. રજસ્વાલાનો પ્રથમ દિવસનો રૂધિરનો વિકાર રજસ્વાલામાં રહે છે. તે દિવસ જો પ્રજા ઉત્પન્ન કરે તો ચંડાળના કર્મ જેવા લક્ષણવાળી પ્રજા થાય છે. બીજે દિવસે પણ રૂધિરનાં વિકારમાં પ્રજા ઉત્પન્ન કરે તો વણકરના કર્મ જેવા લક્ષણવાળી પ્રજા થાય છે. ત્રીજે દિવસે રૂધિરનાં વિકારમાં પ્રજા ઉત્પન્ન કરે તો હિંસાના કરનાર કાફરના ગુણવાળી (દુર્ગણવાળી) પ્રજા થાય છે. ચોથે દિવસે પણ રૂધિરનાં વિકારમાં પ્રજા ઉત્પન્ન કરે તો શુદ્રના ગુણ જેવી પ્રજા થાય છે અને પાંચમે દિવસે રૂધિર વિકાર નિવૃત્ત થાય છે. જ્ઞાનહીણ અને બ્રહ્મહીણ માણસ બહુ વ્યભિચારથી વીર્ય હલકું વજન વગરનું કાચું રહેતાં વર્તન જગત પ્રજા સહિત હલકાં વર્તનવાળી થાય છે. અને બધું વીર્ય કાચું રહેતાં પણ થોડી આયુષ્યવાળું થાય છે, તેથી જ્ઞાની પુરૂષને સ્ત્રી પ્રજાની ઉત્પત્તિ સિવાય બ્રહ્મહીણ થાવાનો સંભવ નથી કેમકે તત્વનું અને બ્રહ્મનું વજન વધે છે અને તત્વનો અને બ્રહ્મનો જય મેળવે છે ત્યારે મનુષ્ય પ્રાણીને સત્તા, સમૃતિ, મહાત્મ્ય પ્રમાણ, તેજસ્વી અક્કલ, બુદ્ધિ અને ભાવિષ્ય પ્રાલબ્ધ સર્વેની સત્તા સમૃદ્ધિ વધે છે તેથી સર્વે જગત સર્વે પદાર્થ પાણી મનવાંચ્છિત સિદ્ધિઓ જગત ભોગવે છે.

પ્રાતઃકાળથી મધ્યાનકાળ સુધી આકાશ વિષે છ કલાક વાયુતત્વ ચાલે છે અને તે સમયે નરનારીના વાયુતત્વ આઠ આંગળ ચાલતાં હોય અને ઘડી, પળ, ચોઘડીઆ અને નક્ષત્ર પણ અશુભ હોય અને સ્ત્રીનું ઓશીકું પણ દિશાસુળ કે નગ્રકાળ અથવા જોગણીના ઘર સામા હોય અથવા પ્રાતઃકાળ, મધ્યાનકાળ, સાયંકાળ કે મધ્યરાતકાળ તેવે સમયે ઋતુદાન દેવું નહી અથવા અમાસ, પડવો કે પુનેમ પડવો કે વાર વ્યતીપાત કે પર્વણી કે ક્ષય તિથિ કે અશુભ ખાધેલા પદાર્થ કે મલેચ્છવાડો કે દારિદ્રીપણું કે અશુભ માણસનું મોં જોવું કે કોઈ અશુભ છબીઓ દૃષ્ટિમાં લેવી. આ લખ્યા પ્રમાણે સર્વે જે જે અશુભ ગુણ હોય તેવી અશુભ પ્રજા થાવી સંભવિત છે. અને તે પ્રજા તેના ગુણ જીવન પર્યંત ભોગવે

છે તેનું નામ આગલો ભવ કહેવાય છે. વાયુ તત્વમાં પ્રજા વ્યભિચારણી અને દારિદ્રી અને જયાં ત્યાં બગાડતી, ભુંસાડતી થાય છે, તેવા માણસનું પૃથ્વી માથે સારૂં થવું કાંઈ સંભવિત નથી, તેમ વર્ણશંકર પ્રજા હોય તો તેથી પણ પૃથ્વી માથે સારૂં થવું સંભવિત નથી અને ક્યાંય માણીગે મશ અડવા દેતો નથી. એવાથી પૃથ્વી માથે ભુંડું થવું સંભવિત છે. તેવાઓના સંગથી પણ સામા સારા માણસનું પણ અશુભ થાય છે. તેમ મધ્યાનકાળથી સાયંકાળ સુધી છ કલાક આકાશ વિષે અગ્નિ તત્વ રહે છે. તે અગ્નિ તત્વ ચાર આંગળ સ્ત્રી પુરૂષનો હોય અને આગળ લખાણ લખ્યા પ્રમાણે કાંઈ અશુભ હોય તો તે સમયે પણ પ્રજા એવા સર્વે દોષના ગુણવાળી થાય છે. અને પ્રજા પણ ઉપદ્રવવાળી થાય છે. અને સર્વે જગતને પણ ઉપદ્રવ કરાવે છે. અને હરામ હલાલી કાફરના ધંધાવાળી દારિદ્રી અને તેના સંગથી સારા માણસનું પણ મહાત્મ્ય ઘટે છે. તેવી પ્રજા પૃથ્વી માથે ભુંડા કરે તેવી થાય છે. સારૂં કરવું તેનાથી સંભવિત નથી. સાયંકાળથી મધ્યરાતકાળ સુધી છ કલાક આકાશ વિષે આકાશ તત્વ ચાલે છે. તે સમયે સ્ત્રી પુરૂષનો પણ પ્રાણવાયુ બે આંગળ ચાલતો હોય તે વખતે પ્રજા ઉત્પન્ન કરે તો બોડી, બોબડી, ઠીંગણી, કદરૂપી, કરહીણ, પરાધીન, નપુંસક અને આગળ લખ્યા પ્રમાણે ગુણવાળી થાય છે અને નરનારી નિદ્રાવશમાં પ્રજા ઉત્પન્ન કરવાથી રોગી અને શકિતહીણ થાય છે. પ્રજાની ઉત્પત્તિ વખતે બનતાં સુધી ખાનપાન વસ્ત્ર અને માંગલીક વર્તમાન અને માંગલીક વસ્ત્ર આભુષણ અને સ્વભાવ સારા રાખવાથી પણ પ્રજા સારી થાય છે. પ્રાલબ્ધીને ઘેર પ્રાલબ્ધી પ્રજા થાય છે તેનું કારણ અમીરાત અને ખાનપાનના સારા વર્તનથી છે, તેમાં પણ આગળ લખ્યા પ્રમાણે કોઈ પણ દુર્ગણ હોય તો તેને દુર્ગુણી પ્રજા થાય છે. નરનારીને ડાબે પડખે લગ્નમાં અથવા માંગલીક કામમાં રાખી છે, તેનું કારણ આ લખ્યા પ્રમાણે જાણવું મધ્યરાતથી પ્રાતઃકાળ સુધી છ કલાક આકાશ વિષે જલતત્વ ચાલે છે અને સ્ત્રી પુરૂષે સંયોગ વખતે પુરૂષે પોતાનું ડાબું પડખું દબાવીને સુતાં જમણી નાશિકાનાં પ્રાણ શરૂ થાય છે. પુરૂષને જમણા સ્વરથી પ્રજા ઉત્પન્ન કરવી સંભવિત છે. તે સમયે સોળ આંગળ કે બાર આંગળ પ્રાણની ગતિ હોય તો અને આગળ અશુભ ગુણ લખેલા વરજીત દીધેલા હોય તો પ્રજા ભાગ્યશાળઈ અને પ્રાલબ્ધી થાય છે. તે સમયના આગલા ભવિષ્ય ગણાય છે. અને સ્ત્રીએ ડાબે પડખે

સુતાં સ્ત્રીનું જમણું પડખું દબાય છે તે સમયે સ્ત્રીને ડાબો સ્વર ચાલે છે તે સ્ત્રીના ડાબા સ્વરથી પ્રજા કરવી સંભવિત છે. અને સ્ત્રીનો પણ બાર આંગળ કે સોળ આંગળ પ્રાણવાયુ ચાલે ત્યારે પ્રજા કરવી તે ભાગ્યશાળી થાય છે. સંયોગ વખતે પુરૂષના વીર્યમાં વજન હોય તો દીકરો થાય છે અને સ્ત્રીના વીર્યમાં વજન હોય તો દીકરી થાય છે. પુરૂષને થોડી સ્મૃતિ હોય તો એકજ વખત સંયોગ કરવો પણ કોઈ બહુ બળવાન વિષયવાળો હોય અને સ્ત્રીને પ્રજા ન થાતી હોય તો ત્રણવાર સંયોગ રાખવો (કરવો) પાછો એક દિવસ અને રાત નરનારીએ સંયોગથી રહિત રહેવું અને ત્રીજે દિવસે તે રાતના સમયે સંયોગ ઉપર લખ્યા પ્રમાણે કરવો સંભવિત છે અને પાછો ચોથો દિવસ અને રાત વ્યભિચાર સંયોગની નરનારી રહીત રહેવું અને પાછું પાંચમે દિવસે રાત્રે આગળ લખ્યા પ્રમાણે નરનારીને સંયોગ રાખવો. તે પ્રજા શુભ ભવિષ્ય, પ્રાલબ્ધ, સત્તા, સ્મૃતિવાન અને તેજસ્વી થાય છે. અને સુખ સંપતવાન થાય છે. તે પછી પાછી વળી અંગના (સ્ત્રી) ઋતુદાનમાં આવે ત્યારે આ લખ્યા પ્રમાણે પ્રજાની ઉત્પત્તિ અને સંયોગ રાખવા સંભવિત છે કેમકે ત્યાં સુધી વ્યભિચારથી રહીત રહેતા નરનારીના વીર્યનું વજન વધતાં નરનારી નિરોગી સત્તા સ્મૃતિ તેજસ્વી અને સુખ સંપત ભાવિષ્ય પ્રાલબ્ધ સર્વે તે માણસમાં રક્ષણ કરતાં અને બળવાન થાય છે. અને યોગી સ્વપ્ના માત્રમાં પણ તત્વના જ્ઞાનહીણ કે બ્રહ્મહીણ થાય તો તે યોગી ભ્રષ્ટ થાય છે તેવો યોગી પંડિત કે તપેશ્વરી હોય તો પણ તેથી કોઈનાં કલ્યાણ કરી શકતો નથી. જગત જો આ પ્રમાણે નીતિ ધર્મથી આ પ્રમાણે વર્તે તો સુખી થાય છે અને અનીતિ અને અન્યાયથી વર્તે તો ભાગ્યહીણ અને દુઃખી થાય છે.

સર્વે વનસ્પતિથી સર્વે જગત બ્રહ્માંડના વિકારથી અને સર્વે પ્રાણીના વાસના વિકારથી જ વિસ્તાર થાય છે, તે સર્વેના વાસનાનો પુનર્જન્મ કહેવાય છે. તે અનાદિથી પુનર્જન્મને એકબીજાના વિકાર અને એકબીજાના બીજકથી પ્રજાનો વિસ્તાર વધતો જાય છે તે પુનર્જન્મ કહેવાય છે. પણ હણાઈને કોઈ ગયું કે પાછું આવ્યું તે સંભવિત નથી. આકાશ સહિત પણ પૃથ્વીમાં આવીને પ્રલયકાળ થાય છે. સર્વે માયા અનર્થનું કાર્ય છે, પણ ક્યાંય અર્થસિદ્ધ કોઈને માયાએ થાવા દીધા નથી.

***

# રેખા વિશે દૃષ્ટાંત

મનુષ્ય પ્રાણીને પગના તળીયામાં ઉભી રેખા હોય તો તે મનુષ્યની ઉત્પત્તિ પૃથ્વી તત્વથી છે અને તે મનુષ્ય ધીરજવાન તથા રાજયસુખ ઘણા માણસને નિભાવનાર અને ઘણા માણસ તેની સેવા ચાકરીમાં રહે છે અને પગના તળીયામાં આડી રેખા લાંકમાં હોય તો તે માણસને ગાડીઘોડાનું વાહન મળે છે. હાથ પગની આંગળીઓ સજજડ મળેલી રહે અને આંગળીઓની વચ્ચમાં ફાટા ન હોય તે માણસ પ્રાલબ્ધી સમજવો અને આંગળીઓ હાથપગની છુટી છુટી વચમાં ફાંટા રહે તો તે પુરૂષ ભાગ્યહીણ અને દુઃખી જાણવો.

મનુષ્ય પ્રાણીને પગના અંગુઠા પાસેની આંગળી અંગુઠાથી લાંબી હોય તો માતા કે પિતા તેના કોઈપણ એક માવતરનો વિનાશ થાય છે. અને પગના તળીયા પહોંચા અથવા ઘુંટીઓ માંસની ભરેલી હોય અથવા રાતી કે કોમળ હોય તો તે મનુષ્ય રાજયવૈભવ જેવું સુખ ભોગવે છે. અને પગના તળીયા બળેલી માટી જેવા હોય તો તેને પ્રજા થતી નથી. અને થાય તો રહેતી નથી. પગના તળીયા અથવા પગ પાવડી જેવા હોય એટલે ફણો પહોળો અને પેની સાંકડી હોય તે મનુષ્ય પંથી થઈને પેટ ભરે છે. અને તેનું મરણ પણ પંથમાં જ થાય છે. પગના અંગુઠાના વેઢા પાસે પગના તળીયામાં ચારે કોર ઘુમરી ખાધા વગરનું એક વાંસે ઘુમરીની વારીએ ચારે તરફ ફરતી ઘુમરી વિનાનું સીધું હોય તે પદમ કહેવાય છે. તે માણસ સર્વે પ્રકારનું સુખ ભોગવે છે. અને હાથની હથેળીમાં પણ તેજ પ્રમાણે હોય તે પદમ કહેવાય છે. તે માણસ રાજપદ્ધીનું સુખ ભોગવે છે. મનુષ્યના હાથપગની આંગળીઓના નખ બળી ગયેલ રાખોડા જેવા કે કીટોડા જેવા હોય તે માણસને પુત્રનો વિસ્તાર હોતો નથી અને થાય તો જીવતા નથી. મનુષ્યનું શરીર હાથ પગથી મસ્તક સુધી સુશોભિત હોય તો તે માણસ સુખી રહે છે. પણ કદરૂપું અને લુખા રંગવાળું અને અખડબખડું હોય તો તે માણસ દુઃખી થાય છે. તેવા મનુષ્યની ઉત્પત્તિ વાયુ તત્વથી જાણવી. મનુષ્યની હથેલીમાં મત્સ્ય રેખા અને અંગુઠા વચ્ચે જાડા લીટા હોય તેટલા પુત્ર અને ઓછા લીટા હોય તેટલી પુત્રી જાણવી અને તે લીટાને બીજા આડા લીટા તે રેખામાં પડેલા હોય તો તેટલી પ્રજાનો નાશ સમજવો.

મનુષ્ય પ્રાણીને અંગુઠા તથા અંગુઠા પાસેની આંગળીએ બંન્નેની વચ્ચમાં કાંઠા સુધી જે રેખા જાય તે મચ્છરેખા તે લાંબી રેખા સારી હોય તો જનેતાનું (માતાનું) સુખ માનવું અને એ રેખામાં કાંડા પાસે હથેળીમાં માછલાના મુખની માફક આકૃતિ હોય તો તે મનુષ્ય સુખી રહે છે અને બીજી રેખા આંગળી અને અંગુઠા વચ્ચેથી હથેળીમાં વચ્ચો વચ્ચ આડી જાય તો તે જો લાંબી હોય તો પિતાનું સુખ માનવું અને ટચલી આંગળીની લગતી હથેળીમાં થઈ તર્જની આંગળીના વેઢા સુધી રેખા ગઈ હોય તો તે મનુષ્યનું આયુષ્ય સો વર્ષનું જાણવું અને તર્જની વચે પહોંચી હોય તો પંચોતેર વર્ષનું આયુષ્ય જાણવું અને અનામિકાને મધ્ય વચ્ચે પહોંચી હોય તો પચાસ વર્ષનું આયુષ્ય જાણવું અને કનિષ્કા અને અનામિકા વચ્ચે પહોંચી હોય તો પચીસ વર્ષનું આયુષ્ય જાણવું. તે રેખામાં ઉભી ઝીણાં રેખા આયુષ્ય રેખાની વચ્ચમાં આડા પડેલા હોય તેટલી ઘાતો સમજવી અને વચલી આંગળીથી નીચે હથેળીમાં આડી રેખા હોય તો તો માણસ કેદખાનું ભોગવે છે. અને જે માણસની બળેલી માટી જેવી આંખો હોય તે માણસના હાથથી હત્યા થશે તેમ જાણવું. આયુષ્ય રેખા ને ટચલી આંગળીના પાસે પોંચાને પડખે હથેળીમાં આડી રેખા જે હોય તેટલી સ્ત્રીઓ થાય અને તે લીટાથી આડા લીટા હોય તેટલી સ્ત્રીઓ મરે છે અને આડી રેખા તે લીટામાં ન હોય તો જન્મભર સ્ત્રીનું પુરૂ સુખ ભોગવે છે. હાથ પગના અંગુઠામાં અને આંગળીઓના ટેરવાંમાં ચારે તરફ ફરતી ઘુમરીવાળું ચક્ર હોય તો તો ચક્ર કહેવાય છે તે માણસ છત્રપતિના જેવું સુખ ભોગવે છે. અને તેવા ચક્રે ફરતી ઘુમરી ન ખાધી હોય અને પડખાંઓ સીધા ટીશા વહ્યા જાય તે સંખ કહેવાય છે. તે શંખ ચક્ર જેની આંગળીઓમાં હોય તે સુખી કહેવાય છે. અને તે ટેરવાના લીટી શંખ ચક્ર વગરના સીધા હથેલી તરફી આંગળી, બધા હોય તો તે માણસ દુઃખી જાણવો. આંગળીઓના અને અંગુઠાના અઠ્ઠાવીશ વેઢા થાય અને એકેક વેઢામાં વધારે લીટા હોય તો તે માણસ સુખી જાણવો. ટુંકા કે તુટેલા હોય તે દુઃખી જાણવો. આયુષ્યની રેખાથી ટચલી આંગળી તરફ ઉભી રેખા હોય તેને ધ્વજાની દાંડી કહે છે અને તે રેખાઓ ઉપર ધ્વજા જેવું ચિન્હ હોય અને તે રેખાં અંગુઠા તરફ ચાલી હોય તે ધ્વજા કહેવાય છે તો તે મનુષ્ય દેવરૂપે દેવપદ્ધી પુજાય છે. મચ્છર રેખાની પાસે કાંડાની હથેળીમાં વચલી આંગળી તરફ ઉભી રેખા જાય

તે ધન રેખા જાણવી. તે પુરૂષની જલતત્વથી ઉત્પત્તિ જાણવી તે માણસ રાજ્યસુખ કે દ્રવ્યસુખનો ભોક્તા છે. જો તે રેખા તુટેલી હોય તો તે થોડું સુખ ભોગવે છે અને તે રેખાઓમાંથી આડી ત્રાસી રેખાઓ પડી હોય તો તેનું મેળવેલું ધન પણ વપરાઈ જાય છે. મનુષ્ય પ્રાણીની હથેળીમાં ચાર ખુણાવાળો આકાર હોય તો તે કોઈ ગામધણીના જેવું કે રાજ્ય વૈભવના જેવું સુખ ભોગવે છે. અને તે ચોકઠાની ચારે તરફ દરેક બાજુએ ચોગઠા જેવી બીજી બાજું હોય તો તેને યજ્ઞકુંડ કહે છે. તેવા મનુષ્ય રાજયજ્ઞ કે યોગયજ્ઞ કરી શકે છે અને સારી કિર્તી પ્રાપ્ત કરે છે. હથેળીમાં દાંડી કે ત્રાજવાનું ચિન્હ હોય તો તે મનુષ્ય વેપારમાં સારો લાભ મેળવી શકે છે અને ત્રાજવા ઉંચા નીચા હોય તો તે મનુષ્ય વેપારમાં થોડો લાભ મેળવે છે.

મનુષ્માં હાથના અંગુઠાની ગાંઠ ઉપર લીટા લાંબા હોય તો તે માણસ સુખી થાય છે. માણસના અંગુઠાના વેઢાઓમાં જવના જેવો દાણો હોય તો તે માણસ સુખી થાય છે. મનુષ્યની આયુષ્યની રેખામાંથી તર્જની આંગળી વચ્ચે જે રેખા હોય તેને વિદ્યા સારી પ્રાપ્ત થાય છે અને તેમાં એક બે વધારે લીટા હોય તો બુદ્ધિ જ્ઞાન તેમાં શ્રેષ્ઠ હોય છે. અને તુટેલી કે ટુંકી હોય તો થોડી વિદ્યા પ્રાપ્ત કરી શકશે નહીં અને કદાચ મેળવે તો તે તેની બુદ્ધિ પહોંચે નહી.

મનુષ્યના શરીર કે માથામાં ચારે તરફ ધુમરી ખાતો ભમરો હોય તો તે સુખ માવતરનું કે ઈસ્ટોરનું ભોગવી શક્તો નથી અને માથામાં ભમરા જેવી રેખા હોય અને ધુમરી ન ખાધી હોય અને સીધી તાળવા તરફ જતી હોય તો તેને પદમ કહે છે. તેને સુખી જાણવો અને વળી બંન્ને ભ્રમર વચ્ચેછી ઉભી રેકા હોય તો તેને મચ્છરેખા કહેવાય છે. અને તેને પડખે પાંખડાં ફૂટેલા હોય તો સામરસીંગ કહેવાય છે અને તે માણસ સુખી રહે છે. તિલકની પેઠે બે પાંખડા સીધા ચાલ્યા હોય તો તેને તિલક કહે છે અને તે માણસ સુખી રહે છે. પહોળા લલાટવાળો અને તેજસ્વી માણસ સુખી જાણવું. અને સાંકડા લલાટ અને ફીકા પ્રકાશવાળું માણસ દુખી થાય છે. ગોર અને તેજસ્વી પ્રકાશવાળુ માણસ સુખી જાણવું. કોમળ ચામડી અને કોમળ રૂંવાડાવાળો પણ સુખી થાય છે. જેના રૂંવાડાના છીદ્રમાં એક વાળ હોય તો સુખી થાય છે. પણ એક છીદ્રમાં બે વાળ હોય તો

તે દુખી થાય છે. જે માણસ મીંજરો કે બિલાડાની આંખો જેવી પીંગળી આંખોવાળો હોય તે મગરમીટો ગણાય છે. તે કજીયા કરવાવાળો હોય છે અને તે સર્વે ઝઘડામાં જીતે છે. સ્ત્રી પુરૂષના જે ચિન્હ વર્ણવ્યા છે તે જમણી બાજુએ પુરૂષને લાભકારી છે અને સ્ત્રીઓને ડાબી બાજુ લાભકારી છે. પુરૂષ કરતાં સ્ત્રીઓના ચિન્હો ઉલટાં જાણવા આટલો સ્ત્રી પુરૂષનો તફાવત છે.

★★★

# શુભાશુભ હીરા (રત્ન)નું દૃષ્ટાંત

પૃથ્વીપતિ અને ધનપતિને સાર અનુસાર હીરા (રત્ન) પહેરવાથી અને ખરાબ લક્ષણવાળા હીરા પહેરવાથી ધનપતિ અથવા પૃથ્વીપતિને સાર અનુસાર ફળ મળે છે. તેથી આગળના અનાદી ઋષિ મુનિઓએ જેમ પંડવરમંડની શોધ કરીને જગતને સાર અનુસાર બતાવેલું છે તેમ સારા અને ખરાબ હીરા (રત્ન)માં પણ લાભ અને હાની રહેલાં છે. જેમ બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય અને શુદ્ર કે અસુર જાતિમાં જેમ ઉત્તમ, મધ્યમ અને કનિષ્ટ વગેરે ગુણો રહેલા છે તેવી રીતે હીરા (રત્ન)માં પણ ગુણ રહેલા છે.

**હીરા (રત્ન) અનેક પ્રકારના છે.**

૧. વજ્ર નામના હીરા, ૨. ઈન્દ્રનિલ નામના હીરા (રત્ન), ૩. મર્કત નામના હીરા (રત્ન), ૪. કર્કેતન નામનો હીરો, ૫. પદમરાગ એ નામનો હીરો, ૬. રૂધીરાખ્ય નામનો હીરો (રત્ન), ૭. વૈદુર્ય નામનો હીરો (રત્ન), ૮. પુલક નામનો હીરો (રત્ન), ૯. વિમલ નામનો હીરો (રત્ન), ૧૦. રાજ્યમણી નામનો હીરો (રત્ન), ૧૧. સ્ફાટીક નામનો હીરો (રત્ન), ૧૨. ચંદ્રકાન્ત નામનો મણી (રત્ન), ૧૩. સૌગાંધિક નામનો હીરો (રત્ન), ૧૪. ગોમેદક નામનો હીરો (રત્ન), ૧૫. શંખ નામનો હીરો (રત્ન), ૧૬. મહાનીર નામનો હીરો (રત્ન), ૧૭. પુષ્પરાગ નામનો હીરો (રત્ન), ૧૮. બ્રાહ્મણી નામનો હીરો (રત્ન), ૧૯. જયોતિરસ નામનો હીરો (રત્ન), ૨૦. શસ્યક નામનો હીરો (રત્ન), ૨૧. મોતી નામનો હીરો (રત્ન), ૨૨. પલવોલા નામનો હીરો (રત્ન) આવી રીતે બાવીસ જાતના હીરા (રત્ન) છે, તેમાં ૧. વજ્ર નામનો હીરો (રત્ન) ૨. મોતી નામનો હીરો ૩. પદમરાગ નામનો હીરો (રત્ન) ૪. મરકત નામનો હીરો (રત્ન), એ ચાર ઉત્તમ જાતના રત્નો છે. તેમ સોમ, બુધ અને બ્રહસ્પતિ, શુક્ર એ પણ શુભ ગ્રહ ઉત્તમ છે. તેમ બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યએ થયેલાં છે. જેમ હીરા (રત્ન)બાવીશ જાતના છે. તેમાં ધનપતિ અને પૃથ્વીપતિને ચાર હીરા (રત્ન) રાખવા સંભવિત છે. તેમ જગત બ્રહ્માંડમાં પણ સર્વે તારા, નક્ષત્ર તેમાં મંગલ, શનિ, રાહુ અને કેતું પાપ ગ્રહ અને રવિ ક્રૂર ગ્રહ અને સોમ, બુધ, ગુરુ અને શુક્ર એ શુભ ગ્રહો છે. તેમ અઢારે જાતિમાં પણ વર્ણાશ્રમ શુભાશુભ વર્ણવેલા

છે. (રહેલા છે) તેમ ઉત્તર, દક્ષિણ અને મધ્યના તેમાં પણ ઉત્તરાયણ શુભ રહ્યા છે. તેમ અઢાર ભાર વનસ્પતિ વનસ્પતિ પણ શુભાશુભ ગુણવાળી રહી છે. ઓગણપચાશ વાયુ પણ શુભાશુભ રહ્યા છે. તેમ એક ક્ષણ માત્રથી લઈને ઘડી, પળ, જગત, બ્રહ્માંડ સુધી જીવન પર્યંત જગત શુભાશુભ રહ્યું છે. તેમાં સૌ સૌના લખેલા શુભ વર્તમાન પ્રમાણે શુભ હોય તો સારૂં થાય છે. અશુભ પ્રમાણ લખ્યા પ્રમાણે અશુભ હોય તો જગત બ્રહ્માંડમાં અશુભ થાય છે. તેમ સર્વે પ્રાણીના કામનારૂપી પાવર અને મનના સ્વભાવના પાવર શુભ વર્તનમાં રાખો તો જગત પ્રાણીનો જન્મારો સફળ થાય છે. અને જગત પ્રાણીના મનના સ્વભાવ રૂપી પાવર અશુભ વર્તનમાં વર્તવા દીઓ તો જગત પ્રાણીનો જન્મારો વૃથા ગુમાવી દીએ છે. તેમ વર્ણાશ્રમના ધર્મ, નિતિધર્મ અને સત્યથી સુકૃત કર્મથી જગત વર્તે તો જગત ભાગ્યવાન અને સુખી રહે છે. પણ એકબીજાના ધર્મ ભ્રષ્ટ થઈ અનિતી અને અન્યાયથી અને દુકૃત કર્મથી વર્તે તો જગત ભાગ્યહીણ અને દુઃખી થાય છે. દુષ્કાળ, કલીકાળ, અને પ્રલયકાળ થાય છે કેમકે જગત પ્રાણીના રાશી, ગ્રહ, નક્ષત્ર, સૂર્ય, ચંદ્ર શુભ હોય તો જગત પ્રાણીને હાની, રોગ કે મૃત્યુ થવાનો સંભવ નથી. પણ જગત મનુષ્ય પ્રાણીની રાશી, ગ્રહ, નક્ષત્ર, દીન, દીશા, સૂર્ય, ચંદ્ર સર્વે ઉલટા હોય તો જગત પ્રાણીને હાની, રોગ કે મૃત્યુનો ભય રહે છે કેમ કે અણુમાત્રથી લઈને જગત બ્રહ્માંડમાં અનાદીથી કોઈપણ નિર્વિકારી કે નિર્ભય કોઈપણ પદ છે નહિ અનાદીથી અણુમાત્રથી લઈને જગત બ્રહ્માંડ સર્વેમાં વાસના વિકાર અને લાભ અને હાની તો પ્રસિદ્ધ રહ્યાં છે.

વેણુ નદીના તીરમાં ઉત્પન્ન થયેલા હીરામાં કોઈપણ પ્રકારનો દોષ રહેતો નથી. જેમ વેણુ નદીના તીરમાં ઉત્પન્ન થયેલા હીરા રત્નમાં કોઈપણ પ્રકારનો દોષ રહેતો નથી. તેમ ઈંગલા, પીંગલા અને સુષુમણાના પ્રાણનો અને બ્રહ્મનો નિરોધ કરી જે બિંદુ પ્રકાશ જલ હલ જયોત હીરા વેણુનાદ દશમેદ્વાર થાય છે. તેવા યોગીની દૃષ્ટિ આગળ દોષ રહેવા સંભવ નથી. જેમ સૂર્ય નારાયણ ઉદય થાતાં અંધારૂં આપે અદ્રશ્ય દૂર થાય છે તેમ તેવા ભજનાનંદી પુરૂષની દૃષ્ટિથી અજ્ઞાનરૂપી અંધારૂં અદશ્ય થાય છે અને દૃષ્ટિમાત્રમાં યોજન પર્યન્ત જગત બ્રહ્માંડ પવિત્ર થાય છે. તેમ જગત બ્રહ્માંડમાં સર્વે પ્રાણીઓમાં નિતિધર્મ

રહે તો જગત ભાગ્યવાન અને સુખી રહે છે. દુષ્કાળ, કલીકાળ અને પ્રલયકાળ થવાનો સંભવ નથી.

સરશવના ફૂલની માફક સફેદ પીળા હીરા કૌશલ્ય દેશમાં ઉત્પન્ન થાય છે. થોડા લાલ હીર સૌરાષ્ટ્ર (કાઠીયાવાડ) દેશમાં ઉત્પન્ન થાય છે. કાળા રંગના હીરા સુપારકર દેશમાં ઉત્પન્ન થાય છે. જરા લાલ રંગના હીરા હિમાલય પર્વતમાં ઉત્પન્ન થાય છે. મકાઈના દાણાના રંગની માફક હીરા મહાગંજ દેશમાં ઉત્પન્ન થાય છે. થોડા પીળા વર્ણના હીરા કલીંગ દેશમાં ઉત્પન્ન થાય છે. ઉપર લખેલી જગ્યાએ હીર (રત્ન) ઉતપન્ન થાય છે.

હવે છ ખુણીઓ સફેદ હીરાનો દેવ ઈન્દ્ર છે. કાળા અને સર્પના મોઢા જેવા આકારના હીરાનો દેવ જમ (યમ) છે. કેળના પાંદડાંની માફક લીલા અને પીળા અને સર્પના મોઢા જેવા આકારવાળા હીરા (રત્ન)નો દેવ વિષ્ણું કલપ્યા છે. થોડા પીળા હીરા (રત્ન)નો સ્વામી વરૂણ દેવ છે. ત્રણ ખુણીઆ તથા દિપડા (વાઘ)ની આંખ સમાન હીરા (રત્ન)નો સ્વામી અગ્નિ છે. જવની માફક વચ્ચમાંથી મોટા અને લાલ રંગના હીરા (રત્ન)નો દેવ વાયુ છે. એ પ્રમાણે હીરા (રત્ન)ના દેવો છે.

જલના પ્રવાહમાંથી ખાણમાંથી અથવા પૃથ્વીમાંથી કોઈ ઠેકાણેથી હીરા (રત્ન) મળે છે. લાલ અને પીળા રંગના હીરા (રત્ન) ધનપતી અથવા પૃથ્વીપતિને સારૂં ફળ આપે છે અને સફેદ રંગના હીરા (રત્ન) બ્રાહ્મણને સારૂં ફળ આપે છે. આઠ સરશવના દાણાનો એક ચોખો ગણાય છે. એવા વીસ ચોખાભાર હીરાની કિંમત પચાસ હજાર રૂપિયા થાય છે. વીસ ચોખાભારમાંથી બબ્બે ચોખાભાર કમતી કરીએ તો નીચે પ્રમાણે કિંમત આવે છે.

અઢાર ચોખાભાર હીરાની કિંમત ચોથો ભાગ કમી કરવાથી રૂા. ૩૭૫૦૦-૦-૦ (સાડત્રીશ હજાર પાંચસો રૂપિયા) થાય છે.

સોળ ચોખાભાર હીરાની કિંમત ૧/૩ એક તૃતીયાંશ ભાગ કમી કરવાથી રૂા. ૩૩૩૩૩-૬-૦ (તેત્રીસ હજાર ત્રણસો તેત્રીસ છ આના) થાય છે.

ચૌદ ચોખાભાર હીરાની કિંમત ૧/૨(અડધી) કમી કરવાથી રૂા. ૨૫૦૦૦-૦-૦ (પચીસ હજાર રૂપિયા) થાય છે.

બાર ચોખાભાર હીરાની કિંમત પચાસ હજાર રૂપિયાનો ૧/૩ ભાગ એટલે રૂા. ૧૬૬૬૬-૧૦-૮ (સોળ હજાર છસો છાસઠ રૂપિયા દશ આના આઠ પાઈ)થાય છે.

દશ ચોખાભાર હીરાની કિંમત પચાસ હજાર રૂપિયાનો ૧/૫ ભાગ એટલે રૂા. ૧૦૦૦૦-૦-૦ (દશ હજાર રૂપિયા) થાય છે.

આઠ ચોખાભાર હીરાની કિંમત પચાસ હજાર રૂપિયાનો સોળમો ભાગ એટલે રૂા. ૩૧૨૫-૦-૦ (ત્રણ હજાર એકસો પચીસ રૂપિયા) થાય છે.

છ ચોખાભાર હીરાની કિંમત પચાસ હજાર રૂપિયાનો પચ્ચીસમો ભાગ એટલે રૂા. ૨૦૦૦-૦-૦ (બે હજાર રૂપિયા) થાય છે.

ચાર ચોખાભાર હીરાની કિંમત પચાસ હજાર રૂપિયાનો સોમો ભાગ એટલે રૂા. ૫૦૦-૦ (પાંચસો રૂપિયા) થાય છે. બધા હથિયારથી તુટી ન શકે એવો નાનો, પાણીમાં તરવાવાળો, કિરણવાળો, ચિકણો અને વિજળી, અગ્નિ અથવા ઈન્દ્ર મનુષ્યની માફક તેજસ્વી એવો હીરો (રત્ન) કલ્યાણકારી અને લાભકારી છે.

હીરામાં કાગડાના પગનાં જેવાં ચિન્હ હોય, માખીના જેવું ચિન્હ હોય, નિમાલાની માફક રેષા હોય માટી વગેરે ધાતુઓથી મળેલો હોય અને નાની કણીવાળો હોય, બે ખુણીયા હોય, વીંધેલો હોય, અગ્નિમાં બળી ગયેલો હોય, માટીવાળો હોય અથવા તેજ વિનાનો હોય તો તે હીરો (રત્ન) શુભ ગણાતો નથી.

પાણીના પરપોટાની માફક ચારે તરફથી ફાટેલો, ચપટો અને અરડુસાના પાંદની માફક લાંબો હોય તો તે જે ઉપર લખેલી કિંમત છે તેના કરતાં ૧/૮ કમતી જાણવો.

સ્ત્રીઓને ત્રણ પડવાળો અને સુકા ધાણાના જેવા આકારવાળો હીરો લાભકારી છે.

ખરાબ લક્ષણવાળો હીરો પોતાના માણસનો અને લક્ષ્મીનો અથવા આયુષ્યનો નાશ કરે છે.

સારા લક્ષણના હીરાથી વીજળી પડવાનો ભય કે ઝેરનો ભય રહેતો નથી અને શત્રુનો નાશ થાય છે. જેમ વર્ણાશ્રમના ધર્મ અને નિતિધર્મ અને સત્ય અને સુકૃત કર્મથી જગત ભાગ્યવાન અને સુખ સંપતમાં રહેવાનો સંભવ છે. પણ ધર્મભ્રષ્ટ કે નિતિભ્રષ્ટ કે દુકૃત કર્મ કરે તો જગત ભાગ્યહીણ અને દુઃખી થાય છે. આ પ્રમાણે હીરા, માણેક રત્નો સર્વે શુભાશુભ હોય તેવા શુભાશુભ લાભ હાની ભોગવે છે.

★★★

# શુભાશુભ મોતનું દષ્ટાંત

હાથી, સર્પ, કાલુ છીપ, શંખમેઘ, વાંસ, માછલાં અને ભુંડએ આઠમાંથી મોતી પાકે છે. સિલોન, પારલોક, કાઠીયાવાડ દેશ, તામ્રવરણી નદી, પારસ દેશ, કૌબેર, પાંડયવાટને હૈમદેશ, એ આઠ મોતી નિપજાવવાનાં સ્થાન છે.

ઘણી જગ્યા પર પાકનારાં સ્વચ્છ હંશની માફક કાન્તિદાર મોટાં મોતી સિલોનમાં પાકે છે. થોડાં લાલ સફેદ, પીળાં રેતીવાળા સરખાં નહી એવાં મોતી પારલૌકીક દેશોમાં પાકે છે.

ઘણાં મોટાં નહી તેમ ઘણા નાના નહીતથા માખણના રંગના મોતી કાઠીયાવાડ દેશમાં પાકે છે. તેજવાળા, સફેદ રંગના, વજનમાં ભારે અને ઉત્તમ ગુણવાળા મોતી પારસવ દેશમાં પાકે છે.

નાનાં, ફીક્કાં, દહીંનાં રંગના જાડાં પતરીનાં એકની અંદર બે મળેલા હોય એવાં દેખાય એવાં મોતી હિમાલયમાં ઉત્પન્ન થાય છે.

સરખાં, નહી કાળા રંગના સફેદ, નાનાં, વધારે તેજવાળા મોતી કૌબેર દેશમાં થાય છે.

લિંબોડી જેવી ત્રણ પતરીના, સુકા ધાણા જેવાં, ઘણાં ઝીણાં મોતી પાંડય દેશમાં થાય છે.

અલસીના ફુલની માફકના કાળાં મોતીનો દેવ વિષ્ણુ છે. ચંદ્રની માફક સફેદ રંગના મોતીનો દેવ ઈન્દ્ર છે. હલતાલની માફક પીળા રંગના મોતીનો દેવ વરૂણ છે. કાળાં મોતીનો દેવ જમ (યમ) છે, પાકા દાડમના દાણીની માફક અને કાંઈક લાલ રંગના મોતીનો દેવ વાયુ છે. ધુમાડા સિવાયના અગ્નિ કે કમળની માફક રંગદાર તેજસ્વી મોતીનો દેવ અગ્નિ છે. તેજદાર ઉન્મત ગુણવાળા એક મોતીની કિંમત તથા તેના વજનના તોલનું કોષ્ટક નીચે લખીએ છીએ.

★★★

# પાંચ ચણોઠીનો એક માશો

૪ માંસા વજનનું મોતી હોય તેની કિંમત રૂા. ૧૩૫૫-૦-૦ (તેરસો પંચાવન રૂપિયા) થાય છે.

૩ ।। માસા વજનનું મોતી હોય તેની કિંમત રૂા. ૮૦૦-૦-૦ (આઠસો રૂપિયા) થાય છે.

૩ માસા વજનનું મોતી હોય તેની કિંમત રૂા. ૫૦૦-૦-૦ (પાંચસો રૂપિયા) થાય છે.

૨ ।। માસા વજનનું મોતી હોય તેની કિંમત રૂા. ૩૨૫-૦-૦ (ત્રણસો પચ્ચીસ રૂપિયા) થાય છે.

૨ માસા વજનનું મોતી હોય તેની કિંમત રૂા. ૨૦૦-૦ (બસો રૂપિયા) થાય છે.

૧ ।। માસા વજનનું મોતી હોય તેની કિંમત રૂા. ૮૮-૪-૦ (અઠ્ઠાસી રૂપિયા ચાર આના) થાય છે.

૧ માસા વજનનું મોતી હોય તેની કિંમત રૂા. ૩૩-૧૨-૦ (તેત્રીસ રૂપિયા બાર આના) થાય છે.

૪ ગુંજાના મોતીની કિંમત રૂા. ૨૨-૮-૦ (બાવીસ રૂપિયા આઠ આના) થાય છે.

૩ ।। ગુંજાના મોતીની કિંમત રૂા. ૧૭-૮-૦ (સત્તર રૂપિયા આઠ આના) થાય છે.

૩ ગુંજાના મોતીની કિંમત રૂા. ૧૨-૮-૦ (બાર રૂપિયા આઠ આના) થાય છે.

૨ ।। ગુંજાના મોતીની કિંમત રૂા. ૮-૧૨-૦ (આઠ રૂપિયા બાર આના) થાય છે.

૪ તોલાનો એક પળ ગણાય છે. અને પળનો દશમો હિસ્સો તે ઘરણ કહેવાય છે.

૩૨ ગુંજાભાર વજનના ઘણાં જ રૂપાળાં ૧૩ મોતી હોય તો તેની કિંમત રૂા. ૩૨૫-૦-૦ (ત્રણસો પચ્ચીસ રૂપિયા) થાય છે.

૧૬ મોતી રૂપાળા ઘરણના વજનની માફક હોય તો તેની કિંમત રૂા. ૨૦૦-૦૦ (બસો રૂપિયા) થાય છે.

૨૦ મોતી રૂપાળા ઘરણના વજનની માફક હોય તો તેની કિંમત રૂા. ૧૭૦-૦-૦ (એકસો સિત્તેરે રૂપિયા) થાય છે.

૨૫ મોતી રૂપાળા ઘરણના વજનની માફક હોય તો તેની કિંમત રૂા. ૧૩૦-૦-૦ (એકસો ત્રીસ રૂપિયા) થાય છે.

૩૦ મોતી રૂપાળા ઘરણના વજનની માફક હોય તો તેની કિંમત રૂા. ૭૦-૦-૦ (સિત્તેર રૂપિયા) થાય છે.

૪૦ મોતી રૂપાળા ઘરણના વજનની માફક હોય તો તેની કિંમત રૂા. ૫૦-૦-૦ (પચાસ રૂપિયા) થાય છે.

૫૫ અથવા ૬૦ મોતી રૂપાળા ઘરણના વજનની માફક હોય તો તેની કિંમત રૂા. ૪૦-૦-૦ (ચાલીસ રૂપિયા) થાય છે.

૮૦ મોતી રૂપાળા ઘરણના વજનની માફક હોય તો તેની કિંમત રૂા. ૩૦-૦-૦ (ત્રીસ રૂપિયા) થાય છે.

૧૦૦ મોતી રૂપાળા ઘરણના વજનની માફક હોય તો તેની કિંમત રૂા. ૩૫-૦ (પાંત્રીસ રૂપિયા) થાય છે.

૨૦૦ મોતી રૂપાળા ઘરણના વજનની માફક હોય તો તેની કિંમત રૂા. ૧૨-૦-૦ (બાર રૂપિયા) થાય છે.

૩૦૦ મોતી રૂપાળા ઘરણના વજનની માફક હોય તો તેની કિંમત રૂા. ૬-૦-૦ (છ રૂપિયા) થાય છે.

૪૦૦ મોતી રૂપાળા ઘરણના વજનની માફક હોય તો તેની કિંમત રૂા: ૫-૦-૦ (પાંચ રૂપિયા) થાય છે.

૫૦૦ મોતી રૂપાળા ઘરણના વજનની માફક હોય તો તેની કિંમત રૂા. ૩-૦-૦ (ત્રણ રૂપિયા) થાય છે.

૧૩ મોતીભાર જો ઘરણ થાય તો તેને પીકા નામ આપેલું છે.

૧૬ મોતીભાર જો ઘરણ થાય તો તેને પીચા નામ આપેલું છે.

૨૦ મોતીભાર જો ઘરણ થાય તો તેને અર્ધા નામ આપેલું છે.

૩૦ મોતીભાર જો ઘરણ થાય તો તેને પણ અર્ધા નામ આપેલું છે.

૩૦ મોતીભાર જો ઘરણ થાય તો તેને રવક નામ આપેલું છે.

૪૦ મોતીભાર જો ઘરણ થાય તો તેને સીક્થ નામ આપેલું છે.

૫૫ મોતીભાર જો ઘરણ થાય તો તેને નીગર નામ આપેલું છે.

૮૦ થી ૫૦૦ મોતીભાર જો ઘરણ થાય તો તેને ચુરણ નામ આપેલું છે.

આ મોતી જયાં ઉત્પન્ન થાય છે ત્યાં મોતીનાં નામ આપેલું છે.

ઉપર પ્રમાણે મોતીનાં વજન, ઘરણ, ભાર, વગેરે કહ્યાં છે તે પોતાની બુદ્ધિ પ્રમાણે મોતીની કિંમત કરી લેવી એટલે વ્યસ્ત ત્રિરાસીના હિસાબથી મોતીની કિંમત કરી લેવી. જો મોતીના સારા ગુણ ન હોય તો તેની કિંમત ઉપર લખેલી કિંમતમાંથી ૧/૩ કમતી કરવી પણ ખરાબ હોય તો ૧/૬ ભાગ કિંમત કમતી કરવી ઘણા પીળા હોય તો ૧/૨ કમી કરવી.

ઈન્દ્રનો હાથી ઐરાવત છે. તેના કુળમાં હાથીઓ પુષ્ય નક્ષત્ર, ચંદ્રવાર (સોમવાર) રવિવારને દિવસે ઉત્પન્ન થયેલા એવા ચંદ્ર, સૂર્યને ગ્રહણમાં ઉત્પન્ન થયેલા એવા હાથીઓનું ભદ્ર નામ આપેલું છે.

ઉપર લખેલા ભદ્ર નામના હાથીના મગજમાં મોતી પાકે છે. તે મોતી ઘણાં જ તેજસ્વી અને અનેક આકારના હોય છે. તે મોતીની કિંમત કરવી નહી અગર વીંધવું નહી કારણ કે તેજસ્વી અને ઘણાં જ પવિત્ર છે. અને પૃથ્વી પતિ અને ધનપતિ એ મોતી વાપરવાથી પુત્ર, જય અને આરોગ્યતા અને સુખ સંપત આબાદીમાં રહે છે.

ભુંડની દાઢના મુળમાં ચંદ્રની માફક મોતી પાકે છે.

માછલીની આંખની માફક આકારવાળા ઘણા પવિત્ર અને બહુ ગુણવાળા એવાં મોતી માછલીમાં ઉત્પન્ન થાય છે.

આકાશમાં વાયુના સાતમાં પડમાંથી નીચે પડેલા કરાની માફક આકારવાળા અને વીજળીની માફક ચમકવાળાં જે મોતી થાય છે. તેનું નામ મેઘોત્પન (મેઘથી થયેલા) મોતી છે.

તક્ષક અને વાસ્કકી એ બે સર્પના વંશોમાં ઉત્પન્ન થયેલા અને પોતાની મરજીમાં આવે ત્યાં ગમન કરનારા એવા સર્પોની ફણના છેડામાં નિર્મળ અને કાળા રંગના મોતી થાય છે. જેમ મોતીને શુધ્ધ જમીન પર કે ચાંદીના વાસણમાં મુકવાથી તત્કાળ વૃષ્ટિ થાય છે. તે મોતી આ જાતના છે. એમ જાણવું અને નાગજ સર્પથી ઉત્પન્ન થયેલાં એમ કહેવાય છે. એમ જગતમાં નીતીધર્મ અને સુકૃત કર્મથી જગત આનંદમય અને સુખ સંપતિમાં રહે છે.

આ નાગજ મોતીને જે ધનપતી અથવા પૃથ્વીપતી કિંમત કર્યા સિવાય ધારણ કરે તે રાજાને દ્રવ્ય લાભ, શત્રુનાશ, યશ વૃદ્ધિ અને વિજય થાય છે.

કપુર અને સ્ફટિક મણીના જેવાં, ચપટાં અને અસમ એવાં મોતીને વંશજ (વાંસમાંથી ઉત્પન્ન થયેલાં) મોતી જાણવાં તે મોતીને શંખોજદવ (શંખમાંથી ઉત્પન્ન થયેલાં) મોતી જાણવાં.

શખ, માછલાં, વાંસ, હાથી, સુવર, સર્પ અને મેઘ એથી ઉત્પન્ન થયેલાં મોતીને વિંધવા નહીં. એ મોતીઓ ઘણાં જ ગુણવાન છે તેથી શાસ્ત્રમાં તેની કિંમત કહી નથી.

એક હજાર આઠસર (આંટાસલુ)નો એને ચાર હાથ લાંબો એવો મોતીનો હાર દેવતાઓ ધારણ કરે છે. એ હારનું નામ ઈંદ્રાસન છે એથી અરધી સર (સલુ)ના હારને વિજયચ્છંદ કહે છે. એકસોને આઠ સર (સલુ)ના હારને વિજયચ્છંદ કહે છે. એકસોને આઠ સર (સલ)ના એ બે હાથ લાંબા એવા મોતીના હારને દેવચ્છંદ કહે છે. ચોસઠ સર

(સલ)ના હારને અર્ધ હાર કહે છે. ચોપન સર (સલ)ના હારને રસ્મીકલાપ હાર કહે છે. બત્રીસ સલના હારને ગુચ્છહાર કહે છે. સોળ સરના હારને માણવ હાર કહે છે. બાર સલુના હારને અર્ધ માણવહાર કહે છે. આઠ સરના હારને મંદર કહે છે. અને પાંચ સલના હારને ફલક કહે છે.

સત્તાવીશ મોતીનો અને એક હાથ લાંબો એવા હારને નક્ષત્રમાળા કહે છે. આ હારની વચ્ચમાં રત્નસુવર્ણ અને મણી હોય તો તેને સો પાન કહે છે. એની વચમાં તરલકમણી હોય તો તેને ચાટુકર કહે છે. આ પ્રમાણે શુભાશુભ વર્ણવેલા છે અને તેના ગુણ પ્રમાણે ફળ આપે છે.

★★★

# શુકન વિષે દૃષ્ટાંત

શુભ કામે ઘરથી અથવા ગામથી બહાર નીકળતાં સ્ત્રીને નામે જે ઝાડ, દેવકે પશુ પ્રાણી હોય તો તે ડાબી તરફ'હોય તો તો સારાં અથવા વાંસે હોય તો સારાં પણ જમણી તરફ કે આગળ હોય તો તે લાભ દેતાં નથી. બિલાડી, સર્પ, કૂતરાં, શિયાળ, ગધેડું સ્ત્રી એ સર્વે જમણી તરફથી ડાબી તરફ ઉત્તરે અથવા વાંસે કે ડાબે પડખે હોય અને તેના કોઈ શબ્દ કરે તો સારૂં પણ ડાબી તરફથી જમણી તરફ જાય કે સનમુખ હોય તો તે લાભ દેતા નથી. શુદ્ર લોક, વસવાયા અથવા કાળા વસ્ત્રવાળું, ભગવું વસ્ત્ર કે વસ્ત્ર વગરનો અમંગલીક સાધુ કે વિધવા, દૂધ, મીઠું તેલ, ઘી અથવા ઝાડું અથવા કોઈ ભીને કપડે કે મુંડાવેલ કે ઉઘાડે માથે કે તેલ ચોપડેલું (મર્દન) કે કૃપણ કે દંભી કે પોતાની સ્ત્રી કે ગાડું આટલા સામા મળે તો કોઈ પણ લાભ મળતો નથી પણ તે હાનિકર્તા છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, વાઘ, હાથી, ઘોડાં, તેતર, ભૈરવ કે કોઈ ઉદાર માણસ કુડ કપટથી રહીત માંગલીક કે સારાં વસ્ત્ર પહેરેલો અથવા હરણ અથવા નોળીયાં એ સર્વે લાભકારી છે. તે વર્તમાનથી ઉલટાં હોય તો તે લાભ દેતાં નથી. છીંક વાંસે કે ડાબે પડખે કે ઉંચેથી થાય તો સારી પણ જમણે પડખે કે સનમુખ કે નીચેથી છીંક થાય તો તે લાભ દેતી નથી અને પોતાની છીંક કે પોતાની સ્ત્રીની છીંક સર્વે શુભ કામમાં હાની કરતા છે તેમ પોતાના શુભ તત્વ તથા શુભ ગ્રહ, શુભ રાશી, શુભ નક્ષત્ર, અને શુભ દીન, દીશા અને શુભ ચોઘડીઓ તે સર્વે કામમાં લાભકારી છે તથા જવા આવવામાં પણ લાભકારી છે તેથી અશુભ હોય તો હાનીકર્તા છે.

સત્યુગમાં સતપાવજી લીધી,
ત્રેતાયુગમાં લીધા દંડા;
દ્વાપરમાં આડબંગ લંગોટી વાળી,
કલીયુગમાં લીધા ઝોળી ઝંડા.

સત્ય યુગમાં પાવડી ધારણ કરીને સત પકડીને બેસી જતા, ત્રેતાયુગમાં કોઈ બેસી ન શક્યા તેથી દંડધારી થયા. દ્વાપર યુગમાં કામના ન જીતાણી તેથી લંગોટીવાળી અને કલીયુગમાં અઢારે વર્ણને પોતાના હુન્નરથી પેટ ન ભરાણું એટલે ઝોળી ઝંડા લઈને ભિખારી થયા.

# કલિયુગનું ભવિષ્ય

લોકો ધર્મ છોડી અધર્મનો આશ્રય લેશે. વરસાદ બરાબર આવશે નહી. અને ધાન્ય સારાં પાકશે નહી. પુરૂષાર્થ કરવા છતાં પણ જીવો નિર્વાહનાં સાધન મેળવી શકશે નહી. મનુષ્યનું આયુષ્ય સોળ વર્ષનું થશે. મનુષ્યની ઉંચાઈ પગના ઘુંટણ જેટલી થશે. પશુઓ નાનાં પક્ષી જેવાં થશે. તેમને માંસ પણ મળશે નહી. તેઓ કીડી, મંકોડીઓના ભક્ષ કરી તથા ધુળચાટીને પેટ ભરશે. નર અને નારી ગ્રહસ્થાશ્રમમાં હોવા છતાં અનેક ઘર વહેવાર ભોગવતા ફરશે દરેકને ઘણી સંતતી થશે. પણ મા બાપ પ્રજાને પાળશે નહી. સવાશેર કાંસું કે બકરીના છાશ પણ જગતમાં મળવી મુશ્કેલ થશે. અંતે મનુષ્ય પ્રાણી હાથના અંગુઠાના ટેરવા જેવડું થશે, અને કીડો જેમ ધુળ ખાઈને નિર્વાહ કરે છે તેમ જગત ધુળ ખાઈને નિર્વાહ ચલાવશે.

છેવટનો પ્રલયકાળ આવશે, તે પૂર્વે સૃષ્ટિની ઉત્પત્તિથી જ ઉલટી ક્રિયા થવા લાગશે. સર્વે મનુષ્યો પોતાની નીતિધર્મ અને આશ્રમથી ભ્રષ્ટ થશે. ઉંચ જાતી નીચ જાતીના આચરણમાં ખેંચાઈ જશે અને ઉપદેશકો પણ નીતિભ્રષ્ટ, વર્ણાશ્રમ ભ્રષ્ટ, થઈ વર્ણશંકર ઉપદેશ આપશે. મોટા પુરૂષો પણ (મહાત્મા પુરૂષો) પણ સેવકોનું ધન હરશે અને રાજાઓ તેવા ઉપદેશકોનું એકઠું કરેલું ધન હરી લેશે. રાજા નીતિ ધર્મથી ભ્રષ્ટ થઈને રૈયતને ઠગશે અને વસ્તીનું પાલન પોષણ કરશે નહી. પશુ, પક્ષી મનુષ્ય પ્રાણી પોતાની ઉલટી જાતિમાં મૈથુન કરશે. અને તે પણ વ્યાજમ ઋતુ વિનાના કરશે. ત્યારે આકાશમાંથી વૃષ્ટિ કમી થશે અને વારંવાર દુષ્કાળ પડશે. સૂર્ય, ચંદ્ર દસદીશા, તારા, નક્ષત્ર, સર્વ કોઈ ઉલટાં વર્તમાન કરશે અને તેમનાં તેજ ઝાંખા થશે અને તેમનો પ્રકાશ ધુમાડા જેવો અને રાખોડી જેવો થશે. છેવટે પૃથ્વીતત્વ ગળીને જલ તત્વમાં ભળશે. અને અગ્નિતત્વ બુઝાઈને વાયુતત્વમાં ભળશે અને વાયુતત્વ આકાશ તત્વમાં ભળશે અને આકાશ તત્વ અહંકાર તત્વમાં ભળશે. અહંકાર તત્વ મહાતત્વમાં ભળશે અને મહાતત્વ વાસુદેવ તત્વમાં ભળશે અને વાસુદેવ તત્વ ઈશ્વરી અંશ તત્વમાં ભળશે અને ઈશ્વરી અંશ તત્વ હણાઈને સર્વનો પ્રલય થશે. જેમ ઉત્પત્તિ વખતે નવ તત્વો ક્રમે ક્રમે વિકારથી થયા હતા. તેમ

પ્રલયકાળ વખતે તે તત્વનો એક બીજામાં લય થઈ મૂળ તત્વમાં હણાય છે. આ પ્રમાણે બ્રહ્માની ઉત્પત્તિ તથા લય થાય છે.

મનુષ્ય પણ મરવાનો હોય ત્યારે તેવાં સાધનો જેવાં કે પાંચ તત્વો, પચીશ પ્રકૃતિઓ, અગિયાર ઈંદ્રિયોના વિષય, ચિત, બુદ્ધિ, મન, અહંકાર, પાંચ પ્રાણ વાયુ, પાંચ નાગવાયુ વગેરે ઉલટી રીતે ચાલવા લાગે છે. પ્રલયકાળ અને ઉત્પત્તિ સદાય ચાલ્યા જ કરે છે. પ્રલયકાળ વખતે પણ સુક્ષ્મ વિકાર રહી જાય છે. સૃષ્ટિની ઉત્પત્તિ ક્યા અનુક્રમે થાય છે. તે આગળ કાવ્યરૂપે લખવામાં આવેલ છે. જેમ દીવસ રહે છે તેટલો પાછો પ્રલયકાળ રહે છે. આ પ્રમાણે સૃષ્ટિનું ચાલ્યા જ કરે છે.

★★★

# બ્રહસ્પતિના વર્ષનું ફળ

વિક્રમાંકનો વર્તમાન શક છોડી દઈ ગયેલાં વર્ષના અંકને અગિયારે ગુણવા અને પછી ચારે ગુણવા. ગુણાકારના અંકમાં ૮૫૮૯ ઉમેરવા અને આવેલી રકમને ૩૭૫૦ વડે ભાંગવી, ભાગાકાર કરતાં જે ફળ.........જવાબ આવે તે વર્ષની રાશી જાણવી અને શેષ રહેલા અંકને ૩૦ વડે ગુણી ૩૭૫૦ વડે ભાંગવો જે ફળ આવે તેને અંશ જાણવો અને શેષ રકમ રહે તેને ૬૦ વડે ગુણી ૩૭૫૦ વડે ભાગવી, જે ફળ આવે તે વિકળા જાણવી. આ પ્રમાણે રાશિ, અંશ, કળા, વિકળા, નીકળે છે. પછી તે રાશીના અંકને વર્તમાન શકના અંકમાં ઉમેરવો અને તેને ૬૦ વડે ભાગવો. ભાગાકાર કરતાં જે ફળ આવે તેને ગત ષષ્ટિ સંવત્સર જાણવો અને વર્તમાન ષષ્ટિ સંવત્સરને પાંચ વડે ભાંગવો, ભાગાકારમાં જે શેષ રહે તે વર્તમાનનાં વર્ષ થાય છે. નારાયણ પૂર્વક ગત વર્ષાદી થાય છે. રાશીમુક્ત કરેલા શકના અંકને ૬૦ વડે ભાંગતા જે ફળ આવે તે ફળને બે જગ્યાએ મુકવું. એક અંકને નવ વડે ગુણવો અને બીજાને બારથી ભાંગવો. આ ભાગાકાર કરતાં જે ફળ આવે તેને ઉપરના કોઠામાં ઉમેરવું અને પછી તે રકમને ૪ વડે ભાગવી જે ફળ આવે તે ધનિષ્ટાદી નક્ષત્ર આવે છે અને જે શેષ કહે તે અંશાપૂર્વક વર્ષ હોય છે.

બ્રહસ્પતિ ધનિષ્ટા નક્ષત્રમાં પ્રથમ ચરણમાં અને માઘ માસમાં ઉદય હોય ત્યારથી પહેલા પ્રભવ સંવત્સરનો પ્રારંભ થાય છે. હવે પ્રથમ વિષ્ણુ યુગનાં પાંચ : વર્ષ જાણવાં તેમાં પ્રભવ સંવત્સરમાં અનાવૃષ્ટિ વાયુ અને અગ્નિકોષ થાય, અતિવૃષ્ટિ, કફજન્ય રોગ અને ઉપદ્રવ કોઈ કોઈ જગ્યાએ થાય; પણ પ્રજાને દુઃખ થતું નથી. બીજુ વર્ષ વિભવ; ત્રીજું શુકલ, ચોથું પ્રમોદ, અને પાંચમું પ્રજાપતિ આ ચાર વર્ષ ઉત્તરોત્તર શ્રેષ્ઠ જાણવાં અને એ ચાર વર્ષમાં શેરડી તથા કઠોર સારા થાય. લોકો ભય રહીત અને આનંદી બને. રાજા સારી રીતે પ્રજાનું પાલન કરે. આ યુગ સંવત ૧૯૭૨ થી ૧૯૭૬ સુધીના પાંચ વર્ષનો જાણવો.

બ્રહસ્પતિનો બીજો યુગ સંવત ૧૯૭૭ થી ૧૯૮૧ સુધીના પાંચ વર્ષનો જાણવો. પ્રથમ વર્ષ અંગિરા, બીજું શ્રીમુખ, ત્રીજું ભાવ, ચોથું યુવા અને પાંચમું ધાતા, તેમાંના

પ્રથમ ત્રણ વર્ષ શ્રેષ્ઠ જાણવા અને પછીનાં બે મધ્યમ જાણવાં. પ્રથમનાં ત્રણ વર્ષમાં પૂર્ણ વૃષ્ટિ થાય અને લોકો ઉપદ્રવ તથા ભય રહીત હોય. છેવટનાં બે વર્ષમાં મધ્ય વૃષ્ટિ થાય અને લોકોને રોગ થાય, તેમ યુદ્ધ પણ ચાલે.

બ્રહસપતિનો ત્રીજો યુગ ઈન્દ્રયુગ સંવત ૧૯૮૨ થી ૧૯૮૬ સુધીનાં પાંચ વર્ષનો છે. તેમનાં નામ નીચે પ્રમાણે છે. પ્રથમ વર્ષ ઈશ્વર, બીજું વર્ષ ધાન્ય, ત્રીજું પ્રમાથી, ચોથું વિક્રમ, પાંચમું વૃષભ, પહેલા અને બીજા વર્ષમાં પ્રજા સત્યયુગની માફક ધર્મ વિશે તત્પર થાય અને દિર્ઘાયુષી બને ત્રીજા વર્ષમાં અનિષ્ટ ફળ આવે, ચોથા અને પાંચમાં વર્ષમાં સુકાળ થાય પણ લોકોને રોગનો ભય રહેશે.

ચોથો અગ્નિયુગ સંવત ૧૯૮૭ થી ૧૯૯૧ સુધીના પાંચ વર્ષનો છે. તેનાં નામ ચિત્રભાનુ, સુભાનુ, તારણ, પાર્થિવ અને વ્યય છે. પ્રથમ વર્ષ શ્રેષ્ઠ ફળ આપનારૂં છે. બીજું વર્ષ રોગનો ઉપદ્રવ કરનારૂં છે. ત્રીજુ વર્ષ મધ્યમ ફળ આપનારૂં છે. અને ચોથા વર્ષમાં પુષ્કળ વૃષ્ટિ ધાન્યની વૃદ્ધિ અને પ્રજાને આનંદ થાય. પાંચમું વર્ષ વિવાહાદિક ઉત્સાહને આપનારૂં છે.

પાંચમો ત્વષ્ટા યુગ સંવત ૧૯૯૨ થી ૧૯૯૬ સુધીનાં પાંચ વર્ષનો છે. તે પાંચનાં નામ અનુક્રમે સર્વજીત, સર્વધારી, વિરોધી વિકૃત અને ખર છે. તેમાં બીજું સર્વધારી શુભ છે. અને બાકીના ચાર વર્ષ અશુભ છે.

છઠ્ઠો અહિર્લુધન્ય યુગ સંવત ૧૯૯૭ થી ૨૦૦૧ સુધીના પાંચ વર્ષનો છે. તે પાંચના નામ અનુક્રમે નંદ, વિજય, જય મનમથ, અને દુરમુખ છે. પ્રથમનાં ત્રણ વર્ષ શુભ ફળ આપનારાં અને ચોથું વર્ષ મધ્યમ ફળ આપનારૂં અને પાંચમું અશુભ ફળ આપનારૂં ગણવું.

સાતમો પિતૃયુગ સંવત ૨૦૦૨ થી ૨૦૦૬ સુધીનાં પાંચ વર્ષનો જાણવો. તેનાં નામ હેમલંબ, વિલંબ, વિકારી, સાર્વરી અને પ્લવ છે. પ્રથમ વર્ષમાં વૃષ્ટિ ઘણી થાય, અને વર્ષના પ્રથમ ભાગમાં વાયુનું જોર બહુ હોય, બીજા વર્ષમાં અલ્પવૃષ્ટિ અને ધાન્ય

પણ અલ્પ પાકે. ત્રીજા વર્ષમાં અત્યંત દુઃખવાળી પ્રજા થાય. ચોથા વર્ષમાં દુકાળ પડે, અને પાંચમાં વર્ષમાં અતિવૃષ્ટિ થાય અને શુભ ફળ આપે.

આઠમો યુગ વિશ્વયુગ સંવત ૨૦૦૭ થી ૨૦૧૧ સુધીનાં પાંચ વર્ષનો છે. તેનાં નામ શુભકૃત, શોભન, ક્રોધી, વિશ્વાસુ અને પરાભવ છે. પ્રથમના બે વર્ષ સંતોષકારક છે. ત્રીજું વર્ષ અશુભ છે. ચોથું અને પાંચમું વર્ષ મધ્યમ છે. વળી પાંચમાં વર્ષમાં અગ્નિ, શસ્ત્ર, રોગથી લોકો પીડા પામે અને ગાયો તથા બ્રાહ્મણને ભય થાય.

નવમો સોમ યુગ સંવત ૨૦૧૨ થી ૨૦૧૬ સુધીનાં પાંચ વર્ષનો છે. તેમનાં નામ પ્લવંગ, કીલક, સૌમ્ય, સાધારણ અને વિરોધકૃત છે. પ્રથમના બે વર્ષ શુભ છે. પણ પહેલાં વર્ષમાં પ્રજાને અંતે દુઃખ થાય. ત્રીજા અને ચોથા વર્ષમાં અલ્પ વૃષ્ટિ અને રોગની ઉત્પત્તિ થાય અને છેલ્લા વર્ષમાં કવચિત વૃષ્ટિ થાય પણ અનાજ સારૂ પાકે.

દશમો ઈન્દ્રાગ્નિયુગ સંવત ૨૦૧૭ થી ૨૦૨૧ સુધીના પાંચ વર્ષનો છે, તેનાં નામ પરિધાવી, પ્રમાદી, આનંદ, રાક્ષસ અને અનલ છે. પ્રથમ વર્ષમાં મધ્યપ્રદેશનો નાશ થાય તથા રાજાનું મૃત્યુ થાય. અલ્પવૃષ્ટિ થાય તથા અગ્નિનો ભય રહે, બીજા વર્ષમાં લોકો આળસુ થાય તથા વગર શસ્ત્રે કલહ કરનારા થાય અને લાલ પુષ્પવાળા બીજનો નાશ થાય. ત્રીજા વર્ષમાં પ્રજા આનંદમય થાય, ચોથા તથા પાંચમામાં પ્રજાનો ક્ષય થાય. ચોથા વર્ષમાં ગ્રિષ્મ ઋતુનું ધાન્ય થાય અને પાંચમાં વર્ષમાં અગ્નિકોપ તથા મારામારી થાય.

અગિયારમો અશ્વિયુગ સંવત ૨૦૨૨ થી ૨૦૨૬ સુધીનો પાંચ વર્ષનો છે. તેના નામ પીંગળ, કાળયુક્ત, સિદ્ધાર્થી, રૌદ્ર અને દુર્મતિ છે. પ્રથમ વર્ષમાં અતિવૃષ્ટિ, ચોરભય તથા રોગ થાય. બીજું વર્ષ અનેક અશુભ ફળને આપનારૂં છે. ત્રીજા વર્ષમાં ધાન્ય પુષ્કળ પાકે, ચોથા વર્ષમાં ભયાનક ક્ષય રોગ થાય અને પાંચમાં વર્ષમાં મધ્યમ વૃષ્ટિ થાય.

બારમો જુગયુગ સંવત ૨૦૨૭ થી ૨૦૩૨ સુધીના પાંચ વર્ષનો છે. તેનાં નામ દુંદુભી, રૂધિરોદ્‌ગારી, રક-તક્ષ, ક્રોધન, અને ક્ષય છે. પ્રથમ વર્ષમાં ધાન્યની મોટી વૃદ્ધિ થાય. બીજામાં રાજાનો નાશ, અને ભયંકર વૃષ્ટિ થાય. ત્રીજામાં રોગનો ભય થાય, અને

ચોથા વર્ષમાં રાજા વૈરકરે પણ શુન્ય ફળ મળે. પાંચમાં ક્ષયકૃતમાં ઘણો ક્ષય થાય તથા બ્રાહ્મણોને ભય ઉત્પન્ન થાય, અને વૈશ્ય, શુદ્ર, પરદ્રવ્ય હરણ કરનારાઓની વૃદ્ધિ થાય છે.

બ્રહસ્પતિનો તારો નિર્મળ કિરણવાળો છે, વલી તે શ્વેત કમળ, કંદપુષ્પ, અને સ્ફટિકમણીના જેવો શ્વેત અને કાન્તિવાળો હોય છે, નક્ષત્રોની ઉત્તર બાજુએથી ગતી કરનારો અને વક્રગતિ વિનાનો હોય તો તે મનુષ્યને હીતકારી અને શુભ ફળ આપનારો છે.

અગસ્ત્યનો તારો બ્રહસ્પતિ પ્રમાણે શુભ પ્રકાશવાન હોય તો સારૂં પણ તેનાથી અશુભ ઉલટા પ્રકાશમાં હોય તો તેના પ્રમાણે ફળ આપે છે.

આ પ્રમાણે આઠ સંવત્સર વર્ષના પૂરા થયા પછી ફરીને પ્રથમનો જ સંવત્સર શરૂ થાય છે.

★★★

# સંવતના ૨૬૦૦ વર્ષ સુધીનું આગળ પ્રમાણે ભવિષ્ય

પ્રથમ ચાર સૈકામાં આગમ વાર્તા પ્રમાણે સિંધમાં યવનનું રાજ્ય થશે. એ યવનોની સાથે ચૌહાણ મળશે અને પછી સિકંદરશાહ આવશે તે માર ખાઈ પાછો જશે.

પાંચમા સૈકામાં મહા ઉત્પાત થશે. સાત દુકાળો એક સાથે પડશે, પૃથ્વીની અંદર દેવતાઓનો વાસ નહી રહે અને શુક્રનો અસ્ત થશે.

છઠ્ઠા સૈકામાં ૬૩૯ માં યવનોનું જોર વધશે. હિન્દુ ધર્મનો નાશ પછી શૂરવીરોનું જોર થશે અને તે વખતના રાજાની જીત થશે અને તે રાજા બરડા તરફ રાજયગાદી સ્થાપશે.

સાતમાં સૈકામાં ધાન્ય ઘણું થશે. ગ્રહણો ઘણાં થશે અને રાજાઓ સુખી રહેશે.

આઠમાં સૈકામાં રોગો ઉત્પન્ન થશે. આખી દુનિયા દુઃખી થશે. પાણી પીવાને નહિ મળે. સૂર્ય તપશે ને રજપુતોનું જોર વધશે.

નવમાં સૈકામાં પૃથ્વી પર સદ્ગુણી રાજાઓ થશે, તેથી પ્રજા સુખી થશે રાજાઓને હાથે દાનધર્મ થશે.

દશમાં સૈકામાં સારાં સારાં કામો થશે. રાજ્ય નીતિ ધર્મ અને સત્યથી ચાલશે અને અમુક ભાગમાં મોટી લડાઈઓ પણ થશે.

અગિયારમાં સૈકામાં રજપુત રાજયમાં પ્રાક્રમી થશે. અને મોટું રાજય જીતશે. પછી અંદર અંદર લડાઈ થશે. અને તેમાં યવનો હિન્દુઓ સાથે મોટાં યુધ્ધો કરશે.

બારમાં સૈકામાં દુકાળ પડશે ગ્રહણોનું જોર વધશે. તથા મોટા ઉત્પાતો થશે. આથી યવનોથી પણ હિન્દુઓ હારી જશે.

તેરમા સૈકામાં એક સિદ્ધ પુરૂષ મ્લેચ્છકુળમાં જન્મશે, તે ધુમલીને ભાંગશે, ને ત્યાં કચ્છનો જામ આવશે. એક ખુની યવન આવશે અને તે દહેરાંઓને તોડશે તથા

રાજાઓને હરાવશે. ભયંકર યુદ્ધ થશે. રજપુતો અંદર અંદર લડશે અને મુસલમાનો ધુમલીને સર કરશે.

ચૌદમાં સૈકામાં દુકાળ પડશે. મનુષ્યો ગભરાશે તથા વરસાદ ઘણો સારો પડશે તથા મનુષ્યો આનંદ કરશે. તેમાં ચીમાલીસની સાલમાં એક અદ્‌ભુત ચમત્કાર થશે. દુનિયાને જોગણીઓ આવી ખાવા લાગશે. તેને જાદવ (યાદવ) તૃપ્ત થશે.

પંદરમાં સૈકામાં જાદવ (યાદવ) કુળ બહુ જોરમાં આવશે. હાલાર દેશ આબાદ થશે. એક મહા પ્રાક્રમી રાજ થસે. તે રાજાઓના કિલ્લાઓ તોડી પાડશે અને ઘણો દેશ પોતાને કબજે કરશે. જેઠવાની પડતી થશે પાછી જેઠવાની રાજયધાની જામશે. પાછી લડાઈઓ થશે, પાછાં ધર્મદાન સારાં થશે.

સોળમાં સૈકામાં બાદશાહી ફોજનું જોર વધશે, પણ રજપુતો તેને હરાવશે, પાછી વિગ્રહની સંક્રાંતિઓ અને પક્ષાન્તરી બે ગ્રહણ થશે. તથા રૂદ્રકેતુ તારાનો ઉદય થશે. તે પછીની સાલમાં વનસ્પતિઓ ખીલશે તથા યુદ્ધના વાદળાં વિખરાઈ જઈ તમામ જગ્યા પર શાંતિ ફેલાઈ રહેશે. જેઠવો પોતાની રાજયધાની સ્થાપશે.

સત્તરમાં સૈકામાં અનિતી તથા જુલ્મો વધશે. યવનો ગામેગામ ફરીને જુલ્મ કરશે. બળવાન મનુષ્યો પોતાનું જોર વધારી નબળા મનુષ્યોને હેરાન કરશે તથા કોઈ દેશ પાયમાલ થશે.

અઢારમાં સૈકામાં મોટા પ્રાક્રમી રાજાઓ થશે તથા દુકાળ પડશે તેમાં કોઈ રાજા પોતાની ટેક જાળવી મનુષ્યોને અન્નવસ્ત્ર આપશે. તે પછી વર્ષ સારાં થશે અને મનુષ્યો સુખી થશે. આવું સુખ દશ વર્ષ રહેશે. તે પછી ઉપરા ઉપરી બે દુકાળ પડશે. પાણી અન્ન નહી મલે, છતે પૈસે મનુષ્યો દુઃખી થશે તથા ધનવાનો અન્ન વિના રખડશે. સંવત ૧૮૬૪માં યુરોપીયન લોકોની જમાવટ શરૂ થશે અને અંતમાં અનાર્ય લોકોની આણ ભારત ભુમિ પર થશે.

સંવત ૧૮૬૮માં રક્તકેતુ નામનો તારો ઉદય પામશે પૃથ્વી પર અશાંતિ પ્રસરી

જાશે. તારાઓ અને ખરશે, સુર્ય ઝાંખો દેખાશે, પૃથ્વીકંપ થશે, પછી ઓગણોતરો કાળ પડશે. દુનિયામાં અન્ન પાણી નહીં મળે, લોકો દુ:ખી થયા કરશે, આબરૂવાળા પુરૂષો ભીખ માગશે અને રિધ્ધી-સિધ્ધિ રહેશે નહી. આવો વિકટ જમાનો આવશે.

સંવત ૧૯૭૦માં વરસાદ બહુ થાશે, અનાજ સારૂં થશે. સંક્રાતિનું ઉત્મ વાહન પાડાનું થશે. આ યોગથી લોકો સુખી રહેશે, કાઠી લોકો લુંટફાટ ચલાવશે.

સંવત ૧૯૭૧માં રાજાઓ સારાં રાજય ચલાવશે. કાઠીયાવાડનો રાજા દાતાર, શુરવીર તથા કિર્તીમાન થશે.

સંવત ૧૯૮૧માં દુકાળ પડશે, અન્ન તથા ખડપાણીની તાણ રહેશે.

સંવત ૧૮૯૫માં પાછો ફરી દુકાળ પડશે અને આખી દુનિયામાં કાળ પડશે પણ કાઠીયાવાડનો રાજા પોતાનો ધર્મ તથા ટેક જાળવી દુનિયાને અન્ન પુરૂં પાડશે.

સંવત ૧૮૯૭માં વરસાદ સારો થશે. સંવત ૧૮૯૮માં ધરતીકંપ થશે. સંવત ૧૮૯૯માં સૌ સારાવાનાં થશે. સંવ. ૧૯૦૨માં એક બળવાન વીર આવી દેશદેશના સુબાઓ પાસેથી દંડ..... ખંડણી લેશે. સંવત ૧૯૦૩માં વરસાદ થોડો થશે. વરસ પોણીયું થશે. સંવત ૧૯૦૪માં અતિ વરસાદ થશે. સંવત ૧૯૦૬માં અતિવૃષ્ટિ થશે. સંવત ૧૯૦૭માં પાણીની મોટી રેલ આવશે અને મોટું નુકશાન કરશે. સંવત ૧૯૦૯માં સારાં કર્મો થશે અને રાજાઓ યાત્રાએ નીકળશે. સંવત ૧૯૧૪-૧૫-૧૬માં લડાઈ થશે. અને મોટા રાજાઓને બહુ કષ્ટ પડશે અને હિંદુસ્તાન દેશ પાયમાલ થશે. સંવત ૧૯૧૭માં દુકાળ પડશે. લોકો રાંક બની જશે. સંવત ૧૯૧૮ તથા ૧૯૧૯માં ઘણો વરસાદ થશે. સંવત ૧૯૨૦માં દાણાની મોંઘવારી થશે અને ગોરા લોકોની ફોજ હિંદમાં આવશે. સંવત ૧૯૨૪માં ઘણા તારાઓ વરસાદની માફક દરીયામાં પડશે. સંવત ૧૯૨૮માં નવાં નવાં દર્દો આવશે. સંવત ૧૯૨૯માં હિંદુસ્તાનમાં હથિયારો છોડાવીને પોતાની સત્તા ચલાવશે. સંવત ૧૯૩૧ તથા ૧૯૩૨માં ઘણો વરસાદ વરસવાથી દુનિયા જળમય થઈ પાણી ચાલી નીકળશે. સુર્યગ્રહણ ખગ્રાસગ્રહણ થઈ આથમશે. સંવત ૧૯૩૪માં વરસાદ નહી થવાથી કાળ પડશે, ધરતીકંપ થશે, અને ઉત્તર ખંડમાં લડાઈ થશે. સંવત ૧૯૩૫માં વરસાદ સારો

થશે. પણ સંવત ૧૯૩૬માં કમતી થશે તેથી અનાજ બહુજ મોંઘું થશે. સંવત ૧૯૩૯ સુધી એવોને એવો જગત પર ભાર રહેશે. સંવત ૧૯૪૦માં તિલક (સ્વામીનારાયણનો ધર્મ) ટોપી (યુરોપીયન) અને કોલેરા આ ત્રણ વાનાનું જોર વધશે.

સંવત ૧૯૪૯માં રાજાઓને અંદર અંદર લડાઈ થશે. તથા કાબુલ, કંદહારમાં મોટી લડાઈ થશે. સંવત ૧૯૫૦માં વિકટ દુઃખ પડશે. સંવત ૧૯૫૧માં ઉપાધી આવશે. આ વર્ષમાં વિતી ક્ષણ સંક્રાતિ હશે. સંવત ૧૯૫૨માં તથા ૧૯૫૩માં અનહદ યુદ્ધ થશે. સંવત ૧૯૫૪માં સારા રાજાઓને દેહકાળ થશે. સંવત ૧૯૫૫માં અનહદ વરસાદ થશે. બે ગ્રહણ થશે. સંવત ૧૯૫૬માં એક વખત જોરબંધ વરસાદ પડશે. પણ પાછળથી વરસાદ નહી થાય. તેથી કાળ પડશે. અને દૂર દેશમાં માટું યુદ્ધ થશે. સંવત ૧૯૮૦માં વરસાદ ઘણો સારો થશે. સંવત ૧૯૮૫માં અફઘાન તરફ મોટું યુદ્ધ જાગશે. સંવત ૧૯૯૧થી ૧૯૯૨માં દુકાળ પડશે.

સંવત ૨૦૦૧માં અધર્મ ચાલશે અને રૈયત શ્રદ્ધા વિનાની થશે. સંવત ૨૦૦૩ તથા ૨૦૦૪માં દિલ્હી ઉપર બાદશાહી રાજ્ય થઈ અને પૃથ્વી ઉપર મોટા યુદ્ધ થશે. અને આ યુદ્ધમાં યવનોને હરાવી રજપુતો રાજય કરશે. સંવત ૨૦૦૭ તથા ૨૦૦૮માં ઘણો વરસાદ થશે અને તેથી દુનિયામાં અંધકાર ફેલાશે. સંવત ૨૦૨૦ સુધીની સાલમાં કોઈપણ પ્રકારનો ઉત્પાદ થશે નહી. સંવત ૨૦૨૪ થી ૨૦૩૦ સુધીમાં ભયંકર ધરતીકંપ થશે, ઠેકઠેકાણે આગ લાગશે. સંવત ૨૦૩૧ સુધીનાં વર્ષો ઉપાધીકારક તથા દુઃખરૂપ આવશે. સંવત ૨૦૩૨ તથા ૨૦૩૩ની સાલ આવશે ત્યારે મુસલમાનોનું જોર બરાબર જામશે. સંવત ૨૦૩૪-૩૫માં મુસલમાની રાજયનું જોર વધશે. સંવત૨૦૩૫માં પૂર્વ દિશામાં મોટો જંગ થશે. સંવત ૨૦૩૭માં યવનોનું રાજય પૂરજોશમાં ચાલશે. આ વરસમાં વરસાદ બહુ જોરથી થશે. પશ્ચિમમાં ફરી યુદ્ધનાં વાદળાં ચડશે, તથા મોટું યુદ્ધ ઠેક ઠેકાણે ચાલશે.

સંવત ૨૦૩૮-૨૦૪૦ સુધી વરસાદ બહુ જ સારો થશે અને પૃથ્વી પર ધંધાનો વધારો થશે. આ વર્ષમાં વિરોધી નામનો સંવત્સર હશે. સંવત ૨૦૪૦ થી ૨૦૫૦ સુધીમાં તમામ રાજ્યો સ્થિર થશે, અને પૃથ્વી પર સત્કર્મોનો વધારો થશે. યુદ્ધ નહી થાય. સંવત

૨૦૫૧માં પૃથ્વી પરના ઘણા રાજાઓ મરણ પામશે. સંવત ૨૦૬૧માં તથા ૨૦૬૨-૬૩ સુધીમાં વરસાદ જેવો જોઈએ તેવો નહી થાય. પવન બહુ જોરથી ચાલશે તેથી દુનિયામાં હાહાકાર થઈ રહેશે. ૨૦૬૪માં મેઘ ઘણો થશે, પૃથ્વી માથે બે મોટા પ્રાક્રમી રાજાઓ થશે. મુસલમાનોનું નામ નહીં રહે અને વર્ણાશ્રમ ધર્ણ તથા આર્ય ધર્મ પ્રવર્તશે. સંવત ૨૦૬૫ થી ૨૦૭૦ સુધીમાં દુનિયાની અંદર અનહદ વરસાદ થશે તથા ધર્મ સ્થિર થશે. ધાન્ય બહુ પાકશે તથા પ્રજા સુખી થશે સંવત ૨૦૭૧ થી ૨૦૮૦ સુધીમાં પૃથ્વીની અંદર કોઈપણ જાતની ઉપાધી નહી રહે (આવે).

સંવત ૨૧૦૧માં ઘુમલીનું રાજ્ય સારૂં સ્થપાશે અને જેઠવો પોતાના તખ્ત પર બેઠો હશે. એ વર્ષમાં બે ચંદ્રગ્રહ થશે, ધાન્ય બહુ પાકશે, મેઘ અનહદ વરસશે. આવી રીતે બે ત્રણ વર્ષ જશે પછી યુદ્ધની શરૂઆત થશે. દિલ્હીનું તખ્ત રજપુતનું થશે અને ઘુમલીમાં યુદ્ધ થશે. સંવત ૨૧૦૫-૨૧૦૬ તથા ૨૦૧૭માં વરસાદ ઘણો થશે તથા આનંદ વર્તાશે. ૨૧૦૮ તથા ૨૧૦૯માં પૃથ્વી પર ત્રણ ગ્રહણ થશે. અને સિંહના વાહનવાળી સંક્રાંતી થશે. ૨૧૧૦-૨૧૧૨માં અનેક પ્રકારના યુદ્ધો જાગી ઉઠશે. આખી પૃથ્વીમાં હાહાકાર થઈ રહેશે. યવનોના હાથમાં મોટું રાજ્ય આવશે. આ વરસમાં સૂર્યગ્રહણ.... મેઘ નહીં થાય.

સંવત ૨૧૧૫માં આકાશમાં છોગાળો તારો ઉગશે અને પૃથ્વી પર મનુષ્ય પોતપોતાનું કુળધર્મ છોડી દેશે. હિન્દનું રાજ્ય પાછું થશે. સં. ૨૧૧૬માં વરસાદ અત્યંત સારો વરસશે અને હિન્દુઓનું રાજ્ય બરાબર જામશે. સં. ૨૧૧૭-૧૮માં યુદ્ધ ચાલશે. ઘુમલીના રાજ્યનો જેઠવો કાઠીઆવાડ પોતાને તાબે કરશે. સંવત ૨૧૧૯ થી ૨૧૩૧ સુધીમાં અનેક યુદ્ધો થશે, કલીકાલના કર્મ પ્રવર્તશે. સં. ૨૧૩૩-૩૪માં રજપુતો અંદર અંદર લડશે. સં. ૨૧૩૫માં સુર્ય તથા ચંદ્ર ગ્રહણ મળી કુલ ૭ ગ્રહણો થશે. સં. ૨૧૩૬માં મેઘ નહી વરસવાથી પૃથ્વી શૂન્ય જેવી થઈ જશે. ૨૧૩૭ થી ૨૧૫૦ની સાલ સુધી વરસાદ સારો થશે. જમીન ફળદ્રુપ થશે. મહા ભયંકર યુદ્ધો થશે અને એક ચંદ્રગ્રહણ થશે. સંવત ૨૧૫૧માં દુષ્કાળ પડશે. સં. ૨૧૫૨માં ઘણો વરસાદ પડશે. સં. ૨૧૫૫ સુધી સર્વ રાજ્ય સુખી રહેશે. પછી મ્લેચ્છનું રાજ્ય થશે. સં. ૨૧૬૧-૬૨માં વરસાદ ઘણો પડીને પૃથ્વીને

ડોલાવશે. સં. ૨૧૬૩ ભ્રષ્ટ વિધ્નો થશે. આકાશમાં મહા પ્રલય કરે એવો મેઘ વરસવા લાગશે. સં. ૨૧૬૪ થી ૨૧૮૨ સુધીમાં બ્રાહ્મણોને કોઈ નહી માને, વરસાદ ઘણો વરસશે, ટાઢ ઘણી પડશે. બે ચંદ્રગ્રહણ થશે તથા એક સૂર્યગ્રહણ થશે. તાપ પણ સખ્ત પડશે અને જગત બહુ દુઃખી થશે. સં. ૨૧૮૩માં વરસાદ ઓછો થશે, પવન બહુ ફૂંકાશે. સં. ૨૧૮૪ થી ૨૧૯૯ સુધીમાં તારાઓ ઘણા ખરી પડશે અને નવો ધર્મ ફેલાશે. દુનિયામાં ધર્મનો પગ રહેશે નહી. અધર્મી રાજા રાજય કરશે. ક્ષત્રિયો ક્ષત્રિયપણું છોડી દેશે પણ જેઠવાઓ તથા જાદવો (યાદવો) પોતાનો ધર્મ જાળવી રાખશે.

સંવત ૨૨૦૧માં તમામ રાજાઓ ભ્રષ્ટ થશે અને ત્રણ મોટાં ગ્રહણો થશે. ૨૨૦૨ થી ૨૨૧૪ સુધી દુનિયામાં કાળો કેર વર્તાશે, દુનિયા બહુ દુઃખી થાશે. પૃથ્વીકંપ થશે. ધર્મ ભ્રષ્ટતા વધશે, સંક્રાતિનું વાહન ખર-ગધેડાનું થશે. વરસ સોનાને પાયે હશે. સમુદ્ર પોતાની માજા મુકી દેશે, વરસાદ થશે નહી, ચાર ચંદ્રગ્રહણ થશે, વૃષ્ટિ નહીં થાય, સં. ૨૨૧૬માં ખગ્રાસ સૂર્યગ્રહણ થશે, સૂર્ય ઝાંખો પડી જશે. સં. ૨૨૧૭માં છ છ મહિને ધર્મ બદલાશે. આ વખતે જેઠવાઓ પણ પોતાના ધર્મમાં વર્તશે. સં. ૨૨૧૮માં મનુષ્ય વૃદ્ધિ ઓછી થશે પ્રેમ પણ ઓછો થશે. સં. ૨૨૨૪ થી યુદ્ધો થશે. ગ્રહણો બહુ થશે. વરસાદ બહુ પડશે. સં. ૨૨૨૫માં વરસાદ પડશે પણ દુનિયામાં તે સાલરૂપ થઈ પડશે.

સંવત ૨૨૨૬-૨૭ થી ૨૨૩૦ સુધી વરસાદ બહુ પડશે અને રાજયો અભય બની રાજય કરશે. સં. ૨૨૩૩ થી ૨૨૪૪ સુધી પૃથ્વીમાં આનંદ રહેશે. કોઈક ઠેકાણે યુદ્ધો થશે, પૃથ્વી કંપ થશે, વરસાદ ઘણો સારો થશે, અને નવ ગ્રહણો થશે. સં. ૨૨૪૫-૪૬માં દુકાળ પડશે. મનુષ્યો માંસ ખાઈને જીવશે. સં. ૨૨૪૭માં વરસાદ બહુ પડશે. સુર્ય તથા ચંદ્ર એક ઘરમાં ભેગા થશે. આખી દુનિયા આનંદ મંગલમાં ખેલવા લાગશે. સં. ૨૨૪૮માં લોકો અલ્પ આયુષી થશે. તે સમયમાં જામ તથા જેઠવો પોતાની આણ પ્રવર્તાવશે. તેના જેવા કર્મી રાજાઓ તે સમયમાં કોઈ નહી હોય. સં. ૨૨૪૯માં ત્રણ ચંદ્રગ્રહણ થશે. સં. ૨૨૫૦માં મંદાકિની સંક્રાંતિ યોગમાં લડાઈઓ શરૂ થશે. વૃષ્ટિ ઘણી ઓછી થશે. સં. ૨૨૫૨-૫૩માં વરસાદ ઘણો મોડો થશે.

સંવત ૨૨૫૪માં જેઠવાનું રાજય જામના કબજામાં જશે. સં. ૨૨૫૫માં શુકલ પક્ષમાં ત્રણ ચંદ્રગ્રહણ આવશે, વરસાદ થોડો થશે. બ્રહ્માપુત્રો બ્રાહ્મણો માથે ઉત્પાતોનો ભાર થશે. સં. ૨૨૫૬માં સુર્યગ્રહણો થશે, અને તે મધ્યાહ્ન કાળે થશે. વરસાદ ઘણો થશે અનાજ પાકશે પણ ટીડ આવી ખાઈ જશે. સં. ૨૨૫૭માં અઘોર તથા ભ્રષ્ટ કર્મો થશે. અધર્મ એ પ્રમાણે કલીકાળની યોગથી જગત ભ્રષ્ટ થશે. સં. ૨૨૫૮માં સત્યનો નાશ થશે. સં. ૨૨૫૯માં ભયંકર સમય આવશે, કળીનું જોર વધશે. સં. ૨૨૬૦માં મુસલમાનો તથા રજપુતો ધર્મરહિત થઈ દુનિયાને ભારરૂપ થઈ પડશે. સં. ૨૨૬૧માં વરસાદ ઓછો થશે, કોઈનો કુળધર્મ રહેશે નહી. સં. ૨૨૭૦ થી ૨૨૮૧ સુધી વરસાદ કમી થવાથી પૃથ્વીમાં કકળાટ થયા કરશે, પ્રાણીઓ ઉચિત અનુચિતનો વિચાર નહી કરે. સં. ૨૨૮૨માં વરસાદ સારી રીતે થશે. સૂર્ય અને ચંદ્રના બે ગ્રહણો થશે મેઘવૃષ્ટિ થશે નહી.

સંવત ૨૨૯૦માં પાછી દુનિયા પાછી સજીવન થશે અને વરસાદ સારો થશે. સં. ૨૨૯૩માં દુનિયાનો ભય ભાંગશે અને સુખવૃત્તિ આવશે. એવી રીતે આ સૈકો પૂર્ણ થયા પછી તમામ વરસો સારાં આવશે. સં. ૨૩૦૧-૨૩૦૨માં શાંતિ હશે. સં. ૨૩૦૩માં અનંત મનુષ્યોનો ક્ષય થશે. સં. ૨૩૦૪માં વરસાદ ઘણો થશે. સં. ૨૩૦૫માં મેઘ ઘણો થશે. પૃથ્વી કંપ થશે. સુખનો નાશ થશે અને એક ગ્રહણ થશે. સં. ૨૩૦૬માં મેઘ થોડો પડશે. સં. ૨૩૦૭માં કર્ક સંક્રાંતિ હશે. તેનું વાહન અશ્વ હશે. સં. ૨૩૦૮માં નવો રાજા થશે. સં. ૨૩૦૯માં મેઘ ઘણો થશે. ગ્રહણ થશે, વૃશ્ચિક સંક્રાંતિને હસ્તિનું વાહન થશે. સં. ૨૩૧૦ની સાલ સારી હશે. સં. ૨૩૧૧માં મેઘ ઘણા થશે, સોમવતી અમાસ એક માસમાં હશે. સં. ૨૩૧૨માં વરસાદ ઓછો પડશે, સંક્રાતિઓ ભારરૂપ હશે. સૂર્યચંદ્રના ગ્રહણો થશે. ૨૩૧૩માં દુનિયામાં કુપુત્રો થશે. સં. ૨૩૧૪માં સુર્યગ્રહણ થશે, દુકાળ પડશે ત્રણ દિવસ પૃથ્વી કંપ રહેશે. અધર્મી અને પૂર્વજોની શરમ છોડી દે એવા મનુષ્યો હશે, તુલ સંક્રાંતિ હશે, અન્યાય અતિશય વધશે અને ક્ષત્રિયોનો વંશ દુનિયા પર નહી રહે. સંવત ૨૩૧૫માં રજપુતોની આણ પૃથ્વી માથે નહી રહેવાથી જગતમાં હાહાકાર થશે. સાત વર્ષની કન્યા સગર્ભા બનશે. અલ્પ આયુષી મનુષ્ય જન્મશે. સં. ૨૩૧૬માં વરસાદ સારો થશે. સં. ૨૩૧૬ પછી ૨૩૧૭ની સાલથી દુનિયા સુખી થશે, વરસાદ સારો થશે. રજપુતોના

રાજય ફરી જામવા લાગશે, જામ તથા જેઠવો પોતાના રાજય પાછાં લેશે. આવી શાંતિ તથા સુખ સં. ૨૩૬૦ સુધી રહેશે. સં. ૨૩૬૧માં વરસાદ ઘણા સારા થશે. દિલ્હી તખ્ત પર રજપુત રાજય હશે. સં. ૨૩૬૨માં સંક્રાંતિનું વાહન સારૂં નહી હોવાથી દુનિયામાં ઘણો ઉચાટ થશે. સં. ૨૩૬૫માં વરસાદ સારો થશે અને જગતમાં ફરી સુખ શાંતિ ફેલાશે. સં. ૨૩૬૬માં મેઘ ઘણા થશે, દુનિયા સુખી રહેશે. સં. ૨૩૬૬ થી ૨૩૭૦ સુધીમાં મનુષ્ય એકંદરે સુખી રહેશે. કોઈ સ્થળે રોગનો ઉપદ્રવ થાય પણ જગત નિતીધર્મથી ચાલશે. સં. ૨૩૭૧માં ત્રણ ગ્રહણ થશે. સં. ૨૩૭૨માં વરસાદ બહુ કમતી થશે. સં. ૨૩૭૪માં વરસાદ સારો થશે, સંક્રાંતિને સિંહનું વાહન હશે. સં. ૨૩૭૫માં ઘણા તારાઓ આકાશમાંથી ખરશે, એથી જગત બધું વિકળ થઈ જશે. સં. ૨૩૭૫ થી ૨૩૮૦ સુધીમાં પાંચ ગ્રહણો આવશે. ઉપર કહેલા વરસોમાં મેઘનો વાસો માળીને ઘેર હશે, તેથી તમામ વર્ષો ઘણાં સારાં આવશે. સં. ૨૩૮૧માં મેઘના ચાર વાસા હશે છથાં મેઘ સારા થશે. સં. ૨૩૮૨માં મઘ ઘણા સારા થશે, સં. ૨૩૮૩ થી ૨૩૯૦ સુધીમાં મેઘ ઘણો સારો થશે અને પૃથ્વી કંપ થશે. સં. ૨૩૯૧માં જગત પ્રેમમય થઈ સુખ શાંતિમાં રહેશે. સં. ૨૩૯૧ થી ૨૩૯૫ સુધી જગતમાં વરસાદ સારો થશે અને જગત આનંદમય રહેશે. સં. ૨૩૯૬-૯૭માં વરસાદ સારો થશે અને જગત આનંદમય રહેશે. અનાજ સારૂં પાકશે. સં. ૨૩૯૭ થી ૯૯ સુધી સુખ શાંતિ સારી રહેશે. સં. ૨૪૦૦ની સાલમાં પ્રાણી ભાગ્યવાન અને સુખી રહશે, અમૃત વરસાવે એવું આનંદકારી તે વર્ષ હશે.

સંવત ૨૪૦૧માં થોડાંક યુદ્ધો કોઈ કોઈ સ્થળે થશે. દુનિયા દુઃખી નહી થાય, અધર્મનો નાશ થશે. શં. ૨૪૦૨માં વરસાદ સારા થશે, જેઠવાના રાજયનું જોર વધશે. શ. ૨૪૦૩માં સૂર્યમાં બે ગ્રહણો થશે, વરસ મંદ થશે. શ. ૨૪૦૪માં ચક્રવર્તી રાજા પરદેશી થશે. શ. ૨૪૦૫માં યવનોનું બળ વધશે. શ. ૨૪૦૬ થી ૨૪૦૮ સુધી યવનોની આણ દુનિયા અંદર ફરતી હશે. શ. ૨૪૦૯નું વર્ષ ઘણું જ સારૂં થશે. બે ગ્રહણો થશે. શ. ૨૪૧૦ થી ૨૪૨૦ સુધી વરસાદની તાણ રહેશે નહીં. જે રાજાઓ ઘણા સારા હશે તેઓ જ રહેશે, સર્વ સ્થળે શુભ હશે, અશુભનો નાશ થશે. શ. ૨૪૨૧માં વર્ષ પોણીઉં થાશે. શ. ૨૪૨૨માં જય. શ. ૨૪૨૩ની સાલ આવતાં સર્વ ઠેકાણે સારૂં થઈ રહેશે. વરસાદ સારે

થશે. શ. ૨૪૨૪ની સાલ સુધી દુનિયાની અંદર સુખ વર્તાશે. સંવત ૨૪૨૫માં કોઈ અસત રીતે વર્તશે નહી. શ. ૨૪૫૧માં મોટું સુર્ય ગ્રહણ થશે. શં ૨૪૫૨માં દુનિયામાં દુકાળ પડશે, શ. ૨૪૫૩માં દુનિયામાં ઘણી મોંઘારત થશે. શ. ૨૪૫૪માં રોગનો ઉપદ્રવ થશે. શ. ૨૪૫૫માં દુનિયા સુખી રહેશે. શ. ૨૪૫૫ થી ૨૪૮૫ સુધી દુનિયાની અંદર આબાદી સારી રહેશે. શ. ૨૪૮૫ થી સૈકાની અંત સુધી સર્વ જગ્યાએ ક્ષત્રિયોની આણ વર્તાશે. દુકાળ નહી પડતાં કોઈ જાતનો ઉપદ્રવ જગતમાં રહેશે નહી. જગતના જીવોને ધર્મ ઉપર શ્રદ્ધા હશે અને તે સમય દ્વાપરયુગ જેવો થશે.

સંવત ૨૫૦૧માં વરસાદ સારો થશે તથા ચંદ્રગ્રહણ વધારે થશે. સં. ૨૫૦૨માં મુસલમાનોનું જોર વધશે. સં. ૨૫૦૩માં ધર્મ સારો હશે (રહેશે) વરસાદ ઘણો સારો થશે. સંવત ૨૫૦૪માં કોઈ સ્થળે યુદ્ધ થશે. સંક્રાંતિ મકર રાશિએ વરાહના વાહનથી બેસશે. પૃથ્વીમાં ઘણા પુણ્ય કામો થશે. સં. ૨૫૦૫માં યવનોનું જોર વધશે. વરસાદ ઘણો જ સારો થશે. અને વરસ સારૂં થશે. સં. ૨૫૧૧માં જામનો દીકરો મહા પરાક્રમી અને અજીત થશે અને મોટું યુદ્ધ થશે. સં. ૨૫૧૨માં બે ગ્રહણ થશે. સં. ૨૫૧૩માં ઘણો વરસાદ થશે, ગ્રહણો બહુ જ આવશે. સં. ૨૫૧૪માં વરસાદ થોડો થશે, ગ્રહણ પણ થશે. સં. ૨૫૧૫માં પૃથ્વી પર મોટો ધરતીકંપ થશે, વરસાદ ઘણો થશે અને દિલ્હીમાં યુદ્ધ થશે. સં. ૨૫૧૬માં મોટું યુદ્ધ થશે દિલ્હીનું તખ્ત સુર્યવંશી રાજ કબજે કરશે. આવી સ્થિતિ ચાર વરસ ચાલશે. સં. ૨૫૨૦માં યુદ્ધ થશે અને યવનો કાશી પર રાજ્ય કરશે. સં. ૨૫૨૧ થી ૨૫૨૨ સુધી બે વર્ષો સુખરૂપ થશે. સં. ૨૫૨૩માં વર્ણશંકર જાતીના ક્રૂર લોકો મરી જશે. સં. ૨૫૨૪માં સુર્ય બહુ તપશે, મનુષ્ય બહુ કષ્ટ ભોગવશે, સં. ૨૫૨૫માં વરસાદ સારો થશે. તે વરસમાં વૃધ્ધ અવસ્થાઓ પહોંચેલો ક્ષત્રિય રાજ રાજ્ય કરશે. સં. ૨૫૨૬માં પરદેશીનું રાજ્ય કાઠીયાવાડની કોઈ ભૂમિ પર થશે. સં. ૨૫૨૮ સુધી એક બીજનાં યુધ્ધો ચાલશે, સં. ૨૫૨૯માં પરદેશી લોકો કાઠીયાવાડ છોડીને ચાલ્યા જશે, એક અલ્પ ગ્રહણ આવશે. સંવત ૨૫૩૦માં સુખ શાંતિ સારી રહેશે. સં. ૨૫૩૧ થી ૨૫૪૦ સુધી કોઈ યુધ્ધ નહી થાય, વરસાદ થશે ને બે ગ્રહણ થશે. સં. ૨૫૪૧ થી ૨૫૪૪ સુધી દુનિયામાં સુખ રહેશે. સં. ૨૫૪૫માં ઘણો વરસાદ થવાથી વરસ પોણીઉં થશે. સં. ૨૫૫૬માં વરસાદ

બિલકુલ નહી થાય પાણીની તાણ બહુ પડશે અનાજ નહીં મળવાથી લોકો માંસ ખાવા લાગશે પૃથ્વી હાલક ડોલક થવા લાગશે. સં. ૨૫૫૭નાં વરસો સારાં નહી થાય અને જગતમાં કળીના પરાભવથી હાણ થશે. સં. ૨૫૬૧માં ભયંકર યુદ્ધ ચાલશે સં. ૨૫૬૨માં વરસાદ બિલકુલ નહી થાય. સં. ૨૫૬૩માં જેઠવો પોતાની ભુમિ કબજે કરશે. અને સત્યપણાથી રાજય ચલાવશે. સં. ૨૫૭૪માં વરસો સારાં આવશે વરસાદ સારો થશે. સં. ૨૫૭૫માં પૃથ્વી પર વરસાદ સારે થશે. સં. ૨૫૮૦માં કોઈ જાતનો સોક નહી થાય ધરતીકંપ થશે. સંક્રાંતી સારી આવશે. સં. ૨૫૮૧માં કોઈ સ્થળે યુધ્ધ થાય. સં. ૨૫૮૨-૮૩માં વરસાદ થશે જગતમાં રિધ્ધી સિધ્ધી ભરાશે. સં. ૨૫૮૪માં બધા રાજયો સ્થિરતાએ રહેશે અને દિલ્હીનું રાજય યદુવંશના રાજા ભોગવશે. એવો સમય ૫૦ વર્ષ સુધી નિર્ભયપણે રહેશે. સં. ૨૫૮૫ થી ૨૬૦૦ સુધી મેઘની તાણ રહેશે નહી. પાંચ ગ્રહણો થશે અને વર્ષો સુખ શાંતિના આવશે.

★★★

# કાળનું કોષ્ટક તથા દિવસનું કોષ્ટક તથા વરસ તથા યુગનું કોષ્ટક

૨ પરમાણું ..... ...... ૧ અણું
૩ અણું ..... ...... ૧ પ્રસેણું
૩ પ્રસેણું ..... ...... ૧ મુરી
૧૦૦ મુરી.... ...... ૧ વેધ
૩ વેધ ..... ...... ૧ લવ
૩ લવ ..... ...... ૧ નિમેશ
૩ નિમેશ ..... ...... ૧ ક્ષણ
૫ ક્ષણ.... ...... ૧ કાષ્ઠા
૧૫ કાષ્ઠા.... ...... ૧ લઘુ
૧૫ લઘુ.... ...... ૧ નાડીકા (ઘટીકા)
૨ ઘટીકા.... ...... ૧ મુહુરત
૬ મુહુરત..... ...... ૧ વ્યામ
૧૫ વ્યામ.... ...... ૧ અહોરાત્રી (રાત્રી દીવસ)
૧૫ અહોરાત્રી રાત્રી દિવસ ..... ...... ૧ પક્ષ
૨ પક્ષ ..... ...... ૧ માસ
૨ માસ ..... ...... ૧ ઋતુ
૩ ઋતુ ..... ...... ૧ અયન
૨ અયન ..... ...... ૧ વરસ
૪ યુગ ..... ...... ૧ ચોકડી
૭૧ ચોકડી ..... ...... ૧ મનુ
૧૪ મનુ ..... ...... ૧ બ્રહ્માનો દિવસ
૧૦૦૦ ચોકડી .......... ૧મહાયુગ બ્રહ્માનો દિવસ હોય છે.

★★★★★★★★★★

૧ મનુવરસ ..... ...... ૧ દેવ અહોરાત્રી એટલે (રાત અને દિવસ મળીને)
૩૬૦ અહોરાત્રી ..... ...... ૧ દેવનું વરસ
૧૨૦૦૦ દેવના વરસ..... ...... ૧ દેવયુગ
૧૦૦૦ દેવયુગ ..... ...... ૧ અહોરાત્રી બ્રહ્માની (રાત અને દિવસ મળીને)
૩૬૦ બ્રહ્માની અહોરાત્રી ..... ...... ૧ વરસ
૧૦૦ વરસ ..... ...... ૧ પર
૬૦ વીપળની ..... ...... ૧ પળ
૬૦ પળની ..... ...... ૧ ઘડી
૬૦ ઘડીનો ..... ...... ૧ રાત દીવસ (અહોરાત્રી)
૨॥ ઘડીનો ..... ...... ૧ કલાક
૨૪ કલાકનો ..... ...... ૧ રાત દીવસ (અહોરાત્રી)
૩ કલાકનો ..... ...... ૧ પહોર
૮ પહોરનો ..... ...... ૧ રાત દીવસ (અહોરાત્રી)
૬૦ ઘડીના ..... ...... ૧ ચોઘડીઆ (રાત દીવસનાં)
૧૬ ચોઘડીયાનો ..... ...... ૧ રાત દીવસ
૩૬૫ રાત દીવસનું ..... ...... ૧ વરસ અંગ્રેજી માસ પ્રમાણે (ફેબ્રુઆરીના ૨૮ દિવસ લેખે)
૭૮૮૪૦૦૦ મનુષ્યના શ્વોસોચ્છવાસ = ૧ વરસ(ફેબ્રુઆરીના ૨૮ દિવસ લેખે)
૧૫ શ્વાસોચ્છવાસ = ૧ મીનીટ
૬ મીનીટ = ०।(પા) ઘડીમાં ૯૦ શ્વાસોચ્છવાસ આવજાવ કરે છે.
૯૦ શ્વાસોચ્છવાસ = ०।(પા) ઘડી (ફેબ્રુઆરીના ૨૮ દિવસ લેખે)
૯૦૦ શ્વાસોચ્છવાસ = ૨॥ ઘડી (ફેબ્રુઆરીના ૨૮ દિવસ લેખે)
૩૬૦૦ આંખોના મટકાં = ૧ રાત દીવસ થાય છે.
૩૨૭૦૦૦ આંખોના મટકાં = ૧વર્ષમાં (અંગ્રેજી માસ પ્રમાણે ૩૬૫ દીવસના થાય છે.)
૩૧૫૩૬૦૦૦ સેકન્ડ = ૧ વર્ષ ૩૨૭૦૦૦ મટકા આંખોના

૫૨૫૬૦૦ મીનીટ = ૧ વર્ષ મટકા આંખોના

૮૭૬૦ કલાક =૧ વર્ષ અંગ્રેજી માસ પ્રમાણે વરસના ૩૬૫ દીવસના

૨૯૨૦ પહોર = ૧ વર્ષ વરસના ૩૬૫ દીવસના

૨૧૯૦૦ ઘડી = ૧ વર્ષ વરસના ૩૬૫ દીવસના

૧૪૬૦ કાળ (ટંક) = ૧ વર્ષ વરસના ૩૬૫ દીવસના

૫૮૪૦ ચોઘડીઆ = ૧ વર્ષ વરસના ૩૬૫ દીવસના

************

૧૨ બીજ (ઉદયાત શુકલ પક્ષ) = ૧ વરસ

૧૨ પુનમ = ૧ વરસ

૧૨ અમાસ = ૧ વરસ

૫૩ રવિવાર = ૧ વરસ

૫૨ સોમવાર = ૧ વરસ

૫૨ મંગળવાર = ૧ વરસ

૫૨ બુધવાર = ૧ વરસ

૫૨ ગુરૂવાર = ૧ વરસ

૫૨ શુક્રવાર = ૧ વરસ

૫૨ શનિવાર = ૧ વરસ

*********

# પૃથ્વીનું વર્ણન

પૃથ્વીનો ગોળો એકજ છે. પણ તેને કાગળ ઉપર બતાવવા અર્ધા અર્ધા બે ગોળાઓ ચિત્રેલા છે તેમાં પૂર્વ ગોળાર્ધ તથા પ્રશ્ચિમ ગોળાર્ધ.

પૂર્વ ગોળાર્ધ :

૧. એશિયા ખંડ તે આપણી હિંદુસ્તાનથી ઉત્તર દિશામાં છે, પશ્ચિમ દિશામાં રાતો સમુદ્ર, અને તેની આસપાસ ઈરાનનો અખાત છે. અને તેની દક્ષિણ દિશાએ તિબેટ અને નેપાળ ભૂતાન અને તેની દક્ષિણ દિશાએ હિમાલય પર્વત અને હિંદુસ્તાન (ભરતખંડ) છે.

૨. યુરોપ ખંડ એ એશિયા ખંડની પશ્ચિમ દિશામાં છે. અને તે અત્યારે અંગ્રેજોનું રાજ્ય છે. તેની દક્ષિણ દિશાએ ભુમધ્ય સમુદ્ર છે.

૩. આફ્રિકા ખંડ તે આપણા હિંદુસ્તાનથી પશ્ચિમ દિશામાં છે. અને યુરોપથી દક્ષિણ દિશામાં છે. તેની ઉત્તરે ભુમધ્ય સમુદ્ર છે.

૪. ઓસ્ટ્રેલિયા અને તેની આજુબાજુના ટાપુઓ (બેટો) છે તે આપણા હિંદુસ્તાન (ભારતખંડ) થી દક્ષિણ તથા પૂર્વ દિશા તરફ છે.

હવે પશ્ચિમ ગોળાર્ધ :

૧. અમેરિકા ખંડ તેના બે ભાગો છે ઉત્તર અમેરિકા અને દક્ષિણ અમેરિકા એમ બે ભાગ બતાવેલ છે.

હવે પુર્વ ગોળાર્ધના દેશો :

**૧. એશિયા ખંડના મુખ્ય ૯ દેશો છે.**

- ૧. હિંદી ચીન તથા પેટા ભાગ
  - ૧. રૂશીઆ તેનું મુખ્ય શહેર બાંગકોક છે.
  - ૨. ફ્રેંચ હિંદી ચીન તેનું મુખ્ય શહેર રોગોન છે.

૩. મલાયા તે દ્વીપકલ્પ તેનું મુખ્ય શહેર સિંગાપુર છે.

૨. ચીન રાજય તેના ૫ ભાગ છે.

૧. શુદ્ધ ચીન તેનું મુખ્ય શહેર પેગીન છે.

૨. મનચુરીઆ તેનું મુખ્ય શહેર મગડેન

૩. મોંગોલિઆ તેનું મુખ્ય શહેર ઉર્ગો

૪. પૂર્વ તુર્કસ્તાન તેનું મુખ્ય શહેર કાસગર

૫. તિબેટ તેનું મુખ્ય શહેર લાસા છે.

૩. જાપાન તેનું મુખ્ય શહેર ટોકિયો તે બંદર છે.

નાગાસાકી બીજું બંદર છે, કોરીયા દ્વાપકલ્પ તે જાપાનના તાબા છે. તેનું મુખ્ય શહેર સેગોલ છે.

૪. એશિયાઈ રૂશીઆ તેના મોટા ૩ ભાગ છે..

૧. સાઈબીરિયા મુખ્ય શહેર ઈરકુતસ્ક છે.

૨. રૂશિઅન તાર્તરી તેનું મુખ્ય શહે તાસ્કંદ છે.

૩. કોકોશીઆ તેનું મુખ્ય શહેર તીફલીશ.

૫. એશિયાઈ તુર્કસ્તાન તેના મોટા ૪ ભાગ છે.

૧. રૂશીઆઈ માઈનોર તેનું મુખ્ય શહેર સમરના છે.

૨. આરમીનીઆ અને કુર્દીસ્તાન તેનું મુખ્ય શહેર અર્જરૂમ છે.

૩. મેસોપોટેમીઆ તેનું મુખ્ય શહેર મોસ્લ છે.

૪. શિઆ અને પાલીશતાઈન તેનું મુખ્ય શહેર ડમાસ્કસ છે.

૬. અરબસ્તાન તેનું મુખ્ય શહેર મક્કા છે. અને મુસલમાનોનું જાત્રાનું સ્થળ છે.

૭. ઈરાન તેનું મુખ્ય શહેર તહેરાન છે.

૮. અફઘાનિસ્તાન તેનું મુખ્ય શહેર કાબુલ છે.

૯. હિંદુસ્તાન તેનું મુખ્ય શહેર તે દિલ્હી છે. ત્યાં અત્યારે વાઈસરોય રહે છે. અને તે અગાઉનુ જુનું પુરાતનનું રાજયધાનીનું શહેર છે.

૨. યુરોપખંડ તેના મુખ્ય દેશો ૧૩ છે.

૧. બ્રિટીશ ટાપુઓ

૧. ઈંગ્લાન્ડ અને વેલ્સ જેને વિલાયત કહે છે તે અંગ્રેજોની રાજધાની છે. તેનું મુખ્ય શહેર લંડન છે. અને કાપડના કારખાના માટે પ્રખ્યાત માનચેસ્ટર છે.

૨. સ્કોટલાન્ડ તેનું મુખ્ય શહેર તે એડીનબરો છે.

૩. આયર્લાન્ડ તેનું મુખ્ય શહેર ડબલીન છે.

૨. સ્કાન્ડી નેવીઆ તે દ્વીપકલ્પ છે.

૧. નોર્વે તેનું મુખ્ય ક્રુસ્ટ્રીઆનીઆ છે.

૨. સ્વીડન તેનું મુખ્ય શહેર સ્ટોકહોમ.

૩. રૂશીઆઈ યુરોપી તેનું મુખ્ય શહેર પેત્રોગ્રેડ છે.

૪. જર્મની તેનું મુખ્ય શહેર બર્લીન છે.

૫. ડેનમાર્ક તેનું મુખ્ય શહેર કોપનહેગન છે.

૬. હોલાંડ અથવા નેધર્લાન્ડ તેનું મુખ્ય શહેર હેગ ડચ અથવા વલંદાનું રાજય છે.

૭. બેલ્જીયમ તેનું મુખ્ય શહેર તે બ્રસેલ્સ છે.

૮. ફ્રાન્સ તેનું મુખ્ય શહેર પેરીસ છે. તે આખી દુનિયામાં સુંદર અને સારૂં રમણીય શહેર છે.

૯. સ્વિટઝર્લેન્ડ તેનું મુખ્ય શહેર જીનીવા છે.

૧૦. આસ્ટ્રીઆ હંગેરી તેનું મુખ્ય શહેર વીએના છે.

૧૧. બાલકંદ દ્વીપકલ્પ છે તેના ભાગ છ છે.

૧. રૂમીનીઆ તેનું મુખ્ય શહેર બુકારેસ્ટ છે.

૨. બલગેરીઆ તેનું મુખ્ય શહેર સ્ફાયા છે.

૩. સર્વીયા તેનું મુખ્ય શહેર બેલગ્રેડ છે.

૪. મોન્ટીનીગ્રો તેનું મુખ્ય શહેર સેટીનજે છે.

૫. તુર્કસ્તાન તેનું મુખ્ય શહેર કોન્સટાનટીનોપલ આ યુરોપમાં મુસલમાની તુર્કનું રાજ્ય છે.

૬. ગ્રીસ તેનું મુખ્ય શહેર આથેન્સ છે.

૧૨. ઈટાલી તેનું મુખ્ય શહેર રોમ તે અગાઉ બાદશાહી શહેર હતું. અને તેમાં ખ્રિસ્તી ધર્મના ગુરૂઓ પોપનું પરિબળ હતું.

૧૩. આયબીયર્ન દ્વીપકલ્પ તેના પાંચ ભાગ છે.

૧. સ્પેન તેનું મુખ્ય શહેર માડ્રીડ છે.

૨. પોર્ટુગાલ તેનું મુખ્ય શહેર લીશબોન છે.

૩. **આફ્રિકા ખંડના મુખ્ય ૫ ભાગ છે.**

(૧) ઉત્તર આફ્રિકા ૧ બાર્બરીઆ સંસ્થાનો.

૧. મોરોકો એ રાજધાની છે.

૨. અર્લજીરીઆ તેની રાજયધાની અર્લજીઅર્સ છે.

૩. ટયુનિશ રાજયધાની ટયુનિશ છે.

૪. ટીપોલી રાજયધાની ટ્રીપોલી છે.

૨. ઈજિપ્ત તેનું મુખ્ય શહેર કેરો છે.

૩. સુદાન તથા હબશી દેશ તેનું મુખ્ય શહેર ટીબકટુ છે.

(૨) પશ્ચિમ આફ્રિકા

૧. સેનીગાબીઆ તેનું મુખ્ય શહેર સેન્ટલુઈ છે.

૨. ઉપલોગીની, પોર્ટુગીઝગીની, ફ્રેંચગીની, સીએરા-લીઓન, તેનું મુખ્ય શહેર ફ્રીટોન છે.

૩. લીબારીઆ તેનું મુખ્ય શહેર મનરોવીઆ છે. તે અમેરીકાનું છે.

૪. હાથીદાંતઆરો (આઈવરીકોસ્ટ) તે ફ્રેંચ તાબે છે. સુવર્ણઆરો (ગોલ્ડ કોસ્ટ) તેનું મુખ્ય શહેર આક્રા તે અંગ્રેજ તાબે છે. ટોગોલાંડ તે જર્મની તાબે છે.

દેહોમી ફ્રેંચ તાબે દક્ષિણ નૈજીરીઆ તે બ્રિટીશ તાબે છે મુખ્ય શહેર તેગોસ છે.

૫. નીચલોગીની કામેરોન તે જર્મનીને તાબે છે. ફ્રેંચ કોંગો તે ફ્રેંચ તાબે છે. કોંગો તે ફ્રાન્સ તાબે છે. પોર્ટુગીઝ તાબાનો કેટલોક ભાગ મુખ્ય શહેર સેન્ટ પાલડીલોઅન્ડા.

## ૪. દક્ષિણ આફ્રિકા

૧. જર્મન તાબાનો મુલક તેનું મુખ્ય શહેર વિંધાઈક છે.

૨. કેપકોલોની બ્રિટીશ તેનું મુખ્ય શહેર કેપટાઉન છે.

૩. નાતાલ બ્રિટીશ તેનું મુખ્ય શહેર પિટરમારીરઝબર્ગ છે.

૪. ટ્રાન્સવાલ બ્રિટીશ તેનું મુખ્ય શહેર પીટોરીઆ છે.

૫. આર્લેજ ફ્રી સંસ્થાન બ્રિટીશ તેમાં થોડો ભાગ સ્વતંત્ર છે. તેનું મુખ્ય શહેર બ્લોમફ્રાનટીન છે.

૬. રોડીશીઓ બ્રિટીશ તેમાં થોડો ભાગ સ્વતંત્ર છે. તેનું મુખ્ય શહેર શેલીસબલી છે.

૭. બાસુટોલાન્ડ સંસ્થાન

૮. સ્વાઝીલાન્ડ સંસ્થાન

૯. બૈસુઆનાલાન્ડ સત્તા બ્રિટીશ

## ૫. પૂર્વ આફ્રિકા

૧. ડેલાગોઆ અખાતના કિનારાનો મુલક સત્તા પોર્ટુગીઝ તાબે મુખ્ય શહેર ડેલાગોઆ અને લોરેન્સોમાર્ક બંદર છે.

૨. જર્મની પૂર્વ આફ્રિકા મુખ્ય શહેર ધારસલામ તે લડાઈમાં બ્રિટીશ સત્તા નીચે આવ્યું છે.

૩. બ્રિટીશ મધ્ય આફ્રિકા પોંકેકટરેટ તેનું મુખ્ય શહેર બ્લાન્ટાયર છે.

૪. બ્રિટીશ પુર્વ આફ્રિકા મુખ્ય શહેર મોમ્બાસા તે બંદર પણ છે. યુગાન્ડા સહીત હિન્દુઓને પુર્વ આફ્રિકામાં ઉતરવાનું પહેલું સ્થળ છે.

૫. ઝાન્ઝીભાર ટાપુ છે (જંગબાર) ત્યાંના સુલતાનને તાબે છે. પણ બ્રિટીશની સત્તા નીચે છે.

૬. સોમાલીલાન્ડ

  ૧. બ્રિટીશ સોમાલીલાન્ડ તેનું મુખ્ય શહેર બર્બરા છે.

  ૨. ફ્રેંચ સોમાલીલાન્ડ તેનું મુખ્ય શહેર જીબુટી છે.

  ૩. ઈરીટ્રીયા (ઈટાલી તાબે) તેનું મુખ્ય શહેર મશાવા તે અરબસ્તાની છે.

  ૪. આબીસીનીઆ તેનું મુખ્ય શહેર એડીશ અબીબા છે.

૫. આફ્રિકાના ટાપુઓ મડરી, અજાર્સ, કેનેડી, કેફવર્ડ, વગેરે સેન્ટહલીની ત્યાં (નેપોલીયનને કેદ રાખ્યો હતો) માડાગાસ્કર તે ફ્રાન્સને તાબે તેનું મુખ્ય શહેર તાનારીબો મોરીસીઅન ત્યાં ખાંડની ઉત્પત્તિ થાય છે. તેનું મુખ્ય શહેર પોર્ટલુઈ છે. સોકોત્રા તેનું મુખ્ય શહેર સોકોત્રા છે. સામાન્ય હાલના વખતમાં ધંધાર્થે આપણા હિંદી ભાઈઓ પુર્વ આફ્રિકાના કિનારા ઉપર ઘણા જાય છે. ત્યાંના કિનારાના મુખ્ય બંદરો મોમ્બાસા, જંગબાર, ડાલગોવા, નાતાલ (ડર્બન) વગેરે છે.

મોમ્બાસાથી અંદરના ભાગમાં રેલ્વે જાય છે. તેમાં નૈરોબી પ્રખ્યાત શહેર

છે. અને ઉપલા ભરમાં યુગાન્ડા લાઈન કપાસ વગેરેની સારી પેદાશ થાય છે. અને ત્યાં આપણા દેશી ભાઈઓની જીનેરીઓ છે. એશીઆનીઆ, મલેશિયા, સન્ડા, તેમાં સુમાત્રા, જાવા, બોર્નીઆ, ફોલીપાઈન, મુખ્ય શહેર બૈટવીઆ છે. સેલવાસ, મુલુકા વિગેરે છે.

૫. આસ્ટ્રીઆ (આસ્ટ્રેલીયા)

૧. આસ્ટ્રીઆ તેનું મુખ્ય શહેર મેલબોર્ન છે કેટલાક સોની લોકો ધંધાર્થે આસ્ટ્રીઆ જાય છે. બીજું મુખ્ય શહેર સિડની.

૨. ન્યુઝીલેન્ડ ટાપુ તેનું મુખ્ય શહેર વેલિંગ્ટન છે.

૩. મેલેનીસીઆ મુખ્ય શહેર ન્યુગીની, ફીઝી ત્યાં સોની લોકો ધંધાર્થે જાય છે.

૪. માઈક્રોનિશીઆ મુખ્ય શહેર લાડ્રોન (જર્મની) સત્તા છે.

૫. પોલીનીશીઆ

૧. સાન્ડવીચ અથવા હવાઈ તેનું મુખ્ય શહેર હીનાલુલુ છે.

૨. ટોંગો અથવા ફ્રેંચઅલી લુક અથવા હર્વીએલીચ, ફીનીક્ષ, તોકોલો, અને મેનેહિકા (બ્રિટીશ) આસ્ટ્રલ સોસાયટી ટાપુ લોઆરકી, પેલેગો, અને માર્કવીસાશ તે (ફ્રાન્સ)

૬. એન્ટાર્કટિકા (દક્ષિણ ધ્રુવનો ઠંડો પ્રદેશ) સાઉથ વિકટોરીઆ, ગ્રાહમલાન્ડ, દક્ષિણ જયોર્જિયા.

હવે પશ્ચિમ ગોળાર્ધ :

૫. અમેરિકાના બે ભાગ

(૧) ઉત્તર અમેરીકા

૧. ગીન્લાન્ડ ટાપુ મુખ્ય શહેર

૨. બ્રિટીશ ઉત્તર અમેરીકા તેનું મુખ્ય શહેર કવીબેક છે.

૩. ન્યુફાઉન્ડ ટાપુ તેનું મુખ્ય શહેર સેન્ટજોન છે.

૪. યુનાઈટેડ સ્ટેટસ તેનું મુખ્ય શહેર ન્યુયોર્ક, તે અમેરીકામાં મોટામાં મોટું શહેર છે. ત્યાં ૪૭ લાખ માણસની વસ્તી છે. બીજું શહેર શિકાગો જે જોવાલાયક પ્રદર્શન છે.

૫. મેક્સીકો તેનું મુખ્ય શહેર મેક્સીકો છે.

૬. મધ્ય અમેરિકા

૧. ગોવારેમાલા તેનું મુખ્ય શહેર તે ગોવાટેમાલા છે.

૨. હાન્ડુરાશ તેનું મુખ્ય શહેર ટેગુશીગાલયા છે.

૩. બ્રિટીશ હાન્ડુરાશ તેનું મુખ્ય શહેર બેલીઝ છે.

૪. સાલવાડોલ તેનું મુખ્ય શહેર સાલવાડોલ છે.

૫. નીકોરાગોઆ તેનું મુખ્ય શહેર માનાગોઆ છે.

૬. કોસ્ટ્રારીકા તેનું મુખ્ય શહેર સાન્જોશ છે.

૭. પાનામાં તેનું મુખ્ય શહેર પાનામાં.

૭. વેસ્ટ ઈન્ડીઝ ટાપુ

ગ્રેટર આન્ટીલીશ મુખ્ય શહેર

કયુબા અને પોર્ટરીકો તેનું મુખ્ય શહેર હાવાના છે. હાઈટી જૈમીકા તેનું મુખ્ય શહેર કિંગસટાઉન છે. લેસર આન્ટીલીશ, વિન્ડવર્ડ, લિવર્ડ, (મોટો કોમોનિકા) મુખ્ય શહેર બાર્બાડોઝ, ટ્રીનીદાદ (ડામરનું ૧૧૦ એકરનું સરોવર છે.) તે બ્રિટીશનું છે. મહામાં ટાપુ (બ્રિટીશ) મુખ્ય શહેર નાસો બર્મીયુડા (બ્રિટીશ) ત્યાં પરવારાની પેદાશી થાય છે.

(૨) દક્ષિણ અમેરીકાના ભાગ ૧૨ છે.

૧. કોલંબીયા (પ્રજાસત્તાક) તેનું મુખ્ય શહેર બોગોટા છે.

૨. ઈક્વેડોર (પ્રજાસત્તાક) તેનું મુખ્ય શહેર બોગોટા છે.

૩. પેરૂ તે રાજય (પ્રજાસત્તાક) તેનું મુખ્ય શહેર લીમા છે.

૪. ચીલી તે રાજ્ય (પ્રજાસત્તાક) તેનું મુખ્ય શહેર સાન્ટીયાગો છે.

૫. આર્જેન્ટીના એ રાજ્ય (પ્રજાસત્તાક) તેનું મુખ્ય શહેર વુવેનોરીએરીશ છે.

૬. યુરુગ્વે (પ્રજાસત્તાક) તેનું મુખ્ય મોન્ટીવીડીયો છે.

૭. પારાગુવે (પ્રજાસત્તાક) તેનું મુખ્ય શહેર એસેન્સન છે.

૮. બોલેવીઆ (પ્રજાસત્તાક) તેનું મુખ્ય શહેર પોટોસી છે.

૯. બ્રાઝીલ (પ્રજાસત્તાક) તેનું મુખ્ય શહેર રીઓડીજાનેરો છે.

૧૦. ગીઆના ફ્રેંચ ગીનીઓ મુખ્ય શહેર કાયેન ડચગીનીઆનાં મુખ્ય શહેર જયોર્જ ટાઉન છે.

૧૧. વેનેજુએલા તે રાજ્ય (પ્રજાસત્તાક) છે તેનું મુખ્ય શહેર કારાકાશ છે.

૧૨. ફાકલાન્ડ ટાપુ (બ્રિટીશ) તેનું મુખ્ય શહેર (બંદર) સ્ટેનલી છે.

★★★

# દરેક રાશી સવાબે નક્ષત્ર ભોગવવાનું દૃષ્ટાંત

| રાશી | | નક્ષત્ર | | | માસ |
|---|---|---|---|---|---|
| મેષ | અશ્વની | ભરણી | કૃતિકા | □ □ | ચૈત્ર |
| | ૧ ભાગ | ૧ ભાગ | ૦\|ભાગ | □ | |
| વૃષભ | કૃતિકા | રોહીણી | મૃગશીર્ષ | □ □ | વૈશાખ |
| | ૦\|\|\|ભાગ | ૧ ભાગ | ૦\|\| ભાગ | □ | |
| મિથુન | મૃગશીર્ષ | આદ્રા | પુનર્વસુ | □ □ | જેઠ |
| | ૦\|\| ભાગ | ૧ ભાગ | ૦\|\| ભાગ | □ | |
| કર્ક | પુનર્વસુ | પુષ્ય | અશ્લેષા | □ □ | અષાઢ |
| | ૦\| ભાગ | ૧ ભાગ | ૧ ભાગ | □ | |
| સિંહ | મઘા | પુર્વાફાલ્ગુની | ઉત્તરાફાલ્ગુની | □ □ | શ્રાવણ |
| | ૧ ભાગ | ૧ ભાગ | ૦\| ભાગ | □ | |
| કન્યા | ઉત્તરાફાલ્ગુની | હસ્ત | ચિત્રા | □ □ | ભાદરવો |
| | ૦\|\|\| ભાગ | ૧ ભાગ | ૦\|\| ભાગ | □ | |
| તુલા | ચિત્રા | સ્વાતિ | વિશાખા | □ □ | આસો |
| | ૦\|\| ભાગ | ૧ ભાગ | ૦\|\|\| ભાગ | □ | |
| વૃશ્ચિક | વિશાખા | અનુરાધા | જયેષ્ઠા | □ □ | કાર્તિક |
| | ૦\| ભાગ | ૧ ભાગ | ૧ ભાગ | □ | |
| ધન | મુળ | પૂર્વાષાઢા | ઉત્તરાષાઢા | □ □ | માગશર |
| | ૧ ભાગ | ૧ ભાગ | ૦\| ભાગ | □ | |
| મકર | ઉત્તરાષાઢા | શ્રવણ | ધનિષ્ટા | □ □ | પોષ |
| | ૦\|\|\| ભાગ | ૧ ભાગ | ૦\| ભાગ | □ | |
| કુંભ | ધનિષ્ટા | શતભિષા | પુર્વાભાદ્રપદ | □ □ | મહા |
| | ૦\|\| ભાગ | ૧ ભાગ | ૦\|\|\| ભાગ | □ | |
| મીન | પુર્વાભાદ્રપદા | ઉત્તરાભાદ્રપદા | રેવતી | □ □ | ફાગણ |
| | ૦\| ભાગ | ૧ ભાગ | ૧ ભાગ | □ | |

# નાડીઓનો વેગ

પંડવરમંડ અને શરીરનાં રૂવાડાં સમાન અસંખ્ય નાડીઓ થાય છે પણ તેમાં ૯૯૯ નવસો નવ્વાણું નાડીઓ વર્ણવાય છે. નાડીઓના પ્રાણવાયું થડકવાનું અનુમાન.

૧. જમ્યા પહેલાં ગર્ભવાસમાં એક મિનીટે નાડીઓ થડકવાનો ૧૩૦ થી ૧૫૦ ધબકારા થાય છે.

૨. નવા જન્મેલા (ગર્ભ જન્મ્યા) પછીની એક મીનીટે નાડીઓ થડકવાનો ૧૩૦ થી ૧૪૦ ધબકારા થાય છે.

૩. એક વરસ સુધીના એક મીનીટે નાડીઓ થડકવાનો ૧૧૫ થી ૧૩૦ ધબકારા થાય છે.

૪. એકથી બે વરસ સુધીના એક મીનીટે નાડીઓ થડકવાનો ૧૦૦ થી ૧૧૫ ધબકારા થાય છે.

૫. બે થી છ વરસ સુધીના એક મીનીટે નાડીઓ થડકવાનો ૯૦ થી ૧૦૦ ધબકારા થાય છે.

૬. સાત થી ચૌદ વરસ સુધીના એક મીનીટે નાડીઓ થડકવાનો ૭૫ થી ૯૦ ધબકારા થાય છે.

૭. ચૌદ થી એકવીસ વરસ સુધીના એક મીનીટે નાડીઓ થડકવાનો ૭૫ થી ૮૦ ધબકારા થાય છે.

૮. એકવીસ થી પાંસઠ વરસ સુધીના એક મીનીટે નાડીઓ થડકવાનો ૬૪ થી ૭૫ ધબકારા થાય છે.

૯. વૃદ્ધાવસ્થામાં એક મીનીટે નાડીઓ થડકવાનો ૭૦ થી ૮૫ ધબકારા થાય છે.

★★★

# સમુદ્રની ભરતી ઓટ બાબત

ક્ષીર સાગરમાં અમાસ પછી પડવેથી (સુદ ૧થી) પુરી ભરતી બપોરના સાડાબાર વાગે તથા રાતના સાડાબાર વાગે થાય છે. શુકલ પક્ષની બીજને દિવસ બપોરના તથા રાતના દોઢ વાગે પુરી ભરતી થાય છે. ત્રીજને દિવસ બપોરના તથા સવારના સવા બે વાગે પુરી ભરતી થાય છે. ચોથને દિવસે સાંજે તથા સવારે ત્રણ વાગે પુરી ભરતી થાય છે. પાંચમને દિવસ સાંજે તથા સવારના પોણાચાર વાગે પુરી ભરતી થાય છે. છઠને દિવસ સાંજે તથા સવારે સાડાચાર વાગે પુરી ભરતી થાય છે. સાતમને દિવસ સાંજે છ વાગે અને પ્રાતઃકાળના છ વાગે પુરી ભરતી થાય છે. નોમને દિવસ રાત્રે તથા પ્રાતઃકાળે પોણા સાત વાગે પુરી ભરતી થાય છે. દશમના દિવસ રાતના સાડાસાત વાગે તથા પ્રાતઃકાળે સાડા સાત વાગે પુરી ભરતી થાય છે. અગિયારસને દિવસ રાતના સવા આઠ વાગે તથા સવારના સવા આઠ વાગે પુરી ભરતી થાય છે. બારસને દિવસ રાતના નવ વાગે તથા સવારના નવ વાગે પુરી ભરતી થાય છે. તેરસને દિવસ રાતના તથા સવારના પોણા દશ વાગે પુરી ભરતી થાય છે. ચૌદશને દિવસ રાત તથા દિવસના સાડાદશ વાગે પુરી ભરતી થાય છે. પુનેમ તથા અમાસને દિવસ રાત તથા બપોરના બાર વાગે પૂરી ભરતી થાય છે.

★★★

# વાસના ઓછી કરવા બાબત બોધ

આ અસાર સંસારમાં સૌનો સ્વાર્થ સમાયેલો છે. જગત કોઈપણ લંગોટીઆને દેખે તો તેમાંથી જાણે સોનાનો ડુંગર આપણને કરી આપે અને તે લઈ લઈએ અને જાણે આપણે જલદી ભગવાન બની જાઈએ અને સ્ત્રી અને પ્રજા અને સંપતવાન થઈ જવાનું સર્વેને તૃષ્ણા જામી પડી છે. કોઈને કોઈના સંગથી શાંતિ આ ખોટી માયાના ભ્રમણમાંથી છુટવાની લેશમાત્ર પણ જોવામાં આવતી નથી અને જગત પદાર્થની તૃષ્ણા ભોગવવા માટે લાગી રહી છે. તો તેમાં કોઈપણ જગ્યા તથા પદાર્થ નિર્ભય તો છે જ નહી. સર્વે ઉત્પત્તિ તથા પદાર્થોમાં લાભ તથા હાની તો રહ્યાં જે છે તેવી ખોટી લાભ હાનીમાં તપી તપીને બળી મરે છે. અને પોતાનો જન્મ વૃથા ગુમાવી દે છે. વનસ્પતિના બીજક ભીની જગ્યામાં નાંખવાથી તેમાંથી વિકાર જાગીને કોંટો ઉત્પન્ન થાય છે. તે કોંટો બીજકનો તથા અમીને જમીનનો બંન્નેનો ભક્ષ કરીને ઉભો થાય છે. તો તે વૃક્ષની પહાડો પાતાળમાં ગઈ અને આસમાનમાં શાખાઓ ગઈ તો પણ તેને ઓગણપચાસ વાયુઓ ડોલાવે છે. અને કોઈ દિવસ ઉધે મુળ પણ નાંખી દે છે. તે વૃક્ષને સૌ સૌની ઋતુઓ ફૂલાવે છે અને ફેલાવે છે. અને સુકાવી પણ નાંખે છે તેમ આ સર્વે જગત એક ધામરૂપી વિકારથી નવ તત્વ થઈને ઉત્પન્ન થઈ છે. તો તેને પણ ક્ષુધા તથા કામના ને મૃત્યુક ચૌદ બ્રહ્માંડને ડોલાવ્યા કરે છે. પાંચ તત્વ પચીસ પ્રકૃતિઓ અગિયાર ઈંદ્રિયોના વિષય, મન, બુદ્ધિ અને ચિત્ત, અહંકાર, શબ્દ, સ્પર્શ, રૂપ તથા ગંધ અને ક્ષુધા, તૃષા, ટાઢ, તડકો, દુઃખ, સુખ, હરખ, શોક, લાભ, હાની, કાળ, ક્રોધ, મોહ મદ, આશા, તૃષ્ણા, ઈર્ષા, મરવું, બીવું અનેક પદાર્થ ભોગવવાની ઈચ્છા અનેક પદાર્થ સંગ્રહવાની ઈચ્છા અનેક ઈન્દ્રિયોની વાસનાવિકાર અને અનેક પ્રકારના ભય તથા જોખમ આટલા વિકાર સર્વે જગતને અને પંડવરમંડને ડોલાવ્યા કરે છે. કોઈને પણ સ્થિર થવા દે તેમ નથી. જેમ કોઈ છળ કરીને મોટા બુદ્ધિવાનને છળી લે છે તેમ માયા પણ છળનું પુતળું છે. મોટા મહાન પુરૂષને પણ છળી લીધા છે એમ કોઈ ઠગી બુદ્ધિવાનને પણ ઠગી લે છે એમ માયા પણ ઠગણી છે. મોટા મહાન પુરૂષને પણ ઠગી લીધા છે. પૃથ્વી માથે એક ઉંદર ઉત્પન્ન થાય તો તેને રહેવાનો આશ્રમ એક કોડીઆ જેટલો જોઈએ પણે તેને સંતોષ નહી આવતાં જમીન (ભૂમિ) ખોદીને પોલી

કરવા લાગે છે. તો તે ભૂમિ ખોદતાં ખોદતાં તેમાંથી તૃષ્ણા ઘર વહેવારની બંધાણી અને ગ્રહસ્થ થયો. તે પોતે સ્ત્રી સહિત જમીન ઘણી ખોદવા લાગ્યો (કોલવા લાગ્યો) તે કોલતાં કોલતાં તેને સંતોષ નહી રહેતાં તે પ્રજા ઉત્પન્ન કરવા લાગ્યો ત્યારે ઉંદરની એવી તૃષ્ણા તથા મોહ ઉત્પન્ન થયો કે આ મારી પ્રજા સહીત ઉત્પન્ન કરીને અને ખંડ પોલી જગ્યા કરીને મારૂં ઘર તથા મારો નિવાસ કરી લઉં. જ્યારે ઘણા કાળ સુધી પ્રજા ઉત્પન્ન કરવા લાગ્યો અને પ્રજા સહીત તે જમીન કોલવા લાગ્યો ત્યારે ઉંદરને પ્રજા ઉત્પન્ન કરવાથી તથા જમીન કોલવાથી સંતોષ વલ્યો નહી ત્યારે એક દિવસ કાળ નામે શેષનાગ એના ઘરમાં (દરમાં) ઉતરીને તે ઉંદરના કુટુંબ સહિત અને તેના વંશ પરીવાર સહીત ભક્ષ કરીને ધણી થઈને બેઠો તેમ જગતમાં પણ પંડિત, પુરાણી, ફકીર, ઓલીઆ, સીદ્ધ પુરૂષ અને સમર્થવાન પુરૂષ, રાજા અને રૈયતને કરતે કરતે અનેકને ઉંદરના વંશાપરિવાર સહીત ભક્ષણ કરીને બેઠા અને અનેકની પાછળ કોઈ ધણી થઈને બેઠા છે. પણ કોઈ સીધ સમર્થ ફકીર, ઓલીઆ, કર્તવ્યથઈ છુટીને અકર્તા થઈને બેસી શક્યા નથી.

જંગલના પશુઓ જંગલનું ઘાસ ખાઈને પેટ ભરે છે અને તેમાં પોતાનો નિર્વાહ ચલાવે છે. પણ કોઈ સંગ્રહ કરતું નથી. છતાં તેનો નિર્વાહ તથા જીંદગી ગુજારે છે. એ પશુઓએ ગોબર (છાણનું) પોચકું મુક્યું તો તેને માથે ઠાર (ઝાકળ)નો વિકાર ચડયો તો તે વિકારથી ઉધય નામના કીડાઓ ઉત્પન્ન થયા તો તે ઉધય પોતાનો વંશ વહેવાર વધારીને તેમને રહેવાને માટે રાફડો વધારવા મંડી ત્યારે ઉધયને એવી તૃષ્ણા અને મોહ ઉત્પન્ન થયો કે આ નવ ખંડ પૃથ્વી મારી પ્રજા અને મારો રાફડો કરી લઉં. એમ પ્રજાને અને રાફડાને વધારતે વધારતે સંતોષ કે શાંતિ આવી નહી અને ઉંચે જોયું તો તેને આકાશ જોવામાં આવ્યો ત્યારે ઉધયે મનમાં વિચાર કર્યો કે આ મારી પ્રજાને તથા રાફડાની વૃદ્ધિને માટે આકાશ અડી જાશે પણ તેને એવો મોહ તથા અભિમાન થયું કે જેમ જમીન કોલતી જાઉં છું. તેમ આકાશને કોલીને પોલો કરીને મારો વંશ પરીવાર અને રાફડાની વૃદ્ધિ કરીને ઘર કરી લઈશ. ઉધય વૃથા સંતોષ છોડી અને પ્રજા તથા રાફડો વધારે જાય છે. તો એક દિવસ કાળ નામે શેષનાગ રાફડામાં ગળીને બેઠો અને ઉધયના વંશ પરીવારનો ભક્ષ કરીને ધણી થઈને બેઠો તેમ પૃથ્વી માથે પણ અનાદીથી બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર અને ચોવીસ અવતાર,

તેત્રીસ કરોડ દેવતા, પંડિત, પુરાણી, ફકીર, ઓલીઆ, સિદ્ધ, સમર્થ, રાજા અને રૈયત કરતે કરતે અનેકને કાળ ગળી ગયો છે અને કોઈ વાંસે તેના કોક કર્તવ્યમાં ધણી થઈને બેઠા છે. તપસી સન્યાસી સર્વ પંડિત, પુરાણી, ફકીર, ઓલીઆ, કર્તવ્ય છોડીને અકર્તા થયા નથી.

★★★

# પંડવરમંડનું તત્વ સાથે સંબંધનું દૃષ્ટાંત

દશરથ રાજા મૃત્યું સમયે કૌશલ્યાને સંબોધીને કહ્યું કે હે કૌશલ્યા અજ્ઞાનપણામાં કરેલાં પાપકર્મનું ફળ આજે મને મળ્યું. હું જયારે કુમાર અવસ્થામાં (અજ્ઞાન કાર્યમાં જયારે જ્ઞાન નહોતું ત્યારે) એ વખતે માનસરોવરના કાઠે શિકાર કરવાને ગયો હતો. ત્યાં મેં કેટલેક છેટે જળથી ભરાતા ઘડાનો અવાજ સાંભળ્યો તે મને પાણી પીતાં મૃગ જેવો લાગ્યો. કોઈક મૃગ જ હશે એમ ધારી મેં બાણ છોડયું. તે બાણ છૂટતાં જ "અરરરરરર" એવો કોઈ મનુષ્યનો દયાજનક શબ્દ મારા સાંભળવામાં આવ્યો તરત જ હું ત્યાં ગયો. ત્યાં કોઈ તાપસ પુત્ર શ્રવણ મારા જોવામાં આવ્યો એટલે મેં જાણ્યું તેને પૂછ્યું તેણે મરતાં મરતાં કહ્યું કે પાસેના વૃક્ષ નીચે બેઠેલાં મારાં અંધ અને વૃદ્ધ માતા-પિતા પાસે પાણી લઈ જઈને પાવ. એમ કહીને શ્રવણે દેહનો ત્યાગ કર્યો.

હું તેના મા બાપ પાસે જલ લઈ ગયો. મને તે ઓળખી ન કાઢે માટે ધીમે પગલે ચાલતો હતો પણ માર પગનો અવાજ સાંભળી અંધ તપસ્વી બોલ્યા, "હે પુત્ર આજે તું કેમ બોલતો નથી." મેં મારૂં અજ્ઞાનથી થયેલું કાર્ય તથા શ્રવણના મૃત્યુની વાત કહી સંભળાવી. ત્યારે તેમણે મને શ્રાપ આપ્યો કે, "તને ઋષિના વરદાનથી ચાર પુત્રો થશે પણ તારા મૃત્યુ સમયે તને એ ચારે પુત્રોનો મારી માફક વિયોગ થશે." ત્યારે મૃત્યુ વેળાએ ચારે પુત્રોમાંથી કોઈપણ પાસે ન હોતો. એ વાત કૌશલ્યાને મરણઘાત વેળા કહેતા હતા. તેનો બીજો ગ્રંથ જયારે દશરથ રાજાને જ્ઞાન નહોતું તેને અજ્ઞાન કાર્ય કહ્યું છે. દેહરૂપી દશરથને જ્યારે જ્ઞાન થયું ત્યારે પ્રાણાયામ કુંભરૂપી બાણ ચઢાવીને મન રૂપી મરીચી નામની વાયું એ મન રૂપી મૃગને મારે છે. અને મન દશમેદ્વાર મનસાગર થઈ જાય છે. તેને કાઠે પ્રાણાયામ રૂપી બાણ ચઢાવ્યા છે અને મન રૂપી મૃગ માર્યો છે. કાનને શબ્દરૂપી શ્રવણ કહ્યો છે. કાનમાં સમાધીમાં અનહદ નાદ થયા કરે છે. એટલે લય સમાધીમાં તે શબ્દને વાજીંત્ર બંધ થાય છે. એટલે શ્રવણને માર્યો કહેવાય છે. દેહરૂપી દશરથ તેમાં અરૂણ માતા તથા વરૂણ પિતા તે શ્રવણના મા બાપ અરૂણ એટલે શરીરની શક્તિ અને વરૂણ એટલે બિંદુ. બિંદુ અને શક્તિ દશમેદ્વાર વિષય પ્રકાશે છે. એટલે તેમાં બહોતેર નાડીનું અમી ઉપર ચઢે છે. તેને અંધા અંધીને દેહરૂપી દશરથે પાણી પાયું કહે છે. અને

વાયુ તત્વ, અગ્નિ તત્વ, જલ તત્વ અને પૃથ્વી તત્વ એ ચારે તત્વ સમાધીમાં સમયે લય પામે છે. (ઉપસવનમાં ઉલટી વૃત્તિ) ત્યારે તેને આ દેહનો નિરોધ થતાં એટલે તત્વની ગતી બંધ થાય છે. તેને દેહરૂપી દશરથના ચાર તત્વરૂપી દિકરાઓનો વિયોગ થયો એમ કહેવાય છે. હવે આનો ત્રીજો ગ્રંથ આ દેહરૂપી દશરથને મૃત્યું સમયે ચારે તત્વ બંધ પડી જાય છે. તે પણ ચારે તત્વરૂપી દિકરાઓનો વિયોગ થયો કહેવાય છે. અને રૂવાનપાદ રાજા દશરથ રાજાની જન્મના મિત્રુ છે. એટલે દેહ તથા રૂવાડાં, હાડ, ચામડાની સાથે જન્મના મિત્રુ છે. દેહના એટલે તે રૂવાડાં તે રૂવાનપાદ રાજા તથા દેહ દશરથ રાજા તે બંન્નેની મિત્રતા કહી છે. અને દશમેદ્વાર શીંગીઋષી કહ્યા છે. કારણ કે સમાધી વખતે યોગીને દશમેદ્વાર શીંગીનાદ સંભળાય છે. શીંગીનાદ સાંભળવાથી યોગીઓને શાંતિ મળે છે. તે શાંતિને રૂવાનપાદ રાજાની કુંવરી શાંતિ કહી છે. અને શબ્દરૂપી શીંગીઋષીને પરણાવી છે એમ કહ્યું છે. દેહ રૂપી દશરથનો યોગરૂપી યોગયજ્ઞ કહ્યો છે. અને દશમેદ્વાર સુષુમણા નાડી તે નાડીને સુમિત્રા કહીં છે. અને ડાબી નાશિકામાં નાડી શાંતિ આપવાવાળી છે. એટલે તે કૌશલ્યા કહેવાય છે. અને જમણી નાશિકામાં જે નાડી રહે છે તે નાડી ચાલતી હોય તો કુરકમને કરવાવાળી છે. તે નાડીને કૈકેયી વર્ણવી છે. અને ચારે તત્વને દેહરૂપી દશરથના ચાર પુત્રો કહ્યા છે. અને પ્રાણને દેહરૂપી દશરથનો રથ કહ્યો છે. નાશીકાથી પ્રાણ આવ જાવ કરે છે. તે પ્રાણને વશિષ્ઠજી કહ્યા છે. અને એક મુખારવીંદ, બે નાશીકા, બે ચક્ષુઓ, અને બે કાન એ સાતે ગોલખમાં દેવતાઓ રહ્યા છે. તેને ઋષિઓ કહ્યા છે. અને દશમેદ્વાર સમાધીમાં મન મનસાગર થઈ જાય છે. તે મનસાગરના કાંઠા ઉપર અનહદ લીલા તથા ૩૬ રાગણીઓ રાગ રહે છે. અને પંચરંગી સર્વે વનસ્પતીઓ ખીલી રહે છે. અને તેમાં પંચરંગી પક્ષીઓ કલોલ કરતાં હોય તેવા મીઠા શબ્દો ઉઠી રહે છે. તે કાગઋષિની કથા કહી છે. અને દશમેદ્વાર પ્રાણનો કુંભક (પ્રાણાયામરૂપી કુંભક) કર્યો તે ગરૂડજી કહેવાય છે. અને નાગ વાયુ બંન્ને નાશીકાઓમાંથી આવ જાવ કરે છે. તે સમાધીમાં બંધ થાય છે તે સુક્ષ્મતત્વ નાગ પાસે આકાશ તત્વમાં બંધાણા કહેવાય છે. અને કુંભક ઋષી પ્રાણાયામ છોડવા તે ગરૂડજીએ એ નાગપાસ (પ્રાણ બંધ થયાં) તોડેલું કહેવાય છે. એટલે કુંભકમાં પ્રાણની ગતિનો નીરોધ થઈ જાય છે. અને ત્યાં અનહદ વાજાં તથા છત્રીસ

રાગણીઓ રાગી રહે છે. તે કાગઋષિની કથા કહી છે. અને તે ઉપદેશ કાગઋષિનો વર્ણવેલો છે. જ્યારે રામચંદ્રજીએ જન્મ લીધો ત્યારે આગળથી જ પોતાના રક્ષણ માટે સાત સમુદ્ર તથા સાત દ્વીપ અને સાત દ્વીપમાં અપસરા અને વિનલ, નીલ, સુગ્રીવ, વાલી, હનુમાનજી, વાંદરા, રીંછ, ભીંછએ પોતે જન્મયા પહેલાં તેની અગાઉ પોતાનું રક્ષણ કરવા માટે અગાઉથી જન્મ્યા હતા. આ ગ્રંથિ પરવડમંડચા બ્રહ્માંડની ઉત્પત્તિ સાથે છે. તેમ વર્ણવ્યા હતા એટલે ગર્ભવાસથી જન્મ લેતાં અંદર જે પ્રાણરૂપી એ ભગવાન એ રામચંદ્રજી કહ્યા છે. અને નાભીથી મુખારવીંદમાં બે નાશીકામાં, બે ચક્ષુઓમાં બે કાનમાં એ સાત નાડીઓ નાભીથી ગઈ તેને અગાઉથી સાત સમુદ્ર સાત દ્વીપ. તે પ્રાણની અગાઉથી ઉત્પન્ન કર્યા છે. એમ કહ્યું છે.

મુખારવિંદમાં નલ તથા નિલ છે અને બંન્ને નાશિકામાં વાલી તથા સુગ્રીવ કહ્યા છે. અને બંન્ને આંખોમાં કપી હનુમાન વાંદરા કહ્યા છે. અને બંન્ને કાનમાં રીંછ અને ભીંછ કહ્યા છે તો તે જન્મની અગાઉ હોય ત્યારે જ પ્રાણરૂપી ભગવાન અંદર રહી શકે નહીતર જરાક પડદો ન ફૂટે તો પ્રાણનો વિનાશ થઈ જાય છે. આમ પુરૂષોએ વંશાવળીમાં પણ બીજા ગ્રંથો કર્યા છે. આ શરીર પંડ ઉત્પત્તિનો અને તે તત્વવેત્તા ગ્રંથ છે. અને બ્રહ્મવેત્તા પુરૂષોએ તત્વ અને પંડવરમંડની શોધ કરેલી છે. તેમાં વગર સમજ્યા અજ્ઞાની લોકો બીજા ખોટા રસ્તા પાખંડમાં ભટકી મરે છે. હવે આનો બીજો સમાધીમાં ગ્રંથ નાભીની નીચે સાડાત્રણ આંટા નાગણી રહી છે. તે નાગણી અને સુષુમણા નાડી દશમેદ્વાર નાભીથી ગઈ તે સુમીત્રા અને દેહરૂપી દશરથ અને ડાબી નાશીકાએ કૌશલ્યા તથા જમણી નાશીકાએ કૈકેયી અને દસ ઈન્દ્રિયોમાં કામના તે દશ મુખવાળો રાવણ અને હાથ પગની વીસ આંગળીઓ તે તેની વીસ ભુજાઓ અને તે કામનારૂપી રાવણ શાન્તિરૂપી સીતાનું હરણ કરે છે અને તેને સાડાત્રણ આંટા લઈને નાગણી રહી છે. તેમાંથી શક્તિ યોગીઓએ તે શક્તિ દશમેદ્વાર લઈ ગયા તે શક્તિરૂપી સીતા ને પવન સુત હનુમાન એટલે પવનરૂપી કુંભક કરીને એ સાત પદમે છેદીને દશમેદ્વાર પ્રાણ સ્થિર થઈ ગયા અને તેમાં શાંતિ ને શાંતિરૂપી સીતાની શુદ્ધિ લીધી છે. અને સંત પદમરૂપી સાત સમુદ્ર ઓળંગ્યા છે. એમ કહ્યા છે. અને નિર્વાણ વૃત્તિમાં વિષય પ્રકાશ થયો તે લંકા સોનાની કરી છે અને ત્યાં

નિર્વાણ વૃત્તિને રામ કહ્યા છે. તત્વ વિપરીત ચાલે તેને સીતા હરાણી કહેવાય છે. અને ત્યાં જે ભાવના બંધાણી તેને ભરતજી કહ્યા છે. અને ત્યાં શાંતિ મળી તેને શત્રુઘ્ન કહ્યા છે. અને આંખોમાં ત્રીજું નેત્ર ખોલીને એ લીલા જોવાય છે તેને લક્ષ્મણજી દ્વારપાળ કહ્યા છે. તે નેત્રના લક્ષ્મણજી દ્વારપાળ કહ્યા છે. અને સાતે ગોલખ એટલે એક મુખારવિંદ બે નાશીકા, બે ચક્ષુઓ અને બે કાન એ સર્વની શકિત દશમેદ્વાર ગઈ એટલે ત્યાં લંકા કહી છે. અને ત્યાં રીછ અને ભીંછ કહ્યા છે. અને ત્યાં સર્વે મોહનો વિનાશ થઈ જાય છે. તે મોહરૂપી રાવણ માર્યો છે. અને સર્વે કામનાનો સમાધિમાં લય થઈ જાય છે. તેને કામનારૂપી રાક્ષસોને રામચંદ્રજીએ હણ્યા એમ કહ્યું છે. અને નાભીને પૃથ્વી કહે છે. અને નાભીથી શકિત ધ્રુવ મંડળમાં જાગૃત કરી તેને સીતા કહી છે અને યોગયજ્ઞીને યોગયજ્ઞ કહ્યો છે. અને એ યજ્ઞમાં શકિતરૂપી સીતા હોમાય છે. આ પુરૂષોએ સમાધીમાં આ ગ્રંથ વર્ણવ્યો છે.

હવે બીજો ગ્રંથવરમંડનો પાછો પુરૂષોએ પંડવરમંડ દશ તેમાં ઉત્તર, દક્ષિણ તથા મધ્યના એ ત્રણ તેની સ્ત્રીઓ, મધ્યના એટલે સુમિત્રા, ઉત્તર દિશા એટલે કૌશલ્યા, અને દક્ષિણ દિશા એટલે કૈકેયી કહી છે. અને મધ્યમાં સત્વગુણ રહ્યો છે. તેને રામ કહ્યા છે. પુર્વ દિશામાં જલતત્વ રહ્યો છે તેને હનુમાનજી કહ્યા છે. પશ્ચિમ દિશામાં પૃથ્વીતત્વ રહ્યો છે. તેને ભરતજી. ઉત્તર દિશામાં રજોગુણરૂપે વાયુતત્વ રહ્યો છે તેને શત્રુઘ્ન કહ્યા છે. અને દક્ષિણ દિશામાં તમોગુણરૂપે અગ્નિ તત્વ રહ્યો છે. તેને લક્ષ્મણજી કહ્યા છે. અને દશે દિશાઓમાં શુભાશુભ કરાવે છે તેને દશ મુખવાળો રાવણ કહ્યો છે. અને દશે દિશાઓમાં શુભ થાય છે. તેને દેવતા કહ્યા છે. અને જે દશે દિશાઓમાં અશુભ થાય છે. તેને રાક્ષસો કહ્યા છે અને બાર માસ તેમાં અધીક માસ તેરમો બેસે છે અને સુર્ય છ છ માસના ઉત્તર દક્ષિણના બદલે છે એટલે અધીક માસમાં સુર્ય એક બાજુ વધારે ચાલ છે. તેની વધઘટ થઈ જાય છે એટલે ઋતુમાં ઉલટી થાય છે. તે ઋતુની શકિતરૂપી સીતાજીએ દશે દિશાઓમાં અશુભ વર્તમાનરૂપી રાવણ સીતાને હરી ગયો કહેવાય છે. અને તે ઋતુ તેર મહિના વીતી ગયા પછી ચૌદ મહિને સૌ સૌની ઋતુમાં જાય છે. તે રામચંદ્રજીએ ચૌદમે વર્ષે સીતાજી વાળ્યા એમ કહ્યું છે. આ પ્રમાણે પૃથ્વી માથે બુરા ભલાં જેણે કર્યા છે તેના

દષ્ટાંત દઈને તેને માથે પંડવરમંડનાં દષ્ટાંત લઈને ગ્રંથ રચ્યાં છે અને તત્વવેત્તા પુરૂષોએ પંડવરમંડની શોધ કરીને સિદ્ધાંત મુકેલા છે. અને આજ કાલના વિદ્વાનોએ બુરાં ભલાં કરીને મરી ગયા તેની વંશાવળીઓ તથા વાર્તાઓ કરી છે. પણ સિધ્ધાંતના ગ્રંથને કોઈ અનુભવથી કે બુદ્ધિની સત્તા સમૃધ્ધિ વિના જાણી શકતા નથી અને જગતને વૃથા દષ્ટાંતોની કથા સંભળાવીને ભરમાવીને જગતને ખોટા દષ્ટાંત દઈને બાવરી બનાવી દીધી છે.

★★★

# નીતિધર્મ અને વર્ણાશ્રમને આધારે જગત ભાગ્યવાન અને સુખી રહેવાનું દૃષ્ટાંત

બ્રાહ્મણ ચાર વેદ જાણી પંડિતની પદવાને પ્રાપ્ત થયા હોય તેવા પંડિત પણ પોતાના અભોર બાળકનું છ માસ એઠું ખાય તો પંડિતની પણ બુધ્ધિ કાળે કરીને બાળકના આચરણ જેવી થાય છે. તેમ સુકૃત્ય કર્મ કરવાવાળા દુ:કૃત્ય કર્મ કરવાવાળાનું ઉચ્છિષ્ટ ખાય તો સુકૃત્ય કર્મ કરવાવાળાની બુધ્ધિ દુ:કૃત્ય કરવાવાલાની જેવી ભ્રષ્ટ થઈ જાય છે. કેમકે ઉત્તમ જાતિનું અમૃત ભોજનમાં અખાજના ખાવાવાળા મચ્છર, માખી, કુતરૂં, બિલાડું કે કાગડો બોટી જાય તો તે ભોજન અશુદ્ધ થઇ જાય છે અને અમૃત ભોજન માથે કાગડા, કુતરાં કે હલકાં અગર નીચ જાતિના માણસોની દ્રષ્ટિ પડે તો તે ભોજન ઉચ્છિષ્ટ થઈ જાય છે. તે ભોજન ઉત્તમ જાતિના જમવાથી ઉત્તમ જાતિ માણસોની બુધ્ધિ ભ્રષ્ટ થઈ તેની વૃત્તિઓ નીચ આચરણમાં જોડાય છે. તેમ ધંધા રોજગારમાં અને વણજ વેપારમાં સોળના સત્તર આના કમાતા તે શાહ વહેપાર કહેવાય છે. તેવા વહેપારીઓ શાહુકાર કહેવાય છે. તેવા નીતિધર્મથી જગત ભાગ્યવાન અને સુખી રહે છે. પણ ધંધા રોજગાર વણજ વહેપારમાં જગત નીતિધર્મથી ભ્રષ્ટ થઈ કમલબાજી, કસાઈ, દગાખોર, દગલબાઝી, કુડકુટીલતાઈ, સોદાગરૂ, હેતુમાર, મિત્રુમાર, નીમકહરામ, બદમાશ, હરામહલાલી, અને દિવાળીઆથી આવા અનિતિના વણજ વહેપાર, ધંધા રોજગારથી જગત ભાગ્યહીન અને દુ:ખી થાય છે. તેમ અબાબના ખાનાર અને હરામના ખાનાર, નિમકહરામ, બદમાશ,નીતિભ્રષ્ટ, વર્ણશંકર અખાજના ખાનાર તેવા વર્તમાનવાલા નીતિભ્રષ્ટ થવાથી તેવા લોકોની બુધ્ધિ રાક્ષસના જેવી, ભુતના જેવી, પ્રેતના જેવી, વેરીના જેવી અને નમેરીના જેવી હલકી બુધ્ધિ થઈ જાય છે. કેમ કે દુ:ખીયારી ગાય વાછરડા વગરની દોહવા ન દેતી હોય તેના ગોવાળ ગાયને અને ઉપદ્રવ તથા દુ:ખ દઈને ગાયને દોહીને પોતાનો સ્વાર્થ સાધે છે પણ ગાય વાછરડાના અફસોસને લઈને ન દોહવા દેતી હોય તો પણ સ્વાર્થી ગોવાળ (ધણી) ગાયના ઉપર દગા આણતો નથી, તેમ અખાજના ખાનાર, કામી, હરામી, પોતાના સ્વાર્થ સારૂ જગતને અનેક દુ:ખ દઈ, જગતને અનેક ઉપદ્રવ કરીને કરાવીને પોતાનો સ્વાર્થ સાધે છે. અને જગતને પાયમાલ કરે છે પણ અનીતિ તથા

અન્યાયના ચાલનાર જગતને નભાવવા માટે જગત ઉપર દયા આણતા નથી તેથી પણ જગત ભાગ્યહીણ તથા દુઃખી થાય છે. તેમ અઢારે વર્ણ... ..... એદી, આળસુ તથા લબાડ થઈને પોતાના હુન્નરથી પોતાનું પેટ ન ભરાણું એટલે પેટ વાસ્તે વગર દુઃખે લંગોટીના ગાડે પાટા બાંધીને જગતના ગુરૂ થઈને વર્ણશંકર, ભડવા, રાબના, રાંડના, દમડીના ચોર, વ્યભિચારી, ધનના હેરૂ, પેટ વાસ્તે, કમાવા વાસ્તે, ધતંગ, પાખંડ, કીમીઆ, ખેલાડુના ખેલ, માંડીને ઉપર લખ્યા પ્રમાણે વર્તમાનવાળા જગતના ગુરૂ થઈને અનેક ફાંસલા બાંધી તેના મહાત્મ્ય વધારી તેમાં જગતને વિશ્વાસ બંધાવીને જગતને ફસાવી પોતાના સ્વાર્થ સાધે છે અને જગતને પાયમાલ કરે છે. આવા નીતિહીણ, ધર્મથી ભ્રષ્ટ થયેલાથી પણ જગત ભાગ્યહીણ અને દુઃખી થાય છે. તેમાં ઓઝલપુણું છોડી દઈ, સ્ત્રી, વસ્ત્રથી, અંગ મુખમુંદ્રામાં દુરાચારની દષ્ટિ પડે છે. તેથી પુરૂષોની બુદ્ધિ ભ્રષ્ટ થઇ અર્થ અનર્થ જાણતી નથી, તેવા કર્મોથી પણ જગત ભાગ્યહીણ પણ દુઃખી થાય છે. સ્ત્રીના મુખમુંદ્રા ઉપર પર પુરૂષની દષ્ટિ પડવાથી સ્ત્રીઓમાં ઉચ્છીષ્ટ થઈ જવાનો દોષાંતર લાગે છે તેવી સ્ત્રીઓમાં પ્રજા થતાં વર્ણશંકરના આચરણ જેવા આચરણ કરે છે, કેમકે તારા, નક્ષત્ર, ઉત્પાત, ભુમીકંપ, દીગ્ધા, વરીઆણ વિકાર દીદીશા પ્રકાશહીણ થવાથી તેનાં અશુભ વર્તમાનથી ઉલટી થઈ ઉલટા કેતુ ઉગે તો જગત ભાગ્યહીણ અને દુઃખી થાય છે અને રાજા અને રૈયત અનેક ઉપદ્રવનાં દુઃખમાં ચિંતાતુર રહે છે. તેમ નરનારી કોઈની દષ્ટિથી દોષિત થવાથી અથવા વ્યભિચારિણી થવાથી ઉંચ જાતીમાં નીચ જાતીમાં ઉંચ જાતીની પ્રજા થવાથી, નીચ જાતીમાં ઉંચ જાતીની પ્રજા થવાથી આકાશમાં ઉલટા કેતુ ઉગવા, સમાન, પ્રજા વર્ણશંકર થાય છે. તેવા વર્ણશંકર થાય છે તેવા વર્ણશંકર નીતિધર્મ છોડી દઈ, અનીતિ, અન્યાયથી અને દુઃકૃત્ય કર્મથી વર્તવાથી જગત ભાગ્યહીણ અને દુઃખી થાય છે. અનીતિ અન્યાયથી કાળે કરીને દુષ્કાળ કલીકાળને પ્રલયકાળ થાય છે.

પશુ પ્રાણી સૈ સૌની ઋતુ વિના વ્યાજમ કરવાથી ઉલટી જાતીમાં મૈથુન કરવાથી કે ઋતુ વિના ઉલટી ઋતુમાં વનસ્પતિ ફૂલવા ફળવાથી જગત ભાગ્યહિણ અને દુઃખી થાય છે.

કુંવારી કન્યા રજસ્વાલા થતી વખતે પુરૂષના ભોગની ઈચ્છા કરે તો તે કન્યા પણ ઉચ્છીષ્ટ ભ્રષ્ટ થઈ જાય છે. ઉંચ જાતીને ઉચીષ્ટ સ્ત્રીમા પ્રજા કરવી તે વર્ણશંકર થાય છે.

તેથી ઉચ જાતીએ કોઈનું ઉચિષ્ટ ખાવું તે પણ બુધ્ધિ ભ્રષ્ટ થાય છે. તેથી ઉચ જાતીને અબોટ ખાણું ખાવું અને પ્રજા પણ અબોટ સ્ત્રીમાં પ્રજા ઉત્પન્ન કરવી સંભવિત છે. ઉચ જાતીને કોઈનું ઉચીષ્ટ ખાવું કે ઉચીષ્ટ સ્ત્રીમાં પ્રજા ઉત્પન્ન કરવી તેવી વર્ણશંકર પ્રજા વર્ણાશ્રમના ધર્મથી, નીતિ ધર્મથી ભ્રષ્ટ થાય છે અને તેમાં વર્ણશંકર પ્રજા થવાનો સંભવ રહે છે. લગ્ન તથા કન્યાદાન પણ ભ્રષ્ટ થઈ જાય છે તે વાસ્તે ઉચ જાતીને પુનઃલગ્ન કરવું યોગ્ય નથી. તેમ આકાશનો વાયું અખાત્રીજના પ્રાતઃકાળથી પશ્ચિમથી પુર્વમાં જાય છે. અને ઉત્તરથી દક્ષિણમાં જાય તો જગત ભાગ્યવાન અને સુખી રહે છે. પણ તેથી ઉલટી રીતે વાયુ વાય તો જગતમાં કોઈ ઠેકાણે સારૂં નરસું, ભુંડું, ભલું અને પદાર્થ પાણીથી પણ કોઇ સ્થળે સારૂં નઠારૂં થાય છે તેથી જગત પણ ભાગ્યહીણ અને દુઃખી રહે છે તેમ વનસ્પતિ ફુલેલી ફળેલી તેમાં કોઈ ઉલટો વાયુ (ક્વા) વાતાં વનસ્પતિનાં ફલફુલ ખરી જાય છે. પશુ પ્રાણીમાં રોગ આવીને જગત ઉપદ્રવમાં ભાગ્યહીણ દુઃખી થાય છે તેમજ સુર્ય તથા ચંદ્રમામાં અશુભ ગ્રહણ આવતાં સુર્યને પણ કલંક આપે છે. તેવી જ રીતે ચંદ્રમામાને પણ કલકં લાગે આપે છે. તેમજ સૂર્ય છ છ માસના મધ્ય થવાને વખતે કોઇ બાજુ ઓછું અદકું પ્રમાણ થઇ જાય તો ભાગ્યહીણ અને દુઃખી થાય છે.

પશુ, પ્રાણી જગત બ્રહ્માંડમાં, રાશી, ગ્રહ કે નક્ષત્ર, દીન, દીશા, સૂર્ય ચંદ્ર, શુભ હોય તો પ્રાણી પશુને લાભદાઇ નીવડે છે અને ભાગ્યવાન થઇ સુખમાં થાય છે. હાનિ, રોગ કે મૃત્યુ થવાનો યોગ આવતો નથી. પણ પશુ પ્રાણીમાં જગત બ્રહ્માંડમાં કોઈના પણ રાશી, ગ્રહ, નક્ષત્ર, દીન, દીશા, સુર્ય, ચંદ્ર, સર્વે ઉલટા હોય તો જગત બ્રહ્માંડમાં જગત ભાગ્યહીણ અને દુઃખી થાય છે. તેમ સર્વે જગત બ્રહ્માંડનો અંદર શુભ વર્તમાનથી નીતિધર્મથી, સત્યથી અને સુકૃત્ય કર્મથી જગત વર્તે તો જગતમાં કોઈ પણ પદાર્થ પાણીથી ન્યુનતા રહે નહી. શુભ વર્તમાનથી જગત ભાગ્યવાન અને સુખી રહે છે. જગતમાં હાનિ, રોગ કે મૃત્યુનો શુભ વર્તમાનથી કોઈપણ ઉપદ્રવ રહે નહી. જગત નિતીભ્રષ્ટ થવાથી, અનીતિ, અન્યાયથી અને દુઃકૃત્ય કર્મથી જગત પદાર્થ પાણીથી ન્યુનતાને પામે છે અને હાનિ, રોગ તથા મૃત્યુકનો ઉપદ્રવ રહે છે તેમ સર્વ વાર તિથીમાં પણ દીશાશુલ, નગ્નકાળ, શુભાશુભ ચોઘડીઆ, જોગણના ઘર, ઘડી, પળ, શુભાશુભ તેમાં સર્વે શુભ

વર્તમાનથી જગતમાં અશુભ થાવું સંભવિત છે તેમ નીચ જાતી ઉચ જાતીમાં જ્ઞાનગુરૂ થાય કે નીચ જાતી ઉચ જાતિમાં (પાસે) પૂજાય કે નીચ જાતી ઉચ જાતી પાસેથી દાન દક્ષિણા લે કે ઉંચ જાતી નીચ જાતીના ગુલામ કે નોકર થઈને રહે કે ઉચ જાતી નીચ જાતીથી પીડાય તો પણ જગત ભાગ્યહીણ અને દુઃખી થાય છે. આ સર્વે લખ્યા પ્રમાણે આવા ઉલટા વર્તમાનથી જગત પદાર્થ પ્રાણીથી કાળે કરીને ન્યુનતા રહે છે. આવાં ઉલટાં વર્તમાનથી જગત પદાર્થ પ્રાણીથી કાળે કરીને ન્યુનતા રહે છે. આવાં ઉલટા વર્તમાનથી જગતમાં ઘણા ઉપદ્રવ અને રોગથી જગત ભાગ્યહીણ અને દુઃખી થાય છે. આવાં ઉલટા વર્તમાનથી કાળે કરીને જગત ભાગ્યહીણ અને દુઃખી, દુકાળ, કલીકાળ, અને પ્રલયકાળ પણ થાય છે. ધનપતિ કે પૃથ્વીપતિ કે પ્રાલબ્ધી કે પંડિત, પૌરાણિક આદી અથવા સુકૃત્ય કર્મ કરવાવાળા આ સર્વે લખ્યા પ્રમાણે સર્વે સમર્થ પુરૂષો તેવા માણસનું કે હલકા માણસનું અથવા સૌ સૌની જ્ઞાતિના માણસો દ્વારા હલકા આચરણવાળા કે દારિદ્રી હોય તેવાઓનું ઘણા દિવસ ઉચ્છીષ્ટ ખાવાથી સર્વે સમર્થની પણ બુધ્ધિ પોતાની સત્તા, સમૃધ્ધિ, મહાત્મ્ય, પ્રમાણ હલકા માણસનું દારિદ્રીનું કે મુલી મજુરોનું ઉચ્છીષ્ટ ખાવાથી સમર્થ પણ અસમર્થ થઈ જાય છે.

હલકાઓનું ઉચ્છીષ્ટ ખાવાથી કે હલકાઓની ગુલામી કરવાથી સમર્થની પણ સત્તા, સમૃદ્ધિ, મહાત્મ્ય, પ્રમાણ, અક્કલ, બુધ્ધિ, હલકી થઈ કોઈપમ ઉપદ્રવ સમર્થને પણ ભોગવવા પડે થે કેમકે સુર્ય ચંદ્રમામાં, દીશાઓમાં, તારા નક્ષત્રોમાં, પ્રકાશ નિર્મળો, દુધવર્ણો, સોનાવર્ણો, ગોરો તેવા પ્રકાશ દીન, દીશામાં લખ્યા પ્રમાણે સર્વેમાં હોય તો સર્વે જગત ભાગ્યવાન અને સુખી રહે છે તેમ સર્વે જગત બ્રહ્માંડમાં નીતિ ધર્મ અને સુકૃત્ય કર્મથી વર્તે તો જગત ભાગ્યવાન અને સુખી રહે છે. અશુભ પ્રકાશ, અગ્નિવર્ણા, કૃષ્ણવર્ણા, ભગવા, કાલા, લીલા, ધુમાડા જેવા, પ્રકાશહીણ, દીન, દીશા, સુર્ય, ચંદ્ર, તારા નક્ષત્રમાં એવા અશુભ પ્રકાશ હોય તો જગત ભાગ્યહીણ અને દુઃખી થાય છે. તેમ જગતમાં નીતિ ભ્રષ્ટ થઈને અનીતિ અન્યાયથી દુકૃત્ય કર્મથી જગત વર્તે તો જગત ભાગ્યહીણ અને દુઃખી થાય છે. સુર્ય નારાયણ ઉદય થાય ત્યારે સુર્યના પ્રકાશરૂપી પાવર જગત બ્રહ્માંડમાં ફેલાઈ જાય છે. અને રાતનું અંધારૂં જગત બ્રહ્માંડમાંથી અદશ્ય થાય છે. તેમ જગત નીતિધર્મથી

અને સુકૃત્ય કર્મથી વર્તે તો અજ્ઞાનરૂપી અંધારૂ અને સર્વે દુઃખરૂપી અંધારૂં દૂર થાય છે. નીતિધર્મ થી જગત ભાગ્યવાન અને સુખી રહે છે. સુર્ય અસ્ત થતાં પ્રકાશ રૂપી પાવરનો સૂર્યમાં સમાવેશ થઈ જાય છે. અને વગર બોલાવ્યું અંધારૂં વગર નીપજાવ્યું જમીન આકાશમાં ભરપુર થઈ જાય છે. તેમ જગત નીતિભ્રષ્ટ થવાથી ભાગ્યહીણ અને દુઃખી થાય છે. જેમ સુર્ય અસ્ત થતાં અંધારાનું પરિબળ વધે છે. તેમ હિંદુ નીતિભ્રષ્ટ થતાં અનીતિ, અન્યાય અને દુકૃત્ય કર્મથી વર્તતા સમૃદ્ધિહીણ થાય છે. અને ઉલટા વર્તમાનથી જેમ રાત્રે અંધારાનું પરીબળ વધે છે. તેમ જગતના ઉલટાં વર્તમાનથી અસુર જાતનું અને પાપનું પરીબળ વધે છે. જગત ઉત્તમ જાતી નીચ જાતીના આચરણમાં દોરાય છે. તેથી ઉચ જાતી ભાગ્યહીણ અને દુઃખી થાય છે. અને પોતાની સત્તા સમૃદ્ધિ હીણ થઈ જાય છે, તેમ સર્વે રાજા અને રૈયત પોતાના આચરણમાં અને પોતાના રાજય વૈભવના સુખમાં સ્થિ ગેસે તો જગત ભાગ્યવાન અને સુખી રહે છે. ધનપતિ અને પૃથ્વીપતિ, રાજા અને રૈયત,ઘણું વસીઆતી થવાથી કે પરહદના રાજા કે રૈયતની પાસે આવાગમન કરવાથી કે પરહદના દેશ પરદેશના રાજા કે રૈયત પાસે આગમન કરવાથી જનાર જગત સમૃદ્ધિહીણ થાય છે. અને ત્યાંના સ્થિર બેઠેલા રાજાઓની સમૃદ્ધિ વૃધ્ધિ પામે છે. તેથી વઠીઆતી માણસ સામાને વશ થકી સત્તા હીણ થઈ ઉપદ્રવના સમુદ્રો આવી પડે છે. સાધન પુરષાતનથી દીવો કરવાથી ઘરનું અંધારૂં દૂર થાય છે. અને દીવો સાથે લઈને ચાલીએ તો પ્રકાશ સાથે આવે છે. અને અંધારૂં અદશ્ય થતું આવે છે. તેમ જગતમાં નિતિ ધર્મથી અને સુકૃત્ય કર્મથી અને તત્વ અને બ્રહ્મનો જય મેળવવાથી જગત ભાગ્યવાન અને સુખી રહે છે. તેવા પુરૂષોનું મહાત્મ્ય, પ્રમાણ, અકકલ, બુદ્ધિ સત્તા, સમૃધ્ધિ, પ્રકાશરૂપ સમર્થ રહે છે તેમ પુરૂષોએ જગત મિથ્યા રાજય, લક્ષ્મી, સંસાર ભોગ, જગત પદાર્થ માલ મીલ્કત, શોક, સંપત, દુર્ગુણ અને દુર્મતીનો, સર્વનો ત્યાગ કરીને અકર્તા, અભોક્તા, વીરક્ત, જ્ઞાન, વૈરાગ્ય ત્યાગ અને બ્રહ્માકાર વૃત્તિથી ત્યાગી પુરૂષ થયેલા જગતમાં ઉત્તમ જાતીનું પણ ઉચ્છીષ્ટ ખાય તો સંસાર બંધનમાં અને વાસનારૂપી વૈતરણીમાં અને ભોગરૂપી ભવસાગરમાં સંસારમાં રહેવાથી કે સંસારનું ઉચ્છીષ્ટ ખાવાથી ત્યાગી પુરૂષોની વૃત્તીઓ ડોલાવી ભ્રષ્ટ થાય છે.

# એક બાદશાહી નિતિ ધર્મનું દષ્ટાંત

એક બાદશાહ પોતાની રૈયતના હિતકારી અને રૈયતને પોતાની પ્રજાથી પણ વિશેષ પ્રિતીભાવથી રાખે પોતાની રૈયતની અમુક અમુક વખતે રક્ષણ કરવાની વિશેષ ભાવનાથી રૈયતમાં વિચરતા હતા તેમાં એક વાણીયો ધનપતિ તેના મકાનની આગળ બાદશાહ નીકળતા ત્યારે બાદશાહના મનમાં નમેરી અને નિર્દયા ભાવ તે વાણીયા ઉપર ઉત્પન્ન થતો હતો અને મનમાં એમ જાણતા હતા કે આ વાણીયાને લુંટીને હદ બહાર કરી મુકું તેવો પોતાનો નમેરી ભાવ એ વાણીયાના જ મકાન પાસે આવતા ત્યારે થતો ત્યારે પોતે એકાંતે બેસી વિચરા કરવા લાગ્યા કે મારી વસ્તી સુખી રાખવા વાસ્તે હું ક્ષણે ક્ષણે વસ્તીની ખબર લઉં છું. અને મારી વસ્તીને કોઈપણ રીતે દુઃખી થવા દેતો નથી. નિર્ભય રાખું છું ને સર્વે વસ્તી રાજયને એવા પ્રીય ભાવથી જુએ છે કે આપણા રાજા ઘણું જીવો અને સદા સુખી રહો. અને આપણ રાજા જેવો રક્ષણ કર્તા પ્રભુથી પણ વિશેષ છે કેમકે પ્રભુ સારૂં કરે છે. તે આપણે જાણી શકતા નથી અને બાદશાહ તો આપણું રક્ષણ કરવાને જે બેઠા છે. તેવું જ આપણે જાણી છીએ ત્યારે બાદશાહે પોતાના મનનું સમાધાન કરતાં વિચાર કર્યો કે આ વાણીયાની ખરી હકીક્ત તેના તે કોઈ સજજન માણસ પાસે વાણીયાની ખાત્રી કરાવી ત્યારે વાણીયાએ કહ્યું કે આપ ધનપતી કે પૃથ્વીપતી જેને દેખું તેને માથે મારી એવી ભાવના થાય તે આ ધનપતી અને પૃથ્વીપતી મરે તો મારો સુખડ, ધુપ, કપુર, નાળીયેર અને નનામુંનો વહેપાર તેને બાળવા વાસ્તે થાય. તેવી ખરી હકીકત વાણીયાની બાદશાહે જાણી તે વાણીયા પાસે જે સુખડનો સર્વ નનામાનો માલ હતો તે સર્વ સુખડ સહિત નનામાનો માલ તેની પાસેથી પુરતું ધન આપીને તે સુખડ સહીત નનામાનો માલ સ્મશાનમાં સળગાવી દીધો. મશાણમાં સળગાવી યજ્ઞ કરી મશાણ પવિત્ર કર્યુ ત્યારે વાણીયાને પોતાનો સ્વાર્થ અને પુરતો લાભ મળવાથી બાદશાહ માથે ઘણો પ્રીતીભાવ ઉત્પન્ન થયો ત્યારે બાદશાહને પણ તે શેઠીયાનું રક્ષણ કરવાનો નિર્મળ ભાવ પ્રગટયો.

આમ જગત બ્રહ્માંડ વિશે સર્વેના સ્વાર્થને લઈને એક બીજા ઉપર નિર્દયા અને નમેરી ભાવ થાય છે. કેમ કે રાજા પણ પોતાના મનના માનેલા વૈભવ ભોગવવા સારૂં રૈયત માથે અનેક કર કાયદા નમેરી ભાવ અને નિર્દયાથી કરી પૈસા હરણ કરે છે. સર્વે મંત્રીઓ

પણ પોતાના ખોટા સ્વાર્થ સારૂં થઈને જગતને ડરાવીને ખોટા ગુન્હામાં લઈને નિર્દયા અને નમેરી થઈને મારી ખાય છે. વૈદ ડાકટર પણ પોતાના ખોટા સ્વાર્થ સારૂ જગતમાં રોગ વધારે ઉત્પન્ન થાય તેથી આપણે મનનો માનેલો લાભ મેળવીએ એવી નમેરી અને નિર્દયતાથી જોઈ જગતને રોગી રહેવામાં રાજી રહે છે.

પંડિત પુરાણી પણ જગતને સાચું ખોટું ફસાવીને નમેરી નિર્દયતાથી જગતમાંથી પોતાનો સ્વાર્થ સાધે છે. તેમજ જગતના ગુરૂઓ પણ પોતાના સેવકોની ઈસ્ટોર પોતાના સ્વાધીન કરવા નમેરી અને નિર્દયતાથી વર્તે છે. કેવી રીતે કે સરામણા અને ઘડસાનો કરનાર અને અઢારે વર્ણના દશા અગીઆરમું ખાવાવાળો ઘસડાઈ બ્રાહ્મણ પોતાના સ્વાર્થ સારૂ નમેરી નિર્દયતાથી જગત મરે અને કાંઈક સરામણું મળે તેવી જે ભાવના રાખીને બેઠા છે. કેવી રીતે કે પારકા માંસનો ખાનાર હત્યારા જીવ સાવજ, દીપડા, શિયાળીઆં, લોંકડાં, કાગડાં, કુતરાં, જેમ જીવની હિંસા કરીને મારણ તેમજ દુર્ગંધિની જ આશા કરીને બેઠા છે. તેમ અણુમાત્રથી લઈને જગત બ્રહ્માંડ એક બીજાના સ્વાર્થ એક બીજાનાં સ્વાર્થી થઈને એક બીજાના હંતા-ભોક્તા શિકારી થઈને જે બેઠા છે. કેમકે જેમ અડસઠ તીર્થ, તેત્રીસ કરોડ દેવતા, ચોરાશી પંથ, એ સર્વ ધર્મના ફાંસલાઓમાં જગતને ફસાવીને એકબીજા પોતપોતાનો સ્વાર્થ સાધી એક બીજાને પાયમાલ કરે છે.

અનાદિ કાળથી નિતિધર્મ અને જગતમાં સદસારપ ભલું કરવું એવા સ્વભાવથી જગત પવિત્ર રહેતું અને જગત પદાર્થ પાણીથી ન્યુનતા રહેતું નહી. હાલના વખતમાં જગત ખોટા સ્વાર્થને લઈને નિતીધર્મથી ભ્રષ્ટ થઈને અનિતી, અન્યાયથી અને દુકૃત્ય કર્મથી જગત પાપમાં ડુબે છે. અને ભાગ્યહીણ થઈ દુઃખી થાય છે. દુષ્કાળ, કલીકાળ, અને કર્મે કરીને પ્રલયકાળ થાય છે.

આ વાણીયો જેમ ધનપતિ અને પૃથ્વીપતિ મરવાથી પોતાના સુખડના લાકડા બાળવામાં ખપે તે સ્વાર્થને લઈને ધનપતિ તે પૃથ્વીપતિ માથે નમેરી ભાવ રાખતો હતો. જો તેવો વાણીયાનો ભાવ હતો. તો રાજાને પણ તેને માથે નિર્દયાને નમેરી ભાવ થાતો. જેમ નિર્દયાને નમેરી ભાવ થતો હતો તેમ સર્વે વેપારી કુડકુટીલતાઈથી અને દગેથી જગતને

પાયમાલ કરીને પોતાનો સ્વાર્થ સાધે છે. તેમ જગત બ્રહ્માંડ સર્વે પોતાના પેટ વાસ્તે અને સ્વાર્થ વાસ્તે કુકર્મ કરે છે તેથી ભાગ્યહીણને દુઃખી થાય છે. દુષ્કાળ, કલીકાળને પ્રલયકાળ થાય છે.

★★★

# આકાશની વૃષ્ટિથી અને જમીનના કીચડી પશુ પ્રાણી અને મનુષ્યપ્રાણી અને વનસ્પતિની ઉત્પત્તિ

આકાશની વૃષ્ટિથી અને જમીનના કીચથી પદાર્થ પાણી અને વનસ્પતિ જીવજંતુ અને કીડા ઉત્પન્ન થાય છે. અને એકબીજાના વાસના વિકારથી અને રજસ્વાલા વખતે નરનારીના સંયોગથી વાસના વિકારના મુતરના પણગામાથી હાડ, ચામ, નાડી, રૂવાડાં અને ચામડી મુતરના પણગામાથી ઉત્પન્ન થઈ તો મુતરના પણગાનું શોષણ કરીને ઉત્પન્ન થયાં છે. મળમુત્રના ખારપાં ઉત્પન્ન થઈને જન્મ્યા તો ક્ષુધા કામના ને મૃત્યુક લઈને જ ઉત્પન્ન થયું છે. જયાંથી ઉત્પન્ન થયાં તો ત્યાંથી સૌ સૌની ભુખ ખોરાકની શોધ કરે છે. અનાદીથી પેટ વાસ્તે અને કમાવા વાસ્તે પશુ, પ્રાણી કોટીક કર્મ કરે છે. ક્ષુધા, કામના અને મૃત્યુક કોઈની પણ જીવનપર્યંત સુધી તૃપ્ત થઈ નહી અને કોઈને સંતોષ કે શાંતિ આવવા દીધી નહી. કોઈની ક્ષુધા કામના અને મૃત્યુ કે ધનપતિ કે પૃથ્વીપતિને પણ જીવન પર્યન્ત સુધી સાર અસાર કે અર્થ અનર્થ જાણવા દીધો નહી અને કોઈને ઓળે આશરે કે કોઈ કર્મ કર્તવ્યથી જગત અમર રહે નહી. એક દિવસ સર્વે જગત નાશવંત છે. કોઈ જીવજંતુની ક્ષુધા, સુગંધી, દુર્ગંધીનું ભક્ષણ કરાવે છે. કોઇ જીવજંતુની ક્ષુધા, હાડ, માંસ ને મારણનું ભક્ષણ કરાવે છે. કોઈ પ્રાણીની ક્ષુધા જીવજંતુને પશુ પ્રાણીની ક્ષુધા પદાર્થ પાણી અને વનસ્પતર્નિું ભક્ષણ કરાવે છે. આમ જમીન અશમાનમાં અને જગત પ્રાણી એક બીજાની ભુખ, ક્ષુધા અને કામના અને મૃત્યુક જગત બ્રહ્માંડને એક દિવસ ભક્ષણ કરી પ્રલયકાળ કરે છે. જેમ છાણના વિકારથી છાણના કીડા તડકે ભુંજાઈને છાણમાં જ વિનાશ થાય છે. તેમ જગત બ્રહ્માંડ વાસના વિકારથી ઉત્પત્તિ અને ક્ષુધા, કામના અને મૃત્યુક અર્થ અનર્થ કરાવીને જગત બ્રહ્માંડ જમીન માથે જ વિનાશ થઈ જાય છે. આગળના વખતમાં હિંદુ, મુસલમાન, રાજાઓ અને ઋષિઓ આવી આ ખોટી માયા અનુભવથી જાણીને ખાનપાન અને ભોગ પદાર્થનો અને સ્વાર્થનો ત્યાગ કરી પોતાના દુર્ગુણ અને દુર્મતિને તપોબળથી હણીને સુકાવીને ખાખ કરી દેતા અને માથે રાફડા બની જાતા હતા.

અનાદીથી ઋષિઓએ નીતિધર્મ શ્રેષ્ઠ મનાવ્યો છે. ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયકાળ સુધી ઋષિઓએ ખગોળ, ભુંગોળ શોધીને જગત બ્રહ્માંડ વિષે નીતિધર્મથી અને સત્યથી

પૃથ્વી માથે સારૂં થાવું અન અનીતિ, અન્યાયથી અને દુષ્કૃત્ય કર્મથી ભુંડું થઈ જગત ભાગ્યહીણ દુઃખી અને કાલે કરીને પ્રલયકાળ થાય છે. સર્વે શુભ વર્તમાનમાં શુભ અને સર્વેના અશુભ વર્તમાનમાં અશુભ થાય છે.

ઉત્તમ બ્રાહ્મણ ગરૂડ પુરાણ વાંચે અને સરામણાં ઘડશાં અને અઢારે વર્ણના દશા, અગીયારમાંમાં મૃત્યુકનાં ખાય મજાવર ચંડાલ અને આ મૃત્યુકના કર્મના ખાવાવાળામાં શો ફેર ઘસડાઈ બ્રાહ્મણ સામો મલે તો પણ માંગલિક કામ કરવા જનારને અમાંગલીક થાય છે તો તેવા ઘસડાઈ પાસે માંગલીક કામ કરાવવું કે પુછાવવું તે લાભકારી થાવું સંભવિત નથી.

જનોઈ પહેરનાર બ્રાહ્મણોને શ્રાવણ માસના શુકલ પક્ષમાં જનોઈ કરવાં (બનાવવાં) અને તે એકજ ત્રાગનું જનોઈ થાય છે અને તે જનોઈ તુટે તો બ્રાહ્મણથી ખાનપાન કે પેશાબ કે પગ ભરાતો નથી તો હાલના વખતમાં તો સોમપરાનાં હાથનાં જનોઈ અથવા કોઈ વેચાતા લઈને એ જનોઈ સાચાં છે કે ખોટાં છે તે જોયા છાયા વગર એક એક જનોઈના ત્રણ ત્રણ ત્રાગ જુદા જુદા એવાં ખોટાં જનોઈ પહેરનારમાં અને સવદરમાં શો ફેર, ક્ષત્રી કે વૈશ્ય માંગલીક યજ્ઞવેળા શુધ્ધ જનોઈથી સંકલ્પ થાય છે તો બ્રાહ્મણના દીકરાને ખોટાં જનોઈ શુભ કર્મ ક્રિયા કરવી તે પવિત્ર થાવું સંભવિત નથી.

કોઈ અકાર્ય કે આત્મઘાતથી માણસનું મૃત્યુ થાય તેવાનો કેશ કાયદો કે ગુન્હો રાજ્ય સ્વાધીન છે. તેવા મૃત્યુકને ઠોવરાવીને (રોકાવીને) મુસદ્દીઓ એવે કઠણ વખતે મૃત્યુક માથેથી મનગમતા પૈસા લઈ વસ્તીના ઘરમાં રહેવા ન દીએ અને રાજ્યની ટ્રેઝરીમાં જાવા દીએ નહી અને મુડદાંઓ અટકાવીને મુસદ્દીઓ મુત્યુક ના ધન દોહીલે વખતે લઈને ખાય તો મજાવર, ચંડાલ અને મૃત્યુકનું ખાનાર મુસદ્દીઓમાં શો ફેર. રાજ્ય તથા રખવાલા નીતિ ધર્મની આઝાદી રાખી રાજ્ય રૈયતને સુખ સંપતમાં રાખવાં તે સંભવિત છે અને રૈયતને રાજયનો વૈભવ ચલાવવા કર દેવો સંભવિત છે. તો તેવ ઠેકાણે જેમ કબાડીઓ વનસ્પતિ કાપે. જેમ સીમ શિકારી પશુનો શિકાર કરે જેમ ખાટકી ઢેમર જીવની હિંસા કરે જેમ કાગડાઓ ગાયોને ઠોલે તે પ્રમાણે મુસદ્દીઓ વસ્તીને મારી ખાય તો કબાડી જીવના

હિંસક કાગડા અને ખાટકી અને રાક્ષસ અને મુસલ્લીઓમાં શો ફેર. સર્વે પ્રાણી વાસના વિકારની ઉત્પત્તિ અને સર્વે ક્ષુધા, કામના અને મૃત્યુક ફફડાવે છે. અને ખાનપાન કરાવે છે. તો કરેલા ખાનપાનથી લાર, રીંટ, આંસું, પરસેવો અને મળમુત્રના ખારની ગટર નીશરવાનો છે. તે મળમુત્રથી સ્નાન કર્યેથી પવિત્ર થાવું માણસ સંભવિત નથી તેમજ મેડીઓના અને મકાનના મળમુત્ર અને એંઠવાડા કાઢવાના ખાર અને શહેરોમાંથી મળમુત્ર અને એંઠવાડા નીકળવાની ગટરો તે મળમુત્રની ગટરમાં જગત નહાવાથી પવિત્ર થાવી સંભવિત નથી. તેમજ પૃથ્વી માથે સુગંધી, દુર્ગંધી, જાતી, કજાતી, હિંદુ, મુસલમાનના વિકાર પૃથ્વી માથે પડે છે. ભૂમિકંપ, ઉલ્કા, ઉત્પાત, દીગ્ધા, વરીઆન, વિકાર સર્વે ભુમી માથે પડે છે. સર્વે ઉત્પત્તિ પ્રાણીના મળમુત્ર, હાડ, માંસ, રક્ત અને મશાણ સર્વે ભુમી ઉપર નદી, નાળાં અને છેલાં, વાયાં, દરીયા કિનારે આ સર્વ વિકારના ખાર અને ગટર જેવું સંભવે છે. તે વાસ્તે આગળના ઋષિઓ અને રાજાઓ વહેતીયાન પાણી વાપરતા નહી પણ કુવા વાવડીનાં પાણી વાપરતાં તો આ લખ્યા પ્રમાણે સર્વે વિકારનાં નદી, નાળાં, ખાર, ગટરમાં નાવાવાળામાં અને નર્કના કીડામાં શો ફેર. જેમ સર્વે મરી ગયેલાને ભગવાન, ઠાકોર અને દેવ માંડી મનાવીને ભોગધરી મૃત્યુક માથે ખાય છે. તેમ મજાવર, ચંડાલને મૃત્યુક માથે ભોગ ધરીને ખાનારમાં શો ફેર, ભૂંડાં ભલાં કરીને મરી ગયા તેના નામની વાણી, પંથ અને મરી ગયાના જપ કરનારને અને મુસલમાનના મશાણામાં બાંગ દેનાર મજાવરમાં શો ફેર. આગળના પુરૂષો સર્વે માયા ખોટી અનર્થ કાર્ય માનીને ત્યાગ કરતા હતા ને તત્વ અને બ્રહ્નનો જય મેળવી ક્ષુધા, કામના ને મૃત્યુકને વશ ન થતા તેવા પુરૂષ અઘોર વનમાં દેહદમન કરી દેહ સુકાવી ખાખ કરી દેતા અને તેવાઓની દેહ સુકાઈને અને માથે રાફડા થઈ જાતા હતા. હાલના વખતમાં વર્ણશંકર, ભડવા, રાંડના અને રાબના અને દમડીના ચોર, વ્યભિચારી અને ધનના હેરૂ પેટ વાસ્તે અને કમાવા વાસ્તે ધતંગી અને પાખંડી ને ખેલાડુ જગતના ગુરૂ થઈને વગર મહેનતે જગતની સંપત હરીને રાજ્ય વૈભવ સુખ ભોગવે છે. અને જગતની પશુ પામર જેવી બનીને પોતાની સંપત અને જન્મારો પાખંડીઓ પાસે વૃથા ગુમાવી નાંખે છે. સર્વે જગત હાંજીઆ થઈ કોઈપણ સાચું ખોટું અનુભવ કરીને જોતું નથી. જગત જ્ઞાનહીણ અને બ્રહ્નહીણ થાતાં સમૃતિહીણ અને છાણના

કીડા જેવી થતી જાય છે. રાજયની અઢારે વર્ણની શુભાશુભ આવક અઢારે વર્ણના એઠવાડા ખાનાર કાગડા, કુતરા પવિત્ર ગણાતા નથી. તેમ અઢારે વર્ણની રાજ્યની આવક ખાતાં ઋષિઓ અને રાજાઓ પવિત્ર ન રહે તે વાસ્તે ઋષિઓને સોનાની થાળીએ જમાડતા અને કંચનના દાન દેતા તો પણ ઋષિઓ લેતા નહી અને ઋષિઓ હાથે નિપજાવીને ખાન પાન કરતા.

રાજા રૈયતની આવકથી રાજયનો વૈભવ ચલાવતા પણ રાજા પોતાના ખાનપાન વાસ્તે રાજ્યથી પદાર્થ નોખા નિપજાવીને ખાતા તેવા રાજાને ઋષિઓ નીતિધર્મથી દેવતાઈ રૂપે રહેતા અને નીતિધર્મની આબાદી રાખી રાજય રૈયતને સુખ સંપતમાં રાખતા ત્યારે માંગ્યા મેહ અને ચીતવી. સિદ્ધિઓ અને જગત ધન ધાન્યથી પૂર્ણ રહેતી. હાલના વખતમાં ગંદક રાજા ગંદક નગરી ટકે શેર ખાંજા ટકે શેર ભાજી જીસકા શહેરમાં રીજીયે તીસકા કીજીએ. બીલાડી ઊંટને લઈ જાય તોય હાંજી હાંજી કીજીએ. હાલ જગત હાંજીઆ રહી છે. કોઈપણ ભુંડા ભલાની પરીક્ષા કરનાર રહ્યા નથી. ભુંડા ભલાના કરનારને જગત ભલું મનાવે છે. જગત માંહે જડું ને ફાતડું જગતમાં મોટું મનાણું છે.

★★★

# પુરૂષાર્થ કરવા બાબતનું દ્રષ્ટાંત

એક રાજાએ બહુ જ સારો મહેલ નકશી કારીગરી અને બધી ચીજોની સગવડ અને વરણ પણ આંટી ઘુંટીથી રહીત બંગલો બનાવીને વર્ણ બંગલા માથે વર્ણવ્યું. તે બંગલો બહુ જ શોભાયમાન થવાથી ઘણા લોકો તે જોવાને આવતા હતા. તે સર્વે જોનાર માણસો આ રાજાની તથા બંગલાની અને સારી નકશીની કારીગરીની સારા વરણથી બંગલાની તે સર્વે શોભા જોઈને એ સર્વની જીજ્ઞાસા વખાણતા હતા. તેમાં કોઈ રાજય લક્ષ્મી સંસારભોગ અને જગત પદાર્થ માલ મીલ્કત સર્વે મિથ્યા માનીને અઘોર વનમાં ઘણા કાળ દેહદમન કરીને પ્રાણ તથા બ્રહ્મનો દશમેદ્વાર નિરોધ કર્યો. તે પ્રાણ તથા બ્રહ્મનો દશમેદ્વાર નિરોધ કરવાથી પ્રાણનું તથા બ્રહ્મનું વજન વધવાથી પુરૂષમાં સત્તા, સમૃદ્ધિ, પ્રભુતાઈ અને અદ્‌ભુત જ્ઞાન અને જે કરવા ધારે તે કરી શકે તેટલી સત્તા સમૃદ્ધિ થઈ ત્યારે તેવા પુરૂષો પૃથ્વી માથેથી પાપ દૂર કરવાને માટે વિચરતા વિચરતા તે શહેરમાં રાજાનો બંગલો કે જેની જીજ્ઞાસા આખી દુનીયામાં વખાણાતી હતી ત્યાં આવીને ઉભા રહ્યાં. ત્યારે એક કોલસો લઈને બંગલાની ભીંત પર લખી નાંખ્યું કે, "પુરૂષ શું નથી કરી શકતો." પછી તે યોગી વિરક્ત અજાચક, નિરાશી અને નિર્વાસનીક હોવાથી તે શહેરમાંથી ચાલ્યો ગયો. ઘણા લોકો તે અક્ષરો જોતા હતા. અને વાંચતા પણ હતા. પણ કોઈએ તેનો સાર લીધો નહોતો. થોડા સમય પછી બીજો કોઈ યોગી ત્યાં આવી પહોંચ્યો. તે પણ તેવો જ મહાન પુરૂષ હતો. તેણે તે અક્ષરો જોયા અને વાંચ્યા અને તે પુરૂષે પણ એ જગ્યાઓ જયાં, "પુરૂષ શું નથી કરી શકતો" તેની પાસે લખ્યું કે, "કરના ચાહીએ" એટલે પુરૂષાતન કરો તો થાય, તો જેમાં પુરૂષાતન છે તેજ પુરૂષ કહેવાય છે. તો પુરૂષ જો પુરૂષાતન કરે તો શું ન કરી શકે. કેમ કે બ્રહ્માએ પુરૂષાતન કર્યુ તો સાત પાતાળ, સાત બ્રહ્માંડ, દશે દિશા, નવ ખંડ, પૃથ્વી અને દરિયા તથા દ્વીપ અને તારા, નક્ષત્ર સર્વે પ્રાણી સહિત સૃષ્ટિ રચી છે. જો બૃહસ્પતિએ પુરૂષાતન કર્યુ તો તેત્રીસ કરોડ દેવતાઓના ગુરૂ થયા છે, જો ઈન્દ્ર રાજાએ પુરૂષાતન કર્યુ તો ઈન્દ્રાસનના અધિપતિ થયા છે. અને કોઈ પુરૂષાતન કરે તો તે પુરૂષાતનં લાભ હાની થાતાં પણ પુરૂષાતન ન છોડે તો પોતાના થોડા પુરૂષાતનથી કદી લાભ ન મળે તો લાંબા કાળ સુધી ખરેખરૂં પુરૂષાતન તથા ખરેખરી

શ્રદ્ધા રાખે તો લાખે કાળે મનનો માનેલો લાભ મેળવી શકે છે. પણ આળસુ કે નાદાર અને લબાડ પોતાની શ્રદ્ધા તથા પુરૂષાતન છોડીને વૃથા દુઃખી થાય છે. અને વૃથા દેવ તથા ભગવાન તથા ભવિષ્યને દોષ દે છે. કેમ કે સર્વ કર્તવ્યમાં તો લાભ, હાની તો રહેજ છે; કાંઈ આખી જીંદગીભર લાભ તથા હાની રહેતી નથી. તેમ લાંબા કાળના પુરૂષાતન અને શ્રદ્ધાથી પુરૂષ કોઈ દિવસ પણ પોતાની ઈચ્છાઓ મેળવી શકે છે. તેમ જ્ઞાનહીણ અને બ્રહ્મહીણ પુરૂષોનું મન અથિર અને ચંચલ આતુર અને વ્યાકુળ રહે છે. તે પુરૂષો લાંબા કાળ સુધી ખરેખરી એક લાઈન ઉપર રહી શકતા નથી. કારણ કે આવા મનુષ્ય કાચી બુદ્ધિ તથા થોડી હિંમતવાળા હોય છે. અને કામી, ક્રોધી, દ્રોષી તથા દ્વેષી થાય છે. અને બ્રહ્મને તથા તત્વને જાણવાવાળા જીતવાવાળા શ્રદ્ધા પાકી બુદ્ધિ, નિર્ભય અને હિંમતવાળા તેઓ ખરા પ્રાક્રમી અને ખરા કામની લાગણી કરી શકે છે. કેમ કે રાક્ષસોના તત્વો વિપરીત ચાલતાં હતા અને રામચંદ્રજીએ શુભ તત્વો ચલાવીને રાક્ષસોને હણ્યા અને સીતા વાળી. કૌરવોના વિપરીત તત્વો ચાલતાં હતા. અને પાંડવોએ શુભ તત્વ ચલાવ્યાં તો કૌરવોને હણી હસ્તિનાપુરના અધિપતિ થયા. હે ભાઈ સર્વે પ્રાણીને સારમાં સાર તત્વ છે, તો તત્વથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ તત્વમાં સમાયેલ છે, અને બીજક (બિંદુ) જીતીને વજનદાર કરવાથી પુરૂષ નિર્ભય પદની પ્રાપ્તિ કરી શકે છે.

★★★

# વેદાંતથી યોગશ્રેષ્ઠનું દષ્ટાંત

એક પુરૂષ જેને રાજય, લક્ષ્મી, સંસાર ભોગ, માયા, મીલ્કત સર્વેને મિથ્યા જાણી ઘણા કાળ પર્યંત અઘોર વનમાં દેહ દમન કરીને સર્વે વૃત્તિ વાસના વશ કરીને પ્રાણ તથા બ્રદ (બિંદુ)નો દશમે દ્વાર નિરોધ કરીને તત્વ બ્રદ (બિંદુ)નું વજન વધવાથી સત્તા, સમૃદ્ધિને પ્રભુતાઈ અને અદ્ભુત જ્ઞાન મેળવ્યું અને વિરક્ત, અજાચક, નિરાશી, નિર્વાસનીક, નિર્દોષી એવા પુરૂષ જેમ સોનું તાવવાથી જેમ કંચન થાય છે. અને હથોડાથી એરણ ઉપર ઘડવાથી આભુષણ થાય છે. તેમ યોગી દેહ, દમન કરીને અને મનોવૃત્તિઓને હણીને જગતમાં કંચનના આભુષણ દીપાવે તેવા પુરૂષ થયા તે પુરૂષ પૃથ્વીના દોષ દુર કરવાને માટે પૃથ્વી પરિક્રમા કરતા હતા ત્યાં કોઈ એક શહેર નજીક આવ્યું ત્યાં સારી એકાંત જોઈને જંગલમાં બેઠા ત્યારે થોડા દિવસમાં કોઈ જીજ્ઞાસુ સજ્જન, માણસે એ સાધુને દેખ્યા. તે વીરક્ત, અજાચક, નિર્વાસનીક, નિરાશી અને નિર્દોષી દેખ્યા. તે શહેરના માણસો તે સંત પાસે આવતાં જતાં કોઈ ભક્ષ ભોજનનો નિવાસ કરાવતા હતા અને ઘણા માણસો સત્સંગ અને યોગીના ઉપદેશની ઈચ્છા કરતા પણ કોઈ સમજયા વગર એ પુરૂષ કોને કહે ત્યારે તે શહેરમાં એક મહા વિદ્વાન પંડિત બ્રાહ્મણ હતા. તેને સર્વે સજ્જન પુરૂષો કહેવા લાગ્યા કે કોઈ એવા મહાત્મા પુરૂષ છે ત્યાં આપ આવો તો તમારા પંડિતની શંકા પુછવાથી પુરૂષના મુખની વાણીથી અમને સર્વે જનોને સત્સંગનો લાભ મળે, તેથી અમને પણ જ્ઞાન થાશે ત્યારે પંડિતજીએ પોતાના અભિમાનથી કહ્યું કે હું એ વિદ્યા ભણેલો છું. અને સર્વે વિદ્યામાં જ્ઞાન સમાયેલું છે. ત્યારે સાધુ પાસે જઈને મારે કયા જ્ઞાનની (ઉણપ ન્યુનતા) ઉન્યતા છે કે જેથી જ્ઞાન મેળવવા જાઉં ત્યારે સર્વે સભા મહાત્માં પુરૂષ પાસે ગઈ. પણ પંડિતજી ગયા નહી. અને પોતાના શિષ્યને એક દૂધનો (પ્યાલો) ભરપુર ભરીને તે દૂધનો પ્યાલો ભરપુર ભરેલો મુકીને છલકાય નહી તે પ્રમાણે સાધુને મોકલાવ્યો.

જેમ આ પ્યાલો દૂધનો ભરપુર છે તેમ હું સર્વે વેદ જ્ઞાનથી ભરપુર છું. માટે તારી પાસે આવીને મને જ્ઞાન મેળવવાની શી ઉન્યતા છે. જયારે તે પ્યાલો લઈને તેનો સેવક આ સાધુ પાસે આવ્યો અને સાધુને તે ભરપુર પ્યાલો નિવેદન કર્યો ત્યારે સર્વે સભા કહેવા

લાગી કે હે મહારાજ, પંડિતજીએ આપને માટે આ દૂધનો પ્યાલો મોકલ્યો છે તો તે આપ ગ્રહણ કરો. ત્યારે યોગીએ પોતાના મનમાં યોગબળની શકિતથી અનુભવ કરીને જાણ્યું કે સર્વ જ્ઞાનથી તે ભરપુર છે તેવી સમસ્યાથી આ પ્યાલો મોકલ્યો છે તેવું એ મહાત્મા પુરૂષે જાણી લીધું. ત્યારે ત્યાં કોઈ માણસો મશરી (સાકર) કે સુગંધી ધરવાને લઈ ગયા હતા તે મશરી (સાકર) સુગંધી લઢી લઢીને (વાટી વાટીને ) દૂધમાં મેળવવા માંડયા. તે મેળવતા મેળવતા દૂધમાં સુગંધ તથા સ્વાદ અને મીઠાશ તથા વજન વધી ગયું પણ તેમાંથી દૂધ જાડું થાતાં કાંઈપણ વધ્યું કે ઘટયું નહી અને પંડિતજીના સેવકને પાછું પંડિતજીને આપવાને મોકલ્યું ત્યારે પંડિતજીને દૂધ તેના કાંઠાથી વધેલું તથા ઘટેલું જણાયું નહી. અને મનમાં જાણ્યું કે જેમ હું જ્ઞાનથી ભરપુર છું તેમ તે સાધુ પુરૂષ પણ જ્ઞાનથી ભરપુર છે તેવું બતાવવા માટે આ દૂધનો પ્યાલો તદ્દન ભરેલો પાછો મોકલ્યો છે પણ આચમન લઈને દૂધ ચાખ્યું એટલે મહાત્મા પુરૂષની પ્રસાદી પંડિતજીના પેટમાં જતાં અભિમાન અને દુર્મતિ દુર થઈ ત્યારે સુગંધ તથા મીઠાશ અને વજન વધુ જણાયું ત્યારે પંડિતજીએ મહાત્મા પુરૂષ પાસે જઈને હાથ જોડીને ઉભા રહ્યા અને કહ્યું કે હે મહારાજ, દૂધ આટલું ને આટલું કાંઠા સુધી ભરેલું રહ્યું, અને સુગંધી મીઠાશ તથા વજન વધ્યું તેનું કારણ શું? ત્યારે યોગી મહાત્માએ કહ્યું કે હે ભાઈ, પોપટને શુભ કે અશુભ જેવું વાકય પઢાવીએ તેવું તે બોલે છે પણ સાર અનુસાર કાંઈ જાણી શકતો નથી તેમ શીખેલું જ્ઞાન અને ભણેલો વેદ પોપટીયું જ્ઞાન છે. પણ તત્વવેત્તા, બ્રહ્મવેત્તા પંડવરમંડનો અનુભવ કરીને ભુત, ભવિષ્ય, અને વર્તમાન અને ઉત્પત્તિ, સ્થિતિ, તથા પ્રલયકાળ પર્યંત હે પંડિતજી, ત્રિકાળદર્શી તો યોગી જ થાય છે. તેમાં સર્વે જ્ઞાન સમાયેલું છે. અને તારૂં વેદનું જ્ઞાન તો દૂધ જેવું મોરૂ અને ફીક્કુ છે.

★★★

# યોગ સિધ્ધિનું મહાત્મ્ય અને દ્દષ્ટાંત

એક બ્રાહ્મણ ચાર વેદ, છ અંગ, અને અઢાર પુરાણ ભણીને ઘેર આવ્યો ત્યારે પોતાના વેદથી બુધ્ધિનો વધારો થયો પણ ઘરમાં નિર્વાહને માટે તો ઘણી વિચાર પડતી કલ્પના થતી ત્યારે તે બ્રાહ્મણે વેદમાં એવા શ્લોક વાંચ્યા કે, ''નરસોહી હુનર'' તો જે જે હુન્નરથી જે જે પ્રાપ્ત કરી શકાય તે પોતે કરી શકે તેમ હતો નહી ત્યારે તે યોગ્ય પુરૂષાતન સર્વથી નિર્ભયપદ કહ્યું છે. ત્યારે પંડિતજીએ પંચીઆનો લીરો ફાડીને આડ બંધ બાંધ્યો. ટુકડો ફાડીને લંગોટી વાળીને બીજો ચોરસ ટુકડો તે જ પંચીઆમાંથી ફાડીને ઝોળી બનાવીને સન્યાસી બન્યો. જયારે બ્રદ (બિંદુ) ને તથા તત્વને દશમેદ્વાર નિરોધ કર્યો ત્યારે પોતામાં સત્તા, સમૃદ્ધિ અને અદ્‌ભુત જ્ઞાન અને કલ્પના કરે તે કરી શકે તેવા નિર્ભયપદને પ્રાપ્ત થયો. ત્યારે તે યોગીએ જાણ્યું  કે યોગ સિદ્ધિ શ્રેષ્ઠ તે નિર્ભયપદ છે તો તે નિર્ભયપદની મારે ખરેખરી ખાત્રી કરીને પરીક્ષા તો લેવી કે બાદશાહની શાહજાદી પરણવી અને બાદશાહનો જમાઈ થાઉં અને જો મારો યોગ નિર્ભય હશે તો હું તેમાંથી નિર્ભય રહીશ, નહીતર વેદમાં વૃથા જન્મારો ગુમાવ્યો તેમ યોગમાં પણ વૃથા જન્મારો ગુમાવવો નહી તે યોગનું પ્રમાણ જોવાને માટે ફકીર બનીને શહેરની ચારે બાજુ રાંગ (વંડી દીવાલ) હતી ત્યાં કોઈ પણ ફાટેલ તુટેલ લત્તા અથવા કોઈ દુર્ગંધ મારતા લત્તા, પાટા પીંડવાળા લત્તા, તે વીણીને પોતાની ઝોળી ભરીને જયાં બાદશાહની કચેરી ભરાતી હતી તેની નીચે ધુણી લગાવીને તે ઝોળીમાં ભરેલા લત્તા ધુણીમાં નાંખીને સળગાવવા લાગ્યો ત્યારે મહેલની ઉપર બાદશાહને કચેરીમાં દુર્ગંધ મારતો ધુમાડો આવ્યો તેથી મંત્રીને કહ્યું કે આ ધુમાડો ક્યાંથી આવે છે. તેની તપાસ કરો. ત્યારે મંત્રી (દીવાન) નીચે ઉતરીને તપાસ કરતાં મહેલ નીચે બેસીને એક સન્યાસી લત્તા સળગાવતો જોવામાં આવ્યો ત્યારે તે મંત્રીએ (દીવાને) સન્યાસીને કહ્યું કે ત્યાંથી લત્તા દૂર જઈને સળગાવો કારણ કે આ ધુમાડો બાદશાહને ઉપર દુર્ગંધીવાળો ધુમાડો આવે છે. ત્યારે તે સન્યાસીએ એવો સવાલ કર્યો કે બાદશાહને જઈને કહો કે એ સન્યાસીને શાદી કરાવીશ ત્યારે બહાર જાશે. ત્યારે મંત્રી હાથ જોડીને બાદશાહની આગળ ઉભા રહીને હાથ જોડીને કહે છે કે કોઈ સન્યાસી નીચે દુર્ગંધ મારતા ફાટેલ તુટેલ લત્તા સળગાવે છે. તેને દૂર જવાનું કહેતાં જે તેણે કહ્યું તે

અમારાથી સંભળાય એવું નથી. અમે સાંભળ્યું તે આપને કહેવાય તેમ નથી. ત્યારે એ સમય બાદશાહે એવો હુકમ કર્યો કે એ સન્યાસીને ત્યાંથી કેદખાને નાંખી દીઓ. ત્યારે મંત્રીઓએ કહ્યું કે એ તો સન્યાસી છે માટે કદાચ યોગસિદ્ધિને પ્રાપ્ત થયો હશે. તો તેના તપોબળ આગળ આપણું રાજયબળ ચાલે તેમ નથી. કારણ કે ધુંધલીમલનો ચેલો ભિક્ષા લેવા જાતાં પણ તે શહેર લોભીષ્ટ તથા નિર્દયને નમેરી હોવાથી તેને કોઈએ ભીક્ષા દીધી નહી તેથી ચેલો કાષ્ટનો ભારો દરરોજ લઈ આવીને શહેરમાં વેચીને તેના જે કંઈ પૈસા આવતા તેની ભિક્ષા લઈને ગુરૂને જંગલમાં નિવેદન કરતો અને જયારે ગુરૂ આજ્ઞા કરે ત્યારે પોતે વધેલી ભિક્ષા લેતો. ઘણે દિવસે ગુરૂએ ચેલાના માથામાં ટાલ પડેલી દેખી ત્યારે શિષ્યને પુછયું કે બેટા તને માથામાં ટાલ કેવી રીતે પડી ત્યારે ચેલાએ ગુરૂને કહ્યું કે હે ગુરૂજી શહેર લોભિષ્ટ તથા નમેરીને નિર્દય છે તેથી કોઈ ભિક્ષા આપતું નથી માટે કાષ્ટનો ભારો માથે લઈને તે વેચીને તેના દામની ભિક્ષા લઈને આપને નિવેદન કરૂ છું. ત્યારે એ સમયે ધુંધલીમલને ક્રોધ ચઢયો અને ખપર હાથમાં લઈને ઉંધું વાળ્યું. જયાં સુધી ઉંધું ખપર રાખ્યું ત્યાં સુધી (પટણ સો ડટણ અને માયા સો મટી) તેમાં ચોવીસ પાટણ ડટણ પટણ તથા માયા મટી થઈ ગઈ અને પાછળ સ્મશાન રહ્યું તેમ હે બાદશાહ તે પણ યોગી છે તે યોગ સિદ્ધિને પોતે પ્રાપ્ત થયા હશે તો તે યોગબળ આગળ આપણું રાજયબળ ચાલે તેમ નથી. કેમ કે કપીલ મુની પણ યોગ સિદ્ધિને પોતે પ્રાપ્ત થયા હતા તો જે સગર રાજાએ સાઠ હજાર પુત્ર ઉત્પન્ન કર્યા અને પૃથ્વી તથા દિગપાળ સહિત કંપાવતા હતા પણ જયારે કપીલમુની માથે જઈને કોપ્યા ત્યારે કપીલમુનીએ હોઠ ન હલ્યા જીભ ન હલી અને હુંકાર કર્યો કે તરત જ સગર રાજાના સાઠ હજાર દીકરા બળીને ભસ્મ થઈ ગયા માટે હે બાદશાહ એ પણ કોઈ યોગી છે તો તેના તપોબળ આગળ આપણું રાજયબળ ચાલશે નહી. અગસ્ત્ય ઋષિ યોગ સિદ્ધિને પાત્ર થયા તો દરીયો (સમુદ્ર) ઉન્મત થઈને પૃથ્વીને બોળી દેતો હતો તો તેને આચમન કરી પી ગયા અને દરીયાનું અભિમાન ઉતાર્યુ. કસ્યપઋષિ યોગ સિદ્ધિને પ્રાપ્ત થઈને અઠોતેર રામાવતાર ચાલ્યા ગયા ત્યાં સુધી કાળને હણીને રહ્યા અને એક એક રામાવતારે રૂંવાડું તોડયું. તેથી લવશ મુનિ કહેવાણા તેમ એ પણ યોગી યોગ સિદ્ધિને પ્રાપ્ત થયા હશે. તો તેના તપોબળ આગળ આપણું રાજયબળ

ચાલશે નહી. માર્કંડેય ઋષિની બાર વર્ષની આયુષ્ય હતી, પણ તે યોગ સિદ્ધિને પ્રાપ્ત થયા ત્યારે અનેક શંકરના કલ્પ ગયા ત્યાં સુધી એ ઋષિ કાળને જીતીને રહ્યા, માટે હવે બાદશાહ એ પણ કોઈ યોગી છે. જમદગ્નિ યોગ સિદ્ધિને પ્રાપ્ત થયા તો સહસ્ત્રાર્જુનને રાજ્યધાની વસાવી દીધી, અને તેરતુંગા કટક ને ભીક્ષાપુરી અને એ રાજાએ ઋષિ માથે અન્યાય કર્યો હતો તો તેના તેરતુંગા કટકનો ક્ષય કર્યો, અને પરશુરામજી જ્યારે યોગ સિદ્ધિને પ્રાપ્ત થયા ત્યારે એકવીશ વાર પૃથ્વીને નક્ષત્રો કરી હતી. અત્રિઋષિ યોગસિદ્ધિને પ્રાપ્ત થયા તો ત્રણ ગુણને બાલક કરીને રાખ્યા હતા, તેમ હે રાજા એ પણ કોઈ યોગશ્વર છે. તે કોઈ યોગસિદ્ધિને પ્રાપ્ત થયા હોય તો તેના તપોબળ આગળ આપણું રાજ્યબળ ચાલશે નહી. ત્યારે મંત્રીએ અને બાદશાહે પોતાની શાહજાદીનો અમુલ્ય હાર હતો તે એ ફકીરને બતાવ્યો અને કહ્યું કે આવો હાર તમો લઈ આવો તો બાદશાહ તમને શાદી કરી આપે. એ વખતે સન્યાસી ફાટલ તુટલ લત્તાની ઝોળી લઈને મહાસાગરના કિનારા ઉપર જઈને આસન માંડ્યું. જેમ સુર્ય અસ્ત થાયે અને રાત તથા અંધારૂં આવે અને પુરૂષાતન અને સાધન કરીને દીવો કરીએ તો વાટ અને દીવેલ પ્રકાશમાં હોમાતા જગતને પ્રકાશરૂપી સિદ્ધિઓ આપે છે. તેમ યોગી પણ પોતાનાં પ્રાણને તથા બહોંતેર નાડીના બ્રદ (બીજ) ઋતુને દશમેદ્વાર બ્રહ્મ અગ્નિમાં હોમવા માંડયો. દીવો જેમ વાટને તથા દિવેલને ઉલટા પ્રકાશમાં હોમીને જગતને પ્રકાશરૂપી સિદ્ધિઓ આપે છે તેમ યોગી પણ પોતાના બહોંતેર નાડીના અમીને અને પ્રાણને હોમીને કાં તો જમીન તથા આકાશ અને દરીયો (સમુદ્ર) દ્રવ્ય આપે નહીતર જમીન, આકાશ અને દરીયાને બાળીને ભસ્મ કરી દઉં જેમ ચમકબાણનો ડુંગર વહાણને તથા લોઢાને પોતાની આકર્ષણ શક્તિથી વિનાશ કરે છે. તેમ યોગી પણ જમીન આકાશ તથા સમુદ્ર દ્રવ્ય આપે નહીતર યોગબળથી તેનો વિનાશ કરવા બેઠો જેમ આકાશ ઓગણપચાસ વાયુ અને બાર માસની છ ઋતુઓનું આકર્ષણ કરીને બાર મેઘનું બ્રદ જમાવે છે. તેમ યોગી પણ પોતાના બ્રદને તથા પ્રાણને બ્રહ્મ અગ્નિમાં હોમવા બેઠો કે જમીન, આકાશ તથા સમુદ્રને પણ હોમી દઉં છું. જેમ પૃથ્વી ચાર મહીના ઉનાળાના ગરમીરૂપી ઋતુમાં આવીને આકાશમાંથી મેઘનું મંડલ બંધાવીને બાર મેઘનું બ્રદ (બિંદુ) લે છે તેમ યોગી પણ પોતાના પ્રાણને તથા બીજ ઋતુને બ્રહ્મ અગ્નિમાં હોમીને જમીન,

આકાશ તથા સમુદ્ર આગળ દ્રવ્ય લેવા બેઠો તેમ પૃથ્વી પદાર્થ તથા પાણી વૃષ્ટિથી લઈને જગતને પદાર્થ તથા પાણી રૂપી સિદ્ધિઓ પ્રાપ્ત કરી તેમાં સર્વે પદાર્થ પાણીના ભોગ કરીને પ્રજા અને દૂધ અને પોતાની ચેષ્ટા કરી તેમ યોગી પણ પોતાના પ્રાણ અને બ્રદ અને બહોંતેર નાડીના અમી બ્રહ્મ અગ્નિમાં હોમીને જમીન, આકાશની દ્રવ્યતા ભોગવવાને લેવાને માટે બેઠો જેમ વૃક્ષભીની જગ્યામાંથી બીજક ઉગીને કોંટો ફૂટયો અને પાણી તથા બીજકનો ભક્ષ કરવા લાગ્યો અને વૃક્ષની છાંયા અને ફળ ફૂલરૂપી સિદ્ધિઓ ઉત્પન્ન કરી તેમ યોગી પણ યોગસિદ્ધિને સિદ્ધિઓ પ્રાપ્ત કરવાને બેઠો. જેમ ઋતુ પોતાની ઋતુમાં વૃક્ષને ફૂલાવી ફળાવીને પુષ્ટ થવા લાગે તેમ યોગી પણ સિદ્ધિ આ યોગના આકર્ષણથી લેવા બેઠો, જેમ સુર્ય પોતાના તપોબળથી સર્વ પદાર્થનું શોષણ કરીને પ્રકાશરૂપી સિદ્ધિઓ આપે છે. તેમ યોગી પણ પોતાના તપોબળથી સર્વે સિદ્ધિઓ લેવા બેઠો. જેમ ચંદ્રમાં પોતાની કળા તથા તિથિઓની કળાથી સમુદ્ર ઉછાળીને ચંદ્રમાં અને નક્ષત્ર સહીત બિન્દુ પ્રકાશ થાય છે. અને જગતને પ્રકાશરૂપી તથા અમૃતરૂપી સિદ્ધિઓ આપે છે. તેમ યોગી પણ સમુદ્રને કાઠે પોતાનાં પ્રાણ તથા બ્રદની તથા બહોંતેર નાડીના અમીને બ્રહ્મ અગ્નિમાં હોમવા બેઠો. આ જમીન આકાશ, સમુદ્ર, દ્રવ્ય આપે નહીતર બળીને ભસ્મ કરી દઉં. ત્યારે જમીન, આકાશ, સમુદ્ર આતુર થયા. આ યોગી પોતાનાં પ્રાણ હોમે છે. તેમ તે આપણને પણ હોમી દેશે ત્યારે સમુદ્ર અમુલખ (અમુલ્ય) મણીઓની એક લહેર નાંખી કે તે અકેકા મણીની કિંમતમાં કોટાન્ટ કોટી સુર્ય પ્રકાશ્યા ત્યારે યોગીએ પોતાને પુરતી તે ઝોળી ભરી (મણીઓની ઝોળી ભરી દીધી) અને સમુદ્રને કહ્યું કે તારી દ્રવ્યતા હવે તું સંભાળી લે. ત્યારે સમુદ્ર પોતાની લહેરની બાકીની દ્રવ્યતા સમાવી દીધી. અને યોગી પાછો બાદશાહની કચેરી નીચે જઈને એ ધુણી પાછી ફાટી તુટલ લત્તાની લગાવી (સળગાવી) એટલે બાદશાહને ઉપર દુર્ગંધીવાળો ધુમાડો ગયો એટલે મંત્રી (દીવાન) ને કહ્યું કે જાઓ તપાસ કરો ત્યારે મંત્રીએ તપાસ કરી ત્યારે યોગીએ કહ્યું કે તારા બાદશાહને બોલાવ ત્યારે બાદશાહ ત્યાં સન્યાસી પાસે આવ્યો. અને છડીથી (લાકડીથી) ઝોળીના લત્તા દૂર કરાવતાં અંદરથી અમુલ્ય મણીઓ પ્રકાશ્યા (પ્રકાશવા લાગ્યા) ત્યારે બાદશાહે અનુભવ કર્યો કે મારૂ રાજય આખું એ ડુબી જાય પણ એક મણીનું મુલ (મુલ્ય) થાય

તેમ નથી. તો શાહજાદી માટે આ સન્યાસી બાદશાહ કયો શ્રેષ્ઠ શોધવો. ત્યારે એ સમય બાદશાહની શાહજાદીઓ સૂર્ય, ચંદ્ર જેમ જગતના પ્રકાશ રૂપી તથા કલ્યાણ રૂપી સુર્યમાં તો હજી અગ્નિ છે. પણ ચંદ્રમામાં તો નિર્મળો પ્રકાશ, શિતલતા તથા અમીઓમાં પણ નિર્મળો પ્રકાશ, શિતલતા તથા અમી ૬૧૬ રૂપી છે. તેમ આ શાહજાદીઓ એ સન્યાસી પાસે લાવીને ઉભી રાખીયું અને હાથી, ઘોડા તથા આખું શહેર શણગાર્યું. અને અનહદ વાજાં અને છત્રીસ રાગણીઓ અને માંગલીક શબ્દો થવા લાગ્યા અને સર્વે મણીઓના હાર કરીને તે શાહજાદીઓને ચારે છેડે બંધાવી ત્યારે બાદશાહ સન્યાસી કહે છે કે લ્યો, મહારાજા, આ શાહજાદીઓનાં તમોને (તમને) હું લગ્ન કરાવું છું. ત્યારે યોગી બાદશાહને કહે છે કે આ તારી શાહજાદીઓ દીકરીઓ છે. ત્યારે બાદશાહને યોગીએ કહ્યું કે જે તારી દીકરીઓ હોય તે મારી પણ દીકરીઓ છે. ત્યારે સર્વે શાહજાદીઓને દીકરીઓ તરીકે માનીને કહ્યું કે હું તમને જન્મ ભરનું કાપડું આપતો જાઉં છું.

જો આ યોગી યોગસિદ્ધિને પ્રાપ્ત થયો તો યોગસિદ્ધિને નિર્ભયપદ કહ્યું છે. તો નિર્ભયપદની પરીક્ષા લેવા માટે બાદશાહની શાહજાદીની કલ્પના રાખી તો તે પણ મળી. અને જમીન, આકાશ તથા સમુદ્રના દ્રવ્યની કલ્પના કરી તો તે પણ મળી. પૃથ્વીમાં કોઈએ પણ તમને હણ્યો નહી તથા હણાયો નહી. અને નિર્ભયપદમાં રહ્યો અને અઘોર વનમાં એકાંત, એકાગ્રચિત્ત અને નિર્વાણવૃત્તિ, બ્રહ્માકારવૃત્તિ અને લયસમાધિમાં ક્ષુધા કે હત્યારા જીવ કે કાળ હણી શકતો નથી. જેમ દીવો સાધન તથા પુરૂષાતન પુરતું રાખીએ ત્યાં સુધી પોતાનું જીવન રાખી શકે છે. અને સાધન છોડે ત્યારે વિદેહી થાય છે. આ પ્રમાણે આગળના ઋષિઓ અને રાજાઓ વર્ણાશ્રમના ધર્મ અને નીતિધર્મ પાળતા હતા.

વર્ણાશ્રમને આધારે નીતિધર્મ રહ્યો છે. અને નીતિ ધર્મને આધારે સત્ય રહ્યું છે અને સત્યને આધારે જગતમાં પદાર્થ પાણી રહ્યા છે. અને પદાર્થ પાણીને આધારે જગતમાં સુખ સંપત રહી છે. માટે સતપુરૂષોએ અને જ્ઞાની પુરુષે કદાપી ગમે તેવું સંકટ (દુઃખ) આવે છતાં પણ પોતાના નીતિધર્મ અને સત્ય સાચવવા એ અનાદીનો તત્વવેત્તા અને બ્રહ્મવેત્તા પુરૂષોનો ખરો ઉપદેશ છે. જુઓ ખરા અનુભવથી અને જ્ઞાન દ્દષ્ટિથી જુઓ.

# મહાન પ્રતાપી રાજાઓ થઈ ગયાનું દૃષ્ટાંત

આ જગતનો અદ્‌ભુત ખેલ છે; કારણ કે આ પૃથ્વી પર અનેક રાજાઓ, અમીરો, ઉમરાવો, પંડિતો, પુરાણાદિક, ઓલીઆ, સિદ્ધ, સમર્થ રાજા અને રૈયત અનેક પેદા થાય છે. અને આખર પાછા નાશ પામે છે. જગત અનાદિથી છે. અને તેનો નિયમ એવો જ છે કે જે જન્મે તે મરણ પામે ત્યારે જે આ જગતના સર્વ પદાર્થ એક બીજાના હંતા ભોક્તા છે. તો જગત પદાર્થના લાભ હાનીમાં શોક કરવો કશા કામનો નથી.

જુઓ, મરૂત રાજા કેવા થઈ ગયેલા છે. જેને માટે વિચારીએ તો ઈન્દ્રને પણ તેણે પોતાના તપોબળથી અને નીતિધર્મ અને સત્યને આધારે જીત્યો હતો. પૃથ્વી ખેડયા વિના કોઈને અનાજ ન જ આપે તથા મરૂત રાજાનના નીતિધર્મ અને સત્યના પ્રતાપ વડે ખેડયા વિના પૃથ્વી અનાજ આપતી હતી. જેના યોગયજ્ઞના પ્રતાપથી દેવતાઓ સભાસદ તરીકે હાજર થતા હતા. એક વરસ સુધી તો ઈન્દ્ર મહારાજે સોનાની જેના રાજયમાં વૃષ્ટિ કરી હતી. જેના રાજયની નદીઓનાં પુરમાં સોનાં તણાતાં હતા. એવા મહાપ્રાક્રમી મરૂત રાજા તે પણ જયારે મરણ આવ્યું ત્યારે ત્યાં લાચાર થઈ આ પૃથ્વી છોડી ચાલ્યા ગયા છે. અંગદ દેશના બ્રહ્મ દત્ત રાજા કે જેણે અનેક યજ્ઞ કર્યા હતા. એવા બ્રહ્મ દત્ત રાજાનું પણ જયારે મરણ પાસે આવ્યું ત્યારે લાચાર થઈ આ જગત છોડી ચાલી નીશર્યા છે.

મહાપ્રતાપી શીબી રાજા કે જેમે પોતાના તપોબળથી આખી પૃથ્વીને એક છત્રરૂપ કરી હતી. ઈન્દ્ર સરખા તો તેનાં ધોંસરા વહેનાર હતા, તે પણ કાળ પ્રાપ્ત થયો ત્યારે ચાલ્યા ગયા છે. શકુંતલાનો પુત્ર કે જેના તપોબળ આગળ તે વખતે હજારો રાજાઓ હાથ જોડીને હાજર રહેતા હતા. એવા મહા પ્રાક્રમી ધર્મ ધુરંધર ભરત રાજા તે પણ જયારે કાળ આવ્યો ત્યારે સર્વનો ત્યાગ કરીને ચાલતા થયા છે. એ રીતે કાળે કોઈને મુક્યા નથી. વળી વિચાર તો કરો કે અયોધ્યાપતિ મહારાજ શ્રી રામચંદ્રજી, કે જે સાક્ષાત ઈશ્વરનો અવતાર થઈ ગયા છે. જેના તપોબળ વડે સ્ત્રીઓ વિધવા જ ન થાય, એમ ક્યાંય હોય? છતાં રામચંદ્રજીના પ્રતાપથી તેના રાજ્યમાં સ્ત્રીઓ વિધવા જ થતી ન હતી. જેના તપોબળ વડે જેના રાજયમાં કોઈ અનાથ થતા ન હતા; જેના તપોબળ વડે વરસાદ વૃષ્ટિ મરજી અનુસાર

કરવા હાજર થતો હતો; અનાજ મરજી અનુસાર ઉત્પન્ન થતું હતું, દુકાળને તેના રાજયમાં દાખલ કરવા હુકમ ન હતો; પ્રાણી માત્રને તેના રાજયમાં જળની અંદર ડુબાવવા જળની પણ શકિત ન હતી; અગ્નિ પણ જેના રાજયમાં કોઈ પણ પ્રાણીને દાહ કરી શક્તી ન હતી; દુઃખ પોતે તેના તપોબળ વડે કોઈ તેની પ્રજાને પીડી શક્તું ન હતું; હજારો વર્ષ સ્ત્રી પુરૂષ જેની કૃપા વડે તેના રાજયમાં જીવી શકતા હતા; અતિધનવાન પુરૂષો પણ ખુશીથી રોગ રહિત રહી શકતા હતા; સ્ત્રીઓ પણ પરસ્પર વિવાદ નહી કરતી હતી; તો પછી પુરૂષ તો ક્યાંથી જ કરતા હોય; સર્વ પ્રજા જેના નીતિધર્મ અને તપોબળ વડે પોત પોતાના નીતિધર્મ પ્રમાણે વર્તતી હતી; જેના રાજયમાં સર્વ મનુષ્યો સંતુષ્ટ હતા; ગાયો પણ ઘડા ભરી દૂધ આપતી હતી; એવા મહા પ્રતાપી સાક્ષાત ઈશ્વર જેવા રામચંદ્ર રાજા જેણે અગિયાર હજાર વર્ષ તો રાજય કર્યુ પણ છેવટ સર્વ શકિતમાન છતાં, જયારે કાળ આવ્યો તેને આધીન થઈ સર્વ પ્રાક્રમના હથિયાર છોડી ચાલતા થયા છે.

વળી ભગીરથ રાજા જેણે હજારો અસુરોને જીત્યા હતા. ગંગાજી જેના ખોળામાં આવી બેઠાં હતા અને ભાગીરથને પિતાવત ગણ્યા હતા એવા પ્રતાપી ભાગીરથ રાજા, તે પણ કાળને આધીન થઈ ચાલ્યા ગયા હતા.

વળી મહાત્મા દિલીપરાજા કે જેણે પૃથ્વીનો ઘણો ભાગ બ્રાહ્મણોને આપી દીધો હતા. જેણે પોતાના ગોરને યજ્ઞમાં હજારો હસ્તી આપ્યા હતા. યજ્ઞમાં જેણે સુવર્ણનો મોટો સ્થંભ ઉભો કર્યો હતો. જેની સેવામાં ઈન્દ્રાદિક દેવતાઓ હાજર હતા. છ હજાર તો દેવ તથા ગાંધર્વ નૃત્ય કરતા હતા. ગાંધર્વરાજ પોતે વીણા જેની સેવામાં વગાડવા હાજર રહેતો હતો. વળી દિલીપ રાજને જોનારા પણ સ્વર્ગમાં ગયેલા છે. જેની આગળ આપો...લીઓ એ શબ્દ પણ જીર્ણ થતા હતા. એવા મહા સમર્થ દિલીપ તે પણ જયારે કાળ આવ્યો ત્યારે સર્વ છોડી ગયા છે. એટલું જ નહીં પણ સગર રાજા જેણે કોપથી પૃથ્વી ખોદાવી સમુદ્ર કીધો છે તેથી સાગર નામથી આજ પણ સમુદ્ર કહેવાય છે. તેવા મહા પ્રાક્રમી સગર રાજા, તે પણ જયારે કાળ આવ્યો ત્યારે આ જગત છોડી ચાલતા થયા છે !

વળી વેનપુત્ર પૃથુરાજા જેના અમલમાં પૃથ્વી ખેડયા વિના ધાન્ય આપતી હતી. પાંદ પાંદમાં મધ ઉત્પન્ન થતું હતું. જેના તપોબળ વડે ગાયો માત્ર હસ્ત સ્પર્શ કરતાં વેંત જ દુધ આપતી હતી. પૃથુ જયારે સમુદ્રમાં કે નદીમાં ઉતરતો ત્યારે પાણી સ્થિ થઈ જતાં હતા. બારસો હાથ ઉંચા એવા સોનાના પર્વત કરી જેણે એકવીશ વાર યજ્ઞમાં આપ્યા હતા એવા પૃથુ જેવા જયારે કાળ આવ્યો ત્યારે તેને તાબે થઈ આ પૃથ્વી છોડી ચાલ્યા ગયા છે. એવી રીતે કાળે કોણ કોને છોડયા છે? વિદ્વાન થાઓ, પ્રાક્રમી થાઓ, ધનાઢય થાઓ, ભાગ્યવાન થાઓ પુજયવાન થાઓ, પણ અંતે નામ તેનો નાશ છે જ આ અસારરૂપી સંસારમાં નામ તેનો નાશ છે, છે છે ને છે જ.

★★★

# એક શબ્દથી આઠ જણનો ઉધ્ધાર

એક ત્રાગારો હતો. તે ત્રાગારો એક રાજસભામાં મોટી રમત કરતો હતો. બીજે કોઈપણ ઠેકાણે તે રમત કરતો નહી. તે પણ બાર માસમાં રાજયમાં જઈને એક જ રમત કરવી એવો તેનો નિશ્ચય હતો, પછી બારમાસ સુધી પોતાના નિર્વાહને માટે કાંઈપણ પુરૂષાતન કરતો નહી અને જેટલું રાજા નવાજે તેટલું લઈ બારમાસ સુધી પોતાના ઘરમાં નિર્વાહ ચલાવતો હતો, તેમ કરતાં કરતાં ત્રાગારાની અવસ્થા ઘણી ગઈ અને થોડી અવસ્થા રહી, તે ત્રાગારો રાજયસભામાં જઈને રમત કરે છે રમતાં રમતાં ત્રણ પહોર રાત ગઈ અને એક પહોર રાત રહી તેમાં રાજા નવાજયા નહીં ત્યારે જેમ દીવામાં સાધન તથા પુરૂષાતન ઓછું થાય ત્યારે દીવો ઝાંખો થાય છે તેમ ત્રણ પહોર સુધી ત્રાગારાની રમતમાં રાજા નવાજયા નહી. જયાં સુધી રાજા નવાજે નહીં ત્યાં સુધી કચેરીમાંથી વસ્તીથી નવાજાય નહીં ત્યારે ત્રાગારે પોતાની રમત ઝાંખી જાણીને એક શબ્દ કહ્યો કે,

**બોત ગઈ થોડી રહી, વામે ઘટ ઘટ જાય,**
**જણના બડી જાય હે, કરી કમાય મત ખોય.**

ત્રાગારો કહે છે કે મારી અવસ્થા બોત ગઈ અને હવે થોડી રહી તેમાંથી પણ ઘટતી જાય છે. તો રાજા નહી નવાજે તો હું બીજે નાચું કે નિર્વાહને માટે હુન્નર કરૂ એમ નથી. હું મારી જરણા રાખીને બેસી રહું તેમ છું. તેમ ચાર પહોર રાત તેમાંથી ત્રણ પહોર રાત તો ગઈ અને એક પહોર રહી તેમાંથી પણ રાત ઘટતી જાય છે. ત્યારે રમતિયાળને કહ્યું કે રમત ખુબ બજાવો અને જરણા રાખો કરી કમાણી રમત ખુઓ નહી, આપણી રમતને ખોટ બેસશે. ત્યારે રમનાર સાનમાં સમજી ગયા. જેમ ઝાંખો દીવો સાધન તથા પુરૂષાતનથી સમો કરીએ અને વાટે દીવેલ ચઢે કે તુરતજ પ્રકાશ આપે તેમ રમત પણ ત્રાગારાની પાછી પ્રકાશી ઉઠી તેમાં ઘણા કાળનો એક યોગ ફરતો ફરતો તે શહેરની આસપાસ નિવાસ કરીને રહ્યો હતો. અને શહેરના કોઈપણ માણસ જીજ્ઞાસુ અને સજજન ગામમાં એક એક દિવસ ભિક્ષા કરાવવા લઈ આવતા હતા, તે ભિક્ષા કરીને ગામ બહાર જાતાં ગુણીકાના મહેલ નીચેથી નીકળતાં ગુણીકાએ રોકયો અને તે યોગીએ ત્રણ પહોર સુધી ગુણીકાને સમજુતી

આપી પણ ગુણીકાને લેશમાત્ર પણ જ્ઞાન આવ્યું નહી, ત્યારે આ ત્રાગારાનો શબ્દ સાંભળથા જ ગુણીકાનું ઘર છોડીને અઘોર વનમાં ચાલ્યો ગયો. એક કોઈ બુઢી ગુણીકા પરયારની વાટ જોઈને પોતાના મહેલમાં બેઠી હતી, ત્રણ પહોર સુધી કોઈ યાર આવ્યો નહી ત્યારે તેણે પણ ત્રાગારાનો શબ્દ સાંભળીને વિરક્ત થઈ ગઈ. રાજાનો કુંવર પાંત્રીસ વરસનો થયો તો પણ રાજા લગ્ન કે ગાદીની કાંઈપણ સગવડતા કરતો નહી. ત્યારે કુંવર પોતાના ક્રોધથી પોતાના પિતાને મારવાને તૈયાર થયો હતો ત્યારે ત્રાગારાનો શબ્દ સાંભળી પસ્તાવો થયો કે હવે મારા પિતા બુઢા (વૃદ્ધ) કેટલાક દિવસ રહેશે. છતાં વ્રથા પુત્રે પિતાની હત્યા કરવી, એ સમયે પોતાનો મોતીનો અમુલ્યહાર ત્રાગારાને નવાજમાં દીધો. રાજાની દીકરી બત્રીસ વરસની થઈ હતી. તેનો પિતા કુંવારીનાં લગ્ન કરતો નહીં. તેથી પિતાને ઝેરનો પ્યાલો આપવાને માટે લઈને ઉભી હતા ત્યારે ત્રાગારાનો શબ્દ સાંભળતા જ ઝેરનો પ્યાલો ઢોળી નાંખ્યો અને કહ્યું કે મારા પિતા બુઢા થયા અને તે હવે કેટલુંક જીવશે, છતાં દિકરીએ બાપની હત્યા કરવી? એવું જાણીને પોતાનો અમુલ્ય હાર ત્રાગારાને ફેંકી દીધો અને રાજાએ ત્રાગારાનો શબ્દ સાંભળીને બહુજ પસ્તાવો કર્યો અને મારા દીકરા, દીકરીના લગ્ન કર્યા નહી તથા દીકરાને ગાદી આપી નહી. અને નીતિધર્મનું રાજય ચલાવ્યું નહી અને રાજયના તથા રૈયતના સુખ દુઃખની લાભહાનીની કલ્પનામાં વૃથા મારો જન્મ ગુમાવ્યો છે. ત્યારે રાજાએ પણ મોતીનો હાર અમુલ્ય હાર પોતાની ડોકમાંથી કાઢીને ત્રાગારાને આપી દીધો. ત્યારે વસ્તી પણ ત્રાગારા ઉપર નવાજી રાજાએ દીકરા-દીકરીનાં લગ્ન કરી દીકરાને રાજયગાદી આપી રાજા પોતે નિર્વાણ પદને પ્રાપ્ત થયો તેમ વૃદ્ધ ત્રાગારો પણ એકજ શબ્દની સમજણથી રમત છોડીને સર્વે દ્રવ્ય મળેલું તે તજી દઈને નિર્વાણપદને પ્રાપ્ત થયો.

**બોત ગઈ થોડી રહી, વામે ઘટ ઘટ જાય,**
**જરણા બડી જાય હે, કરી કમાય મત ખોય.**

આ એક ત્રાગારાના શબ્દથી ખોટી માયાની ભ્રમણાથી અને માયાના ફાંસામાંથી અને કલ્પનાથી છ જણાઓની આ ખોટી માયાની ભ્રમણામાંથી મુક્ત થયા છે.

# જગત પ્રાણીને આ માયાના ભોગથી તરવા બાબત

સર્વે પ્રાણીને આ માયાના ભોગરૂપી દુઃખથી તરવું મુશ્કેલ છે તેમ ત્યાગી પુરૂષને સર્વે ત્યાગ કરીને દુઃખને સહન કરવું એ બહુ મુશ્કેલ છે. કેમ કે ત્યાગી પુરૂષને ડગલે ડગલે દુઃખ ભોગવવા પડે છે. તેવા વીરક્ત પુરૂષ દુઃખરૂપી દાહમાં અને વૈરાગ્યરૂપી અગ્નિમાં સળગેલાં લાકડાંની પેઠે સદાય યોગ અગ્નિમાં જલવું (બળવું) પડે છે, તેવા પુરૂષને દુર્ગુણી માણસના દાહથી જલવું પડે છે.

હાલના વખતમાં રાજયનું ભલું ઈચ્છો તો જગત ભલું માનતી નથી અને જગતનું ભલું ઈચ્છો તો રાજયનું ભલું કરવું બહુ મુશ્કેલ છે, કેમકે સર્વે જગત આપ સ્વાર્થી છે. કેમ કે અગ્નિ દારૂનો વેરી છે. તેમ પોતાનો સ્વાર્થ પારકાઓનો (બીજાનો) ભલું થવાનો વેરી થઈ પડે છે. કેમ કે વિરક્ત ત્યાગી યોગી ટાઢ તડકાનો અને સુખ દુઃખનો અને ભૂખ તરસનો અને પોતાના દુર્ગુણ અને દુર્મતિનો અને પોતાના જીવનનો અને પોતાના મનના સ્વભાવનો અને સર્વે દુર્ગુણનો યોગી દાસ થઈને રહે તો તે યોગીનો જન્મારો સફળ થવો સંભવિત નથી પણ યોગી પોતાના જ દોષ અને દુર્ગુણનો વેરી થાય ત્યારે જ પોતાનો જન્મારો સુધરે છે. કેમકે સુર્યનારાયણમાં તપોબળને તમોગુણ ને અંધારાનો વેરી છે ત્યારે રાતનું અંધારૂં દૂર કરે છે. તેમ મહાત્મા પુરૂષ પણ તમોગુણ ને તપોબળથી નિર્દયા અને નમેરીપણે ત્યાગવૃત્તિ રાખે છે ત્યારે જે વાસનારૂપી વેતરણી અને ભોગરૂપી ભવસાગરમાંથી તરે છે અને ચોખો અગ્નિ પ્રકાશ હોય ત્યારે જ રાતનું અંધારૂં દુર થાય છે. તેમ વિરક્ત યોગી વૈરાગ્ય યોગ અગ્નિથી પંડના (પોતાના) દુર્ગુણ અને દુર્મતિને હણીને યોગી પંડના (પોતાના) યોગ યજ્ઞથી પવિત્ર થાય છે ત્યારે જ જગતને પણ પવિત્ર કરે છે. જયારે પુરૂષો તત્વવેત્તા અને બ્રહ્મવેત્તા તત્વનો અને બ્રહ્મનો જય મેળવે છે. ત્યારે પુરૂષો નિર્ભયપદને પ્રાપ્ત થાય છે.અને જયારે તત્વનું અને બ્રહ્મનું વજન વધે છે. ત્યારે જ પુરૂષમાં સત્તા, સમૃદ્ધિ, મહાત્મ્ય, પ્રમાણ, અબધુત જ્ઞાન અને પ્રભુતાઈ થાય છે.

સર્વે જગત માયા ઉત્પત્તિ વાસના વિકાર બીજકની છે. કેમકે જેમ બીજકથી વૃક્ષ

અને શાખા તથા પત્તાં અને ફુલ ફળ સર્વે વનસ્પતિઓમાં થાય છે. તેમજ સર્વેની ઉત્પત્તિ એક બીજાઓનાં બાપદાદાઓના વાસના વિકારથી પ્રજા અને પરીવાર સર્વેની ઉત્પત્તિ વૃક્ષની શાખા, પત્તા, ફુલ, ફળ આ પ્રમાણે પંડવરમંડની (પંડવરમંડની) શાખારૂપે ઉત્પત્તિ છે. તેમાં બગીચામાં વૃક્ષનું પાલણ પોષણકર્તા રક્ષક માળી છે તેમ જગતમાં રાતરૂપી અંધારાને દુર કરી પ્રકાશરૂપી જગતના રક્ષકકર્તા સુર્ય છે. તેમ દુર્મતિ અને અનીતિનો ત્યાગ કરાવીને નીતિધર્મની આબાદી રાખી રાજય રૈયતને સુખ સંપતમાં રાખવા તે જગતના કલ્યાણરૂપી રાજેશ્વરો માવતરરૂપે છે. તેમજ વેદિક બોધિક જગતગુરૂ બ્રહ્મા અનીતિનો ત્યાગ કરાવીને નીતિધર્મની આબાદી રખાવીને રાજય રૈયતને શુભ રસ્તા બતાવીને જેમ પૃથ્વીના છેડાઓ દીગપાળના હાથમાં છે. તેમજ ધર્મના છેડાઓ બ્રાહ્મણ તથા ક્ષત્રિયોના હાથમાં છે કેમકે દીગપાળ પૃથ્વીના છેડાઓ મુકી દે તો પૃથ્વીનો પ્રલયકાળ થાય છે. તેમજ વેદિક બોધિક જગતગુરૂ બ્રહ્મા તથા રાજેશ્વરો નીતિધર્મની આબાદીરૂપી છેડાઓ પકડાવશે નહી તો વારંવાર દુષ્કાળષ કલીકાળ અને પ્રલય કાળ થવો સંભવિત છે. કેમ કે જગત પ્રાણીના દીન, દિશા, રાશી, ગ્રહ, નક્ષત્ર શુભં હોય તો હાની, રોગ કે મૃત્યુ પ્રાણીને થવાનો સંભવ નથી પણ દીન, દિશા, રાશી, ગ્રહ, નક્ષત્ર પ્રાણીને ઉલટાં થાય તો ત્યારે જ જગત પ્રાણીને હાની, રોગ કે મૃત્યુ થાય છે. તેમજ વર્ણાશ્રમના ધર્મ નીતિધર્મથી અને સત્યથી સર્વે ઉત્પત્તિ જગત પ્રાણીને ઉલટા ભ્રષ્ટ થાય ત્યારે જ દુષ્કાળ, કલીકાળ અને પ્રલયકાળ કાળે કરીને થાય છે.

★★★

# સીતાજીની ઉત્પત્તિ

આ અસાર સંસારમાં અનાદીથી નીતિ, ધર્મ, અને સત્યતા ચાલી આવે છે. અને વર્ણાશ્રમના ધર્મને આધારે નીતિ ધર્મ રહ્યો છે. અને ધર્મને આધારે સત્ય રહ્યું છે. અને સત્યને આધારે સુકૃત કર્મ રહ્યાં છે. સુકૃત કર્મને આધારે પદાર્થ પાણી રહ્યા છે. અને પદાર્થ પાણીને આધારે જગતની સુખ સંપત રહી છે. સુખ અને સંપતને આધારે રાજ્ય રૈયત સુખી રહે છે.

રામચંદ્રજીની સ્ત્રી સીતાજીનું રાવણ હરણ કરી ગયો, તો પૃથ્વી માથે બુરૂં થયું કારણ કે અનાદીથી નીતિધર્મ બાંધેલા છે. તેમ કૃષ્ણે પણ નીતિભ્રષ્ટ થઈને અને સ્ત્રીઓનું હરણ કર્યું તો પૃથ્વી માથે બુરૂં થયું અને છપ્પન કરોડ યાદવોનો ક્ષય થયો.

જ્યારે પરશુરામજીએ પૃથ્વી માથે જયારે પૃથ્વી એકવીસ વખત નક્ષત્રી કરી, તે આ પ્રમાણે જયારે નીતિધર્મ ન રહ્યા ત્યારે નક્ષત્રી પૃથ્વી કરી હતી. ત્યારે દશરથ રાજા શેષનાગને ઓળે જઈને પોતાનો બચાવ કરવા વાસ્તે સંતાતો હતો અને જનક રાજા પણ (જનક વિદેહી પણ) પારકે ઓળે જઈને સંતાણા હતા, જે પારકે ઓળે ગયા તે શુરવીર કહેવાય નહી એટલે પરશુરામજીએ તેમને બચાવ્યા હતા.

દશરથ રાજાને શેષનાગે પોતાના નાના ભાઈ તરીકે ઘરનો દ્વારપાળ કરીને રાખ્યો હતો. એક દિવસ શેષનાગ દશરથ રાજાને ઘરની ભલામણ કરીને કોઈ બહારગામ કામ પ્રસંગે ગયા, અને તે દશરથ રાજાને ઘરની ભલામણ કરીને ગયા હતા. જયારે દશરથ રાજા પોતાને ઘેર ખાણું ખાવાને ગયા હતા ત્યારે પાછળથી ભકુંડીઓ અને શેષનાગની સ્ત્રી સુમિત્રાને ભકુંડીઆ સાથે પોતાનો દુરાચાર દશરથ રાજા ખાણું ખાઈને આવ્યા ત્યારે દુરાચારી ભકુંડીઆને દીઠો એટલે તે ભકુંડીઆ સાથે લડીને તે ભકુંડીઆના કટકા કરીને ભંડાડીઆમાં નાંખી દીધો. અન શેષનાગની સ્ત્રી સુમિત્રાએ પોતાનું ખોટું સ્ત્રી ચરિત્ર બતાવ્યું અને રાજા દશરથનું નામ લીધું ત્યારે શેષનાગે ઝેરી સર્પને દશરથ રાજાને ઘેર દશરથ રાજાને સર્પદંશ કરવાને મોકલ્યો તે વખતે દશરથ રાજા અંતરમાં અચંબો દેખીને કૌશલ્યાને કહે છે કે આ અસાર સંસારમાં કોઈપણ જગ્યોએ સુખ કે સાર છે નહી, કારણ

કે શેષનાગની સ્ત્રી સુમિત્રા ભકુંડીઆ સાથે ગેરવર્તણુંકથી વર્તતાં મેં ભકુંડીઆ સાથે લડીને ભકુંડીઆને માર્યો હતો. તે વાત કૌશલ્યાને કહેતા હતા. તે વાત દંશવા આવેલો ઝેરીનાગ સાંભળી ગયો અને સાંભળેલી વાત પાછા આવીને શેષનાગ પાસે જઈને કહી. સુમિત્રાએ કહ્યું કે મારો પિતવૃતનો ધર્મ દશરથ રાજાએ તોડયો તે માટે કોપ ભવનમાં પડી હતી અને કહેતી હતી કે અગ્નિમાં બળીને ભસ્મ થઈ જાઉં તેવો ખોટો ઢોંગ કર્યો હતો. તે શેષનાગે જોયું એટલે તેને ખાત્રી થઈ કે મને તદ્દન ખોટું સ્ત્રી ચરિત્ર કરીને બનાવ્યો. તે પછી દશરથ રાજાને બોલાવીને પુછ્યું ત્યારે દશરથ રાજાએ બનેલી વાત શેષનાગરને વર્ણવીને કહી બતાવી, અને ભકુંડીઓને કાપીને મારી નાખ્યો હતો. તેના ટુકડા શેષનાગને બતાવ્યા ત્યારે શેષનાગે દશરથ રાજાને નાનાભાઈ તરીકે રાખતા હતા તેનું નામ સ્ત્રીએ લીધેલું એટલે પોતાનો હક હવે તે સ્ત્રી ઉપર ન થાય માટે દશરથ રાજાને પોતાની સ્ત્રી સુમિત્રા આપી દીધી કારણ કે નાનાભાઈનું નામ લીધું તો હવે મોટાભાઈને નીતિ, ધર્મને આધારે ખપે નહી, નાનાભાઈની વહુ તે દીકરી ગણાય છે. અને તે સુમિત્રાના પેટમાં જે ભકુંડીઆનું બીજક આ સીતાની ઉત્પત્તિ આવી વર્ણશંકર પ્રજા મારા રાજયમાં થાય તો મારા રાજયમાં અનીતિ ભરપુર થવા માડે અને રૈયત દુઃખી થાય અને દુષ્કાળ, કલીકાળ અને પ્રલયકાળ થાય માટે એ વ્યભિચારી ભકુંડીઆનો ગર્ભ ત્યાં પડાવ્યો એને એ બીજક ઘડામાં નાંખી, શીલ દઈને જનક વીદેહની હદમાં જઈ દટાવ્યો, એ વર્ણશંકર બીજક ત્યાં દટાતાં જનક રાજાના રાજયમાં ત્યાં વૃષ્ટિ થતી નહી, તેથી જયા અઠાસી હજાર ઋષિઓ તપ કરતા હતા ત્યાં રાજા જનકવિદેહ હાથ જોડીને ઉભા રહ્યા અને ઋષિઓને કહ્યું કે મેં કોઈપણ જાતનો અધર્મ કર્યો નથી તેમ નીતિહીણ (અનીતિથી) રાજય ચલાવ્યું નથી છતાં પણ મારા રાજયમાં હજી સુધી વરસાદ કેમ વરસતો નથી ? ત્યારે ઋષિઓએ કહ્યું કે તારા રાજયની હદમાં કોઈ પાપ દાટેલું છે પછી ત્યાંથી ઋષિઓ અને રાજા પોતાની હદમાં જઈને સોનાનું હળ ઘડાવીને ખેડીને તે પાપ ઘડો વર્ણશંકર બીજકવાળો કાઢયો અને તે જમીન જેવી પવિત્ર થઈ કે તરત વૃષ્ટિ શરૂ થઈ ગઈ તેથી રાજા તથા રૈયતને ઘણો જ સંતોષ થયો. એ ઘડો રાવણની નવાઈમાં જયાં ઋષિઓ તપશ્ચર્યા કરતા હતા ત્યાં જઈને એક ઓચરે (ખુણે) મુકી દીધો. એવું વર્ણશંકર બીજક ત્યાં મુકતા રાવણની બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ

અને દેવતાઓને દુઃખ દેવા લાગ્યો અને ઋષિઓ પાસેથી દાણ માંગ્યાં ત્યારે ઋષિઓએ એક એક આંગળી કાપીને ઘડામાં રૂદ્ર નાંખીને ભરી દીધો એટલે પ્રાતઃકાળથી મધ્યાન કાળ સુધી છ કલાક વાયુતત્વ રહે છે. તે વાયુતત્વ હોવાથી દીકરી વ્યભિચારી થવાનો સંભવ હતો અને રૂદ્ર પડયું તથા ઋષિઓમાં ક્રોધ હતો એટલે શુદ્ર જેવી પ્રજા તથા વિરોધી થવાનો સંભવ હતો. જો સ્ત્રીને અંદર સોડ થઈ ગયું હોય અને પાણી ગ્રહણ કરે તો પાલવવાથી પ્રજા ઉત્પન્ન થવાનો સંભવ છે. જેમ અમી સુકાયેલું લાકડું હોય અને તે લાકડા ઉપર ઠાર અને ઝાકળનો વિકાર પડે અને દીવસની ગરમી પડે તો તેમાં ઘણરૂપી કીડો ઉત્પન્ન થવા સંભવ છે. તેમ એ બીજકમાં પણ રૂદ્રનો વિકાર પડતાં પ્રજા ઉત્પન્ન થવાનો સંભવ છે. અને ઋષિએ ઘડો દીધો ત્યારે ઋષિઓએ રાવણને શ્રાપ દીધા કે આમાં જે કન્યા ઉતપ્ન્ન થશે તેના ધણીને હાથે તારો નાશ થશે કારણ કે તે વખતે ઋષિઓનો અગ્નિતત્વ ચાલતો હતો એટલે શ્રાપ લાગવાનો સંભવ છે. અંદર રૂદ્રનો ભાગ પડયો તેથી ચંડાલના જેવાં કર્મ કરે તેવી પ્રજા થાવાનો સંભવ છે. તે રાવણ ઘડો જોયો અને તે ઘડો પેટીમાં પેક કરીને સમુદ્રમાં તે પેટી તરતી મુકી દીધી ત્યારે તણાતો તણાતો એ ભકુંડીઆનો બ્રહ્મ સુમિત્રાના પેટમાંથી પાડેલો તે નવ માસ થતાં જ ત્યાં કન્યા થઈને તે જનક રાજાના શહેર જઈને નીકળી ત્યારે ત્યાં ના મંત્રીએ પેટી ખોલીને જોયું તો તેમાંથી બાલકી (કન્યા) નીકળી ને તેનું નામ સીતા પાડયું. અને ઉંમર લાયક થઈ ત્યારે સ્વયંવર રચ્યો અને તે સ્વયંવરની અંદર એવો ઠરાવ થયો હતો કે જે ધનુષ તોડે તે સીતાને વરે. આ પ્રમાણે સીતાની ઉત્પત્તિ થયેલ છે. તેવી વર્ણશંકર પ્રજા જયાં ગઈ ત્યાં ભુંડાં કરાવ્યા છે. શેષનાગને ત્યાં, જનકવિદેહને ત્યાં, ઋષિઓને ત્યાં, રાવણને ત્યાં, રામચંદ્રજીને દશરથને ત્યાં, આ વર્ણશંકર બીજક જયાં ગયું ત્યાં બુરૂં કરાવ્યું છે. ને ઉગે ત્યાં સુધી કડક રહ્યું છે.

★★★

# મનુષ્ય પ્રાણીનાં હાડકાનું દૃષ્ટાંત

મનુષ્ય પ્રાણીના હાડકાં ગામમાં કે સારી જગ્યામાં દાટવાં નહી. સારી જગ્યામાં કોઈ કાલે કરીને મનુષ્ય પ્રાણી વાસ કરીને રહે અને તેમાં મનુષ્યનું હાડકું હોય તો તે મનુષ્યનું હાડકું દુક્ત કહેવાય છે. તો તેમાં મનુષ્ય સુખે રહી શકતા નથી. તે વાસ્તે આગળના પુરૂષોએ છેલાં વાયાં નદી નાળામાં અથવા દરીયા (સમુદ્ર) કીનારા પાસે સ્મશાન કરીને માણસને બાળીને હાડની વાની કરી નાંખે છે. અને તે વાનીને પાછું પાણી તાણી જાય છે. આજ વખતના પુરૂષો માણસના હાડકાં શહેર અથવા ગામમાં દાટે છે. અને તેના માથે મુર્તિ માંડીને દેવને નામે ભગવાન કરીને પુજાવે છે અને તેમાં જગતની મળેલી સંપત ત્યાં ધરાવે છે. અને ત્યાં માનતા કરાવે છે. અને સંપતવાનનો જ્યારે નિર્વંશ જાય છે ત્યારે સંપવાનની મીલકત ત્યાં અર્પણ કરાવે છે. પણ તેના સંપતવાનના કુળ કુટુંબને ઉપયોગમાં આવવા દેતા નથી અને જગતની હરેલી સંપત પોતે પોતાના કુળ કુટંબને રજુ કરે છે. અને જગતના ગુરૂ થઈને રહે છે. જેમ ઘરનું અંધારૂં દીવો કરવાથી દુર થાય છે. જમીન અને આકાશનું અંધારૂં સુર્ય ઉદય થાય તો દૂર થાય છે પણ આ જગતની ભ્રમણા અને અજ્ઞાનરૂપી અંધારૂં દીવેથી કે સુર્યનારાયણના ઉદય થાય તો પણ જાય તેમ નથી તેમ સતપુરૂષો કાઢવા જાય તો પણ નીકળે તેમ નથી.

★★★

# આત્મશકિતનો પ્રભાવ

જે કરમ કરીએ તેમાં સર્વમાં કર્મ, કલ્પના અને જે સાધન સાધીએ તેમાં કોઈમાં સાર નહી અને જેનું રટણ કરીએ તે તો કોઈ રહ્યા નહી અને જેને નમીએ તે તો સર્વે નાશવંત.

કોઈ અઘોરવન, ડુંગર, પહાડમાં હિંસાના કરનાર જે હત્યારા જીવ છે તે તમને ક્યાંય ભટકી ગયા તો તે સમયે તમારી આત્મશક્તિ ને હિંમત હશે કે આને તગેડીને આઘેરો આ ભૂમિકા છોડાવી દઉં. લાઠી કે પથ્થર લઈ હાકરણું કરશો તો તે ભાગશે એ તમારી આત્મશકિતની હિંમત હશે, એટલે તે તમારી આગળથી ભાગશે, પણ તમારી જ આત્મશકિતમાં ભે બેસી ગઈ તો તે તમને મારી ખાશે, તેમ કોઈ અગોચર જગ્યામાં એકલાં જાતાં. જો તમને ભૂત, પલીતની ભે બેસી ગઈ તો તમારામાં ભૂત જોવામાં આવશે પણ ભૂતને ભગાડવાની હિંમત હશે તો તે ભાગી જશે અને મગજ ફરી જાશે તેમ તમારા ધંધા રોજગારમાં અને ઈજજત આબરૂમાં જો આત્મશકિત અને હિંમત અને લાંબાકાળ સુધી ખરેખરૂં પુરૂષાતન તમે રાખશો તો જે પદને પ્રાપ્ત કરવું હશે તે કરી શકશો કે કોઈ વસિયાતી ગામ સુધી પહોંચેલો કોઈ કરમી માણસને ઘેર જાશે તો આદર ભાવ આવકાર અને સત્કાર બધો ભોગવશે પણ આળસુ અને લબાડ થઈને ગામ બહાર ઉજજડ જગ્યામાં પડયો રહેશે તો તેના કર્મમાં ઈજજત આબરૂ હશે તો પણ ભોગવી શકશે નહી. જેમ સુર્યનારાયણ ઉદય થાય છે તો તેનો પ્રકાશ તો ગોળામાં જ છે, પણ તેનો પ્રકાશરૂપી પાવર આખા જગતમાં પ્રકાશે છે. તેમ સર્વ માણસ જે કોઈ સર્વેની હિંમત શકિત જે કામના કરે તે ઉગે, આથમે અને છેડો ન આવે ત્યાં સુધી તેનો પાવર પહોંચે છે અને જેથી ન બને તે પણ પૃથ્વી માથે હિંમત.....શકિતવાળો કરી શકે છે. અને આજકાલના કબુદ્ધિવાળા માણસો નીચ જાતિના ગુલામ થઈને પોતાની હિંમત.....શકિતથી કંગાલદશામાં રખડી મરે છે.

જે પુરૂષાતન છે તે ભવિષ્ય પ્રાલબ્ધને જગાડવાવાળાં છે. જયારે પુરૂષાતન અને ભવિષ્ય...પ્રાલબ્ધ ખરી હિંમતથી કોઈ કરે છે તો જો ભોગવવાની ઈચ્છા હોય તે ભોગવી

શકે છે. અને જો મનુષ્ય પ્રાણી પુરૂષાતનનું મોળું થાય છે. તો તેના ભવિષ્ય પ્રાલબ્ધ પણ મોરચ્છા તરીકે સુઈ રહે છે.....ભવિષ્ય પ્રાલબ્ધને જગાડવાવાળું પુરૂષાતન છે અને ભવિષ્ય....પ્રાલબ્ધ અને પુરૂષાતનના બળથી જ એ જ હિંમત શકિતવાળી પુરૂષો અગાધ સમૃદ્ધિને પામી શકે છે. અને ભવિષ્ય કદી મોળાં હોય તો પણ પુરૂષાતનવાળો વાંચ્છીત ફળ ભોગવી શકે છે. અને પુરૂષાતનનો મોળો માણસ હોય તો ભવિષ્ય...પ્રાલબ્ધ પણ સુએ રહે છે. કોઈ અનુભવ વિનાના અજ્ઞાની માણસો પુરૂષાતન છોડીને મારૂં તો ભગવાન કરશે તેમ થાશે, એમ ધારે તો તેમાં વાંચ્છિત ફળ કોઈએ ભોગવ્યું જોવામાં આવતું નથી. અને પરમાત્માની પદવી પ્રાપ્ત કરવી હશે તો પણ તે પુરૂષાતનથી જ પમાશે (પામશે).

★★★

# તત્વજ્ઞાન વગર મોક્ષ મળતો નથી તેનું દ્દષ્ટાંત

કોઈ એક રાજા સુશીલ અને શાંત હતો. તેને વેદાંત શાસ્ત્ર ઉપર બાહુ જ પ્રિતી હતી. તે એક વિદ્ધાનની પાસે નિત્ય વેદાન્તશાસ્ત્રનું શ્રવણ કરતો હતો. તે વિદ્ધાનશાસ્ત્રમાં પ્રવિણ હતો. તથાપી અનુભવમાં ઓછો હતો. (કારણ કે તેને તત્વજ્ઞાન બિલકુલ હતુંજ નહી. તેને તો વેદનું પોપટીયું જ્ઞાન હતું.) પ્રતિદીન તે રાજાના સાંભળવામાં આવતું કે જો તત્વનું જ્ઞાન પ્રાપ્ત થાય તો મોક્ષ મળે. રાજા મુમુક્ષુ હતો, તેથી મોક્ષ માટે અતી આતુર રહેતો હતો. ને વિદ્ધાનને પુછતો કે રાગ દ્રેશાદિક ક્યારે નિવ્રત થાય ને મોક્ષ ક્યારે મળે? તેનો ઉત્તર વિદ્ધાન આપતો કે વિશેષ શ્રવણ કરવાથી સઘળું સિદ્ધ થાય છે. એમ કહેતાં સાંભળતાં ઘણા વર્ષો નીકળી ગયાં પણ ફળ થયું નહી ને શ્રવણ નિષ્ફળ નીવડવા જેવું રાજાને જણાયું પછી રાજાએ વિદ્ધાનને પૂછયું કે, ''પંડિતજી શ્રવણ કરતાં કરતાં પણ આયુષ્ય પણ વીતી ગયું, પણ કશું ફળ જણાતું નથી, માટે જો આવતી કાલે શાસ્ત્રમાંથી મોક્ષનો ખરેખરો શોધ નહી કરી લાવો તો તમોને પુરેપુરી શિક્ષા કરવામાં આવશે.''

આવા વચન સાંભળી પંડિતજી તો ચિંતામાં પડયા. તે ઘેર આવ્યાને પછી જમવા બેઠા પણ રાત્રિએ ભોજન ભાવ્યું નહી. તેમ નિંદ્રા પણ આવી નહી. બીજે દિવસે ઉઠી સ્નાન સંધ્યા વગેરે નિત્યકર્મ કર્યું પરંતુ રાજાને શું ઉત્તર આપું એ વિચારમાં પંડિતજી ગુંચવાઈ ગયા. એટલામાં ઈશ્વરેચ્છા કોઈ અજાચક, નિરાશી, નિર્વાસનીક, મહાત્મા યોગી બ્રહ્મવેત્તા અને તત્વવેત્તા, સન્યાસી ત્યાં ફરતા ફરતા આવી પહોંચ્યા ને પંડિતજીએ માન્યું કે પરમાત્મા એ જ આ મહાત્માને મારૂં દુઃખ દુર કરવાને મોકલી આપ્યા છે. પછી પંડિતજીએ સત્વરે જઈ પ્રણામ કરીને તે મહાત્માને ઘરમાં લઈ આવીને આસન ઉપર બેસાડયા અને બે હાથ અને ત્રીજું મસ્તક તેમના ચરણમાં મુકી, પ્રણામ કરી, હાથ જોડી તેની સનમુખ પૃથ્વી માથે બેઠો. તેની મુખમુદ્રા પરથી મહાત્માએ જાણ્યું કે આ કાંઈ ચિંતામાં છે. તેથી તેને પુછયું કે, ''પંડિતજી કેમ ચિંતાતુર જણાઓ છો?'' પછી પંડિતજીએ વિનયપૂર્વક, રાજા પાસે પુર્વ દિવસે જે વૃતાંત બન્યો હતો તે સઘળો કહી સંભળાવ્યો. તે સાંભળી મહાત્માએ મનમાં વિચાર કરીને કહ્યું કે, ''મને રાજા પાસે લઈ જા હું પોતે તેના મનનું સમાધાન કરીશ !'' પછી ભોજન કરી મહાત્માએ આરામ લીધો; અને સમય થયો કે, તે

પંડિતજીની સાથે રાજાજી પાસે ગયો, મહાત્માના દર્શન કરી રાજા બહુજ આનંદ પામ્યો અને તેનો યોગ્ય સત્કાર કરી નિત્ય નિયમ પ્રમાણે શ્રવણ કરવા બેઠો ત્યારે પંડિતજીને આગલે દિવસે પુછેલા પ્રશ્નનું ઉત્તર સાંભળવા ઈચ્છા દર્શાવી, તે સાંભળી પંડિતજીએ કહ્યું કે, "તેનો ઉત્તર આ મહાત્મા આપશે." જ્યારે રાજાએ મહાત્મા તરફ મુખ કર્યું ત્યારે મહાત્માએ રાજાને કહ્યું કે હું જે કહીશ અને જેમ કરીશ તેમ તારે તથા પંડિતને માન્ય છે? રાજાએ તેનો સ્વીકાર કર્યો કે તત્ક્ષણે મહાત્માએ બે દોરડાં મંગાવ્યા અને એક દોરડાં વતી એક સ્થંભની સાથે રાજાને બાંધ્યો અને બીજા દોરડાં વતી બીજા સ્થંભની સાથે પંડિતજીને બાંધ્યા, પછી રાજાને કહ્યું કે, "તું રક્ષણ કરવાવાળો છે તથા બળવાન છે, તેથી આ પંડિતને બંધનમાંથી મુક્ત કર." મહાત્માનાં એવાં વચન સાંભળીને રાજાએ કહ્યું કે, "હું બંધાણો છું તેથી આ પંડિતજીને કેમ છોડી શકું?" પછી મહાત્માએ કહ્યું કે હે રાજન જેવો તું બંધાયેલો છે તથા આ પંડિતને છોડી શકતો નથી. તેવી રીતે આ પંડિત પણ સંસારરૂપી રજજુથી બંધાયેલો છે તે તને સંસાર બંધનથી કેમ મુક્ત કરી શકે? તે સાંભળી રાજા પોતાના પ્રશ્નનો ઉત્તર સમજી ગયો અને ત્યારથી તે પવિત્ર મને તે મહાત્માની પાસે બ્રહ્મજ્ઞાન શ્રવણ કરવા લાગ્યો.

તાત્પર્ય કે, જે માણસની પાસે જે વસ્તુ ન હોય તે માણસ તે વસ્તુ બીજાને કેવી રીતે ક્યાંથી આપી શકે? જે માણસ જે રસ્તો જ જાણતો હોય તે માણસ તે રસ્તો બીજાને કેમ બતાવી શકે ? આંધળો આંધળાને દોરે તો દોરનાર અને દોરાવનાર બંન્ને ખાડામાં પડે એમ જ અજ્ઞાની ગુરૂ શિષ્યને પોતાના જેવું જ જ્ઞાન આપે, વિશેષ ક્યાંથી આપી શકે?

આ જગતામાં હમણાંના ગુરૂઓ આ શ્લોકમાં દર્શાવેલા ગુણવાળા છે.

**गुरुओ वहवः सन्ति शिष्य चिता पहाडकाः ।**
**गुरुवो विरलाः सत्ति शिष्य संताप हारकाः ।।**

શિષ્યનું ધન હરવાવાળા ઘણા ગુરૂઓ છે, પરંતુ શિષ્યના આધિ ભૌતિક, આધિ દૈવિક અને આધ્યાત્મિક એવા ત્રિવિધ તાપને દુર કરવાવાળા ગુરૂઓ તો વીરલા જ છે. ધન એકઠું કરવા માટે અને પોતે મોટા થઈને પુજાવા માટે શિષ્યની સંખ્યા વધારવા માટે

ગુરૂઓ ઢગલે ઢગલા છે. પણ ત્રિવિધ તાપને દુર કરી, શિષ્યને આ દુઃખરૂપ સંસારમાંથી છોડાવનારા ગુરૂ બહુ જ થોડા હોય છે, માટે પ્રત્યેક જીજ્ઞાસુએ વિચાર કરીને ગુરૂને શરણ જવું યોગ્ય છે.

જેમ ગ્રાહ (ઝુંડ) પોતાના સપાટામાં આવેલા પ્રાણીને બળાત્કારથી જલમાં ઘસડી જાય છે, અને પછી તેને અતિ દુઃખ આપે છે, તેમ મહા મોહ કે જેને અનાદી કાળનું અજ્ઞાન માનવામાં આવે છે તે પણ માયાવશ થયેલા જીવને ચોરાશી લાખ યોનીમાં ઘસડી જઈને તેને અત્યંત દુઃખ આપે છે. તેથી મહા મોહને ગ્રાહ (ઝુંડ)નું રૂપક આપ્યું છે.

★★★

# શુભ આચરણો લાભ કરતા છે

કોઈપણ સ્થળે તમે ભિખારી કે ચિથરીયાના હાલમાં જાઓ તો દરવાન બારણામાંથી તમને હાંકી મુક્યા સિવાય રહેશે ખરો ? કેમ મનુષ્ય તથા નિવાસના આશ્રમ કે હલકાં ચલણ અમંગલીક હોવાથી કે એવાના દર્શન થવાથી જગતમાં મંગલીક હોય તે પણ અમંગલીક થઈને દારિદ્રીનો વાસો થાય છે. તમારે પરમેશ્વરના મંદિરમાં કે દરબારમાં જવું હોય તો રાંકવેલા તથા કંગાલવેલા છોડી દુબળાપણાનો ભિખારીનો ચિંથરીઓ પોશાક ફેંકી દઈને આત્મશ્રદ્ધાનો નિસ્પૃહતા (આશા તૃષ્ણાથી રહીત) દીવ્ય મુલવાન પોશાક ધારણ કરીને અમીરાતને વેશે જાવું જોઈએ તો તમને જે સ્થળે જાશો ત્યાં આદર ભાવ, બરદાશ, ચાકરી અને ખાનપાનનું માણસ પુરતી સગવડ કરશે અને ભિખારીને અને રાંકને વેશે જાસો તો ધક્કા મારીને કાઢી મુકશે તેમ સર્વે ભાઈઓ હલકાં આચરણનો આશ્રય લેશો તો હલકાઈ ગણાશે અને તમારી નિર્ભયથી અને સમૃતાઈ ભોગવશો. કેમકે મન કલ્પવૃક્ષ છે જેમ જેમ મનની કલ્પના કંગાલ અને દુર્બળ રાખશો તો કંગાલથી નપાવટ થશો અને નિર્ભય અને સામૃતાઈ રાખશો તો સમર્થ થાશો અને નિર્ભય થાશો. કેમકે કલ્પવૃક્ષની છાયામાં બેસીને શ્રીમંતાઈની ઈચ્છા કરે તો શ્રીમંતાઈ મળે છે અને કંગાલની દશા પ્રાપ્ત થાય છે. તેમ તમે જેવી કલ્પના કરો છો એવી જ તમારા મનની દશા ભોગવવી પડે છે. આ સંસારમાં જેવી ભાવનાથી પુરૂષાર્થ કરે છે તેમાં તે માણસ ફતેહમંદ નીવડે છે. માટે નીતિધર્મનો જ પુરૂષાર્થ મેળવવો તે સજજન પુરૂષોને યોગ્ય જ છે.

★★★

# દશરથ રાજાને વશિષ્ઠ ઋષિનો ઉપદેશ

દશરથ રાજાને નવ હજાર વરસ સુધી વશિષ્ઠ ગોરે કામના જીતાવીને સત્તા, સમૃતાઈ મેળવાવીને ઘણા રાક્ષસોને હણાવ્યા હતા અને કામના જીતવાથી ઘેર પ્રજા ઉત્પન્ન કરી ન હતી. તેથી રાજા દશરથને ત્યાં નારદજીએ રાણીઓને કહ્યું કે વશિષ્ઠજીના ઉપદેશથી દશરથ રાજા પ્રજા ઉત્પન્ન નહી કરે તેથી રાજય સુનું રહેશે. આવા નારદજીનાં વચન સાંભળીને રાણીઓએ દશરથ રાજા પાસે પ્રજા ઉત્પન્ન કરવાની પ્રાર્થના કરી. એ દશરથ રાજાને રૂવાનપાદ રાજા સાથે જન્મની મિત્રતા હતી. તે રૂવાનપદ રાજાના રાજયમાં શીંગી ઋષિ જન્મના યોગી નિર્જન વનમાં નિરાશી, નિર્વાસનીક, વિરક્ત, અજાચક અને નિર્દોષી, તપશ્ચર્યા કરતા હતા. તેની તપશ્ચર્યાથી ઈન્દ્ર રાજા ઈન્દ્રાસન સહિત કંપતા હતા. તે શીંગી ઋષિને યોગ્ય ભ્રષ્ટ કરાવવા સારૂં ગુણીકાને શીંગી ઋષિનું હરણ કરવા મોકલી તો શીંગી ઋષિ સદાય સર્વના સંગથી રહિત અને જુદા રહેતા હતા ત્યારે ગુણીકાથી શીંગી ઋષિ વશ થયા નહી. ત્યારે ગુણીકાએ તેનું શું કરવું અને શું ખાવું થાય છે. તે જોવા લાગી તો તે યોગી જે બાજુ દૃષ્ટિ રાખીને બેઠા હોય તેજ દિશામાં ચાલ્યા જાય અને ત્યાં સુકેલા પાંદડાં ફળફૂલ મળે તે ખાઈને પોતાનો નિર્વાહ કરતા હતા ત્યારે ગુણીકા અદ્રશ્ય રહિને વનસ્પતમાં પોતે મધના કૃપા સાતે રાખેલા તેમાંથી મધ ચોપડતી જાતી હતી. તે વનસ્પતિમાંથી શીંગી ઋષિને એ મધ ચાટવામાં આવ્યું અને તેમાં શીંગી ઋષિની જીભેંદ્રી વશ થઈ તેથી જેમાં (જે વનસ્પતિનાં સુકાં પાંદડામાં મધ ચોપડેલું હોય) તેજ વનસ્પતિમાં ફરે ત્યારે ગુણીકા એક ઝાડ આડું દઈને બેઠી ત્યારે શીંગી ઋષિ વનસ્પતિમાં ફરતાં ફરતાં જયાં મધ ચોપડેલું હોય તે વનસ્પતિ ચાટવા લાગ્યા ત્યારે ગુણીકા ઝાડથી ખુલ્લી થઈને શીંગી ઋષિ સામે જેવા લાગી. દુરાચાર માણસનું નરનારીની કે ઉંચ નીચ જાતિની લલાટે દૃષ્ટિ જયારે દુરાચારથી કરે ત્યારે સામા માણસની વૃત્તિ અધિર, ચંચલ અને વ્યાકુળ થાય છે. ત્યારે શીંગી ઋષિએ દૃષ્ટિની વરતીએ ગુણીકામાં જોડાણી અને ગુણીકાએ કહ્યું કે હે મહારાજ તમે શું જુઓ છો ત્યારે શીંગી ઋષિએ કહ્યું કે આમાં મારી જીભેન્દ્રીય કોઈપણ પદાર્થમાં વશ થયેલી છે, ત્યારે ગુણીકાએ કહ્યું કે હે મહારાજ તપશ્ચર્યાથી હું જયાં દૃષ્ટિ કરૂં તેટલા ભાગની વનસ્પતિમાં મીઠાશ થાય છે. એવું ઋષિને ઢોંગથી કહ્યું અને મારી તપશ્ચર્યાથી

આ બંન્ને કુંખની નીચે કોટના ખિસ્સામાં મધના કુપા ભરાઈ રહે છે. તે આપ જુઓ. તે ગુણીકાએ પોતાના ખિસ્સામાં મધના કૂપા ભરીને રાખેલા હતા તે કાઢીને શીંગી ઋષિને બતાવ્યા અને ચખાડયા પછી ગુણીકાએ કહ્યું કે મહારાજ તપશ્ચર્યાના બળથી તમને એક જ શિંગડું છે, ને મારા તપના બળથી મને મારી છાતીમાં બે શીંગડાં છે. તેમ કહીને પોતાના થાન (સ્તન) બતાવ્યા. આ શીંગી ઋષિ જન્મના યોગી હતા તેથી સ્ત્રીની આકૃતિ તથા સ્ત્રીના શરીમાં શું શું નિશાનીઓ છે તે જાણતા નહી; ગુણીકાએ કહ્યું કે હે મહારાજ આપ મારી સાથે રહો તો હું આપને એવી જ તપશ્ચર્યા પ્રાપ્ત કરાવું . ત્યારે ગુણીકાએ શીંગી ઋષિને સાથે રાખ્યા અને રૂવાનપદ રાજાના શહેરમાં તે વિશેની હકીકત મળી ત્યારે રૂવાનપદ રાજા હાથી, ઘોડા તથા ફોજ સહિત ત્યાં આવ્યા અને શીંગી ઋષિને વિનંતી કરી પુજાથી વધાવતે ફૂલની વૃષ્ટિ કરતા કરતા હાથીની અંબાડી ઉપર ચઢાવીને રાજયમાં લઈ આવ્યા. અને વિધી સહિત રાજાએ પોતાની કુંવરી શાંતારૂપી કન્યા પરણાવી અને ઈન્દ્ર રાજાનો મેહ (વરસાદ) છૂટયો. રાજા ને રૈયત સંતોષ પામ્યા. રાજા દશરથ અને રૂવાનપદ રાજા જન્મના મિત્ર હતા તેથી ત્રણ સ્ત્રીઓ સહીત રથમાં બેસીને રૂવાનપદ રાજા પાસે આવ્યા અને મિત્રો જાણીને એક બીજાનો આદર સત્કાર કર્યો અને રૂવાનપદ રાજાના શીંગી ઋષિ જમાઈ અને શાંતારૂપી દિકરી એ બંન્નેની માંગણી દશરથ રાજાએ કરી અને શીંગી ઋષિ પાસે પોતાના રાજ્યમાં યજ્ઞ કર્યો એટલે તે શીંગીઋષિએ રાજાને પ્રજા માટે ફળ દીધું. તે ફળનો અર્ધોભાગ દશરથ રાજાએ કૌશલ્યાને દીધો અને અર્ધામાંથી બે ભાગ કરીને એક ભાગ શેષનાગે દીધેલી સુમીત્રાને દીધો અને બીજો ભાગ કૈકેયીને આપ્યો તે થોડો ભાગ મળ્યો જાણીને કૈકેયીએ ક્રોધ કરીને તે ભાગ ફેંકી દીધો. તે પડેલો ભાગ પક્ષી (સમડી) લઈને ઉડી ગઈ, કૌશલ્યાએ તથા સુમીત્રાએ તે જોઈને પોતાનામાંથી થોડા થોડા બે ભાગ કૈકેયીને આપ્યા. વશિષ્ઠજીના તત્વજ્ઞાનથી રાજા દશરથે ચાર ભાગથી ચાર પુત્રો ઉત્પન્ન કર્યા, કૌશલ્યાથી રામચંદ્રજી, સુમીત્રાથી લક્ષ્મણજી અને બંન્નેએ એક એક ભાગ આપેલો એટલે કૈકેયીને ભરત તથા શત્રુઘ્ન એમ બે પુત્રો થયા.

ગૌતમ ઋષિની સ્ત્રી અહલ્યાનું રક્ષણ કરવા ઈન્દ્રરાજા ગયા હતા ત્યારે ગૌતમ ઋષિ સ્નાન કરવાને ગયા હતા તે દરમ્યાન દેહ પવિત્ર કરીને પ્રાણાયામ ખેંચતા ત્રિકાળથી

ખબર પડી કે ઘેર કાંઈક કપટ થાય છે એટલે ગૌતમ ઋષિ ઘેર આવ્યા ત્યારે તેણે દિકરીને પુછયું કે ઘરમાં કોણ છે? ત્યારે દિકરીઓ કહ્યું કે મંજાર (માનો જાર એટલે યાર) છે ત્યારે દિકરીને શ્રાપ આપ્યો કે જા તને કુંવારાં ગર્ભ થશે, દિકરાને શ્રાપ આપ્યો કો જા તું તારી દિકરી સાથે ભોગ કરીશ તથા તેની સ્ત્રી અહલ્યાને કહ્યું કે તું અહલ્યામાંથી શલ્યા થઈ જા, કુકડો દરરોજ પાંચ વાગે નેકીં પોકારતો ત્યારે ગૌતમ ઋષિ નહાવા જાતા તેને બદલે ઈન્દ્ર રાજાએ ચંદ્રમાને કપટથી કૂકડો કરીને અર્ધ રાતે બોલાવ્યો એટલે ગૌતમ ઋષિએ ચંદ્રમાને શ્રાપ આપ્યો કે પંદર દિવસ તું ઘટતો જઈશ અને પંદર દિવસ તું વધતો જઈશ. ઈન્દ્ર રાજાને કહ્યું કે જા તને સહસ્ત્ર ભંગ થસે ત્યારે અંજની પોતાનો શ્રાપ ખોટા પાડવા અઘોર વનમાં છાતી સુધી શરીર જમીનમાં રાખીને તપશ્ચર્યા કરવા લાગી. ત્યાં જે કૈકેયીએ ફળનો ટુકડો નાખી દીધો હતો. તે પક્ષી લઈને આવતું હતું, તે જયાં અંજની તપ કરતી હતી તે અંજનીને ઉપર આવીને બંન્ને પક્ષી લડયાં. તે ફળનો ટુકડો જયાં અંજની તપ કરતી હતી ને તે જયારે પવનનો ભક્ષ કરતી હતી તેથી તે વખતે તેનું મુખ ખુલ્લું હોવાથી તે તેના મુખમાં પડયો અને શંકર અને પાર્વતીજીએ દૈત્યને દ્વારાપાળને કરીને રાખેલ હતો તે દૈત્ય નીમકહરામ થઈને પાર્વતીજીની આશા કરી ત્યારે શંકરે તેને કૈલાશમાંથી વિદાય કર્યો. તે દૈત્ય જંગલમાં જઈને કપટની તપશ્ચર્યા કરવા લાગ્યો અને શંકર વનમાં ફરતાં ફરતા કોઈપણ તપેશ્વરી જાણીને વરદાન માંગ માંગ એવો શબ્દ કહ્યો ત્યારે દૈત્યે ભીષ્મકંકણ માંગ્યું ત્યારે સતપુરૂષો પોતાના આપેલા વચનથી ફરતી નહી તેથી તે દૈત્ય ને ભીષ્મકંકણ આપ્યું. એટલે તે દૈત્ય ભીષ્મકંકણથી શંકરને બાળવા શંકરની પાછળ ગયો અને શંકર આગળ નાશવા માંડયા ત્યારે ત્યાં મોહિનીનું સ્વરૂપ ધરીને દૈત્યને કહ્યું કે મારે તારૂં કામ છે માટે તું મારી આગળ ઉભો રહે અને શંકરને જાવા દે અને શંકર જયારે તારી આગળ આવે ત્યારે તું ભીષ્મકંકણ ફેંકજે એટલે શંકર બળીને ભસ્મ થઈ જશે અને શંકર જેમ મારી આગળ નાચતા તેમ તું પણ મારી આગળ નાચ એટલે હું તારી ઉપર ખુશી થઈશ એટલે દૈત્ય પાર્વતીજીની આગળ નાચવા લાગ્યો ત્યારે ભીષ્મકંકણવાળો હાથ માથા ઉપર ગયો ત્યારે ભસ્મ કહ્યું એટલે દૈત્ય ભસ્મ થઈ ગયો અને શંકરને જઈને ઉભા રાખ્યા ત્યારે શંકર કહે છે કે તે દૈત્ય કેવી રીતે ભસ્મ થઈ ગયો તથા ભસ્મ કંકરણ કેવી રીતે લીધું ત્યારે

એવા બ્રદ (બિંદુ) જીતેલા પુરૂષનું બ્રદ વૃથા જાય તેને માટે શંકરને વૃક્ષ ઉપર ચઢાવ્યા અને નીચે મોહિની સ્વરૂપ લઈને જે શંકરનું બ્રદ સ્ખલીત થયું. તે બ્રદ અધરથી ઝીલીને કોઈ એક પોલી નલીમાં તે બ્રદ લીધું અને તે બ્રદ જયાં અંજની તપ કરતી હતી ત્યાં જઈને ગુરૂ થઈને એ વાંસળીએથી કાનમાં ફૂંક મારીને એ શંકરનું બ્રદ અંજનીની પેટમાં ઉતર્યુ અને કૈકેયીએ જે ટુકડો પ્રજાના વરદાનનો નાખી દીધો હતો તે અંજની આગળ આવીને બે પક્ષીઓ લડયાં એટલે તે ભાગ અંજનીના મુખમાં પડયો તે ફળથી તથા શંકરના બીજકથી હનુમાનજી ઉત્પન્ન થયા. આ ગ્રંથ વિદ્ધાનોએ તત્વ તથા પંડવરમંડના રહસ્ય ઉપરથી વાર્તાઓ બનાવીને રચેલો છે.

★★★

# કેવા ગુરૂથી મોક્ષ મળે તેનું દ્રષ્ટાંત

એક રાજાએ પોતાના શાસ્ત્રીને પુછયું કે મોક્ષનો ઉપાય શું? ત્યારે શાસ્ત્રીજીએ કહ્યું કે, સાધુનો સત્સંગ કરવાથી મોક્ષનો ઉપાય મળે છે. ત્યારે રાજા કહે છે પેટ વાસ્તે લંગોટી વાળીને મલકમાં ભીખથી ગુજરાન ચલાવે છે તેને સંત કહેવા કે અનેક પ્રકારનાં પાખંડ માંડીને મુલકને ઠગે છે તેવાને સંત માનવા કે અનેક પ્રકારના ધર્મને નામે ધતીંગ ચલાવીને મુલકને લુટે છે અને પોત રાજય વૈભવ સુખ ભોગવે છે અને પોતાનો તથા પોતાના કુટુંબનો સ્વાર્થ સાધે છે તેવાને સંત માનવા. હે મહારાજ તેવાઓના સત્સંગથી મોક્ષ મળવાનો સંભવ નથી એ તો ઉલટા આપણો જ જન્મ વૃથા ગુમાવી દે છે. ત્યારે પંડિતજીએ કહ્યું કે હે ભાઈ એવા સાધુ તો જેમ અનાજમાં ધનેડાં પડીને દાણાને ખાઈ જાય છે તેમ તેવા સાધુ તો જગતને ઠોલીને અને ઠગીને ખાઈ જનાર છે. જેમ તલમાં એક બાવા નામના જીવડા પડીને તલને તથા ખેડુતની પેદાશને ખાઈ જાય છે. તેમ એ બાવા તો જગતને ઠોલી ઠગીને જ ખાવાને માટે વેશ લીધેલો છે પણ સંત તો જેણે રાજય લક્ષ્મી સંસાર ભોગ અને જગત પદાર્થ સર્વે મિથ્યા કરી અઘોર વનમાં વિરક્ત, અજાચક, નિરાશી, નિર્વાસનીક અને નિર્દોષી, એકાંતે, એકાગ્રહ ચીત્તથી, બ્રહ્માકાર વૃત્તિમાં સદાયે શાંતિપરમાં રહે છે. જેમ મંડલાચળ પર્વત જેમ ઓગણપચાસ વાયુ અને બાર મેઘના તોફાનથી ચલાયમાન થતો નથી. તેમ શાંતિવાન સંત પણ સર્વે ઈન્દ્રિયો સાધીને તથા વૃત્તિઓને વશ કરીને રાજયલક્ષ્મી સંસારભોગ કંઈ પદાર્થ મળે તો તેમાં તેના મનની વૃત્તિઓ ચલાયમાન થતી નથી તેવા સંતના સમાગમથી મોક્ષપદનો રસ્તો મળે છે. અને સર્વે માયા ખોટી ભ્રમણાની ફાંસીમાથી છોડાવે છે. ત્યારે કોઈપણ સાધુની શોધ અને પાસે રાખીને તેની પરીક્ષા કરવા લાગ્યા પણ તેવા લક્ષણવાળો કોઈ સાધુ મળ્યો નહી.

જે પંડિતજીએ રાજાને સંતના સત્સગર્થ અને સમાગમથી તથા આ ખોટી માયાની ભ્રમણામાંથી મોક્ષપદ મેળવી શકાય તેના કહેવા ઉપરથી રાજા સાધુની શોધ કરતો રહે છે. તેવામાં ઘણે કાલે અઘોર વનમાં વિરક્ત, અજાચક, નિરાશી, નિર્વાસનીક, નિર્દોષી, એવા કોઈપણ સંત મળ્યા. તે સંતને રાજા પોતાના શહેરમાં તેડી આવીને એકાંત પોતાના રાજ્યમાં રાખ્યા અને ઘણા દિવસ સેવા કરી અને તેની પરીક્ષા લીધી પણ તે સાધુમાં

કોઈપણ સ્વાર્થ કે વાસના કે ડોલાયમાન દેખ્યા નહી. ત્યારે રાજા આવું સંત પુરૂષનું શાંતિ પદ જોઈને હાથ જોડીને વિનંતી કરે છે કે, હે મહારાજ આવું શાંતિપદ કયા સાધનથી અને કેવા ગુરૂથી તમને મળ્યું છે. અને આવું તમારૂં મન ક્યા પ્રકારથી સમજયું છે. કેમકે ઈન્દ્રિયોના વિષય સંસારના ભોગ ભોગવ્યાથી કોઈ દિવસ પણ ઈન્દ્રિયો તૃપ્ત થતી નથી. અને કોઈપણ મનનું ધાર્યું કામ ઈન્દ્રિયોના વિષય ભોગ ભોગવ્યેથી થાવા દેતું નથી તેમ સર્વે કર્તવ્ય એ મનનો વિષય છે. જયાં સુધી મન જીતાયું નથી ત્યાં સુધી શુભાશુભ કર્તવ્ય પણ છુટતું નથી અને તેમાં કર્મ અને કલ્પના ફજીત ફારકો ફેરવ્યા કરે છે. પણ કોઈપણ અકર્તા થઈ શકતું નથી છતાં મહારાજ તમે અકર્તા થયા અને આવી શાંતિ પ્રાપ્ત કરી તે આપનું મન કેવા પ્રકારથી સમજયું છે તે આપ કૃપા કરીને કહો અને આવું પદ આપ ગુરૂ મને પ્રાપ્ત કરો ત્યારે સંત પુરૂષ રાજાને કહે છે કે હે રાજન મારૂં મન સમજયુ તે આપને કહેવાય તેમ નથી. અને આપને કહું તો આપથી સમજાય તેમ નથી. ત્યારે રાજાએ વિચાર કર્યો કે આ યોગીને આપણે દુભાવવા નહી કેમકે નિરાશી સાધુ દુભાશે તો આંહી રહેશે નહી, ત્યારે રાજાએ સંતના ચરણમાં સાચી પ્રિતીથી નમીને ઘણા કાળ સુધી સેવા કરવા લાગ્યા. કોઈપણ રાજય સંબંધી અને નીતિ અને ધર્મ સંબંધી જયારે સતપુરૂષને કોઈ કામનું પુછે તો તે એટલો જ જવાબ આપતા કે હે રાજન આપની ઈચ્છા હોય તે કરો ત્યારે ઘણા દિવસ જાતાં કોઈ પર્વણી આવી એટલે રાજાએ ચોરાશી કરવા માટે પોતાના શહેરના બ્રાહ્મણોને નિમંત્રણ આપ્યું ત્યારે સર્વે બ્રાહ્મણો એકાંતે ભેગા મળીને એક બીજાને કહેવા લાગ્યા કે પાસે કોઈપણ સાધુ આવ્યા છે. એ સાધુ આવ્યા પછી રાજા આપણો આદર સત્કાર અથવા તેડાવવું થોડું રાખે છે. છતાં આપણા માનમાં અથવા વર્ષાસનમાં રાજય સંબંધી કોઈ દિવસ હાની થશે તેથી રાજયની નાયકા (ગુણીકા)ને તેડાવીને કહેવા લાગ્યા કે, હે ગુણીકા તારા રાજય સંબંધી કામમાં અમે પણ ઘણી મદદ કરીએ છીએ. આજ અમારે તારૂં કામ પડયું છે રાજાએ રાખેલો સાધુ રાજા પાસે છે તેનો કોઈ ઉપાયથી રાજયથી વિનાશ કરાવી દે અથવા હદ બહાર કરાવી દે એટલે અમે તેને એક હજાર રૂપિયા મોજના આપશું, તેમાંથી બ્રાહ્મણોએ પાંચસો રૂપિયા રોકડા આપ્યા અને પાંચસો રૂપિયા પાછળથી આપવા ઠરાવ્યા ત્યારે ગુણીકા ગર્ભવંતીનો વેશ લઈને જયારે બ્રાહ્મણોની

ચોરાશી જમી રહી અને કચેરીમાં રાજા તથા સંત પુરૂષ બેઠા છે. અને જ્યાં બ્રાહ્મણોને દક્ષિણા અપાય છે. ત્યાં ગુણીકા પહોંચી અને સર્વેને રાજય ઋષિ સહિત સલામ કરીને ઋષિ પાસે (સંત પુરૂષ પાસે) હાથ જોડીને ઉભી અને કહે છે કે હે મહારાજ આપ તો મ્હારે મહોલે સદાય આવતા અને, ગર્ભવંતી થયા પછી આવતા નથી ત્યારે હવે મને નિર્વાહમાં વાંધો આવે છે તો બે મહીનાની મને જીવાઈ આપો, ત્યારે સંત પુરૂષે ઉંચું ઉપાડીને જોયું તો દક્ષિણાના રૂપિયા અપાતા હતા તેમાંથી ખોબો ભરીને ગુણીકાની ઝોળીમાં નાંખ્યા અને ગુણીકા ખુશી થઈને ઘેર રવાના થઈ ગઈ અને બ્રાહ્મણો સર્વે ઈર્ષાના કરવાવાળા દેવશી રાજી થયા અને તો કાળા શાહીવર્ણા થઈ ગયા અને મનમાં વિચાર કર્યો કે આ યોગીની વાસના કોઈ દિવસ પણ ડગે તેમ નથી છતાં આપણે પરીક્ષા પાકી કરવી ત્યારે સિપાઈઓને દોડતા મોકલ્યા અને કહ્યું કે જાઓ એ ગુણીકાને મારતી મારતી આંહીઆ લાવે ત્યારે ગુણીકા પોતાનું કપટ અને બ્રાહ્મણોનો દ્વેશ રાજાની આગળ પ્રસિદ્ધ કર્યો ત્યારે તે રાજાએ સર્વે બ્રાહ્મણોને કેદમાં પુરી દીધા. ત્યારે સાધુ ઉઠીને ચાલતા થયા ત્યારે રાજા હાથ જોડીને ઉભા રહ્યા અને કહ્યું કે, હે મહારાજ જન્મના દારિદ્રને રત્ન મળે તેમ આ શીલ, સંતોષી સાધુ નિર્મળા તે મને ઘણે કાળે શોધ કરતાં આજ રત્ન મળ્યું છે. તો હે મહારાજ નિર્ધન માણસ પારસમણી કે રત્નને જતન કરીને રાખે છે. પણ કોઈને હાથ જોવા દેતા નથી તેમ હે મહારાજ હું મારૂં મૃત્યું થાતાં સુધી પણ આ હાથમાં આવેલો હીરો જાવા દઈશ નહીં. ત્યારે સંત પુરૂષે કહ્યું કે હે ભાઈ તેં જે મારૂં મન કેવી રીતે સમજયું છે તે આટલા સારૂ તને વગર સમજયા પુરૂષને હું કહી શકતો ન હતો. હે રાજા હવે તારૂં મન સમજયું તો હવે હું તને શાંતિ રૂપી મોક્ષ બતાવીશ ત્યારે એ સમયે રાજાએ બ્રાહ્મણોને કેદમાંથી છોડી દઈ તેને દક્ષિણા દઈને પોતાનો દિકરો (પુત્ર) રાજય લાયક હતો તેને રાજયધાની આપીને સંતની સાથે ત્યાં પોતાના રાજયમાં સર્વે ભ્રમણામાંથી છૂટી શાંતિ પદને પ્રાપ્ત થયા અને પોતાનું જીવન સુખ શાંતીથી સફળ કર્યુ છે. અને આજકાલના રાજાઓ પોતાની વસ્તીનું અને પોતાના રાજયનું પાલણ પોષણ કરી શકત નથી અને પારકું રાજય લેવા માટે વૃથા લડીને હણાઈ મરે છે. કોઈપણ પંડિત, પુરાણી, ફકીર, ઓલીઆ, સિદ્ધ, સમર્થ રાજા અને રૈયત કોઈપણ પોતાનો સંતોષ રાખીને જન્મ સુધારી

શકતા નથી અને વૃથા એક બીજાના દ્વેશી અને વેરી થઈને હણાઈ મરે છે. તેમજ જયાંથી સૃષ્ટિ ઉતપન્ન થઈ છે ત્યાં થી રાજા અને રૈયત અનર્થ કાર્ય માયામાં હણાતા આવ્યા છે. અને હજી એવી ખોટી માયા અને કોટી તૃષ્ણામાં હણાઈ મરે છે. કોઈપણ સંતોષ શાંતિથી પોતાનો જન્મ સુધારી શકતા નથી.

★★★

# આજકાલના ધતંગી યોગીઓનું દ્રષ્ટાંત

કોઈ કમરૂ દેશમાંથી જાદુગર એક બ્રહ્મચારી અને એક યોગી અઘોર વનમાં આવીને જગતને ખોટો ઢોંગ બતાવવા સારૂ બ્રહ્મચારી ભદ્રા મુદ્રા ધારણ કરીને બેઠો અને જટાધારી યોગી ચોરાસી આસન (ધુણી) ધખાવીને ઉંધે માથે ટંગાઈને તપ કરવા લાગ્યો તે રાજાને માલુમ થાતાં તેનું પાલન પોષણ કરવા લાગ્યો અને તે બ્રહ્મચારી કોઈ બીજા શહેરમાં જઈને ફરતો હતો ત્યાં માણસોએ કહ્યું કે મહારાજ શા માટે ફરો છો ત્યારે બ્રહ્મચારી કહે કોઈ સુખ સંપત્તિવાન સતી પુરૂષને તેની સ્ત્રી પ્રતિવંતા તેની ભિક્ષા લઉં છું. એક વાણીયે કહ્યું કે, હે મહારાજ તમે આવો ભિક્ષા દઉં અને આંહીઆ આવો તો હું તમને સીધો આપું એમ કહીને તે વાણીએ સીધા આપ્યો પણ તે સમયે એ વાણીઆની સ્ત્રીનું હરણ કરી શક્યો નહી, ત્યારે બારણે જઈને નદી કિનારે રસોઈ કરીને જમીને તે પાખંડી બ્રહ્મચારી જંગલમાથી એક ખડ (ઘાસ) નું તણખલું લઈને પાછો વાણીઆ પાસે આવ્યો અને કહ્યું કે હે વાણીયા તારી દુકાનમાંથી એક તણખલું મારા કપડામાં આવ્યું છે. તો અમારે બ્રહ્મચારીને તણખલું પણ ચોરવાનો ધર્મ નથી. ત્યારે વાણીઓ આવા પાખંડીને સુપાત્ર માનીને દુકાન બહાર ગયો અને આટલી વારમાં વાણીઆનું ઘર પાસે હતું તે વાણીઆની સ્ત્રીને માખી બનાવી દાબલીમાં પુરીને લઈને ચાલતો થયો. આટલી વારમાં વાણીએ પોતાની સત્તા, સમૃતિથી તેણે જાણી લીધું કે મારી સ્ત્રીનું હરણ આ બ્રહ્મચારીએ કરી લીધેલું છે અને આ વખતે જો હું બુમ પાડીશ તો મને પણ કાંઈક બનાવી દેશે. વાણીઓ લાંબો વિચાર કરીને એ બ્રહ્મચાર્યની પાછળ અદ્રશ્ય ચાલ્યો ગયો. ત્યારે તે પાખંડી બ્રહ્મચાર્યે અઘોર વનમાં આસન લગાવ્યું હતું. ત્યાં જઈને માખીમાંથી સ્ત્રીને પાછી સ્ત્રી બનાવીને તેની સાથે પાપ ભોગવવા લાગ્યો અને વાણીઓ અદ્રશ્ય ત્યાં સંતાઈ રહ્યો હતા. તે આ બધો બનાવ જોતાં બધી વાત ધ્યાનમાં લીધી ત્યાં બીજો પણ યોગી જટાધારી પાખંડી હતો. તે સાંજ પડી એટલે જટાધારી યોગી ટંગાતો હતો તે નીચે ઉતરી ઝોળી હાથમાં લઈને શહેર તરફ ચાલતો થયો અને શહેરમાં જઈને રાજાના મહેલની પાછળ કોઈ દેખી ન શકે તેવા અદ્રશ્ય મંત્રથી શહેરની મીઠાશ હરી લીધી અને તે ખાઈ પીને ઝોળી ભરીને ઝોળીમાંથી એક પાળેલી ચંદન ઘો કાઢી તે રાજ્યમહેલ માથે ચડાવી અને તે

પાખંડી બાવો નાગફણીઓ તથા હથોડીના માથા ઉપર રબર જડેલું હતું તેથી તે નાગફણીઓ ઠોકતો ગયો અને ઉપર જઈને જયાં ઘો જલાણી હતી તે દોરીના આધારથી ઉપર ચઢવા લાગ્યો અને કોશને કટકેથી જે જાલીઓના ખીલા હતા તે ખીલા વાળી કાઢીને કાચની બારીઓ આ રબરવાળી હથોડીથી ભાંગીને અંદર જઈને રાજાની રાણીનું હરણ કર્યું. અને હીરા, માણેક રત્ન, જવાહીરની ભરેલી પેટીઓ લઈને ઉતરીને પાછો પોતાના આસન ઉપર જઈને ચોરાશી ધુણીની વચ્ચે જે ખાડો ગાળેલો હતો તેમાં તે દ્રવ્ય દાટીને તેના ઉપર વાની પાથરીને ચોરાશી ધુણી ધખાવીને ઉંધો ટંગાઈને તપ કરવા લાગ્યો. આ બધી બાબત વાણીઓ સાથે અદ્રશ્ય જઈને જોયા કરે છે.

સવારે રાજાને ખબર પડી કે રાજયમહેલમાં ખાતર પડયું એટલ પગીઓને તથા મંત્રીઓને તથા પોલીસ ખાતાના તમામ અમલદારોને કહ્યું કે આવા બનાવો મારા શહેરમાં ઘણા દિવસો થયા થાય છે. અને આજ મારા આ રાજયભુવનમાં થયો માટે આનો એકદમ તપાસ કરો નહીતર ઘાણીમાં ઘાલીને સર્વેનું તેલ કાઢી નાંખીશ. તે વખતે પગીઓને સાથે લઈને સર્વે તેની શોધ કરતાં કરતાં છેક તે પાખંડી યોગી પાસે જઈને ઉભા રહ્યા. ત્યારે આવા યોગીની તપશ્ચર્યા જોઈને વિચાર કર્યો કે આવા તપેશ્વરીઓને ચોર કેમ કહેવાય પછી આસપાસ તપાસ કરવા લાગ્યા તેવામાં જે આ વાણીઓ બે પાખંડીઓની પરીક્ષા જુએ છે તેને ગુપ્ત સંતાયેલો જોયો અને તેને મારતા મારતાં રાજ પાસે લઈ ગયા ત્યારે વાણીઆએ કહ્યું કે,

**''તરણું ન ચોરે બ્રહ્મચારી, ભોગવે પતિવંતા નારી,**
**ચોરી કરે જટાધારી અને શાહુકારને મારે રાજા અનાડી.''**

ત્યારે એ વખતે રાજાએ વાણીઆને પુછ્યું કે તું આવી ચોરીઓ કરે છે છતાં મને અનાડી કહે છે માટે મને બીજો ચોર બતાવ ત્યારે વાણીયાએ રાજા સહીત ફોજ લઈને તે પાખંડી જાદુગર પાસે આવ્યો અને ભદ્રા મુદ્રા ધારણ કરીને જે પાખંડી બેઠો હતો તેની પાસે ડાબલીમાં રાખેલી માખીરૂપ પોતાની સ્ત્રીને કઢાવી અને જટાધારી યોગી ઉંધો ટંગાતો હતો તેની ચોરાશી ધુણી વચ્ચેછી વાન (રાખ) કઢાવીને ખાડામાંથી ઘણા દિવસની

ચોરીનો માલ, હીરા, ઝવેરાત, રત્નની પેટીઓ સહીત કઢાવ્યો. અને બંન્ને જાદુગરો પાખંડીઓને રાજાએ ચીચોડામાં પીલ્યા તેમ આ વખતમાં પણ કોઈ સાધુ કે અજાચક જોવામાં આવતા નથી. અઢારે વર્ણ લંગોટીઓ વાળીને ખોટા ધર્મને નામ ધતીંગ ચલાવીને રાજયને તથા રૈયતને ખાઈ જાય છે.

એક મહાત્મા પુરૂષ બનીને એક રાજાને મળીને વશ કર્યો અને રાજાને વચનથી બાંધ્યો કે જે મારી કંઠી બાંધે તેની પાસેથી કોઈપણ જાતનો કરાદો (કર) લેવો નહી અને તે ગુરૂને રાજાએ વચન દીધું કે સર્વે કંઠી બંધનો કરાદો (કર) બંધ (માફ) કર્યો તેથી પોતાની નવાઈમાં એ મહાત્મા પુરૂષના સેવકો કંઠી બંધ થયા અને તેથી રાજયને વસ્તીનો કરાદો (કર) સર્વે બંધ થઈ ગયો તેથી રાજા પાયમાલ થઈ ગયો તેથી રાજાનો વૈભવ પણ છુટી ગયો અને ગુરૂદ્વારેથી પાતર આવે તેમાંથી પોતાનો નિર્વાહ ચલાવે અને સર્વે રૈયત કામીને તે સર્વે સંપત ગુરૂને અર્પણ કરે ત્યારે ગુરૂ રાજયધાની અને રાજય વૈભવ સુખ ભોગવવા બેઠો અને રાજા ઘણી જ ચિંતાથી રોગી થયો પણ રોગને મટાડવા દમડી સિવાય રોગને મટાડવા વૈદ્ય (ડોકટર) કે દવા મળે નહી. ત્યારે કોઈ ફરતો ફરતો અઘોર વનમાંથી ત્યાગી, વિરક્ત, અજાચક, નિર્વાસનીક, યોગી આવી તે રાજાને મળ્યો અને રાજાની આવી દીન દીશા જોઈને અજાયબ થયો અને કહ્યું કે હે રાજા તું આ રાજયવૈભવ સુખથી રહીત અને રોગી કેમ થયો છે. ત્યારે રાજા કહે છે કે મેં જે ગુરૂ કર્યા છે એ ગુરૂ જેને કંઠી બાંધે તેની પાસેથી કર બંધ કરાવ્યો છે. અને વસ્તી સર્વે કમાણી ગુરૂદ્વારે અર્પણ કરે છે. તેથી મારો રાજય વૈભવ તુટી ગયો છે. અને હું રોગને માથે કોઈ દવાના દામ (પૈસા) સિવાય રોગી છું. ત્યારે યોગીએ કહ્યું કે હે ભાઈ તારી જે નવાઈ કંઠી બંધ હોય તેને ચિચોડામાં ઘાલીને પીલો અને તેના રક્તોની ખાયો ભરીને તેમાં હંમેશા સ્નાન કરો તો રોગ જાય ત્યારે રાજાએ મંત્રીને પોતાની વસ્તીમાં કંઠી બંધ લેવાને મોકલ્યા ત્યારે સર્વેએ ચિચોડામાં પીલાવાની વાત સાંભળી કંઠીઓ તોડી નાંખી. ત્યારે એક જ ગુરૂ રહ્યો તો તેને મહાત્મા પુરૂષે ચીચોડામાં પીલાવીને રાજય વૈભવ સુખ માંડીને બેઠો હતો તે રાજ વૈભવ રાજાને સોંપાવ્યો અને વસ્તી પાસેથી છોડેલો કર ફરીથી લીધો અને રાજાને રાજયધાની ફરીથી

ચલાવી અપાવી અને રાજા રાજય વૈભવ કરવા માંડયો. આજકાલના પૃથ્વી માથે ખાવા ગુરૂ એ મહાત્માં પ્રમાણે જ થયા છે.

હે ભાઈ સુર્ય અસ્ત થાતાં રાત અને અંધારૂં ભરપુર આવે છે પણ પુરૂષાતન અને સાધનથી દીવો કરીએ તો આપણા ઘરનું અંધારૂં દુર કરે છે તેમ પુરૂષાતન તથા સાધન પુરતું રાખીએ તો જયાં સુધી પ્રકાશ રાખવો હોય ત્યાં સુધી રાખી શકાય છે. અને પુરતું સાધન તથા પુરૂષાતન દીવાનું સાથે લઈને ચાલીએ તો જયાં જઈએ ત્યાં અંધારૂં દુર થાતું જાય છે, ત્યારે હે ભાઈ ઘણા કર્તવ્ય અને ઘણાનો ઓળો ઝાલતાં પણ આપણી ક્ષુધા કે મૃત્યું ને કોઈપણ રોકી શકતું નથી. વૃથા મનના ભરમાવેલા પ્રાણી વૃથા નાડાં પકડયાં તે મરતાં સુધી પણ મુકતા નથી. જેમ બાલક એક ઢીંગલું કરીને તે ઢીંગલામાં વૃથા ગાલાવેલું થાય છે. પણ સમજે ત્યારે તેની સાથે રમત રમવી છોડી દે છે અને જગત તો ખોટા પાખંડ અને નાડાં પકડતે પકડતે આખી જગતનો વિનાશ થઈ જાય છે. પણ કોઈથી છૂટતું નથી. કોઈ સાર અનુસાર કે બચાવ કે ઉપકાર જોતું નથી તેમ આવા પાખંડીના ધતીંગ પકડવાથી કોઈની ભુખ ગઈ કે કોઈ અમર રહ્યું તે કોઈ જ્ઞાનચક્ષુઓથી જોઈને સમજી શકતા નથી.

**અતિ પ્રીત તે તુટવાની ડગતી હેલ તે ફુટવાની**
**અશુરૂં ચાલવું તે લુંટાવાનું અને**
**સદાય ઉધાર વેપાર તે કમાણી ખૂટવાની**
**અને બ્રહ્માની લાંબી અવસ્થા પણ એક દિવસ છૂટવાની.**

એક રાજા કોઈથી પણ વશ થતાં નહી અને કોઈથી પણ ઠગાતા નહી, ત્યાં એક દિગંબર યોગી આવીને એ રાજા સાથે મિત્રાઈ કરીને રહ્યા અને એક એવો પડછો બતાવ્યો કે, તલવાર ઉંચે અધ્ધર ટંગાડી તેગો ત્યાં એક પાણીનો હાંડો ભરપુર ભરેલો એ તલવારની પીંછીમાં એટલે ભરેલો હાંડો અડાડયો ત્યારે તલવારની પીંછીમાં એટલે ભરેલો હાંડો અધ્ધર તલવારની પીંછીમાં વળગી રહ્યો ત્યારે એ વખતે રાજા નવાજયા અને કહ્યું કે માગ માગ અને દીગંબર યોગીને રાજયપાટ દેવા લાગ્યા અને દીગંબર યોગી તે રાજયપાટ લેવાને તૈયાર થયા. તે સમયે રાજાના મંત્રીઓએ અટકાવ્યા અને હાડાનાં તળામાં જોયું તો

તેમાં ચમકબાણ ગુપ્ત જડેલ હતું. તેથી લોઢાને ચોટવાનો સંભવ જોઈને તે જોઈને જે દીગંબરને ખરે ખરો પાખંડી જોયો એટલે તેનો પોતાના રાજ્યમાં ક્યાંય ન રહેવા દેતાં હદ બહાર કર્યો.

એક કોઈ મોટો વિદ્વાન પોતાની સ્ત્રી સહીત રાજ્યમાં આવીને રાજાનો મિત્ર થઈને રહ્યો અને રાજાના કુંવરને ભણાવવા લાગ્યો અને તે વિદ્વાનની સ્ત્રી રાજાની કુંવરીને ભણાવવા લાગી અને તે બ્રાહ્મણની સાથે પોતાનો એક જ દીકરો હતો. તે વિદ્વાન બ્રાહ્મણને રાજા અને રાણીની સાથે ઘણો જ ગાઢો સંબંધ અને સ્નેહ બંધાણો. તે બ્રાહ્મણે પોતાના એક દીકરાને એવી કોઈ દવા પાઈ કે તે ત્રણ દિવસ મુડદાની માફક મુર્છાવત રહે. એણે ખોટો ઢોંગ કરીને દીકરાનું મરણ માનીને રડાકુટ કરવા લાગ્યા ત્યારે એ સમયે રાજાને તથા રાજાની રાણીને એવો વિચાર થયો કે આ બ્રાહ્મણનો દીકરો કોઈ જીવતો કરી આપે તો તેને અમુલ્ય ધન આપીએ.

આ બ્રાહ્મણના બે ભાઈઓ તે શહેરમાં પ્રથમથી જ આવીને રહ્યા હતા. તે ત્રણેનો આ યુકિતમાં ભાગ હતો. એક પંડિત થઈને આવ્યો તેને રાજાએ પુછતાં રાજાને કહેવા લાગ્યો કે આ કોઈ યોગીથી જીવતો થાય એમ છે. રાજાએ તપાસ કરાવી તો શંકરના મંદિરમાં ત્રીજો ભાઈ યોગી તરીકે બેઠેલો હતો તે મળ્યો તેને રાજા પાસે લઈ જવામાં આવ્યો. તેણે તે બ્રાહ્મણ પુત્રને એવી દવા આપી કે જેથી તેની મુર્છા ઉતરી જાય. થોડીવારમાં તે બ્રાહ્મણ પુત્ર બેઠો થયો એટલે આ રાજાએ પોતાના વચન પ્રમાણે એક લાખ સોના મહોરો તે યોગીને આપવા માંડી ત્યારે તે યોગીએ કહ્યું કે અમને વિરકતોને તે ન ખપે માટે આ પંડિતને આપો. પંડિત કહે કે અમારે તો એક સીધો મળે તે ઘણો છે. જેનો દીકરો મુર્છાવત થયો તેને આપો. આ રાજાએ તે સોનામહોરો તે બ્રાહ્મણને આપી. આ પ્રમાણે ત્રણ ભાઈઓ પાખંડમાં ફાવ્યા એટલે રાતના વિદાય થઈ ગયા.

આવી રીતે મોટા મોટા ઠગાય છે અને ઠગવાવાળા અનેક રસ્તા લે છે. તેના દષ્ટાંતો લખીએ તો આવાં અનેક પુસ્તકો ભરાય પણ તેથી લાભ શો માટે ટુંકમાં સાચી સમજ આ પ્રમાણે છે તે જાણી લ્યો.

દુનિયા સર્વ દુઃખી કોઈ મળે નહી સાચો સુખી,
સંત જો સાચો રસ્તો બતાવે પણ અજ્ઞાનીને લુખી
દુનિયા સર્વ દુઃખી કોઈ મળે નહી સાચો સુખી,
ભાત ભાતના ખાઈ પકવાનો નાચરંગ મચાવે
ભાવિક જન સૌ સાચું માની એળે જન્મ ગુમાવે
દુનિયા સર્વ દુઃખી કોઈ મળે નહી સાચો સુખી - સંત ૦
સંતના તત્વજ્ઞાન ગ્રંથ તે ફેરવ્યા પાખંડી પેટ ભરવા
અજ્ઞાની લોકો જપવા બેઠા જ્ઞાન પાખંડનું ધરવા
દુનીયા સર્વ દુઃખી કોઈ મળે નહી સાચો સુખી - સંત ૦
શાસ્ત્ર કહે કળીયુગના મર્મ ધર્મ પાખંડ વર્તાશે,
આજ કલીયુગમાં સાચું પડયું તે સમજયાં છતાં પસ્તાશે,
દુનીયા સર્વ દુઃખી કોઈ મળે નહી સાચો સુખી - સંત ૦
પાખંડ જપતાં આવ્યો બુઢાપો પણ ભુવન રસ ન છીપી
વીપ્ર ત્રીકમજી કહે જ્ઞાનીજનને સમજી લે બ્રહ્મજ્ઞાન લીપી
દુનીઆ સર્વ દુઃખી કોઈ મળે નહિ સાચો સુખી - સંત ૦

હે પ્રિય ભાવિક બંધુઓ બ્રાહ્મણના દેખાવો તમારી અશાંતિ દુર કરી શકશે નહી. સ્વાનુભાવ જેવો કોઈ ગુરૂ નથી જયારે તમને ખરા હૃદયથી લાગશે કે તમે પોતે આનંદસાગર છો અને સુખ, દુઃખ, કિર્તી, અપકિર્તી તમારા આનંદ સ્વભાવને અસર કરવા સમર્થ નથી. ત્યારે જ તમે અંતર્મુખ બની શકશો ત્યારે જ તમે પોતાને ઓળખતાં શીખશો અને આ આત્મજ્ઞાન એજ ખરો ધર્મ, એજ ખરી ભકિત અને એજ ખરૂં સત્ય છે.

★★★

# આ સંસારમાં માયાના પરિબળનું દૃષ્ટાંત

ઓગણપચાસ વાયુ સર્વે જગત ઉત્પત્તિને સમૃતિનું શોષણને ભક્ષણ કરે છે અને સર્વે ઋતુઓ વનસ્પતિને અને જગતને સૌ સૌની ઋતુઓમાં ફલાવી ફૂલાવી સર્વે ઋતુની સમૃતિનું ભક્ષણ કરે છે. આકાશની આકર્ષણ શકિતથી ઓગણપચાસ વાયુની સમૃતિનું અને સર્વે ઋતુઓની સમૃતિનું ભક્ષણ કરી આકાશ પુષ્ટ થઈ બાર મેઘનું બ્રદ જમાવે છે. પૃથ્વી ધામરૂપી ઋતુમાં આવીને આકાશમાંથી મેઘમંડળ બંધાવીને બિન્દુરૂપી વૃષ્ટિ લે છે. તે વૃષ્ટિથી જમીન તૃપ્ત થઈ. પાણી અને જમીનની ગિલતાઈથી સર્વ પદાર્થ પાણી અને જીવજંતુ અને કીડા ઉત્પન્ન થાય છે. સર્વેની ક્ષુધા અને કામના અને મૃત્યુક લઈને ઉત્પન્ન થાય છે. કોઈની ક્ષુધા સુગંધી, દુર્ગંધીનું ભક્ષણ કરે છે. કોઈની ક્ષુધા હાડ, માંસનો અને જીવજંતુનો ભક્ષાણ કરે છે. કોઈની ક્ષુધા પદાર્થ પાણી કે વનસ્પતિ કે ફુલફળ અને ઘાસનું ભક્ષણ કરે છે. સર્વે ઉત્પત્તિ અર્થ અનર્થ એક બીજાના હર્તા ભોકતા વિનાશ થાય છે. તેમજ પશુ, પક્ષી, મનુષ્ય પ્રાણી ખાનપાનથી રજસ્વાલા વખતે નરનારીના સંયોગથી વાસના વિકારના મુતરના પાણીથી અને મુતરના જ ખારમાં જ જગત ઉત્પન્ન થાય છે. જે ઉત્પન્ન થયું તે સર્વેને ભુખ અને કામના અને મૃત્યુક જ અર્થ અનર્થ કરાવી જગત બ્રહ્માંડ સહીત નાશવંત છે. છતાં મદારીના ખેલ અને ભાંડ ભવાયાના ખેલ જાદુગરાના ખેલ ચલાવી ધતંગી પાખંડીઓએ જગતને ભગવાનરૂપ અને સર્વે જગતને આત્મારૂપ મનાવી સર્વે દેવ, ઠાકોરને માંડી જગતને મનાવીને જગતને પામર જેવી અને પશુ જેવી અને ભૂત જેવી બનાવીને સર્વે ધતીંગ પાખંડ માંડી મનાવીને જગતને તેવા ફાંસલામાં ફસાવીને વગર મહેનતે ધતંગીઓ અને પાખંડીઓએ પોતાના સ્વાર્થ અને કુટુંબ પરિવારને નિભાવવાને જગતને પામર બનાવીને પોતાનો બોજો જગતને ઉપડાવે છે. અને જગત છતી આંખે આ લખ્યા પ્રમાણે માયા જોતાં છતાં પણ પાખંડીઓમાં અંધ થઈ ગઈ છે. આવા પાખંડીઓ આંધળા છતાં દેખતાઓની બજાર લુંટીને મારી ખાય છે. અને જગત પામર જેવી બનીને પોતાની સંપત અને પોતાનો જન્મારો પાખંડીઓ અને ધતંગીઓ પોતાનો સ્વાર્થ વગર મહેનતે સાધે અને જગતને પાયમાલ કરે છે. જગત અનુભવ અને સમૃતિહીણ થતાં વૈદિક બોધિક જગતગુરૂ બ્રહ્મા ઉચે પગથિએથી અને ઉચે દરજજેથી નીચ જાતીના આચરણમાં

ફસાઈ મરે તે સંભવિત નથી અને વેદીક બોધિક જગતગુરૂ બ્રહ્મા સાચી ખોટી જગતની માયા જાણી નહી શકો તો નીચ જાતીના ગુલામ થઈને નીચ જાતીના સેવક થઈને નીચ જાતીમાં તમારી સંપત અને જન્મારો વૃથા ગુમાવો તે જગતગુરૂ બ્રહ્માને સંભવિત નથી. બ્રાહ્મણના દિકરાને હલકે આચરણે જાવું સંભવિત નથી. મેં ખરો માયાનો અનુભવ કરીને તેમને (તમોને) જ્ઞાતિભાઈઓને સમજાવતાં મારે અવગુણ લેવો તમોને સંભવિત નથી. મેં તો અનાદીના ઋષિ મુનીઓનો ખરો નીતિધર્મ તમોને બતાવી આપેલો છે.

આ સહિત ઉત્પત્તિ પ્રથમ એક ધામ ઉત્પન્ન થયો તેને પુરૂષોએ ઈશ્વરી અંશ પ્રથમનો તત્વ કલ્પ્યો છે. તે તત્વથી ક્રમે ક્રમે નવ તત્વથી બિન્દુ ઉત્પન્ન થયું છે. ઈશ્વરી અંશ તત્વ તો એક જ પણ તેમાંથી નવ તત્વ અને નવ તત્વથી પંડવરમંડની ઉત્પત્તિ, સ્થિતિ અને નવ તત્વ હણાય ત્યારે પ્રલયકાળ થશે. નવ તત્વથી બિન્દુમાં ॐ (ઓહં) ઉત્પન્ન થાય છે. તેથી બિન્દુ ફુલાઈને પંડવરમંડનો ઈન્ડોર અને પંડવરમંડ બંધાણું છે. ॐ (ઓહં) શબ્દ તો એક જ પણ તેના પુરૂષોએ અક્કલ, બુદ્ધિથી બત્રીસ અક્ષર કર્યા છે. બત્રીશ અક્ષરથી ખટશાસ્ત્ર કર્યા છે. અને ખટશાસ્ત્રથી શુભાશુભ ભુત, ભવિષ્ય અને વર્તમાન ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયકાળ સુધી વર્ણવેલ છે. તેમાં નીતિ ધર્મ, સત્ય અને સુકૃત કર્મથી, તત્વથી, ધર્મ, અર્થ, કામ અને મોક્ષ વર્ણવેલા છે. જેમ પંડમાં ઈંગલા, પીંગલા અને સુષુમણા થઈ છે તેમ વરમંડમાં ઉત્તર, દક્ષિણ મધ્યના થઈ છે. જે પ્રાણીને બે નાશીકા થઈ છે તેમ પંડવરમંડમાં રાત અને દીવસ થયા છે. બ્રહ્મબીજક તે બ્રહ્માની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયકાળ કહેવાય છે. બ્રહ્મબીજક બ્રહ્માના બે દીકરા (પુત્ર) રાત દીવસ ગણાય છે. અને બ્રહ્મબીજક રૂપે બ્રહ્માની ઉપજાવેલી માયા બ્રહ્માને પોતાના છળ બળ અને પોતાની સમૃતિ બતાવવા સોળ વર્ષની કન્યા થઈને બેઠી હતી ત્યારે બ્રહ્માએ દીકરીનો છેડો પકડયો ત્યારે માયા કહે છે કે હે બ્રહ્મા હું તારી ઉપજાવેલી દીકરી છું. તેથી બ્રહ્મા માયા છળનું પુતળું જીતી ન જાય તે વાસ્તે માયા છોડી અઘોર વનમાં જાતાં એક શેરડીનો સુંદર સાઠો પડેલો રસ્તામાં જોઈ બ્રહ્મા હાથમાં લઈ ચાલતાં સાંઠામાંથી માયા સોળ વર્ષની સુંદરી થઈ હતી. ત્યારે બ્રહ્માએ માયા જાણી છોડી દીધી. ત્યારે માયા બ્રહ્માને કહે છે કે મારી સમૃતિનું માયારૂપી વૃક્ષમાં બેસી મારી સમૃતિ જાણ. તે સમયે બે

રાજ્યકુમારો ત્યાં ઘોડા ખેલાવતા આવ્યાં ત્યારે રસ્તામાં સોળ વરસની સ્વરૂપવાન કન્યા જોઈને બન્ને રાજ્યકુમારો તે કન્યા પોતપોતાને સ્વાદીન કરવા સારૂ તે બંન્ને રાજ્યકુમારો આપસ આપસમાં લડી મુઆ તેમજ અનાદીથી રાત આવે છે એટલે દિવસ હણાઈ જાય છે. અને દિવસ આવતાં રાત હણાઈ જાય છે. આ પ્રમાણે અનાદીથી જગત બ્રહ્માંડ સર્વે એક બીજાનાં હંતા ભોકતા અને સર્વે નાશવંત છે. માયા એ બંન્ને રાજ્યકુમારોને હણાવી વળી પણ પોતાનું છળ બળ અને સમૃતિ જણાવવા એક હેમનું ઢેમ થઈને બેઠી.

ચાર ચોર કોઈ રાજ્યનું દ્રવ્ય હરવા જતા હતા ત્યારે રસ્તામાં તે હેમનું ઢેમ (સોનાનો ઢગલો) દેખી તે ચારે ચોરોએ પોતાને સ્વાધીન કરી લઈને તેમાંથી બ ચોરને ખાનપાન વાસ્તે શહેરમાં મોકલ્યા અને બે ચોરો જે માયા પાસે બેઠા છે. તેણે મનમાં વિચાર કર્યો કે એ બંન્ને ચોર મીઠાઈ લઈને આવે કે તરત જ તેમને મારી નાંખીએ એટલે આ હેમ આપણા બંન્ને જણાઓને સ્વાધીન રહે. હવે જે બે ચોર શહેરમાં મીઠાઈ લેવાને ગયા છે તેમના મનમાં વિચાર થયો કે જે બે ચોરો ત્યાં બેઠાં છે તેને આપણે મીઠાઈમાં ઝેર દઈને મારી નાંખીએ તો તે દ્રવ્ય આપણા સ્વાધીન રહે. હવે જે બે ચોર મીઠાઈ લઈને આવ્યા અને તે જેવા વાવમાં પાણી પીવાને ગયા એટલે ત્યાં બેઠેલા ચોરે જાણ્યું કે આ બન્નેને મારી નાંખીએ તો આ દ્રવ્ય આપણી સ્વાધીન રહે પછી બંન્ને ચોરોએ તલવાર લઈને જે પાણી પીતા હતા તેઓને મારી નાખ્યા અને મારનાર ઝેરના લાડું ખાઈને મરણ પામ્યા આમ માયા એ છળબળ અને સમૃતિ બતાવી છે. પ્રાતઃકાળ અને મધ્યાન કાળ એ બે દિવસના પુત્ર છે. અને સાયં કાળ અને મધ્યરાતકાળ એ બે પુત્ર રાતના જાણવા. આ રાત દિવસના ચારે પુત્ર પ્રાતઃકાળ હણાયને મધ્યાન કાળ આવે છે. મધ્યાન કાળ હણાઈને સાયંકાળ આવે છે. સાયંકાળ હણાયને મધ્યરાતકાળ આવે છે અને મધ્યરાતકાળ હણાઈને પ્રાતઃકાળ આવે છે. આમ ચારે કાળ એક બીજના હંતાભોકતા છે. તેમ અનાદીથી સૃષ્ટિ રચી છે. ત્યાંથી ઘડી, પળ, ચોઘડીઓ, દીન, દિશા, રાશી, ગ્રહ, નક્ષત્ર, તિથી, વાર, માસ, સર્વયુગ જગત બ્રહ્માંડ શુભ ને અશુભ એકબીજાના હંતાભોકતા અને સર્વે નાશવંત અને પ્રલયકાળ થાય છે. આમ સર્વે માયા સર્વજ્ઞા પુરૂષોએ અનર્થ કાર્ય માણી જાણી હિંદુ, મુસલમાન, રાજા અને ઋષિઓ આ માયાનો ત્યાગ કરતા હતા અને તત્વનો અને

બ્રહ્મનો જય મેળવતા હતા અને તત્વનું અને બ્રહ્મનું વજન વધતાં પુરૂષમાં બુદ્ધિના પ્રકાશ, સત્તા, સમૃતિ, પ્રભુતાઈ અને અબધુત જ્ઞાન અને નિર્ભયપંદને પ્રાપ્ત થતાં હતા. તે પદને પહોંચેલા પુરૂષો ક્ષણમાત્ર દૃષ્ટિથી જગતને અને પૃથ્વીને પવિત્ર કરતા હતા. તેવાઓના તપોબળથી જગત ભાગ્યવાન અને સુખી રહેતી તેવા પુરૂષો ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયકાળ શુભાશુભ ભુત, ભવિષ્ય અને વર્તમાન તે જાણી શકતા હતા.

આ સર્વે પંડવરમંડની ઉત્પત્તિનો તપોબળથી મેં અનુભવ કર્યો છે તે પ્રમાણે મેં મારી બુદ્ધિ પ્રમાણે વર્ણવિલા છે. આજકાલના કવિ અને પંથી અને બૌદ્ધિક જે જે પોતાની બુદ્ધિ પ્રમાણે ધર્મ ચલાવ્યા છે. તે તેના સર્વ કર્તવ્યનાં સૌ સૌના કર્તવ્યનું અભિમાન રહ્યું છે. છતાં તેવા અભિમાની અને દંભી, સ્વાર્થી પોતાના ગ્રંથ ખોટા પાડતાં કદીપણ આ ગ્રંથ માન્ય કરશે નહી કારણ કે હું તો અભણ અને સર્વના સત્સંગથી રહીત રહેલ છું. છતાં મારૂં તપોબળ અને અનુભવ શકિત અને વિચાર શકિત અને બુદ્ધિની સત્તા, સમૃદ્ધિ અને જે અનુભવથી આ ગ્રંથ મુકેલો છે. તે કોઈ અનુભવથી પુરૂષો આ ગ્રંથનો અનુભવ કરીને વિચારીને બુદ્ધિની સત્તા, સમૃદ્ધિથી જોઈને તમને વાંચતા કંટાળો આવે તો પણ તમારા અનુભવથી બે ત્રણ વખત તો વાંચીને અનુભવ કરીને જોજો. આ વર્ણન કર્યુ છે તે પ્રમાણે સૃષ્ટિનો ખેલ છે કે નથી તે અનુભવ નક્કી કરશો અને મેં મારા અભિમાનથી તથા અનુભવ વિનાનો આ ગ્રંથ રચેલો હોઈ તો કોઈ સતપુરૂષો અને સજજન પુરૂષો ભુલચુક માફ કરશો કેમકે હું અભણ કોઈ ગ્રંથને જાણતો ન હતો, મેં મારા તપોબળથી અનુભવ કર્યો છે.

★★★

# બ્રહ્મચર્ય પાળવાનું દ્રષ્ટાંત

અનાદીના ઋષિઓએ પણ કહ્યું છે કે મન વાણી અને શરીરથી સર્વ અવસ્થાઓમાં સર્વદા સર્વત્ર મૈથુનનો ત્યાગ કરવો તે બ્રહ્મચર્ય કહેવાય છે. તેમ શૃંગારીક પુસ્તકો વાંચવા કે સાંભળવા નહી. કેમકે ચિતનો શબ્દાદી વિષયમાં ચોટવાનો સ્વભાવ છે, માટે જે પુસ્તકોમાં વિષયોનું અને વિષયોના સાધનોનું મોહ ઉપજાવવાનું વર્ણન કર્યુ છે. એવાં પુસ્તકો વાંચવા સાંભળવાથી તથા રાગપૂર્વક સ્ત્રીઓને કે સ્ત્રીઓની પ્રતિમાને જોવાથી ચિતમાં સ્ત્રીના સમાગમની ઈચ્છા ઉપજવાનો સંભવ રહે છે. બ્રહ્મચર્ય સિદ્ધ કરવા ઈચ્છનાર ત્યાગી જનોએ સર્વ સ્ત્રીઓ સાથેના આઠ પ્રકારના મૈથુનનો ત્યાગ કરવો જોઈએ.

બ્રહ્મચર્યનું સર્વદા રક્ષણ કરવું એ બ્રહ્મચર્ય આઠ પ્રકારના લક્ષણવાળું છે. સ્ત્રીનું મનમાં રાગપૂર્વક રક્ષણ કરવું નહીં. સ્ત્રીઓનાં ચેન સંબંધી મોઢેથી વાતો કરવી નહી સ્ત્રીની સાથ ક્રિડા કરવી નહી. સ્ત્રીનું રાગપૂર્વક દર્શન કરવું નહી, તેમની એકાંતમાં વાતો કરવી નહી, તેમના ઉપભોગનો મનમાં સંકલ્પ કરવો નહી. તેના ઉપભોગનો નિશ્ચય કરવો નહી. અને તેમની સાથે સંભોગ કરવો નહી. માટે યોગીએ તથા મોક્ષની ઈચ્છા રાખનારે તથા નીતિ ધર્મની આબાદી રાખનારે સદાયને માટે સ્ત્રીઓથી દુર રહેવું જોઈએ.

નિતીધર્મ અને વર્ણાશ્રમના ધર્મથી વર્તનારા પુરૂષોને માટે સ્ત્રી એ ભયંકર અગ્નિ સમાન અથવા ફુકાર માત્રથી ઝેર ફેંકનારી નાગણી છે. માટે તેને જોતાં જ અથવા તેમનું સ્મરણ કરતાં જ તે પુરૂષના દેહને તપાવે છે. મનને વ્યગ્ર કરવા રૂપ ભયંકર વિષ છે. તેના ઉપર પ્રિતી રાખનાર મનુષ્યો, ધર્મ, અર્થ, અને મોક્ષનો નાશ કરી તેને દારૂણ દુઃખ વિષે નાંખે છે. જેથી મનનો નિગ્રહ થતાં સુધી આરંભમાં કઠીન વૃત્તોને પાળી આહારને નિયમમાં રાખી તન, મન અને વાણીથી મનના વિકારોનો ત્યાગ કરવો જોઈએ, એવી જ રીતે વિરક્ત સ્ત્રીઓએ પણ પોતાના બ્રહ્મચર્ય પાલન માટે ઉપરની રીતે પ્રમાણે પુરૂષના સંગનો ત્યાગ વિવેક વૈરાગ્ય વડે કરવો જોઈએ.

પરમપદને પામવાની ઈચ્છાવાળા સન્યાસીઓ અને યોગીઓ આવા દોષોને પરહરી તથા પંડવરમંડાદી પ્રકૃતિ જન્મ કાર્યોમાંથી મોહની નિવૃત્તિ કરી તેમજ શુદ્ધ બ્રહ્મચર્ય

રાખીને સનાતન અનાદિના જ્ઞાન વિષે અભેદ ભાવે પ્રવેશ કરે છે, માત્ર લોકોને દેખાડવા માટે જ કે લોકોમાં માન મેળવવા માટે જ નહી, પરંતુ કેવળ પોતાના જન્મના ઉદ્ધાર સારૂ જ મનુષ્યે બ્રહ્મચર્યવ્રત રાખી, પોતાના શ્રી સદ્‌ગુરૂની નિષ્કામ ભકિત કરવી જોઈએ.

જેમ જેમ જગતમાં નીતિધર્મ ભ્રષ્ટ મનુષ્યો થવા લાગ્યા તેમ તેમ તેની પ્રજા વીર્યહીણ તથા અલ્પ આયુષી ઉત્પન્ન થવા લાગી. આવી પ્રજાને બુદ્ધિહીણ પુરૂષો નાની વયમાં લગ્ન કરી આપે છે જેથી તેમના વીર્યના ગર્ભ ન બંધાયા હોય તે પહેલાં જ વીર્ય ભ્રષ્ટ થાય છે તેવી પ્રજાના વીર્યસ્થાન ભ્રષ્ટ થવાથી કદી સ્વપ્નામાં પણ વીર્ય સ્ખલીત થાય છે અને તેથી તેવી પ્રજા દયાને પાત્ર બની જાય છે.

આવી પ્રજાએ સુતી વખતે મનને બહારના વિષયોમાંથી પાછું વાળી ડાબે પડખે સુવું અને સુતી વખતે એવો દઢ સંકલ્પ કરવો કે વીર્યપાત થયા પહેલાં અવશ્ય હું જાગી જાઉં. તેવા મનુષ્યે અતિશય ભોજન કરવું નહી. બહુ વહેલા સુવુ નહી, સુતા પછી એક લાંબી ઉંઘ લઈને તુરતજ ઉઠી જવું, ઉઠયાં પછી પાછા સુવું નહી.

મોટા પંડિત કે વિદ્વાન પુરૂષે કે સદ્‌ગૃહસ્થે નાના બાળકને ચુંબન કરવાનો, તેમના ગાલ તાણવાનો, તેમની સાથે ....અયોગ્ય રીત હસવાનો અને તેમને વિના પ્રયોજને બોલાવવાનો દઢ પ્રતિજ્ઞાથી ત્યાગ રાખી નિરંતર ઉદાસીન વૃત્તિથી રહેવું જોઈએ. બાળકોને પણ લોકો નાનપણથી ખોટા અને અજ્ઞાનરૂપી મોહમાં ફસાવી તેને ખોટી રીતના ભયસૂચક વાકયો સંભળાવી બચપણથી જ ભયભીત તેમજ આ દુનિયાની ક્ષણભંગુર માયામાં આશક્ત તેમજ બીકણ બનાવી દે છે. પણ નાનપણથી જે તેને માયાવી પદાર્થો ઉપરથી આસકિત છુટતી જાય તેમ વિવેકથી જ્ઞાન આપી સુખી કરવા જોઈએ. જુદી જુદી જાતનાં ખાનપાનાદિક કે ભોગ વિલાસથી મનુષ્ય કદી તેને સત્ય સુખ નથી આપી શકતું પણ માયારૂપી નિશાની તેને આદત પડાવે છે.

અનાદિ ઋષિઓના બાળકો પ્રાચીન સમયમાં સિંહઆદી વિકરાળ પશુઓની સાથે ખેલતાં તે માત્ર શિક્ષણનો (તત્વનો અને બ્રહ્મનો જ) પ્રભાવ તેમજ તેમના મા બાપના જ્ઞાનનો પ્રભાવ હતો દેવ દૈવકે પ્રાલબ્ધનો નહી.

બ્રહ્મચર્યની સ્થિરતાથી બ્રદ (વીર્ય)નો લાભ થાય છે. અને તેથી વીર્યવાન પુરૂષ શુભ ગુણોને પ્રાપ્ત કરી શકે છે. તથા બોધ દેવા યોગ્ય અધિકારી જનોને સારી રીતે બોધ કરી શકે છે. આ બ્રહ્મચર્યમાં યજ્ઞાદિ સર્વે ધર્મો અંતર્ભૂત થાય છે. જેને કર્મકાંડ લોકયજ્ઞ કહે છે. તે બ્રહ્મચર્ય જ છે. કારણ કે બ્રહ્મચર્ય જ વડે જ્ઞાતા પુરૂષયજ્ઞના ફલભૂત બ્રહ્મજ્ઞાન પામે છે. અને જેને ઈષ્ટ કહે છે તે પણ બ્રહ્મચર્ય જ છે. કારણ કે બ્રહ્મચર્ય વડે જે આવો પુરૂષ જ પોતાની જીવની જન્મસ્મરણરૂપ સંસારથી રક્ષા કરે છે.

વીર્ય ચંચલ થયે ચિત્ત ચંચલ થાય છે. તથા પ્રાણ પણ ચંચલ થાય છે. વીર્યની સ્થિરતાથી તે બંન્ને સ્થિર થાય છે. માટે વીર્યનો સ્થિરભાવ અવશ્ય કરવો જોઈએ.

જેના શરીરમાં બિંદુ ચલાયમાન થાય છે તેનું ચિત્ત પણ ચલાયમાન થાય છે.ને બિન્દુના ચલાયમાનપણાથી અને ચિતના ચલાયમાનપણાથી અને વાયુના ચલાયમાનપણાથી મનુષ્ય નિરંતર જન્મે છે, અને મરે છે. જયારે આ વાયુ સુષુમણાના યોગથી સુષુમણામાં લીને થાય છે. ત્યારે વાયુની સાથે બિન્દુ અને ચિત પણ મૃત્યું પામે છે. વાયુ જે અવસ્થાને પામે છે. તે અવસ્થાને બિન્દુ પણ પામે છે. અને જેમ વાયું તેમ બ્રદ સાધ્ય થાય છે. મુર્છીત થયેલો વાયુ વ્યાધીને હરે છે, બુદ્ધ થયેલો આકાશ ગમન કરાવે છે. લીન સર્વ સિદ્ધિને ઉપજાવનાર છે અને મુકિતને આપનાર છે.

એવી રીતે બ્રદનું રક્ષણ કરી યોગી લોકો મૃત્યુને જીતે છે. બ્રદના સ્ખલીતથી મરણ અને બ્રદના ધારણથી જીવન છે. વળી બ્રદના ધારણથી યોગીના શરીરમાં સુગંધ ઉપજે છે. જયાં સુધી દેહમાં બ્રદ સ્થિર છે ત્યાં સુધી કાળનો ભય કયાંથી મનુષ્યનું વીર્ય ચિતને આધીન છે, ને જીવિત વીર્યને આધિન છે. માટે બ્રદ (વીર્ય) તથા મનનું પ્રયત્નથી રક્ષણ કરવું યોગ્ય છે.

★★★

# ભજન

જેશી નિત હરામસેં, એસી નીતી હોય;
વિચરો સૌ જગતમાં, જન્મ સુધારો કોય.
સંતો સંસારમાં, કોણ જાણે પ્યારી પીડ;
કાં જાણે હૃદય આપણું, કાં જાણે સંત સધીર.
સંતો આ સંસારમાં, ભાતભાતકે લોક;
સબસું હલી મળી ચાલીએ, નદી નાવ સંજોગ.
હરામી હલાલી ધતંગી ધુતી ખાય, નિતિહીણ એ હોય;
આશાએ અંધ થયા, નિરાશા ન રહ્યા કોઈ.
નર નીતિના હીણ, દીલમાં દગા રહ્યા,
ધનના હેરૂ સંત, વ્યભિચાર ગુરૂ થયા.
નર નીતિના હીણ, પ્રજા થાય તેની પાપી,
કન્યા વેંચી કણ ખાય, તેને વિરોધના ઘણી વ્યાપી.
સંગ કર્યો સાચો, રંગ ચઢયો નહી;
શીલ સંતોષના મારગ, હે અજ્ઞાની જીવ જડયો નહી.
સંતસે સમજયો નહી, વાંકી બુરી અભાગ,
ભીંતર ત્રાટી કપટકી, તાંસે સુજત નાહિ.
સંગત બિચારી કયા કરે, ઉનકા હૃદયા.ભયા કઠોર,
નવ નેજા પાણી ચઢે, તોય પથર ન ભીંજે કોર.
મન જાય તો મર જાય, તું મત જા શરીર,
વીના ચઢાવેલ કામઠી, કયું લગેગા તીર.
મન ગયા તબ કયા રહ્યા, મનકે માથે મદાર,
મનકા કહ્યા કીજીએ, વાકા બુરા કરે હવાલ.
મન મરે માયા મરે, મર મર જાય શરીર,
આશા, તૃષ્ણા ન મરે, કહેત ગયા સંત સધીર.

મરના મરના સૌ કહે, મરી ન શકે કોઈ,
આશા, તૃષ્ણા ને કામના, મરે તો મરના સફળ હોય,
યોગ લગા તબ કયા ભયા, આખર ભટકી સોયમ નરનાર,
જબલગી મનવો સ્થિર નહી, તબલગી યોગ નહી કરના.
જાતર પાતર જોઈ વલ્યા, જયાં યોગ ત્યાં ડગતા,
શીલ, સંતોષી, સાધુ, નિર્મળા, કોઈ ન રહ્યા જગતમાં.
દેશ દેશાવરમેં ફર્યા, ઘણા માણસના સુગાળ,
શીલ, સંતોષી સાધુ નિર્મળા તાંસુ પડયા દુકાળ.
કરડી કમાન કામના, રહી જગતતેં ફેલાઈ,
શુરા હોય તો જીત લે, નહી કાયરકાં કામ.
જગત ચકી પીછશે, સંત દયા કોઈ,
જમીન આસમાન દો પડભીંતર, સાબિત ન રહ્યા કોઈ.
એક ન ભુલ્યા, દોય ન ભુલ્યા, ભુલી જગત સંસાર,
એક ન ભુલ્યા, સંતપુરૂષો, આપ આપમાં રહ્યા સમાય.
હંસલી સંગત કાયકી, વીપત પડે ઉડ જાય,
સાચી સંગત શ્વાસની, દેહ પહેલાં જલ જાય.
દાહ જલે ડુંગર જલે, જલે સાજી વનરાય,
તમકાં જલો પંખીઆ, અમકું પાંકો નાય.
ફળ ખાધાં પતર બગાડયાં, બેઠાં શીતળ છાંય,
તમ જલો અમ કેમ ઉડીએ, જીવનકાં ફળ નાંય.
ડુંગર માથે ભઠી જલે, ખરેખ જલે ઈંગાર,
હલજી હેડી હલ ગઈ, વાંકા બુરા હવાલ.

★★★

શ્વાસા સમરણ કરી લે અલખ પુરૂષ,
તારી બેલડી જાય વિદેશ...શ્વાસા૦
એક દિન બેડી તેરી એસી ચલેગી,
ડુબ જાય જળ જાય પાણી...શ્વાસા૦
પાણીભી જાયગા, પવનભી જાયગા,
જાયગા જમીન અશમાના...શ્વાસા૦
રાજાભી જાયગા, પ્રજાભી જાયગા,
જાયગા રૂપરંગ રાણી...શ્વાસા૦
વેદ ભણતાં બ્રહ્માભી જાયગા,
જાયગા તપસી સન્યાસી...શ્વાસા૦
વેદીઓ હોય તે સુરજદેવ વાંચે વાંચે વેદ અગમકા
બનાયા પીંજરા પવનકા
એ કાયા તેરી અમર નહી રહેવે લખ્યા લેખ મરણકા
બનાયા પીંજરા પવનકા

★★★

ઘડયા સોય ઘડ પડયા, નહી જલે જા જયોત,
એક અણઘડ એને કહીએ, જેને માથે નહી મોત.
આ ભવન અમી ઝરે, જલ વિનાની પુણ,
પંડ વિનાનું પુતળું, ઘડનાર વિશંભર તું,
સાત સમુદ્ર અમીરસ ભરીઆ, પળી ન સામે પાણી,
એક અણઘડ એને કહીએ જયાં વેદ નહી નહી વાણી.

દેખો માયાની અંધી, કોઈ જગતમાં સમજયા નહી દંભી
વિષય વિકાર, વાસનાની માયા,
તેમાં રચી કર્મ કલ્પનાની કાયા;

તેમાં ભૂખ, તરસ, રહ્યા ફંદા,
જગતમાં ભટકી મુઆ અંધા...દેખો૦
જરણ મરણ મશાણ હે માયા,
ભુત પ્રાણીને કામનાએ નચાવ્યા...દેખો૦
ભુત પ્રેત દીએ અમૃત ને માગે ઠેઠવા,
ક્ષુધા ને કામના શેજતખ્ત મલ્યું તોએ નદીએ બેસવા...દેખો૦
અનેક બેર માયા ઉપજી
કોઈએ માન્યો આ ભવ
કોઈએ માન્યો ઓલો ભવ વૃથા જન્મ ગુમાવી...દેખો૦
કોઈએ માન્યા કર્તા કોઈએ માન્યા ભોક્તા,
બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર, ચોવીસ અવતાર
અનેક ઓળા ઝાલ્યા તોય કોઈ ન બચ્યા જોગટા...દેખો૦
સંતને જ્ઞાન મળી ગઈ કુંચી,
છોડી ચાલ્યા ગયા ઋષિ;
અનેક પદાર્થ ખાઈ ગઈ ખાની,
અંતે બળી પડી રહી વાની...દેખો૦
દેખો પંડ વરમંડ હે એસા
કોઈ જગતમાં સમજ્યા નહી લવલેશા,
કહે વિપ્ર ત્રિકમજી સંત જુઓ કોઈ સાર,
માયામાં અનેક મરી ગયા ખુવાર...દેખો૦

★★★

દેખો દુનિયા દેખત ભૂલી,
ઉલતા બોજા ઉઠાતા હે
દેખો દુનિયા દેખત ભૂલી
ભીંતર ભેદ નહી પાતા હે....દેખો૦

હિંદુ હમેશા નહાતા ધોતા
દેવળ પુજનકું જાતા હૈ
ઈશ ધંધેમે આશક હો કર
પથરે શીર પટકાતા હે ....દેખો૦

હિંદુ અપની હદ છોડીને
અડસઠ તીરથ નાતા હે
ઉપર સ્નાન કર્યા,
ભીંતર મેલ નહી જાતા હે ....દેખો૦

મુસલમાની નેક નિમાની
શોક પાક રહેતા છે
બુંદ મુતકી બની છે બકરી
ખુશામત કરકે ખાતા હે ....દેખો૦

પીર, પેગંબર, ફકીર ઓલીઆ
નવાજ હમેશા પઢતા હે
મુસરદ કી મુલાકાત ન કીધી
મકા મદીના જાતા હે ....દેખો૦

પંડિત હોકે વાંચે પુરાણા
આત્મ એક બતા હે
આપકું ન સુજે ઓરનકુ હોતા હે
જગતકું લકડા જલાતા હે ....દેખો૦

કાજી હોકર વાંચે કુરાના
ખુદા એક બતાતા હે
આપ અંધા દેખતેકું ભુલાવે
લકડા મેં લકડા લગાતા હે ....દેખો૦

કહે વિપ્ર ત્રિકમજી હરદમ સમરો
જગત જગડેમેં કયું ભટકતા હે
દોનું રાડા દેખ્યા તમાસા
ઝઘડે મેં ઝઘડા લગાતા હે ....દેખો૦

★★★

નકી જેણે નાગણી મારી, તેની હશે દશાની જારી
પ્રગત એનું પારખું એ છે, હરીજન જાણજો નિશ્ચય
નાભિકમળમાં નાગણીરે, એને આતરો અમૃત કુંડરે
આતરો અમૃત કુંડ.
પકડી લેશે કોઈ પારખું, સાચા સતગુરૂનો સપુત
ગોતી કબજે ગારેડી કરશે, સત્તાવાળો શું કામ ડરશે
નકી જેણે નાગણી મારી, તેની હશે દશાની જારી
પ્રગટ એનું પારખું એ છે, હરીજન જાણજો નિશ્ચય
ભોળી નાગણ રહેવે ભોંયરેરે, એને ફરતી છે ઝાડની
જુંડ રે ફરતી છે ઝાડની જુંડ
નીરખી જાણે નીહાળકું વાચા વસીકરણ લઈ ધુપ
ઈલમવાળો સામો અડશે, સત્તાવાળો શું કામ ડરશે
નકી જેણે નાગણ મારી, તેની હશે દશાની જારી
પ્રગટ એનું પારખું એ છે હરીજન જાણજો નિશ્ચય
વીખ વ્યાપી નહી અંગમાં રે, જેણે સાધીઆ
અલેક અખંડરે સાધીઆ અલેક અખંડ
દેવ ઈચ્છે દેદારકું જમદુત માગે નહી દાણ
નફકરો નિશ્ચય ફરશે, સત્તાવાળો શું કામ ડરશે
નકી જેણે નાગણી મારી તેની હશે દશાની જારી

પ્રગટ એનું પારખું એ છે હરીજન જાણજો નિશ્ચય
નવે કુળના મંત્ર નવા છે મુળ તપાસી જો મુંઢરે
મુળ તપાસી જો મુંઢ
પ્રગટ એનું પારખું, એ ભલે હોય આશ્રમી અદ્‌ભુત
ઈલમ અઢી અક્ષરનો જડશે, દાસ સેવા કે દ્વિતીયા
પદ ટળશે.
નકી જેણે નાગણી મારી, તેની હશે દશાની જારી
પ્રગટ એનું પારખું એ છે, હરીજન જાણજો નિશ્ચય

★★★

ભજન રાગ ત્રોટક

જો જન ધ્યાન ધરે નિર્ગુણકા,
સો ઈશ્વરકા દર્શન પાવે.
જઈ એકાંત ભુવનમેં બેઠે,
કોમળ આસન ભુમિ પર બીછાવે.
ચીંતા, ફીકર સબ છોડકે મનકે
ત્રીકુટી મહેલમેં સુરતા જમાવે.
જોજન ધ્યાન ધરે નિર્ગુણકા
સો ઈશ્વરકા દર્શન પાવે,
પહેલે પહેલે રવી શશી તારે
પલ પલમેં વીજલી ચમકાવે
દુર દુર કે દ્રવ્ય દેવ ગણ
પુનઃ પુનઃ જયોત બીચ દર્શાવે
જોજન ધ્યાન ધરે નિર્ગુણકા
સો ઈશ્વરકા દર્શન પાવે.
દીન દીન ધ્યાન ધરે યોગીજન

બ્રહ્મ જયોત ઘટમેં પ્રગટાવે.
કોટી ભાનું સબ જીલમીલ જીલમીલ
રોમ રોમમેં સુખ ઉપજાવે.
જોજન ધ્યાન ધરે નિર્ગુણકા
સો ઈશ્વરકા દર્શન પાવે.
કર્મનકે સબ બંધન ટુટે,
મોહજાલ માયા કટ જાવે.
ત્રીકમાચાર્ય મોક્ષ પદ પાવે,
ફીર ગર્ભવાસમાં એ નહી આવે.
જો જન ધ્યાન ધરે નિર્ગુણકા,
સો ઈશ્વરકા દર્શન પાવે.

★★★

ભજન (રાગ - કર મન ભજનનો વેપાર)

જુગ બંધનની જેલ, તેને કાંઈ તોડવી મુશ્કેલ
જુઓ આ જુગ બંધનની જેલજી.
પ્રેમદાને પગે પૈસા, બેડી ખુબ બીડેલજી,
સંતરૂપી હાથે કડીયું, ભાંસીને ભીડેલ
જુઓ આ જુગ બંધનની જેલજી.
વિભ્રમરૂપી કીલો વાંકો, દ્વાર છે દીધેલજી,
આશા, તૃષ્ણારૂપી તાળાં, જબરથી જડેલ
જુઓ આ જુગ બંધનની જેલજી.
કામ, ક્રોધ, મદ, લોભ છે મોટા પહેરા જગ પલટેલજી
અજ્ઞાનરૂપી જેલ આડો, આઠે પહોર ઉભેલ
જુઓ આ જુગ બંધનની જેલજી.

એ તુરંગને તોડવાને, મોટા કાંઈક મથેલજી
પારાશર જેવા ભાગ્યા હતા, ત્યારે પાછા પકડાઈ ગયેલ
જુઓ આ જુગ બંધનની જેલજી.
તેમાંથી નીકળવું હોય તો ખરાખરીનો ખેલજી,
દાસ દયાનંદ ગુરૂને ચરણ, આ ખેલ છે રહેલ
જુઓ આ જુગ બંધનની જેલજી.
આ તન રંગ પતંગ, સરીખો જાતાં વાર ન લાગેજી
અસંખ્ય ગયા ધન સંપત્તિ મેલી, તારી નજરે આગેજી
અંગે તેલ ફુલેલ લગાવે માથે છોગાં માલેજી
મગરૂડીમાં અંગ મરોડે, જેમ તેમ મુખથી બોલેજી
મનમાં જાણે છે મુજ સરીખો રસીયો નહી કોઈ રાગીજી
બારે તાકી રહી બિલાડી, લેતાં વાર ન લાગેજી.

***

નદી દરિયો મેદાનને, છે ગંભીર આકાશ,
દશ દિશ ખાવા ધાય છે, શોક બીકને વાસ
મશાણ દશમું નામ છે, ત્રીજું કબરસ્તાન
જોતાં શોકાતુર ભમે, નહી મસ્તાની તાન
ઘોર ચિંતાથી શોક હું કરૂં છું જયારે શોક
અથાગ ગુણ વિચારતા થાકી પામું શોક
રાતા પીળા રંગના, ભડકા ત્યાં દેખાય
ધુમાડો સીંદોર સમો ગગન ભણી તે જાય
ચોપાસે જોતાં તો મળે, જોતાં તો આકાશ
શિક્ષા રૂડી વળી મુજને, કર સુકૃત પ્રકાશ
ભલા ભલા જાતા રહ્યા, જઈશું આપણ કાલ
પવન લહેર પર સ્વાર છે, ભુલે ભમતો કાલ

ભરૂસો નહી ઘડી એકનો, ઝડપે જોતાં માંહી
ઘણી ઘણી રીતે બાળતી, મોત તણી તો લાહી
ગુલા લાસમ છોરૂઓ, ગાલ લાલી તજી દેહ
તરૂણ વાહીકા થાય છે, જંગલ સરીખી તેહ
સમજ સમજ મન માનવી, મોતતણું ભય રાખ
કાલ વિશે કર કાળજી, થવું બળીને ખાખ
થશે આમ કોદી ખરૂં, મરવું નકી જાણું,
પાપ તજી કરી પુણ્યને, નહી તો મોટા હાણ
છત્રે છાતી છાય, છડીદાર છાજતા
હાથી હોદામાંય, અધિક બિરાજતા
ઈન્દ્રપુરી અનુસાર, નગરીઓ નોખમાં,
કોટી ધ્વજ શાહુકાર, ગરજતા ગોખમાં
સુતા તાણી સોડ, મસીદ મસાણમાં,
માટે મારા મિત્ર, વિચારો વાતરે,
જીવનનું ફળ જાણી, ધરો નિજ ધ્યાનરે
અંતર પ્રીતી આણી ધરો નીત ધ્યાનરે
શ્યામ ચર્ણ શર્ણ રીત, સરસ વાત સાચી
તે વિના ત્રિલોક મધ્ય, ક્રોડ વાત કાચી
તે તને ઘડીક એક એક યાદ આણે
તું અભાગી દુષ્ટ, ઈષ્ટ દેવને ન જાણે
છે હજી ઉપાય થાય થાય તો ઘણું જ સારૂં,
જે ઘડીઆ ઓછું થાય, થાય આયુષ્ય તારૂં.

★★★

મેં મનુનીમેં ભેદ ન પનિઆર...ટેક
મે પનીઆરી રામકી એલર જલન નાંઉ
પડદા તોડ પ્યાર પેઠું નિર્મળ જલ ભરી લાઉં
નુરત સુરતકી સાધી ત્રિપોટી, અનહદ નાદ બજાઉં
ગગન મંડલમેં ગુરૂકી ગાદી, ત્યાં જઈ શીશ નમાવું
મુર્શીદ ભેદ બતાયાઓકુ શુદ્ધ જલ પુરાપીઆ
જન્મ મરણકા સંશય મટયા અમર જુગોજુગ જીયા
પંડવરમંડ તણા પંડ ફુટયા તો શીખર ચડાયા પાણી
રવિરામ ગેબી ગુલતાના પતિવંતા પટરાણી.

★★★

ભજન

સાચા સદ્‌ગુરૂ જેણે સેવ્યા, આનંદ શા મન કયું જાવે,
પ્રથમ જેણે પ્રેમ રસ પીના, વખ્યાના રસ નહી ભાવે.....ટેક.
ઘણી અગ્નિએ શોધે ન રેડી, શબ્દ તાપ સદ્‌ગુરૂ તાવે
સહે શબ્દ ગ્રહી ટેક ન છોડે, શો સતગુરૂ કે મન ભાવે
સતગુરૂકું સાહેબ કરી જાણે, ભેદાભેદ મન હી આવે
સો શિષ્ય સિદ્ધાંતમાં સમજયા, પરમ પદ સેજે પાવે
શબ્દ ન ચુકે સદ્‌ગુરૂ કેરા, ગાફલ ગોથાં બહું ખાવે
સો વરસકી કમાણી ભલે, પડે નરક ગીતા ગાવે
નરનારી મળી સદ્‌ગુરૂ એવો, આ જુગનો ફેરો ફાવે
ભાણ સદ્‌ગુરૂ નેજા ધારી, તાકા બાલક રવિદાસ ગાવે

★★★

અલખ લહેર લાગી રે, જાગી જોયું ઘર માંહે
ભ્રમણા સર્વે ભાંગી રે, શ્રાગી મલ્યા ઉતર માહે

અંબાડીએ ગજરાજાને ગલીએ, ઘોડાને ગરી ગયાં જીન
વસ્ત્ર માથે વાડ સુકાણી, સમુદ્રને ગલી ગયાં ફીણ
ગગન દોયો ઘટ માહે, જેનાં દુધ પીધાં સમસટ
અલખ લહેર લાગીરે, જાગી જોયું ઘટમાં
આંબાની ડાળે રે શ્રીફળ લાગ્યાં, કદલી વન કેરી લુમ
નાગર વેલે દ્રાખ બીછોયા, શોભા બની ખુબ ખુબ
સંશે સિંહને ઘેર્યોરે, સાધી રાખ્યો ઘટ માહેરે
અલખ લહેર લાગીરે, જાગી જોયું ઘટમાં
પાવક વરસેને પથરા ભીંજે રે, ચો દશ હો ગયા પાણી
એ પાણીથા દેવી દેવતા સીધ્યાં, રાજા રૈયતને રાણી
બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર સીધ્યારે, યોગી સીધ્યા જટપટમાં
અલખ લહેર લાગીરે, જાગી જોયું ઘટમાં.
જનક દેશના વાસી વીરલા દાદુ દાસ કબીર,
એ દેશના વાસી સુખદેવજી દાશ ધીરો ને સધીર.
જીવન મુખથી માણે રે આપે આપના ઘરમાં
અલખ લહેર લાગી રે જાગી જોયું ઘટમાં.

★★★

ભજન

સંત મળે સાચારે, અગમની ખબર કરે,
ભાવે ભેટો અમને રે, તેથી અમારાં કારજ સરે-ટેક
ઉલટી લલીતા ચાલી ગગનમાં વણ વાદળ વર્ષાદ
આભ વિના ત્યાં વીજ ઝબુકે થાય ગેબી નાદ
અંદર ધારા વરસે રે વરસીને ભર ભરે....સંત૦
બીના વાજાં વાજીંત્ર વાગેરે, બીના કંઠ કરે ગાન

કર વીના ત્યાં તાળી પડે રણઝડ મીલાવે તાન
વીના બાગ પુષ્પરે વીના પાંખ ત્યાં ભમરા ભમે ....સંત૦
તેતર દોડીને છીણાને પકડયો સંસે ડરાવ્યો સિંહ
ખડક લઈને કાયર ત્રુઠો સુરે નાંખી ચીસ
મંજારી સુવે મારી રે રૈયતથી રાજા ડરે ....સંત૦
વેદુ દી વારતા જાણે વીરલા સંત
ગુરૂ મળે જ્ઞાનીને ધ્યાની તેને લળી લળી લાગુ પાય
દાસ ધીરો કહે છે રે તેથી અમારા કારજ સરે ....સંત૦

★★★

ભજન

અબધુ સોય જોગી ગુરૂ હમેરા
એ પદકા કરે જીવેરા સોય...અબધુ સોય૦
બીના મુર એક તરોવર
ઠાઢા બીના કુલ્યા ફલા લાગ્યા
શાખા પત્ર કશુ નહી
એક ગગન મુખી બાધા....અબધુત૦
બીના વાજાં વાજીંત્ર વાગે
બીનાં કંઠ કરે જ્ઞાન
ગાયન હોકું રૂપ નહી રેખા
એસા સતગુરૂ સોય બતાવે ....અબધુંત૦
કહેત સંત સુનો ભાઈ સાધુ
પારાવાર દુસરો પરિબ્રહ્મ
તે પુરૂષોત્તમ મુર્તિકી જાઉં મે બલીહારી....અબધુત સોય૦

★★★

હંસા હરીજન હીરલા સુંઘત હે
ઓર આહાર કશું નહી પાવે
મોતી વીના ચાંચ ખુલે નહી
મુનિવર મનને જીવડો નીકસે જાવે
કગવા હોકર બેસે ચાંદીપર
નુગરા નરકના અધીકારી
ઠઠકાર્યું મન એનું ઠોર નહી રેવે;
મુરખા ગયા માનખો હારી....હંસા૦
જમના આરે બગતર બેઠા
હારે દેખો અપરાધી મછીયાં મારે
કરણી હીરા કેસે ફલ પાવે
તેને પ્રભુ કેમ ઉગારે ....હંસા૦
સંતને શુરા સનમુખ રેવે
શબ્દ વિચારી રૂડા સંત ચાલે
સ્વર્ગભુવનમાં આધાને મોંઘા જઈ
અમર લોક પાવે ....હંસા૦
નરનારી કોઈ સંત ગુરૂ સેવો રે
જરણ મરણનો ફેરો ફરી નહી પાવે
ભાણ લુવાણો નેજાધારી
વાકો બાલક રવિદાસ ગાવે
હંસા હરીજન હીરલા સુંઘત તે
ઓ આહાર કશું નહી પાવે

★★★

## ભજન

નમુરે ગણેશા નુરીજન દેવા
ગુરૂ ગજાનંદ કરૂં તારી સેવા
નીજ નામસે હુવા મન મેરા
ગુરૂ મારી સુરતા સમજતી નાંય
ડોલે પરઘર જાય ગુરૂ મેરી સુરતા...ટેક૦
પ્રેમ પ્રીતકા સંગડા છોડકર
ગુરૂ ડોલત ગલી માંય
ઉઠી ઉઠી લ્હેર એબન મતવાલી
ગુરૂ મેરી દુર્મતિ દીયો ગુમાય...ગુરૂ
ગુરૂજીકે ઘરમેં નારી કેરા નિવાસા
ગુરૂ ક્યું ચલે ઘર વાસા
ગુરૂગમ છોટા લગા કમલ પર
જબ અપને ઘરૂ આય....ગુરૂ મેરી૦
આજ મેરા હંસા રાજા ચડયા ગગન પર
જયોત જયોત મીલાય
ગેબી નાથકે ભવસાગર તરના
તો પાર ઉતારો ગુંસાઈ...મેરી સુરતા૦

## સાખી

તોરી રાણી કહે ચાલો સખી જયાં જઈએ ત્યાં નહિ આપણું કોઈ
માટે ભરખે જનાવરાં મુએ ન રૂએ કોઈ

સાયર લહેર થોડીઉં મારા ઘટમાં ચણેલીઉં
એક આરે ન પુગી ત્યાં માંહેથી અને ઉપડીઉં
સંત કહે દુનિયા બાવરી કુડા કુટે ગાલ
કોઈને ઓરે બચ્યા નહી કહે કે જીત્યા ટોડારમલ

મનપવનનું પુરા પુતળું કોઈથી સ્થિર ન થાય
અનેક ઓરે ભટકીઆ એકદી કાળ ગયો ખાઈ.

★★★

ભજન (રાગ-ભીજ ચુંદડી પ્રેમ રસ બુંદના)

વૃત્તિ પાછી વાળી ઘેર આવે કોઈ આવેર,
કોઈ સુરતાવાળી ઘેર આવે, હાંહાં કોઈ સુરતા૦ કોઈ૦
સુરતા શબ્દની એકતા કરાવે હાં,
એવા ગુરૂ મળે સુખ પાવે હાં હાં,
એવા સદ્દગુરૂ મારગ બતાવે....કોઈ૦
સદ્દગુરૂ સંપૂર્ણ ભેદ બતાવે હાં,
આપ સ્વરૂપનું ભાન કરાવે હાં હાં, આપ સ્વરૂપનું૦ કોઈ૦
સુરત નિરત કોઈ ઉલટી ચલાવે હાં,
મકતાર દોરી હાથ આવે હાં હાં, મકતાર ૦ કોઈ ૦
ભેદ ભાંગી અભેદમાં લાવે હાં ભેદ ભાંગી૦ કોઈ૦
પુરણ બ્રહ્મ આનંદ સ્વરૂપી હાં,
કાળમુખથી જીવ બચાવે હાં હાં, કાળમુખથી૦ કોઈ૦
એવા ગુરૂ મહાભાગ્યથી મળતા હાં,
એને સ્હેજ મુકિત હાથ આવે હાં હાં, એને સ્હેજ૦ કોઈ૦
ચૈતન્ય દાસ સદ્દગુરૂ શરણે હાં,
એતો સ્હેજે પરમપદ પાવે હાં હાં, એતો સ્હેજે૦ કોઈ૦

★★★

## ભજન (રાગ સદર)

કોઈ અચળ અમર ઘર પાવે કોઈ પાવે,

પુરા સદ્‌ગુરૂ ભેદ બતાવે હાં હાં, પુરા સદ્‌ગુરૂ૦ કોઈ૦

જન્મ મરણ ભય કલેશ દુ:ખદિહાં,

આવા ગમનનો ફેરો મિટાવે હાં હાં, આવાગમ૦ કોઈ૦

કરત કિલ્લોલ હંસા બાહુ પ્રેમેરે,

રાત દિવસની ગમ નહી પાવે હાં હાં, રાતદિવ૦ કોઈ૦

અનહદ નાદ શબ્દ ધૂન લાગી હાં,

વિના તાલ મૃદંગ બજાવે હાં હાં, વિના તાલ૦ કોઈ૦

વિના ભમર ગુંજારવ કરતાં હાં,

વિના લ્હેર તરંગ ઉઠાવે હાં હાં, વિના લ્હેર૦ કોઈ૦

વિના નભ ચંદ્ર સુર્ય પ્રકાશે હાં,

ઝીણા ઝરમર મોતી વરસાવે હાં હાં, ઝીણા૦ કોઈ૦

ઝણણણ ઝણણણ ઝાલર વાગે હાં,

વિના નાદ શબ્દ ધૂન થાવે હાં હાં, વિના નાદ૦ કોઈ૦

પુરણ ભાગ્યથી સદ્‌ગુરૂ ભેટે હાં,

અનાયાસે પરમપદ પાવે હાં હાં, અનાયાસે ૦ કોઈ૦

ચૈતન્યદાસ સદ્‌ગુરૂ શરણે હાં,

ગુરૂગમથી પરાપાર જાવે હાં હાં, ગુરૂગમથી૦ કોઈ૦

★★★

## ભજન (રાગ સદર)

ગુરૂ કૃપા વડે ભવપારા ભવપારા,

અનાયાસે ખુલે મુકિતદ્વારા હાં હાં, અનાયાસે૦ ભવ૦

અમૃત સાગર અદ્ભુત ભરીએ હાં,

તેમાં હંસા કરે છે વિહારા હાં હાં, તેમાં હંસા૦ ભવ૦

લાગી નિરંતર સોહં તાળી હાં;

ધ્વનિ અંતર ઉઠે અપારા હાં હાં, ધ્વનિ અંતર૦ ભવ૦

અધર તખ્તપર આપ બિરાજે હાં,

કોટી ભાનું શશી ઉજીયારા હાં હાં, કોટી ભાનું૦ ભવ૦

હીરા માણીક્ય જયાં ચમકે છે લાલ હાં,

શોભા વરણી ન જાય અપારા હાં હાં, શોભા વરણી૦ ભવ૦

અવિગત ખેલ અજાયબ ભાંસે હાં,

તાકો`મહિમાં અતુલ્ય અપારા, હાં હાં, તાકો ૦ ભવ૦

ચૈતન્ય દાસ સદ્ગુરૂ શરણે હાં,

ગુરૂકૃપા વડે પદ પુરા હાં હાં, ગુરૂકૃપા વડે પદ૦ ભવ૦

***

## ભજન (રાગ ગઝલ બુલ બુલ)

ગુરૂપદના અનુરાગી બન્યા મદ મોહને ત્યાગી

અલકની લ્હેર જયાં લાગી, સ્વરૂપે હા ગયા જાગી.

પરમાનંદમાં માણી, સ્થિતિ અખંડને જાણી,

વલોવવું એ વિના પાણી, સ્વરૂપે હા ગયા જાગી.

ગુરૂગમ ગોળી જો વાગે, વિષમ ભાવો બહુ ત્યાગે,

એને સૌ સ્હેલ એ લાગે, સ્વરૂપે હા ગયા જાગી.

વિવેકી વાત એ જાણે, કદર તેની જ પિછાણે,
અહા સ્વાનંદમાં માણે, સ્વરૂપે હા ગયા જાગી.

ગુરૂગમ રાહ ન્યારો છે, ગમે તેને જ સારો છે,
દુરીજનને અકારો છે, સ્વરૂપે હા ગયા જાગી.

મલ્યા સંત ગુરૂ પુરા, અનુભવી સંત એ શુરા,
કર્યા મદ મોહના ચુરા, સ્વરૂપે હા ગયા હારી.

★★★

## ભજન (રાગ સદર)

ગુરૂપદમાં નિરંતર એજ, સુક્ષ્મ તાર લાગ્યો છે
એને આનંદની લ્હેરો, અખંડાનંદમાં ઝીલે
અહા સ્વાનંદની લ્હેરો, રસાયણના જ રસબસમાં
સુધા સિંધુ જરા માંહે, અખંડાનંદમાં ઝીલે
અખુટો વૈભવો જેમાં ઉત્તમ આત્મેયી પદમાં
અવીચલ સુખની ખાણો અખંડાનંદમાં ઝીલે
રવિ કોટી શશી સમ ત્યાં, પ્રકાશો પુર્ણ છે છાયા
ઝગે સ્વાનંદની જયોતિ, અખંડાનંદમાં ઝીલે
અખંડ ધારા અમી વરસે, ગગન ગાજે ને ઘન ગાજે
અનાહત શબ્દની ધુને, અખંડાનંદમાં ઝીલે
ત્રિકુટી મહેલની માંહે, નિરંતર તાર લાગ્યો છે
અજપા જાપની તાળી, અખંડાનંદમાં ઝીલે
અધર તખ્તપરે રાજે, આદિ બ્રહ્મ સ્વરૂપ પોતે
છોળો આનંદની છલકે, અખંડાનંદમાં ઝીલે

અહો છે ધન્ય ગુરૂ દેવા, બતાવ્યું તત્વ એ પુરૂં
ગુરૂ શરણેજ સદ્ગુરૂ, અખંડાનંદમાં ઝીલે.

★★★

### ભજન (રાગ ગઝલ)

ગુપ્તજ ભેદ ગુરૂગમથી સુગમ દરશાવનારો છે.
મળી માહિતી સુપંથની, અગમ બારી ખુલી જયારે
અનુગ્રહથી નિજ ઘેરે જવું આનંદના ધામે
કરે કિલ્લોલ જયાં હંસા અગમ બારી ખુલી જયારે
હળીમળીને જસુ સંગે અવીચલ રાજયની માંહે
બ્રહ્મનગરી વીષે સર્વે, અગમ બારી ખુલી જયારે
સદ્ વસ્તુ તણી ઓળખ ગુરૂગમથી જ પરખી છે
ભવબેડી સદ્ત્રુટી, અગમ બારી ખુલી જયારે
આવર્જન ને વિસર્જનન, દુઃખો ટળીયાં દયા કીધી
સદા મુક્ત બની નિર્ભય, અગમ બારી ખુલી જયારે
આદિ ઘર અંત બનાવીને, અગમ ભેદો જણાવ્યા છે
સદ્ગુરૂજ શરણે, અગમ બારી ખુલી જયારે

★★★

### ભજન (રાગ ભજન કર ભવ)

ગુરૂકૃપા સુખદાય જગતમાં ગુરૂકૃપા સુખદાય (ટેક)
નિર્વિકલ્પ સમાધિ જો લાગે, અંતર જયોતિ અનુભવ જાગે
અદ્વેતાનંદ લુટાય, જગતમાં ગુરૂકૃપા સુખદાય,
નિરંતર અભ્યાસના યોગે, ચિત્તનિરોધ ઉન્મુનિ સંયોગે
અપરોક્ષ અનુભવ થાય, જગતમાં ગુરૂકૃપા સુખદાય

સુક્ષ્મબુદ્ધિ એકત્વ ભાવે, વૃત્તિ સંકેલી ઉલટી સમાવે
પોતાપણું જો મુકાય, જગતમાં ગુરૂકૃપા સુખદાય
અખંડાતાર નિરંતર લાગે, સ્હેજ સમાધિ આપોઆપ જાગે
સ્વરૂપાનંદે સમાય, જગતમાં ગુરૂકૃપા સુખદાય
ત્રૈકમ્ય દાસા સદ્ગુરૂ શરણે, વૃત્તિ વિરામી ગુરૂજીને ચરણે
અખુટ તાર સંધાય, જગતમાં ગુરૂકૃપા સુખદાય.

★★★

# છનું અંક સંખ્યા પ્રમાણનાં નામો

૧. એક ૨. દશ ૩. સો ૪. હજાર ૫. દશહજાર ૬. લાખ ૭. દશ લાખ ૮. કરોડ ૯. દશ કરોડ ૧૦. અર્વ ૧૧. દશ અર્વ ૧૨. ખર્વ ૧૩. દશ ખર્વ ૧૪. પદમ ૧૫. દશ પદમ ૧૬. નિલ ૧૭. દશ નિલ ૧૮. શંખ ૧૯. દશ શંખ ૨૦. ક્ષિતિ ૨૧. દશ ક્ષિતિ ૨૨. ક્ષોભ ૨૩. દશ ક્ષોભ ૨૪. રિદ્ધિ ૨૫. દશ રિદ્ધિ ૨૬. સિદ્ધિ ૨૭. દશ સિદ્ધિ ૨૮. નિધિ ૨૯. દશ નિધિ ૩૦. ક્ષોણી ૩૧. દશ ક્ષોણી ૩૨. કલ્પ ૩૩. દશ કલ્પ ૩૪. ત્રાહિ ૩૫. દશ ત્રાહિ ૩૬. બ્રહ્માંડ ૩૭. દશ બ્રહ્માંડ ૩૮. રુદ્ર ૩૯. દશ રૂદ્ર ૪૦. તાલ ૪૧. દશ તાલ ૪૨. ભાર ૪૩. દશ ભાર ૪૪. બુરૂજ ૪૫. દશ બુરૂજ ૪૬. ઘંટા ૪૭. દશ ઘંટા ૪૮. મીલ ૪૯. દશ મીલ ૫૦. પચુર ૫૧. દશ પચુર ૫૨. લય ૫૩. દશ લય ૫૪. ફાર ૫૫. દશ ફાર ૫૬. અપાર ૫૭. દશ અપાર ૫૮. વટ ૫૯. દશ વટ ૬૦. ગીરી ૬૧. દશ ગીરી ૬૨. મન ૬૩. દશ મન ૬૪. બવ ૬૫. દશ બવ ૬૬. શંકુ ૬૭. દશ શંકુ ૬૮. બાપ ૬૯. દશ બાપ ૭૦. બલ ૭૧. દશ બલ ૭૨. ઝાર ૭૩. દશ ઝાર ૭૪. ભીર ૭૫. દશ ભીર ૭૬. વજ ૭૭. દશ વજ ૭૮. લોટ ૭૯. દશ લોટ ૮૦. નજે ૮૧. દશ નજે ૮૨. પટ ૮૩. દશ પટ ૮૪. તમ ૮૫. દશ તમ ૮૬. દંભ ૮૭. દશ દંભ ૮૮. કૈફ ૮૯. દશ કૈફ ૯૦. અમિત ૯૧. દશ અમિત ૯૨. ગોલ ૯૩. દશ ગોલ ૯૪. પરમીત ૯૫. દશ પરમીત ૯૬. અનંત.

આ પ્રમાણે જેમ પારસમણીને લોઢું અડવાથી કંચન થાય છે તેને આટલી ગણનાને અનંત કહેલ છે.

★★★

# ચોત્રીશ અંક સુધી સંખ્યા ગણવાની બીજી રીત

૧. એક ૨. દસ ૩. સો ૪. હજાર ૫. દશ હજાર ૬. લાખ ૭. દશ લાખ ૮. કરોડ ૯. દશ કરોડ ૧૦. અર્બુદ ૧૧. નિર્બુદ ૧૨. ખર્વ ૧૩. મહા ખર્વ ૧૪. પદમ ૧૫. મહાપદમ ૧૬. ક્ષોણી ૧૭. મહાક્ષોણી ૧૮. શંખ ૧૯. મહા શંખ ૨૦. ક્ષિતિ ૨૧. મહા ક્ષિતિ ૨૨. નિદ્ધિ ૨૩. મહા નિદ્ધિ ૨૪. કલ્પ ૨૫. મહા કલ્પ ૨૬. ધન ૨૭. મહાધન ૨૮. રૂપ ૨૯. મહા રૂપ ૩૦. વિસ્તાર ૩૧. મહાવિસ્તાર ૩૨. ઓંકાર ૩૩. મહા ઓંકાર ૩૪. ઓંકારશક્તિ.

★★★

# સત્તાવીશ અંક સુધી સંખ્યા ગણવાની ત્રીજી રીત

૧ એક ૨ દશ ૩ સો ૪ હજાર ૫ દશ હજાર ૬ લાખ ૭ દશ લાખ ૮ કરોડ ૯ દશ કરોડ ૧૦ અબજ ૧૧ દશ અબજ ૧૨ ખર્વ ૧૩ દશ ખર્વ ૧૪ નિખર્વ ૧૫ દશ નિખર્વ ૧૬ મહા પદમ ૧૭ દશ પદમ ૧૮ શંકુ ૧૯ દશ શંકુ ૨૦ જલદી ૨૧ દશ જલદી ૨૨ અત્યંત ૨૩ દશ અત્યંત ૨૪ મધ્ય ૨૫ દશ મધ્ય ૨૬ પરાર્ધ ૨૭ દશ પરાર્ધ

આ પ્રમાણે એક અણુ માત્રથી કરીને ગણના (ગણત્રી) કરેલી છે એજ પ્રમાણે પંડવરમંડમાં અનુભવ કરીને જુઓ તો આ પ્રમાણે આ સૃષ્ટિનો ખેલ છે.

★★★

# તોલનું કોષ્ટક

૬ ચોખા ભારની.... .... .... ૧ રતિ

૪ મગભારની .... .... .... ૧ રતિ

૩ રતિનો .... .... .... ૧ વાલ

૧૬ વાલનો .... .... .... ૧ ગદ્દી આણો

૨ ગદ્દી આણાનો .... .... .... ૧ તોલો (૧ રૂપિયા ભાર)

૪૦ તોલા (રૂપિયાભાર)નો ૧ શેર

૪૦ શેરનો .... .... .... ૧ મણ

૨૦ મણની.... .... .... ૧ ખાંડી

૨ ખાંડીનો .... .... .... ૧ ભાર (કાલા, કપાસ)

૮ મણનો .... .... .... ૧ ભાર (કપાસીઆનો)

અને બંગાલી તોલ ૮૦ રૂપિયા ભારનો એક શેર છે. એટલે તે બમણો છે તે રેલ્વેમાં એ જોખ ચાલે છે.

૧૭ મણ ૧૦ શેર બંગાલીનો એક ટન ગણાય છે.

★★★

# માપનું કોષ્ટક

૮ આડા જવનો ..... ..... ૧ આંગળ

૪ આંગળની..... ..... ૧ મુઠ્ઠી

૩ મુઠ્ઠીની..... ..... ૧ વેંત

૨ વેંતનો ..... ..... ૧ હાથ

૪ હાથનો ..... ..... ૧ દંડ

૨૦૦૦ દંડનો ..... ..... ૧ ગાવ

૪ ગાવનો ..... ..... ૧ જોજન

# બીજી રીત

૮ આડા જવનો ...... ..... ૧ આંગળ

૨ આંગળનો ...... ..... ૧ ઈંચ

૧૨ ઈંચનો ...... ..... ૧ ફૂટ

૨ ફૂટનો ...... ..... ૧ ગજ

૩ ફૂટનો ...... ..... ૧ વાર

૬૬૦ ફૂટનો ...... ..... ૧ ફલાંગ

૮ ફલાંગનો ...... ..... ૧ માઈલ

૫૨૮૦ ફૂટનો ...... ..... ૧ માઈલ

૨ માઈલનો ...... ..... ૧ ગાવ

૪ ગાવનો ...... ..... ૧ જોજન

આ પ્રમાણે એક અણુમાત્રથી લઈને ગણના (ગણત્રી) કરેલી છે. તેમ પંડવરમંડની શોધ પણ એક અણુમાત્રથી (રૂંવાડાં) અને શ્વોસોચ્છવાસથી કરેલી છે.

# સંવત ૧૯૭૪ની સાલમાં મોંઘવારીની યાદી

ખાવાના ખોરાકના બાજરાનો મણ ૧નો ભાવ રૂા ૮ (આઠ) હતો અને બીનો (વાવવાના) બાજરાનો ભાવ મણ ૧ના રૂા. ૧૦ (દશ) હતો તથા ઘરતનો ભાવ મણ ૧ના રૂા. ૮૦ (એંશી) હતો તથા કપાસનો ભાવ ભાર ૧ (૪૦ મણના ભાર ૧)ના રૂા. ૫૫૦ (પાંચસો પચાસ) હતો. તથા ચોખાનો ભાવ મણ ૧ના રૂા. ૧૦ (દશ) હતો. અને દાણા પાવલાના (ચાર આનાના) ગણ્યા કમ ૨૩૦૪૦ વેચાણા હતા તથા રીંગણ શેર ૧ ના છ આના એટલે મણ ૧ના રૂા. ૧૫ (પંદર) હતા અને તે પણ મહા મુશ્કેલીથી મળતા હતા અને પોપીઆ શેર ૧ ના બાર આના અને મણ ૧ ના રૂા ૩૦ (ત્રીસ) હતા અને ખાંડ મણ ૧ના રૂા.૩૦ (ત્રીશ) હતો અને ખાંડ અને સાકર તે વખતે મળતી નહી અને સોનાનો ભાવ રૂા. ૩૨ (બત્રીસ) એક તોલા (એક રૂપિયા ભાર)નો હતો અને ચાંદીનો ભાવ તોલા ૧ નો રૂા. ૧-૪-૦ સવા હતો. તથા મીઠા તેલનો ભાવ મણ એકના રૂા. ૨૫ (પચીસ) હતો તથા ઘાસ (ચાર) નો ભાવ ચાર આનાનો એક પુરો મળતો હતો તથા લોઢાનો ભાવ મણ ૧ ના રૂા. ૨૫ (પચીશ) હતો. ધોળી દ્રાક્ષનો ભાવ રૂા. ૩૫ (પાંત્રીસ) હતો. અને કાળી દ્રાક્ષનો ભાવ રૂા. ૨૫ (પચીશ) હતો અને પથ્થરનો ભાવ ૧૦૦ ઘનફૂટના રૂા. ૧૦૦ (એક સો)હતો અને લાદીનો ભાવ એક નંગના આઠ આના હતો. અને આ વર્ષમાં ન્યુમોનિયા તાવનો નવો રોગ આખી દુનિયામાં શરૂ થયો હતો. અને અસંખ્ય માણસોના મરણ નિપજ્યા હતા અને એકદમ આખી દુનિયા પાયમાલ થઈ ગઈ હતી.

★★★

# સંવત ૧૯૮૦-૧૯૮૧ની સાલની મોંઘવારીની યાદી

આખા કાઠીયાવાડ જીલ્લામાં તમામ જગ્યાઓ ઉપર પાણી પણ પીવા મળતું નહી અને મહા મુશ્કેલીથી જે પાણી મળતું તે પૈસાથી મળતું હતું. અને કેટલીક જગ્યાએ બે આને સવા શેર પાણી મળતું હતું. અને અષાઢ માસમાં લીલાં મરચાં એક રૂપિયે એક શેર હતા.

સંવત ૧૯૭૫ થી સંવત ૧૯૮૧ની સાલ સુધી કુલ વરસ સાત આ જેવાજ પાકયા છે અને વરસાદના સરવડાંથી વરસો પાકેલાં છે.

સંવત ૧૯૫૬ પહેલાં આઠ હજાર વરસ અગાઉ (પહેલાં) તમામ મોટા શહેરોમાં યાંત્રિક સાધનો હતાં.

રાવણના રાજયમાં અને રામચંદ્રજીની તથા દેવતાઓ અને દૈત્યોના યુદ્ધોમાં આકાશમાં વિમાનો ચાલતા હતા.

પોરબંદર સ્ટેટમાં સંવત ૧૯૪૪ની સાલની આસપાસ પ્રથમ એડમિનિસ્ટ્રેશન થયું હતું. તે વખતે પ્રથમ એફ.એસ.પી. લેલી સાહેબ એડમિનિસ્ટ્રેટર થઈને આવેલ હતા. એ સમયમાં ધોરાજીથી પોરબંદર સુધી જે આ રેલ્વે પોરબંદર સ્ટેટને ખર્ચે બાંધવામાં આવી હતી અને જૂનાગઢથી વેરાવળ તરફ પણ એજ અરસામાં રેલ્વે બાંધવામાં આવી હતી. તે સમયે સડકો (રોડ) તથા કેટલાક બાંધકામો થયા હતા.

એ સમયે પોરબંદરને ફરતો કિલ્લો હતો તે તોડી નાંખવાનું તથા પોરબંદર રાજયમાં આગળની રાણાસાઈ કોરી નામનું રૂપાનુ નાણું ચાલતું હતું તે બંધ કરીને રૂપિયાનું ચલણ તે અરસામાં થયું હતું. વળી હાલના પોરબંદર સંસ્થાનની જે રાજય બંધારણની યોજના છે તે પણ એ એડમિનિસ્ટ્રેટરોના સમયથી જ છે.

પ્રથમ પોરબંદરમાં એજ અરસામાં રૂપિઆ, આના, પાઈનું ચલણ થયું છે અને આશરે ૧૪ વરસ પ્રથમ એડમિનિસ્ટ્રેટર ખાતું રહ્યું હતું અને સંવત ૧૯૫૬માં મહારાણા

ભાવસિંહજી માધવસિંહજી તખ્તનશીન થયા હતા પણ તે મરહુમ નામદાર ફક્ત આઠ વરસ રાજ્ય ભોગવી સ્વર્ગવાસી થયા તે વખતે ખુદાવિંદ નામદાર કુમારશ્રીની બાલ્યાવસ્થા ને લીધે બીજી વખત એડમિનિસ્ટ્રેશન ખાતું થયું તે આશરે બાર માસ એડમિનિસ્ટ્રેશન ખાતું ચાલ્યું ત્યાર પછી સંવત ૧૯૭૬માં અખંડ પ્રૌઢ પ્રતાપ ખુદાવિંદ નેક નામદાર મહારાજા મહારાણા શ્રી નટવરસિંહજી સાહેબ રાજ્યાસને બીરાજ્યા અને અત્યારે તેમની અમરકીર્તિ યુગોયુગમાં પ્રસરી રહે છે.

★★★

# દિવસનાં ચોઘડીયાં

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ | શુભ | ચલ | કાળ |
| ચલ | કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ | શુભ |
| લાભ | શુભ | ચલ | કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ |
| અમૃત | રોગ | લાભ | શુભ | ચલ | કાળ | ઉદ્વેગ |
| કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ | શુભ | ચલ |
| શુભ | ચલ | કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ |
| રોગ | લાભ | શુભ | ચલ | કાળ | ઉદ્વેગ | અમૃત |
| ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ | શુભ | ચલ | કાળ |

સમજ ઉપરના કોઠાની એમ સમજવું કે જે દિવસે જે વાર હોય તે દિવસે તે વાર નીચે લખેલું ચોઘડીયું સુર્યોદય વખતે બેસે છે તે પહેલું સમજવું. તે ઉતરી રહ્યા બાદ તે વારથી છઠ્ઠાવારનું ચોઘડીયું બેસે. એ રીતે આગળ પણ સમજવું. જેમ રવિવારને દિવસે પહેલું ઉદ્વેગ ચોઘડીયું તે પછી રવિવારથી છઠ્ઠા શુક્રનું ચલ નામનું ચોઘડીયું બેસે તેથી તે અનુક્રમ પ્રમાણે દરેક વારને રોજે દિવસના ચોઘડીઆં લખ્યાં છે.

એક ચોઘડીયું પોણાચાર ઘડી (દોઢ કલાક) રહે છે એટલે સવારના છ વાગ્યાથી સાંજના છ વાગ્યા સુધી એટલે બાર કલાકમાં આઠ ચોઘડીઆં ભોગવે છે.

(ત્રીસ ઘડીમાં આઠ ચોઘડીઆં ભોગવે છે.)

હવે સારાં (શુભ) ચોઘડીઆં :-

અમૃત, શુભ, લાભ અને ચલ આટલાં આ સારાં (શુભ) ચોઘડીઆં જાણવાં.

હવે અશુભ ચોઘડીઆં :-

ઉદ્વેગ, કાળ અને રોગ એટલા ખરાબ ચોઘડીઆં જાણવાં.

સારાં (શુભ) ચોઘડીઆંમાં શુભ કામ કરવાથી સદાય લાભ મળે છે. અને અશુભમાં કામ કરવાથી લાભ મળતો નથી.

આ પ્રમાણે પંડવરમંડમાં શુભ અને અશુભ ગુણ અનાદિથી વર્ણવ્યા છે અને વર્ણાશ્રમના ધર્મ અને નિતિધર્મ અને સત્યથી ઉંચ જાતિએ વર્તન કરવું એ સંભવિત છે માટે નીતિધર્મ અને સત્યથી અને સુકૃત કર્મથી ખાસ વર્તવાના અનાદિથી રસ્તા બાંધી આપેલા છે તો તે પ્રમાણે વર્તવાથી શુભ થાય છે.

# રાત્રીનાં ચોઘડીયાં

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| શુભ | ચલ | કાળ | ઉદવેગ | અમૃત | રોગ | લાભ |
| અમૃત | રોગ | લાભ | શુભ | ચલ | કાળ | ઉદવેગ |
| ચલ | કાળ | ઉદવેગ | અમૃત | રોગ | લાભ | શુભ |
| રોગ | લાભ | શુભ | ચલ | કાળ | ઉદવેગ | અમૃત |
| કાળ | ઉદવેગ | અમૃત | રોગ | લાભ | શુભ | ચલ |
| લાભ | શુભ | ચલ | કાળ | ઉદવેગ | અમૃત | રોગ |
| ઉદવેગ | અમૃત | રોગ | લાભ | શુભ | ચલ | કાળ |
| શુભ | ચલ | કાળ | ઉદવેગ | અમૃત | રોગ | લાભ |

સમજ... આ કોઠામાં ઉપર કરતાં એટલો જ ફેર છે કે એક વારનાં પહેલાં ચોઘડીઆં પછી તે વારથી પાંચમા વારનું ચોઘડીયું બેસે છે એમ સમજવું. બાકીનું બીજું બધું ઉપર પ્રમાણે છે.

# ગ્રંથ સમાપ્તિ

આ ગ્રંથ ગર્વ રહિત પ્રગટયો, તત્વજ્ઞાન અને બ્રહ્મજ્ઞાન અનુક્રમ
ખરા તત્વજ્ઞાનિ જીજ્ઞાસુ જનનો, ભાંગશે સઘળો ભર્મ.

અર્થ સરશે એટલે જેહમાં, સંશય છેધા સર્વ
એને અધ્યન કરવું નહિ પડે, ટળશે ત્રીવિધિ ગર્વ

સિદ્ધાંત સકળ ઋષિ મુનિતણું, નિર્મમતા નિપનો ગ્રંથ
સહજ સ્વભાવે સંભવ્યો, મહા મુક્તિનો પંથ

કવિપદે કથ્યો નથી, છે અનુભવ નીર્વાણ
શબ્દવાદી જે સુણે, તે રખે કરતા તાણ

અર્થાર્થ તો એ ભણે, અને ડહાપણકારીને અન્ય
મુક્તિનું એ મુળ છે, એમ વદે યોગી ત્રીકમ

સ્ત્રી, ધન, કીર્તિ તજે, અને તજે કુટુંબ પોષણ
યોગી શંશય રહિત, ત્રિકમાચાર્ય યુગ ભુષણ

સંવત ઓગણીશ પંચાશી, પ્રમાણ ચૈત્ર માસ
શુકલ પક્ષની પ્રતિપદા, થયો ગ્રંથ પ્રકાશ.

લી. ચર્ણરજ
**સેવકનાં દંડવત પ્રણામ.**

# ॥ ઋણસ્વીકાર ॥

શ્રી જ્ઞાનપ્રકાશ પુસ્તક વાંચવાની ઘણા સમયથી ઇચ્છા હતી પરંતુ ખુબજ પ્રયત્ન પછી પુસ્તક મળેલ અને તે પણ ખુબ જ જર્જરિત હાલમાં હોવાથી વાંચી શકાય તેમ નહોતું તેથી ફરીથી પુનઃમુદ્રિત કરવાની પ્રેરણા પુ. બાપુએ કરી અને તે પૂર્ણ કરવા શ્રી વિનોદભાઇ સુર્વે તથા મારા સર્વ મિત્રોનો આભારી છું.

આ પુસ્તકનું જ્ઞાન એ પુ. બાપુએ અનુભવેલ અને એજ પ્રાદેશિક ભાષામાં ભક્તોને ઉપલબ્ધ કરાવેલ છે. અમોએ પણ એજ ભાષા અને સંદર્ભોને જરા પણ હાનિ ન થાય તે માટે પુરો પ્રયત્ન કરેલ છે. તે માટે શ્રી વિનોદભાઇ સુર્વે, શ્રી સુનિલભાઇ પટેલ, શ્રી ભરતભાઇ પટેલ તથા શ્રી રવિન્દ્ર ઝાલા અને બીજા અનેક મિત્રો જેને માટે પ્રાદેશિક ભાષા સમજવી અને એજ સંદર્ભ જાળવી રાખવા જેવું કપરૂં અને મુશ્કેલ કાર્ય ટાઇપીંગ, પ્રુફીંગ અને બાઇન્ડીંગ તથા મુળ પુસ્તકમાં જ્ઞાન સંઘરવા જેવું અગાઉનું મુદ્રિત પુસ્તકના પ્રકાશકોનો પણ આ પ્રસંગે ઋણ સ્વીકાર કરતાં આનંદ અનુભવું છું. પુસ્તકમાં ઉલ્લેખિત સર્વ પાત્રો પણ ખુબજ નસીબદાર છે જેમણે પુ. બાપુનો સાક્ષાત્કાર તથા સેવા કરવાનો લાભ પ્રાપ્ત થયેલ છે તે સર્વને અમારા આદરપૂર્વક પ્રણામ. ફરીથી આ પુસ્તક પુનઃમુદ્રિત કરવામાં સમ્મિલિત દરેક સભ્યોનો ઋણ સ્વીકાર સાથે નમસ્કાર તથા આ પુસ્તકમાં આપેલ જ્ઞાનથી સર્વના આધ્યાત્મિક જીવનની ઉન્નતિ થાય તેવી પુ. બાપુને પ્રાર્થના અને કોઈ ત્રુટિ રહી ગઈ હોય કે ઉણપ અનુભવાય તો તે અમારા અજ્ઞાનથી છે. તે માટે ક્ષમા કરવા વિનંતી છે.

**લી. કમલકાંત ડી. જોષી**



**પૂજ્યપાદ બ્રહ્મનિષ્ઠ મહાત્મા શ્રી ઝીણા મહારાજ**

જન્મ : સં. ૧૯૬૦ મહા સુદ ૫

બુધવાર, સવારના ૯.૦૦ વાગ્યે